वनराज चावडो.

गूर्जरी राज्य अने गूर्जरी प्रजा

सत्य, अटकळ, अने कल्पना मिश्रित कथा.

रचनार.

रा. सा. महीपतराम रूपराम सी आइ. इ.

મુંબાઈ યુનિવરસિટિના ફેલો.

ભલી ગુજરાતનું ભલું થાઓ.

આવૃત્તિ ચોથી.

અમદાવાદમાં

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિંટિંગ અને જ-નરલ એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપી પ્રસિદ્ધ કર્યો.

સંવત ૧૯૪૫.—સને ૧૮૮૮.

કીમત ૩॥.

A man may be great by chance, but never good by chance.

अर्पणपत्र.

આનરેબલ સોરાબજી શાપુરજી બંગાળી, સી. એસ. આઈ.

મુકામ મુંબાઈ.

નામના અને કીર્તિ મેળવવાનો લોભ ન રાખતાં ડોળ વગરની આપની સખાવત, ગુપ્તદાન, અને ધર્મભેદ તથા જાતિભેદ ન ગણતાં બધા સ્વદેશીઓને સુધારવાની તથા દુ:ખથી છોડાવવાની આપની હોંસ અને કાળજીથી પ્રસન્ન થઈ આ ગ્રંથ મેં આપને અર્પણ કર્યો છે.

અમદાવાદ.

આપનો. સ્નેહી.
(ग्रंथ कर्त्ता)

माणस अकस्मात भाग्यशाली थाय, पण अकस्मात सज्जन न थाय.

વનરાજ ચાવડો.

अनुक्रमणिका.

પ્રકરણ ૧ લું

ગૂર્જર લોકની વલ્લભિ રાજ્ય ઉપર સ્વારી, અને તેનું પરિણામ.

પ્રકરણ ૨ જું.

ભૂવડ રાજાની ગૂજરાત ઉપર ચડાઈ અને તેનાં પરિણામ.

પ્રકરણ ૩ જું.

આપત્તિકાળ.

પ્રકરણ ૪ થું.

વનરાજની બાલ્યાવસ્થા.

પ્રકરણ ૫ મું.

કિશોર વય.

પ્રકરણ ૬ ઠું.

બારવટામાં વનરાજનાં પરાક્રમ.

પ્રકરણ ૭ મું.

ગૂર્જરી રાજની પુનઃસ્થાપના.

પ્રકરણ ૮ મું.

વનરાજની કારકીર્દી

वनराज चावडो.

प्रकरण १ लुं.

गुर्जर लोकनी वल्लभिराज्य उपर स्वारी, अने तेनुं परिणाम.

खंड १ लो.

गुर्जरपुरी. काकुनो ए नगरीमां प्रवेश. गुर्जरोना गुरू. काकुनुं केदमां पडवुं. काकुना तरंग. स्वप्नुं. तक्षक मुनीनो न्याय.

સને ૧૮૪૮ માં પંજાબ દેશ ઈંગ્રેજે જીત્યો તે વારે ત્યાંના ગુજરાત નામે ગામની થડમાં ઈંગ્રેજ અને શીખની વચ્ચે મોહું યુદ્ધ થયું. એ યુદ્ધનું વર્ણન વાંચતાં હું બુદ્ધિવિલાસમાં પડ્યો. મને ભાસ્યું કે એ રણભૂમિમાં પૂર્વે કાળે ગુર્જરપુરી નામે મોટી નગરી હતી એ નગરીને બાવન દરવાજા અને ૫૩ ચૌટાં હતાં. હરેક ભાગોળે એક, અને શહેરના મધ્યભાગે એક, એમ ૫૩ ચૌટાં, સુંદર દુકાનોથી અને દેશ દેશના તથા ભાતભાતના માલથી ભરપૂર, ને રૂપાળી ઈમારતોથી શોભાયમાન દીસતાં હતાં. વચલા ચૌટાની વચ્ચે વિશાળ ચોક હતો. એ ચોકને મધ્ય ભાગે વિસ્તીર્ણ બાગ હતો, અને બાગની વચ્ચે મોટા ફુવારાની સહસ્ર ધારા સદા ઊંચી ઊડતી. ફુવારાનું પાણી નીચે હોજમાં પડી ગેબ થઈ જતું, ને બાગના દૂરના ભાગમાં નિર્મળ વહેળારૂપે વહેતું. એ વહેળો આગળ જતાં ડુંગરાના ધોધની માફક એક તળાવમાં પડતો. એ તળાવ વિશાળ અને ઊંડું હતું. આસપાસની પત્થરની પાળોને કાંઠે સમાન અંતરે લીમડા, આશોપાલવ, અને ગુલમોહોરનાં ઝાડ, તથા તળાવની વચમાં બેટ ઉપર બગીચો તથા આરસનો મહેલ હતો. તેથી એ સ્થળ રમણીય દેખાતું હતું. બાગના એક ભાગમાં વનનાં જેવી વૃક્ષોની ઘટા હતી, અને બીજામાં સુગંધમય ફૂલોની મોટી વાડી હતી.

બગીચામાં ઠેકાણે ઠેકાણે નાના ફુવારા અને ફુવારાની આસપાસ સુખદાયક બેઠકો હતી. જે પુરૂષોએ મોટાં પરાક્રમ કરી સ્વદેશની સેવા બજાવેલી, તેઓની આરસપાહાણની મોટી શોભાયમાન મૂર્ત્તિઓ એ ચોકમાં મૂકેલી હતી. મૂર્ત્તિઓને તળીએ તેઓનાં નામ અને કરેલાં કામ લખ્યાં હતાં. બાગમાં પગે ચાલવાના, ઘોડે ફરવાના, તથા ગાડીએ જવાના જોઇએ તેવા રસ્તા હતા. બાગની બાર બાગોળોનો ઘાટ અને નકસી જોઈ મુસાફરો અચંબો પામતા. બાકીનાં બાવન ચૌટાંના દરેકના ચકલામાં નાનો બાગ, અને બાગની વચ્ચે ફુવારો તથા દેવાલય હતાં. જોનારને છક કરી નાખે એવી ચૌટાંની રચના હતી. બધે ઠેકાણે ઈમારતોની ઊંચાઈ એક સરખી હતી. ચૌટાની પાછળ મોટા ગૃહસ્થોની હવેલીઓ હતી તેની ખૂબીનાં શું વખાણ કરીએ! સર્વ જગાએ પહોળા રસ્તા, વચમાં ઘોડા, રથ, ને હાથીને જવાનો માર્ગ, બાજુએ ઝાડો અને ઝાડની પછવાડે પગે ચાલનારને સારૂ ફરસબંધી હતી. સોનાના કળશવાળાં મોટાં અને આંખને રીઝવે એવાં સુંદર દહેરાં ઠામ ઠામ દેખાતાં હતાં. લાખો આદમીની વસ્તી, તેમની અથાક દોલત, બજારની ભીડ, ફાંકડા ઘોડેસ્વારોની દોડધામ, ઘોડાની તેજી અને સવારના મુખનું નૂર, રૂપાળી સ્ત્રીઓના રત્નજડિત ઉમદા શૃંગારાદિકે કરીને એ શહેર મોટું ઉદ્યમી, શૂરા જોદ્ધાથી, અને સમૃદ્ધિથી છલાછલ ભરેલું છે એમ જણાયું.

એવી ગુર્જરી નિહાળતો કાકુ નામે વલ્લભિ નગરનો કોઈ ધનાઢ્ય વેપારી રાજ્ય મંદિરની વાટ પૂછતો હતો. શહેરને ઉત્તર છેડે રત્નગઢ નામે દેખાવમાં બીહામણો, અને વિસ્તાર તથા મજબૂતીમાં અતુલ્ય કિલ્લો હતો, ત્યાં એ વેપારી આવી પહોંચ્યો. અંદર જનારા લોકને પહેરેગીરો અટકાવતા નથી, એ જોઇ કાકુ ગઢમાં પેઠો. આડા અવળા સાત દરવાજા વટાવ્યા પછી મોટી ફૂલવાડી આવી. એ વાડીની વચોવચ અતિ વિશાળ મહેલ હતો. એ ઇમારત જોઈ કાકુ છક થઈ ગયો. શહેરમાં એણે જે જે જોયું હતું તે એની આગળ કોઈ વિસાતમાં ન હતું. સ્ફાટિક મણીના અગણિત થાંભલા, ચળ-

હતા આરસનાં પગથીયાં, અસંખ્ય કમાનદાર બારીઓની રોનક, જાળીઓ અને છજાંની નકશી, ઝરૂખાનો ભપકો, અને મહેલની ઉંચાઈ, લંબાઈ, તથા પહોળાઈ જોઈ તે દિંગ થઈ ગયો. મહેલને છાપરે ભાલાનાં સોનેરી ફણીઆં હતાં તે, તથા છાપરાની પછવાડે મોટા આરસના ત્રણ ઘુમટ હતા તેઓને શિખરે બેડાને આકારે સુવર્ણના મણીમય મોટા કળશ હતા તે અસ્ત પામતા સૂર્યનાં કિરણોથી ઝળકી રહ્યા હતા. એ મોટા ઘુમટની આસપાસ વિશાળ અગાશી હતી, અને તેના કળશમાં ખોસેલા રૂપાની ભોળીવાળા સોહદંડ ઉપર રાજ્યની કસબી ધજા પવનમાં ફડફડ ઉડતી હતી. એ મહેલમાં રાજાધિરાજ ગુર્જરેશ્વર રહેતો. રાજ્યનો ધારો એવો હતો કે મુખ્ય પ્રધાનને મહીપતિની એટલે પાસે રહેવું જોઇએ કે જ્યારે બોલાવે ત્યારે તુરત હાજર થઈ શકાય, તેથી મુખ્ય પ્રધાનનો વાસ મહેલની ડાબી બાજુએ મોટી હવેલીમાં હતો.

ગુર્જરીઆ જે હાલ જીઓર્જીઆ કહેવાયછે તે દેશમાંથી પ્રથમ ગુર્જર લોક સિંધુ નદીને કાંઠે આવ્યા ત્યારે કેટલાક ઋષિને જોડે લાવ્યા હતા. એ ઋષિઓ તેમને ધનુર્વિદ્યા વગેરે યુદ્ધ કળા, વિદ્યા અને ધર્મશાસ્ત્ર શીખવનારા તેમના ગુરૂ હતા. એ ઋષિઓ પોતાના યજમાનને ભણાવતા, ધર્મકાર્ય કરાવતા, અને તેમની હારે યુદ્ધે પણ ચઢતા. બહાદુર ગુર્જરોનો રાજકારભાર પણ તેઓજ કરતા. ભરતખંડના ઘણા પ્રાંતો ગુર્જરોએ જીતી લીધા તેમાંથી નગરકોટ અને તેની આસપાસનો કેટલોક મૂલક એ ઋષિઓને જાગીરમાં મળ્યો. ઘરડા ઋષિઓ, સ્ત્રીઓ, ને બાળકો નગરકોટમાં રહેતા, અને નોકરી કરી શકે તેઓ ગુર્જરપુરીમાં રહી રાજકાર્યાદિક કરતા. એમના લગ્નાદિક વહેવાર નગરકોટમાં થતા. પરાપૂર્વથી એ ઋષિઓ એક નિરાકાર સગુણ પરબ્રહ્મને માનતા. આગળ જતાં તેઓના વંશજોમાં અજ્ઞાને પ્રવેશ કરવાથી ઈશ્વર પ્રાર્થના કરતી વેળાએ મૂર્તિમાન વસ્તુ નજર આગળ રાખવાની મતિ તેમને સૂઝી. પણ પરમેશ્વરનો આકાર નહિ હોવાથી સુવર્ણનો નિશાતરો બનાવી તેને પૂજવા લાગ્યા. એ સોનીનો હતો માટે એનું નામ સોનેશ્વર પડ્યું. એક વખત હિમાલય

પર્વતના જંગલી લોકે ઓચિંતા આવી નગરકોટને ઘેરી લીધું. લડી શકે એવા પુરૂષો ગુર્જરપુરીમાં હોવાથી ઋષિપત્નીઓ ભારે ગભરાટમાં પડી. તેઓમાં ભવાની નામે મોટી બુદ્ધિવાન, સાહસિક, અને શૂરી સ્ત્રી હતી તેણીએ અજબ યુક્તિઓ કરી શહેરનું રક્ષણ કર્યું અને ગામડાની રૈયતનું લશ્કર બનાવી વગડાઉ શત્રુને મારી હઠાવવામાં ફતેહ પામી. એ બાઇને નગરના લોકે મા ગણી ઘણું માન આપ્યું, અને તેના મૃત્યુ પછી તેને અંબાભવાની નામથી પૂજવા લાગ્યા. જેમ કાળ જતો ગયો તેમ બાઇની કીર્ત્તિ વધતી ગઈ; તેનાં ખરાં અને તેની જોડે કલ્પિત પરાક્રમોનાં વર્ણન ગ્રંથોમાં લખાયાં, અને ઈશ્વરી, શક્તિ, ચંડી વગેરે અનેક નામથી તે આખા ભરતખંડમાં પ્રખ્યાત અને પૂજ્ય થઈ પડી.

આ વેળા એ ઋષિઓને પ્રમુખ વૃદ્ધમુની મુખ્ય પ્રધાન હતો, તેને પ્રથમ મળવાનો મનસુબો કરી કાકુ તેની કચેરી ભણી ગયો. કચેરીનું કામ પૂરૂં થવાથી વૃદ્ધમુની તે વેળા પોતાના ઘરના એવાનમાં જઈ બેઠા હતા. પહેરા ઉપર ઉભેલા સીપાઇને વરદી આપવા જવાની કાકુએ વિનંતિ કરી ત્યારે તેણે તેને ઇશારતે સમજાવ્યો કે જરી ઠરો. વલ્લભિપુરની ભાઠી રીત પ્રમાણે પટાવાળાને કાંઈ લાંચ આપ્યાથી કામ ઉતાવળે થશે એવું ધારી કાકુએ તેના હાથમાં દામ મેલ્યો. દામ અને કાકુ બંનેને લઈ સીપાઇએ પોતાના નાયકને સ્વાધીન કર્યા, અને નાયકે કાકુને કોટડીમાં પૂર્યો. કાકુએ ઘણા કાલાવાલા કર્યા અને દામને ઠેકાણે સુનૈઓ આપવા માંડ્યો, પરંતુ તેને બંદીખાનેથી છોડ્યો નહિ. શા કારણથી કેદ કર્યો તેએ તેના સમજવામાં આવ્યું નહિ, કેમકે લાંચ આપવી એ ખોટું કામ છે તે તેણે સ્વપ્નામાંએ જાણ્યું નહતું. સીપાઈ અને નાયક ઉપર રીસ ઘણી ચઢી, પણ તેમના બળ આગળ તેનું કાંઈ ચાલ્યું નહિ તેથી લાચાર હતો. તેનું મન ઘણું વ્યાકુળ થઈ ગયું. ઘણી મહેનત અને લાંબી મુસાફરી કરી, મોટાં સંકટ વેઠી તે અહીં આવ્યો હતો. તેની મનકામના પાર પાડવાનો લાગ પાસે આવ્યો હતો. ગુર્જરેશ્વર મહારાજ સેના દુશ્મનને ખૂંદશે. તેનું દ્રવ્ય હરણ કરનાર, તેની દીકરીની વહાલી

કાંશકી છીનવી લેનાર જુલમગાર વલ્લભિપતિને યોગ્ય શિક્ષા કરશે, ને તેથી પોતાનાં અને પોતાના સ્વદેશીઓનાં દુઃખ નિવારણ થશે એવું તેને ભાસવા લાગ્યું તેવામાં આ વિઘ્ન આવી નડયું. શા કારણથી કેદ કર્યો, અને બીજે દિવસે તેનું શું થશે તે જણાવવાને માટે માંહેથી બારણાં ઠોકાઠોક કરી નાયકને મોટે સાદે બોલાવવા લાગ્યો, પણ કોઇએ તેને જવાબ આપ્યો નહિ. થાકથી તેનું મન કાંઈક શાંત થયું ત્યારે તેને તેની ધારેલી પોતાના દેશની ખરાબીનું ભાન થવા માંડયું. ગુર્જર રાજા તેની ઉશ્કેરણીથી વલ્લભિરાજ ઉપર ચઢાઈ કરશે તો તે રાજ્યની પ્રજા બહુ પીડાશે. શહેરો અને ગામો લૂંટાશે, દેશ ઉજડ થશે, ઢોર ભૂખે મરશે, બૈરાં છોકરાં ભૂખે તરશે રવડશે, ને હજારો માણસ રણમાં કપાશે તથા બીજી રીતે મરણ પામશે. એ બધું શા સારૂ થશે? એક કાંશકી માટે! બળી એ કાંશકી. સ્વદેશી સરદારોને, ફાજના સામંતોને, અને રૈયતના આગેવાનોને સમજાવી એવા જૂલમી રાજાને પદભ્રષ્ટ કરી બીજા યોગ્ય પુરૂષને ગાદીએ બેસાડ્યો હોય તો રાજ્ય પરદેશીના હાથમાં જાય નહિ. અસલ હું રંક હતો. જે રાજ્યના રક્ષણમાં રહી શ્રીમંત થયો તે રાજ્યને તો પાયમાલ ન કરવું. જૂલમ કરી શકે નહિ, કાયદા પ્રમાણે વર્તે, પ્રજાની ઈચ્છા પ્રમાણે અમલ કરે, એવો બંદોબસ્ત કરવાના કરાર નવા સ્વદેશી રાજાની પાસે લખાવી લેવાય; ને તે ગરજાળુ એટલે ખુશીથી લખી આપે. જે કામ કરાવવાને હું ગુર્જર દરબારમાં આવ્યોછું, તેમાં ફતેહ પામીશ તો ચિરકાળ સુધી મારા નામને બટ્ટો લાગેલો રહેશે, મારા દેશને પરાધીન કરાવનાર કહેવાઈશ, મારા નામ ઉપર બધા લોક થુંકશે, આખું જગત્ મને ધિક્કારશે. વળી હું શ્રાવક છું. મારા ધર્મમાં મોટામાં મોટું પાપ જીવહિંસા કરવાનું અને કરાવવાનું છે. બૌદ્ધ અને જૈન સાધુઓના પરિશ્રમે કરીને વલ્લભિ રાજાએ પંડે અને તેની તમામ રૈયતે માંસભક્ષ તજ્યોછે, પણ આ ગુર્જરો તો માંસાહારી છે. મારા દેશમાં આવી તેમના ભોજનને અર્થે હજારો પશુ પક્ષી અને માછલાંના પ્રાણ તેઓ લેશે; તે ઉપરાંત લડાઈમાં ગામો બાળશે ને ખેતરો સળગાવશે તેથી લાખો જીવ જંતુ

બળી જશે. એ બધી હિંસાનો દોષ મને લાગશે." આવા વિચારથી તેનું લોહી ટાઢું પડયું, અને તેના મનનો ઉકળાટ સમ્યો. આ ધર્મના જોસ્સામાં આવી તથા કોટી હિંસાના મહા પાપથી ડરી તેણે ઠરાવ કર્યો કે આ બંદીખાનેથી છૂટતાં વારને પાછા સ્વદેશ જવું, અને ત્યાં છાના રહી રાજ્યમાં ઊથલ પાથલ કરવાની ગોઠવણ કરવી.

હવે તેણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો પણ ઊંઘ આવે નહિ. ઘણુંએ તરફડીઆં માર્યા, જમણે પડખે સૂવે, ને ડાબી કળોઠે સૂવે, ઊંધો થાય ને ચત્તો થાય ને આંખો મીચે, પણ મન એ ગોઠવણના વિચાર કર્યું રહે નહિ. પાછલી રાત થવા આવી ને કાચી નિદ્રામાં પડ્યો તેવામાં તેને સમણું લાગ્યું. જે વિચારમાં તેનું મન એ રાત્રે રોકાયું હતું તે વિચાર પાર પાડવાની ગોઠવણ પૂરી થવા આવી એવામાં સઘળું ફસકી ગયું. વલ્લભિરાજ્યના સેનાપતિને પોતાના સ્વામી જોડે નારાજી થવાનું કારણ હતું તેથી કાકુ (ઊંઘમાં) તેને મળ્યો. એકાંતે બેશી બંને જણાએ મનસુબો કર્યો કે રાજાને કેદ કરીને, કે સ્વરક્ષણને અર્થે જરૂર પડે તો મારી નાંખીને, તેના પાંચ વર્ષના ભાણેજને (બેનના કુંવરને,) ગાદીએ બેસાડવો, અને તેને નામે રાજકારભાર કરવો. રાજપ્રતિનિધિનો હોદ્દો ધારણ કરી સેનાપતિ રાજાની એકની એક કુંવરીને (જેણે કાકુની દીકરીની રત્નજડિત કાંશકી ખુંચવી લેવડાવી હતી તેને) વરે, અને કાકુ દિવાન થાય. રાજની લગામ એ બેના હાથમાં રહે. રાજકન્યા વર્યાથી ભાણીઆને રાજ્યાસનપરથી ઊઠાડી મૂકી પોતાને રાજા થવાનો લાગ મળશે, એવી ગુપ્ત ધારણા મનમાં રાખવાની સેનાપતિએ શરત કરી, ને કાકુએ તે કબૂલ રાખી. રાજાની બેન અને બનેવી પોતાના પુત્રને રાજગાદી મળવાના લોભથી એ મસલતમાં સામિલ થયાં. સેનાપતિના મોટા વગે કરીને અને કાકુના દ્રવ્યના જોરથી કેટલાક મોટા સામંતો, સરદારો, ગઢવીઓ, અને ઠાકોરો એ પ્રપંચમા ભળ્યા. જેઓ લોભમાં લપટાયછે તેઓ સ્વધર્મ ભૂલી જાયછે. મોટા હોદ્દા, જાગીરો, ઈનામો વગેરે આપવાની લાલચથી, દેવાદાર થઈ ગયેલાને રોકડ ધન આપી, ખંડીઆ, માંડળિક રાજાઓની ખંડણી ઓછી કરવાનું કે તદ્દન માફ કરવાનું વચન

આપી તેઓને ફોડવાની વેતરણ કરવા માંડી. ફોજના સર્વોત્તમ ભાગને રાજાના પંડનું રક્ષણ કરવાને રાજધાનીમાં રાખવામાં આવતો અને તેના ઉપર સેનાપતિનો અધિકાર નહતો. એ હજૂરી લશ્કરનો સામંત નિત્ય રાજાની હજૂરમાં રહે, અને રાજા જાતે આજ્ઞા આપે તેજ બજાવે એવો ધારો હતો. પોતાનો પૂર્ણ વિશ્વાસુ સરદાર હોય તેને એ જગા રાજા આપતો. ઘણું કરીને માનીતી રાણીના ભાઇને એ હોદ્દો મળતો. આ વેળા રાજાનો બહાદુર મામો એ જગાએ હતો. એ સામંત ઘણોજ પ્રમાણિક અને નિમકહલાલ હતો. એને ફોડી કાવતરામાં દાખલ કરવાની યુક્તિ ઘણી કરી પણ તે હાથ આવ્યો નહિ. તેનું મરણ થાય તોજ ખટપટ પાર પડે એવું હતું માટે તેને ઝેર દેવાની યુક્તિ રચી તેના રસોઈઆને પુશ્કળ ધન આપી તથા વંશપરંપરા ગામ આપવાનું કબૂલ કરી ફોડ્યો. સામંતના ભોજનને માટે રાંધેલા અન્નમાં રંધવારાએ વિષ ભેળ્યું. આ ચંડાળ કર્મની ખબર મદદગાર રસોઇયાને પડી, અને તેણે સામંતને કહી. જીવદાન મળવાથી રસોઇઆએ માની દીધું કે કાકુની શીખવણીથી તેણે એ કામ કર્યું, છાની વાત ફૂટી, અને તેને પકડવાને સરકારી સીપાઈ છૂટયા છે એવા સમાચાર કહેવાને મુનીમ આવ્યો છે એવી ભ્રાંતિ અર્ધ નિદ્રાવશ કાકુને પડી. "હવે વલ્લભિપતિ મને શૂળીએ ચઢાવશે, ને મારી સકળ દોલત લૂટી લેશે, મારી વહાલી દીકરીનું શું થશે? મારી બાપડી શેઠાણી કયાં જશે? અરે! મારાથી શૂળીની વેદના કેમ સહેવાશે?" એવા તરંગથી ઊંઘતો શ્રાવક ધ્રુજવા ને કાંપવા લાગ્યો. બૂમ પાડવા જાય પણ તેનાથી બોલાય નહિ. ગભરાટથી છાતી ભીડાઈ ગઈ, અને હાંફલો ફાંફલો તે જાગી ઉઠયો.

એ વેળા સૂર્યનાં ઊગતાં કિરણો તેની કોટડીમાં આવી ચૂક્યાં હતાં. થોડીવાર બેઠા પછી તેને ભાન આવ્યું કે એ તો માત્ર સ્વપ્ન હતું. તોપણ થોડીકવાર લગી તેની છાતી ધબકયાં કરી. તેણે વિચાર્યું કે જો પાછો જઈ જુલમી રાજાને રાજભ્રષ્ટ કરવાની કોશીશ કરૂં તો એ સમણા પ્રમાણે થવાનો સંભવ ઘણો છે. મારી મહેનત નિષ્ફળ થાય તો બેશક હું પાયમાલ થઈ જાઉં, માર્યો જાઉં, મારાં ઘરબાર

વાડી વજીફા, વહાણો, તથા બીજો સઘળો માલઅસબાબ રાજા લૂંટી લે, અને મારી વહુ બેટી કેદમાં સડી સડીને મરે, માટે એવું અનિશ્ચિત કામ, એવું સાહસ કરવું ઠીક નથી. ગુર્જરેશ્વર મહારાજ મારી વિનંતિ સ્વીકારશે તો મારૂં સાસરૂં મારવાડમાં છે ત્યાં મારા કુટુંબને મોકલી દઈશ.

એ સમે કાકુશેઠને તેના સદ્દગુરૂની શીખામણ સાંભરી આવી. ક્ષમાગુણ વિષે તેણે બોધ કર્યો હતો તે વીસરાય નહિ તેવો હતો. અપકારને બદલે ઉપકાર કરવાથી, ભુંડું કરનારનું ભલું કરવાથી, ક્રોધ સમાવી શત્રુને ક્ષમા કરવાથી માણુસ સાધુપણાને પામે છે; જેણે આપણું ખોટું કર્યું હોય તેનો અપરાધ માફ કરી તેનું ઉલટું સારૂં કરવું એ ઉપદેશ તેણે જ્ઞાની સાધુઓના મુખથી સાંભળ્યો હતો. રાજાનું કર્યું રાજા ભોગવશે એમ સમજી માંડી વાળવાનું તેને મન થયું. પણ થોડીવારમાં તેના વિચાર ફરી ગયા. મનનો મેલ કેવળ ધોવાઈ જાય, બુદ્ધિ શુદ્ધ થાય, અને અંતઃકરણના ઉત્તમ ભાવ બળવત્તર થઈ કનિષ્ટ મનોવિકારોને વશ રાખી શકે ત્યારેજ સદ્દજ્ઞાન હૈયામાં ઠસેછે, અને માણુસ તે પ્રમાણે વર્ત્તી શકે છે. કાકુનું હૃદય હજી નિર્મલ થયું ન હતું; હલકા મનોવિકારનું જોર હજી વધારે હતું તેથી વૈરભાવ ક્ષમા ભાવને આધીન રહ્યો નહિ. કાંશકી ભૂલાઈ નહિ. વલ્લભિરાજાએ કરેલું અપમાન યાદ આવ્યું, રીસના આવેશમાં તેના ડોળા લાલ થયા, અને વેરવાળું, રાજાને ખરાબ ખરાબ કરૂં, એની મીટ્ટી દાણાદાણ કરૂં, એનું રાજ્ય ધૂળધાણી કરાવું, એમ બોલતો ઓરડીમાં ફેરા ફરવા લાગ્યો. એવામાં કોટડીનાં બારણાં ઉઘાડી કાચી કેદના બંદીવાનોને નાહાવા, જમવા, વગેરેની જગ્યામાં જવાનું સિપાઇએ ફરમાવ્યું. તેની સાથે ત્યાં જઈ કચેરીમાં જવાની વેળા થયાની અગાઉ તે તૈયાર થઈ રહ્યો.

બીજા તોમતદારોની જોડે એને પણ અદાલતમાં તેડી ગયા. વૃદ્ધમુનીનો વડો પુત્ર તક્ષકમુની ન્યાયાસને બિરાજેલો હતો. એનું ડહાપણ, એની ચતુરાઈ, એનું ધર્મશાસ્ત્રનું જ્ઞાન, અને એનો ન્યાય જોઈ કાકુ સાનંદાશ્ચર્ય પામ્યો. એ સમે ફોજદારી અને દીવાની

કામના જુદા વર્ગ ગુર્જરોની કચેરીમાં થયા નહતા; તેઓ શેળભેળ હતા તેથી એ દહાડે કાકુએ બેઉ જાતના ફેસલા થતા જોયા. અંક્-ને અનુક્રમે કામ ચલાવતા તેણે કરીને કાકુનું કામ સર્વથી છેલ્લું નીકળ્યું. કેદીઓને બોધ થાય માટે તેમને એવે ઠેકાણે બેસાડેલા હતા કે કચેરીમાં જે થતું તે જોવાઈ શકાતું. કાકુએ તમામ મુકર-દમા સાંભળ્યા; અને તક્ષકમુની તથા તેને જમણે હાથે બેઠેલા પંચનો ઈન્સાફ જોયો.

પહેલું કામ નીકળ્યું તે ખેદકારક અને રમુજી હતું. પાંજરામાં ત્રણ કેદી હતા, એક મરદ અને બે ઓરત. મરદનો દેખાવ વિચિત્ર હતો. એના અર્ધા માથાના વાળ ધોળા હતા અને અર્ધાના કાળા હતા; અર્ધી મૂછ સફેદ અને અર્ધી સામળી હતી; એક તરફના દાંત પડી ગયેલા અને એક ભણીના રહેલા હતા તેથી તેનું એક હાચું બેઠેલું અને બીજું ઊપસેલું જણાતું હતું. ઉમરે ૬૫ વરસનો, લાકડી ટેકવીને ડોસો ઊભો હતો. એની જોડે એક પડખે ૧૮ વરસની એક જુવાન સ્ત્રી હતી, અને બીજી બાજુએ ૫૫ વરસની ડોશી હતી. એ બંને એની બાયડીઓ હતી. બંનેએ સોડમાં મ્હો સંતાડી લાજ કરી હતી.

સરકારી વકીલે પંચને તથા કોરટને જણાવ્યું કે આ ત્રણે કેદી ઉપર ખૂનનું તોહમત છે. આ આદમી નાગજી જીવા અને એ બે બાયડીઓ દીવાળી તથા ઉજી એ ત્રણે મળી એમના પાડોશી સોની હીરા દેવજીને નીસરણીએથી હડસેલી પાડી મારી નાખ્યો. એના પુરાવામાં મરનાર સોનીની મરતી વેળાની જુબાની વાંચી સં-ભળાવવામાં આવશે, તથા એ કામને લગતા સાક્ષીઓ આપની રૂબરૂ આવી બનેલી હકીકત કહેશે.

ન્યાયાધીશના શિરસ્તેદારે તોહમતવાળાને પૂછ્યું કે તમે આ ગુ-નોહ કર્યોછે કે નહિ? નાગજી કહે "ના શાહેબ, અમે ચોંઈ જાણતા નથી." એ સાંભળી દીવાળી બોલી "ચ્યમ, જે સે તે કહી ઘોને કે અહીં ઉભાંતો ન રહેવું પડે."

નાગજી—શું, હમજે કાંઇ નહિ ને નકામી ટકટક કરેસે રાંડ.

(કાનમાં—આપણા વકીલ જુઠાલાલે નામુકરં જવાને કહ્યુંસે તે અ્યમ ભૂલી જઈ.)

ઉજી—એ પીટચો લુચ્ચો સે. એની બધી ધુતવાની વાતો સે તે અ્યમ હમજતા નથી.

નાગજી—મુઈ આ રાંડ મુર્ખીઓ જોને બોલેસે તે, અહીંઆં કચેરીમાંએ સોંની નથી રહેતી ?

તક્ષક—ડોસા એ શું કહેછે?

નાગજી—એના બાપની મોકાણ, મને ડોસો અ્યમ કહોસો મહારાજ. હજી તો હું જવાન ધ્હું શાહેબ. આ ઓરતો અમસ્થી બક બક કરેસે. રાંડો હમજે ચોંઈ નહિ ને હાલી બકવા કરેસે.

તક્ષક—તમારી એક મૂછ ધોળી અને એક કાળી કેમ ?

નાગજી—મુઈ આ રાંડોનીજ મોકાણુતો. શું કરૂં માહારાજ, મારૂં બોણ લાગ્યા જે બીજી લાવ્યો.

દીવાળી—(મરડાટમાં) એ તો પાંચમી, ને હજી તો છઠ્ઠી લાવવાનું મન સે.

નાગજી—રાંડ હલખણી રહેને ?

ઉજી—તો હાચું રડોને ?

તક્ષક—એક મૂછે કાળો રંગ લગાડ્યોછે કે શું ?

નાગજી—હાવે, હાડ પાંહેઠ વરહ થયાં એટલે વાળ ધોળા થવા લાગે. તે આ નાનકડીને ગમે નહિ. એનો વારો આવે ત્યારે પળીઆં ચુંપી નાખે; મને પીડા થાય ને હું બુમો પાડું, પણ કોણ સાંભળે. વળી આ બુઢ્ઢીનો વારો આવે તેવારે એ કાળા મુવાળા ખેંચી કહાડે. થોડા દહાડા ઉપર નવીનો ત્રણ દિવસનો વારો આવ્યો ત્યારે શું કર્યું કે માથાના ને મૂછના બધા નિમાળાને કાળો રંગ ચડાવ્યો. પછી જૂનીનો ત્રણ દહાડાનો વારો આવ્યો ત્યારે એ કહે હું રંગ ધોઈ નાખું. નવી કહે ન ધોવા દઉં, મેં કહ્યું લો બાપા લડાઈ પતાવસ, એક તરફની મૂછ અને અર્ધું માથું ધોઈ સફેદ કરો ને બાકીનું કાળું રહેવા દો. એમ સમાધાન કર્યું, પણ મહારાજ મારાથી ઘરની બહાર નથી નેકળાતું. છોકરાં પાછળ દોડી હુરીઓ હુરીઓ કરે છે.

આવું મેં સાંભર્યું જે હવે ઘરની લડવાડ તો મટી.

દીવાળી—મટી શાની. નત ઊઠીને કજીઆ કંકાસ થાય છે. આ પેટબળી ઘરમાં આવી છે ત્યારથી હું જીવીને બેઠી નથી બાપજી. (રડેછે).

નાગજી—વળી શાને બોલેછે!

દીવાળી—(ઉશ્કેરાઇને) અમ ના બોલું. મહારાજ મેં એને બહુએ ના કહી કે ૬૫ વરસના થયા, હવે હરાડ વરસનીને નો આણો. સારૂં ના માન્યું ને પાંચ હજાર દામ ખાવા આપી આ મારી વેરણ વેરે ડોસે નાતરૂં કર્યું.

નાગજી—(દાંતીઆં કરીને) વળી ડોસા અમ થયા. તું સોંની રહેનેએ!

તક્ષક—છો બોલતી, બોલવા દો.

દીવાળી—પહેલી એના બાપે પરણાવી હતી તે એનાથી મોટી હતી. પછી મારાં લગન થયાં. મારી શોક સૂવાવડી મુઈ તેને બાળવા ગયા ત્યાંજ એને થીંહ્ના થયા ને એક મહીનામાં પરણ્યા. થોડાં વરસ પછી તેને કહાડી મૂકી તે ચોથી લાવ્યા, ને તે ચોથીને કહાડીને આ પાંચમું વઢકણું રતન આણ્યુંછે.

ઉજી—ઘરમાં બધું તોફાન કરનાર એ ડોશી છે. એકવાર એ મારી સોડે ચોટલીમાં તેલ ઘલાવી ઓળાવવા બેઠા. એટલે ડોશીએ હાથ ઝાલી ઘસડયા, ને કહ્યું હવે ઘરડે ઘડપણ એ ઠાઠ શા. મારી જોડે બોલે કે ડોશી લડે.

દીવાળી—રે રાંડ જૂઠી, સોંની રહેને.

તક્ષક—આ તમારા એક ડાચામાંના દાંત પડયાછે, તેનું કારણ શું નાગજી?

નાગજી—આ બેની લડાલડીમાં એક આમ ધક્કેલો મારે ને બીજી તેમ ફેંકે. એવામાં ભુસ દેઇને હું નીચે પડ્યો, ને ઉમરા જોડે એવો અફળાયો કે દાઢળા થઇ રહેલા એણીમેરના સઘળા દાંત પડી ગયા. એવી બીજી આફતમાંથી બચાવવાને પેલો બાંયડો હીરો સોની આવ્યો ને માર્યો ગયો. દાંત પડયા ને લોહીની નીક વહી,

પણ કોઈ પાણી ન લાવ્યું. ડોશી કહે ઠીક થયું મારા જેવું એ ભોંખુ પાસું થયું.

તક્ષક—તમારી નાત કઈ?

નાગજી—અમે કત્તા કહેવાઇએ છીએ.

શીરસ્તેદાર—કત્તા એટલે કુત્તા કે કૂતરા. લગ્નની બાબતમાં એઓ કૂતરા જેવા છે તેથી એ નામ પડ્યું. બાયડી જોઇએ એટલાં ઘર બદલે, બાયડો નજરમાં આવે ત્યારે છેડો ફાડી કાઢી મેલે.

નાગજી—હા શાહેબ એમ. મેં જેને કહાડી મૂકી તેણે એની શૌકને વિખ દેવાનું કર્યું ત્યારે તેને શી રીતે ઘરમાં રખાય? ટંટો ન થાય માટે વારા બાંધ્યા છે સોમ, મંગળ ને બુધવારે મોટીને ઓરડે જમવું, અને ભરેસપત ને શુકરવારે નાનીને ઓરડે જમવું. એમ છ દહાડા ગયા ને સાતમો દહાડો રવિવારનો આવ્યો, તે દિવસે નવી જમણો હાથ ઝાલી ખેંચે ને જૂની ડાબો હાથ ઝાલી ખેંચે ને ગાળમગાળા કરે. એ ધમાચકડી સાંભળી બીચારો હીરો સોની મને મૂકાવવા આવ્યો. વળી તે દહાડાની પેઠે મને વાગશે કે બાકી રહેલા દાંત પડી જશે એવું લાગવાથી મારાપર દયા લાવી મને છોડાવવા આવ્યો.

દીવાળી ને ઉજી—અમારા ઘરમાં ગમે તે કરીએ. તેમાં એને શું? એ તો અમારી ફજેતી જોવા આવ્યો હતો.

નાગજી—ના બાપજી ના. એ તો ભલો હતો. તે આવ્યો કે આ બંને એક થઇ તેને ધકેલા મારવા લાગી. મેં તેને ખભે હાથ લગાડી કહ્યું ભાઇ તું તારે ઘેર જા, મારૂં લાગ્યું હું ભોગવીશ. એમ કહી હું તેને દાદરબારી સુધી લઇ જાઉં છું એવામાં તેણે કાંઇ શીખામણ દીધી. એટલે આ ડાકણોએ ઠોંસો માર્યો, તેથી બાપડો ધબ લેઇને નીસરણીપરથી ગબડી પડ્યો તેનું માથું ઉમરા સાથે પછડાયું, ને કપાળ ફાટતાંજ તેનો જીવ ગયો. માબાપ ખરી વાત એ છે. આ સુશ્રિયારના ભમાવ્યાથી હું જૂઠું બોલ્યો.

સરકારી વકીલે જાહેર કર્યું કે નાગજીએ કહ્યું તેવોજ પુરાવો છે.

હવે સાહેદી પુરાવો લેવાની જરૂર ન રહ્યાથી, પંચે ન્યાયાધીશ

તક્ષકરાયને કહ્યું કે આ બે શ્રીઓના ધક્કાથી સોની હીરો દેવજી દાદરેથી પડ્યો ને મરણ પામ્યો; પણ એ બનાવ અજાણમાં બન્યો, અને નાગજીનો વાંક કાંઈ નથી. તક્ષકે વિચાર કરી દરેક બાઇને છ મહીના કેદની સજા કરી, ને મરનાર સોની દર વરસે ૫૦૦ દામ રળતો હતો માટે તેટલું વ્યાજ ઉપજે એટલા રોકડ દામ નાગજીએ મયત સોનીની બાયડીને આપવાનો હુકમ કર્યો. કાકુને એ ન્યાય વાજબી લાગ્યો, પણ નાગજીને ગમ્યો નહિ.

નાગજી—મહારાજ આ બે વઢતી રાંડોને છ છ મહીના ટીપ ઠોકી એતો ઠીક કર્યું. હું છ મહીના તો સુખે રોટલા ખાઇશ. પણ દશ હજાર દામ અપાવ્યા એ તો મોટો જુલમ. ચમડી જાય પણ દમડી ના ખરચું એવો હું કૃપણ છું તેને દશ હજાર દામ આપવા પડશે. દશ હજાર દામથી તો બે નવી જુવાન બાયડીઓ લાવું!

તક્ષકરાયને હસવું આવ્યું, ને ક્રોધ પણ ચઢ્યો. તેણે સિપાઇઓને હુકમ કર્યો કે એ નફટ ડોસાને અહીંથી લઈ જઈ દશ હજાર દામ આપતાં સુધી કેદ રાખો, ને એને ઘેર ચોકી બેસાડો કે જપતી મોકલી નાણું વસૂલ કરી શકાય.

સિપાઇએ હાથ ઝાલી ડોસાને ઘસડવા માંડ્યો ત્યારે તેણે બૂમ પાડી કહ્યું બાપજી એક વાત કહેવાની છે તે સાંભળો, સાંભળો સાંભળો! તક્ષકે સિપાઇને અટકાવી તેની વાત સાંભળી.

નાગજી—આ અમારા વકીલે અમને ડરાવ્યા કે તમને ત્રણેને ફાંસી દેશે; ઉગરવાનો ઉપાય માત્ર એકજ છે. પાંચ હજાર દામ શીરસ્તેદારને આપો તો સાહેબને ઊંધું ચતું સમજાવી તમને ત્રણેને છોડાવશે. એ વાત ખરી માની મેં તુરત દામ અપાવ્યા. તે મને પાછા અપાવો. આ ઘડી મારા ચોપડા મંગાવી જુવો. તેમાં આ રકમ જૂઠે નામે એના કહેવાથી લખી છે,

એ બીના જાણી તક્ષકરાયને તામસ ચઢ્યો, ને તેની આંખો લાલ થઈ ગઈ; નાગજીને કહ્યું હું તજવીજ કરીશ ને એ વાત ખરી ઠરશે તો તારો તમામ દંડ એ લાંચીઆ ચંડાળોની પાસેથી અપાવીશ. તેજ વખતે પેલા વકીલને અને શીરસ્તેદારને કેદમાં મોકલ્યા, ને

બોલ્યા કે એમને ઘાંચીની ઘાણીમાં ઘાલી પીલવા જોઇએ, અને એમની સર્વે માલ મીલકત સરકારમાં જમ કરવી જોઈએ, એમ કહી તેમણે પાણી પીવા ઊઠી કચેરીને ઘડી બંધ રાખી.

એના પછી કાકુનું કામ નીકળવાનું હતું. આ છેલ્લો બનાવ જોઇ તેને બહુ ગભરાટ છૂટયો. લાંચનો અપરાધ ગુર્જર લોકમાં મોટો ગણાયછે એવું તેને સમજાયું. મનના મનોરથ મનમાં રહેશે ને જમલોક જવું પડશે એવી ધાસ્તી તેના હૈયામાં પેઠી; ઘાણીમાં ઘાલીને પીલી નાંખશે તો મારા બધા મનસુબા વ્યર્થ જશે. ' લેને અઇ પૂત ને ખોઇ આઇ ખસમ, ' તેવું થશે. કાંશકી લેનાર ઉપર વેર લેવાયાને ઠેકાણે મારો પ્રાણ જશે. શું માત્ર એક દામ લાંચ આપવા માંડી માટે મારો જીવ લેશે? ના એમ ન હોય. ભારે દંડ લેશે, બંદીખાને નાખશે કે શું કરશે? એવા વિચારમાં તે ગુમ થઈ ગયો હતો, તેવામાં ચોપદારે નેકી પોકારી તેથી જાગરૂત થઈ ગયો. કારકુને સિપાઇને અણુસારો કર્યો એટલે તેણે કાકુશેઠને ન્યાયસભામાં ઊભો રાખ્યો. તેના ટાંટીઆ થરથર ધ્રુજવા લાગ્યા અને તેના મુખપરથી નૂર ઊડી ગયું. તેનું મ્હોં અને તેનો પહેરવેશ જોતાં તક્ષકરાયે અનુમાન કર્યું કે એ કોઇ અજાણ્યો વિદેશી છે. તોહમતનામું વંચાતાંજ કાકુએ માની દીધું કે મેં પ્રધાનજીની દેવડીના સિપાઇના હાથમાં દામ મૂકયો કે તે ખુશ થઇ મુંને અંદર જવા દે. હું વલ્લભિપુરનો વેપારી છું અને મોટાં રાજકાજને અર્થે આવ્યોછું, માટે તાકીદથી મુખ્ય કામદારને મળવાની જરૂર છે. અમારા દેશમાં દેવડીએ દેવડીએ ચોકીદારોને પાન સોપારીને નામે નાણું આપી ખુશી કરીએ ત્યારે દરબારમાં પેસાય. બધા કચેરીના કારકુનો રૂશવત લેછે ને અમલદારોએ લેછે. લાંચે હાલવું ને લાંચે ચાલવું, લાંચ વગર કાંઇ કામ થતું નથી, લાંચ આપે ચોર છૂટી જાયછે ને સામા શાવકાર દંડાયછે. એવા દેશમાંથી આવનાર ભૂલે તેમાં શી નવાઈ મહારાજ!

તક્ષક—તમે શા કામે આવ્યાછો તે મને બીજા ઓરડામાં આવીને કહેશો?

કાકુ—હા, મહારાજ.

એકાંતમાં જઇ તેણે પોતાની વાત ટૂંકામાં કહી. તેજ વખતે તક્ષક તેને પોતાના પિતાની કને લઇ ગયો, અને પોતાથી બની શકે ત્રુટથી એ કામમાં સાથ આપવાને તેણે વચન આપ્યું. સાહસ અને પરાક્રમ કરવાને તક્ષકનો જીવ તલપી રહ્યો હતો. વૃદ્ધમુનીએ કાકુને પોતાને ઘેર ઉતાર્યો, અને રાત્રે એકલાં નિરાંતે બેશી મનસુબો કરવાનું ઠરાવ્યું.

खंड २ जो.

गुर्जर दरबारने काकुनी विनंति. मंत्री मंडळनो अभिप्राय. गुर्जर लोकनी राजसभा. लश्करनो जमाव.

રાત્રે વાળુ કર્યા પછી વૃદ્ધમુની તથા તેના બે પુત્રો નામે શંભુ અને તક્ષક કાકુશેઠની વાત સાંભળવા બેઠા. પોતે કોણ છે, વલ્લભિપુરના મહારાજ જોડે અણબનાવ શાથી થયો, વલ્લભિરાજ્યની ફોજ કેવી માઠી સ્થિતિમાં છે, દેશ કેવો રસાળ અને સંપત્તિવાન છે, એ જણાવી શેઠે કહ્યું કે જો ગુર્જર લોક એ રાજ્યપર સ્વારી કરે તો હું એક કરોડ દામ વાટ ખરચના અગાઉથી આપું. એ રાજ્ય જીતાયા પછી એ નાણાંને પેટે મને મુખ્ય ખજાનચીની નોકરી આપવી. લોક નારાજી છે, સરદારો ફૂટેલા છે, ને દરબારમાં કુસંપ છે, તેથી રાજ્ય એવી અવસ્થામાં છે કે ગુર્જરોને દેશ જીતવો કઠણ પડશે નહિ.

શંભુ અને તક્ષક બંનેએ કાકુની વિનંતિને ઊંચકી આપી. એ બેઉ જુવાનીઆનાં આ બાબતમાં એક મત હોવાનાં કારણ જુદાં હતાં. મૂલકનો દીવાની કારભાર કરવાને શંભુમુનીમાં યોગ્ય બુદ્ધિ હતી, અને તેના બાપે તેને એ કામમાં માહેતગાર કર્યો હતો. હિસાબી કામમાં તેને સારી સમજણ હતી. બીજા કામદારો, પરગણાંના વહીવટદારો, અને પ્રાંતોના અધિકારીઓ પોત પોતાનાં કામ બરોબર કરેછે કે નહિ તેની તજવીજ રાખવામાં તે ખબરદાર હતો. એ કામમાં તે બાપને હોશિઆરીથી મદદ કરતો હતો. પિતાની પાછળ મુખ્ય

પ્રધાન થવાની તેને ઉમેદ હતી. એ આશા પાર પાડવામાં તક્ષકરામ નડશે એવી તેને અંદરખાને બીક હતી. નીતિશાસ્ત્ર અને કાયદા ભણાવી વૃદ્ધમુનીએ તક્ષકરામને ન્યાયાસનપર બેસવાને યોગ્ય કર્યો હતો. ન્યાય કરવામાં એ જુવાન ઘણો વખણાતો. પરંતુ આખો ભવ એજ કામ કરવામાં ગાળવો એ તેને ગમતું નહતું, સ્વભાવે સાહસિક હોઇ પરાક્રમ કરવાને એનું મન તલપ્યાં કરતું હતું. યુદ્ધકળામાં તેની અકલ બહુ ચાલતી હતી, અને હિંમતમાં કોઇથી હારે નહિ એવો હતો. રાજકુમાર અને લશ્કરી સરદારો જોડે દ્વાવનો શિકાર કરવા જતો અને બંડખોરો ઉપર કે બીજા શત્રુ ઉપર સ્વારી મોકલવામાં આવતી ત્યારે તેની જોડે માગી લઇને જતો. એણે બતાવેલી યુક્તિઓ પ્રમાણે વર્ત્યાથી ઘણીકવાર ગુર્જરસેના ફતેહ પામી હતી. એથી તે ફોજનો વહાલો અને રાજકુટુંબનો માનીતો હતો. વિશેષ લશ્કરી બુદ્ધિની જોડે તેનામાં મોટી પદવીએ ચડવાનો, અને જગતમાં નામના કરવાનો ભારે લોભ હતો. કાકુની ઈચ્છા પ્રમાણે વલભિરાજ્ય ઉપર ચઢાઇ થાય તો એ મનકામના સિદ્ધ કરવાનો પ્રસંગ મળે માટે તક્ષકે તેનો પક્ષ કર્યો. એ સ્વારી થાય તો નાનો ભાઇ તેની જોડે ગયા વિના રહે નહિ, અને તે જાય તો મુખ્ય વજીરનો ઓદ્ધો મળવામાં ધારેલી અડચણ દુર થાય એવું વિચારી શંભુએ કાકુને ટેકો આપ્યો.

બંને છોકરાના અભિપ્રાય એક હોવાનાં કારણ વૃદ્ધમુની પોતે પણ સમજ્યા, અને તે તેને ખરાં લાગ્યાં. લક્ષ્મીનો અને રાજકારભારનો લોભ એવો બળિષ્ઠ છે કે સગા ભાઇઓને અને બાપ દીકરાને પણ લડાવી મારે, માટે પોતાના મુવા પછી કુટુંબમાં કુસંપ થવાનું કારણ રહે નહિ એવું કરવાનો આ લાગ તેને સારો લાગ્યો. રાજાને એ સ્વારી મોકલવાની સલાહ આપવાના બીજા સબબો પણ હતા. આસપાસનાં રાજ્યો તરફથી હુમલા થવાની ધાસ્તી રહી નહતી. ગુર્જરોના ત્રાસથી તેઓ નરમ થઇ ગયા હતા, અને ગુર્જર જોદ્ધા આ વેળા નવરા પડ્યા હતા. મૂળ ગુર્જરીઆ દેશથી નવા આવેલા તથા દેશમાં જન્મેલા મળી તેમની સંખ્યા ખપ કરતાં ઘણી વધી ગઈ હતી. તેઓને કામ જોઇતું હતું. ઘટતું કામ તેમને નહિ

મળે તો તેઓ બંડ કરે, માંહોમાંહે લડે, કે બીજું નુકશાન કરે. રાજાને પણ બે પુત્રો હતા. એમાંનો વડો પુષ્પસેન સાધારણ અક્કલનો ઓછો પરાક્રમી છતાં મોટો માટે રાજ્યાસન ખાલી પડે ત્યારે તેપર બેસવાનો તેનો હક હતો. બીજો કનકસેન બુદ્ધિમાન, ઉત્પાતીઓ અને સાહસિક હતો. હાલ જેમ શંભુ અને તક્ષકની વચ્ચે સંપ અને સ્નેહ છે તેમ એ બે ભાઇઓની મધ્યે પણ છે, તથાપિ રાજગાદી ખાલી પડશે ત્યારે તે રહેશે કે નહિ તે શક જેવું હતું. કનકસેન યુદ્ધમાં મહા શૂરો અને ચતુર છે વાસ્તે અધિક થઈ પડેલા ગુર્જરોની ફોજ બનાવી તેનો ઉપરી કનકસેન અને કનકસેનનો મુખ્ય પ્રધાન તક્ષકને ઠરાવી અધમ થઈ ગયેલા વલ્લભિરાજ્યને જીતવા મોકલ્યા હોય તો અનેક રીતે બહુ લાભકારી પરિણામ થાય.

કાકુની હકીકત તથા પોતાના કુંવરોની ભલામણ સાંભળી રહીને સજ્યામંદિરમાં ગયા પછી આ અવલોકન કરનાર શાહાણું વજીરે ઉપર મુજબ તર્ક કર્યો. બીજે દિવસે રાજમહેલમાં જઈ મહારાજા, સેનાપતિ, તથા બીજા બે મંત્રીઓની જોડે એકાંતમાં બેશી એ બાબત મનસુબો કર્યો. એ બે મંત્રીઓમાંનો એક ઊપજ ખરચ ખાતાનો દીવાન હતો ને બીજો ન્યાય ખાતાનો ઉપરી હતો. દીવાન ઘણો કરકસરીઓ હતો તેણે પોતાના અનુભવ ઉપરથી કહ્યું કે કાકુના એક કરોડ દામથી એક લાખ લડવૈયાનો વાટખરચ નહિ નીભે ને એવી અનિશ્ચિત અને દૂરની સ્વારી સારૂ રાજ્યભંડારમાંનાં નાણું ઉપાડવાં એ ડહાપણનું કામ ન કહેવાય, એમ કહી વિરૂદ્ધ અભિપ્રાય આપ્યો. મુખ્ય પ્રધાને એ સ્વારીની જરૂર અને તેના ફાયદા કહી સંભળાવીને મત આપ્યું કે તાબેદાર રાજાઓની એક વરસની ખંડણીની રકમ એમાં ખરચીશું તો રાજને હાનિ પહોચશે નહિ. ગુર્જરો કદી પાછા હઠતા નથી માટે ફતેહ થવાની આશા નક્કી જેવી છે, પણ એમ ધારીએ કે આપણી સેના હાર ખાઇને પાછી આવી તોએ એટલું નુકશાન બીજા આડથણે ખમી શકીએ. બહુ મતથી ચૂકવણીની દરખાસ્ત મંજૂર થશે એવું જોઈ ન્યાયખાતાના કારભારીએ કહ્યું કે એ લડાઈ ગેરવાજબી છે માટે નીતિ

શાસ્ત્ર વિરૂદ્ધ છે. વલ્લભિરાજાએ આપણો કશો અપરાધ કર્યો નથી, આપણું કાંઈ તેણે બગાડયું નથી, તો શા હકથી આપણી ફોજ તેના મૂલક ઉપર ચડે, ને તેનું રાજ્ય ખુંચવી લે. જો વલ્લભિરાજા તેની પ્રજા ઉપર જૂલમ કરતો હશે, કે તે રાજ્ય ચલાવવાને અંશક્ત કે અયોગ્ય હશે તો તેની જગાએ બીજો રાજા કરવાનો અધિકાર તેની પ્રજાને છે, બીજા દેશના લોકે એમાં હાથ ઘાલવો એ અધર્મ છે. વળી આપણે તેના પાડોશીએ નથી કે તેમની માંહો માંહેની વઢવાડથી આપણી પ્રજાને નુકશાન થાય. વલ્લભિરાજાએ કાકુની છોડીની કાંશકી ખુંચાવી લીધી માટે તેની આખી રૈયતને પીડા કરવી એ કેવળ અન્યાય છે. શૂરા ગૂર્જરો જય પામશે એમાં જરાએ સંદેહ નથી, પણ તે જયનાં પરિણામ તે દેશના લોકને શાં થશે તે જુવોને. લૂંટફાટથી ખેતી કરનારાને, દુકાનદારોને વેપારીઓને, અને કારીગરોને હાનિ પહોંચશે, વતનદારોનાં વતન બધાં કે થોડાં જશે. એમ વગર વાંકે લોક સજા પામશે, અને તેમને પરદેશીઓની તાબેદારી ભોગવવી પડશે. એ સ્વારીને, સુનીતિ, ન્યાય અને ધર્મનો આધાર નથી માટે તે ન કરવી.

વૃદ્ધમુનીએ ઉત્તર આપ્યો કે "વલ્લભિરાજ્યમાં બૌદ્ધાદિક પાખંડી અને નાસ્તિક પંથોનો પ્રસાર થયોછે. માણસાદિક પ્રાણી માત્રનો સરજનહાર અને પાળનાર, તથા આખા જગતનો કર્ત્તા અને નિયંતા જે પરમેશ્વર તેને નહિ માનનારા એ પાપી લોક છે. એ પંથોનો નાશ કરવો એ મોટું ધર્મનું કામ છે. એમાં અધર્મ કે અનીતિ કાંઇ નથી. બૌધધર્મી રાજાઓ વેદધર્મ માનનારાને સંતાપેછે, તો વેદધર્મી રાજા લાગ આવે ત્યારે વેર શા વાસ્તે ન વાળે ? વળી અધમ, સંપવિનાની, ને પરાક્રમહીન થઈ ગએલી નિર્બળ પ્રજાને ગુર્જર જેવા બળવાન, સાહસિક અને પ્રતાપી લોકને હાથે સજા થાય એ યથાન્યાય, અને સ્વાભાવિક છે. સાધુધર્મ અને રાજધર્મ ભિન્ન છે. નિવૃત્તિ માર્ગ પ્રમાણે આ સ્વારી ન થઈ શકે, પણ સંસાર એ ધર્મવડે ચાલતો નથી. નબળી પ્રજાને, જે પ્રજા દુર્બળ અને નિર્લજ થઈ જઈ પોતાનું રક્ષણ કરી શકતી નથી, અને પોતાના રાજ્ય

સંબંધી કામ કાજ સમજતી નથી, તથા રાજ્ય ચલાવી શકતી નથી તેને બીજા દેશના બળવાન રાજ્ય કરનારા જીતી લે એ ઇશ્વરી નિયમ છે, એવો મારો અભિપ્રાય છે. એ રાજ્યને આપણે નહિ લઇએ તો કોઇ બીજા લોક લેશે. વલ્લભિરાજ્યની રૈયત યુદ્ધ કરી શકતી નથી; તેનું શૂરાતન ગયું છે, તેનામાં સ્વદેશનું રક્ષણ કરવાની શક્તિ હવે નથી. બાયલા વેપારી, બીકણ ખેડુત, ને આળસુ કારીગરો, તથા ધર્મભ્રષ્ટ અને વહેમી ગુરૂઓ પુરૂષાર્થ ખોઇ બેઠા છે, માટે મોડા વહેલા કોઇ વિદેશી પરાક્રમી રાજા તેમને વશ કરશે એ નક્કી છે તો આપણે કાં ન ચડીએ?"

ગૂર્જરેશ્વર મહારાજે આ ઠેકાણે વચમાં પડી કહ્યું કે હવે વધારે વાદ કરવામાં સાર નથી. ગૂર્જર સેનાને કામે લગાડવાની જરૂર છે માટે એ ચડાઇ કરવી અવસ્ય છે. સેનાપતિનો અભિપ્રાય પણ એજ હતો. બહુ મતે ઠરાવ થયો કે સામંતો, તાલુકદારો, અને સરદારોની સભા બોલાવી તેમનું મત પૂછવું.

મળવાનો દિવસ ઠરાવી વૃદ્ધમુનીએ હલકારા મોકલી સર્વેને ખબર કરી. પોતપોતાની જાગીરોમાં, દૂરના પ્રાંતોમાં અને સૂબાગીરી ઉપર જેઓ ગયા હતા તે સર્વેને આમંત્રણ મોકલ્યાં. એ મોટી સભાની બેઠકને માટે વિશાળ માંડવો શહેરની બહાર મોટા મેદાનમાં બાંધ્યો. મુકરર કરેલે દહાડે સર્વે સામંતો, સરદારો, મોકાસદારો, તાલુકદારો અને માંડળિક રાજાઓ આવી હાજર થયા. મળવાનું કારણ સર્વેના જાણવામાં આવ્યું હતું. વાત સઘળે ફેલાઈ હતી અને ગામે ગામ, ચકલે ચકલે, અને ઘેરે ઘેર ચરચા થઈ રહી હતી. ગુર્જરપુરીની શોભા જોવા જેવી થઈ. સભામંડપની રચના અલૌકિક હતી. તે જોવાને આખું શહેર ઊલટયું. રાજા રજવાડા આવેલા તેઓની સ્વારીઓ શહેરમાં આવ જા કરે; રણસિંગાં, તુરાઈ, નોબતાદિક વાદિત્ર વાજે. પ્રથમ રીત પ્રમાણે એક પછી એક સર્વે એ મહારાજાધિરાજની ખાનગી મુલાકાત કરી. પછી મહેલમાં દરબાર ભરવામાં આવ્યું. અહીં સર્વે દસ્તૂર મુજબ ગુર્જરપતિની સેવા કરીને ભેટ મૂકી. બીજે દિવસે સભામંડપમાં સઘળા એકઠા થયા. રત્નજડિત સુવર્ણના રાજ્યાસન

ઉપર ગુર્જરેશ્વર મહારાજ બીરાજ્યા તે વારે સર્વે ઊઠી ઉભા થયા, ને બેસવાની આજ્ઞા થયે બેઠા. મહારાજની પાછળ છડીદાર નેકી પોકારતા હતા. જમણે હાથે રૂપાના સિંહાસન ઉપર ટીલાટ કુંવર, તેની પાસેની ખુરશીએ બીજો કુંવર કનકસેન, અને તેની પછી દરજ્જા પ્રમાણે રાજ્ય કુટુંબના પુરૂષો, ફટાયા રાજવંશીઓ, માંડળિક રાજાઓ, તાલુકદારો, ને નાના જાગીરદારો અનુક્રમે હતા. ડાબી બાજુએ પ્રથમ મુખ્ય પ્રધાન વૃદ્ધમુની, પછી સેનાપતિ, ને તેની જોડે બીજા બે મોટા મંત્રી; ત્યાર પછી સુભટો, સરદારો, વગેરે હતા. પાછલી હારમાં ઉતરતી પંક્તિના માણસ હતા.

મુખ્ય પ્રધાને ઇશારત કરી કે એક કારભારીએ કાકુશેઠને હજૂરમાં આણ્યો. મોહોરનો ઢગલો શેઠે રાજ્યાસન આગળ કર્યો. પોતાના દેશના રાજાની જોડે અણબનાવ થયાથી સ્વદેશની ખરાબી કરવાને પરદેશી લશ્કરને તેડવા આવેલા રાજ્યદ્રોહીને જોતાં વારને, ઘણાક સદ્‌ગુણી ગુર્જરોના દિલમાં એ સ્વદેશ શત્રુ, નિમકહરામ સ્વરાજદ્રોહી ઉપર તિરસ્કારનો આવેશ આવ્યો, અને તેના ઉપર તેઓ ધિક્કારની નજરે જોવા લાગ્યા. ગુર્જરો પૂરા સુધરેલા નહતા, પણ સ્વદેશાભિમાની, નિમકહલાલ, અને સાચાં હતા. શૂરા સિપાઇઓને યુદ્ધ કરવાનું આવે છે ત્યારે ઉસ્કેરાયાથી તેમના ઊંડા વિચાર જતા રહેછે. વૃદ્ધમુની તેમનાં લક્ષણથી પૂરા વાકેફગાર હતા. કાકુની બદચાલ વિષે તરંગ કરવાનો વખત મળે ત્યાર પહેલાં તેણે ઊઠી રસિક અને શૂર ચડે તેવું ભાષણ કર્યું. વલ્લભિરાજ્યની રસાળ ભૂમિનું, અને સમૃદ્ધિનું, તે જીતવાથી લાભ, યશ, અને કીર્તિ મળે તેનું તથા ત્યાંના ધર્મભ્રષ્ટ, દુષ્ટ, વેદના શત્રુ, સ્વપ્રજાને પીડનાર, દુરાચારી રાજાના જુલમથી લાખો માણસને મુક્ત કરવાના પુણ્યનું તેજોમય વર્ણન કર્યું. તેની પછી કુંવર કનકસેન ઊઠ્યો. મીઆનમાંથી તલવાર તાણી તે બોલ્યો કે "આ આપણે શા વાસ્તે ધારણ કરીએ છે? માણુસ જાતને સંતાપનારને સજા કરવાને. રજપૂતોનો મુખ્ય ધર્મ શો છે? ક્ષત્રીનું મુખ્ય કામ શું છે? દુ:ખ પામતી દુર્બળ પ્રજાને જુલમી ને દુષ્ટના હાથમાંથી છોડવવી. પછી એ દુ:ખ દેનાર

પ્રાણી ગમે તે દરજ્જાનો હોય, રાજા હોય કે લૂંટારો ચોર હોય. ગર-રીબની વારે ચઢી અન્યાયીને શિક્ષા કરવી એ આપણો ક્ષત્રીધર્મ છે. શાણા ક્ષત્રીઓ! જુવાન ગરાશીઆ ભાયાતો! શૂરા રજપૂતો! બ-હાદુર ગુર્જરો! અમે જુવાનીઆ યુદ્ધ ક્યારે જોઇશું? અમે યુદ્ધે ક્યારે ચડીશું? વડીલો! હમે હજારો જુવાનીઆ કામ વિનાના પડી રહ્યા છીએ. અમને નકામા બેશી રહેવું કેમ ગમે? અમે શો ધંધો ક-રીએ? ખેતરમાં હળ હાંકીએ, કે કોશ ચલાવીએ, કે દુકાન માંડીએ, કે લૂંટફાટ કરીએ? શું કરીએ? અમને કામ જોઇએ. અમે કામ માગીએ છીએ. તો આનું યોગ્ય, સાહસિક, અને પ્રતાપી બીજું ક્યું કામ મળશે? અમારાં પરાક્રમ તમે જુઓ તો ખરા. અમને અ-જમાવો. જો અમે પાછી પાની કરીએ, જો અમે ગુર્જર નામને લાજ લગાડીએ તો અમને આ રાજ્યમાં પાછા પેસવા ન દેશો. પણ એટલે સુધી વાત આવવાની નથી, કેમકે આપણે ગુર્જર રજપૂતોને જીતવું કે રણભૂમિમાં લડતાં મરવું એ બેમાંથી એક છે. ત્રીજું છેજ નહિ. ભયને આપણે ઓળખતા નથી, દુઃખથી ડરતા નથી, અને મોતથી બીતા નથી. એવાં ધન્ય ભાગ્ય ક્યાંથી કે આવે રૂડે અર્થે રણસંગ્રામમાં મરીએ!"

કનકસેનને ઘણાએ પુષ્ટિ આપી, બેએક બુઢ્ઢા સામા થયા; પણ સભાનો મોટો ભાગ શોરના આવેશથી ઉશ્કેરાયો, ને બહુ મ-તથી ઠર્યું કે વલ્લભિરાજ્ય ઉપર સ્વારી કરવી.

આ ઠરાવ થયા પછી સ્વારીની ગોઠવણ કરવાનું કામ ધારા પ્રમાણે મહારાજાને હાથ હતું. મંત્રીમંડળની સાહેતાથી, એ સર્વ ગો-ઠવણ વૃદ્ધમુનીએ કરી, અને ગુર્જરેશ્વરની મંજૂરી લીધી. કનકસેનને સેનાપતિ નીમ્યો, અને તક્ષકરાયને તેનો મુખ્ય કારભારી તથા લશ્ક-રમાં બ્રાહ્મણોની ટૂકડી હતી તેનો સરદાર ઠરાવ્યો.

ગુર્જરીઆ (જીયોર્જીઆ)માંથી અસલ આવેલા માટે આખી પ્રજાનું સામાન્ય નામ ગુર્જર હતું, પરંતુ તેઓમાં જુદી જુદી રજપૂતોની અનેક ટોળીઓ હતી; તેમજ બ્રાહ્મણાદિક બીજી જ્ઞાતિયો પણ તે-ઓમાં હતી. વર્ણ માત્ર ચાર હતી, ને વર્ણાશ્રમ ધર્મ મનુસ્મૃતિમાં

કહીછે તે પ્રમાણે પાળતા. રજપૂતોમાં મુખ્ય રાજ્યગાદીએ ચાવડા હતા. તેઓ મોટા બાણાવળી હતા તે પરથી તેમનું નામ ચાપોત્કટ પડયું હતું. ચાપ એટલે ધનુષ અને ઉત્કટ એટલે પ્રબળ. ચાપોત્કટ શબ્દનો અપભ્રંશ ચાવડા થયો. નામાંકિત પૂર્વજોનાં નામ પરથી, કે કોઇ ગુણ ઉપરથી, અથવા રહેવાના સ્થળ ઉપરથી આપણી ગુર્જર પ્રજાની ટોળીઓનાં જુદાં જુદાં નામ પાડયાં હતાં. જટ, જેટવા, ગેહેલાટી, જેઠવા, વળા, વાળા, વગેરે અનેક નામની ઘણી ટોળીઓ ક્ષત્રી વર્ગમાં હતી.

ફોજ તૈયાર કરવાનો હુકમ આપ્યા પછી ત્રણ માસમાં મોટું લશ્કર સિંધુ નદીને કાંઠે ભેગું થયું. એમાં પચાસ હજાર રજપૂતો, દશ હજાર નગરકોટના બ્રાહ્મણ, અને પંદર હજાર આહીર, રબારી, બરબર, મેર, વગેરે સરહદ પર વસનારા વગડાઉ જોદ્ધા હતા. કનકસેન અને તક્ષક બંને જુવાન હોવાથી તેમને સલાહ આપવાને બે મોટી ઉમરના તથા યુદ્ધ અને રાજકાજમાં અનુભવી ઠાકોરને તથા બે બ્રાહ્મણ મંત્રી અને એક વણિક મંત્રીને તેમની સાથે જવાને નીમ્યા. સેનાને વિદાયગીરી દેવાને રાજા ગુર્જરેશ્વર, રાણી મધુરાવતી, યુવરાજ પુષ્પસેન તથા પ્રધાનો છાવણીમાં આવ્યા. દરબાર ભરી સામંતો, અને નાયકોને સરપાવ આપ્યા પછી મેદાનમાં લશ્કર ઊભું રાખ્યું હતું ત્યાં આવ્યા. એ વેળા આખી ફોજ મહારાજને સન્માન આપવાને મોટે સાદે બોલી "જય! જય! ગુર્જરેશ્વર મહારાજનો જય!!" પોતાની બહાદુર સેના નીરખી રાજા રાણીનું મન હરખાયું. જોદ્ધાને પાનો ચડે એવું ભાષણ કરી રાજાએ તેમને કૂચ કરવાની આજ્ઞા આપી. સિપાઇઓએ શીખ માગી કે તુરત કાકુશેઠે દરેકના હાથમાં એક એક દામ મૂકી તેમને રાજી કર્યા. રાજા રાણી પોતાની સરહદ સૂધી કનકસેનને વળાવવા ગયાં. પ્રિયપુત્રથી છૂટાં પડતી વેળા મહારાણીની આંખોમાંથી જળ વહ્યું. પ્રભુ તને કુશળ રાખે એમ આશિષ વચન ઓચરતાં માતા ગળગળી થઈ.

खंड ३ जो.

गुर्जरो वल्लभिराजने जीती लेछे. कनकावती, कनकापुरी तथा वडनग वस वेछ. गुर्जरोए जीतेली भूमिनुं नाम गुर्जरत्रा के गुजरात पडयुं. पंचासरमां राजधानी. राजनी सीमा, ने प्रजानी आबादी.

ગુર્જર સેના સિંધમાં થઈ થરપારકરમાં ઉતરી, અને રણને માર્ગે આવી વાયવ્યકોણેથી વલ્લભિરાજ્યમાં પેઠી. પરદેશી શત્રુ દેશ ચાંપેછે એવી ખબર જાસુસો લાવ્યા ત્યારે વલ્લભિપુરપતિ અને તેના કારભારીઓ ચમક્યા, ને ભયભીત થયા. માઠા સમાચાર સાંભળી રાજા રડવા લાગ્યો. તેનામાં પુરૂષાર્થ નહતું. તરવાર બાંધતો અને તીરકામઠાં રાખતો, પણ તે માત્ર જોવાનાં હતાં. શોભાને માટે હથીઆર રાખતો, તે વાપરવાનું તેનામાં બળ, કળા, ને હિંમત નહતાં. અફીણ ખાઇ, કસુંબા અને દારૂ પી, કેફમાં ચકચૂર રહેતો. સ્વભાવે કમઅકલનો, મંદ, અને નિશાથી, ભણેલો નહિ તેથી, તથા રંગમહેલમાં બાયડીઓમાં, અને ગોલા ખવાસ—લોકમાં બેશી રહેવાથી બાયલો થઇ ગએલો મૂર્ખ રાજા આ સંકટને સમયે પોતાની રૈયતનું અને ગાદીનું રક્ષણ કરવાને અસમર્થ હતો. ભાયાત ઠાકોરો પણ એજ હાલતમાં હતા. રજપૂતો લશ્કરી કામ છોડી કસુંબા પીવામાં અને ગાંજો કે તમાકુ ભરી હોકા તાણવામાં મચ્યા રહેતા; તેમનું કામ પૂરબીઆ, મકરાણી, અરબ, પઠાણ, પંજાબી, વગેરે પરદેશી સિપાઇઓ કરતા. દરબારમાં ચોકી પહેરા કરવા, કિલ્લાની સંભાળ લેવી, રાજ્યભંડાર સાચવવો, ધાડ પાડનારાની ને વાટે ઘાટે લૂંટનારાની પાછળ દોડ કરવી, તથા સિપાઇગીરીનાં બીજાં કામ જાગીર અને ગીરાસ ખાનારા ગરાસીઆએ કરવાં જોઇએ તે સર્વે આ વેળા ભાડુતીઆ સિપાઈ કરતા. લડી ન શકે એવા ખેડુત, વેપારી, વગેરેને દાવ ફાવે તો ગરાસીઆ લૂટે; પણ રૈયતનો બચાવ કરવાની શક્તિ તેઓમાંથી ગઈ હતી. બારવટે નીકળે, અને ચોરીઓ કરે, કે રાવણામાં અને અવાંસોમાં બેશી કસુંબા પીવા એ તેમનું કામ અને પરાક્રમ હતાં.

દેવાદાર થઈ ગયેલા, પોતાના રાજ્યની અને તાલુકાની ઊપજ નીપજ અને ખરચ ખુટણનો હિસાબ જાણે નહિ, અને સમજે નહિ. દીકરા દીકરી પરણાવવામાં જૂઠી મોટાઇ કરી પુષ્કળ નાણાં ખરચે અને ખરચાવે તેથી, અને બીજા અનીતિના ખરચથી નિર્ધન થઈ ગયા હતા. સંપ અને લક્ષ્મી બંને તેમનાથી રીસાઈ ગયાં હતાં, ને વિદ્યા પરદેશમાં જઈ વશી હતી. કારભારીઓ તેમને છેતરી તેમનું દ્રવ્ય હરણ કરી પોતાનાં ઘર ભરતા, અને રૈયતને પીડતા. દરબારમાં કુસંપ, ભાઇ ભાઇને વિખ દે, દીકરો બાપને દે, સર્વેને ઝેરની ધાસ્તી, ને એકએકનો વિશ્વાસ નહિ. રાણીને કુંવર અવતર્યો કે રાજાને ઝેર દેઈ પંડે રાજ્યમાતા થઈ કુંવરને નામે રાજ કરવા તાકે. રાજા રાણા ઠાકોરાદિ હગારા વૈદ્યોનાં ઓસડ ખાઈ વિપરી ને પછી નિર્માલ્ય થાય તેથી સંતાન થાય નહિ. ગર્ભ છે એવું જૂઠું બહાનું કરી રાણીઓ ગાંયજા, કુંભાર, ચમારાદિક નીચવર્ણના છોકરાને વેચાતા લે, પછી એ રાજા અને ઠાકોર થાય ત્યારે રાજપુત્રનાં કર્મ કેમ કરી શકે? ક્ષત્રીનાં લોહી જેમનામાં હોય તેઓ બહાદુર અને ચતુર, મોટા મનના અને ઉમદા વિચારના હોય, પણ હજામના છોકરાની બુદ્ધિ ઘણું કરીને હજામના જેવી, અને કુંભારનાની કુંભારના જેવી હોય. જમાઈ થવાને ભારે રકમ માગે તેથી ઊંચ દરબારોની કન્યા મોટી ઉમરની મહેલમાં કુવારી સડ્યાં કરે, અને મસ નાણાંની લાંચ લેઈ રાજા નીચ કુળની કન્યા વરે. ભાટ અને કવિઓ જૂઠાં વખાણ કરે તેથી ફૂલાઈ છેતરાય.

એવા અધમ થઈ ગએલા વલ્લભિરાજના ગરાસીઆ શૂરા ને સંપીલા ગુર્જરો જોડે શું ધૂળ વઢી શકે. તેઓના આવ્યાની ખબર ફેલાતાં આખા રાજ્યમાં નાસાનાસ ને ગભરાટ થઈ રહ્યો. લોક પોતાની માલમતા ભોંયમાં દાટવા લાગ્યા; ગામડાંની રૈયત કોટબંધ નગરોમાં જઈ ભરાઈ. તાલુકદાર ઠાકોરો, જમીનદારો અને ગરાશિઆ ભયભીત થઇ ધ્રુજવા ને સંતાવવા લાગ્યા. કેટલાક પોતાનાં ગામ છોડી, કેટલાક દેશ અને ક્ષત્રી ધર્મ કર્મ તજી નિર્લજ થઈ પરરાજ્યમાં જતા રહ્યા; જેઓમાં કાંઈક ક્ષત્રીનો અંશ રહ્યો હતો તેઓ

હથિઆર બાંધી વલ્લભિપુરમાં આવ્યા. ગુર્જરસેના ઉતાવળી રાજ્ય-ધાની ભણી ચાલી આવી. એ વખતે રજપૂતાણીઓએ વખાણવા જોગ હિમ્મત દેખાડી. તેમના જેટલી હામ ગરાસીઆમાં હોત તો રાજ્ય જીતવું કનકસેનને કઠણ પડત. બાઇઓ અને ભાટ ચારણો ગરાસીઆને પાના ચડાવે, પણ ઊડી ગયેલાં ઢોરોના આંચળ ગમે એટલાં ખેંચો પણ તેઓમાં દૂધ હોય નહિ તો ક્યાંથી નીકળે? તોપણ શરમને મારે ઘણા ગરાસીઆ વલ્લભિપુર આગળ છાવણીમાં શસ્ત્રો ધારણ કરી આવ્યા. એ લશ્કરની સંખ્યા મોટી હતી, પણ જોદ્ધાઓમાં પરાક્રમ નહતાં. રાજ્યનો આધાર અરબાદિક ભાડુતી સિપાઇઓ પર હતો. પૂરપતિને ભાટોએ ખૂબ શૂર ચઢાવ્યું. તેના પૂર્વજોનાં કરેલાં બહાદુર કર્મો સંભળાવ્યાં, ક્ષત્રી રાજાનો ધર્મ, જય થવાનો સંભવ, રણમાં યુદ્ધ કરતાં પડવાની કીર્તિ, અને તેથી મળવાનું સ્વર્ગનું સુખ વગેરે કહી ઘણીક યુક્તિયો કરી તેને લડવાને ઊભો કર્યો. પણ અફી-ણના ઘેને કરીને ડોલતું આવે કે માથાનું મોટું પાઘડું પડે એટલે લુંડાઓ ખમા ખમા બોલે ત્યારે મીચાઈ જતી આંખ જરા ઉઘાડે તે શું લડે?

પરદેશી દુશ્મનને તેડી લાવનાર કાકુ છે એ જાણી રાજાને ઘણો ગુસ્સો ચડ્યો. તેનાં ઘરબાર લૂંટવાને માણસો મોકલ્યાં, પણ તેમાંથી કાંઈ કીમતી માલ હાથ આવ્યો નહિ. ત્યાર પહેલાં કાકુની ધણીઆણી જેટલું લેવાય એટલું લેઈ ગૂપચૂપ મારવાડના પાલી નગરમાં જતી રહી હતી. કનકસેનને વષ્ટી મોકલી વલ્લભિરાયે કહાવ્યું કે રાજદ્રોહી કાકુના કહેવાથી વિના કારણ ચડી આવ્યાછો તે વાજબી કર્યું નથી, માટે એ ગુનેહગારને અમને સોંપી પાછા જાઓ. જોઇ-એ તો સ્વારીનો ખર્ચ અને શરપાવ આપવાને હું ખુશી છું. યુદ્ધથી તમને લાભ થવાનો નથી. એ વષ્ટી લાવનાર ભાટને કનકસેને તે દિવસે પરોણો રાખી તેની સારી બરદાસ લીધી. કનકસેનના છત્ર ધરનારને અને તક્ષકના હજામને કાકુએ બક્ષિસ આપી રાજી કર્યા નહતા. તેમને આ લાગ સારો ફાવ્યો. કાકુને જાણ થાય તેમ તેઓ બોલવા લાગ્યા કે આજ રાત્રે અમે કુંવર અને કારભારીને

કરીશું કે આ લુચ્ચા વાણીઆના ભમાવ્યાથી આપ અમારા દેશમાં આવ્યાછો તે ઠીક કર્યું નથી, વલ્લભિરાજાની ફોજ ભારી છે ને રાજા સૂર્યનો ઉપાસક છે તેથી સૂરજ તેની વારે ચડશે ને ગુર્જર ફોજને હાનિ થશે, માટે વાણી કબૂલ કરો ને આબરૂસર પાછા ફરો. આ વાતની ખબર કાકુશેઠને થઈ. વાણીઆભાઈ ઢીલા એટલે કરવા લાગ્યા. છત્રધર અને વાળંદને બોલાવી દ્રવ્યવડે ખુશી કર્યા, ત્યારે તેમણે વચન આપ્યું કે 'રાજાને અને કારભારીને અમે કહીશું કે એક વાર પગલું ભર્યું તો હવે સિંહ જેવા બળવાન અને શૂરા રાજા પાછા ફરે નહિ, જે થનાર હોય તે થાય; ગુર્જરોએ મોટાં પ્રતાપી કર્મો કર્યાં છે, મોટો જય મેળવ્યોછે. આપણી બહાદુર સેના પાછી ફરે તો કુળને લાંછન લાગે, ભરતખંડમાં ગુર્જર નામને ડાઘ લાગે.' એથી કાકુને ધીરજ આવી. આ લાંચની વાત કનકસેનના જાણવામાં આવ્યાથી છત્રધરને અને હજામને કોટે જૂનાં ખાસડાંનો હાર પહેરાવી તથા મોઢામાં ખાસડું ખોસાવી આખી છાવણીમાં ફેરવ્યા ને સવારથી સાંજ સૂધી ઊંધે માથે ઝાડે લટકાવી રાખ્યા.

રાત્રે કનકસેન, તક્ષક, તથા મુખ્ય સામંતોએ મળી જવાબ દેવાનો વિચાર કર્યો ને સવારે દરબાર ભરીને ભાટને બોલાવ્યો. સરપાવ આપી માનથી આસન દેઈ કનકસેને કહ્યું કે અમારી તરફનો ઉત્તર એ છે કે શરણે આવેલાનું સદા રક્ષણ કરીએ છીએ; અમે આ રાજ્યનો બંદોબસ્ત કરવા, અને આ મૂલકમાં વસવા આવ્યા છીએ, ધન લઈ પાછા જવા આવ્યા નથી. ભય અમારાથી દૂર નાસેછે, માટે ડર બતાવે કાંઈ વળવાનું નથી. તથાપિ તમારી ઈચ્છા અમારા મિત્ર થવાની હોય તો તમારી ભેગી થયેલી ફોજ વીખેરી નાખો; અમે રાજ્યધાની પાસે છાવણી કરીને તમારે ખર્ચે રહીશું, તમારા ગઢોનો કબજો લઈ સાચવીશું; તમારે હર વરસે ઊપજમાંથી ચોથે ભાગે ગુર્જરેશ્વર મહારાજાધિરાજને ખંડણી મોકલવી અને તેની આજ્ઞામાં રહેવું; હાલ તમારા કારભારી કાકુશેઠને કરવા; એ શરતો કબૂલ કરો એ અમારી તમને શીખામણ છે.

એ સાંભળી ભાટને ક્રોધ ચડ્યો, ને તે ઊઠી ચાલ્યો ગયો. વલ્લભિરાજા પણ કોપ્યો. પણ નિર્બળનો કોપ શા કામનો! ગુર્જરસેના આવી પહોંચી ને યુદ્ધ શરૂ થયું. ભાટોએ તેને ઉશ્કેરી ફોજને મોખરે કર્યો. રણશિંગાં અને દલામાના નાદથી તેને અને તેની ફોજના રજપૂતોને શૂર ચડ્યું. ગુર્જરનો પહેલો હુમલો પાછો વાળ્યો; પણ બીજા ધસારા આગળ ટકાયું નહિ. વલ્લભિપતિ મહારાજને જખમ લાગવાથી ભૂમિએ પડ્યો, અને તેના ગરાસીઆ ચોમેર નાઠા. પોતાના ઘાએલ થયેલા સ્વામીને શત્રુને હાથ ન જવા દેવાને અરબ અને મકરાણીની ટૂકડીઓ જોસ્સાથી થોડીવાર વઢી. અંતે તક્ષકના બ્રાહ્મણોએ તેમને હઠાવી ભોંય પડેલા રાજાને ઘેરી લીધો. તક્ષકે તેને ધીરજ આપી, મુખેથી ધૂળ લૂછી નાંખી બેસાડવાનું કર્યું, પણ રાજાથી બેસાયું નહિ, ત્યારે પોતાના ઘોડાનો ઘાસીઓ પાથરી તે ઉપર સુવાડ્યો ને પાણી પાયું. એવામાં કનકસેન અને કાકુ આવ્યા. કાકુને જોઈ મરવા પડેલા રાજાએ પોતાની આંખો હાથ વતે ઢાંકી દીધી. એ રાજદ્રોહી ચંડાળનું મોઢું નહિ જોઉં, એમ કહી કનકસેનને શાપ દીધો કે "એના જેવો નીમકહરામ, રાજદ્રોહી, પાપી ચંડાળ તારા છેલ્લા વંશજનો અને તેના રાજ્યનો નાશ કરાવનાર ઉત્પન્ન થશે; તે શત્રુને બોલાવી લાવશે, ગુર્જર ભંડાર, ગુર્જર રાજધાની, અને મૂલક લૂંટાવશે, અને તારા કુળને પાયમાલ કરાવી તેની લાજ લેવરાવશે. જેવી રીતે આ દુષ્ટ, મારા રક્ષણથી ઊછરેલો, મારા દેશમાં, ને મારી રાજધાનીમાં રહી ધનવાન થયેલો, મારી રૈયત છતાં તમને તેડી લાવ્યોછે, અને મારા રાજ્યનું નખોદ વળાવ્યું, તેમ તું હવે ગુર્જર રાજ્ય સ્થાપશે તેનું સત્યાનાશ તે તેમને હાથે વળાવશે." એ સુણી કનકસેન હસ્યો. તોપણ માનપૂર્વક નમીને કહ્યું કે અંતકાળે કાંઈ ખૂબી કરીને જાઓ. મને ક્ષમા કરો, હું તમારો આજ્ઞાંકિત સેવક છું, ફરમાવો તે કરવાને હાજર છું. રાજાએ તેને કહ્યું કે "તું મારી કન્યાને પરણીને મારૂં રાજ્ય ભોગવજે. મારી રાણીઓને અને મારા કુટુંબને માનપૂર્વક પાળજે, મારી પ્રજાને સંતાપતો ના, ને મારી ઉત્તર ક્રિયા યોગ્ય રીતે કરજે." કનકસેને

તે પ્રમાણે કર્યું.

રાજાને ગુર્જર છાવણીમાં ખાટલે સૂવાડી લઈ ગયા. ત્યાં બીજે દહાડે તેનો પ્રાણ ગયો. ગુર્જરસેના તેના મડદાને બાળી નગર ભણી ગઈ ત્યારે દરવાજા બંધ કરેલા જોયા. અરબો કોટપરથી બાણ મારવા લાગ્યા ને સમજાવ્યા સમજ્યા નહિ તેથી ઘેરો ઘાલવો પડ્યો. શહેરમાં ઘણા લોક ભરાયેલા હતા તેથી ખોરાક જલદી ખૂટી પડ્યો ને ભૂખે મરતા માણસો કલ્લાહપીટ કરવા લાગ્યા. એક દિવસે પાછલી રાત્રે કિલ્લેદારો ઊંઘતા હતા તેવામાં એકાએક ગુર્જરો કોટની થડમાં જઈ નીસરણીઓ મૂકી ઉપર ચડ્યા. એવામાં મકરાણીઓ જાગ્યા, ને ગભરાટમાં પડ્યા. એ ગરબડાટમાં કેટલાક ગુર્જરોએ જઈ ભાગોળ ઊઘાડી ને ગુર્જર ફોજ અંદર પેઠી. અરબો બહાદુરીથી લડ્યા. ચૌટામાં, ચોકમાં, અને શેરીએ શેરીએ ભારે ઝઘડો મચ્યો. સાંજ સૂધી વઢી અંધારૂં થતાં તેઓ શહેર બહાર નીકળી ગયા, ને આખી રાત ગુર્જરોએ શહેર લૂંટ્યું; કોઈ કોઈ ઠેકાણે લાહે લાગી. ઘણાં ઘરો બળી ગયાં, લોક જીવ લઈને નાઠા, અને સવાર થતાં સૂધીમાં શહેર ધૂળધાણી થઈ ગયું. કનકસેને પંડે રાજ મહેલનું રક્ષણ કર્યું, અને રાજકુટુંબને બચાવ્યું. રાજ્યભંડારમાંનું નાણું અરબો લઈ ગયા.

બપોરે તોફાન શાંત થયા પછી કનકસેને પોતાની દુવાઈ ફેરવી, ને માજી રાજાના કુટુંબને પોતાથી બને એટલો દીલાસો આપ્યો. રાજ્યનાં બીજાં નગરો તથા ગઢો જીતતાં તથા દેશને થાળે પાડતાં એક વરસ વીતી ગયું. વલ્લભિપુરને ફરી આબાદ થવામાં અડચણો હતી માટે નવું શહેર વસાવી ત્યાં રાજધાની કરવી ઠરી. સૌરાષ્ટ્રના કાંઠા ઉપર દરિયાના ચોર ઉપદ્રવ કરતા હતા, ને તેથી પરદેશ જોડે ચાલતા વેપારને હરકત થતી હતી, વહાણો લૂંટાતાં ને બંદરોમાં ધાડ પડતી. માટે એક ગઢ પ્રભાસને કિનારે બાંધી ત્યાં કનકાવતી નગરી વસાવી. ઓખા પ્રાંતમાં બીજો મજબૂત કિલ્લો કરી કનકાપુરી નગરી બાંધીને ત્યાં રાજ્યગાદી સ્થાપી. અહીં કનકસેનને બ્રાહ્મણોએ રાજ્યાભિષેક કર્યો અને ફોજે, તથા જીતાએલા રાજા રજ-

વાડાએ તેને મહારાજાધિરાજ માની પૂજ્યો.

ગૂજરાતમાં ચંદ્રાવતી નગરી હતી ત્યાંનો રાજા વલ્લભિપુરના રાજાનો પીતરાઈ હતો તેથી તેની ગાદીપર વારસાનો દાવો કરી ચઢી આવ્યો. કનકસેને તેની સામા તક્ષકરાયને મોકલ્યો. ચંદ્રાવતીના રાજાનો પરાજય થયો. જયને સ્થળે તક્ષકે નગર વસાવી પોતાની બ્રાહ્મણફોજનો મુકામ રાખ્યો. કનકસેનની અને બ્રાહ્મણોની મરજી હતી કે એનું નામ તક્ષકપુર પાડવું, પણ તક્ષકની વિનંતિપરથી તેના પ્રતાપી પિતાને નામે એ શહેરનું નામ વૃદ્ધનગર પાડયું. વડનગર એ નામનો અપભ્રંશ છે. તક્ષકની સાથે આવેલા બ્રાહ્મણો નગર કોટમાં રહેતા તેથી નાગર બ્રાહ્મણ કહેવાતા. એ નામ અહીં જારી રહ્યુંછે. આસપાસનો મૂલક એમના ખર્ચને માટે રાજાએ જાગીરમાં આપ્યો. હાટકેશ્વર મહાદેવનું દહેરૂં એજ વેળાએ બ્રાહ્મણોએ બંધાવ્યું. કેટલાક વખત પછી એ મહાદેવનું મહાત્મ્ય વધ્યું; મોટી જાત્રા વરસે વરસ ભરાય, અને વડનગર મોટું તીર્થ ગણાય. એથી નાગર બ્રાહ્મણોને કમાઈ પુષ્કળ જાગી. કેટલાક પૂજારા થયા, કેટલાક જોશી થયા, કેટલાક શ્રાદ્ધ સરાવનાર ગોર થયા, કેટલાક કથા કહેનાર પુરાણી થયા, અને કેટલાક વેદાભ્યાસી થયા. આ કર્મો જેઓ કરવા લાગ્યા તેમણે આયુદ્ધ છોડી દીધાં. તેઓ ભિક્ષાવૃત્તિમાં પડ્યા તે પરથી ભિક્ષુક કહેવાયા; જેઓ વેદ ભણતા તેઓને વેદીઆ કહેતા. બાકીના જે રાજસેવામાં રહ્યા તેથી તેઓ રાજેશ્રી ગૃહસ્થ નાગર નામે ઓળખાયા.

કનકપુર, કનકાવતી, વૃદ્ધનગર, તથા બીજાં સ્થળોમાં જબરાં થાણાં રાખી કનકસેને રાજ્યનું રક્ષણ કર્યું. વખતે વખતે, જૂના જમીન ખોઈ બેઠેલા ગરાસીઆ બારવટે જઈ બંડ ઊઠાવતા. ગુર્જરોએ તે સર્વેને સમાવ્યાં. કેટલાક બળવાખોરોને પકડી એવી સખ્ત સજા કરી કે બાકીના ત્રાસ પામ્યા અને શરણે આવ્યા. શરણે આવનારાને ભૂમિ આપી તથા નોકરીમાં રાખી સંતોષ્યા. કેટલાક પરદેશોમાં જઈ રહ્યા. કનકસેનનો કાળ થયો ત્યાર સૂધીમાં ગુર્જરોની સત્તા આખા દેશમાં પૂરી જામી. ડહાપણથી તેણે શત્રુને મિત્ર કીધા,'ને વેરીઓને

સામ, દામ, અને ભયથી વશ કર્યા. વલ્લભિપુરના છેલ્લા રાજાની કન્યાને પરણ્યો તેને પુત્ર સાંપડયો ત્યારથી જીતાયેલી અને જીતનાર પ્રજાઓમાં વૈરભાવ ઓછો થવા લાગ્યો, અને થોડા જમાનામાં ભેળસેળ થઈ એક એકત્ર થઇ ગઈ. આ વખતથી ગુર્જર લોકના તાબાનો મૂલક ગુર્જરત્રા કહેવાયો. ગુર્જરત્રા એટલે ગુર્જરોએ રક્ષણ કરેલી ભૂમિ. ગુર્જરત્રાનું અપભ્રંશ ગૂજરાત છે.

કનકસેનની પછી ગુર્જરોની રાજ્યધાની પ્રભાસના દેવપાટણમાં થઈ, પણ ત્યાં ઝાઝી વાર રહી નહિ. પોતાનું મથક અહીં રાખવું તેમને દુરસ્ત જણાયું નહિ, કેમકે એ રાજ્યને છેક દક્ષિણ છેડે હતું. સિંધ, સાંભ્ર, માળવાદિક દેશોનાં બળવાન રાજ્યો તરફથી વખતે વખતે ચડાઈ થતી ત્યારે આ મથક એ તરફની સરહદથી આઘું હોવાથી કેટલીક અડચણો પડતી. માટે ગૂજરાતની ઉત્તરે વઢીયાર પરગણામાં પંચાસર નામે મજબૂત કિલ્લો હતો ત્યાં રાજ્યગાદી સ્થાપી કેટલાક રાજા મોટા પ્રતાપી નીકળ્યા. તેમનાં પરાક્રમથી ગુર્જર રાજ્યની સીમા ઉત્તરે આબુ સૂધી, પશ્ચિમે પંચમહાલ, અને દક્ષિણે દમણગંગા નદી સૂધી ગઈ. એ સર્વે એમનો ખાલસા મૂલક નહતો, પણ ત્યાંના રાજાઓ કનેથી તેઓ ખંડણી ઉઘરાવતા, અને સેવા કરાવતા. લડાઈ સમે તેઓને હાજર થવું પડતું, અને બીજી જે નોકરી બતાવે તે કરવી પડતી. કચ્છદેશના રાજા પણ પંચાસરના મહારાજને પોતાનો ધણી માનતા. "યથા રાજા તથા પ્રજા" એ કહેવત પ્રમાણે ગૂજરાતના લોક મોટા સાહસિક કામ કરનારા થયા. વેપાર રોજગાર વધ્યો. ગુર્જરી ભાષા ચારે તરફ ફેલાવા લાગી; નગરો અને પરગણાં ઉધમના જોરથી આબાદ થયાં, અને ગૂજરાતની નામના આખા ભરતખંડમાં થઈ. પંચાસર નગરીની શોભા પાર વિનાની હતી. સામર્થ્યે અને સમૃદ્ધિમાં તેની બરોબરી કરી શકે તેવાં બીજાં શહેર થોડાંજ હતાં.

प्रकरण २ जुं.

भूवडराजानी गूजरात उपर चढाई अने तेनां परिणाम.

खंड १ लो.

राजा जयशिखर. राणी रूपसुंदरी. शूरवीर सुरपाळ. राजानी बेन विमळदेवी.

પંચાસરની ગાદીએ જસરાજ કે જયશિખર નામે મોટા પ્રતાપી રાજા થયો. એના અમલમાં ગુર્જરી રાજ્ય પૂર્ણ કળાએ પહોચ્યું. ગૂજરાતની પ્રજામાં વિદ્યા, ઉદ્યમ, પરાક્રમ, સામર્થ્ય, સંપ, અને શૌર હોવાથી લક્ષ્મીજી આવી વસ્યાં હતાં. રાજા રૈયતની સુનીતિએ કરી સર્વેને સુખ ચહેન હતાં. રાજાની જાગરૂતીએ કરીને દેશમાં સમાધાની હતી. વાઘ ને બકરી એક આરે પાણી પીએ એવો તેનો ધાક, જાપતો અને ન્યાય હતો. તસ્કર, લાંચીઆ, ધૂતારાદિક ગુનેહગારોનો તે કાળ હતો. રાજ્યના નોકરો પ્રજા ઉપર જુલમ ન કરે, પ્રજાને ઝૂડે નહિ, લૂંટે નહિ, ઠગે નહિ એવો બંદોબસ્ત રાખતો, અને સર્વે પોત પોતાનાં કામ યથા ન્યાય અને ધર્મ શાસ્ત્ર પ્રમાણે કરેછે કે નહિ તેની પાકી તજવીજ નિરંતર અનેક યુક્તિએ કરતો. વિજયી ગુર્જરો અને જીતાયેલા દેશી લોકમાં ભેદ ન રાખતાં બેઉને સમાન ગણતો. લગ્નાદિક વહેવારે કરી બંને હળી મળી એકમેક સંપીલી પ્રજા થઈ ગઈ હતી. બેઉની ભાષા મળી હાલની ગૂજરાતી બોલીનો પાયો નંખાયો. રાજાની દયા, ઉદારતા, સાચવટ, અને સભ્યતા વખણાયાં. આખી પ્રજાનો પ્રેમ તેના ઉપર હતો. કોળી, ભીલ, વગેરે જાતોને વશ કરી, તેમના ઉપર માયા કરી, તેમને નોકરીમાં રાખી તથા બીજી મહેરબાની કરવાથી મહારાજા તેમનો માનીતો થયો. રૈયતઉપર કર રૂપી બોજો જેમ થોડો નંખાય તેમ નાખતો, અને રાજ્યનાં નાણાં પ્રજાના સુખનાં સાધન વધારવામાં ખરચતો.

મુલતાનના રાજાની કુંવરી રૂપસુંદરી વેરે એ રાજાનાં લગ્ન થયાં હતાં. પરણ્યા પહેલાં એ બાઈ સંસ્કૃત ભણી હતી. ગાયન કળામાં

ને પ્રાકૃત કવિતામાં તેની ચતુરાઈ, તેની મધુરી વાણી, તેનો મીઠો સ્વભાવ, ડહાપણ, અને વિવેકથી ઘણા રાજકુમારો તેની વેરે હસ્ત-મિલાપ કરવાને આતુર હતા. તરૂણી રૂપે રંગે અતુલ્ય હતી. ભરતખંડમાં એ વખતે એના જેવી ગુણવાન ને રૂપાળી નારી કોઈ રાજાના મંદિરમાં નહતી. તેની કાંતિએ ઘણા રાજાને મોહ પમાડ્યા હતા. ઘણાક ઉમેદવારો અનેક મસે તેના બાપના દરબારમાં આવતા ને તેના ઉપર પ્રેમની જાળ નાખવાનો પ્રયત્ન કરતા.* પણ એ ગુણવતી પોતાનું વાસ્તવિક હિત ભૂલી નહિ. માગું કરનારનાં લૂગડાં ઘરેણાં, ચામડીનો રંગ, મુખનો ઘાટ, દોલત, અધિકાર, અને મોટાઇની શોધ કર્યા પહેલાં તેના ગુણની તજવીજ કરતી હતી. કુળ પૂછતી નહિ; આચરણની પરીક્ષા કરતી. ૧૮ વરસની હતી તેવારે તેનાં માબાપની હારે સોમનાથની જાત્રા કરવાને પ્રભાસમાં આવી. માર્ગમાં ઘણાક દરબાર તેણે દીઠા, પણ કોઇથી તેનું મન રીઝ્યું નહિ. જયશિખરે પણ મોટા રાજદરબારની રીત પ્રમાણે મુલતાની રાજકુટુંબની પરોણા ચાકરી કરી. મેમાને એનાં વખાણ સ્વમૂલકમાં અને રસ્તે સાંભળ્યાં હતાં તે અહીં નજરે જોયાથી ખરાં ઠર્યાં. રૂપસુંદરીની કીર્તિથી જસરાજ અજાણ્યો નહતો. મુલતાનના રાજા રાણી વૃદ્ધ હોઈ સંસારથી ધરાયાં હતાં. તેમના ત્રણ પુત્રોમાંના સૌથી નાના સુરપાળ અને ચોથી દીકરી રૂપસુંદરીને જાત્રા કરવા સાથે લાવ્યાં હતાં. એ બેઉ ભરજુવાનીમાં હતાં. ઘણો આગ્રહ કરી એ કુટુંબને એક માસ પંચાસરમાં રાખ્યું. પાસેના મંડળિક રાજા રાણા, ઠાકોર સામંતો, વગેરેને બોલાવી યુદ્ધ ખેલ કર્યા. તીર, તલવાર, ભાલા, ચક્રાદિક શસ્ત્રો વાપરવાની ચતુરાઈ અને બળ દેખાડવાની રમતો કરી. જેનું બાણ સર્વથી

* ભરતખંડમાં મુસલમાની રાજ્ય થયું ત્યાર પહેલાં રાણીઓને અને રાજ કુમારીઓને જનાનખાનામાં પૂરી મૂકતા નહિ. મહલાયજો હતો પણ કેદખાનું નહતું. તેમને યોગ્ય મરજાદમાં રહી લાયક પુરૂષોને મળવાની અને મિત્ર જોડે બોલવાની છૂટ હતી. પોતાના બાપ, ભાઈ, મામા, કાકા, વગેરેની સાથે જમવા બેસવા વગેરેમાં સામિલ થતાં, અને તેમની જોડે તેમના ભાઇબંધ મિત્રો હોય તેની ચિંતા નહતી.

આઘું જાય તેને તથા છેક છેટે માંડેલા નિશાનને છેદે તેને પહેલું ઈનામ ઠરાવ્યું હતું તે જસરાજને મળ્યું. ઘોડા ઉપર બેશી ભાંયે મૂકેલું લીંબુ તરવારે કાપે ને ઉપલી ફાડ જખમના આચકાથી ઊડી જાય નહિ તેમ કરનારને બીજું ઈનામ હતું. એ ઈનામ સુરપાળને મળ્યું. લીંબુની આસપાસ કુંડાળું કરતો કરતો નીચો વળી વચમાંથી લીંબુ કાપ્યું, પણ જરા હાલ્યું નહિ. ઘોડાની શરતો, વગેરે ઘણીક મરદાની રમતો કરી. એ સર્વે જોવાને રાણીઓ અન રાજપુત્રીએ બીરાજેલી હતી. ભાટ ચારણો જીતનારની મેઘી પોકારતા અને જશ ગાતા. એમાં રૂપસુંદરીના જોવામાં આવ્યું કે જયશિખર ભાટોની જૂઠી સ્તુતિથી ફૂલાતો નથી; તેણે પોતાના દરબારના ભાટોને ભાટાઈ એટલે ખોટાં વખાણ કરવાની સખ્ત મના કરી હતી. જુવાન રાજાના ન્યાય અને દયાથી, તેના મહેલની સુઘડતા અને સુનીતિથી, તથા શરીરબળ, ભણતર, અને પરાક્રમથી રૂપસુંદરીનું મન લલચાયું. કુંવરીને વાઘનો શિકાર દેખાડવાને જયશિખર સર્વે મંડળને લઈ મૃગયા રમવા ગયો. ઊંચાં ઝાડો ઉપર માળા બાંધી તેપર રજપૂતાણીઓને બેસાડી હતી. જસરાજ અને સુરપાળ એક હાથીએ બેઠા હતા. બીજા સરદારો અને વાઘરીઓ વાઘની શોધ કરતા હતા. તેવામાં એક જબરદસ્ત વાઘ ઊંડા કોતરની ઠંડી હવામાં સૂતેલો જણાયો. મહારાજાએ ત્યાં જઈ તેના ઉપર તીર ફેંક્યું. વાઘ ચમકી ઊઠ્યો, પણ સામો ન થતાં છલંગ મારી નાઠો. જયશિખરનો હાથી તેની પાછળ લાગ્યો, બે કલાક સુધી ખોળ કરી ત્યારે એક વિકટ ઝાડીમાં ભરાયેલો માલૂમ પડ્યો. તેની પીઠેથી લોહી નીકળતું હતું, પણ ઘા ઊંડો નહોતો. જયશિખરના બાણથી ફરીને તે ઘવાણો. એ વેળા તેણે હાથી ઉપર તલપ મારી, પણ ચૂકી ગયો. વાઘ ત્યાંથી વળી નાઠો. પાછળથી સુરપાળનું તીર વાગતાં પાછો ફરી એક ફાળની સાથે હાથીના કુંભસ્થળે જઈ તે બાઝ્યો. જયશિખરે હોદ્દામાં ઊભા થઈ તેની છાતીમાં જોરથી ભાલો ભોક્યો. તત્ક્ષણ વાઘ, ભાલો, ને રાજા ત્રણે નીચે ભોંયપર પડ્યા; તેમની પાછળ તુરત સુરપાળે ભૂસકો માર્યો. વાઘ ઊઠી રાજા ઉપર ધસ્યો. રાજા તરવાર ખેંચી મારવા જાયછે

તેવામાં સુરપાળના ભાલાથી વાઘ પડ્યો ને ફરી ઊઠવા પામ્યો નહિ.

રૂપસુંદરી અને ગુર્જરેશ્વરની બેન વિમળદેવી જોડે બીરાજેલાં હતાં. આ સાહસ નિરખી તેમનાં હૃદય ભેદાયાં. મોતના મુખમાંથી ઊગરી રાજાએ રૂપસુંદરીના હૈયામાં વાસ કર્યો. વિમળદેવીની સેવા બજાવવાનો લાગ સુરપાળ શોધ્યાં કરતો. એ નારીને તે અલૌકિક સમજતો. હતું પણ તેમજ. એ રાજ્યકન્યાના ગુણનું વર્ણન કરવું સહેલું નથી. પૃથ્વી ઉપર એવાં બાઈરાં થોડાંજ અવતરે છે. તેનું મન હરવાને સુરપાળે ઘણી યુક્તિયો કરી હતી. એ બાઈ વિના બીજા કશાપર તેને રસ લાગતો નહિ. જેમ બને તેમ તેને રંજન કરી સ્નેહાકર્ષણ કરવાનો પ્રયત્ન કરતો, પણ વિમળા તે કશાને ગણુગારતી નહિ. પ્રેમે પ્રેમ મળ્યા નહતા. આ શિકારમાં ગુર્જરકુમારીએ સુરપાળનું પરાક્રમ ભાળ્યું, ને તેને પોતાનો પ્રીતમ કર્યો. હાથી ઉપરથી કૂદી વાઘને ભાલો મારી પોતાના વહાલા ભાઇનો જીવ ઊગાર્યો તેજ પળે તે તેનો પિયુ થયો. વરવું તો શૂરા સુરપાળનેજ, બીજા બધા ભાઈ સમાન, એવો ગુપ્ત ઠરાવ સતીએ તેજ ક્ષણે પોતાના મનમાં કર્યો.

મૃગયા રમી પાછા વળ્યા પછી મુલતાની મહારાજે પંચાસરથી મુકામ ઊઠાવ્યો. ગુર્જરેશ્વરે તેને પોતાની સરહદ સૂધી વળાવી આવી થોડે માસે દરબારી રીત પ્રમાણે રૂપસુંદરીનું માગું મોકલ્યું. તેનુ વિનંતિપત્ર લઈ જનારા ભાટનું મુલતાનમાં બહુ સન્માન થયું. જયશિખરનો ખાનગી કાગળ ભાટે રૂપસુંદરીને પહોંચાડ્યો, અને વિમળદેવીનો છાનો કાગળ સુરપાળને હાથો હાથ આપ્યો. પત્ર સ્વીકાર્યાની ખુશ ખબર લઈ વહી પાછી આવી કે પાછળથી મુલતાનના વકીલ ખુદ રાજાના હાથનું પત્ર લઈ જયશિખરને આમંત્રણ કરવા આવ્યા. આતુર રાજા વગર વિલંબે તેમની સંગાથે ગયો, ને પોતાની વહાલી રૂપસુંદરીને પરણ્યો.

બેન બનેવીને વળાવવાને મસે સુરપાળ ગુર્જરપતિની જોડે પંચાસર આવ્યો. થોડા વખતમાં તેને યોગ્ય કામ મળ્યું. લાટ દેશના રાજાએ ખંડણી આપવાની ના કહી બળવો કર્યાના સમાચાર આવ્યાથી જયશિખરે સેનાપતિને લશ્કર આપી તેને સજા કરવાને

મોકલ્યો. સુરપાળે તેની જોડે જવાની આજ્ઞા માગી. ગુર્જરેશ્વરે તેને ઉપસેનાપતિ ઠરાવી મોકલ્યો. લાટ રાજા એક વરસથી છાની તૈયારી કરતો હતો. ગુર્જરી સેનાનો રસ્તો રોકી નર્મદાકાંઠે તે વાટ જોતો હતો. બે ફોજો નજીક આવતાં યુદ્ધ ચાલ્યું તે બે દિવસ પોહોચ્યું. ત્રીજે દહાડે સાંજ સુધીમાં બંડખોર ફોજ ન ફગતાં પોતાનો બચાવ કરી શકી, એ જોઈ સેનાપતિ ક્રોધે ભરાયો ને સ્વારોને લઈ પંડે ધસ્યો. ઘણા જોદ્ધાને કાપતો રાજદ્રોહી રાજાને ઝાલવાને તેના ઉપર ધાયો. લાટ રાજાનું બાણ તેના કપાળમાં વાગ્યું ને મૃત્યુ પામ્યો. અંધારૂં થતાં ગુર્જર સ્વારો પાછા ફરી છાવણીમાં આવ્યા. હવે સેનાપતિનું કામ સુરપાળને હાથ આવ્યું. બીજા દિવસના હુમલાની ગોઠવણ તેણે રાત્રે રચી. સેનાને આજ્ઞા કરી કે સવારે યુદ્ધનો આરંભ થતાં ગુર્જરો નાસતા હોય તેવું ડોળ કરવું ને શત્રુ પાછળ ધાય કે ઊભા રહી બે ભાગે થઈ તેને વીંટી લેવો. એક ટૂકડીએ તેની પૂઠે જઈ હલ્લાં કરવાં, અને એકે મોખરે રહી લડવું. આ યુક્તિ પાર પડી. લાટ સેના પરાજય પામી વીખરાઈ ગઈ, અને રાજા પકડાયો. તેને લઈ સુરપાળ પંચાસર આવ્યો. ગુર્જરેશ્વરે તેને સેનાપતિ નીમી પોતાની બેન વિમળદેવી દીધી. આ પદવી અને માનને સુરપાળ કેવળ યોગ્ય હતો. તે મોટો શૂરવીર, યુદ્ધ કળામાં કુશળ, બુદ્ધિવાન અને પ્રમાણિક પુરૂષ હતો.

खंड २ जो.

कवि शंकर बारोट. राजा भूवड. कल्याणी दरबारमां शंकरनी पबाजी अने जय.

આ વેળાના સ્વદેશહિતેચ્છુ રાજા વિદ્યા હુનરને ઉત્તેજન આપતા. દેશમાં વિદ્યાનો વધારો થાય માટે વિદ્વાનોને આશરો આપતા. તેમનામાં જેઓ મહાકુશળ અને વડા હતા તેઓને દરબારમાં બોલાવી માન આપી પોતાની કને રાખતા. કસબી કારીગરોને ઇનામ આપી હિમ્મત આપતા. વિદ્યા તથા કળાનો સુધારો વધારો

અને પ્રસાર થાય તેવા ઉપાય કરતા. પંડિતાદિકોને રાજાનો આશ્રય મળતો. તેઓને લોકોપયોગી કામ સોંપતા. સરકારી પાઠશાળામાં ભણાવવું, તથા ગ્રંથો રચવા, જૂના હોય તેમાં સુધારો કરવો, અને નવા શોધ કરવા, એ તેમનાં મુખ્ય કામ હતાં. રાજા જયશિખર કેળવાયલો નર હતો. મૂર્ખ રાજાના દરબારોમાં જૂઠા ખુશામતીઆ અને ખોટા વખાણ કરનારા હોયછે તેવાનું તે મોં ન જોતો. સત્ય તેને બહુ વહાલું હતું. જૂઠા વખાણથી કેવી ખરાબી થાયછે તે એ ચતુર રાજા જાણતો હતો. એના દરબારમાં તો ખરાજ ટકી શકતા.

ગુર્જર દરબારમાં આ સમે કવિ શંકર બારોટ નામે મોટો પંડિત હતો. પિંગળ શાસ્ત્ર તેની જીભને ટેરવે હતું. સંસ્કૃત અને પ્રાકૃત કવિતાના મુખ્ય ગ્રંથો તેને મ્હોડે હતા. શીઘ્ર કવિતા રચવામાં ઘણો કુશળ હોઈ તે મહારાજનું મન રંજન કરતો. રાજાના માનીતા પંડિતોમાં એ ગણાતો. એક સમે દેશ દેશના વિદ્વાનોને ભેગા કરી મોટી સભામાં રાજાએ તેને કવિરાજની પદવી આપી. એ પદવી હીરે જડેલા સોનાના ચાંદ ઉપર એના નામની હેહળ કોતરાવી તે ચાંદને મોતીના કંઠામાં પરોવી ભર સભામાં તેને પહેરાવ્યો. આ પદવી અને માનને તે લાયક હતો. તેમાં સૌથી વખાણવાજોગ ગુણ એ હતો કે તે મોટો સ્વદેશાભિમાની હતો. ગુર્જરત્રાનું ભલું થાય, તેની ચડતી થાય, તેને મોટાઈ મળે એવા ઉપાય તન મન ને ધનથી કરતો. સ્વદેશ તેને બહુ વહાલો હતો. ગૂજરાત આપણી મા છે, ને તેનો ધણી જસરાજ આપણો બાપ છે એવું તે પોતાના વિદ્યાર્થીઓને નિત્ય કહેતો. બાપથી મા વધારે વહાલી માટે માતા ને પિતા નુકસાન કરે તો માતાનો પક્ષ કરવો એ તેનો બોધ હતો. આ બધા સારા ગુણો છતાં તે કાંઇક અવિચારી હતો; જરા ચડાઉ હતો. સ્વદેશાભિમાનના આવેશમાં તે વિવેકની મર્યાદા ભૂલી જતો. બીજા રાજાઓના દરબારમાં જઈ ગૂજરાતની જમીન, ગૂજરાતના લોક, ગૂજરાતના પંડિત, ગૂજરાતના જોદ્ધા, ગૂજરાતની દોલત, અને ગૂજરાતના રાજાધિરાજ જયશિખરની સ્તુતિ એટલી અને એવી કરતો કે પરદેશી દરબારોને માઠું લાગે.

કનોજ દેશમાં સોલંકી વંશનો ભૂવડ નામે મહા બળવાન અને વિજયી રાજા અમલ કરતો હતો. કલ્યાણી નામે મોટી નગરીમાં તેની રાજધાની હતી. આસપાસના ઘણા રાજાને તેણે જીત્યા હતા. દેશદેશની લક્ષ્મી હરણ કરી લાવ્યો હતો. તેની ફોજ કાવેરીથી સિંધુ સુધી ચોથ, ઘાસ દાણો, અને સરદેશમુખી ઊઘરાવતી; એ સમે ભરતખંડના કોઇ મહારાજાને સ્વાધીન ભૂવડના જેટલી મોટી સેના નહતી. મીર, ચંદ, દૂંદ, વેદપરમારાદિક તેની સેવામાં સોળ મોટા અજીત સુભટ હતા. મીર સેનાધિપતિ અને હજૂરી ફોજનો નાયક હતો. રાજાની સમીપ રહી તેના અંગનું સદા રક્ષણ કરવું, અને બીજા સેનાપતિઓને આજ્ઞા આપવી એ તેના મુખ્ય અધિકાર હતા. બાકીના પંદર સામંતો મીરથી ઊતરતા દરજ્જાના સેનાપતિ હતા. એમાંના દરેકના હાથનીચે ઘણા નાયકો અને સરદારો હતા. હાથી, ઘોડા, રથ, ઊંટ, બળદ, ગાયો, ભેંશો, વસ્ત્ર, અલંકારાદિક બેસુમાર દ્રવ્ય લાવી કલ્યાણ નગરમાં ભૂવડે ભર્યું હતું. વરસો વરસ તાબાના રાજાઓની ખંડણીના દામ આવે તેથી રાજભંડાર છલાછલ ભરાઈ ઊભરાઈ જતો. ચક્રવર્ત્તી મહારાજાધિરાજ એવું પદ તેણે ધારણ કર્યું હતું. એ રાજા કળાકૌશલ્યને અને વિદ્યાને ઉત્તેજન આપતો. સરસ્વતીના પૂજારીઓને એના દરબારમાં ઘણું માન મળતું. એના નિમંત્રણથી તથા ધન કમાવાની લાલચે ભરતખંડના અનેક પ્રાંતોમાંથી પંડિતો આવી કલ્યાણીમાં વસ્યા હતા. રાજાનો વહાલો કવિ કામરાજ નામે હતો. એની સામે ટકી શકે એવો એકે કવિ કલ્યાણીના રાજ્યમાં નહતો, અને રાજા ભૂવડ એમ ધારતો હતો કે તેના જેવો બીજો આખી પૃથ્વીમાં નથી. રાજા ભૂવડ અતિ શૂરો અને અકલમંદ છતાં ખુશામતીઆથી છેતરાઈ જતો. આપસ્તુતિ તેને બહુ ગમતી, ને પોતાનાં વખાણ કરનારા ઉપર રાજી થઈ તેમને વસ્ત્રાભૂષણ, ઘોડા, ગામાદિક દેતો ને તેમના ભરોસા ઉપર રહેતો; એથી ગુણની પરીક્ષા યથાયોગ્ય થતી નહિ. ખરાં ખોટાં વખાણની તેનામાં પરખ નહતી તેથી મતલબીઆ માણસો તેને ઠગતા. આ ખોડથી ઘણા રાજાઓની ખરાબી થાયછે, પણ ભૂવડને સુભાગ્યે

એને સંજોગ હતો કે તેના મંત્રીઓ અને સુભટો પ્રમાણિક અને નિમકહલાલ હતા. એમ છતાં રાજાને આંધળા પાટા બાંધવાની રી-તને જરૂર પડતી. સોલંકી સેનાને દૂરના દેશોમાં વખતે ફતેહ મળતી નહિ, કે કોઈ રાજ્ય જીતાતો નહિ, ત્યારે તે વાતના ખરા સમાચાર કલ્યાણપતિને તેઓ જાહેર કરતા નહિ; વાત છાની રાખવાની જરૂર પડતી એટલુંજ નહિ, પણ કોઈ સમે જય મેળવ્યાની જૂઠી ખબર કહેતા. ભૂવડ ફૂલણજી હતો. જેમ ધનનો અને રાજ્યનો લોભી હતો તેમજ કીર્તિનો ભૂખ્યો હતો. સત્ય કહેનાર કરતાં એ ખુશી થાય તેવું કહેનારને એની મહેરબાનીથી વધારે લાભ થતો. એના પંડના પ્રતાપે કરીને એની કારકીર્દિમાં તો ઠીક ચાલ્યું અને જસ મળ્યો, પણ કપટ અને જૂઠાણની આદત એના દરબારી નોકર ચાકરોને પડી તેથી એના નબળા વંશજોની પડતી થઈ. જૂઠની જોડે કુસંપાદિક દુર્ગુણે પ્રવેશ કર્યો અને તેથી એના મરણ પછી કામ બગડ્યું.

વિક્રમ સંવત ૭૫૨ (ઈ. સ. ૬૯૬)માં ગુર્જર કવિ શંકર બારોટ એ પ્રખ્યાત રાજાને પોતાની વિદ્વત્તા દર્શાવવા ગયો. સોલંકી દરબા-રમાં તેનો સારો આવકાર થયો. આ મોટા કવિને વિશેષ આદરમાન આપવાને, અને તેની કવિતા સાંભળવાને રાજા ભૂવડે પોતાના પાટવી કુંવર કરણ, સેનાધિપતિ મીર, ચંદાદિક સામંતો, શહેરના મહાજન તથા મહા પંડિતોની સભા ભરી. જૂઠાં વખાણ કરવાં એ કવિઓનો ધંધો છે એવું આપણા કવિઓ ધારેછે. કીડીને કુંજર અને કાંકરીને ડુંગર કહેવો, ખાબોચીઆને મહાસાગર અને ઝુંપ-ડીને મહેલ કહેવાની તેમની અસલથી રીત છે. એ રીત પ્રમાણે શંકરે સોલંકી વંશની, કલ્યાણ રાજ્યની, મહારાજા ભૂવડની, તેના યુવરાજની અને દરબારની અતિશયોક્તિએ સ્તુતિ ગાઈ, સભાને રાજી કરી. કલ્યાણપતિએ તેને રત્નજડિત કડાં પહેરાવ્યાં, મોતીની માળા, ચડવાને ઘોડા તથા વસ્ત્રો આપ્યાં. પાટવી કુંવરે પોતાના હાથની મૂલ્યવાન અંગૂઠી કહાડી તેની આંગળીએ પહેરાવી.

આ સન્માનથી ફૂલાઈ જઈને, કે સરપાવ ઓછો પડ્યો હોય તેથી નાઉમેદ થઈને કિંવા સ્વદેશાભિમાનનો જોસ ભરાઈ

આવ્યો હોય તેથી, ઇર્ષા એ ત્રણે મનોવિકાર એકત્ર થયાથી બ્રાહ્મણે સરસ્વતી મળ્યા પછી મોટી મૂર્ખાઇનું કામ કર્યું. પોતાના અહંકારનું અને ગર્વિષ્ટ વાણીનું પરિણામ શું થશે તેની શંકા એના મનમાં જરાએ આવી નહિ. પોતાની પ્રિય જન્મભૂમિને, પોતાના વહાલા સ્વદેશીઓને, એથી મહા પીડા થશે એ ખ્યાલ એને સુઝ્યોજ નહિ. અભિમાનના આવેશમાં એને કશું ભાન રહ્યું નહિ. પંડિતોની સભા મળી કે વાદવિવાદનો હલકાઈ ભરેલો માઠો ચાલ આખા ભરતખંડમાં પરાપૂર્વેથી છે. હરેક વિદ્વાન સભામાં પોતાની વિદ્યા, પોતાની કુશળતા, પોતાની હોશિયારી વગેરે દેખાડવાને આતુર થઈ જાયછે. એક એકને સભામાં જીતવાને ઝઘડો કરવાને અને પોતપોતાની વડાઈ સ્થાપવાને બરાડા પાડવા મંડી જાયછે. આવા શબ્દયુદ્ધોમાં મન ઉશ્કેરાયછે ને વિવેકની મર્યાદામાં રહેવાતું નથી; એક એકને હરાવવાના પ્રયત્નમાં તિરસ્કારાદિથી સંપ તૂટેછે, વૈરભાવ ઉત્પન્ન થાયછે, પક્ષો પડેછે, અને તેથી નવી શોધ થવામાં તથા વિદ્યાનો વધારો થવામાં વિઘ્ન પડેછે. જૂના કાળમાં આર્ય વિદ્વાનો સત્યશોધક હતા, અને દુરાગ્રહી ન હોતા, ત્યારે તો એવા વાદથી લાભ થયા હશે ખરા; પણ એવી તકરારથી મમત બંધાવાનો, હારનારના મનને માઠું લાગવાનો, અને અપમાનનું વેર વાળવાનું મન પરાજય પામનાર અને તેના પક્ષકાર. મિત્રો કરે એ સંભવ વધારે છે. ઘણું કરી વઢનારા બને પોત પોતાને જીતનાર ગણેછે, અને સભામાં જય પામ્યાની વાતો પોતાનાં પુસ્તકોમાં લખેછે તે ખોટી હોય છે. શાસ્ત્રીઓની પેઠે કવિઓ પણ લડતા અને આજે લડેછે. તેમાં વઢવાનું સ્થળ રાજસભા હોય તો તેમને બહુ મઝા પડેછે. દુશ્મનની ગોડે જીભ વડે બાથંબાથા કરેછે. હાલના રાજા સંસ્કૃત ભણેલા નથી હોતા તેથી સંસ્કૃત પંડિતના ઝઘડામાં તેમને મઝા પડતી નથી, પણ પ્રાકૃત કવિઓ વઢે તેથી રમુજ થાય ખરી. પૃથ્વીપતિનું મન રીઝાવવાને મલ લડે, વાઘ ને હાથી લડે, કૂકડા લડે તેમ પોતાની ચાતુરી અને મોટાઈ જણાવવાને કવિઓ શીઘ્ર ને શુદ્ધ કવિતાના ખેલ અને પિંગળરૂપી શસ્ત્રવડે વાણીયુદ્ધ કરે છે,

એમાં એક એકને મેણાં ટુણાં મારેછે, એક એકને વખોડેછે, એક એકની હાંસી અને તિરસ્કાર સાથે ભૂલો દેખાડવાનું અને સભાને હસાવવાનું પ્રયત્ન કરેછે. પોતપોતાના અભિપ્રાય આપવા અને ચર્ચા કરવી એ તો ઠીક છે, પરંતુ એક એકની ઉપર ઊતરી પડવું અને એમાં સરસ કોણ એ બતાવવાને તથા જય પામવાને લડવું તો શરમ ભરેલું છે.

સરપાવ થઈ રહ્યા પછી શંકરે ઊભા થઈ કહ્યું કે "કલ્યાણપતિ સોલંકી મહારાજનાં અને તેના દરબારનાં વખાણ મેં કર્યાછે, પણ એ તો હરકોઈ ભાટ, ચારણ, અને કવિ કરી શકે. મારી કાવ્યચાતુરી હજી મેં બતાવી નથી. મહારાજની આજ્ઞાથી મેં કહ્યું કે હું ગુર્જર કવિ છું, અને ગુર્જરેશ્વર મહારાજનો કવિરાજ છું. હવે મારે કહેવું જોઇએ કે હું ભરતખંડનો કવીશ્વર છું. દક્ષિણ દેશના નાના મોટા રાજદરબારોમાં જઈ ત્યાંના કવિરાજોને જીતી આવ્યોછું. એમ દિગ્વિજય કરતો હવે ઉત્તર દેશના કવિરાજોને જીતવાને આવ્યોછું. હું પૂછું તેનો ઉત્તર આપનો મુખ્ય કવિ કામરાજ આપે, અને ન આપી શકે તો મને નમે, ને પોતાને મ્હોડે હાર્યો કહે. હું હજી સુધી જીતાયો નથી અને જીતાવવાનો નથી. જેવો હું પિંગળશાસ્ત્રમાં અતિ કુશળ છું, અને કાવ્યચાતુરીમાં અતુલ્ય અને અજીત છું, તેમજ મારા સ્વામી શ્રી મહીપતિ મહારાજાધિરાજ જયશિખર યુદ્ધકળામાં અતિ કુશળ, શૌર્ય, બળ, અને ચાતુરીમાં અનુપમ છે. શ્રી ગુર્જરેશ્વર અજીત છે. ગુર્જરત્રા અતિ રસાળ છે. રે એ તો ખરેખરૂં કુન્દન છે. ગૂજરાતના જેવો સમૃદ્ધિવાન અને સુંદર દેશ આખા જંબુદ્વીપમાં નથી, અને જયશિખર જેવો પ્રતાપી શૂરવીર આખી પૃથ્વીમાં નથી. એ નામાંકિત મહાપુરૂષનો હું કવિરાજ છું. જેવો તેવો નથી. પંચાસર નગર ઇંદ્રપુરીને હઠાવે તો તારી કલ્યાણીના ભાર શા"! આ અહંકારના બોલ બોલી અવિચારી કવિએ કલ્યાણીના સિંહને જગાડ્યો, ને સૂતેલા શત્રુને બેઠો કર્યો. આ મગરૂરીનાં વચન સાંભળી ભૂવડને ખોટું લાગ્યું. ગુર્જર કવિએ પોતાનું અપમાન કર્યું સમજી મહીમાળ નાખુશ થયો. તેના મુખની તેજી ઝાંખી થઈ. પણ

તે વાત ન જણાવતાં બોલ્યો, તો ઠીક, હવે તમારી કાવ્યચતુરાઈ દેખાડો. તે પરથી ભાટે કેટલીક સમસ્યા કહી તેમાંની કેટલીકના ઉત્તર ભ્રમરાજ દઈ શક્યો નહિ. વળી પિંગળશાસ્ત્ર વિષે પ્રશ્નોત્તર થયા તથા રસ અલંકારાદિક સંબંધી વાદવિવાદ થયો તેમાં ગુર્જર દેશનો કવિ જીત્યો, અને તેનો અભિમાન સંતોષાયો. પણ તેથી ગૂજરાતની ખરાબી થઈ. નાદાન દોસ્ત દુશ્મનની ગરજ સારે તેવું થયું. એથી ભૂવડનું મન વધારે ખિન્ન થયું; તેની વડાઇને ખામી લાગી. મૂછ ઉપર તાલ દઈને તે બોલ્યો કે બારોટ, તમે કવીશ્વર ખરા, ને મારા આશ્રય તળે મારા દરબારમાં રહેવાજોગ છો, માટે અહીંજ રહી પડો. જયશિખર હજી જીતાયેલો નથી, અને સ્વતંત્રપણે પંચાસરમાં રાજ્ય કરેછે, એ મારા જાણવામાં નહતું. એમ તમારાથી જાણ્યું માટે તમારો આભાર માનુંછું. થોડા કાળમાં હું ગૂજરાતનો ધણી થનાર છું; જયશિખર મારો સેવક થશે, અથવા મરશે ને રાજ્ય ખોશે.

એ સાંભળી સ્વદેશાભિમાની શંકરને ક્રોધ ચઢ્યો. તેણે કહ્યું "સતીને એકજ પતિ હોય. સતી નાતરૂં ન કરે; તે તો પોતાના સ્વામીની જોડે બળી મરે". ભૂવડ કહે "નાતરૂં ના થાય, પણ પુનર્વિવાહ કરાય. ગૂજરાતના સ્વામીને સંગ્રામમાં હણીશ એટલે ગૂજરાત રાંડશે. ત્યારપછી હું તેને પરણીશ, અને મારી અનેક રાણીઓમાં દાખલ કરીશ. ને હઠ કરી મને નહિ વરે તો દાસી કરીને બંધનમાં રાખીશ." એથી ગુર્જર કવિ વધારે કોપ્યો. મહારાજાને ખીવડાવવાને તેણે કહ્યું કે "જ્યાંસૂધી ગૂજરાતમાં ક્ષત્રિનું બીજ રહેશે, એક પણ રજપૂત બચ્ચો જીવશે, ગરાશીઆના દેહમાં પ્રાણ હશે, અને તેને પાનો ચડાવનાર ભાટ મળશે, ત્યાંસૂધી તારાથી ગૂજરાત જીતાવાની નથી. અમે ગૂજરાતના પુત્રો હયાત હોઈશું, ગૂર્જર નર જીવીશું, ત્યાંસૂધી અમારી ગુર્જરી માતાનું અપમાન કોઈ કરી શકવાનું નથી; અમારી જન્મભૂમિનું, અમારા સ્વદેશનું અમે રક્ષણ કરીશું. તું ડાહ્યો રાજા છે માટે અવિચારી કામ ન કરતો. જે કીર્તિ આજ લગીમાં તેં પ્રાપ્ત કરીછે તે જાળવી રાખવી હોય તો ગૂજરાતના સિંહને છંછેડતો ના. જયશિખર તારો નાશ કરશે."

ભૂવડે કહ્યું "ભાટ તારા બોલથી હું ભય પામવાનો નથી. તારા જેવા મેં ઘણા જોયા છે. હું તને ખેમખુશળ પાછો વળાવુંછું. ઉતાવળે પંચાશર જઈ જયશિખરને ચેતવ કે યુદ્ધની તૈયારી કરે. સમુદ્રની ભરતીની પેઠે મારૂં સૈન્ય આવી તેની રાજ્યધાનીને જડ મૂળથી ઊખેડી નાંખશે, અને આખી ગૂજરાત ઉપર ફરી વળશે. સામા થશો તો દેશને પાયમાલ કરી નાખીશ." સભામાંથી ઊઠી ભૂવડ રાજાએ સૈન્ય તત્પર કરવાની આજ્ઞા આપી. તેણે પોતાના સામંતોને ઠપકો દઈ પૂછ્યું કે હજી ગૂજરાતનું રાજ્ય સ્વતંત્ર કેમ છે? દિવસે સૂર્ય એક હોય, બે ન હોય. તો ભરતખંડમાં ભૂવડ અને જયશિખર બે જોડે કેમ પ્રકાશે? બેનું તેજ સરખું કેમ હોય? સૂર્ય ઊગેછે એટલે ચંદ્ર અને નક્ષત્રો ઝાંખાં પડી પ્રકાશી શકતાં નથી, તો ભૂવડના પ્રતાપી જસ આગળ જયશિખરની કીર્તિ કેમ ટકી રહીછે? સુભટો એ સાંભળી લજવાયા, ને તેમનાં મોઢાં ઊતરી ગયાં. રાજા ફરીથી બોલ્યો કે તમે કહેતા હતા કે ગૂજરાતની પેશકશી લાવ્યા છીએ, પણ શંકરના કહેવાથી એ જૂઠું જણાયછે. મને સાચી બીના જાહેર કરો. તમે મને છેતર્યો. શું જયશિખરને જીતવા જેટલું બળ આપણામાં નથી? જે હોય તે ખરેખરૂં કહો.

ચંદ સામંતે નમ્રતાપૂર્વક કહ્યું કે ખાવંદ છેલ્લી સ્વારીમાં પંજાબ જીતી સિંધમાં ગયા; ત્યાંના રાજાએ ખંડણી આપી તે લેઈ સોરઠમાં ગયા. ત્યાંના રાજાને જીતી ગૂજરાતમાં પ્રવેશ કર્યો તેવારે જયશિખરનો સાળો સુરપાળ મોટી ફોજ સહિત સામો યુદ્ધ કરવા આવ્યો. અનેક જબરા રાજાને જીતતાં આપણા હજારો જોદ્ધા મરણ પામ્યા હતા, ને તેથી આપણું લશ્કર શત્રુનાથી ઓછું હતું. તેમ છતાં અમે એક દિવસ તો સંગ્રામમાં ટકી રહ્યા. બેટમબેટા ખૂબ થઈ. બહુ સિપાઈ રણમાં પડ્યા ને ઘવાણા, પણ ગુર્જરસેના સાંજ પડતાં સુધી પાછી હઠી નહિ. રાત્રે સુભટોએ મળી વિચાર કર્યો તેમાં એવું ઠર્યું કે વધારે વાર લડીશું તો આપણી બધી ફોજ નાશ પામશે, ને તેથી પણ જયની આશા રાખી શકાતી નથી. અમે સર્વે એક મતે થઈ, સુરપાળ જોડે સલાહ કરી માળવે ગયા,

ને સાંતી રાજ્યની ખંડણી લેઈ પાછા વળી આપની હજૂરમાં આવ્યા. ભૂવડે કહ્યું, તો ફીકર નહિ, હવે આપણે ગૂજરાતને જીતીએ. જાઓ તમે ઝટપટ તૈયારી કરો. તમે સોરઠ ગયા હતા એની મને ખાતરી થતી નથી, કેમકે તે પ્રાંત જયશિખરને આધીન છે; પણ એ બાબતની તજવીજ કરવાની જરૂર નથી. જાઓ ઊતાવળે સજ થાઓ.

खंड ३ जो.

चालुक्य सवारी. सुरपाळनी युक्ति, मीरनी प्रतियुक्ति. मीरनो प्रमाद अने पराजय.

પોતાના રાજ્યમાં ઠેકાણે ઠેકાણે હુકમ મોકલી ભૂવડે સૈન્યને બોલાવ્યું. આણી તરફ શંકર કવિએ આવી જયશિખરને સમાચાર કહ્યા. સર્વે હકીકત વિદિત થતાં ગુર્જરરાજા જાગરૂત થઇ ગયો. નાગની ફેણને છેડતાં નાગ ક્રોધે ભરાઈ ટટાર થાયછે, તેમ ભૂવડનાં કુવચન શંકરે કહી સંભળાવ્યાં, તેથી ગુર્જરેશ્વર કોપી આસન ઉપર છાતી કહાડી બેઠો. તેની રૂવાંટી ઊભી થઈ. શૌર્યનો પાનો તેના મગજે ચડ્યો; તેની આંખો લાલ થઈ, અને સુકીર્તિ મેળવવાનો, ભૂવડ જેવા નામાંકિત વીર અને મોટા ભૂપાળનો પરાજય કરવાનો, આવો રૂડો લાગ હાથ આવ્યાથી તેનું હૃદય હર્ષે કરી ફૂલ્યું. રાજસભામાં બેઠેલા તેના બહાદુર સુભટો તેની આજ્ઞાની વાટ જોતા તેની સામું જોવા લાગ્યા. ભંડારી ચિંતામાં પડ્યો કે હવે ખજાનો ખાલી થશે ને મંત્રીઓ વિચારમાં પડ્યા, મંત્રીમંડળીને મનસુબો કરવાને રાજાએ મંડળગૃહમાં મોકલ્યા, ને સામંતોને સેના સજ કરવાનો હુકમ આપ્યો.

મંત્રીઓમાં કેટલાક વાણીઆ, કેટલાક બ્રાહ્મણ, અને કેટલાક ક્ષત્રી હતા. વાણીઆ ઉદાસ થઈ કહેવા લાગ્યા કે આ આપણામાં દેશ પડેજ નહિ, તેવું થાય તો સારૂં. આપણો જય થશે એમાં શક નથી, પણ વિચાર કરો કે જીવહિંસા કેટલી બધી પડશે, બેઉ પક્ષના કેટલાં બધા માણસના પ્રાણ જશે, ખેતરો વેરાન થશે,

ગામો બળશે, અને નગરો લૂંટાશે, વેપાર અટકશે, અને અસંખ્ય જીવ મરશે. સોલંકીપતિ મહા સામર્થ્યવાન છે. એની સામે ટક્કર ઝીલવી એ સહેલી વાત નથી. આપણી ઉદ્યમી પ્રજાને એ વિગ્રહ ભારે પડશે. કનોજીઆ તો લૂંટારા છે; આપણું દ્રવ્ય લેવાપર તેમની દાઢ છે, તો દ્રવ્ય આપી એમને સંતોષો. વિટ્ટી મોકલી ધનની લાલચ દેખાડો, ને દોસ્તી કરવાનું કહાવો. બેવકૂફ બારોટે નકામી ફીકીયત મારી લડાઈ જગાડીછે. આપણા રાજાએ યશ પુષ્કળ મેળવ્યાછે. આપણા ઉદ્યમી લોકને શાંતિમાં વધારે લાભ છે. ઝઘડામાં જેટલું ધન ખરચવું પડશે તેનાથી ઓછે નાણે ભૂવડની તૃષ્ણા તૃપ્ત થશે.

ક્ષત્રીઓને આ શીખામણ પસંદ પડી નહિ. તેમને ધનથી આબરૂ વધારે વહાલી હતી. તેઓ બોલ્યા કે ઈજત ગયા પછી જીવવામાં ધૂળ પડી. નાક જાય તે કરતાં માથું, ધન દોલત અને ઘરબાર જાય તે સારૂં. જે સલાહથી ગુર્જરેશ્વરનો ટેક જાય, જેથી તેના મોટમને એબ લાગે, જેથી તેના કુળને અને તેની ગાદીને લાજ લાગે તેવી સલાહ કેમ અપાય? વાણીઆનો બેટો સુખે કહે કે 'વાણીઆની મૂછ નીચી તો નીચી', પણ રાજપુત્રથી એમ કેમ બોલાય? દામ આપી ભૂવડને રાજી કરવો એનો અર્થ એજ કે તેની માફ માગવી, આપણી હલકાઈ અને કાયરપણું કબૂલ કરવું. પછી ભરતખંડનાં રાજ્યોમાં આપણું શું વજન રહેશે? ગૂજરાત શી ગણત્રીમાં રહેશે? માટે જે થવાનું હોય તે થાય, આપણી માલમતા, આપણી સ્ત્રીઓનાં ઘરેણાં વેચી, દામ ભેગું કરવું, તેવડે શસ્ત્રાદિ યુદ્ધની સામગ્રી જોઇએ તેટલી તૈયાર કરવી; ગઢોમાં અને કોટબંધ શહેરોમાં અન્ન ભરવું, ને શત્રુની સામા થવું, એવી સલાહ આપવી.

બ્રાહ્મણોને વાણીઆની શીખામણ ડાહી, તથાપિ નામોશી ભરેલી લાગી. વળી હાલ તુરત તો ફાયદો કરે, પણ અંતે એનાં પરિણામ હાનિકારક થાય. 'ડોશી મુવાનો ભય નથી, પણ જમ પલટચાનો ભય છે.' આ ઘડી તો ધન આપી ચાલુક્ય રાજાને પાછો વાળીએ, પણ તેથી તેને બીજીવાર આવવાનું મન થશે. ત્યારે વળી

ધન આપીએ તો ત્રીજીવાર આવે. જેમ આપણી નબળાઈ જોય, તેમ તેનો લાભ લે. એનું જોઈ બીજા રાજાની દાઢ શળકે, ને આખરે રાજ ડૂબે. માટે કમર બાંધી લડવું, જે નુકશાન થાય તે વેઠવું. દુશ્મનને એવી શિક્ષા કરવી કે ફરી ઊઠવા પામે નહિ. એથી શત્રુ ત્રાસ પામી દેશની શાંતિમાં ખલેલ પહોચાડશે નહિ.

ક્ષત્રી અને બ્રાહ્મણના અભિપ્રાય એક થતાં બહુ મતે ઠર્યું કે કારભારીઓ તરફથી વિગ્રહ કરવાની મસલત આપવી. મંત્રીઓમાં સંપ હતો. વાણીઆના વિચારથી આ ઠરાવ વિરૂદ્ધ છતાં તે થયા પછી તેમણે તન મન અને ધનથી મદદ કરી. તેઓમાંનો એક ભૂવડ રાજાને જયશિંખરનું પત્ર આપવા ગયો. એ પત્રમાં સોલંકી રાજાનો અન્યાય ઠરેલ શબ્દોમાં મીઠાસથી દર્શાવ્યો હતો. વગર વાંકે કોઈ પ્રજાને આપત્તિમાં નાંખવી એ અધર્મ છે. માત્ર ઉદ્ધત ભાટના બોલવાપરથી વિગ્રહ કરવો ઘટે નહિ. શંકર કવિને મહારાજે મોકલ્યો નહતો, તથા કશું કહેવાની રજા આપી નહતી. ગૂજરાતની સમૃદ્ધિથી લોભાઈ તેને લૂંટવાજ આવતો હોય તો તે ભૂવડ જેવા પ્રતાપી ક્ષત્રીરાજાને શોભતું નથી. એ તો ધારાળા લોકનું કામ છે. સુનીતિના નિયમ તોડનાર રૈયતને જેમ રાજા દંડ કરેછે તેમ તે નિયમો તોડનાર રાજાને પરમેશ્વર શિક્ષા કરેછે. કૃત્યનું પરિણામ શું થશે તે તો પ્રભુને માલૂમ, પણ અમને તો તેમાં બધી વાતે લાભ છે, કેમકે યશ પામીશું તો અમારી કીર્ત્તિ વધશે, અને અમારૂં કર્તવ્ય કર્મ કરતાં રણમાં પડીશું તો મુક્તિ મળશે. તમે જીતશો તો ચોરમાં ખપશો, અને મરશો તો નરકે જશો. પેશકશી લેવાની કે ગૂજરાતમાં રાજ્ય સુખે ભોગવવાની તમારી આશા મિથ્યા છે. માટે વિરોધ ન કરતાં મિત્રાચારી રાખશો તો ઠીક છે. આપણા દેશો વચ્ચે વેપાર વધે તેવા ઉપાય કરવાથી અમને તમને બેહુને નફો થશે. મૈત્રીનું આ કહેણુ તમને ન પાલવે તો અમે વઢવા તૈયાર છીએ. આતુરતાથી તમારી રાહ જોઇએ છીએ.

ભૂવડે ટૂંકો ઉત્તર આપ્યો કે અમારો સેનાપતિ મીર પંચાસર આવી ઘટારત લાગશે તે કરશે. માળવાને માર્ગે સોલંકી ફોજ નર્મદા

કાંઠે આવી. એની સંખ્યા મોટી હતી. રથે બેશી યુદ્ધ કરનાર, હાથી, ઊંટ, અને ઘોડે સવાર, ભાલાવાળા તીરંદાજ, ચક્ર અને ગદાધારી વગેરે હજારો જોદ્ધા હતા. આ મોટા દળને ખાળવાને ગુર્જરપતિએ ગૂજરાતનાં નાકાં રોક્યાં હતાં. ઉત્તરે આબુના થડમાં એક ફોજનો જમાવ કર્યો હતો; દાહોદમાં સુરપાળની સરદારી નીચે બળિષ્ઠ સૈન્યનો મુકામ રાખ્યો હતો; અને પાયુતખ્તનું રક્ષણ કરવાને પંડે રહ્યો હતો. મંડળિક રાજાઓને પોતપોતાની સેના લેઈ બોલાવ્યા હતા. ભાટ, જેઠવા, રાઠોડ, વળા, આહીર, બરબર, રબારી, કોળી, ભીલ, આદિ સબળા કાંટીઆ લોકને હથીઆર બાંધી અધિપતિને આવી મળવાને ફરમાવ્યું હતું.

મીરનું લશ્કર દાહોદમાં આવ્યું. સુરપાળે મનસુબો કર્યો હતો કે એને પંચાસર જતાં જેમ વાર લાગે તેમ કરવું કે જયશિખરને સોરઠ, કચ્છ, રાંદેર, ભરૂચ, વગેરે સ્થળોના જોદ્ધાને આવી મળવાનો વખત મળે. પોતાના સૈન્યથી મીરનું સૈન્ય સંખ્યામાં મોહું અને વધારે બળવાન હતું માટે સંગ્રામ ન કરતાં, વખતે વખતે હલ્લાં કરી પાછાં હઠવું અને આડી વાટે એવી યુક્તિથી જવું કે મીર તેની પાછળ પડે. દાહોદમાં તેની તદબીર પાર પડી. તેણે કલ્યાણીની ફોજ ઉપર સવારથી સાંજ સૂધી હલ્લાં કર્યાં, ને આગળથી કરેલી ગોઠવણ પ્રમાણે રાતમાં મુકામ ઊઠાવી ઊલટી દિશાએ એક મજલ દૂર જઈ ઊભો રહ્યો. તે નાસેછે એમ ધારી મીર તેની પાછળ ધાયો. પંચાસરની વાટે ન જતાં, સુરપાળ ત્યાંથી આઘો ખસ્યો. મીરે તેનો તિરસ્કાર કર્યો, અને મેણાં કહાવ્યાં કે એમ નાસેછે શું? એમ કાયર કેમ થઈ ગયો? તારી નામના ઘણી સાંભળી હતી, પણ તે ખોટી ઠરેછે. તું શૂરો હોય તો ઠરીને લડ, મારે તારો હાથ જોવો છે. મારા બળનો તીખો સ્વાદ ચાખ, એટલે હોશિયારી આવશે. સુરપાળે જવાબ દીધો કે ભાઈ તું જરા ધીમો પડ, તને હું ખેમખુશળ પાછો ફરવા દેવાનો નથી. હું સારા મુહૂર્તની વાટ જોઉંછું. આ તેની નબળાઈ દેખાડેછે, એમ સમજી મીર તેની કેડે પડ્યો. તેની ફાળ ચૂકાવતો સુરપાળ વેગળે જાય. પણ થોડા દહાડામાં મીર તેની મજલમ

ઝાની મશ્કરા તેણે પોતાની ફોજના બંદોબસ્ત એ પ્રમાણે કર્યો, કે બીજાના જોઠાને પોતાની સાથે લેઈ પંડે પંચાસર ભણી ચલ્યો, ને નાના ભાઈને જેસરમાવના હાથ હેઠે સુરત્રાળની પાછળ મોકલ્યો. મીરના ગયા પછી બીજે દિવસે એ બીના સુરત્રાળે જાણી ત્યારે યુક્તિથી તે એ બે સેનાની વચમાં ભરાયો, ને પરમારને રોકી મીરથી દૂર રાખવાને કેટલુંક લશ્કર મૂકી મીરની પાછળ ગયો. માર્ગમાં તેને વડનગરના નાગર, ડીસા, ડુંગરપોર, વાંસવાડા ને ઇડરના ગરાશીઆ તથા મહેવાસના ભીલો આવી મળ્યા.

મીર મસ્ત થઈ ફૂલાતો પંચાસર જઈ પોહોંતો. માર્ગમાં તેણે ઘણાં ગામ બાળ્યાં, ને નગરો લૂંટ્યાં. લોકો પોતાનાં ઘરબાર મૂકી નાઠા, ને જેઓ સામા થયા તેઓ માર્યા ગયા. ઘણીક બાઇડીઓને મીરના સીપાઇઓએ ઝાલી, અને ભાયડાને દાસ કરવાને પકડ્યા. મુકામે મુકામે મલ કસરતો, લાકડી પટા તથા બીજા ખેલ કરી જોદ્ધા ખાય પીએ ને મોજ કરે. મીર તેમની હાજરી લેતો અને કવાયદ જોતો.

પોતાની પ્રજાને પીડાતી જોઈ જયશિખરને બહુ દાઝ આવી. જે નિર્દોષી માણુસોને શત્રુએ કેદ રાખ્યાં હતાં તેમને છોડી દેવાને અને ગરીબ રૈયતને હેરાન ન કરવાને તેણે મીરને કહાવ્યું. ખરા ક્ષત્રી તો શસ્ત્ર ધારણ કરનારાની જોડે લડે છે; હથીઆર વગરના ખેડુત, વાણીઆ, કુંભારાદિકને અને નારીઓને લૂંટતા મારતા નથી; એ તો જંગલી લોક અને પીંઢારાનું કર્મ છે. મારી જોડે સંગ્રામમાં તારું પરાક્રમ દેખાડજે. નિર્બળ માણુસો અને અબળા જાતિને મારે કે દુઃખ દે તે કાયર કહેવાય, માટે તું મારી બાપડી રૈયતને ના સંતાપ. તેં માર્ગમાં બહુ કેર કર્યો છે, તેનો બદલો હું તને એક બે દહાડામાં આપીશ.

મીરે ઉત્તર કર્યો કે મહારાજ, એટલા બધા દયાળુ છો તો સંગ્રામ શાને કરોછો? સંગ્રામમાં તો ઘણા માણુસ મરશે, જખમાશે, ને પીડા પામશે. મેદાનમાં આવી મારી જોડે દ્વંદ્વ યુદ્ધ કરો, આપ જીતો તો અમે પાછા ફરી સ્વદેશ જઇશું, અને હારશો તો અમે તમારા

રાજ્યના ધણી થઈશું. મારૂં કે તમારૂં બેમાંથી એકનું મરણ [illegible], ને ધર્યું તો આપણા બેનું. બીજા બધાના જીવ ઉગરશે. દ્વંદ્વ યુદ્ધ કરવાની, ને સંગ્રામ કરવાની તમારામાં હામ ન હોય તો શરણે આવી પગે લાગો, ને દાંતે તરણાં લો, એટલે રાજાધિરાજ, જગસિરોમણી રાજેંદ્ર, ભૂવડ મહારાજ તમારા ઉપર દયા કરી તમને પોતાનો સેવક, ને માંડળિક રાજા ઠરાવશે.

આ હલકા અને છાકેલા શબ્દોથી જયશિખર અતિ ક્રોધાયમાન થયો. તેણે પ્રતિ ઉત્તર કહેવડાવ્યો કે "મારી જોડે દ્વંદ્વ યુદ્ધ કરવાને તું યોગ્ય નથી. એ યુદ્ધ સમાન પદવીના વીરોનું થાય. તારો ભૂવડ હાજર હોત તો તેની જોડે હું કરત. મારા શૂરા જોદ્ધા લઈ આવુંછું, તને બહુ ખોટી નહિ કરૂં". બીજે દિવસે સંગ્રામ કરવાની રાજા ગોઠવણ કરતો હતો, તેવામાં સુરપાળનો ગુપ્ત પેગામ આવ્યો, કે આજ રાતના જાગતા રહેજો, ને આખા લશ્કરને આખી રાત હથીઆરબંધ રાખજો. હું સંધેસો મોકલું કે શત્રુ ઉપર ધસારો કરજો. હું પાછળથી અંધારામાં તૂટી પડવાનો છું.

મીરના મનમાં અને તેના સિપાઇઓના દિલમાં એવું ભાસ્યું હતું કે ગુર્જરોમાં ઝાઝો દમ નથી. એમને આપણે સહજ જીતીશું. બળવાન દુશ્મનની સમીપ છતાં, જે બંદોબસ્ત અને ચોકસી રાખવી જોઇએ તેવી ન રાખતાં તેઓ ગાફેલ રહ્યા હતા. કેટલાક લૂંટવા ગયા હતા,, કેટલાક ઊંઘતા હતા, ને કેટલાક નીશો કરી મોજમઝા કરતા હતા. પાછળ સુરપાળ આવ્યોછે એ કોઇને માલૂમ નહતું. મીરની છાવણીની આ હાલત સુરપાળના જાણવામાં હતી. તેજ રાત્રે તેણે ઓચિંતો છાપો માર્યો. ખેડુતો જુવાર બાજરીની કાપણી કરેછે, તેમ તેણે મીરની સેનાને કાપી નાંખી. મીરની છાવણીમાં કેવળ અંધાધુંધી થઈ રહી. નાયક સિપાઇને શોધે, ને સિપાઈ નાયકને શોધે, અંધારામાં એક એકને ઓળખે નહિ, ને માંહોમાંહે વઢી મરે. કશો ક્રમ રહી શક્યો નહિ, ને જેનાથી જેમ નસાય તેમ નાઠા. મીર પોતે મુશ્કેલીથી નાશી છૂટ્યો. તેને ઝાલવાંની સુરપાળે ઘણી કોશીશ કરી, પણ હાથ આવ્યો નહિ. હજારો

માણસ મૂવા, અને ઘવાણા. હાથી, રથ, ઘોડા વગેરે માલ, તથા પુષ્કળ ખજાનો ગુર્જરોને હાથ આવ્યો. શત્રુનો મોટો સુભટ ચંદ રણમાં પડ્યો, ને દૂંદને એવા જખમ લાગ્યા કે નાશી શક્યો નહિ. સુરપાળે તેને માનસાથે પંચાસર મોકલ્યો.

બીજે દિવસે રાજ્યધાનીમાંથી તાજું લશ્કર લઈ જઈ તેણે વેંદપરમારને ઘેરી લીધો, ને તેની બધી સેનાસહિત હથીઆર છોડી શરણે આવવાની જરૂર પાડી. આથી પરમારને એટલી લાજ લાગી કે ગુર્જરેશ્વરની માફી માગી તથા રજા લઈ તે સન્યાસીને વેશે કાશી જતો રહ્યો, ને ફરી હથીઆર નહિ ઝાલવાના શપત ખા-ધા. મીરના ભાગતા સૈન્યની પૂઠે જયશિખરે બીજી ફોજ મોકલી, તેણે તેને હાંકી કાઢ્યું.

ગુર્જરત્રામાં જયજયકાર વર્તી રહ્યો. ઘેરે ઘેર આનંદ ઓચ્છવો થયા; ગામે ગામ અને શહેરે શહેર તોરણો બંધાયાં; લોકે ઉજા-ણીઓ કરી. ચૌટાઓમાં દીવાળીના જેવી રોશની પણ થઈ. મહારા-જાએ ફોજના નાયકોને અને સામંતોને તથા સિપાઇઓને ઇનામ આપ્યાં, અને પ્રજાએ રાજાને પુષ્કળ ભેટ કરી. પંચાસરમાં જે શોભા થઈ તે જોવાજોગ હતી. જયશિખરે દરબાર ભરી સઘળા સરદારોને સાબાશી આપી, સુરપાળને મોટી જાગીરો બક્ષી રાજાનો ઇલકાબ આપ્યો; બીજા મોટા નાયકોને ગામ તથા યોગ્ય પદવીઓ આપી. મોટી વિજયસ્વારી કહાડી, બહાર છાવણીમાંથી શહેરમાં ગયા. માર્ગમાં પુરના લોકે બારીએથી તેને ફૂલોએ વધાવ્યો. ફૂલોના વરસાદથી તેના હાથીની અંબાડી ભરાઈ ગઈ, ને 'શ્રી જસરાજ મહારાજની જે, શ્રી ગુર્જરેશ્વરની જે, ગુર્જરદેશની જે,' એ શબ્દથી નગર ગાજી રહ્યું. દેવને વધામણું દઈ છાવણીમાં જઈ સિપાઇ-ઓની મુલાકાત કરી, ને જયનાં વાજાં વજડાવ્યાં, રાત્રે મીજલસ કરી ને સિપાઇઓને બક્ષિસ વહેંચી. શહેરના મહાજનને મળ્યા; શાસ્ત્રી, પંડિત, વેદીઆ, ભાટ, ચારણાદિક માગણોને દાન દક્ષિ-ણાથી તૃપ્ત કર્યા, અને દેશના સઘળાં દેવમંદિરોમાં પરમેશ્વરનો લોકે ભળી પાડ માન્યો. રાજાએ પંડે પોતાના દહેરામાં રાજ્ય કુટુંબ

સહિત વિશ્વેશ્વરનો ઉપકાર માન્યો. શંકર કવિનો આત્મા આ મોટા જયથી બહુ પ્રફુલ્લિત થયો.

खंड ४ थो.

शत्रुना लशकरनी खराबी. कल्याणी राजमां रडारोळ. भूवडनी धीरज अने फरी चडाई करवानी तईआरी. गूर्जर युद्धाओनो जमाव. सुरपाळ अने करणनुं युद्ध.

ગુજરાતમાં જેમ આનંદ ઓચ્છવો થઈ રહ્યા હતા, તેમ કલ્યાણીમાં રડારડ થઈ ઘેરેઘેર કાણુ મંડાઈ. લાખ ઉપરાંત જોદ્ધા, અને તેમની હારે નોકરચાકર, દુકાનદારાદિક બીજા હજારો આદમી ગુજરાત જીતવાને તથા લૂંટવાને આવ્યા હતા, તેઓમાંથી થોડાજ પાછા ઘેર જવા પામ્યા. જેઓ રણમાંથી બચ્યા તેમને રસ્તામાં ખીજવાઈ રહેલા ગામડાના લોકે વાઢી નાખ્યા. કોળી, ભીલ, નાયકડા વગેરે વગડાઉ કાંટીઆ મીરના વીખરયેલા અવ્યવસ્થિત પલાયન કરતા લશ્કરની કેડે પડ્યા. શત્રુ જથાબંધ રહી શક્યા નહિ; પાછળ ગૂર્જર સેના ધાઈ; ઘણા માણસના ઘોડા નાસતાં થાકીને માર્ગમાં પડી મરણ પામ્યા, ઘણાક સિપાઈ જંગલોમાં રખડી રવડી મૂઆ, કેટલાકને વાઘે ખાધા, ઘણાક ડુંગરોમાં ભરાયા, ને ત્યાં ભુખે મૂવા. બહુ થાક લાગવાથી રાત્રે મુકામ કરી સૂવે કે આસપાસનાં ગામનાં લોક ઊંઘતાને કાપી નાંખે. એ કનોજીઆ લોકે જયના વખતમાં કોઇના ઉપર દયા કરી નહતી, રૈયતને પીડવામાં કસર રાખી નહોતી, તો હવે તેમના ઉપર કોણ કરૂણા કરે? કલ્યાણીથી આઠ મજલપર વીલા પડેલા મીરે આવી મુકામ કર્યો. ઘણી વાટ જોઈ અને તલાસ કરી ત્યારે તેની સાથે ગૂજરાત ગયા હતા તેઓમાંના સુમારે એક ચતુર્થાંશ આદમી આવી મળ્યા બાકીનામાંના ઘણાક માર્યા ગયા, કેટલાક બંધીવાન થયા, ને કેટલાક જ્યાં નાઠા તેમનો ફરીને પત્તો લાગ્યો નહિ. સરદારો અને નાયકોમાંના ઘણાખરા રણમાં પડ્યા; તેમણે નાસવું નાપસંદ કર્યું.

ઘેર ઘેર રડાપીટ થઈ રહી અને રંડાપો આવ્યો. કોઇના બાપ કાકા મુવા, કોઈના ભાઈ ભત્રીજા, કોઈના મામા ભાણેજ, કોઈના સાળા બનેવી, કોઈના એકના એક પુત્ર, કે જમાઈ, બહોળા કુટુંબોને જે પુરૂષોની કમાઈ ઉપર આધાર હતો, અને જેઓ ફાંકડા બની ગૂર્જરાતથી દ્રવ્ય હરણ કરી લાવવા અશ્વને થનથન નચાવતા ગયા હતા, તેઓ પાછા ઘેર આવ્યા નહિ, તેથી તેમનાં કુટુંબ રોવા લાગ્યાં. બાયડીઓ માથાં કૂટે, ને વિલાપ કરે. હારની ખબર થતાં કલ્યાણી નગરમાં અને આખા રાજ્યમાં ઉદાસી પ્રસરી. ચોટામાં હડતાલ પડી, ને બજાર બંધ રહ્યા. મીર રાજાની હજુરમાં જતાં લજવાણો તેથી દૂર પડી રહી પરાજયની હકીકત બીજા જોડે કહાવી. આ ખેદકારક બનાવ જાણી ભૂવડ અતિ શોકાતુર થયો. તેની આંખોમાંથી આંસુની ધારા વહી. પોતાની પ્રજાને રડતી કકળતી સાંભળી તેની છાતી ભરાઇ આવી. આખી રાત તેને નિદ્રા ના આવી, ને અનેક વિચાર સુઝયા. બીજે દહાડે તેને ધીરજ આવી. આપત્તિને સમયે ધૈર્ય રાખે તેજ ખરો નર, દુર્ભાગ્યથી હિમ્મત હારે તે વાનર એમ વિચારી તેણે મીરને સંધેસો કહાવ્યો કે જરા ગભરાશો ના, સર્વેને હિંમત આપજો. હું છાવણીમાં આવી ફરી સવારી કરવાની તઇઆરી કરીશ, ને પંડે સેનાની સાથે આવીશ.

કલ્યાણીમાં તેણે સર્વેને ધીરજ આપી, ને કારભારીઓને લઈ છાવણીમાં ગયો. રાજમંદિરમાંથી નીકળતી વખતે તેણે પણ લીધું કે જયશિખરને હરાવી પંચાસર જીતીશ ત્યારેજ અહિં પાછો આવીશ. રાજ્યનું દિવાની તથા મુલકી વસૂલાત ખાતાનું કામ મુખ્ય પ્રધાન, અને પટરાણીને સોપી પોતે વડા રાજકુમાર કરણને લઈ મીરની છાવણીમાં ગયો. અહિં તેણે ભારે તૈયારી કરી પોતાના બધા ગઢના કિલ્લેદારોમાંના અર્દ્ધ ભાગને હજૂરમાં બોલાવ્યા, ને તમામ દેશના જુવાન અને પુખ્ત ઉમરના માણસોને ફોજમાં દાખલ કર્યા. બીશ વરસથી ચાળીશ વરસ સૂધીનાને સૈન્યમાં સામીલ થવાની ફરજ પાડી. તાલુકદારોને અને માંડળિક રાજા રાણાંઓને તેમની ફોજે સહિત બોલાવ્યા. મિત્રાચારી રાખનારા રાજ્યાધિપતિ કનેથી નાણાં ઉછીતાં

લીધાં. તેમના દેશોમાંથી ધાન્ય, ડેરાતંબુ, તરવાર, ભાલા, વગેરે સાહિત્યો વેચાતાં આણ્યાં, અને તેમની જોડે દોસ્તીના કરાર કરી તેમની કુમક પણ લીધી.

સને ૧૭૬૧ માં પાણીપતની ત્રાસદાયક હાર અને કતલના સમાચાર જાણી મહારાષ્ટ્રનો બ્રાહ્મણ અધિપતિ પેશવા બાલાજી નિરાશ થઈ ખેદથી મરણ પામ્યો. મોટા પરાજયની અને ભારે કતલની ખબર સાંભળી તેની ગતિ ભંગ થઈ ગઈ. ગયેલું માન પાછું મેળવવાને તેણે કાંઈ ઈલાજ કર્યા નહિ તેમ આ પૂરવીઆ ક્ષત્રીરાજાએ, આ રજપૂતે કર્યું નહિ. તેણે હિમત ધરી સઘળા બનતા ઉપાય કર્યા. ઠંડે પેટે અતિ મોટું પ્રબળ સૈન્ય એકઠું કર્યું, ને માર્ગને માટે જોઈતી સામગ્રી ભેગી કરી તમામ બંદોબસ્ત કર્યો. કૂચ કરવાનો સમય આવ્યો ત્યારે સામંતો, સરદારો, નાયકો, અને સિપાઇઓને મોટા મેદાનમાં સલામ લેવાને ભેગા કરીને કહ્યું કે, તમે શૂરવીર છો, શૂરવીરનું પરમ લક્ષણ એ છે કે પડે પડે ને પાછો ઊઠે, હારથી ભયભીત ન થાય, પરાજયથી નિરાશ ન થાય, સંકટથી ડરે નહિ. મહા શૂરા લડવઇઆ પણ વખતે હારે છે. "ઘોડે ચડે તે પૃથ્વી પડે, ને ભણે તે નર ભૂલે." જીતવું હારવું એતો મહા વીરોને કર્મે સરજેલુંછે. પરાજયથી તેમનો જોસ્સો વધેછે. પહોળો ખાડો કૂદવો હોયછે ત્યારે પાછા હઠી દોડીને ઠેકડો ભરીએ તો કૂદી જવાયછે. શસ્ત્રનો ઘા જોરથી કરવાને હાથ પાછો હઠેછે તેમ આપણે ગૂજરાત ઉપર કારી ઘા કરવાને પાછા હઠ્યા છીએ. હવે મારી સંગાથે હીંડો ને જસ લ્યો, ગૂજરાતને વશ કરો, ગુર્જરોને હણો ને પૃથ્વી ઉપર નામના કરો. આવતી કાલે મોટે મસળકે કૂચ કરવા માંડજો." એના જોસભેર બોલેલા બોલોથી જોદ્ધા ખૂબ ઉશ્કેરાયા, ને સર્વે એકે સાદે ગર્જના કરી કે, "ચાલુક્ય મહારાજની જે, સોલંકી રાજાધિરાજની જે, કલ્યાણપતિની જે."

ગુર્જર દરબારને આ બધી તૈયારીની ખબર હતી. જયશિખરના મિત્ર ભૂપતિઓએ, તથા ખબર કહાડવા છાના મોકલેલા ચાર લોકે તેને સઘળી હકીકતથી વાકેફ કર્યો હતો. ભૂવડ પોતે આવેછે એ

સાંભળી તે હરખાયો. પોતાની બરોબરીઆ જોડે યુદ્ધ કરવાનો લાગ આવ્યાથી તેનું મન પ્રમોદ પામ્યું. પ્રધાનોને તેણે આજ્ઞા આપી કે ત્વરાથી પત્રો લખી તથા ખેપીઆ મોકલી' ખંડીઆ રાજા રાણાને તેમનાં સૈન્ય સહિત તેડાવો, ને પંચાસરમાં ત્રણ લાખ માણસને વર્ષારતુ લગી પહોંચે એટલું અન્ન ભરો. મોટો ઝઘડો અહીં થશે એવું સંભવેછે. શહેરની વસ્તીમાંની સ્ત્રીઓને, બાળકોને, તથા ઘરડાં ખોખરાંને સોરઠ મોકલી દો. મારવાડ, મેવાડ, અને માળવાના રાજાઓની કુમક માગો. તેમને કહાવો કે આજે અમારો વારો છે ને કાલે તમારો આવશે. લોભીઓ ને અભિમાની ભુવડ આપણા સર્વેનો સામાન્ય શત્રુ છે. આ પ્રસંગે આપણા સર્વેનું બળ એકઠું કરવું જોઇએ. મારી વહારે તમે ચઢશો તો હું તમારો આભાર ભૂલનાર નથી એમ કહાવજો. વળી તેમને ખરચ આપવાનું કબૂલ કરજો.

સુરપાળે નમનતાઈથી અરજ કરી કે સ્વામીએ ફરમાવ્યું તે ઠીક છે. પણ પારકા ઉપર આધાર રાખવો એ ઘણીકવાર હાનિકારક છે. 'આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ,' એ પૂર્ણ ખરૂં છે. આ રાજ્યની તમામ રૈયતને શસ્ત્ર બંધાવો. ભૂવડને હરાવવાનો એજ ઉપાય સાચો છે, બીજા બધા કાચા છે. આપણી પાસે હથીઆર પુષ્કળ છે. શસ્ત્ર ભંડાર મેં તપાસ્યા છે, ને ભરપૂર રાખ્યાછે.

ભૂપતિ ખેદ પૂર્વક ઓચાર્યો કે તમે કહોછો તે સત્ય છે, ને હું જાણુંછું, પણ 'અહિંસા પરમો ધર્મ.' એણે મને નબળો કરી નાખ્યોછે; બૌદ્ધ મતે સત્યાનાશ વાળ્યું છે, શ્વેતામ્બરોએ નખોદ વાળ્યું છે. એણે મારા હજારો જોદ્ધાઓનાં હથીઆર મૂકાવ્યાં છે. મોટા મોટા વીરો સંસાર ત્યાગ કરી સાધુ થઈ ગયા*છે. મારા હ-

*આ કલ્પિત નથી. જયશિખરના વખતમાં, તેના પહેલાં અને પછી સેંકડો વર્ષ સુધી એમ બન્યું હતું. પ્રખ્યાત ચંદ બારોટે પૃથુરાજ રાસમાં લખ્યું છે કે સંવત ૮૨૧ માં અજમેરની રાજગાદીએ વીસળદેવ રાજા બેઠો. એ રાજાના કુંવર સારંગદેવે બૌધ ધર્મનું જૂઠું જ્ઞાન માની ક્ષત્રીના કર્મો તજ્યાં. કુંવરના મિત્ર કોઈ વાણીઓ હતો તેને જંગલમાં વાઘે માર્યો તેના શોકથી ઉદાસમાં હતો તેવારે

જારે ગુર્જર રજપૂતો તીરકામઠાં, તરવાર, અને બરછી તજી લેખણુ અને ચોપડા લઈ વેપારી થયાછે. જેમના ભાલા વાઘની છાતીમાં ભોકાતા તેઓ કીડીઓને લોટ ખવડાવેછે, અને બકરીઓને પાંજરામાં રાખી સંભાળે છે, હીંગ તોળનારા ગાંધી થઈ હાટ માંડેછે. જેઓની તરવાર રણમાં શત્રુનું લોહી પીતી તેઓ સાહુકાર થઈ હુંડી પત્રી લખેછે. ઝવેરી થયાછે, ડોશીવાણીઆ થયાછે, દેશ પરદેશના માલ વેચેછે, નેસ્તીની દુકાનો ચલાવેછે, ને લોકને વ્યાજે નાણાં ધીરેછે. તેઓ ભલે ઉધમ કરતા; પણ તેમને ઠેકાણે બીજા જોઈએ. જો મારા સઘળા ગુર્જરો શસ્ત્ર ધરી ટોળે મળે તો મોટી સંખ્યા થાય. તે બધા શૂરા હોય તો ભૂવડની શી તાગાત છે કે મારા રાજ્યની સરહદ ઉપર પગ મૂકે! વીશથી પચાસ વરસની વયના બધા ગૂજરાતીઓને ભેગા કરીએ તો લાખો માણસ થાય. હિંસા કર્યા વિના લડાઈ ના થાય. લડાઈમાં દુશ્મનને મારવા પડે; પણ એ લોક હિંસા કરવાના નહિ. એ બકાલ થઈ ગયેલા ભાજી-

---

કોઈ બૌધ જતીએ તેને પોતાના માર્ગનું જ્ઞાન સમજાવી દીક્ષા આપી. વીશળદેવ રાજા એથી બહુ ખેદ પામ્યો. તેણે પુત્રને બોલાવી સમજાવ્યો ને પાછો ક્ષત્રી કર્યો.

ચંદની ભાષા.	ગૂજરાતી.
"અતિ દુચિત ભયો સારંગદેવ ॥	અતિ દુખી થયો સારંગદેવ ॥
નિત પ્રતિ કરૈ અરિહંત સેવ ॥	નિત્ય કરે છે અરિહંતની સેવ ॥
બુધ ધ્રમ લિયો બાંધે ન તેગ ॥	બુધ ધર્મલીધો, બાંધે નહિ તરવાર ॥
સુનિ સ્રવનરાજ મન ભો ઉદેગ ॥	સુણી સમાચાર રાજાનું મન થયું ઉદ્વેગ ॥
બુલ્લાઈ કુંવર સનમાન કીન ॥	બોલાવી કુંવરને સનમાન કર્યું ॥
કિહિ કાજ તુમં ઈહ ધ્રમ્મલીન ॥	કયે કાજે તમે એ ધર્મ લીધો ॥
તુમ છંડિ સરમ હમ કહોબત ॥	તમે છાંડી શરમ અમને કહો વાત ॥
બાનક્ક પુત્ર હન તેં દુચિત ॥	વણિકપુત્રનાહણાવવાથીતું દુખીછે ॥
ઇહ નષ્ટ ગ્યાન સુનિયે ન કાન ॥	એ નષ્ટ જ્ઞાન સુણિયે ન કાન ॥
પુરષાતન ભજે કત્તી હાન ॥	પુરૂષાતન જઈ કીર્ત્તિની હાની(થાય)॥
તુમ રાજ વસં રાજહન સંગ ॥	તમે રાજવંશી રાજાની સંગે ॥
મૃગયા સરખેલો બન દુરંગ ॥	મૃગયા રમો દુર સુધીના વનમાં ॥
પરબોધ તજો બોધક્ક પુરાણ ॥	જુઠાણું તજો પુરાણુનો બોધ લ્યો॥
રામાયન સુનક્કુ ભારથા નદાન ॥	રામાયણ સાંભળો, વળી ભારતસુણો.

ખાઉ રણસંગ્રામમાં શા કામના ! એમને બળાત્કારે આણી સૈન્યમાં ઘાલ્યા તો ઊલટી આપણી ખરાબી થાય. દુશ્મનના હૂમલાથી તેમનાં ધોતીઆં છૂટી જાય ને પાધરા નાસે. આહાર બદલવાથી બળહીન અને નાહિમ્મત થઇ ગયાછે. એ બીકણોના શોર બકોરથી ને ભાગવાથી આપણી ફોજના લડનારા શૂરવીરો પણ ગભરાય. ગઈ લડાઈમાં આપણું કમકીવત હતું તે એજ કારણથી. ઘણા ગૂર્જરો વાણીઆ થઈ ગયાછે, ને બીજી વર્ણોમાંના પણ ઘણા એ મતના થયાછે, તેથી આપણું લશ્કર શત્રુના કરતા નાનું છે. અપશોચ ! પણ હું હિમ્મત હારતો નથી. એ નાનું છે પણ તે ભાડુતી નથી. મારા ચાવડા, મારા ગૂર્જર, જોદ્ધા માત્ર લુણને માટે, કે પગારને સારૂ લડનારા નથી; તેઓ પોતાની જન્મ ભૂમિનુંરક્ષણ કરવું, પ્રતાપી ચાવડાવંશને માટે, વહાલી ગૂજરાતને સારૂ જીવ આપવો એ પોતાનો ધર્મ સમજી દેશની લાજ રાખશે. વાસ્તે હિમ્મત રાખી તત્પર થાઓ. આપણી ગૂર્જર માતાના રક્ષણને માટે પ્રાણાંત સુધી યુદ્ધ કરવું એ આપણો મુખ્ય ધર્મ છે. એથી મુક્તિ મળશે. હાલો શૂરવીરો કમ્મર બાંધો ! સજ થાઓ !

થોડા માસમાં જેટલી થઈ શકે તેટલી તઇઆરી કરી જસરાજ ભૂવડને સામો મળવા ગયો. માર્ગમાં બેહુનો મેળાપ થયો. પણ ગૂર્જરેશ્વરે જોયું કે શત્રુનું દળ પોતાનાથી ત્રમણા ઊપરાંત છે, માટે ગઢને આશ્રયે રહીને લડવાની જરૂર છે. યુકિતથી પંચાસર ભણી તે વળ્યો. સુરપાળ મોખરે રહી દુશ્મનની ટક્કર ઝીલે, ને જયશિખર કૂચ કરવાની ગોઠવણ કરે. ગૂર્જર સેનાને રોકી સંગ્રામ કરવાની ભૂવડે બહુ તજવીજ કરી, પણ જયશિખરે તેને ફાવવા દીધો નહિં. રાજા ભૂવડ પણ મોટો ચતુર લડવૈયો હતો તેને સમાચાર મળ્યા હતા કે સકળ ગુર્જર સૈન્ય જયશિખરની જોડેછે. પંચાસરના ગઢમાં એટલા થોડા રખવાળછે કે તેમનો પરાજય સહજ થઈ શકે, ને મોટું કિલ્લા કોટવાળું દ્રવ્યથી છલકાઈ જતું નગર થોડી મહેનતે હાથ આવે, ને પછી ગુર્જર રાજાને જીતવાનું કામ સહેલું થાય. પોતાના ટીલાટ કુંવર કરણને સુરપાળ ઉપર ધસારો કરવાની આજ્ઞા કરી

ભૂવડ પંડે કેટલુંક લશ્કર લઈ ગુર્જરોને કોરે મૂકી આડી વાટે ને ઉતાવળી ચાલે પંચાસરપર ઓચિંતો છાપો મારવા ગયો.

સુરપાળનો સંદેશો જયશિખરને મળ્યો કે સોલંકી સેનાએ હલ્લાં કરવા માંડયાંછે, તેજ ક્ષણે ભેદુઓ ખબર લાવ્યા કે આડવાટે ઉતાવળી કૂચ કરી વહેલાં પંચાસર પહોંચવાને કેટલુંક લશ્કર લઈ ચાલુક્ય રાજા પંડે નીસરી ચૂક્યોછે. ગુર્જરેશ્વરે તુરત સુરપાળને કહાવ્યું કે તારી, મારી, અને આપણા દેશની લાજ તું અને તને સોંપેલા શૂરવીરો રાખજે, હું ભૂવડને અટકાવવા જાઉંછું.

અહિં કરણનો હૂમલો જબરદસ્ત હતો. તે જાતે ભાલો લઈ સુરપાળ ઉપર દોડી આવ્યો. નજીક આવી એટલા જોરથી ભાલો ફેંક્યો કે જો ગુર્જર સામંત તત્કાળ વાંકો ન વળ્યો હોત તો તેજ વેળા તેનો પ્રાણ જાત. પાછો ઝટ સીધો થઈ તેણે પોતાનો ભાલો કલ્યાણીના યુવરાજ ઉપર નાખ્યો, તેથી તેના મસ્તકનો ટોપ ઊડી ગયો. એ અપમાનથી કોપાયમાન થયેલો કુંવર તરવારે તેનો શિરચ્છેદ કરવાને ધસ્યો. સુરપાળે તેની ફાળ ચૂકાવી તેને એવો ઝટકો લગાવ્યો કે તે ઘોડાપરથી ઊથલી પડયો ને મૂર્છા પામ્યો. રાજકુંવરનો જીવ બચાવવાને એ વેળા તેની ફોજે ભારે જુદ્ધ કર્યું. બેહોશ થઈ ભૂમિએ પડેલા શત્રુને પોતાને કબજે લેવાને ગુર્જરો પણ ખૂબ લડયા, તથાપિ પાર પડયા નહિ. શત્રુ પોતાના રાજકુમારને છાવણીમાં લઈ જઈ શક્યા. મૂર્છામાંથી જાગ્યા પછી તેણે તિરંદાજોને લડવા મોકલ્યા. સુરપાળે તેમને પાછા વાળ્યા; રાત પડવાથી ઝઘડો બંધ પડયો.

રાજા જયશિખરે ભૂવડને પકડી પાડયો. પ્રાતઃકાળે તેના ઉપર હલ્લાં કરવાને તેણે રાતમાં સર્વે રચના કરી રાખી, પણ સવારે સૂર્યોદય થતાં જોયછે તો સોલંકી સેના મળે નહિ. કરણની માઠી દશા થયાના સમાચાર મળતાં ભૂવડે પાછાં ફરી તેને જઈ મળવાનો હુકમ કર્યો હતો. તે ખબરદાર રાજાએ જોયું કે આ વખતે જરા ચૂક થતાં મીરના જેવી મારી ખરાબી થશે. ગુર્જર સૈન્ય સંખ્યામાં ઊતરતું છતાં જયશિખર અને સુરપાળ યુદ્ધકળામાં એવા અનુભવી અને કુશળછે કે ખૂબ સાવચેતી ન રાખી તો સોલંકી ફોજ સંકટમાં

આવી પડે; એમના દાવપેચનો સ્વાદ તેના સુભટોએ ચાખ્યો હતો. ફસાઈ ન પડવાની મીર વગેરેની વિનંતિ ઉપરથી કાંઈક નાઉમેદ થઈ તે રતોવાઈ પાછો ફર્યો; ને પોતાના મોટા લશ્કરને ભેગો થયો. જયશિખર અને સુરપાળ પણ પાછા એકઠા મળ્યા. ઘણીજ ચાતુરીથી પાછાં હઠતા સહી સલામત તેઓ પંચાસરના થડમાં આવ્યા.

खंड ६ मो.

पंचासरनो संग्राम, ने मीरनी हार. पंचासरनी घेरो. भट्टनी बहादुरी अने मरण. सुरपाळने लांचथी फोडवानो प्रयत्न.

પંચાસર આગળ ભારે જંગ મચ્યો. બંને પક્ષના હજારો સિપાઈ રણમાં પડ્યા, સેંકડો નાયકો ધૂળમાં રગડોળાયા, ને મોટા મોટા સુભટોની ઘાત થઈ. ચાલુક્ય સેનાનો મુખ્ય સામંત, ભૂવડનો વહાલો વીર, પૂરબીઆ સિપાઈનો માનીતો સરદાર, અને પોતાના પરાજયથી દાઝે બળી રહેલો મીર વેર વાળવાને અને પોતાની ગયલી પ્રતિષ્ઠા પાછી મેળવવાને, ઘણો આતુર હતો. સુરપાળને હણીશ ત્યારે શાકર ખાઈશ એવું તેણે પોતાના દેશમાં સોલંકી દરબારની સમક્ષ પણ લીધું હતુ. અને ગુજરાતમાં પ્રવેશ કર્યા કેડે સેનાને પાનો ચડાવવાને તેની રૂબરૂ બીજી બાધા લીધી કે સુરપાળનો પ્રાણ લેતા સૂધી દૂધ નહિ ચાખું. તેની લાજ લેનાર, સેંકડો સંગ્રામમાં પ્રાપ્ત કરેલી તેની કીર્તિનો ભંગ કરનાર મોટો વેરી સુરપાળ તેની કલ્પનામાંથી ખસતો નહિ. સમણામાં તેને સુરપાળની ઝંખના થતી, ને ક્રોધે ભર્યો જાગી ઊઠી બૂમો પાડતો કે સુરપાળને હણો, સુરપાળને મારો, કાપો, એણે મારૂં નાક વાઢ્યુંછે! એને હું નહિ છોડું, એને હું જીવતો નહિ રહેવા દઊં. વૈર અને ક્રોધનો ઊભરો વધારેવાર મનમાં શમાવી શકતો નહતો એ જોઈ ભૂવડે વીણી કહાડેલા સ્વારો આપી તેનેજ પ્રથમ હલ્લો કરવા મોકલ્યો. જયશિખરે તેને બે વાર પાછો હઠવ્યો; ગૂર્જર કોળીઓનાં તીરથી ઘણા શત્રુ વીંધાઈ મરણ પામ્યા. સુરપાળને ખોળતો મીર ફરી ફરીને આવતો હતો. જયશિખરે જાણી જોઈને

સુરપાળને પાછળ રાખ્યો હતો, પણ અંતે તેના કાલાવાલાથી આગળ આવવા દીધો.

ત્રીજા હલ્લામાં તેને જોઇ મીરની આંખો લાલચોળ થઇ ગઇ. દાંત પીશીને તે બોલ્યો કે, બચ્ચા આવ! આજ તેને હું છોડનાર નથી; આજ તારૂં મૃત્યુ છે. હું તને પાછો જીવતો જવા દેવાનો નથી. સુરપાળ ઘોડે હતો માટે પોતે પણ હાથી ઉપરથી ઊતરી ઘોડે ચડ્યો, ને તિરસ્કારના અપશબ્દો બોલતો ગુર્જર સામંત ઉપર ધાયો. તેને આવતો જોઇ શૂરો સુરપાળ હર્ષથી પ્રફુલ્લિત થતો સામો જઇ બોલ્યો કે હે મહાન શત્રૂ! તું અકળા ના, ધીરો પડ. 'ઉતાવળા સો બહાવરા ને ધીરા સો ગંભીર.' આપણે ગંભીરતાથી લડીએ. હું તને થોડીવારમાં સૂંઠનો સ્વાદ ચખાડીશ, ને તારા ઊકળતા લોહીનો જોશ નરમ પાડીશ. તારા મગજ ઉપર રક્ત ચડી ગયુંછે, માટે તને ફસ્દ ખોલવાની જરૂર છે. હું તને મારા ભાલાવડે સંધરા આપીશ. મીરે પ્રત્યુત્તરમાં બાણની વૃષ્ટિ કરી. સુરપાળના કવચને અથડાઇ તેઓ નીચે પડયાં. થોડીવારમાં બેઉ પાસે આવી પોહોતાં. સુરપાળે પૂર્ણ જોસ્સાથી ધશી પોતાનો તીક્ષ્ણ ને ભારે ભાલો મીરની કુખમાં એટલા બળથી ચાંપ્યો કે તેના ધક્કાથી મીર ઘોડેથી ઊથલી હેઠે પડ્યો, ને ભાલાની અણી તેના બખ્તરને ભેદી પેટમાં પેઠી. એ વેળા ગૂર્જર ફોજમાં જય જયકાર થયો. શાબાશ, શાબાશ, ફતેહ ફતેહ, વાહ! વાહ! એવો પોકાર ચોમેર ઊઠ્યો.

સોલંકી રાજા પંડે મીરની મદદે દોડી આવ્યો. આણી તરફથી ગુર્જરેશ્વર પણ પોતાના સુભટોને લઈ સુરપાળની કુમકે આવ્યો, અને બેઉ સેના વચ્ચે ઉગ્ર યુદ્ધ થયું. આયુદ્ધ આયુદ્ધને અથડાય તેના ખણખણાટ, રણસીંગાના શૂર ચડાવનાર નાદ, જોદ્ધાઓની બૂમો, તેમનાં શસ્ત્રોના ચળકાટ, ઘોડાનું ખંખારવું, હાથી અને રથની દોડાદોડ, તીરના વરસાદ વગેરેથી રણભૂમિ ભયાનક થઇ ગઈ. ખેતરની માટીનો લોહીથી કાદવ થયો. આકાશ ધૂળથી છવાયું. મીર પડ્યો હતો ત્યાં તો કતલ થયેલા સિપાઇના એટલા ઢગલા થયા કે અશ્વાદિક વાહનને જવાની જગા રહી નહિ. પરંતું મીરને ઝાલવાનો

સંતોષ ગુર્જર સેનાને મળ્યો નહિ. ડોળીમાં સુવાડી તેને ભૂવડ પોતાની છાવણીમાં મોકલી શક્યો. એ કરવામાં તેના હજારો જોદ્ધા મુવા ને પંડને પણ ઘા લાગ્યા. વગર વાંકે પોતાના દેશને પાયમાલ કરવા આવેલા, અને પોતાની નિરપરાધી રૈયતને મારનાર તથા લૂંટનાર રાજા ઉપર કોપ કરી વિકરાળ રૂપે દુશ્મનોનો સંહાર કરતો જયશિખર ભૂવડની લગોલગ આવ્યો. તેના એક બાણે ચાલુક્ય પતિના હાથીની અંબાડી ઉપર ઊડતી ધજા ચીરી નાખી, ને બીજે ધજાદંડ ખંડન કર્યો. ભૂવડના હાથીના અંગમાં ઠામઠામ તીર ભોકાઈ રહ્યાં હતાં. જયશિખરનું એક બાણ તેના બાહુનું કવચ ફાડી તેની ચામડીમાં ઘૂસ્યું, પણ તે ડગ્યો નહિ. બેહુ ભૂપાળ હઠે ભરાયા, ને મરવું કે જીતવું એવો નિશ્ચય કરી વઢ્યા. ભૂવડના બાણે કરીને જયશિખરની અંબાડીનું છત્ર ભંગ થયું, અને તેની બરછી તેના હાથીના કુંભસ્થળમાં ભોકાઈ. જેમ બેહુ મહારાજ મહા શૂરવીર હતા તેમ તેમના ગજરાજ પણ અતિ બહાદુર હતા. તેમનાં શરીર વીંધાઈ જઈ લોહીની ધારાથી લાલ થયાં, પણ કોઇએ પાછી પાની કરી નહિ. ચારે તરફ કતલ ચાલી રહી. ભાલા, તીર, ને તરવાર જોદ્ધાના અંગમાં ભચાભચ ભોકાઈ ફુવારાની ધારાની પેઠે લોહીની ધારા ઊડી, ને ધડશિષ જુદાં પડ્યાં; ગદાથી મસ્તકનાં ફાડચાં થયાં, ને ચક્રથી શિરચ્છેદ થયા. ઘાએલ થઈ પડેલા જોદ્ધા, તેમનાં અંગ હાથી ઘોડાના પગ અને રથનાં પૈડાં તળે ખુંદાવવાથી, જખમની વેદનાથી, અને પાણીની તરસથી ચીસો પાડે. પણ તેમને કોણ ગણકારે. રાત પડીને અંધારૂં થવાથી એક એકના મુખ સુઝયાં નહિ ત્યારે બંને લશ્કર છૂટાં પડી પોતપોતાને મુકામે ગયાં.

રાત્રીએ રણક્ષેત્ર ત્રાસદાયક દીસવા લાગ્યું. ઘાયલ થઈ પડેલા વીરોની વેદનાની ચીસો, કોઈના અંતના શ્વાસોશ્વાસ, લૂંટવા આવેલા ચોર અને ખાવા આવેલાં શિયાળવાંને હાંકી કાઢવાને કોઇની બૂમો, મરવા પડેલા ઘોડાનાં અને માણસનાં તરફડીઆં, કૂતરાંનું ભસુંનું, શિયાળવાંનું ભૂંકવું, જખમી થએલા જોદ્ધાને ઉપાડી ઔશધશાળામાં લઈ જવાને રાજાએ મોકલેલા આદમીઓનું કલકલાણ, અને તેમની

જોડે મસાલો લઇને આવેલા હજામોનું ભયથી ભડકવું, લોહી લુહાણ થયેલાં મુડદાં ઉપર અથડાઇ પડવું, અને લોહીથી ખરડાવું, એ સર્વે કમકમાટ ઉપજાવે તેવું હતું. કોઇનાં ગળાં તરસે સુકાઈ જતાં હતાં તેઓ પાણી લાવો, પાણી લાવો, એમ મોટે સાદે પોકારતા હતા.

એક ગુર્જર કુટુંબમાં બે ભાઈ બોધ સંપ્રદાયમાં દાખલ થઈ વાણીઆ થયા હતા, અને તેમનો ત્રીજો જુવાન ભાઈ રજપૂત રહી સંગ્રામમાં સામિલ થયો હતો. તે ઘવાણોછે એવી ખબર સાંભળી તેઓ તેને ઘેર લઈ જવાને ચારપાય લઈ રણમાં ખોળતા આવ્યા. તેમને એ દેખાવ જોઈ ચીતળી ચડી. અસંખ્ય મુડદાં, અગણિત ઘાયલ માણુસો, કોઈની આંખ ફૂટેલી, કોઇના હાથ કપાયલા, કોઇના પગ છુંદાયલા, કોઇની છાતીઓમાં ભાલાથી ઊંડા ખાડા પડેલા, કોઇના કપાળમાં તીર વાગેલાં, કોઇનાં પેટ ચીરાયલાં, જખમો સુણી ગયલાં, કોઇનાં માથાં છુંદાઈ ગયલાં, લોહી વહેતા હાથ, પગ, માથાં ને ધડ ઠેકાણે ઠેકાણે રઝળે. કોઈની આંખો ઠરેલા લોહીથી ઢંકાઈ ગયલી, કોઇ મ્હો વકાશી ચત્તા પડેલા, મિત્ર અને વેરીની લોથના ઢગલા, સિપાઈ અને સરદારના મુડદાં લોહી અને ધુળથી આચ્છાદન થઇ ગયલાં જોઈ તેમને કંપારી છૂટી. રકતથી થયેલો કીચડ ખુંદતાં તેઓ ઘણું ભમ્યા ત્યારે પેલો ભાઈ જમીન ઉપર પડેલો જડ્યો. તરવારના ઝટકાથી તે ઘવાણો હતો ને ઘાવ સૂજ્યો હતો. તેના માથામાંથી શોણિત વહેતું હતું, ને તેની આંખ બંધાયલા લોહીથી મીચાઈ ગઈ હતી. પેટ ચીરાવવાથી મરવા પડેલો ઘોડો તેની પાસે પડ્યો હતો. ભાઈ પાણી લાવ્યા હતા તે વતે તેમણે તેનું મોઢું ધોયું, એટલે આંખો ઉઘાડી તે જાગરત થયો, ને બોલ્યો, મારો, મારો, શું જુવોછો. પેલા ભાઈ કહે એ તો સોલંકી નહોય, અમે તારા ભાઈ છીએ. રે ભુંડા! આ તારી શી માઠી વલે! આ દરદ તારાથી કેમ ખમાયછે! અમે અને જતીએ તને ઘણોએ સમજાવ્યો કે તું પાપ કરવા ના જા, હિંસા કરવાનું, હથીઆર લઈ લડવા જવાનું આ ફળ જોયું! જો અમે કેવા કંઠા, ડુંપીઆ, *કડાં, કંદોરા પહેરી સુવસ્ત્ર ધારણ કરી સુખે જમીને આવ્યા છીએ. 'જીવ્યો નર ભદ્રા પામે,' મુવા

પછી વહાલાં પોક મૂકે એજ, જો તને પીવાને પાણીએ નથી. આ મડદાંને કાલ સવારે ગીધ, કાગડા ને કૂતરાં ચીરી ખાશે, ને તેમનાં હાડકાં રઝળશે. આ તારી અવસ્થા જો. ઊઠ ઘેર જઈએ. હવે એવાં ખોટાં નિર્દય કામમાં ન પડતો. એ સાંભળતાં પેલા જોદ્ધાના ડોળા લાલ થયા. લોહી ગયાથી નબળો પડેલો છતાં તે તતડીને બોલ્યો કે આપણી જન્મભૂમિના બચાવને માટે, આપણી માતાની લાજ રાખવાને, આપણા જાન માલનું રક્ષણ કરનાર મહારાજને ઊગારવાને લડવું, આમણા દેશને લૂંટવા આવેલા શત્રુને હણવા એને તમે ખોટું કામ, નિર્દય કર્મ, હિંસા કહોછો, પાપ કહોછો! જાઓ. દુષ્ટો, બળ્યો એ તમારો જીવ દયાનો ધર્મ! ધિક્કાર છે તમારી ભદ્રાને! ધૂળ પડી તમારા જીવતરને, તમારા સુખે જમવાને! તમારાં લૂગડાં ઘરેણાંને! જાઓ બાયલા! કીડીને લોટ મૂકો, માંકણ ચાંચણને પાળો! જાઓ કાયર હરામખોરો, બકરાંને છોડાવનારા અને આપણા બંધુ જે માણસ તેમને દુઃખે મરવા દેનારા જાઓ! નાના જીવને ઉગારનારા અને મોટા જીવને મારનારા કપટીઓ! જાઓ તમારૂં કાળું કરો!! ઢીલ ભાજી ખાઉ! તમારામાં તે શૂર ક્યાંથી આવે! શસ્ત્ર વાપરવાનો અનુભવ તમને કેમ થાય! પ્રભુ મને સાજો કરી ફરી ઊઠાડશે તો મારો પ્રાણ જતાં સુધી મારા રાજાની ફોજમાં રહી સેવા કરીશ, અને મારા દેશના દુશ્મનને આ તરવારે કાપીશ, એમ કહી બેઠો થયો. એવામાં ચોર આવ્યા તેમને જોઈ તેના ભાઈ ઝટ નાઠા. ચોરે તેમની પાછળ પડી પાએક ગાઉપર પકડી પાડી તેમનું સર્વસ્વ હરી લીધું, ને વાણીઆભાઈ રડવા બેઠા. તેમનાં લૂગડાંની ગાંસડી બાંધતા હતા તેવામાં પાછળથી પેલે જોધ્ધે આવી પોતાની લોહીવાળી તરવાર ચલાવી. એક ચોરના માથાના એકજ ઝટકાથી બે ભાગ કરી નાંખ્યા એટલામાં બીજા જીવ લેઈને નાશી ગયા. ગયેલાં લૂગડાં ઘરેણાં પાછાં લઈ ભયથી ધ્રૂજતા ભાઈઓને પહેરાવી તેમની સાથે ઘેર ગયો, ને ઘાને પાટો બંધાવી ખાઈ તાજો થઈ સવારે પાછો લશ્કરમાં સામિલ થયો.

પોતપોતાના મુવેલા સિપાઈઓને બાળવાને (અને બાળવાને લાકડાં પૂરાં ન પડે તો પછી દાટવાને), તથા ઘાએલોને ખેતરોમાંથી લઈ

જવાને બેહુ રાજાએ ત્રણ દિવસ લગી વરવાદ બંધ રાખવાનો ઠરાવ કર્યો. અવહાર પૂરો થયા પછી શું કરવું તેનો મનસુબો બન્ને સેનાના અધિપતિઓએ કર્યો. બેહુ લશ્કરનો ઘાણ વળ્યો હતો. ચાવડા કરતાં સોલંકી ફોજમાં વધારે માણસ મરણ પામ્યા તથા જખમાયા હતા, પણ મૂળમાં ચાવડા રાજાની ફોજ ઘણી ઓછી હોવાથી તે વધારે નબળો પડ્યો.

ભટ્ટ નામે સામંત બીજી તાજી ફોજ લઈ ભૂવડની કુમકે બીજે દહાડે કલ્યાણીથી આવ્યો. તેને એક રોજ વિશ્રામ આપી સોલંકી-રાયે ગૂર્જરસેનાપર હલાં કરવા મોકલ્યો. ભટ્ટના લશ્કરને સુરપાળે પાંચવાર મહા પરાક્રમ કરી પાછું હઠાવ્યું, ને ભૂંવડે પંડે તેને હિંમત આપીને તથા સજાનો ભો બતાવી પાંચેવાર પાછું લડવા મોકલ્યું. છઠ્ઠીવાર યાહોમ કરી ભટ્ટ ઝંપલાવી પડ્યો, ને સુરપાળના સૈન્યને પંચાસરની ભાગોળ સૂધી પાછું હઠાવ્યું. અહિં ભારે ઝઘડો થયો. કોટ ઉપર ઊભો રહી જયશિખર એ યુદ્ધ જોતો હતો તેને દેખી ગૂ-ર્જરો મરણીઆ થઈ શત્રુ ઉપર ધસ્યા. ભટ્ટ પોતે મોખરે હતો તેણે બહુ બળ કરી ઘણા ગુર્જર નાયકોને સ્વહસ્તે કાપી નાખ્યા. તેનું જોઈ તેના જોદ્ધા અને સરદારો ઉશ્કેરાઈ ગુર્જર ફોજમાં પતંગી-આની પેઠે ઝંપલાવી પડતા. સંહાર થવામાં મણા રહી નહિ. ભટ્ટ ઘૂમતો હતો તેવામાં તેની નજરે સુરપાળ પડ્યો. વીજળીની ઝડપથી તેની ભણી ધાયો. કોઈ ચાવડા ઠાકોરના તીરથી તેની છાતીને ઘા લાગ્યો, તથાપિ તેની દરકાર ન કરતાં, ને છાતીમાં ભોકાયેલા ભાલુ-ડાને પોતાના હાથે ખેંચી કાઢીને સુરપાળ જોડે હાથ મેળવવા આગળ વધ્યો. સુરપાળે તેનું માથું ઊડાવી દીધું. એ વેળા સોલંકી સેનામાં હાહાકાર થઈ રહ્યો! એવામાં કલ્યાણીનો તીલાટ રાજા કરણ બીજી મોટી ટુકડી લઈને મદદે આવ્યો, અને ગુર્જરોને નગરમાં પેશી દરવાજા બંધ કરવા પડ્યા. હવે સોલંકી સૈન્યનો જમાવ કિ-લ્લાની પશ્ચિમ બાજુએ કોટની થડમાં થયો.

ભૂવડે પંચાસરને ઘેરી લેવાની આજ્ઞા પોતાની સેનાને આપી. એ ઘેરો બાવન દિવસ રહ્યો. ચાલુક્યો કોટ ઉપર ચડે ચડે ને ગુર્જ-રો તેમને ઢાળી પાડે. નિત્ય કિલ્લાના જુજવા ભાગપર હૂમલા કરે,

પણ કાંઈ વળે નહિ. એમ ફાવ્યું નહિ ત્યારે ભૂવડ અકળાયો. તેણે પોતાના સુભટોને ભેગા કરી વિચાર કર્યો તેમાં મીરની સલાહથી એવું ઠર્યું કે લાંચ આપી સુરપાળને ફોડવો. જ્યાંસુધી સુરપાળ જીવે કે ફૂટે નહિ ત્યાંસુધી જય કરી પાછાં ખેમ કુશળ ઘેર જવાની આશા રાખવી વ્યર્થ છે, એવું ભૂવડના મંત્રીઓએ કહ્યું. શૂરા સોલંકીપતિને આ સલાહ પસંદ પડી નહિ. પણ તે ભોળો હોવાથી મીરાદિક સામંતોની નીચ, દુષ્ટ, અને વહેમી શીખામણ ઘણીકવાર માનતો. તેને સમજાવવાની યુક્તિ મીરને ઘણી આવડતી. મીરના વહેમથી તેને ઘણુંક મોટાં નુકશાન થયાં હતાં. મીરને તંબુએ મોટા મોટા જોશીઓ સદા હાજર રહેતા. તેઓ મુહૂર્ત આપે તે ઘડીએ તે જમતો, સૂતો, અને તંબુની બહાર નીકળતો. જોશીઓની રજા વિના તે ડગલું ન ભરતો. શુભાશુભ શુકનમાં, મંત્રશાસ્ત્ર પ્રમાણે અનુષ્ઠાન કરાવવામાં, અને જાદુમાં તેનું વહેમી મન ખૂબ લાગેલું હતું શુકનાવળી તેનો રોજનો સાથી હતો. એ ચોપડી પ્રમાણે, તથા શુકન અપશુકનના ભાવ અને સ્વપ્નાના અર્થ સમજાવનારાના કહેવા મુજબ તે કરતો; એથી તેને ધૂતારા બહુ ઠગતા, અને તેનાં કામ બિગડતાં. આ વહેમ તેને તેની મા ચંદ્રાવળીથી પેઠો હતો. એ બાઈ વહેમની જાળમાં છેક સપડાઈ ગયલી હતી. પ્રથમની સ્વારીમાં મીરના પરાજયનું એક મોટું કારણ તેનો વહેમ હતો. આ વખતે સુરપાળ ઉપર લાલચપત્ર લખવાનું કામ ભૂવડે તેને સોંપ્યું. જોશીઓએ કહેલે ચોઘડીએ તેણે એ કાગળ લખવા માંડ્યો ને દૂતને હાથ આપ્યો, ને સારા શુકન થયા ત્યારે દૂતને તે પત્ર લઈ જવા દીધો.

વિમળદેવીની જોડે સુરપાળ જમતો હતો તેવામાં મીરના દૂતે આવી તે પત્ર, અને કેસર તથા કંકુનાં પડીકાં તેને હાથો હાથ આપ્યાં, ને કહ્યું કે મહારાજા ભૂવડની આજ્ઞાથી મોકલેલો સેનાપતિ મીરનો આ છાનો કાગળ છે. એ આકડાના દૂધે લખેલો છે. આ કંકુનો ચાંલ્લો કરી કેસર ચોળી એકાંત જગાએ જઈ વાંચો, અને ઉત્તર લખી આપો. સુરપાળે તે લેઈ દૂતને બહાર દેવડીએ બેસવાની આજ્ઞા આપી. વિમળા કહે લાવો હું વાંચી સંભળાવું

સુરપાળે કીધું એવડી ઉતાવળ શી છે, જમી રહીને વાંચીશું. બાઈ કહે ના હું હાથ ધોઇને વાંચીશ. સુરપાળે હસવામાં કહ્યું કે મારા ઉપરનું પત્ર તમારાથી ના વંચાય. એટલામાં તો તેની પ્યારીએ તેના હાથમાંથી લઇ લીધું અને પીરસનારને બહાર કાહાડી મોટેથી વાંચ્યું.

“શ્રીમંત્ ચક્રવર્તી મહારાજાધિરાજ દિગ્‌વિજયી શ્રી કલ્યાણ-પતિ મહારાજા ભૂવડની આજ્ઞાથી આ પત્ર લખિતંગ તેનો આ-જ્ઞાંકિત સેવક સામંત શિરોમણી મુખ્ય સેનાપતિ મીર.

જોગ ગૂર્જર સેનાપતિ મહા શૂરવીર સુરપાળ—

જત અમારા મહારાજા તમારૂં યુદ્ધકૌશલ્ય, તમારૂં શૌર્ય, તમારાં પરાક્રમ, અને તમારી ચાતુરી જોઈ તમારા ઉપર પ્રસન્ન થયાછે, ને પોતાની સેવામાં તમને રાખવાને ઇચ્છેછે. તમે ગૂર્જર રાજાને છોડી મારા સ્વામીની સેવા સ્વીકારશો તો ધરાશો એટલું ધન, તથા એક લાખની જાગીર ભૂપતિ ભૂવડ તમને આલશે. જયશિ-ખરની પડતી દશા આવીછે. એનો કાળ પાસે છે. એને વળગી રહેવાથી આપને લાભ થવાનો નથી, તમારા જીવની હાની થશે. તમારૂં કુટુંબ રઝળશે, રવડી રખડી કમોતે મરશે. માટે દુઃખ તજી સુખમાં આવો. જો આપ આણી તરફ આવી જયશિખરનો પરાજય કરવામાં સહાય કરશો તો અમારા મહારાજ તમને મોટી પદવી આપશે. પરંતુ ખુલ્લી રીતે બહાર ન પડતાં અંદર રહી છળભેદ કરી તમારી નજરમાં આવે તેમ જયશિખરનો ઘાટ ઘડશો, કે લ-શ્કરને ફોડી દરવાજા ઊઘડાવશો, કે અમારો ઝટ જય થાય એવી યુક્તિ કરશો તો, અમારા મહારાજની મરજી એટલે સૂધી છે કે ત-મને ગૂજરાતની ગાદીએ બેસાડવા, અને અમારા અનેક ખંડીઆ રાજાની ટીપમાં દાખલ કરવા. એમ વંશપરંપરા આપને મોટું રાજ્ય મળશે. હાલ નિત્ય કેટલી બધી હિંસા થાયછે તે થતી અ-ટકશે, ને હજારો જીવ ઊગરશે તેનું પુન્ય પણ તમને લાગશે. ત-મારો દેશ તો દયાધર્મને માટે આખી પૃથ્વીમાં વિખ્યાત છે. આ ગુપ્તપત્રનો ઉત્તર ખૂબ ધીરજથી ને દીર્ઘ દૃષ્ટિએ વિચાર કરીને લખજો. નાદાની કરશો મા. અમે અમારાં વચન પાળવાની ભા-

ટની જમાનગીરી આપીશું. આપની મૈત્રી કરવાને હું પંડે પણ ચાહુંછું. માટે સ્નેહભાવથી અનુકૂળ ઉત્તર લખજો. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હો ધોવા જવું નહિ, તુરત કપાળ ધરવું, એ ધ્યાનમાં રાખી મારૂં કહેણુ સ્વીકારજો. અમારા મહારાજા સ્વહસ્તે તમારે અને વિમળાદેવીને મસ્તકે મૂગટ પહેરાવશે."

આ પત્રથી સુરપાળ અને વિમળાદેવી ક્રોધાયમાન થયાં. બાઇએ પત્ર ફેંકી દીધો. ખાવાનું ખાવાને ઠેકાણે રહ્યું ને સુરપાળ ઊઠી ઊભો થયો. બેહુનાં તન મન તપી ગયાં ને રૂંવાટી ઊભી થઈ. પોતાના બે હાથે આંખો મીંચી જરા ધીરો પડી પોતાની સ્ત્રીનું મન અજમાવવાને સુરપાળ બોલ્યો "કેમ બાઇને મહારાણી થવુંછે? માથે મૂગટ પહેરવોછે? તમારા દીકરાનું ભલું તાકશો કે નીતિ પાળશો?" રોષના આવેશમાં આ પેચનું બોલવું વિમળા સમજી નહિ ને બોલી "હું તો તમારા સદ્ગુણને વરીછું, તમારા સત્ય વેરે પરણીછું; હું તો તમારી હિંમત અને પરાક્રમ ઉપર મોહિત થઇ હતી. તમારી છાતીમાં કુળજુગે વાસો કર્યોછે એ જાણુતી નહતી. બળ્યું તમારૂં રાજ્ય! મારો દીકરો ભીખ માગશે પણ તમારો લાંચનો પૈસો, તમારી રૂશવતની જાગીર, તમારૂં વિશ્વાસઘાતનું રાજ્યાસન, નહિ ભોગવે! કપટથી મેળવેલી ગાદીએ મારે નથી બેસવું! દગાનો મૂગટ મારે નથી પહેરવો! હું પતિવ્રતા નારી છું, પણ પતિથી પરમેશ્વરને વધારે મોટો ગણુંછું, પાપ કરી પરમેશ્વરનો કોપ માથે નહિ લઉં. લાંચીઆ, લુચ્ચા, ચોરટા, પાપીની હું સાથી નથી, ને નહિ થાઉં. કાવતરાં કરનારા ખૂનીનો સંગ નહિ કરૂં!"

સુરપાળે તુરત તેને કોટી કરીને કહ્યું, શાબાશ મારી વહાલી શાબાશ! ધન્યછે તારાં માત પિતાને! ગુજરાતમાં મા, બેન, વહુ, ને દીકરી ઘેરે ઘેર તારા જેવી સતી હોજો! મેં તો તમારૂં મન જોવાને પૂછ્યું. આવો આપણે જમી લઇએ. ભૂખ તરસને સંતોખી તાહાડાં પડી આ દુષ્ટ પત્રનો ઘટતો જવાબ લખીશું.

સુરપાળનો ઉત્તર—સોલંકી સેનાપતિ મીર જોગ. લખિતંગ શ્રી પંચાસર નગરથી શ્રીમાન ચાવડામણી મહારાજાધિરાજ રણેંદ્ર જય-

શિખર ગુર્જરેશ્વરનો વિશ્વાસુ, આધીન, ને નિમકહલાલ સેવક, ગુર્જરી માતાનો સાચો તન, સુભદ્રોપરી, ગુર્જર સેનાધિપતિ સુરપાળ. જત તમારો નીચ પત્ર વાંચી તમારી નીચ, ભ્રષ્ટ બુદ્ધિને માટે મને ખેદ થયો. પૂર્વકાળથી આર્ય શૂરવીરો નિષ્કપટી, ચોખા મનના, સદ્‌ગુણી, અને સદ્‌ગુણને ઉત્તેજન આપનારા હોઈ તેવાજ ગુણો સાંમાવાળી-આમાં ઇચ્છતા. રિપુરાજાના સેવકોને લાંચ રૂશવત આપી નરકમાં મોકલવાનો દુષ્ટ પ્રયાસ તેઓ કદી કરતા નહિ. ધર્મયુદ્ધ કરી જય પામવો, કે રણમાં પડી સ્વર્ગે જવું, કે શત્રુને મોકલવા, એજ તેમનો હેતુ હતો. તમે એ પવિત્ર બુદ્ધિ તજી અધમમતિને પામ્યાછો. એથી તમારા રાજ્યની થોડા વખત પછી પડતી થશે એ નક્કી જાણજો. હાલ કદાપિ દૈવયોગે ફતેહ મેળવશો, તથાપિ તેનું ફળ ઝાઝીવાર ટકવાનું નથી. અમારા બહાદુર ચાવડા તમને સુખે બેસવા દેવાના નથી. તમે લાંચીઆ ચોર હશો તેથી મને પણ તમારા જેવો ધારી ફોડવા માગોછે. પણ એ ખચીત જાણજો કે જે લોક લાંચથી વિશ્વાસઘાત કરેછે, સાચાનું જાહું કરેછે, પક્ષપાત કરેછે, અન્યાય કરેછે કે કરાવેછે, પોતાનો ખરો ધર્મ બજાવતા નથી, તેઓ વખતે થોડા કાળસુધી દ્રવ્ય જોડે, મોટી પદવીને પામે, પણ અંતે તેમનો નાશ થાયછે, તેમનો વંશ દુર્દશાને પામેછે, તેમનો આત્મા નરકવાસ કરેછે. તેઓ પોતાને હાથે પોતાનો કુવાડો પોતાના પગમાં મારેછે. તેઓ પોતે નઠારા છે અને બીજાને બગાડેછે. રાજકારભારીઓમાંથી, રાજસેનામાંથી, નોકર ચાકરોમાંથી સત્ય અને ન્યાય ગયાં, પ્રમાણિકપણું ગયું, ઉદારતા ગઈ, નીચ બુદ્ધિ આવી, લોભ પેઠો, સ્વાર્થે દેશ કલ્યાણ ભાવને મનમાંથી ખસેડયો કે રાજ્યમાં નબળાઈ, કુસંપ, દુરાચાર, દુષ્ટ ઇચ્છાદિક વિનાશ કરનારા શત્રુઓ પેસવાના, અને નખોદ વાળવાના. સત્ય અંતે તરશેજ એમાં જરાએ સંદેહ નથી. વેદ વાક્ય છે કે "સત્યમેવ જયતે." અમારા ચાવડા લોકમાં, અમારા ગુર્જરોમાં લાંચ લેનારા નથી માટે અંતે અમે અમારૂં રાજ્ય પાછું નક્કી મેળવીશું. હલકા દરજ્જાનો સિપાઈ સરખો લાંચથી ફૂટે તેવો નથી તો મને તું કેમ ડગાવી શકીશ! જ્યારે ગુર્જરો નાકકટ્ટા લાંચીઆ

થશે ત્યારે અમારા દેશમાં કળજુગ પ્રવેશ કરશે; ત્યારે પુરૂષો પત્નીવ્રત છોડશે, અને સ્ત્રીઓ પતિવ્રત મૂકશે, ઉદ્યમ ઘટશે અને દળદર આવશે. પણ હાલ તો અમારા મૂલકમાં સતજુગ છે. રાજા પ્રજા, સ્વામી સેવક, સ્ત્રી ભરથાર, પિતા પુત્ર, પોત પોતાના ધર્મ પાળેછે. શાસ્ત્રમાં કહ્યું છે કે 'ધર્મો જય.' માટે અંતે ગૂર્જરોનો જય થવાનોજ છે. તમે પાપી છો અને મને પાપના ખાડામાં ખેંચવા પ્રયત્ન કરો-છો. પણ "પાપો ક્ષય" માટે હું તમારો તાણ્યો તણાવાનો નથી. રે દુષ્ટ ! ભુંડા શું તારો રાજા પણ તારા જેવો દુષ્ટ હશે કે તારા ભરમા-વ્યાથી ભૂલ્યો ? ઇંદ્રાસન મળતું હોય તોપણ હું મારો ધર્મ ચૂકું નહિ. ત્રિલોકના રાજ્યની લાલચે પણ હું લુણહરામ ન થાઉં, મારા સ્વા-મીની સેવા તજું નહિ, વિશ્વાસઘાત કરૂં નહિ. લાભના લોભથી કે વેર લેવાને, કે બીજા કશાથી કદી ડગું નહિ, કદી સત્ય છોડું નહિ. હું સાચો છું ને મારા દેહમાં જીવ છે ત્યાંસૂધી સાચો રહીશ. ધિક્કાર છે નફ્ટ લાંચ લેનારને ! લયાનત છે લાંચ આપનારને અને લાંચ આપવાની પ્રયત્ન કરનારને ! ધિક્કાર છે તેની જણુતીને ! તે લુચ્ચા પોતાના પૂર્વજનાં મ્હો કાળાં કરેછે, કુળની લાજ ખોયછે ને અધમગતિને પામેછે. તેમનો વંશ વંઠેછે, ને તેમનું કુળ આખરે નિકંદન થાયછે. આ પત્ર વાંચી ખૂબ શીખામણ માની લેજે, ને તમામ સોલંકી સરદારોને અને આખી ફોજને એકઠી કરી વાંચી સંભળાવજે. તારા એ કાગળથી તારા દેશની, તારા રાજ્યની, તારી અને તારા બાપદાદાની પ્રતિષ્ઠા ગઈ છે. લાંચ દેનાર અને લેનાર કાળા મોહોના છે, કેમકે લાંચીઆને હાથે અતિ અનર્થ થાયછે. લાંચીઆ માણુસ પશુ છે, રાક્ષસ છે, દૈત્ય છે, કેમકે તેઓ ફાંશીઆ ઠગ છે. મને રાજ્યદ્રોહી કરવા ચહાનારને ફીટકાર છે. મારી સુકી-ર્તિને, મારા રૂડા નામને બટ્ટો લગાડવાનું કરનારને ધિક્કાર છે ! લાંચીઆને ધિક્કાર છે !! લાંચનો અપરાધ મોટો છે. બે બાપના કે વર્ણસંકર હોય તેજ લાંચીઆ હોયછે. લાંચીઆ ચોર છે ! પાપી છે ! મહાપાપી છે !

खंड ६ ठा

पंचासरनो घेरो. रूपसुंदरीने वनमां मोकलेछे. जयशिखरना जोद्धानी दृढता. जयशिखर रणमां पडेछे.

પત્ર દૂતે લઈ જઈ મીરને આપ્યો ને કહ્યું કે આપનો આગ્રડાના છીરવતે લખેલો કાગળ, કેસર, તથા કંકુ સુરપાળે બાળી નાંખ્યા, ને વધામણીમાં મારા કપાળમાં ડામ દેતો હતો, પણ વિમળદેવીના સમજાવ્યાથી જવા દીધો. મીરે સર્વ સમાચાર ભૂવડને કહ્યા ને સુરપાળનો કાગળ તેના હાથમાં આપ્યો. ભૂવડે વાંચી નીચું જોયું, તેનું મન ગ્લાનિ પામ્યું, તેનું મ્હોડું ઊતરી ગયું, ને તેને ગાલે કાળા શેરડા પડ્યા. તે બોલ્યો એમાં વાજબી લખ્યુંછે. એવું હલકું કર્મ કરવું આપણે યોગ્ય નહતું. પણ વારૂ જે થયું તે થયું. હવે એ વાત વીસરી જઈ પંચાસરનો કોટ તોડવા હું પંડે ચડુંછું.

વળી ઉગ્ર યુદ્ધ થયું. ભૂવડને અને તેની ફોજને જયશિખર વારેવારે હરાવે, પણ ભૂવડ નિરાશ થાય નહિ. પોતાનાં બુદ્ધિબળ, બહાદુરી, અને સૈન્યની ભારે સંખ્યા ઉપર ભૂવડનો પાકો ભરોસો હતો, ને તે જાણતો હતો કે દરેક હુમલાથી ઘેરાયેલો ગુર્જર રાજા નિર્બળ થતો જાયછે; તેના વિજય તેની શક્તિને ઓછી કરેછે, માટે મંડ્યા રહેવું. તે દિવસે સાંજ પડતા સૂધીમાં તેના લશકરે કોટનો એક ભાગ પાડ્યો. એ કરવામાં તેના હજારો લડવઈઆ મૃત્યુ પામ્યા. પણ ઘેરાનો અંત સમીપ આવ્યો. એક દિવસ આરામ લઈ બીજે દહાડે હલ્લો કરવાને ભૂવડ સજ થયો. એ દિવસે યુદ્ધની સમાપ્તિ નક્કી થશે એમ સર્વેને ભાસ્યું. ભૂવડનું કે જયશિખરનું કે બંનેનું મોત એ દહાડે થવાનું છે માટે બંને પક્ષોએ રાત્રે પરોઢિયાને માટે તૈયારી કરી.

મહારાણી રૂપસુંદરી ગર્ભવંતી હતાં તેને પુત્ર સાંપડે તો ગુર્જર રાજ્યની પુનઃસ્થાપના થવાનો સંભવ હતો, માટે રાણીને શેહેર બહાર લઈ જઈ નિર્ભય સ્થાને મૂકવી કે તે શત્રુને હાથ જાય નહિ, એવો વિચાર જયશિખરના શાણા મંત્રીઓને સૂઝ્યો. રાજાને જાહેર કરતાં તેણે પણ હા કહી. આ કામ કઠિણ હતું. તે કોણ કરે તેનો વિચાર

કારભારીઓ કરવા લાગ્યા. દુશ્મનની બળવાન ફોજથી તમામ નગર વીંટાયેલું હતું, અને તે રાત્રે સઘળા જાગૃત હતા. રાજાએ મુખ્ય સુભટોને ભેગા કરી પૂછયું કે આ પરાક્રમ કરવાનું બીડું કોણ ઝડપે છે? દરેકે કહ્યું કે હું એ માથે લેવાને રાજી છું, ને એ કરવામાં મારો પ્રાણ જશે તો કૃતાર્થ થઇશ, પણ તે પાર પાડે એવો નર તો આપણામાં માત્ર સુરપાળ છે. સુરપાળ કહે આ છેલ્લી ઘડીએ હું મારા સ્વામીની સોડ છોડી ન જાઉં; મને બેનથી મારો રાજા વિશેષ છે. હું જીવું ત્યાંસુધી આપણા મહારાજના વાળને પણ આંચ આવવા દઉં નહિ. હું તો એમની હજૂરમાં વઢતાં મરીશ ને દેવલોકને પામીશ. તેની ભલી હઠ જોઈ જયશિખરે જાતે તેને બહુ સમજાવી તેનો આ રૂડો આગ્રહ છોડાવ્યો. રાજાએ તેને કહ્યું કે "હે શૂરવીર, અતુલ્ય યુદ્ધા! હું વિનંતિ કરૂંછું કે તું મારી આ છેલ્લી મોટી સેવા બજાવ. મારે માટે લડતાં મરવાને તું આતુર છે તો મારો વંશ રાખવાને તારે વધારે આતુર થવું જોઇએ. જો મારો વંશ રહેશે, જો તારી બેનને કુંવર સાંપડશે, તો તે આપણું વેર વાળશે, ગૂજરાતને તારશે, ગુર્જર રાજ્ય ફરીને સ્થાપશે, ને ચાવડાની ગાદીએ બિરાજશે. હું સમજુંછું ને તમે જાણોછો કે હાલ આપણો જય થવાનો નથી, કાલે મારે કેસરીઆં કરવાં છે, ને તમારા તથા મારા મરણ પછી મારા શબની સંગે ગર્ભવંતી રાણી બળી મરશે. શત્રુને હાથ તો જશે નહિ, પણ તેના સહગમનથી મારા સંતાનનો નાશ થશે, ને હું નિર્વંશ રહીશ. મને પિંડ મૂકનાર રહેશે નહિ. તમે જાણોછો કે મારા કુળમાં પુત્ર નથી, ને પુત્ર વગર પૂર્વજોને સંતોષ થતો નથી. આ જગતમાં વાંઝીઆ મરે તેની પ્રતિષ્ઠા નથી. દૈવયોગે એમ થાય તો લાચાર, પણ પરમેશ્વરે પ્રસન્ન થઇ રાણીને રૂડો દિવસ દેખાડયોછે તો તેને બચાવવાને આપણાથી થાય એટલો પ્રયાસ કરવો ઘટારત છે. આ સેવા તું નહિ કરે તો મારૂં નખોદ જશે, ને આપણા દુષ્ટ વેરી બિન અડચણે આપણા દેશમાં રાજ્ય કરશે. વાસ્તે મારી આ છેલ્લી આજ્ઞા માની આ મહાન કામ સિદ્ધ કરી આપો. હું પંડે જાત પણ તેમાં મારી શોભા નહિ. હું આ નગરમાંથી ખસું તો કાયરમાં ખપું,

અને મારા પૂર્વજોની લાજ જાય. મહારાણીને સહી સલામત ઘેરામાંથી લઈ જઈ શકે એવો અકલવંત અને પરાક્રમી તુંજ છે. માટે એ સાહસ કર્મ કરી જગતમાં તારી નામના કર. ગૂજરાતના ચાવડા કુળના, ને મારા કલ્યાણ સારૂ તારે આ કામ કર્યા વિના છુટકો નથી. તું મારી પાસે રહીશ તોપણ જીતવાની આશા નથી. તું કદાપિ પાછો આવી શકીશ, ને નહિ આવે તો વધારે લાભ થશે, કેમકે તું મારા વેરાયલા ગુર્જરોને એકઠા કરી શત્રૂને પીડી શકીશ, ને મારા સંતાનને ઉછેરી દેશની મુક્તિ કરીશ."

આ ભાષણથી સુરપાળના ઉદાર અને બહાદુર મનપર અસર થઈ. રાજાના તર્ક તેને યથાર્થ લાગ્યા. પિંડ બિંડના વહેમ તો માનતો નહિ, પણ રાણીના ગર્ભથી અને પોતાના ઘેરામાંથી છૂટા પડવાથી દેશને સ્વતંત્ર કરવાની આશા તેને ખરી લગાવાથી એ કામ કરવાને તે તત્પર થયો.

આ કામને યોગ્ય અનુભવી સ્વારોને વીણી કાઢવામાં અને સજ થવામાં સુરપાળ લાગ્યો હતો તે વારે જયશિખરે પોતાની પ્રિય રાણીની છેલ્લી મુલાકાત લીધી. રંગમહેલમાં જઈ રૂપસુંદરીને સકળ વર્તમાન કહ્યા, અને ગદગદ કંઠે વિનંતિ કરી કે "તમે આ ઘડીએ તમારા ભાઈ જોડે નગર બહાર નીકળી કોઈ અભય સ્થાનકમાં જઈ રહો. મારા શૂરા ગુર્જરોએ આ વિગ્રહમાં યુદ્ધ કરવામાં કાંઈ મણા રાખી નથી, પણ રિપુદળ આપણા સૈન્યથી સંખ્યામાં ઘણું મોટું હોવાથી તથા વિશેષ કુમક તેને પ્રતિદિવસ આવી મળવાથી, આપણી નગરી ઘેરાવવાથી વધારે મદદ મને મળી શકતી નથી, અને બ્રાહ્મણ, વાણીઆ, કણબી, વગેરે પુરીજનો અહિંસાધર્મમાં ભળી, લડાઇમાં નકામા થવાથી મને જીતવાની હવે આશા નથી. આવતી કાલે સર્વ નક્કી થઈ જવાનું છે. હું મારા શૂરવીરોને લઇ કેસરીઆં કરવાનો છું, માટે તમે અહિંથી સિધારો. આપણું સંતાન થાય તેની રક્ષા કરજો. ઇશ્વર કૃપાથી કુંવર જન્મશે તો તમારી તથા તેના મામાની કને રહી યોગ્ય કેળવણી પામી આપણું વૈર વાળશે. કુંવરી અવતરશે તો આપણો જમાઇ કે દૌહિત્ર શત્રૂને ગુજ-

રાવમાંથી છાંટી કહાડી ગુર્જર રાજ્યાસને બેસશે, માટે તમે અહિં-થી સિધાસો. હુ ક્ષત્રી ધર્મ આચરતાં સ્વર્ગવાસ કરીશ. ને ત્યાં તમ આત્મ કલ્યાણને માટે ભગવાનની પ્રાર્થના કરીશ."

આ વચન સાંભળી રાણીનું કોમળ હૃદય ભરાઈ આવ્યું, ને તેનાં નેત્રામાંથી જળધારા વહેવા લાગી. વિયોગ થવાની વાત સુણી તે સ્તબ્ધ થઇ ગઇ. જયશિખરે તેને પોતાની છાતી સરસી ચાંપી, ને ચુંબન કરી કહ્યું મારી મીઠી, તું રડ નહિ, તું રાજાની પુત્રી છે, ક્ષત્રી ધર્મ જાણેછે; હોશીઆર થઇ મારી જોડે છેલ્લીવેલી વાત કર. હે પ્રિયા ! તારાથી છૂટાં પડતાં મારૂં હૈયું ફાટી જાયછે. પણ શું કરૂં ? રાજધર્મ, ક્ષત્રીધર્મ, મારૂં કર્તવ્ય કર્મ છે. રાજ્યાસને બેસતી વેળા મેં પ્રજાવ્રત કરવાનો સંકલ્પ કર્યો છે. એટલે પ્રજાનું યથાન્યાયે પાલન કરવાની પ્રતિજ્ઞા કરીછે. આજ સૂધી મેં રૈયતના ધનનો ઉપભોગ કર્યોછે, અને તેને બદલે પ્રજાની સેવા બજાવીછે. હું જીવતાં છતાં મારી પ્યારી ગૂજરાતને, મારા વહાલા દેશને, બીજાને સ્વાધીન કદી નહિ થવા દેઊં. ગૂજરાત ઉપર તમારો અતિ પ્રેમ છે. હું તમને ગૂજરાતના સમ દઈ અરજ કરૂંછું કે આ મારી વિનંતિ કબૂલ કરો. મારી પાછળ તમારા બળી મરવાથી પરમેશ્વરનો કોપ થશે, આપણા સંતાનનો નાશ થશે, ને આપણું કુળ નિકન્દન થશે; મારો વંશ રાખવો આ સમે તમારે હાથ છે પ્યારી, માટે મારૂં કહ્યું માનો.

રાજા શોકમાં ગરક થઈ જવાથી વધારે બોલી શકયો નહિ. ચતુર રાણી તુરત ચેતી કે હું જો આ વેળા તેની સંભાળ નહિ લેઊં તો રખેને તેના મગજ ઉપર માઠી અસર થાય. દયામણી મધુર વાણીથી તે બોલી પિયુજી ! મારી સામું જુવો ! હું તમારી આજ્ઞાને સદા આધીન છું. આજ પર્યંત મેં તમારી ઇચ્છાનું ઉલ્લંઘન કર્યું નથી, અને જીવતાં સુધી કરવાની નથી. મને ચિંતા એજ છે કે તમારા વિના હું જીવીશ કેમ !

રાણીના મીઠા વચનથી રાજા જાગરૂત થયો, અને તેને ભેટી પડ્યો. જરાવાર બેઉ ચૂપ રહ્યાં, પછી રાજાએ કહ્યું, વહાલી શું

કરીએ લાચાર છું, ઇશ્વરેચ્છાને તાબે શ્રદ્ધાથી થવું એ આપણો ને મનુષ્ય માત્રનો ધર્મ છે. હું જાણુંછું કે મારો અમર આત્મા કાલે વિમાનમાં બેશી દેવ લોક જશે, ને પછી તમારે માથે દુઃખનાં ઝાડ ઊગશે. પણ શું કરીએ, નાઇલાજ છું. વાહાલી તું ઊઠ, સજ થા. વિલંબ કરવાનો સમય નથી. જો પેલો શૂરવીર સુરપાળ આવેછે. રાણી કહે મહારાજ મને તો આપની જોડે મરવા દો. સહગમન કરવાનું મને મન છે. હું પત્નીધર્મ ન તજું; તમને સંકટમાં મૂકી નાશી ના જાઉં. પછી જે થવાનું હશે તે થશે. હું તો આપની ચિતા ઉપર આપને અને શિવને સંભારતી બળી મરીશ. આજ્ઞા દોતો શસ્ત્ર લઈ તમારી હારે યુદ્ધે ચડું, પણ તમને તજી નાશી નહિ જાઉં. મારા પ્રાણથી તમે મને વધારે વહાલા છો. આ સંસારમાં ધણીથી વધારે સ્ત્રીને કોઈ નથી. રૂડા સ્વામીને તજનાર, સ્વામીને દૂભનાર સ્ત્રીને ધિઃકાર છે. તમે તો મને સુખ દેવામાં કસર કરી નથી, એક ટૂંકારો સરખો કર્યો નથી, દેરાસરના દેવતાથી મને વધારે માન આપ્યુંછે. દેવતા તો બચારા કાંઇ બોલતા નથી, ને કાંઇ માગતા નથી, પણ મેં તો તમારી પાસે ઘણુંએ માગેલુંછે, ને તે સર્વે પામીછું. એ સર્વેનો બદલો એ આપું કે મારા પંડને ઉગારવાને આ અંત સમયે વેગળી નાશી જઇ ભરાઇ બેસું ? ના, ના, અંત લાગી હું તમારી ચાકરી કરીશ, મને ના મોકલો. તમારાથી છૂટી પડી હું જીવવાની નથી, તો મને તમારી સાથે કાં મરવા નથી દેતા. મારી અબળાની આ અરજ માનો, મહારાજ માનો! ભરથાર વિના ભામિની કેમ રહી શકે? શું મને કહાડી મૂકશો?

મોટા મોતીના દાણા જેવાં આંસુ રાણીની આંખોમાંથી દડદડ પડચાં જતાં હતાં; તેના સુંદર ગાલ પલળી ગયા. રાજા પોતાના રૂમાલ વતે તેને લૂછી નાખતો ને આસનાવાસના કરતો. રાણીને શાંત પાડવાને તેણે કહ્યું કે હું પતિધર્મ જાણુંછું. જેની જોડે લગ્ન થયાં, જેનો હાથ ચોરીમાં ઝાલ્યો તેને કહાડી મૂકનારને ધિક્કાર છે. સુનારીનો તિરસ્કાર કરનાર મહા પાપી છે, તે મુવે નરક વાસ કરેછે, ને જીવતે દુનિયાનાં ખાસડાં ખાયછે. જગતની

આળ તેને માથે છે. વહુ તો પ્રાણ સમાન છે, પુરૂષનું અર્ધાંગ છે. પહેલી તે અને પછી સૌ. સતીને સંતાપનાર પશુથીએ તુચ્છ છે. પતિને દુઃખ દેનાર દુષ્ટ છે. તેને પોતાની પાસે રાખી સદા તેનું રક્ષણ કરવું એ ઈશ્વરી નિયમ છે; સ્ત્રીને તજવી એ ઈશ્વરેચ્છા વિરૂદ્ધ છે માટે દૂષિત છે. પણ આ અવસર જૂદો છે, બારિક છે. આ વિશેષ સમય છે. બીજે વખતે વહાલી તમને જા કહેતાં મારી જીભ કપાઈ જાય. આ વેળા પણ મારા હૃદયની વેદના, મારા મનનું દરદ, હુંજ જાણુંછું; પણ બીજો ઉપાય નથી. મેં તમને આજ સૂધી દેવીની પેઠે પૂજ્યાં છે. આપણા બેના જીવ જૂદા જાણ્યા નથી. એનો બદલો હું તમારાથી પેટ ભરીને પામ્યો છું. હે પ્રિયંવદા! મારૂં મન ખાટું થાય એવું તમે કદી કહ્યું નથી અને કર્યું નથી. હે પ્રેમદા! તમારી પતિસેવાથી સીમા છે. એવી રાણી કોઈ રાજાને નથી. આપણો પ્રેમ સંભારી તમે સંતોષ માનજો. હવે ધીરજ પકડો. અમૂલ્ય વખત જાયછે, કાળને શરણ થવું જોઈએ.

સુરપાળે તૈયાર થઈ આવ્યાની ખબર મહારાજાને કહાવી કે રાણીના પેટમાં ફાળ પડી. જસરાજ સુરપાળને સામો તેડવા ગયો, ને તેને કાનમાં કહ્યું કે યુક્તિથી રાણીને સમજાવી લઈ જાઓ. બંને વાતો કરતા રાણીના ઓરડામાં આવ્યા. રાણી છાતી ફાટ રોવા લાગી, ને કેમે કરી છાની ના રહે. સુરપાળને કહે ભાઈ તું મને વહાલો બહુ છે, પણ આ વખત તો કાળ જેવો લાગે છે. આ ઘડીએ જમના દૂત આવી મારા જીવને લઈ જાય તો હું તેમનો પાડ માનું. તેને હું તારાથી ભલા ગણું, કેમકે હું સચૂડી મરૂં. તું મારૂં માથું વાઢ પણ મને મારા સ્વામીથી વછૂટી મા પાડ. વિરહની વેદના મારાથી નહિ ખમાય. તું મારો ભાઈ છે કે કાળ છે? તારી બહેનને વિધવા થયેલી જોવાને શીદ ઇચ્છે છે? તું ક્ષત્રી છે કે કોણ? તું રણ ભૂમિ છોડી મારા પિતાને કેમ લજવે છે? રે કાયર? બાપ દાદાનું નામ બોળવા કેમ તૈયાર થયો છે! તારૂં પુરૂષાર્થ ક્યાં ગયું? તું પંચાસર તજી નાશીશ તો મારા બાપના પૂર્વજોને લાજ લાગશે. શું તું લુણહરામ થઈશ? આપણી ગૂજરાતને માટે નહિ વઢે? તારા

બનેવીને સમજાવ કે મને અહીં રેહેવા દઈ એની જોડે સ્વર્ગે લઈ જાય. હું મરવાથી નથી બીતી. ભરથારના વિયોગથી મરવું ભલું છે! દુનિઆ શું કહેશે? ગુર્જરેશ્વરને તજી ભાઈ બેન નાઠાં. એમ લોક બોલશે ને આપણા બેનાં નાક વઢાઈ જશે. તારે ભાગવું હોય તો ભાગ બાયલા હું! તો નહિ આવું. મને રાખો મહારાજા! મને રાખો!

એટલું બોલતાં તેને મૂર્ચ્છા આવી. સાળા બનેવીએ તેના મુખ ઉપર પાણી છાંટી શુદ્ધિમાં આણી. વળી ખુબ સમજાવી, એક હાથ રાજાએ ને બીજો સુરપાળે સાહી રાજમંદીરની બહાર તેને તેડી લાવ્યા. ચાલતી ચાલતી ને રડતી રડતી રાણી બોલ્યાં–હે પ્રાણ પ્રિય! હવે આપણે નહિ મળિયે કે? વાહાલા આ શું આપણું છેલ્લું મળવું છે? પ્રિય ધણી આપણે ક્યારે મળીશું! મને કહો તો ખરા! ઓ પીયુજી, ઓ સ્વામીનાથ! એક વાર છેલ્લું વેલ્લું તો મારી જોડે બોલો!! ભાઈ સુરપાળ તું મને ક્ષમા કરજે. હું વિનય વિરૂદ્ધ વર્તુછું, તારી મર્યાદા પાળતી નથી. મને મારા ધણીને છેલ્લું આલિંગન કરવા દે. હે પ્રાણ જીવન પ્યારા! આપણે ક્યારે ફરીને મળીશું?

આ વેળા ઉદાસ થયલા જયશિખરની ગંભીરતા રહી નહિ. તેણે પોતાનું મન ઘણું વશ રાખવા માંડ્યું પણ રહ્યું નહિ. રૂદન કરતી પ્યારીને વળગીને રોયો ને બોલ્યો રે મારી વહાલી! હવે આપણે સ્વર્ગમાં મળીશું! સદાશિવ જગન્નાથ તારી રક્ષા કરશે! ને મારા સંતાનને ઉગારશે. રાણી બેહોશ થવા લાગી તે જોઈ સુરપાળે રાજાને બોલતો અટકવાની વિનંતિ કરી કહ્યું હવે ખોટી થવાનો સમય નથી, એક પેહોર પછી જઇ શકાશે નહિ ને આપણી ધારણા રદ જશે. આપણે રજપૂત છીએ, ક્ષત્રી છીએ, તમને બેઉને આમ રડવું ઘટતું નથી. શું મને જવું ગમે છે? આ હું યુદ્ધે જાઉંછું. ઈશ્વરેઇચ્છા હશે તે થશે! એમ કહી હીંડવા માંડ્યું કે રાજાએ તેનો હાથ સાહી ઉભો રાખ્યો. રાણી વગેરેને વેશ બદલાવી નણંદ વિમળા તથા કેટલીક દાસીઓની સંગાતે વિદાય કર્યાં. રાણી પાણી પી જરા સાવધ થઇને ઘોડે બેઠી, ને સર્વે ચાલ્યાં.

એ વેળા મધરાત થઈ હતી. ભૂવડની સેનાનાં જે ભાગમાં શાંતિ

વધારે હતી તે ભણી તેઓ ગયા. માત્ર પહેરેગીરો ફરતા હતા, અને તેમની તપાસ કરનાર રોન આવ જા કરતી. એ રોન ફરનારનો વેશ સુરઆળે અને તેના સ્વારોએ લીધો હતો, અને તેમના શબ્દો બોલતા તેઓ શત્રુની છાવણીને પસાર કરી ગયા. એથી તેમના જવાની બાતમી ભૂવડને પ્રભાત સુધી મળી નહિ. ખબર પડી કે તત્કાળ તેમને પકડવાને તેણે સ્વારો દોડાવ્યા, પણ કાંઈ પત્તો લાગ્યો નહિ.

જયશિખરે પોતાની ફોજને મળસકા સુધી સુવાની રજા આપી, પણ મધરાત લગી થોડાજ ઊંધ્યા. મોડી રાત સુધી બેહુ દળમાં ધામધૂમ રહી. પંચાસરની ચોમેર પાંચ પાંચ ગાઉ સુધી તાપણીનાં ભડકા દેખાતા હતા. બંને ફોજમાં એ રાત પોતાના જીવતરની છેલ્લી માની જોદ્ધા પોત પોતાની રૂચિ પ્રમાણે આનંદ કરતા હતા. કોઈ મદિરા પીને નાચતા, કોઈ વાંસળી વજાડતા, કોઈ ડફ વગાડી ખ્યાલ ટપ્પા ગાતા, કોઈ લાવણી બોલતા, કોઈ હરિનું ભજન કરતા; પણ ઘણો ભાગ તો ભાટ બ્રાહ્મણને મુખે મહાભારત અને રામાયણની કથાના વીર રસના અધ્યાય સાંભળવામાં નિમગ્ન થઈ રહ્યા હતા. એ કથાથી તેઓનાં મનમાં શૂરના ઉભરા આવતા. સુભટો પણ ઉસકેરાઈ બોલી ઉઠતા કે ક્યારે વાણું વાય કે શત્રુને હણીએ કે ઇંદ્રની અપ્સરાને વરીએ. કવિ શંકર હથિઆર બાંધી ગુર્જર સેનામાં ઘૂમતો, ને જોદ્ધાને શૂર ચડાવતો. બંને સૈન્યમાં મધરાત વિત્યા પછી ઘણા ખરા ઊંધ્યા, ને મોટી સવારે ઊઠી ઝટ ખાઈ પી સંગ્રામને માટે સજ થયા.

રાજા ભૂવડે સૂર્યોદય થયા પછી વ્યૂહ રચના કરી હલ્લાનો ક્રમ સામંતોને જણાવ્યો. પંડે સૈન્યમાં ફર્યો, અને જોદ્ધાને ઊસ્કેર્યા. તેમને તેણે કહ્યું કે હવે જીતવું કે મરવું, ત્રીજો રસ્તો નથી. જે નાસશે તેના પ્રાણ માર્ગમાં ખારીલા ગુર્જરો લેશે, તો રણમાં પડી કાં ન મરીએ! સિપાઇઓ અને સરદારો બોલ્યા કે મહારાજ અમે પાછી પાની ફેરીએ તેવા નથી; અમને વહેલા વહેલા શત્રુ ઉપર મોકલો. ગુર્જરોને હણવાને અમારા હાથ ચળવળેછે. હવે યુદ્ધે જવાની ઊતાવળે, આજ્ઞા દો; વિલંબ ના કરો. એ વચનોથી ભૂવડનો આત્મા પ્રસન્ન

થયો. તેણે તેમને જમી લેવાની આજ્ઞા કરી.

પંચાસરની પશ્ચિમે તુટેલા કોટની રાંગે જસરાજે પોતાની સેનાનો મોટો ભાગ ગોઠવી સામંતો અને નાયકોને ભેળા કરીને કહ્યું કે જેમને જીવવું વહાલું હોય તેમણે સુખે પોત પોતાને ઘેર જવું, હું તેમને પરવાનગી આપું છું. આજ કેસરીઆં કરવાનો નિશ્ચય મેં કર્યો છે; મારી હારે જેમને મરવાની ખુશી હોય તેમણે તરવાર ઉઘાડી ઊંચી કરવી. એકે એક સરદારે મ્યાનમાંથી તરવાર કહાડી ઊંચી કરી. 'જીવ્યો નર ભદ્રા પામે' એવું કહેનાર કોણ છે? એવું મહીપતિના પૂછવા પરથી સર્વ બોલ્યા કે 'એકે નથી, એકે નથી. પછી ભૂપતિ સેનામાં ફરવા નીકળ્યો. જ્યાં જ્યાં યોદ્ધાઓના મોટા સમુદાય હતા ત્યાં ત્યાં જઈ તેણે કહ્યું કે હું આજે કેસરીઆં કરવાનો છું, જેને મારી જોડે મરણિયા થઇ આવવું હોય તે રહે, અને બાકીનાને હું રાજી ખુશીથી ઘેર જવાને રજા દઊં છું. સઘળાએ ઉત્તર આપ્યો કે અમે ગરાસીઆ છીએ, અમે શૂરવીર છીએ, કાયર હીજડા નથી, ફાતડા હેવાન નથી કે સ્વધર્મ ચુકીએ. અમને પ્રાણ કરતાં પ્રતિષ્ઠાપર વધારે પ્રેમ છે. અમે રજપૂતો છીએ. ગરાસિયાનો દીકરો, રજપૂતનો બેટો, મરવાનો ભય ન રાખે, જખમની પીડાથી ના ડરે. ગોઝારા હોય તે ઘરમાં ભરાઈ બેસે, અમે આપનું લુણ આજ લગી ખાધું છે, તો લુણહરામ કેમ થઇએ? અમે ચાવડાના પ્રતાપી ઝુંડા તળે આજ સુધી રહ્યા છીએ તેને આજ કેમ તજાય? ના તજાય! અમે ગુજરાત માતાના પુત્રો છીએ. પોતાની માને શત્રુને સોંપી નાશી કેમ જવાય! ના જવાય! ના જવાય! અમે આપની સાથે કેસરીઆં કરીશું." આ મહા વાક્યો સાંભળી અતિ મગ્ન થયેલો જયશિખર બોલ્યો 'ગુજરાત માતકી જે.' શૂરવીરોએ સામી લલકાર નાખી કે "ગુજરાત માતકી જે! ગુર્જરેશ્વરની જે!" કોટેકોટ ને બહાર આખા દળમાં એ ગર્જના થઇ રહી, ને આખું શહેર ગાજી રહ્યું.

પોતાના જોદ્ધાઓના ઉમંગથી પ્રસન્ન થઇ સંગ્રામની ગોઠવણ કરે છે તેવામાં ભૂવડનું પત્ર આવ્યું. તેમાં તેણે જયશિખરને લખ્યું કે આપે જુવામરદી કરવામાં કાંઇ બાકી રાખી નથી. આપ ગુ-

જરાતના ખરેખરા સિંહછો. પણ હું સિંહને પકડનારછું. મેં ઘણા સિંહને નાથ્યાછે, પરંતુ તેમાં તમારા જેવો મસ્ત બળવાન દીઠો નથી. તમારી બહાદૂરીથી અચરજ પામ્યોછું. પણ મારે તમને ચેતાવવા જોઇએ કે આજે આપ જે પ્રયત્ન કરશો તે મીથ્યા જશે. આજ આપ પંચાસરનો બચાવ કરી શકવાના નથી. હવે આપથી ગઢ જાળવી શકાવવાનો નથી ને મરશો. માટે રીત પ્રમાણે કાચે સૂતરે હાથ બાંધી દાંતે તરણું લઈ મારે પગે પડો તો રાજ્ય તમારે હાથ રહેવા દઉં. જીવતાં રહેવું હોય તો એમ કરો." ગુર્જર રાજાએ ઉત્તર મોકલ્યો કે તેમ કર્યા પછી જીવવામાં શું સુખછે? જીવ્યો નર ભદ્રા પામે એ શીખામણ નરને માટે નથી, ખરને સારૂ છે, મરદને માટે નથી, ઓરતને સારૂ છે, કાયરને વાસ્તેછે. રણમાં પડીશ તો મને ગુજરાતને ઠેકાણે સ્વર્ગ મળશે, મારા કુળની લાજ રહેશે. મારા દેશની આબરૂ વધશે, અને મારી અને મારા ચાવડાની અક્ષય નામુના થશે. હું પણ આપને ચેતાવું છું કે કદાપિ ગુજરાતના સિંહનો શિકાર કરવામાં આપ ફતેહ પામશો પણ તે ફતેહનું ફળ સુખે ભોગવાશે નહિ. મારા બહાદૂર ચાવડા આખા દેશમાં હજી ઘણા છે. તેઓ તમને ઠરી ઠામ બેસવા દેવાના નથી. ધન લેવા આવ્યા હો તો માગી લ્યો; આપું. તે લઈ પાછા ફરો. આપ મોટા શૂરવીરો છો, હવે પાછા ફરવામાં ગેરત લાગશે નહિ એટલુંજ નહિ પણ તમારી ઇજત વધશે. આજ હું કેસરીઆં કરવાનો છું, માટે ચેતાવું છું કે જીવવાની ઇચ્છા હોય તો તમારાં સૈન્યની પૂઠે રહેજો, મોખરે ના આવશો. આપણા બેના શૂરા જોદ્ધાઓના પ્રાણ ઉગારવા ચહાતા હો તો આવો આપણે દ્વંદ્વ યુદ્ધ કરીએ. હિમ્મત હોય તો મેદાન પડો. સ્વર્ગે આજ જવું હોય તો એકલા મારી જોડે લડો." આવા ઉત્તરથી રાજા ભૂવડે રોષે ભરાઈ લડવાની આજ્ઞા દીધી, ને સંગ્રામ શરૂ થયો. જયશિખરના વેણનો ચટકો લાગવાથી તેણે પ્રથમ દ્વંદ્વ યુદ્ધની મરજી કરી, પણ તેના મંત્રી અને સુભટોએ, તેને વાર્યો, ને લશકરની પાછળ ઘણી મહેનતે રાખ્યો. તેના સામંતો ઉલટથી આગળ વધ્યા. સંગ્રામનાં વાજાં વાગ્યાં, ને યુદ્ધ થવા મા-

કર્યું. એક ગ્રંથકાર લખેછે કે એ વેળા સામસામાં સૈન્ય તોફાનના વાદળની પેઠે એકમેક થઈ જઈ તેમાં શસ્ત્રો વીજળીની પેઠે ચળકી રહ્યાં. યોદ્ધાઓના પગના ધમકારાથી પૃથ્વી ધ્રુજી. જોદ્ધાઓના હોકારાથી વાદળ મેઘની પેરે ગાજ્યું. બાણ વૃષ્ટિથી આકાશ છવાયું એક બાજુથી હળ, મૂશળ, ગદા, ત્રિશૂળ, ચક્રાદિના પ્રહાર ચાલ્યા. બીજી મેરથી સવાર સાથે સવારે કતલ ચલાવી, અને ત્રીજી તરફથી હાથી સાથે હાથી વઢ્યા. ચોથે સ્થળે રથીઓ સાથે રથીઓ મસ્ત થઈ લડયા'. પંચાસરની પશ્ચિમે જ્યાં કોટ તૂટયો હતો ત્યાંથી બહાર નીકળી જયશિખરે મહા યુદ્ધ મચાવ્યું. કોટની થડમાં લોહીથી રંગાયલી પૃથ્વીપર અગણિત મુડદાંના ઢગલા થયા. લડાઈનો શોર જેમ જોરથી નીકળતો તેમ જોદ્ધાઓને વધારે શૂર ચડતું. ભાટ તેમને પાનો ચડાવવાને કહેતા કે આ રણભૂમિમાં કીર્ત્તિ મેળવી સ્વર્ગમાં વાસ કરો ને દેવતાની પદવી પામો. આ લોકમાં અને પરલોકમાં તમારાં નામ અમર કરો!

માણસના ટોટાથી જયશિખરનું ફાવ્યું નહિ. તેનું સૈન્ય ખૂટયું, તેના થોડા જોદ્ધા દુશમનના મોટા જથાથી મરણ પામ્યા. ગુર્જરેશ્વર જાતે સેંકડો માણસોને સંહારતો ને પુષ્કળ બાણથી વિંધાયલો ખંડન થયલા કોટમાં પડયો. અને વિજયી શત્રુ તેના શરીર ઉપર થઈ તેની રાજ્યધાનીમાં પેઠા. મરતા પહેલાં જયશિખરે અદ્ભુત શૂર દર્શાવ્યું. તેના પરાક્રમથી દુશમનને ઘણીકવાર નાસવું પડયું. તેની તરવાર ફરતી હતી તેના ઝપાટામાં જે આવતો તેના શરીરના બે ભાગ થઈ જતા. ખેડુત જેમ દાતરડે ઘાસ કાપેછે તેમ તેણે પોતાની તરવાર વડે શત્રુને વાઢયા. તેનું કવચ ઘાથી ચીરાયું. તેનું શરીર, બાણ અને બરછીથી વિંધાયું; ચારણી જેવું થયું, ને લોહીની ધારા ચોમેરથી વહી. અંતે તેના મસ્તકનો ટોપ ઉડયો, ને કપાળમાં ચક્રથી ઊંડો ઘા થયો તેથી આંખો રકતથી ઢંકાઈ ગઈ. ને ભાન ગયાથી ઘોડેથી પડયો. દુશમનોને તેના અંગ ઉપર આવતા અટકાવવાને સેંકડો ચાવડા ત્યાં લડયા ને પડયા. છેલ્લે તેમની સંખ્યા ખૂટયાથી શત્રુનું ફાવ્યું, ને તેઓ નગરમાં ઘૂસ્યા. શહેરમાંએ બારે

કતલ ચાલીને શત્રુના બહુ માણસનો સંહાર થયો. પણ પોતાની ફોજની અખૂટ સંખ્યાને લીધે ભૂવડ રાજમંદીર સૂધી આવી પોહોચ્યો. અહીં અંતઃપુરની ચોકી કરનારા પીળી પાઘ અને પીળા વાગા પેહેરી આંધળીઆં કરવા ઊભા હતા, તેઓ મરણીઆ થઈ જોસ્સાથી તૂટી પડ્યા અને સોલંકી સેનાને ભાગળ સૂધી પાછી કહાડી. તેટલામાં રાજ સ્ત્રીઓએ પોતાના મયત સ્વામીના શબને ઉઠાવી મહેલના મોટા ચોકમાં આણ્યું. ભૂવડ પોતાના અંગરક્ષકો સહિત પાછો આવ્યો.

એ ક્ષણે રિપુદળનું પૂર બીજા દરવાજા તોડી ચો દિશાએથી પુરમાં પેઠું. દરવાણી, રાજદ્વાર અને રાજમહેલના રક્ષકો મરતાં સૂધી વઢ્યા, નગરના લડાયક લોક ઘરમાં ભરાઈ દુશ્મન ઉપર અગાસીમાંથી, છાપરેથી, ને બારીએથી પત્થરા, ઈંટ, નળીઆં, ખાસડાં, બાળવાનાં લાકડાં, ભાંગાં વાસણાદિક જે હાથ આવે તે ફેંકે. શેરીએ શેરીએ લોહીનો છંટકાવ થયો ને મડદાં પથરાયાં. ઘાયેલ લડવઇઆ એટલે ચડી મારો મારો પોકારે. મારો મારો વિના બીજું કાંઈ સંભળાતું નહિ. છૈયાં છોકરાં હબકી માબાપની સોડમાં ભરાયાં; કોમળ મનની નારીઓ, ને કાયર બાયડા બીકથી ગભરાટમાં પડી જેનાથી નસાયું તે નાઠા.

સોલંકી સિપાઈ બારણાં કાઢી લોકના ઘરમાં પેસી લૂટવા લાગ્યા. ફળીએ ફળીએ ને પોળે પોળે આગ લાગી. એ અટકાવવાને ભૂવડે મહેનત કરી. પોતાના સિપાઇઓને એવું કરવાની મના કરી. પણ રાત્રે અંધારામાં કોણ કોણને ઓળખે ને માને. મઠ, અપાસરા, મંદીર, દહેરાં, વખારો, ને મોટી મોટી હવેલીઓ બળીને રાખ થઈ ગઈ. સવાર થઈ ત્યારે ભૂવડ બંદોબસ્ત કરી શક્યો. રાત્રે તેણે રાજમંદીરમાં વાસો કર્યો. તેના દેખતાં દાસ દાસીઓએ સુખડની ચિતા ખડકી તે ઉપર કપૂર, કસ્તૂરી વગેરે પાથરી પોતાના સ્વર્ગવાસી સ્વામીની લાસને ગોઠવી. ભૂવડે પોતાને હાથે આગ મૂકી, અને સઘળી ઉત્તરક્રિયા કરી. અગ્નિ સંસ્કાર કરી તે ખસ્યો કે ચાર રાણી બળતિ ચિતામાં પડી જોડે મુઈ. ઘણાક લુંડા, લુંડીઓ, નોકર ચાકરો,

રાજપ્રીતિમાં લીન થઈ ગયેલા સેવકો ને પુરીજનો બળી મરવા લાગ્યા. ભૂવડે બળાત્કારે ઘણાને અટકાવ્યા, ને જયશિખરની ચિતાને દૂધે છાંટી તે સ્થળે સુંદર દહેરૂં બંધાવ્યું, અને ગુર્જરેશ્વર મહાદેવની સ્થાપના કરી.

प्रकरण ३ जुं.

आपत्ति काळ.

खंड १ लो.

गूजरातनी अवदशा. देशनां तरफडीआं. भूवडनी फतेह. राज्यनो बंदोबस्त. देशी वहीवटदारोनो जूलम.

પંચાસરનો સિંહ પડ્યો! ચાવડાવંશનો વાઘ ગયો! ગૂજરાતનો સૂર્ય અસ્ત પામ્યો! સૂરજ આથમ્યા પછી જેમ રાત પડેછે, તેમ જયશિખરના મરણથી ગૂજરાતમાં આફતરૂપી રાત પડી. તોફાનનાં વાદળ ચારે મેર દોડવા લાગ્યાં; ભૂપાળના મૃત્યુની માઠી ખબર દેશમાં ફેલાતાં પ્રજાના પેટમાં ધાસકો પડ્યો. માંડળિક રાજદરબારોમાં ફાળ પડી. ઘણાક નિમકહલાલ ઉપરાજાઓ યુદ્ધમાં મૂવા તેથી તેમની રાણીઓ સતી થઈ, ને પુરના લોક રડ્યા. આખા ગૂજરાતમાં કકળાટ, રડાપીટ, અને ઉદાસી પ્રસરી. બાપ મરી ગયો હોય તેમ બધા લોકે શોકનાં વસ્ત્રો પહેર્યા. દલગીરીની જોડે ત્રાસ દાખલ થયો. દુશ્મને ચોપાસ ફેલાઈ ખેતરાં અને ગામ લૂટવા અને બાળવા માંડ્યાં. બાયડીઓને ઝાલી લઈ જાય, માણસોને પકડે, અને તેમનાં સગાં પૈસા આપે ત્યારે છોડે ને ન આપે તો રીબી રીબીને મારે. એ શત્રુ આવ્યા! એ શત્રુ આવ્યા! ફલાણું ગામ બાળ્યું! ફલાણું નગર લીધું! એવી બૂમો સંધળે પડવા લાગી; રાત્રે સ્ત્રીઓ ભડકી ઉઠે; છોકરાં બીએ ને રોય, ગોડેસ્વારને દૂરથી દેખે કે ખેતરમાંથી લોક ગામમાં નાસી

આવે; શહેરોમાંથી કોઈ બહાર ન નીસરે. નગરોના દરવાજા વાસી રાખે.

• બિચારા જીવહિંસા નહિ કરનારા લોકની કમ્બખ્તી આવી. રજપૂતો તેમને પાનો ચડાવવાનું કરે, પણ વાંજીઆં ઢોરાંના આંચળમાં દૂધ ક્યાંથી આવે! રજપૂતો કહે, જો તમે બ્રાહ્મણ, વાણીઆ; કારીગરો, કણબી, કુંભારાદિક અઢારે વરણો ઉઠો, અને હિમ્મતથી એક સંપે વઢો તો આપણી સંખ્યા એટલી છે કે દુશ્મનને ચાંચણની પેઠે ચોળી નાંખી શકીએ. આપણી સગર્ભા રાણી બચી છે, તેને ઇશ્વરકૃપાથી કુંવર સાંપડશે, માટે આપણાં નગરોને અને ગઢોને સાચવી રાખવા જોઇએ. જીવડને હાથ તે સર્વે ગયા પછી તેને હાંકી કહાડવો કઠણ પડશે કે અશક્ય થશે; માટે ઉઠો. તમે મહાજન કહેવાઓછો ને અલ્પજન કેમ થઈ ગયા? નામના મહાજનો ઊઠો. તમારી સકળ દોલત લૂટાય છે. પોચા જનો કઠણ થાઓ. દાળ ભાત ખાઉ! તમે પેટભરા માત્ર કેમ થઇ ગયા? લ્યો હથીઆર ને ચાલો લડવા. ઊઠો ભાજીખાઉ! લ્યો તરવાર. તમે ધાન ખાઓછો કે ધૂળ? રોટલા મળ્યા કે ગધેડાની પેઠે રાજી થયા! લાડવાખાઉ! લ્યો તીરકાંમઠાં ને ભાલા." પણ પથ્થર ઉપર પાણી. શું કરે બાપડાં બકરાં! વાઘ મારે ત્યારે બેં બેં કરે. સર્વે પોતાનાં ધન દાટયાં. પણ સોલંકીઓએ માર મારીને તે તેમને હાથે ખોદાવ્યાં, અને લઈ લીધાં, ને તોબા પોકરાવી. બાયલા લોક ત્રાહે ત્રાહે કરે ને પોક મૂકી રડે. તેમના રડવાથી લુટારા ડરે નહિ, અને તેમના કાલાવાલાથી તેમને છોડે નહિ. ગાળો ભાંડવામાં ગુજરાતનાં ધેડાં જબરાં, પણ તરવારની આગળ ગાળનું શું ચાલે! ઘરમાં બાયડીને મારવામાં બહાદૂરનાં ધોતીઆં શૂરવીરોને દેખી છૂટી જાય.

ગુર્જરપતિનો કાળ થવાથી કાયર લોક નિરાશ થયા; પરંતુ લડવઈઆ લોક અને માંડળિક રાજા નાહિંમત થયા નહિ. જુદા જુદા કિલ્લાના રક્ષકો શત્રુના ઘેરાની સામે થવાની તૈયારી કરવા લાગ્યા. ફોજમાં વધારો કર્યો તથા અન્ન ભર્યાં. વઢયા વિના એક

તસુ જમીન પણ આપવી નહિ એવી તેમણે પ્રતિજ્ઞા કરી. માંડળિક રાજા રજવાડા તરફથી તેમને પૂરતી સહાય મળી, ને અન્ય વર્ણોએ તેમને ધન ધાન્યાદિકની મદદ કરી. તેથી ગૂજરાતને વશ કરવાનું કામ ભૂવડને વિકટ માલૂમ પડયું. કેટલાક શૂરા ને બુદ્ધિમાન ગઢવીઓએ તેનું તેલ કાહાડયું; કેટલાંક નગરના કિલેદારોએ તેને ખૂબ હમ્ફાવ્યો. સુરપાળ ફરતો રહી સર્વેને યુક્તિઓ બતાવતો. મેદાનમાં ઊભા રહી લડે એટલું લશ્કર ભેગું કરવું બની શક્યું નહિ. ભૂવડ અને તેના સુભટોની દોડધામ, ચતુરાઇ, અને સૈન્ય બળને લીધે સુરપાળની છૂટક છૂટક ફોજ એક સ્થળે એકઠી થઇ શકી નહિ. મોટા મોટા ગઢો પણ એક પછી એક શત્રુએ જીત્યા. એ જીતવામાં તેણે બહુ ક્રૂરતા કરી. કિલ્લાના રખવાળો ઝટ તાબે થાય તો તેમને છોડી દે, પણ અંદર રહી હઠ કરી વઢે તો કોઇને જીવતો મૂકે નહિ. કેટલાક ગઢવી લાંબી મુદતવેર વઢયા, ને ઘેરા બહુ લંબાવ્યા. જ્યારે અન્ન પાણી ખૂટયાં ત્યારેજ શરણ થવાનાં કહેણ મોકલ્યાં. પણ તે કહેણ કબૂલ ન રાખતાં, બીજા કિલેદારોને ડરાવવાને દુશ્મને તેમને કતલ કર્યા. એ જાણી કેટલાક કિલેદારોએ શરણ થવાનું કહાવ્યુંજ નહિ, પણ કેસરીઆં કરી જેટલા શત્રુને મરાય તેટલાને મારી રણમાં પડયા.

કેટલાંક સૈન્યને ખાલસા ગઢો અને નગરો જીતવાને મોકલી ભૂવડ પંડે માંડળિક રાજાપર ચઢયો. એઓમાં મુખ્ય સોરઠ અને કચ્છના ભૂપતિ હતા. એમને જીતવાનું કામ સહેલું નહતું. સુરપાળ તેમની મદદે ધાયો. પણ આખરે ભૂવડ ફતેહ પામ્યો, ને એ બંને રાજા કને ખંડણી લઇ શક્યો. એ પછી ઝઘડો નરમ પડયો. સુરપાળે રાજા રજવાડા અને નાયકો જોડે મનસુબો કરી ઠરાવ્યું કે હવે અનુકૂળ પ્રસંગની વાટ જોવી ને હાલ તાબે થવું વધારે લાભકારી છે. હાલ શૂરવીરો નિરર્થક માર્યા જાય છે. તેઓ જીવશે તો આગળ બહુ કામ આવશે. રૂપસુંદરીને પુત્ર પ્રસવ થયાના આનંદકારી સમાચાર જાણ્યા ત્યારથી સર્વે સંપ કરી પરદેશી રાજાને થોડા કાળ સુધી નીચે મોડે ઘણી દીલગીરીની સાથે તાબે થઇ રહ્યા.

આમ દેશ વશ કરવા માટે કલ્યાણપતિ ઘણા પ્રાંતોમાં ફર્યો. દેશની રસાળ ભૂમી, સુંદર આબ હવા, નદીઓ, ડુંગરો વગેરેથી શોભીતું સ્વરૂપ જોઈ ઉલ્લાસ પામી પોતાની રાજધાની અહીં કરવાનું તેને મન થયું. શંકર કવિનું કરેલું વર્ણન તેને ખરૂં લાગ્યું. શંકરને જાગીર આપવાને તેણે ખોળ્યો પણ જડયો નહિ. જયશિખરની સાથે રણમાં પડયો, કે રાજાના મરણનું અને સ્વદેશને મોટી આપત્તિમાં નાખવાનું કારણ પોતાનું અવિચારપણું થયું તેથી ખેદ પામી તથા ખિન્ન થઈ તે કોણ જાણે કયાં જતો રહ્યો. ભૂવડે તેની સ્રીને આશ્રય આપવાની ઈચ્છા કરી, પરંતુ તે નેકનામદાર બાઈએ જણાવ્યું કે હું છાસ વેચીને, દળણાં દળીને, મજૂરી કરીને, ને મજૂરીએ નહિ મળે તો ભીખ માગીને મારૂં ને મારા છૈયાનું પેટ ભરીશ; પણ મારા દેશના શત્રુનો જંઇ નહિ લઉં, તેની આપેલી જમીન કદી નહિ ભોગવું. ભૂવડે મનમાં કહ્યું કે ધન્ય છે તને!

પંચાસરને પુનઃ આબાદ કરી ત્યાં રહેવું, અથવા ગૂજરાતમાં કોઈ બીજે ઠેકાણે નવી રાજ્યધાની વસાવી ત્યાં રહી રાજ્ય કરવાનો વિચાર ભૂવડના મંત્રીમંડળમાં ચાલ્યો, ત્યારે બે પક્ષ પડયા. થોડાકનું મત એવું હતું કે ગૂજરાતમાં રહેવું ઠીક છે, પણ બહુમતથી એમ ઠર્યું કે આ મૂલક મોટા અધિકારીને સ્વાધીન કરી મહારાજે પાછા કલ્યાણી જવું. અહિં રહેવાનો અભિપ્રાય આપનારાની ધારણા એ હતી કે ગૂજરાતની વસ્તીનો મોટો ભાગ અહિંસક ધર્મ પાળે છે, તથા જેઓ વેદ ધર્મમાં છે તેઓ સ્વભાવે અને વહેવારમાં તેમના જેવા થાયછે, તેથી યુદ્ધે ચડતા નથી, અને યુદ્ધ કરવાની તેમનામાં ઇચ્છા અને શક્તિ નથી. એમના ઉપર રાજ્ય કરવામાં સંકટ વિઘ્ન થોડાંજ પડશે. એમનામાં સ્વદેશાભિમાન ઝાઝો હોય નહિ, ને હશે તો થોડા કાળમાં ચંપાઈ જશે. તેઓ આખલા જેવા નથી, બળદ જેવા છે. સાંઢની પેરે સ્વતંત્રતાને માટે લડશે નહિ, પણ બળદની જોડે જે ગાડે જોડશે તેનાથી હંકાશે, ને નીચે મોડે ગોદા ખાશે, તેમને ખાવાનું રહેવા દઇશું, તેમના વેપાર રોજગાર, સંસાર, વહેવાર, અને ધર્મક્રિયામાં હરકત નહિ કરીશું તો ઇધણચોરાની પેરે બાર

તાણુશે, આપણી ઝુસરી નાખી નહિ દે. થોડા કાંટીઆ છે તેમને મારી કૂટીને વશ રાખી શકીશું, તો કેટલાંક વરસ પછી તેઓ પણ વાણીઆ, કણબી જેવા થશે, ને નહિ થાય તો દેશમાંથી હાંકી કહાડીશું, કે સમૂળગા મારી નાંખીશું. સંસાર વહેવારના માંહોમાંહેના ટંટામાં પડશે, મહાજનમાં ફૂટ પડશે, નાતોમાં તડાં પડશે, કજીઆ થશે વગેરે કારણોથી તેઓ રાજકીય વિષય ભૂલી જશે. ગુરૂની સેવામાં, તથા પાંજરાપોળ અને પરવડીના વહીવટમાં, ને દુકાનના ચોપડા લખવામાં મોહિત થઈ જશે, ને આપણે કાંઇ ધાસ્તી નહિ રહે.

તેમના સામા મતવાળાની તકરાર એ હતી કે એવું થવાને કોણ જાણે કેટલો કાળ લાગશે ! હાલ તેઓ આયુદ્ધ ધરી રણમાં આવી કે ગઢમાં રહી લડી શકતા નથી, પરંતુ ધનવાન, ઉદ્યોગી, ને સંપીલા હોઈ દેશના લડાયક લોકને બીજી બધી વાતે ટેકો આપેછે, ને આપણા ઉપર પૂર્ણ દ્વેશ રાખે છે. માંડળિક રાજા મનથી મનાયા નથી. ઘણાક લડાયક લોક પર્વતો અને જંગલોમાં નાસી ગયા છે. અને તેમનો સૌથી મોટો સરદાર અને આપણો કટ્ટો વેરી સુરપાળ હજી જીવે છે. જયશિખરની રાણી રૂપસુંદરી જંગલમાં સંતાઇ છે. તેણે દીકરો જણ્યાની અફવા ચાલી છે. આ દેશને બળથી આપણે જીત્યો છે ને બળથી વશ રાખવો પડશે. તેમ રાખી શકીશું એમાં સંદેહ નથી, પણ ગુર્જરો જોડે ટંટા ફિસાદ સદા થવાના. એ બખેડા બેસાડી દેવામાં આપણો કોઈ સામંત ને કારભારી રોકાય તો ફીકર નહિ, પણ મહારાજા પંડે અહિં છતાં એમ થાય અને આગ હોલવવાને તેમને વારે વારે દોડવું પડે તો તેનો વક્કર ઘટી જાય; આપણા અનેક માંડળિક રાજા રાણા ઉપરથી કુરબ ઓછો થાય. વળી આપણા સોલંકી વસમા લોક છે. મહારાજની સદાની ગેરહાજરીમાં તેઓ સલખણા રહે એવા નથી. કલ્યાણી નગરી તજવાથી રાજ્ય પ્રતિષ્ટાને હાની લાગશે. માટે આ નવા જીતેલા રાજ્યનો બંદોબસ્ત કરી સ્વદેશ પાછા જવું વધારે ઘટિત છે !

એ છેલ્લી શીખામણ વધારે ઠીક લાગવાથી ગૂજરાતનો વહી-

વટ કરવાને મોટો કામદાર નીમી તથા તેને જોઈતું લશ્કર આપી ભૂવડ પોતે સ્વદેશ ગયો. એ નવું રાજ્ય તેણે પોતાની મીનળદેવી નામે કુંવરીને જાગીરમાં આપ્યું. ઉપજમાંથી ખરચ જતાં બાકી રહેવું તે કારભારીઓ તે કુંવરીને પહોંચાડતા, ને વખતે બાઈ પોતાની જાગીરમાં આવતીએ ખરી.

ગૂજરાતપર નીમેલા ભૂવડના ગવર્નરે રાજવહીવટની રીત આગ્ગી રાજના જેવી રાખી. તે પોતે મોટા મનનો અને લાંબી નજર પહોંચાડી કામ કરનાર બુદ્ધિવાન પુરૂષ હતો. પ્રાંત અને પ્રગણામાં દેશની વહેંચણ કરી દરેક પ્રાંતનો અને તેના હાથ હેઠે પ્રગણાનો ઉપરી વહીવટદાર પોતાના દેશીને ઠરાવ્યો. તેણે સ્વદેશથી અનુભવી, ઠરેલ, અને ઉદાર માણસોને તેડી એ મોટાં કામોપર નીમ્યા અને તેમના હાથ નીચે હલકા દરજ્જાનાં કામપર ગુર્જરોને રાખ્યા. પરદેશી રાજકર્ત્તાને રાજકારભારમાં દેશી વહીવટદાર, ફોજદાર, કારકુન, જમાદાર વગેરે નીચી પંક્તિના નોકરોની સહાયની જરૂર પડેછે. એ માણુસો સારા મળે તો લોકપર ઓછી વિપત્તિ પડે. આ વેળા પ્રજાને શાંત પાડવાની અને મનાવવાની જરૂર હતી. એ કામ દેશના રૂડા પુરૂષોની વિદ્યમાન ઠીક થઈ શકે. એવા આદમીને સરકારી નોકરીમાં રાખવાને કારભારીઓએ બહુ શોધ્યા, પણ જોઇએ એટલા અને જોઇએ તેવા જડયા નહિ. પોતાના દેશને બેડી પહેરાવી દાસ કરનારની ચાકરી કરવાની સારા માણસોએ ઘણું કરીને ના કહી. પ્રજા હજી ધૂમરાયેલી હતી. વિજયી પરદેશી ઉપર લોકને વેર હતું. દ્વેષે કરીને કેઠલાક તેમનો સ્પર્શ નહોતા કરતા. ઘણાક તેમનાથી વેગળા રહેતા ને તેમની કચેરીમાં ન જતાં પોતાનો ટંટો માંહોમાંહે કે પંચથી પતાવતા. સારા માણુસ તેમનાથી દૂર રહેતા તેમ નઠારા નીચ આદમી તેમની ખુશામત કરી પોતાનો સ્વાર્થ સાધવાને તેમનામાં ઘૂસતા. તેમને ખુશી કરવીને પોતાના દેશી ભાઈઓનું અકલ્યાણ કરતા, ને તેમની નોકરીમાં રહી રૈયતને પીડતા, પોતાની 'મોટાઈ જણાવવાનું,' અમલનો દોર જણાવવાને, અમે અમલદાર છીએ, અમને કેદની સજા કરવાનો

તથા દંડવાનો અખ્ત્યાર છે, એમ ફૂલાઈને રોફ કરીને લોકને લૂંટતા, પીડતા, મફત કામ કરાવતા, મારતા, પોતાનાં ઘર ભરવાને અનેક રીતે મારી ખાતા ને પોતાના ઉપરીને પણ છેતરતા. પકડાતા ત્યારે નોકરી ખોતા ને શિક્ષા પામતા; પણ તેમ ભાગ્યે થતું. ઉપરીની આગળ તેઓ ગુલામ જેવા, આધીન બકરી જેવા ગરીબ હતા, પણ રૈયતને કડકણા કૂતરા જેવા હતા. એ પાપી દેશી અધિકારીઓમાં એક ફૂટેલો ચાવડો ઠાકોર હતો. આ રાજદ્રોહી સરદારે ભૂવડના સૂબાને રાજી કરવાને ઘણીકવાર બીજા સાચા સ્વદેશહિતકારી ચાવડા નાયકોને વિશ્વાસઘાત કરી પકડાવ્યા, દેશની ખાંચખૂચથી દુશ્મનને વાકેફ કર્યા, રાજ્યધન ક્યાં સંતાડ્યું છે, કિયા સાવકારો પાસે દોલત છે, ધનાઢ્ય તાલુકદારો કિયા છે, અને તેમની કનેથી દ્રવ્ય કેમ કઢાવાય તે બતાવ્યું. કામદારો એના વિષે ઘણી શિફારસો કરતા, અને એણે પંડે જાગીરો અને સુબાગીરી મેળવવાને ભૂવડને અરજીઓ કરી, પણ નિમનોક ઉપરાંત વધારે મળ્યું નહિ. જેણે જનેતાને દગો દીધો, જેણે જન્મભૂમિનું, પોતાના સ્વદેશીઓનું ભુંડું કર્યું તે માણસ રાજાને ઉપયોગી છતાં અધમ છે માટે ભૂવડ તેનો મનમાં તિરસ્કાર કરી વાળ્યાં કરતો. જે સ્વદેશીઓને દગો દે તે લાગ આવે સ્વાર્થ થતો હોય તો આપણે પરદેશી જોડેએ દગો રમે માટે તેને ભરોસાજોગ કે અંતરની પ્રીતિપાત્ર કેમ ગણાય? 'દગા કીસીકા નહિ સગા.' રૂપસુંદરી પકડાયા પર તેનું ઇનામ મુલતવી રાખ્યું હતું તેથી તેની શોધપર તે મંડ્યો હતો. દેશી રાજ્યોમાં સોરઠ અને કચ્છ એ મોટાં હતાં. નાંનાં સંસ્થાનો સેંકડો હતાં, એ સર્વે પાસેથી હર વર્ષે ભારે ખંડણી લેવામાં આવતી.

खंड २ जो

सुरपाळनुं जंगलमांथी पाछा फरवुं. रुपसुंदरीनुं विश्वासु भीलोमां संतावबुं. विमळा हरण.

રૂપસુંદરી પંચાસરથી નીકળી તેવારે તેની નણંદ વિમળદેવી

કેટલીક દાસીઓને લઈ તેની જોડે તેની સંભાળ રાખવાને ગઈ હતી. પણ શી મોટી અવદશા ! નણંદ ભોજાઇને વનમાં એકઠાં રહેવાનું અલ્પ સુખ પણ તેઓથી ભોગવાયું નહિ; ચોથે દિવસે વખૂટાં પડ્યાં. તેમને પાસેના જંગલમાં મૂકી, તથા તેમના રક્ષણને માટે પોતાની સાથેના જોદ્ધામાંના અડધાને ત્યાં રાખી સુરપાળ બાકીના લઈ પંચાસર ભણી ફર્યો. માર્ગમાં તેને મહારાજ પડ્યાના માઠા સમાચાર મળ્યા. હવે જીવવું નહિ, શત્રુને કાપતાં કાપતાં પંચાસરમાં ઘૂસવું, અને ત્યાં ભૂવડની ખબર લેવી, જેમ તેમ કરી તેના ઉપર ધસવું ને તેનો પ્રાણ લેવો, ને એમ કરતાં રણમાં પડ્યાં તો ગુર્જરેશ્વરની હારે સ્વર્ગે જવાશે. હવે પાછાં ફરી બેનને મ્હો કેમ દેખાડાય ? એ ખેદકારક વર્તમાન તેને કેમ, કઇ જીભથી, કહેવાય ? હવે તો લડી મરવું. શૂરના અને શોકનાઆવેશમાં એવું વિચારીને તે આગળ વધ્યો. થોડેક જતાં કેટલાક ચાવડા સરદારો મળ્યા તેમણે તેને ટાઢો પાડ્યો. તેમણે કહ્યું કે અમે આપણી રાણીજીનો બચાવ કરવા સારૂ આવ્યા છીએ. નગરી વેરીના કબજામાં ગઈ છે, ને માંહે તથા આસપાસ તેની ફોજ એટલી બધી છે કે ભૂવડને પહોંચવું અશક્ય છે. આપણી પેઠે રિપુ પણ મરણીઆ છે, માટે હવે તો કેશરીઆં ન કરતાં દેશના મોટા નાના ગઢોનો બચાવ કરવો, બીજાં નગરોને અને રાજા રજવાડાને દુશ્મનની સામે થવાનો રસ્તો દેખાડવો, કુમક કરવી અને ઉશ્કેરવા, તથા આપણી વિધવા રાણીજીનું રક્ષણ કરવું. ઈશ્વર કૃપાથી તેને કુંવર સાંપડશે તો ગૂજરાતનું રાજ્ય ફરી સ્થાપી શકાશે. પણ એ મહાભારત કામ આપના વિના થવાનું નથી. આપ હશો તો સર્વ થશે. હવે આપના ઉપર સઘળો આધાર છે.

સુરપાળને એ સલાહ ખરી લાગી. રાણીને જ્યાં મૂકી હતી તેણી તરફ તે તેમની જોડે વળ્યો. થોડે જતાં તેને માલૂમ પડ્યું કે તેની પૂઠે મોકલેલા ભૂવડના સ્વારોની મોટી સંખ્યા માર્ગ આંતરીને પડી છે. એ જોઈ તે બીજે રસ્તે મોટો ચકાવો ખાઈને ગયો. ઠામ ઠામ તેણે શત્રુને પડેલા દીઠા તેથી આડી અવળી વાટે જતાં ચાર

દહાડા વહી ગયા. રૂપસુંદરીને મૂકી હતી તે સ્થળે પાંચમા દિવસની સાંજે તે પહોંચ્યો. ત્યાં જુવેછે તો કોઇ મળે નહિ. રાત્રે ત્યાં મુકામ કરી તજવીજ કરતાં બીજે દહાડે બપોરે એક ભીલ નાયક મળ્યો તેણે કહ્યું કે અહિં શત્રુ આવ્યા હતા. અમારાં ઘણુંક ગામ તેણે બાળી નાંખ્યાં. રાણીસાહેબને અમારા લોકે છુપાવ્યાં છે એટલું હું જાણુંછું, પણ ક્યાં સંતાડ્યાં છે તે હું જાણતો નથી. આપ એ નક્કી સમજજો કે એકે ભીલ વિશ્વાસઘાતી થવાનો નથી. મહારાણીજી તેમના રખવાળામાં સહી સલામત રહેશે. તેમની સાથેના સ્વારો વઢતાં કપાઈ મૂવા, ને વિમળાદેવીને—" એમ કહીને તે અટક્યો.

સુરપાળે પૂછ્યું શું તેને મારી નાખી? તે તો મરવાને ખુશી હતી. હું ઝટ જઈ તેને સ્વર્ગમાં મળીશ. હે વહાલી વિમળા તું મારા પહેલી ગઇ! એમ કહેતાં તેનાં નેત્રમાંથી બોર બોર જેવડાં આંસુ ડળક ડળક પડવા લાગ્યાં. ભીલે કહ્યું મહારાજ તે જીવતાં છે પણ—"સુરપાળ કહે, પણ શું? કહો કહો. હું જાણું તો ખરો. નાયક કહે આપણો વેરી દુષ્ટ રાજા કરણ તેને હરણ કરી ગયો. બાઇના છાતીફાટ રૂદનથી આખું વન રડ્યું. પણ શું કરીએ મહારાજ, અમારૂં કાંઇ ચાલ્યું નહિ!

એ સાંભળી સુરપાળની આંખો લાલચોળ થઇ ગઇ. પગથી તે માથા લગી તેને ઝાંઝ ચડી. ક્રોધે ભરાઇ તે બોલ્યો કે એ વડના છૈયાના ભાર શા! એ પોર્યાને મેં એક વાર જીવતો જવા દીધો એ મારી ભૂલ થઇ. હવે હું એને તમાશો દેખાડુંછું. આ વિમળાને છોડવી જાણો. મારા નીમકહલાલ બહાદુર નાયક તમે શીદ ગભરાઓછો? તમારા ભીલ મારી હારે વિમળાની વારે ચડશે કેને? નાયક કહે હા મહારાજ, રૂપસુંદરી ને વિમળદેવી અમારાં મા બેન છે. બધા ભીલ તમારી સંગે આવશે ને મરતાં સૂધી પાછી પાની નહિ કરે. અમારી ભીલડીઓ રાણીજીનું જતન કરશે. અમે તમારૂં લૂણ ખાધું છે, અમે લૂણહરામ નથી. મહારાજાધિરાજ ગુર્જરેશ્વરની અમારા રાજા ઉપર, અમારા ભીલો ઉપર શી માયા! વાહવા! એમનો પાડ અમે કેમ ભૂલીએ મહારાજ! આપનો

આભાર પણ તેટલોજ છે.

જંગલોમાં અને ડુંગરોમાં રહી સુરપાળે ભીલ, વાઘરી, અને કોળીઓને અનેક વેશે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાં સંદેસા આપી મોકલ્યા. ઠેકાણે ઠેકાણે શત્રુની સામા થવાની તૈયારી કરાવી તથા વિમળાદેવીની શોધ કરવા માણસ મોકલ્યાં.

આમથી ભૂવડે પંચાસર સર કર્યાં પછી બીજી સવારે યુવરાજ કરણને પુષ્કળ સ્વારો સહિત સુરપાળની પાછળ મોકલ્યો. સુરપાળ આડવાટે પાસેને રસ્તેથી પંચાસર આવવા નીકળેલો તેથી તેનું માર્ગમાં મળવું ન થતાં કરણથી આગળ નીકળી ગયો. કરણે જંગલની થડમાં આવી સુરપાળની ભાળ કહાડવા એક નાયકને મોકલ્યો. તે ખબર લાવ્યો કે સુરપાળ તો પાછો પંચાસર ભણી ગયો છે, પણ મહારાણી રૂપસુંદરી તથા સુરપાળની ધણીઆણી વિમળાદેવી કેટલાક સ્વારોસાથે થોડા ગાઉ ઉપર વહેળાને કાંઠે છાવણી કરીને રહ્યાં છે. કરણે તુર્ત આગળ વધવાનો હૂકમ કર્યો.

કરણના આવ્યાની સૂચના ભીલોએ રૂપસુંદરીને કરી. સ્ત્રીઓ ઘણી કોમળ ને નિર્બળ છતાં સંકટ સમે ધીરજ રાખેછે અને હિંમત પકડેછે. તેમાં જો પોતાનાં છોકરાંનો પ્રાણ ઉગારવાનો હોય તો, કે પોતાનું સત જાળવવાનું હોય તો મહાવીર જેવી બની રહેછે. અહિં રૂપસુંદરીને પોતાના ગર્ભનું અને શિયળનું જતન કરવાનું હતું, અને વિમળાને ભાભીને સંતાન થઈ ભાઇનો વંશ રહેવાની ઉમેદ, અને પંડની લાજ રાખવાની હતી. બચવાનો વિચાર બંને સાવધપણે કરતાં હતાં તેવામાં એ વનના ભીલનો રાજા જયશિખરનો મિત્ર અને સેવક હતો તે રાણીના રક્ષણને અર્થે આવ્યો. પગે પડી તે બોલ્યો માતા હું તમારૂં છોરૂ છું, હું ગુર્જરેશ્વરનો દાસ છું; મારા ભીલ તમારાં છઈયાં છે, તમારા દાસ છે, આજ્ઞા હોય તે સુખે ફરમાવજો. માતાજી તો આફતનાં માર્યાં અહિં પધાર્યાં છો, પણ અમારૂં ધન્ય ભાગ્ય કે આપનાં પગલાં અમારા જંગલમાં આવ્યાં! રૂપસુંદરી કહે ઠાકોર હવણાં વાત કરવાનો સમય નથી; શત્રુ ઢુકડે આવ્યા છે, માટે અમને નિર્ભય જગ્યામાં સંતા-

ડો. ઠાકોરે કહ્યું એની ગોઠવણ કરીને હું આવ્યો છું. ઉઠો મારી ખાંધે ચડો, હું તમને પેલે તીરે મેલી આવું. ત્યાં કોતરમાં મારો વિશ્વાસુ બીલ છે તે આપને એક પોલા ઝાડમાં સંતાડશે ને જીવ જતાં લગી શત્રુને ખબર પડવા નહિ દે. એ બખોલ સાફ કરી રાખીછે, આપ તેમાં વગર બીકે રહેજો. એ જગા કોઇને જડે એવી નથી. આપને મૂકી આવીને આપણાં બેન વિમળદેવીને લઈ જઇશ. મધરાતે ઠકરાળાં આવી બીજે ગુપ્ત ઠેકાણે તેડી જશે; ઉઠો હવે વિચાર શો કરોછો? ઘડી ભરાઇ જવા આવી છે, વાર ન લગાડો, જુવો પેલી રજના ગોટા દુશ્મનના ઘોડાના પગથી ઉડે છે, ભાંયે કાન દો, તેઓના પગનો ધમકાર સંભળાય છે. અમે અહિં લડીશું. રૂપસુંદરીએ વિમળાદેવીની સામું જોયું, ને તેણે હાની સાન કરી. સુરપાળનો મૂકેલો એક સામંત જોડે હતો તેને પણ એ ગોઠવણ ઠીક લાગી.

વહેળામાં પાણી થોડાં હતાં પણ તાણ જબરી હતી, તેથી નબળું કે અજાણ્યું આદમી તેમાં ચાલતાં પડી જઈ તણાઈ જાય તેવું હતું. રાણી ઠાકોરને ખાંધે બેશી પેલેપાર ગયાં. ઠાકોર તેને કોતરમાં ભરાયલા ભીલને સોંપી ઝટ વિમળદેવીને લેવા પાછો આવ્યો. એ બીજાએ રાણીને ખાંધે બેસાડી અનેક કોતરો અને ઝાડીઓમાં થઈ પેલા ઝાડ પાસે આણી. ઝાડપર એક બીજો ભીલ હતો તેણે રાણીને પેલાની ખાંધેથી ઊંચકી ઉપર લીધાં, ને બખોલમાં ઉતાર્યાં, પછી બંને પોતાનાં પગલાં ભૂસતા લોપ થઇ ગયા.

ઠાકોરને પાછો આવતો દેખી વિમળદેવીના જીવમાં જીવ આવ્યો. તેની છાતી ઉતાવળે ધડકતી હતી, તેનું મ્હો ઉતરી ગયું હતું, અને ટાંટીઆ નરમ થઈ ગયા હતા, કેમકે શત્રુ આવી પહોંચ્યા હતા. ઠાકોર સામે કાંઠે આવ્યો તેવામાં કરણનાં ઘોડાં પદડક પદડક કરતાં આવી ગુર્જર સ્વારો ઉપર તુટી પડ્યાં ને કેટલાકે બાઇને ઘેરી લીધી. ઠાકોર તીર કામઠું ચડાવી ધશી આવ્યો ને તેના ભીલો પણ આસપાસથી ધાઈ આવ્યા. ચાવડા અને ભીલ ઘણીજ બહાદૂરીથી સામા થયા; પણ તેઓ થોડા હતા. કરણનું

લશ્કર મોટું અને કસાયલું હતું. એકે એક ચાવડો અને સેંકડો ભીલ પડ્યા, ભીલરાજાનાં ધડ શીશ જુદાં થઈ વિમળાના પગ આગળ પડ્યાં; તેના લોહીથી બાઈ સાહેબનું અંગ છંટાયું. તેનું રક્ષણ કરનાર ત્યાં કોઈ રહ્યું નહિ; તે રઘવાઈ થઈ ગઈ. તેને કાંઈ સૂઝે નહિ. લોહી માંસના ઉડવાથી તેને ચીતરી ચડી. તેનાં વસ્ત્ર લોહીથી ભીંજાયાં. તે રડતી રડતી બોલતી કે "રે કોઈ મને મારો! મારે માટે મરો તે પહેલાં મને કાં નથી વાઢતા! એક ભાલો મારી છાતીમાં ભોકો, એક બાણ મારા કપાળમાં મારો કે મારો પવિત્ર આત્મા જગદીશ્વરને શરણે જાય. લાવો મને એક કટારી આપો. હું મારે હાથે તેને મારાં પેટમાં ખોસીશ; હું રજપૂતાણી છું, હું ક્ષત્રેણ છું, આ પછી મારે જીવવું ઘટે નહિ. મને મારોરે, મને મારી નાખો"! પણ તેનું કહ્યું કોઇએ કર્યું નહિ. ભીલરાજા અંત સુધી તેની પાસેથી ખસ્યો નહિ; તેનું મસ્તક છેદાયું ત્યારે હબકથી દેવી મૂર્છા પામી. કરણના ઘણા સિપાઈ પડ્યા, કોઈ અધસતા ને કોઈ પૂરા; પણ તેના મોટા જથાને લીધે તે ફતેહ પામ્યો.

અચેત થઈ ભૂમિએ પડેલી વિમળાની પાસે આવી કુંવર ઊભો ને તેની સુંદર કાંતિ જોઈ મોહ પામ્યો. પાણીની છાલકો મારી તેને જાગરૂત કરી. શુદ્ધિમાં આવતાં વારને હૈયાફાટ રોવા લાગી. તેના વિલાપથી જંગલનાં ઝાડ ઉદાસી થયાં, ને ડુંગરો રડ્યા. રે મારા નાથ ક્યાં છે? મારા પ્રાણનાથ ક્યાં છે? મને આ વનમાં રઝળતી મૂકીને તમે ક્યાં ગયા? આવો! આવો! આ દુષ્ટને હણો. એનાથી મને છોડવો. રે મારા પ્રાણપતિ, મારી નણદીના વીર, મારા સ્વામી, મારા આત્મારામ! તમે મારા ભાઈની ભાળ કાઢવા ગયા તે ગયા. હજી પાછા કેમ નથી આવ્યા? મારા બધા ચાવડા, મારા ગુર્જર, મારા ભીલ પડ્યા ને હું કેમ જીવી! રે પ્રભુ, તું રૂઠ્યો તો મને પણ લે, મારૂં સર્વસ્વ ગયું તો હવે મારે શા વાસ્તે જીવવું જોઇએ! એમ કહી ઊઠી નદીમાં પડતું નાખવા દોડી, કરણે તેનો હાથ ઝાલી અટકાવી, ને તેની આસનાવાસના કરવા માંડી. વિમળદેવીએ તેને તરછોડી કહ્યું રે પાપી વેગળો રહે, હું સતી છું. તું મને અડકીશ નહિ. આ દેહ

પડશે પણ તારે હાથ આવવાની નથી.

રૂપસુંદરીના શોધને માટે ચારે પાસ સિપાઈ મોકલી કરણ ઘોડે ચડ્યો, ને તેના માણુસોએ ટળવળતી વિમળાને ઊચકી તેની આગળ બળાત્કારે બેસાડી દીધી. એક હાથે લગામ પકડી અને બીજે હાથે વિમળાને કમ્મરમાંથી ઝાલી તેણે ઘોડો દોડવી મૂક્યો. વિમળદેવીની આંખોમાં આંસુ માય નહિ. શ્વાસ ભરાઈ જવાથી વખતે બોલતી રહી જાય. "હાય હાયરે ! ઓ મારા ભરથાર, હે પિયુજી, હે મહાવીર શૂરા સામદ ! તમારી નારીને, તમારી પ્રિયાને, છોડવી લઈ જાઓ. રે આ દૈત્યને મારો ! આ રાક્ષસનો જીવ લો ! ધાઓરે, ધાઓરે, વીરા જસરાજ, ભાઈ પંચાસરપતિ તું ધા ! રે ઇશ્વર તું મારી વાહારે ચડ ! હું પંચાસરમાં રહી કાં ના મુઈ ! મને આ અરણ્યમાં વાઘે કેમ ન ખાધી ! અરે કેવી પાપણી છું કે પરપુરૂષને હાથ ગઈ !" એમ કહી બે હાથે માથું કૂટે. કરણ તેને અટકાવતો જાય.

છાવણીમાં આવી કરણે તેને પોતાની પાસેના તંબુમાં ગાદીએ બેસાડી. ઝટ ઊઠી વિમળદેવી ભોંયે બેઠી. પાણી વિના જેમ માંછલું ટળવળે તેમ તે તરફડે, જરા ઝંપે નહિ. કરણ કહે તે કાંઈ સાંભળે નહિ. આખી રાત એમ રડી. આંખમાથી નીર ખૂટે ને બળતાં બળે ત્યારે થોડી વાર છાની રહે ને નિસાસા મેલે. બે ચાર ગુર્જર સ્ત્રીઓને પકડી લાવી તેની હજૂરમાં તેની સેવા કરવાને રાખી. કરણે હાથમાં ગંગાજળ લઈ વચન આપ્યું કે તેની ખુશી વિના લગ્ન તથા કોઈ પ્રકારનો બળાત્કાર કરીશ નહિ ત્યારે દેવીએ અન્ન ખાધું. તેના કોમળ ઝીણા સ્વરના રૂદને કરણ અને તેના માણસોનાં વજ્રજેવાં હૃદયને ભેદ્યાં; તેમને પણ દયા આવી. તેના સતને કલંક લાગવાથી તેનો પ્રાણ જશે એવી ખાતરી થયાથી કરણ તેનાથી દુર રહ્યો. કાળે કરી તે હઠ મૂકશે, પ્રવાસથી તેને પતિવિજોગનો વિસારો થશે, મારા પરાક્રમથી તેનું મન મનાશે, એવું ધારી કરણ તેને પોતાની જોડે સોરઠ લઈ ગયો. માર્ગમાં તેને બહુ પટાવી ફોસલાવી, તરેહ તરેહની લાલચો દેખાડી, પણ સઘળો શ્રમ વ્યર્થ ગયો. એ સદાચરણી નારીની દૃઢતા ચળી નહિ. તેણે સત્ય તજ્યું નહિ; પતિવ્રત

મૂક્યું નહિ. દુરાગ્રહી ભુંડા રાજકુમારને તેણે નિરાશ કર્યો. કરણનું મ્હો જોતી નહિ; તેનું ભાષણ સાંભળતી નહિ; તેને ઉત્તર આપતી નહિ. તે તેની સમીપ આવતો ત્યારે બે હાથે પોતાની આંખો મીચતી, ને તેનો તિરસ્કાર કરતી, ને વારંવાર નાની ના કહેતી. ધાક ધાસ્તીથી ડરી નહિ. એક ભોજન કરી દુઃખે નબળી થઈ ગઈ. ભોંયે સાદડી ઉપર સૂતાં તેની કુમળી ચામડી છોલાતી ને તેનાં નાજુક હાડ તપનાં. બહુ કાયાકષ્ટ કરે, હવિષ્યાન્ન જમે, અથાણું ને ગળપણ ખાય નહિ. સ્વાદિષ્ટ ભોજન ન જમે. આખો દહાડો ભગવાનની ભક્તિ કરે. કીમતી લૂગડાં, ઘરેણાં, હીરા ને મોતી, તેના મોઢા આગળ મૂક્યાં, ખાવા પીવાની અને પટરાણી કરવાની લાલચ બતાવી, પણ સર્વ પ્રયાસ વ્યર્થ ગયો. લાડથી કે ખુશામતથી તે ડગી નહિ. ગુર્જરેશ્વરની બેન અચળ સતી રહી. ધન્ય છે એવી નારીને ! સર્વ તેને સીતાનો અવતાર માનવા લાગ્યા. પોતાની આબરૂને તેણે આંચ લાગવા દીધી નહિ; પોતાનાં માત પિતાને, પોતાના સ્વામીના કુળને, પોતાના પૂર્વજોને તેણે લાન્છન લાગવા દીધું નહિ. લાજ સાચવવી કે મરવું એજ તેનો નિશ્ચય હતો.

કરણના એક મિત્રે યુક્તિ સુઝાડી. તેણે કહ્યું કે સુરપાળ જીવતો છે ત્યાં લગી એ તમને નહિ પરણે. પણ સુરપાળ મરે તો પછી કદાપિ પરણે. વિધવા થયા પછી પુનર્લગ્ન પતિવ્રતા સ્ત્રી કરે તો શાસ્ત્ર પ્રમાણે બાધ નથી. પતિ હોય ત્યાંસૂધી બીજો ન થાય, પણ પતિ મુવા પછી બીજો ધણી કરવામાં અનીતિ ન ગણાય. હાલ આપણામાં એ ધારો નથી, પણ શાસ્ત્રથી ને યુક્તિથી સમજાવી શકીશું. કરણ કહે પણ સુરપાળ આપણે હાથ શી રીતે આવે? ગિરનારને પાડવો ને સુરપાળને મારવો બરોબર છે. મિત્ર કહે તો આપણે તેના મુવાની જૂઠી બૂમ ઊરાડીએ. રાજકુંવર કહે એ ઠીક.

વિમળદેવીને એ ખોટી ખબર પેલા ફૂટેલા ચાવડા ઠાકોરની મારફતે કરવી ઠરી, કેમકે બીજાની કહેલી તે માને નહિ. એ ઠાકોર બેઇમાન થએલોછે. એ વાત વિમળદેવીના જાણમાં નહતી તેથી, તેના ઉપર ભરૂસો રાખશે. ઠાકોરને તેડાવી સર્વે વાતથી જાણીતો

કર્યો, કરણની કૃપા મેળવવાને તે નફ્ટે એ કામ કર્યું. કાળામોહો; નાએ જઈ સતીને કહ્યું કે આ કહેતાં મારી જીભ ઊપડતી નથી, પણ કહ્યા વિના કેમ ચાલે? 'બાઈ સાહેબની ખોળ કરતા મારા બા રાજા સુરપાળજી જંગલમાં ફરતા હતા તેવામાં તેમને ઝેરી સાપે દંખ્યા, ને તેથી તેમનું તત્કાળ મૃત્યું થયું'. એમ કહી બેશી જઈ તેણે પોક મૂકયો.

દેવી કહે 'રે ભાઈ એ તું શું બોલેછે! એ કેર ક્યારે થયો? શું પરમેશ્વરનો કોપ અમારા ઉપર છેકજ થયો? મને જીવતાં આ મરકમાં નાખી, ને મારા વહાલાનો સાપથી પ્રાણ લેવડાવ્યો! પણ હું અણુવિશ્વાસુ કેમ થઈ! પરમેશ્વરની પતીજ મેં કેમ છોડી? શ્રદ્ધા તજી હું પાપી કેમ થઈ! મને કલજુગે ભૂલાવી. પ્રભુએ જે કર્યું તે ખરૂં. ઠીક મહારાજ! સ્વામી હું તમારી સેવા કરવા આવી જાણો! આ આવી'. એમ કહી ઊભી થઈ, ને સતીની વાતો સાંભળેલી તે પ્રમાણે આવેશથી ઉશકેરાઈ. તેની આંખો લાલ થઈ. મોટે સાદે જે અંબે, જે અંબે, બોલવા લાગી. પેલા ઠાકોરને કહે જા મારે માટે ચિતા ખડકાવ, હું સતી થાઊંછું, મને સત ચડયું છે. એટલામાં કરણ અને તેના બે ભાઈબંધ આવ્યા. કરણ કહે બાઈ તમે સદા સતી છો. તમે ધાર્મિક સ્ત્રી છો. નીતિશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર તમને વહાલાં છે, ને તમે તે પ્રમાણે ચાલોછો. માટે તાઢાં પડો ને શાસ્ત્ર જુવો. પારાશર સ્મૃતિમાં કહ્યુંછે કે—

"नष्टेमृतेप्रव्रजिते, क्लीबेचपतितेपतौ।
पंचस्वापत्सुनारीणां, पतिरन्योविधीयते"॥

માટે તાઢાં પડો બાઈ. તાઢે પાણીએ સ્નાન કરો, ને એક વરસ વીત્યા પછી મને વરજો. બીજો રસ્તો નથી. વિમળા કહે, 'જેને સંસારમાં રહેવું હોય તેને માટે એ ધર્મ ખરો, પણ એના પછીના શ્લોક બોલને. રૂષિએ આગળ શું કહ્યુંછે? હું દુનીઆથી ધરાઈછું: પરાશર રૂષિએ કહેલા ત્રણ માર્ગમાંના ત્રીજે માર્ગે મારે જવુંછે. ત્રણ ધર્મ વિધવાને કહ્યાછે, તેમાનો છેલ્લો મારે પાળવો છે.' કરણ

કહે 'હું આપઘાત નહિ કરવા દેઊં' વિમળા કહે 'તું મને જીવતી બળવા નહિ દે તો તારે મારૂં મડદું બાળવું પડશે. હું હવે પ્રાણ રાખવાની નથી. તને શાપ દઈશ. તું હજી સતીના શાપથી અજાણ્યો છે.' એમ કહીને વળી જેઅંબે, જેઅંબે, જે ભગવંત, જે જે ભગવંત, જે પ્રભુ, એમ બોલવા લાગી. તેના ફીકા મુખ ઉપર લોહી ચડી આવ્યું, ને બહાવરી બની ડેરાની બહાર જેઅંબે કરતી નીકળી.

કરણ મૂર્ખ ને દુષ્ટ હતો તેમ વહેમીએ હતો. સતીના શાપના ભયથી તે બીન્યો. આ વેળા ગાંડી જેવી થઈ ગએલી વિમળદેવીને પરણવાની આશા તેણે છોડી. આ જોસ્સો કદી ઉતરવાનો નથી એવું તેને ભાસવાથી, તથા ફોજના સર્વે માણસોની મરજી પણ દેવીને બળી મરવા દેવાની જાણ્યાથી તેણે તેને તેમ કરવાની રજા આપી. છાવણીથી કેટલેક દૂર એક ટેકરી ઉપર સુખડની ચિતા ખડકાવી ને ઉપર જુવારના પૂળાની મરૂડી કરાવી. માંહે અને આસપાસ ઘી રેડાવ્યું. તમાશો જોવાને પોતાને કાજે ઊંચી બેઠક કરાવી, અને આસપાસ ઉઘાડી તરવાર સાથે મસ સવારને ઊભા રાખ્યા. સતી થવાની ખબર આસપાસનાં ગામોમાં પ્રસર્યાથી બહુ લોક જોવા આવ્યા, ને સિપાઈ તથા લોકની મોટી મેદની ભરાઈ.

આ બધો વખત પોતાની પ્યારીને છોડાવવાની જુક્તિ શોધવામાં બહાદુર સુરપાળ લાગેલો હતો. કરણની છાવણી જ્યાં જતી ત્યાં પાછળ જઈ આસપાસનાં જંગલોમાં ને ડુંગરોમાં છૂપો ભરાતો, ને ભેદુથી સમાચાર મેળવતો. પ્રથમ દુશમનની છાવણી ઉપર છાપો મારવાનો મનસુબો કર્યો, પણ શત્રુની સંખ્યા મોટી હોવાથી તથા તેઓ જાગરૂત હોવાથી એ યુક્તિ પાર પડે તેવી જણાઈ નહિ. વેશ બદલી પોતે કે બીજા કોઈ ભરૂસેદાર માણસને કરણના લશકરમાં મોકલવો, અને તેની ચાકરીમાં રહી વિમળદેવીને રાતમાં પુરૂષનો પોશાક પહેરાવી નસાડવી, એ બીજી યુક્તિ તેણે ધારી. પણ કરણે જાપતો જબરો રાખ્યો હતો. કોઈ આદમીને ઝડતી લઈ પૂરી તપાસ કર્યા વિના છાવણીમાં પેસવા દેતો નહિ, અને પેઠા પછી પરવાના વગર નીકળવા દેતો નહિ. આખો દેશ દુશમન માટે

ચોકી પહેરા અને બંદોબસ્ત રાખવામાં કસર રાખી નહતી. વિમળદેવીને ફસાવવાને પોતાના મરણની જૂઠી ખબર કહી તે દેવીએ ખરી માની, પણ આગ્રહનથી ચળી નહિ. દુષ્ટના કાવતરાથી ન છેતરાતાં તેણે બળી મરવાનો નિશ્ચય કર્યોછે, ને સતી થવાનું મુહૂર્ત આજે ત્રીજે પોહોરે ઘડી દિવસ રહેતાં છે એ વાતથી તેને તેના ભેદુ લોકે વાકેફ કર્યાં. આ સમાચાર જાણી તેના જીવને એક તરફથી હરખ થયો ને બીજી તરફથી મોટો ખેદ થયો. દુષ્ટ દુશમનના હાથથી છૂટશે ને તેના ક્લેશનો અંત આવશે તેથી સંતોષ થયો, ને પોતાની પ્યારીનું દુઃખદાયક રીતે અકાળ મૃત્યુ થશે, ને તેને ફરી મળવાનો સંભવ રહેશેજ નહિ એ વિચારથી તેનો આત્મા અતિ ક્લેશ પામ્યો.

ગમે તે થશે પણ વિમળદેવી પતિવ્રત તજવાની નથી તો છો બળી મરતી, એથી આપણા મોટા શત્રુ સુરપાળના જીવને મહા દુઃખ થશે. એવી દુષ્ટ વાસનાથી પાપી કરણ અને તેના પાપી સરદારોએ સતીને સાચી બીનાથી અજાણી રાખી હતી. ખરી વાત કહેવાની સર્વને મના કરી હતી. ફૂટેલા ચાવડા ઠાકોર સિવાય તેની છાવણીમાં બીજો કોઈ ગુર્જર નહતો કે તે તેને સાચી વાત કહે. દેવી કને જવાની થોડાજ અમલદારોને પરવાનગી હતી. પોતાનો વર મરી ગયોછે એ ખરૂં માની દેવી બળી મરવામાં આનંદ માનતી હતી. તેણે ઢોંગ કર્યો નહોતો. તેણે માત્ર સત્ય વચન ઉચર્યાં. ચોટલો ચોળી નાહી સ્વચ્છ ધોળાં વસ્ત્ર પહેરી, કપાળે કંકુની પીયેલ કરી, ગળામાં ફૂલના હાર પહેરી, સુનાની થાળીમાં કંકુ એક હાથમાં રાખી બીજે હાથે છાંટતી, પ્રભુની પ્રાર્થના કરતી તે ઉલ્લાસથી ચિતા ભણી ચાલી, કપટી કરણના ભોળા સિપાઇના મન પર આથી ઘણી અસર થઈ, પણ તેના ધાકથી તે બોલ્યા નહિ, ને વચમાં ન પડયા. તેઓ સતીને પગે લાગ્યા, ને તેના આશીર્વાદ ને વરદાન માગવા લાગ્યા. કેટલાકની સ્ત્રીઓ વાંઝણી હોવાથી તેમણે પુત્ર માગ્યા, કેટલાકે ધન માગ્યું. સતીએ કહ્યું ‘તમે મારા પ્રિયદેશના દુશમન છો તોપણ હું તમારો ભક્તિભાવ જોઈ તમને ક્ષમા કરૂંછું, ને ઈશ્વરની સ્તુતિ

કહુંછું કે તમારી અને તમારા રાજાની કુબુદ્ધિ ટળી સુબુદ્ધિ થાય, ને તેથી તમે મારા દેશને પીડો નહિ. હું આજ સુધી અસત્ય બોલી નથી, ને આ અંતને વખતે બોલવાની નથી. મારામાં આ વેળા બળી મરવાનું શૂર છે તે મારા સત્યને લીધે છે, પણ ચમત્કાર કરવાની કે તમને કાંઈ આપવાની શક્તિ મારામાં નથી. મારૂં મન ઉશ્કેરાયલું છે, ને બીજી બધી સતીઓને એમજ હોયછે. ઈશ્વરનું ધાર્યું એટલે ઈશ્વરી નિયમ પ્રમાણે સર્વ થાયછે. કોઈ સતીના કહ્યા પ્રમાણે થતું નથી. ઘણાને કહે તેમાંથી કોઈને ફળે તે માત્ર પાસાના દાવની પેઠે છે. તમે માર્ગમાંથી ખસો, મને ઉતાવળે ચિતા પાસે જવા દો ભાઇઓ વાર થાયછે. મારૂં મુહૂર્ત વીતી જશે. પ્રભુ! હું ભૂલતી હોઉં તો મારી ભૂલ ક્ષમા કરજો. મેં કોઈનું બીગાડયું હોય, કે જાણે અજાણે બીજા અપરાધ કર્યા હોય તેની મને ક્ષમા કરજો. એમ પ્રાર્થના કરતી હિંડેછે એટલામાં એક સુભટ બોલ્યો કે આત્માઘાત કરવો ન જોઇએ. તે સાંભળી સતીએ કહ્યું કે વિધવા થયા પછી જુવાન સ્ત્રીને વૈધવ્ય ધર્મ પાળવો કઠણ છે. અનાથ સ્ત્રીને સંસાર મહા દોહેલો છે. ગૃહસ્થાશ્રમમાં રહી, નગરમાં કે ગામમાં મહીએર કે પીહેર કે સાસરે રહી, શોભાગ્યવતી બીજી સ્ત્રીઓને મહાલતી જોઈ, તથા તેઓની સંગતમાં રહી સંન્યાસી ધર્મ પાળવો એ ઘણું કરીને અશક્ય જેવુંછે, માટે તેણે શાસ્ત્ર પ્રમાણે પુનર્લગ્ન કરવું, કે મારી પેઠે બળી મરવું. વચલે રસ્તે ભય ભારે ને ઘણાં છે; તેઓમાંથી બચવું અતિ અનિશ્ચિત અને મુશ્કેલ છે; મિથ્યાભિમાને પાપના ખાડામાં પડી નરકવાસ કરવાની જરૂર મૂર્ખ લોક અને બીકણ માબાપ પોતાની વિધવા દીકરીઓને પાડેછે તેનું પાપ તેમને શિર છે. મારાથી વૈધવ્ય ધર્મ પાળી શકાશે નહિ, મારે ફરી સંસાર માંડવો નથી તેથી હું બળી મરૂંછું. સ્વર્ગમાં હું મારા સ્વામીને ભેગી થઈશ, ને અમે બંને પરબ્રહ્મનો મહિમા ગાઇશું. એમ બોલી તે આગળ હિંડી. આવા બારિક સમયે, મન બહુ જુસ્સામાં છતાં, આમ સાવધપણે સુનીતિની શિખામણ દેતી

ને પરમેશ્વરનું સ્તવન ભજન કરતી સતી ચાલી એ જોઈ કરણનું દુષ્ટ અને પત્થર જેવું કઠણ હૃદય ઓગળ્યું. તે સતીને પગે લાગ્યો ને બોલ્યો માતા મને માફ કરો, મારા અપરાધ ક્ષમા કરો. સતી કહે "તું એવી પ્રાર્થના પરમેશ્વરની કર, તારા પાપનો પશ્ચાત્તાપ કર, ને હવેથી નવાં પાપ નહિ કરવાનો દૃઢ નિશ્ચય કર. આ દુનીઆની ક્ષણિક મોટાઈ, ક્ષણભંગુર પ્રતાપ, અને સ્વપ્નવત સુખથી ફૂલાઈ ન જતાં તારા આત્માનું કલ્યાણ થવાનાં સાધન શોધ. તું તારે દેશ પાછો જા, તારા બાપને ચેતવ." એટલું બોલી સતી સપાટાબંધ આગળ ચાલી. કરણનું હૈયું વજ્ર જેવું છતાં નરમ થયું, તે પસ્તાવા લાગ્યો, પણ શરમને લીધે સાચું બોલ્યો નહિ.

છાવણીમાંથી બહાર આવી કે લોકે તેને દીઠી. તેના દર્શન કરવાને તેઓ આતુરતાથી વાટ જોતા હતા. તેનું દર્શણ થતાં વારને અંબે માતકી જે, વિમળા માતકી જે, એવી મોટી લલકાર આખી મેદનીમાં થઈ. તેની પાછળ કરણ ચાલતો હતો તે પોતાને માટે કરાવેલી ઊંચી બેઠક ભણી વળ્યો. સિપાઇઓએ લોકને છાવણીથી કેટલેક અંતરે રાખ્યા હતા, ત્યાં સતી આવી કે તેના ઉપર રૈયતે પુષ્પની વૃષ્ટિ કરી. તેને જવાનો માર્ગ રાખવાને કરણના સિપાઈઓ સામસામા બે હારે ઉભા હતા; તેમની વચમાં થઈ સતી ચાલી. ચિતાની થડમાં આવતાં જે અંબેના પોકારથી, અને ઢોલ, નગારાં, શરણાઈ વગેરે વાજાંના નાદથી આકાશ ગાજી રહ્યું. કાને પડયું કાંઈ સંભળાય નહિ, અને સિપાઇઓની પાછળ ઉભેલા લોકોએ પુશ્કળ ગુલાલ ઉરાડયું તેથી કાંઈ દેખાય નહિ. બળતી સતીની ચીસ સાંભળવી નિષેધ છે એવા વહેમથી એવે વખતે શોર બકોર કરતા, ને તાંશાં, તુરાઈ, રણસીંગા વગેરે વગાડવામાં આવતા, તેમ આ વેળા પણ થયું. સતીના હાથમાં સોનાની થાળ હતી તેમાં ઘીનો દીવો બળતો હતો, તથા ઘીમાં બોળેલો કાકડો હતો. આથમતા સુંદર સૂર્ય ભણી ઉભી રહી તેણીએ દેવની ટૂંકી પ્રાર્થના કરીને પોતાનો કાકડો સળગાવ્યો, થાળો બ્રાહ્મણને આપ્યો ને પોતે ચિતા ઉપર ચડી.

એ વેળા ગુલાલ અબીલની ધૂમ મચી રહી હતી, તેથી નજરે થોડુંજ દેખાતું હતું, જેઅંએની બૂમો, અને વાજિત્રના અવાજ કાન બહેર મારે તેવા થતા હતા. ચિતા ઉપરની રાડાની મરૂડીમાં સતી પેઠી ને પોતાને હાથે અગ્નિ સંસ્કાર કરેછે તેજ ક્ષણે ભીમ જેવા કોઈ જબરા પુરૂષે આવી તેને બે હાથમાં ઊંચકીને બીજાએ તેના હાથમાંનો કાકડો ઝૂટાવી લઈ મરૂડી સળગાવી દીધી. તેણીએ ચીસો પાડી પણ કોણ સાંભળે! તત્કાળ ચિતા પરથી ભૂસકો મારી તે નાઠો. શીખવી રાખેલા માણસોએ ઝટ જવાનો માર્ગ આપ્યો ને પાછો પૂરી નાંખ્યો; પહેલેથી કરેલી ગોઠવણ પ્રમાણે તેઓ માંહોમાંહે ધકામુક્કી કરવા મંડી ગયા. ચિતાને તેમણે સળગાવી દીધી, અને ભરી રાખેલી ધૂળની પોટલીઓ ઉડાવીને ધમસાણ કરી મૂક્યું.

ગભરાટ અને અચંબામાં ગરક થયલા સિપાઇઓ આ વેળા કાંઈ કરી શક્યા નહી. ઘડી પછી કરણને જાણ થઈ કે સતીને કોઈ લઈ ગયું. હાથ પગ પછાડી દાંતીઆં કરી તેણે ચોદિશાએ સ્વારો દોડાવ્યા; પણ કશો પત્તો લાગ્યો નહિ. અંધારી રાતમાં તેઓ અથડાઈ મુવા. કરણને ખબર થયાની અગાઉ પેલા પુરૂષે ગબરડીએ સતીને લઈ જઈ ઘોડી ઉપર બેસાડી પાછળ પોતે ચડી એવી ઝડપથી તે નાઠો કે થોડા ક્ષણમાં આડે અવળે માર્ગે ડુંગરોમાં ક્યાંનો ક્યાં ભરાઈ ગયો. ગભરાટથી વિમળાને કેટલીવાર સૂધી કાંઈ ભાન નહતું, પણ ડુંગરોમાં પેઠા પછી ચેતના આવી, ત્યારે તેણે ડોકું ફેરવી જોયું ને પોતાના વહાલા સુરપાળ સ્વામીને નીરખ્યો. ઘોડી પૂર વેગમાં દોડતી હતી, તેથી વાત થઈ શકતી ન હતી. ગતથયલા ધણીને ભરવાડના વેષમાં હું ફરી કેમ દેખું છું, મને ભ્રાંતિ તો નહિ પડતી હોય? એ ભૂત તો નહિ હોય? કોઇ કરણ જેવો બીજો પાપી ઠગારો તો નહિ હોય? એવી એવી શંકા તેના મનમાં ઊઠી. દિવસ હતો ત્યાંસૂધી તો તે ફરી ફરીને સુરપાળનું મુખ જુવે ને મનમાં ધીરજ આણે પણ સાંજ પડ્યા પછી તેની સબૂરી રહી નહિ. ઘોડીની દોડ ધીમી પડી હતી, પણ

રસ્તો વિકટ હતો. ખાડા ને ટેકરા આવે, વાંક વળામણી ગલીકૂચી આવે, ઝાડી આવે ને રાત અંધારી તેથી તેને બીક લાગી. તે રડી પડી. સુરપાળે તેને કહ્યું 'વહાલી તું ડરીશ મા. શત્રુ પાછળ લાગેલા છે માટે ઉતાવળે નિર્ભય સ્થાનમાં આપણે જવું જોઇએ, ત્યાં જઈ હું તમને સઘળી હકીકત વિસ્તારીને કહીશ. હું સુરપાળ છું, હું જીવતો છું, મારા મરણની ખોટી ખબર તમને લુચ્ચા કરણે કારાવી હતી.' એમ બોલી તેને ધીરજ આપી.

ઘણા ગાઉ કાપ્યા પછી તેનો ગુપ્ત મુકામ આવ્યો. ઘોડી ઊભી રાખી પોતે પ્રથમ ઊતર્યો, ને પછી પ્રિયાને ઉતારી. માથાનું ફાળીયું અને ઓઢેલી કામળી ફેંકી દેતાં વિમળાએ તેને પૂરો ઓળખ્યો. ઓળખ્યો તેવીજ તેને વળગીને રડી પડી. સુરપાળને પણ હર્ષનાં આંસુ આવ્યાં. નારીની દુર્બળ થઇ ગએલી કાયા જોઇને તથા તેને વીતેલાં દુઃખની વાત સાંભળી સુરપાળને તેના ઉપર બહુ દયા આવી; સ્ત્રીની દૃઢ સુનીતિથી તે સાનંદાશ્ચર્ય પામ્યો. પ્રેમના ઊભરાથી તેની છાતી ભીંડાઈ ગઈ ને નેત્રોમાંથી જળધારા વહી. સેવકોએ ભોજન રાંધી રાખ્યું હતું; ને ઊનું પાણી તૈયાર હતું. સ્નાન કરી સ્વચ્છ થઈ ભગવાનનો પાડ માન્યો, ને પછી ઠંડા પવનમાં પોત પોતાની વાતો કહેતાં આરોગવા બેઠાં. રૂપસુંદરી ભીલોમાં સહી સલામત છે તે જાણી વિમળાદેવી બહુ હરખાઈ. સતી થતી વેળ તેને છોડવવાને ગુલાલ અબીલ ઉડાવાની, ફૂલ વધાવવાની, જૂદા જૂદે ઠેકાણે તથા ચેહની થડમાં છૂપે વેશે રાખેલા ગુર્જર જોદ્ધાની, વૈરીના સિપાહીઓ ભણી ધૂળની પોટલીઓ છાંટવા વગેરેની યુક્તિઓ રચી રાખી હતી તેનું સવિસ્તર વર્ણન સુરપાળે કર્યું.

खंड ३ जो.

रूपसुंदरीनां संकट. भीलोनी श्रद्धा. वनराजनो जन्म. मा दीकराने माथे दुःखनां झाड. हालरडां.

વિમળાદેવીનું અને તેના રખવાળાનું શું થયું તેની રૂપસુંદરીને

બીજા દિવસ સુધી ખબર પડી નહિ. તે બાપડી ઝાડના પોલાણમાં મહા ત્રાસ પામતી અર્ધી રાત લગી ભરાઈ રહી. ચોદિશાએ ઘોરવન હતું. તેને ચાંગળું પાણી પાવાને કે તેની જોડે વાત કરવાને એકે આદમી ન હતું. વાઘ, વરૂ, રીંછ, શિઆળવાંદિક જંગલી પશુઓની વસ્તીમાં રાતને સમયે સકોમળ રાણી એકલી હતી. જો છીંકે તો ખમા ખમા કહી દાસીઓ ધાઈ વળે, ને બગાસું ખાય તો દશ વીસ ચપટીઓ તુર્ત વાગે, તેને કેસરી ફાડી ખાય, કે ભોરિંગ દંખે તોએ સહાય કરનાર કોઈ નહતું. શી આફત! અંધારૂં થયા પછી મહારાણીનો જીવ મૂઝાયો. તેની છાતી ભરાઈ આવી, પણ જીવ સાવધ રાખી તેણે રડવાની ઈચ્છાને અટકાવી, કેમકે કરણના માણસો તેને ખોળતાં ત્યાંસુધી આવ્યા હતા. ઇનામની લાલચે તેઓ ઘણું ભટક્યા. રાણી જે વૃક્ષમાં હતી તેની થડમાં કેટલાક આવી ભૂડાં વેણ બોલ્યા; એક એકને ગાળો ભાંડે ને મશકરી કરે. રાણી વિષે પણ ભાંડ વચનો બોલે. એ વખત પૂરો બારીક હતો. રાણીને અને ગુજરાતને સુભાગ્યે બખોલનું મોડું ઝાડની ઉપલી મેર ઉચું.હતું તેથી ઓલ્યા આદમીઓના જોવામાં ન આવ્યું. એકે ઝાડ ઉપર ચઢવા માંડયું પણ તે જાડું હોવાથી બરાબર બાથમાં આવ્યું નહિ, તેથી ન ચઢયો. વાઘ અને સાપની દહેશતને લીધે અંધારૂં થતાં તેઓ પાછા ફર્યા. આ વિકટ જંગલમાં રાણી રહી શકે નહિ. કદાચિત્ત ભીલના કોઈ ગામમાં હશે એમ વિચારી કરણે રાણીની શોધને કાજે મૂકેલા નાયકે ભીલનાં ગામો બાળ્યાં તેના ભડકા રાણીએ દીઠા. મોટાં તાપણાં કર્યાં હોય તેવું ચોપાસ જણાતું હતું. ભીલડીઓ અને બાળકો બચારાં નાશી કોતરોમાં ભરાયા. પોતાને માટે એ ગરીબ લોકને એવી આપદા પડતી જોઇ રાણીના શોકમાં વધારો થયો, ને દુશમનો ગયા કેડે કેટલીક ઘડીએ તે રોઈ પડી. જંગલના બિહામણા દેખાવથી, ફાડી ખાનારાં પશુઓના બરાડાથી, અને જયશિખરનું, સુરપાળનું, અને વિમળાનું, શું થયું હશે તેના અજાણપણાથી તેની ધીરજ જતી રહી. ત્રણ ચાર ઘડી સુધી તેણે બહુ કલ્પાંત કર્યું. છાનું રાખનાર કોઈ પાસે મળે નહિ તેથી થાકીને પોતાની મેળે રોતી રહી. પાણીની તરસ

લાગી ને કંઠ સૂકાઈ ગયો. ગુર્જરેશ્વરની પટરાણીને ટીપું પાણી આણી આપનાર કોઈ નહતું ! રોવાથી તેના હૈયાનો ઉભરો કાંઇક શમ્યો ને પાછી સાવધ થઈ. પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગી, કે હે પ્રભુ ! મને આ સંકટમાંથી છોડવ. આ અઘોર વનમાં આ ઝાડના પોલાણમાં મને એકલી ક્યાં લગી રાખીશ. અહિં હું ખરેખરી અનાથ છું. હે દયાળુ પિતા ! મને સહાય કર, તરશે મારૂં ગળું મળી જાયછે. પેલા સાપને દોડતા દેખી મારૂં શરીર કંપેછે, મહારા વહાલાનું શું થયું હશે ! આ અવસ્થાથી તો મરવું ભલું. હે દીનાનાથ ! મારા ઉપર દયા કર, મારી રૈયત ઉપર દયા કર ! મારો જીવ મને વહાલો નથી; મેં મારા સ્વદેશ કલ્યાણાર્થે આ જંગલ વેઠવું કબુલ કર્યુંછે. પણ એમાંએ મારે માથે આવાં સંકટ પડશે તે હું જાણતી ન હતી. મારી સ્થિતિ કેવી હતી ને આ કેવી સ્થિતિમાં મને નાંખી ! મારા ઉપર આવડો બધો કોપ શા માટે કર્યો ! પણ હું ભૂલી, તું તો ન્યાયી અને દયાળુ છું. તારા ઉપર દોષ મૂકી હું દૂષિત થાઉંછું તારો વાંક નથી. વાંક તો મારા કર્મનો, મારી પ્રજાનો. લોક પરાક્રમહીન થયાથી દેશ પીડા પામેછે. દેશના ધણીનું કોણ જાણે શું થયું હશે ! દેશની ધણીઆણીની આ અવસ્થા છે ! હે ભગવન્ ! હવે તો ક્ષમા કરી મારી વહારે ચડ. હું અબળાજાતિ આ બિહામણા રણમાં રાત્રે એકલી કેમ રહી શકું ? હવે મારા પ્રાણ જશે.

એમ કરગરી અરજ કરતી હતી તેવામાં રાણીએ કોઈ બઇરાંને હાથમાં કાકડા લઈ આવતાં જોયાં. એ પેલા ભીલરાજાની નારી બે દાસીઓ જોડે તેને તેડવા આવી હતી. ત્રણ ભીલડીમાંની એક બાકીની બેની મદદથી ઝાડે ચડી રાણીને પોલાણમાંથી ઉપર ખેંચી લેઈ નીચે ઊભી હતી તેને હલકે રહીને આપી. મહારાણીનું મુખ આંસુથી ભીંજાઇ ગયું હતું તે પોતાના સાલ્લાના છેડાવતી લોહી નાખી ભીલ રાણી બોલી કે "બા તમે ફિકર ના કરો, માતાજી બચાવશે. રાણી સાહેબ તમે અમારા પરોણા છો. અમારા જંગલમાં સંતાવાની જગ્યા એવી એવી છે કે પીટયા સોલંકી શોધી મરે પણ તમે જડવાના નથી. હું અને મારી દાસીઓ તમારાથી જરા ખસવાનાં નથી

ફળફૂલ, કોદરા ને બાવટો અમારા પહાડી મૂલકમાં મળેછે તે ખાઈ આપણે નિર્વાહ કરીશું. હું તમારી સેવા કરીશ, મારો માંટી ને મારાં છૈયાં તમારૂં રક્ષણ કરશે. અહિંથી તમને અમારે ઘેર તેડી જવાને તે મને કહી ગયાછે, માટે ચાલો." રૂપસુંદરી તેની જોડે ગઈ. વનમાં ઘણે દૂર ગયાં ત્યારે કેટલાંક ઝુંપડાં આવ્યાં. અહિં એક ઝુંપડામાં રાણીને ઉતારો આપ્યો.

ભીલડીઓએ તેની સારી ચાકરી કરી. દેવતા સળગાવી આપી તેને તપાડી, તેના પગમાં ભાગેલા કાંટા કહાડ્યા, જમાડી, અને ખૂબ ચંપી કરીને ઊંઘાડી. થાકેલાં મહારાણી અને ભીલરાણી બીજે દિવસે બપોરે ઉઠયાં. ભીલરાજાના વડા દીકરાએ આવી ઘણી દિલગીરીથી સઘળા માઠા સમાચાર કહ્યા. જયશિખરનું રણમાં પડવું, પંચાસરનો પોણો નાશ, વિમળદેવીનું હરણ, પોતાના પિતાનું મરણ, વગેરે બનેલા બનાવ જાહેર કરી રૂપસુંદરીને અને પોતાની માને નમી આજ્ઞા માગી. ગુર્જરેશ્વરીને એ સાંભળી મૂર્ચ્છા આવી. ભીલડીઓએ તેને બહુ મહેનતે જાગરૂત કરી ધીરજ આપી. ભીલરાણીએ પણ બહુ રૂદન કર્યું. જુવાન ભીલરાજાએ બેહુને હિમ્મત દઈ કહ્યું કે અત્યારમાં એમ ગભરાઓછો શું! હજી તો આપણા ભોગાતનનો આરંભ છે. ભૂવડ આપણને આ જંગલમાંએ સુખે ઠરવા દેવાનો નથી. મહારાણીને તથા સુરપાળને મુવેલાં કે જીવતાં ઝાલનારને એક લાખ દામ અને ગુજરાતના રાજ્યનો ચોથો ભાગ ઈનામમાં આપવાનાં જાહેરનામાં કર્યાંછે. તેમ અમે ભીલોએ પણ લીધુંછે કે કોઇએ ખોળીઆમાં જીવછે ત્યાં સૂધી ધૂટવું નહિ. આખી પૃથ્વીનું રાજ્ય મળે તોએ મહારાણીને આંચ આવવા દેવી નહિ. માતાજી આપ નિર્ભય રહેજો. મારા બાપે મરતી વેળા મારૂં વચન લીધુંછે જે માંરે આપનું રક્ષણ કરવું. આપ મને આ મારી જનેતાથી વિશેષ છો. મારી મા આપની સેવા બજાવશે ને હું આપનું રક્ષણ કરીશ. કાલે અહિં ભીલની જમાત મળશે. તેવારે મને પાઘડી બંધાવી લોહીનો ટીલો કરી ભીલરાજા ઠરાવજો. રૂપસુંદરીએ પૂછ્યું મારો ભાઈ ક્યાં છે? ભીલે કહ્યું તેઓ ખેમકુશળ છે, કરણની

પૂઠે લાગેલા છે; પોતાનો બચાવ કરવાને તેઓ પૂરતા સમર્થ છે. ગઢો સાચવવાની, શૂરા જોદ્ધાઓને ઉસકેરવાની, અને સામા થવાની ગોઠવણ રચેછે. શત્રુ હજી તેનાથી ધ્રુજે છે. કરણ અને મીર તેનું નામ સાંભળી બાડકેછે, અને ભૂવડને સુખે નિદ્રા આવતી નથી.

રાવણું કરવાને જુવાન ભીલરાજાના નોકરો અને ભાઇબંધો અફીણ, દારૂ, ચોખા, મગની દાળ, હરણનું માંસ, ગોળ, બાળવાનાં લાકડાં વગેરે લાવવામાં આખી રાત કામે લાગ્યા હતા. સવારથી ફૂટાયા ભાયાતો વગેરે ભેગા થવા લાગ્યા. પુહોર દહાડો ચડતાં ખબર આવી કે મહારાણીની ખોળ કરતા દુશમન આવે છે. રૂપસુંદરીને તુરત ત્યાંથી લઈ જઈ કોઈ ગુપ્ત જગામાં સંતાડી. આ વેલા શત્રુ થોડા હતા અને ભીલો વધારે હતા, તેથી જુવાન ભીલરાજાએ હુકમ આપ્યો કે એમને જીવતા જવા દેવા નહિ. ભીલો ઉલટથી મચ્યા. તીરનો વરસાદ વરસાવ્યો રૂપસુંદરીને ઢુંઢવામાં સારી રાત ભટક્યા હતા તેથી ઉજાગરે અને થાકે પીડાયલા સોલંકીઓ ભીલ મુકામે ઓચિંતા આવી ચડયા હતા. થોડીવાર લડી ગભરાટમાં પડી તેમણે પલાયન કરવા માંડયું. ભીલોએ તેમને ઘેરી કતલ કર્યા. ખબર લઈ જવાને એકે ઉગર્યો નહિ. ભીલોએ ત્યાં પછી સુખે ઉજાણી કરી. રૂપસુંદરીએ તેમના જુવાન ઠાકોરને મુખ્ય ભાયાતની આંગળીના લોહીવડે રાજતિલક કર્યો ને પાઘડી બંધાવી. ભીલો ખુબ મગન થયા. પોતાના તે દિવસે અને આગલે દહાડે કતલ થયલા ભાઇઓનો શોક મૂકી રાસ રમવા લાગ્યા. ખાઈ પીને મસ્ત થઈ ભીલડીઓ જોડે દાંડીએ રમે, ગાય કૂદે ને મઝા કરે. એક ભીલ જોડે એક ભીલડી, બીજા ભીલ જોડે બીજી ભીલડી, એમ ટોળું વળી નાચ્યાં. એવાં ઘણાં ટોળા વળ્યાં. તેઓ સઘળા ખાતાં જાય, દારૂ પીતાં જાય, ગાતાં જાય ને કૂદતાં જાય. કેટલાંક માંટી બૈયર જૂદાં નાચતાં હતાં, છોકરાં, છોકરીઓ પણ તરેહ તરેહની રમતો રમ્યાં. પોણી રાત સૂધી આ ધૂમખળ રહ્યું. પાછલી રાતે સર્વે થાકી લોથ થઈ પડયાં ને બીજે દહાડે બપોર સૂધી ઊંઘ્યાં.

રૂપસુંદરી બીચારી એ વખતે મનમાં કાંપતી હતી. આ વખતે

શત્રુ આવી પડે તો ભીલોનાં મોત ને તેની કબજી થાય, એવી બીકથી તે ફીકરમંદ હતી. પણ સારે નસીબે એવો બનાવ બન્યો નહિ. ત્રીજે દહાડે ત્યાંથી ભીલો વીખરાઈ ગયા, ને રૂપસુંદરીને બીજે ઠેકાણે સંતાડી. ભૂવડના સિપાઇઓ તેને શોધવાને જંગલોમાં ને ડુંગરામાં ફરતા હતા તેમાંના કેટલાકને ભીલોએ મારી નાખ્યા, ને કેટલાએકને વાઘે માર્યા. કેટલાક ભીલ પકડાયા તેમને મનાવવાને બહુ માર માર્યો, ક્રૂર સજા કરી, પણ તેમણે રૂપસુંદરીને આપી નહિ. એ તો ગઈ તે ગઈ, કોણ જાણે ક્યાં ગઈ. ગુર્જરોએ ન જાણે ને સોલંકીઓએ ન જાણે. તેને ક્યાં છૂપાવી છે તેની કોઇને ભાળ લાગી નહિ. સેંકડો ભીલ ભીલડીના જાણવામાં હતું, પણ લાલચ, લોભ, ભય, પીડા, એ કશાથી એકે ફૂટ્યું નહિ. શાબાસ છે એ વનચરોને! ભીલો તેને એકને એક ઠેકાણે રાખતા નહિ. માસ ભરાઈ જવાથી રાણીને આ દોડાદોડ બહુ વસમી પડતી, પણ શું કરે લાચાર.

આવી દુર્દશામાં વૈશાખ સુદ પૂનેમે સવારે મોટો બનાવ બન્યો. ક્ષિતિજમાં સૂર્યોદય થયો તેજ ક્ષણે ગુર્જર રાજ્યને પુનઃસ્થાપનાર પ્રગટ થયો. ગુર્જર રાજ્યને તારનાર, ગૂજરાતને ઉગારનાર, ચાવડા વંશનો સૂરજ અને શત્રૂને બાળનાર અગ્નિ તે દિવસે પ્રાતઃકાળે પ્રગટ્યો. ભીલોએ તે દહાડે મોટો ઓચ્છવ કર્યો, ને કુંવરનું નામ વનરાજ પાડ્યું. જે સ્થળે જન્મ થયો તે સ્થળે, દેશનો દહાડો ફર્યા પછી ઝાડી કપાવી નાખી, ચંદ્રપુર નામે ગામ વસાવ્યું, એ ગામ હાલ ચંદુર કહેવાય છે. પ્રસવની વેદના વામ્યા પછી રાણીને બીજે સ્થળે લઈ ગયા, ને કેટલાક વખત લગી રાખી. એ ઠેકાણે પાછળથી લોકે વનરાજનગરી વસાવી તે હાલ વણોદ કહેવાય છે. પોતાની કુળદેવીનું વનરાજે બંધાવેલું દહેરૂં એ કસબામાં અદ્યાપિ છે. ભીલોને અહીં શત્રુ જોડે ઘણી વઢવાઢ થઈ હતી તેથી આસપાસનો મૂલક આજે પણ વઢીઆર કહેવાય છે.

કુંવરનું મુખ જોઇ રાણીને બહુ હરખ થયો. સાધારણ માણસને ઘેર દીકરો અવતરેછે ત્યારે તે તથા તેનાં સગાં વહાલાં ઘણા ખુશી થાયછે તો આવે સમે આખા દેશને માટે પુત્ર સાંપ-

ડ્યો તેનો આનંદ રૂપસુંદરીને કેટલો થયો હશે તેની કલ્પના આપણે સહજ કરી શકીએ. ભીલો બહુ રાજી થયા. ભીલડીઓ તો કુમારનું સુંદર સ્વરૂપ જોઈ મોહ પામી. હાથમાં લઈ લઇને બચીઓ કરે ને રમાડે. એમ સર્વે આનંદમાં હતાં તેવામાં સમાચાર મળ્યા કે સુરપાળ ગીરનારમાં ક્ષેમ કુશળછે અને વિમળદેવીને આબરૂસર છોડાવીછે. ભૂવડ અને કરણ સ્વદેશ જાયછે એવી અફવા ઉડી હતી તે પણ જાણી.

રૂપસુંદરીએ ધાર્યું કે હવે મારા દુઃખનો છેડો આવશે. ભાઈ કુશળ છે એ સુણી તેને હિમ્મત આવી. સુરપાળને સંદેસો કહાવવાની ગોઠવણ ભીલો જોડે કરતી હતી તેવામાં વળી ધાડ આવી. ખબર આવી કે ભૂવડના સવારો આવેછે. ભીલો તેને અને તેના બાળકને લઇને નાઠા. માર્ગમાં દુશમન નજીક આવ્યાથી અર્ધા ભીલ એક રસ્તે નાઠા ને અર્ધા બીજે રસ્તે દોડ્યા. એવેળા મા દીકરો વખૂટાં પડયાં. રાત પડી પણ કુંવર મળ્યો નહિ. અંધારા કોતરમાં એક ભીલડી જોડે તેણે રાત કહાડી. આખી રાત રોઈ. "ઓ કુંવર તારા વિના મને ગમતું નથી, તારાવિના મને ઉંઘ આવતી નથી. તું કયાં ગયો? મને મૂકીને કયાં ગયો? મારો કુંવર લાવોરે, મારા લાડકવાયાને લાવો. અંધારામાં તને કોણ ધવરાવશે? તને કોણ દૂધ પાશે? તને મારા વિના હાલરડાં કોણ ગાશે? તું છળી મરીશ. હાયહાયરે મુવા ભૂવડ તું મારી કેડે કેમ લાગ્યો છે? રે પ્રભુ સુખનું ટાણું દેખાડીને વળી દુઃખમાં શીદ નાખી"? એમ રડતાં વહાણું વાયું. એક ભીલ તેને ત્યાંથી તેડી જવા આવ્યો, તેણે ખબર કરી કે કુંવરને હરકત થઈ નથી, પણ આ વખતે ઘણી સંભાળ લેવાની જરૂર છે. પોતાને દેશ ગયા પહેલાં ભૂવડ પંડે શોધ કરવા નીકળ્યો છે. તેણે જંગલો અને પહાડો ઘેરી લીધા છે, પણ માતાજી તમારે ડરવું નહિ. તે ચંડાળને હાથ કુંવરને જવા દેવાના નથી ને તમને સહીસલામત સંતાડી રાખીશું.

મળસકામાં રાણી તેની સાથે ચાલ્યાં. ડુંગરા ચડે ને ઉતરે, એક ઝાડીમાંથી નીકળી બીજી ઝાડીમાં પેસે, તેના કોમળ પગે આં-

દુખ્યા પગાં ને ઝાંખરાંથી અંગ ઊઝરડાયું. મધ્યાન્હ થવા આવ્યો પણ રાણીને અન્ન કે ફળ ખાવા મળ્યું નહિ. ભીલ અને ભીલડી જોડે હતાં તેમણે અંતે એક ખાબોચીઆની પાસે રાણીને બેસાડી કાંઈ કંદમૂળ આણ્યાં, ને દેવતા સળગાવી સેકીને રાણી આગળ મૂક્યાં. રૂપસુંદરીએ તેના ત્રણ ભાગ કરી ત્રણે જમ્યાં. એવામાં કોકનાં પગલાં સંભળાયાં. ભીલે ઝટ એક ઝાડે ચડી જોયું તો બાળકને લેઈ એક ભીલડી તથા કેટલાક ભીલ આવતા દીઠા. નીચે ઉતરી તેણે ખબર કરી ને ત્રણે સામાં ગયાં. ભીલડીના હાથમાં વનરાજ હતો. તેણીને રાતમાં તે ધાવ્યો હતો પણ થાકને ભૂખથી તથા તેનું પોતાનું છોકરૂં જોડે ધાવતું હતું તેથી સવારથી દૂધ ઓછું થઈ ગયું હતું ને બાળરાજા ધાવણ વિના પીડાતો હતો. રડી રડીને થાકે કે નિદ્રાવશ થાય. વળી જાગે ને રડે. રૂપસુંદરી તેને લેવા ધાઈ. સ્તનમાં પાનો ભરાઈ આવ્યો, ને અમરત ટપકવા લાગ્યું. શું માનું હેત! કુંવરને લઈ છાતીએ ચાંપ્યો. ધવરાવતી જાય ને પ્રેમાશ્રુ ઢાળતી તેનું ચંદ્રવદન નીરખતી જાય. માતાનું મુખ અને લોચન પ્રેમલ દીસ્યાં. અમરતઝરણથી તૃપ્ત થઈ કુંવર મલકાયો તે જોઈ તેની માડીના હૈયામાં હેતનો ઉભરો આવ્યો, ને પ્રીતિના આવેશમાં ક્ષણવાર રાણી સઘળું દુઃખ વીસરી.

રાણીએ પોતાનાં સઘળાં આભૂષણ ભીલોને આપી દીધાં, ને પોતે ભગવાં પહેરી જોગણને વેશે તેઓમાં રહીને મહા દોહેલા દિવસ કહાડ્યા. બે દહાડા કોઈ છાની જગાએ રહે તો ત્રીજે દહાડે ત્યાંથી નાસવું પડે. ભૂવડ દેશમાં રહ્યો ત્યાં લગી તેનાથી ઝંપીને બેસાયું નહિ. એક જંગલમાંથી બીજામાં જાય, અને એક પહાડેથી ઉતરી બીજાપર ચડે. એક દહાડો એક કોતરમાં તો બીજે દહાડે બીજી ગુફામાં રાત ગાળે. પાસે નાનું છૈયું, વેળા કવેળા ખાવાનું મળે; કોઈ વખત એકજ વાર અન્ન મળે ને કોઈવાર લાંઘણ કરવી પડે. રાત્રે નિરાંતે સૂવું પણ નિત્ય બનતું નહિ. ભોંયે ને કઠણ પથરાપર સૂતાં રાણીનાં કુમળાં હાડ દુખ્યાં ને ચામડી છોલાઈ. પંચાસરની પાસેના જંગલમાં ભીલોને ગામે ગામ ભૂવડે ચોકી મૂકી, ને એક એક ઝુંપ-

ડીની ઝડતી લીધી, તથા તમામ ભીલડીઓમાં ખોળ કરી. ત્યાર પછી સોરઠના પર્વત, ચોટીલાના ડુંગરા, મેહેવાસના કોળીનાં ગામો, સાબર, મહી, નર્મદા, અને તાપીકાંઠાનાં વનો જોઇને થાક્યો પણ સુરપાળ, રૂપસુંદરી ને વનરાજ તેને હાથ લાગ્યાં નહિ. વનવાસી લોકના આધીનથી તે આશ્ચર્ય પામ્યો. એ વનચરોની નિષ્ઠાથી, તેમની સ્વદેશપ્રીતિથી, તેમની રાજ્યભક્તિથી, અને તેમના વટથી વિસ્મય થઈ બહુ ખીજ્યો ને હાથ પગ પછાડ્યા. મોટી મોટી લાલચ, ધન અને જાગીરોના લોભથીએ કોઈ ફૂટતું નથી, અને માર ફાડ મોત અને ગામ બાળવાના ભયથીં ડરતું નથી તો હવે શો ઇલાજ કરવો તેના વિચારમાં તે પડ્યો. સેંકડો ભીલ ભીલડીઓને, કોળીઓને, ભરવાડને, તથા ગૂજરોને મનાવવાને તેણે પકડીને રીબી રીબીને માર્યા અને મારી નાખ્યા, પણ તેનો હેતુ પાર પડ્યો નહિ, ત્યારે નિરાશ થઈ નિર્દય રાજા તથા તેનો દુષ્ટ કુંવર કરણ પ્રતિનિધિને કામ સોંપી સ્વદેશ ગયા.

અરણ્યમાં સાવજ, વાઘ, વરૂ, નાગ, અજગરાદિક ઘાતક પ્રાણીઓથી એ મા દીકરાના જીવ પ્રભુએ કેટલીક વેળા અદ્ભુત રીતે ઊગાર્યા. એક વખત ઝુપડીમાં રાણી રાંધતાં હતાં ને બારણે ભીલડીના ખોળામાં કીકો રમતો હતો તેવામાં ભૂખ્યો અજગર આવ્યો. ભીલડી જેવી નાસવા જાયછે કે અજગરે તેનો પગ સાહ્યો. બાઈ ધબ દેઇને પડી. નીચે કુંવર ને ઉપર તે. પડતાં પડતાં કારમી ચીસ પાડી તે સાંભળી રાણી તથા બીજી ભીલડીઓ દોડી આવી. અજગરથી ન બીતાં પડેલી ભીલડીની તળેથી રાણીએ કુંવરને કહાડી લીધો. અજગરે ભીલડીને આખે અંગે ચૂડ ભેરવીને તેનો અર્ધો પગ ગળ્યો. એક લઠ ભીલે ઝટ કુવાડે વતી તેનું માથું ચીરી મારી નાખ્યો ત્યારે તેની ચૂડ છૂટી. એક દિવસે થાક્યા પાક્યા આવી કોઈ ડુંગરની તળેટીએ વહેતા નાળાને કાંઠે મુકામ કર્યો હતો, વનરાજ ખોયામાં સૂતો હતો ને રાણી નહાતાં હતાં એટલે ઓચિંતો વાઘ આવ્યો. જે ઝાડે ઝોળી બાંધી હતી તેજ ઝાડે એક ભીલડી ચડી ગઈ ને કુંવરને પોતાની પાસે લઈ લીધો. રૂપસુંદરી સામે તીરે નાઠી. વાઘ તેની

કેડે પડ્યો. એક છલંગે વહેળો ઓળંગ્યો ને જોગણના ભગવા સાળુને લીધે કે કાળી ચામડીથી ગોરી ચામડી ગમી હોય તેથી ભીલડીઓ ઉપર ન જતાં નાસતી રાણી ઉપર તલપ મારી. રૂપસુંદરી ગભરાટમાં નીચે પડી. વાઘ તેના વાંસાને ડાચું ભરેછે એટલામાં તેની જમણી આંખમાં તીર વાગ્યું ને તે પાછો હઠ્યો. તુરત બીજા તીરે તેના ઉઘાડા મોડામાં પેશી તેનું તાળવું ફોડ્યું. રાણીને ન મારતાં તે પેલા તીર મારનાર ભીલ ઉપર ધસ્યો. ભીલે દાતરડાવતે તેની ફાળ ઝીલીને તેનું પેટ ફાડ્યું. વાઘે પણ ભીલને જખમી કર્યો. વાઘ મૂવા પછી થોડીવારે રૂપસુંદરી સાવધ થઈ ને ભીલડીએ કુંવરને તેના ખોળામાં મૂક્યો. રાજમાતાના હૈયામાં વહાલ એટલું ઊભરાયું કે કેટલીકવાર બોલાયું નહિ. પુત્રનું મુખ ટગમગ જોયાં કર્યું ને તેનાં ચક્ષુ જળથી ભરાયાં. થોડા ક્ષણ આકાશ ભણી જોઇને બોલી "હે ભગવાન હે વિશ્વનાથ! હું તારો પાડ કદી ભૂલવાની નથી. અનાથની વહારે તું આ વેળા ખરેખરો ચડ્યો. મારા ભીલમિત્રનું બાણ ચૂક્યું હોત કે મનેજ વાગ્યું હોત તો મારો પ્રાણ તત્કાળ નક્કી ગયો હોત. હે વિશ્વપાળક મહાદેવ! તું તારી દયા મારા ઉપર જારી રાખજે. હે ત્રિલોકપતિ! આ બાળકનું રક્ષણ આજ સૂધી તેંજ કર્યુંછે, આજે એને તેંજ બચાવ્યોછે. હે જગદીશ્વર પરમાત્મા! આ મારી સ્તુતિ માન્ય કરજે!"

એમ મોતના મુખમાંથી પોતે અને પ્રાણ પ્યારો પુત્ર જીવી અનેક વાર બચેલાં તે સંભારી પરમેશ્વરનો ઉપકાર રાણી નિત્ય માનતી. રાજમહેલ, સખીઓ, સુના રૂપાનાં વાસણ, અમૂલ્ય રત્નો, ઘરેણાં, વસ્ત્રો, મશરૂની તળાઈ, તકીઆ, રજાઈ, સોનારૂપાના ઢોલીઆ, છપ્પર પલંગ, હિંચકા, વગેરેનાં સુખ અને પાછલો વૈભવ સાંભરી આવતો ત્યારે તેની છાતી ભરાઈ આવતી. એવે સમે ઇશ્વર સારો દહાડો ફરીને દેખાડશે એવું માની ધીરજ આણી પ્રાર્થના કરતી. કુંવરને ઊંઘાડવાને હાલરડાં ગાતાં વખતે તેની આંખમાં આંસુ આવતાં. 'હાલોને તો ગોરીરે, ભાઇને પારણે હીરની દોરી, હાલો, હાલો. ભાઈ તો મારો ગોરોરે બાવા, એની કેડે હીરાનો કંદોરો, હાલો

હાલો.' એમ ગાતાં અચકી જઈ નિશ્વાસ મૂકી કહે "રે પુત્ર હું તો ઝાડની છાલે હિંચોળું છું. ફાટી ઝોળીને થીગડાં દેવાને લૂગડું નથી તો પારણું ક્યાંથી લાવું બેટા! દોરનો કંદોરો મળતો નથી તો હીરાનો ક્યાંથી લાવી તને પહેરાવું! દૈવ રૂઠ્યોછે, નહિતો તું શા વિનાનો હોય બાપુ!" કુંવર રડે એટલે વળી ગાય, "હાલો, હાલોરે, બાવા, મારા લાડકડાને હાલો; તારી ફોઇને નામ પાડવાનો ના મળ્યો લાવો, હાલો હાલો; વહાલા તારે મામે મુખડું નથી દીઠું; વાહાલા તારા વેરીની આંખોમાં પડજો રાઈ મીઠું, હાલો, હાલો; પિતા ઓળંગે નવ રમ્યા, મીઠા મુખડાં મહારાજે નવ દીઠાં, હાલો, હાલો." એ ગાતાં અતિ દાઝથી તેનું ગળું મળી ગયું ને વધારે ગાવાનું કરેછે તેવામાં તેની છાતીએ ડૂચો આવ્યો ને ભોંય પડી. કુંવર ઘોડીઆમાં ચીઆડે ચીઆડ પાડીને રડે. તે સાંભળી કેટલીક ભીલડીઓ દોડી આવીને જુવેછે તો રાણીને તાણપર તાણ આવે: તાણ રહી જાય ને રાણી રડી પડે. થોડી વાર રડી એકાએક ખડખડ હસે, ને બકે. વળી તાણ આવે. એકે કુંવરને ખોયામાંથી કહાડી ધવરાવ્યો ને છાનો રાખી ઊંઘાડ્યો. રાણીને બલા વળગીછે એમ જાણી તેઓ બીની ને ભૂવાને બોલાવી લાવી. ભૂવાએ ધૂણવા માંડ્યુ ત્યાર પહેલાં હિસ્તિરિયાનો હૂમલો બંધ પડ્યો, ને રૂપસુંદરીએ ઊઠીને પાણી માગ્યું. ભીલડીએ આપ્યું તે પીને લઘુશંકાએ ગઈ પાછી આવી ત્યારે કેવળ સાવધ થઈ હતી. ગભરાયલી ભીલડીઓને તથા ભૂવાને તેણીએ એ ભૂતના રોગની સમજણ પાડી. ભૂત બૂત નહિ, પણ એક પ્રકારનો વ્યાધિ છે તે અનેક કારણોથી થઈ આવેછે. પુરૂષ કરતાં સ્ત્રીઓને વધારે થાય, છે. એ આજારનાં ચિન્હ પણ અનેક છે, સર્વેને એક તરેહનો થતો નથી.

દુઃખ, શોક, અને અથડામણથી રાણી દૂબળી થઈ ગઈ. ભૂવડના ગયા પછી રાણીને પકડવાને મોકલેલા માણસોની જાગરૂતી ઓછી થઈ હતી, તેથી રોજ રોજ મુકામ બદલવો નહોતો પડતો. તોંપણ શત્રુ અણચેતા આવી ન પડે માટે ભીલો ઘણી સંભાળ રાખતાં. રાણીની ઉદાસીને કમી કરવાને ભલીં ભીલડીઓ યુક્તિયો

કરતી. ઝાડે હિંડોળો બાંધી રાણીને તે પર બેસાડી હિંચોળે, રમતો રમે ફૂલ ફળ લાવી આપે ને રીઝવે. રાણી તેમને હાલરડાં, ખાણણાં ગરબા, ને ગીતો સંભળાવે ને શીખવે, ભીલડીઓને ઉચ્ચાર ને ઢાળ આવડે નહિ ને હસાહસ થાય. રાણી જૂનાંની જોડે નવાં હાલરડાં જોડે ને ભીલડીઓ તેની ચતુરાઇને વખાણે.

રાણીનાં હાલરડાં—સુવો સુવો બાવારે ઘોઘર આવ્યા; ઢાંકણીએ ઢંકાતા આવ્યા; સુપડીએ સંતાતા આવ્યા; વાદળ જેવડો રોટલો લાવ્યા; પૈડા જેવડો પાપડ લાવ્યા; વાંસ જેવડા ચોખા લાવ્યા; ચાળણી જેવડી દાળ લાવ્યાં; પૃથ્વીની પત્રાવળ કીધી; સાગરનો તો પડીઓ કીધો; ઘોઘર સઘળા જમવા આવ્યા; કુવાને પાણીએ નાહાતા આવ્યા; સૌ મળીને જમવા બેઠા; જમતાં જમતાં વઢી પડ્યા; વઢતાં વઢતાં કોડી જડી; કોડી લઇને ગાયને બાંધી; ગાયે મને દૂધ આપ્યું; દૂધ લઇને મોરને પાયું; મોરે મને પીંછી આપી; પીંછી લેઈ રાજાને આપી; રાજાએ મને ઘોડું આપ્યું; ઘોડું લેઈ બાવળીએ બાંધ્યું; બાવળીએ મને શૂળ આપી; શૂળ લઇને ટીંબે ખોશી; ટીંબે મને માટી આપી; માટી લેઈ કુંભારને આપી; કુંભારે મને ઘડો આપ્યો; ઘડો લેઈ માળીને આપ્યો; માળીએ મને ફૂલો આપ્યાં; ફૂલો લેઇને દેવને ચડાવ્યાં; દેવે મને વરસાદ આપ્યો. હાલો ભાઇને, હાલોને ગોરી. નવાનગરની ઉંચી બારી; છોકરાં પરણે ને મા કુંવારી; જુવોરે લોકો કળીના કૌતક, હાલો હાલો. ઓ પેલા ચાંદાને કીડી ધાવે. બેહેરો કહે કે બચ બચ બોલે; આંધળો કહે કે જોવા જઇએ; પાંગળો કહે કે દોડતા જઇએ; નાગો કહે કે લુટાઈ જઇએ; પાડો દુજે ને ભેંસ વલોવે, મીનીબાઈ બેઠાં માખણ ચોરે; હાલો, હાલો. હાલ વાહાલાં ને હુવા, લાડવા લાવશે ભાઇના ફુવા; ફુવાના તો ફોક, લાડવા લાવશે ગામના લોક; લોકની શી પેર; લાડવા કરીશું આપણે ઘેર. ઘરમાં નથી ઘી ગોળ; લાડવા કરીશુંરે પોર, હાલ્ય હાલ્ય. તારૂં રક્ષણ જગદીશ કરજો; તારા વેરી તે ફાટી મરજો, હાલ્ય હાલ્ય. ભાઈ મારો ડાહ્યો; પાટલે બેશી નાહ્યો; પાટલો ગયો ખશી; ભાઈ ઉઠ્યો હશી, હાલ્ય હાલ્ય. ભાઈ મારો અટારો; ભાઇને ઘી ને ખીચડી ચટાડો;

ખીચડીમાં ઘી થોડું, ભાઇને સારૂ વાઢી ફોડું; ખીચડી રહી લુખી; ભાઇના પેટામાંરે દુખી, હાલ્ય હાલ્ય. બાઇરે પડોશણ, બાઇરે બાવા, ભાઈ મારાને કાંઈ દીઠો. નારે બાવા મેં નથી દીઠો, કેવો એક એ છે. હાથે ને પગે કલ્લાં સાંકળાં, માથે મગીયા ટોપી, અતલશના અંગરખાંરે, તેને બખીએ બખીએ મોતી; ભાઈ મારાના મુખડાંરે હુંતો ફરી ફરીને જોતી એવો તો મેં દીઠો હુતો ફૂલવાડીમાં રમતો. ફૂલવાડીઓ વેડાવો, ભાઇને ઘેર તેડાવો. ભાઈ ભાઈ હુંતો કરૂં; ભાઈ વના ઘેલી ફરૂં, હાલો હાલો. ભાઈ મારો રમતો; શેરીએ શેરીએ ભમતો. શેરીએ શેરીએ દીવા કરૂં; ભાઈ રમે ને હું જોતી ફરૂં, હાલ્ય હાલ્ય, ભાઈ મારો એવડો; શેરડીના સાંઠા જેવડો; શેરડીને સાંઠે ફોડી, ભાઇના મુખમાંરે પાનની બીડી, હાલો હાલો. સુતારે સૂડા ને સુતા પોપટ, સુતા વનના મોર; સુતારે સુડા ને સુતા પોપટ, સુતા રૂડા રામ, એક ન સુતો મારો વનુભા તેણે જગાડ્યું આખું ગામ. એક ઘડી તું સુઈ જારે ભાઇ, મારે ઘરમાં ઝાઝાંરે કામ; કામને કાજ સૌ રહેવા દેજો, વનુભાને લઈ રહેજો; કામકાજ મૂકો પડતાંરે બાવા; ભાઇને રાખો રડતા, હાલો હાલો. નાઘડીઆં નિદ્રાળુ બાવા; પાતળીઆ ભૂખાળુ; આખાને રૂવે રે બાવા; કકડો ખાઇને સુવે, હાલ્ય હાલ્ય. પાલણે પોલા વાંસરે બાવા; ઘોડીએ હંસને મોર; પાળણીયાં પડીયાલાંરે બાવા, ભાઈના ઘોડીઆં છે રળીઆળાં, હાલો હાલો. નાઘડીયાનું પાળણું મેંતો ઘણેક દેહેલે દીઠું; ઓવારીને નાખુંરે હુંતો રાઇને મીઠું; હાલકડેને ફૂલકડે કાંઈ મોતીના દડા; સઘળાને નિશાળિયામાં વનુભા મારા વડા; વડાને નિશાળિયા જોડે ભાઈ મારાને લેજો; ભણ્યા ગણ્યા નથી ભૂલ્યા, ભાઇની પરીક્ષા કરી લેજો; હાલકડેને ફુલકડે કાંઈ મોતીનારે બખીયા; ભાઈ મારાને ઘોડીએ કાંઈ ચાંદાને સુરજ લખીયા, હાલો હાલો. નાઘડીયાના પાઠીરે બાવા મારે સુના હુતા સંસાર; જ્યારે જાયા વનુભા ત્યારે રાંધ્યા હુતા કંસાર. ભાઈ ભાઈ હુંતો કરતી; ભાઈ વના ભૂલી ભમતી. મને ભાઈ તમે બહુ ભાવ્યા; માણેક મોતીએ વધાવ્યાં, હાલો હાલો; પનોતા પુત્ર પારણે પોઢે; તમને ગીત ગાઉં બહુ કોડે. રામ રક્ષા કરે તારી; તેથી

રીઝે છાતી મારી. રૂપ રંગમાં છો મીઠા; તારા જેવા કોઈ નવ દીઠા. રામ આરત પુરે મારી; પ્રભુ રક્ષા કરે કુંવર તારી, હાલ્ય હાલ્ય. મારા ભાઇને કોઈ તેડે; તેને લાડવા બાંધું ચારે છેડે; ભાઈ તે મારો ડાહ્યો; વાત કરીને વાહ્યો. હાલ વહાલને હલકીયાં; ભાઇને ઘોડીએ રમે ચરુકલીયાં; ચરકલીયાં ઉડી ગયાં; ભાઇનાં દુખડાં લેતાં ગયાં. હાલ વહાલને હલકી; ભાઇને બારણે વાવું ગલકી; ગલકીના છોડ છે રાતા; ભાઈનાં મોસાળીયાં છેરે માતાં; માતાં થઇને આવ્યાં; આંગલા ટોપીરે લાવ્યાં; આંગલા ટોપીએ નવ નવી ભાત; ભાઈ રમશે દહાડો ને રાત, હાલો હાલો. મોસાળમાં મામી છે ધુતારીરે બાવા; આંગલા ટોપી લેશે ઉતારી. ગોરી ને રે ગોરી; ભાઇને મોટા પાલરે વોરી. પાલનો વાંસ છે પોલો; ભાઇની મામીને લઈ ગયો કરણુ ગોલો. ભાઇરે મારો ભાઈ, મહારાજાનો જમાઈ. રાજાની કુંવરી કાળી; ભાઇએ જાન પાછી વાળી. રાજાની કુંવરી ગોરી; ભાઇએ વહેલો પાછી જોડી. મોટા જોડ્યા ધોરી રે બાવા; ભાઇએ પાસે બેસાડ્યાં ગોરી, હાલો હાલો. ભાઇને હાલો ઘણો વહાલો રે બાવા; ભાઇને ગોરીડાંરે ગાજો; ભાઇને રમવા તેડી જજો. ગોરી ગાયના દૂધ, ભાઈ પીશે ઉગતે સુર. ભાઈ માડીને છે કાલો; ભાઈ મામાને છે વહાલો. વનુમામા પોહોડે સેજડી; વાયુ ઢોલે ચંદન બેન ભાણેજડી. હાલો હાલો.

વનુભાને ઊંઘાડવાને, અને પોતાના જીવને રિઝાવવાને એમ રાણી ગીત ગાય. જુનાં સાંભળેલાં ગાય, ને વખતે નવાંએ બનાવે. ગાવા ઉપરાંત લાડ લડાવવાનાં બીજાં સાધન ગુર્જરેશ્વરી કને રહ્યાં નહતાં. વનમાં કુંવરનું જતન કરતી ને મહાલતી ભીલડીઓમાં તે બાપડી કાળ નિર્ગમન કરે. ભીલડીઓ રાજ કુંવરને બહુ લડાવે. વનરાજને ખોળામાં રમાડે, બચીઓ કરી અધરામૃત ચાખે, ને તેનું રૂટકું હસતું વદન નીરખે. એથી માડીનો જીવ આનંદ પામે. કુંવર ઊંઘતો હોય, કે તેને કોઈ રમાડવા લઈ ગયું હોય ને એકલી પડે ત્યારે રાજમાતાને પાછલું સુખ સાંભરી આવે. એકલી હોય તેવારે રાજમહેલનો વૈભવ, જયશિખરનું હેત તથા રમત ગમતને મુકાબલે વ-

નની દુર્દશાનું ભાન થવાથી હૈયું ખેદથી ભરાય. શોકનોઉભરો સમાવી શકાય નહિ ત્યારે માબાપ, ભાઈ બેન ને પ્રિય ભરથારને સંભારી વિધવા રાણી અશ્રુપાત કરે.

प्रकरण ४ थुं.

खंड १ लो.

वनराजना जीवने असुख. केडे पडेला शत्रु. रूपसुंदरीनी ईश्वरप्रार्थना. शीलगुणसुरी.

એક રાતમાં બાળરાય એકાએક ચમકીને જાગ્યો, ને રડવા લાગ્યો. રાજમાતાએ તેને પાછો ઊંઘાડવાને હિંચોળવા માંડ્યો, પણ જેમ હિંચકા નાખે તેમ વધારે રોય. ખોયામાંથી બહાર કહાડી ખોળામાં લઈ ધવરાવવા લાગ્યાં પણ ધાવે નહિ ને રડે. એના રડવાથી કેટલીક બીલડીઓ જાગીને દોડી આવી. રાણીની ગોદમાંથી લઈ એક ડોશી કુંવરને છાતીએ ચાંપી કહે, ઓયરે માડી છોઆને નજર લાગીછે. બીજી કહે એના પેટમાં દુખેછે, ત્રીજી કહે એને ભૂત રડાવેછે, કાંઈ આડું વળગ્યુંછે, બાઈ તમે જતન કરતાં નથી. જ્યાં જાય ત્યાં જવા દોછો. રીંખતો રીંખતો છઇઓ બધે જાયછે, ગામના છઇઆ વગડામાં લઈ જાય છે. અમે વનચર બીલ, જંગલમાં ફરનારનાં છોકરાને ડાકેણ બલા વખતે પીડે તો આ રાજવંશી, ગોરા ગબરૂને કેમ છોડે!' એમ રાણીને ઠપકો દેછે એટલામાં વનરાજને આંકડી આવી ને ડોળા ઊંચા ચડી ગયા. "રૂપસુંદરી ગભરાઈ. એક બીલડીએ કુંવરની નજર ઉતારવાને થાળીમાં દેવતાના અંગારા મૂકી ઉપર વાડકો ઢાંક્યો ને તે ઉપર છાણ માટીવાળું પાણી રેડ્યું કે છણણણ થયું ને વાડકો થાળી સાથે ચોંટી ગયો. બીજીએ રાઈ મરચાં કુંવરને માથે ફેરવી બાળ્યાં, ત્રીજીએ તેની કને મંત્રેલું કડું હતું તેને ધૂપ દઈ વનરાજને પહેરાવ્યું; કોઇએ મંત્રેલી ઔડી ને વાઘના નખવાળું માદળિયું ગળામાં પહેરાવ્યું; કોએઇ મંત્રેલા દોરા હાથે પગે બાંધ્યા; પણ કુંવર કશાથી છાનો રહે

નહિ ને વધારે રડે. બહુ થાકે ત્યારે જરા જંપે ને વળી રોઈ પડે. કુંટીએ એળીઓ ચોપડયો, કપાળે એળીઆની આડ કરી. બાધા રાખી, માનતા માની, ને અનેક દેવ દેવીઓની મદદ માગી, પણ કોઈ સહાય થયું નહિ. ભૂત ભૈરવના ઉતાર મૂકયા, પણ કુંવર છાનો રહે નહિ. અંતે એક ભીલે કંઈ જડી બુટી ઘશીને પાઈ, ત્યાર પછી બે ઘડીએ કુંવરને પેટ આવ્યું ને કરમ પડયા એટલે ઝટ તે રોતો રહી ઉંઘી ગયો.

એ વેળા માછલી રાત થઈ હતી. ભીલડીઓ પોતપોતાને ઘેર ગઈઓ, અને રૂપસુંદરી ઘોડીઆના થડમાં હાથમાં હિંચોળવાની દોરી સાથે નિદ્રાવશ થઈ. તેની આંખો મળી કે નાસોરે! નાસોરે! શત્રુ આવેછે, એવી બૂમ ગામમાં પડી. એક વિશ્વાસુ ભીલે ઝટ આવી ઊંઘતા કુંવરને ઝોળીમાંથી ઉપાડી લીધો ને ગબરડી મૂકી. બીજા બે રાણીને ઉઠાડી પોતાની જોડે લઈ બીજે માર્ગે દોડયા. ગામના બીજા ભીલો તથા ભીલડીઓ દુશ્મનને ભૂલાવવાને ત્રીજે રસ્તે નાઠાં, પણ બધાના ગયા પહેલાં એક નાયક ને વીસ ચાલુક્ય સિપાઈ આવી પહોચ્યા. થોડાંક ભીલ ભીલડીઓ પકડાઈ ગયાં. તેમને કહે રૂપસુંદરીને અને તેના કુંવરને બતાવો. ભીલો કહે અમે નથી જાણતા, તેપરથી તે બિચારાને ઝાડ સાથે ઉંધે માથે લટકાવ્યા ને નીચે તાપણી કરવાને ઘાસ લાકડાં એકઠાં કર્યાં. ભીલડીઓના અવળા હાથ બાંધી મોઢે તેમના ચૂલાની ઊની રાખોડીના તોબરા પહેરાવ્યા ને તેમની ઝુંપડીઓ સળગાવી; એવામાં જુવાન ભીલ રાજા પચાસ હથિયારબંધ શૂરા ભીલોને લઈ વહારે આવ્યો; તેમણે પેલા દુષ્ટ દુશ્મનોનો વધ કર્યો. નાનું સરખું યુદ્ધ થયું તેમાં ભીલ રાજા જીત્યો. પેલા પાપી સોલંકીઓનાં મુડદાંને ગીધ, કાગડાને કોળ ઉંદરે ખાધાં.

પેલા બે ભીલ ને રૂપસુંદરી નાઠાં જાયછે, તેટલે સામો આવતો ચિત્રો બાળ્યો. તેને દૂરથી જોઈ તેઓ બીજી વાટે ફંટાયા. કેટલેક ગયા એટલે તેમની નજરે મોટો વિકરાળ સાવજ પડયો. હવે શું કરવું? પાસે તળાવ હતું તેમાં ત્રણે જણુ ઉતરી પડયાં. એમાં

પાણી કેડ સમાન હતું, પણ ચીકણો કાદવ ઘણો હતો. જેમ તેમ કરીને તળાવને પેલે પાર પહોંચ્યાં. પાળે ચડતાં રૂપસુંદરીનો પગ લપશી ગયો ને તે કાદવમાં પડી. ભીલે તેનો હાથ સાહી ઉઠાડી અને ખોબામાં પાણી લાવી હાથ મ્હો ધોવડાવ્યાં. રાણીના માથાથી પગ લગી બધું અંગ ખરડાયું હતું, ને પહેરેલો ભગવો સાળુ બિગડ્યો. પણ તે ધોવાને ખોટી થવાય નહિ, માટે તેમના તેમ ત્યાંથી ચાલ્યાં ગયાં. કેટલાક ડુંગરા ચડ્યા અને ખીણોમાં ઉતર્યા પછી બપોરે ફેરવેલે ઠેકાણે રાણી આવ્યાં. વનરાજને લઈ જનાર ભીલ એમની અગાઉ અહીં આવ્યો હતો. ત્યાં નિર્મળ ઝરો ડુંગરમાંથી નીકળી વહેતો હતો. સુંદર ઝાડોની ઘટા આવી રહી હતી, ને શીતળ વાયુ વાતો હતો. એ રમણીય સ્થળમાં વૃક્ષની છાયા તળે ભીલડીના ખોળામાં સૂતેલો કુંવર પયપાન કરતો હતો. માનો મીઠો સાદ સાંભળતાંને વાર ખોળેથી ઉતરી માડીને વળગી પડ્યો. વખૂટાં પડેલાં માદીકરાનો મેલાપ થતાં બંનેના જીવને ટાઢક વળી. રૂપસુંદરીનો જીવ ઊડી ગયો હતો તે હવે ઠેકાણે બેઠો. રાતમાં એટલો બધો કુંવર માંદો થયો હતો, ને તેના જીવને જરા સુખ થતાં તો નાસવું પડ્યું તેથી રોગ પાછો ઊભળાશે એવી તેને ધાસ્તી લાગી હતી. માર્ગમાં તેનું શું થયું હશે તેની ચિંતામાં ગર્ક થવાથી પોતાના હાલ હવાલ ને ભૂખતરસ તો ભૂલી ગઈ હતી.

પાસે ભીલનું ગામ હતું ત્યાંથી રાણીને બદલવાને ધોળું લૂગડું તથા કુંવરની ઝોળીને સારૂ ટાટનો કકડો ને ભીંડીની દોરી ભીલ જઈ લાવ્યો. ઝાડે ઝોળી બાંધી વનરાજને તેમાં સૂવાડી - તેની કને ભીલને બેસાડી ભીલડી જોડે રાણી સ્નાન કરવા ગયાં. બે ખેતરવાને છેટે ચોખી જગા હતી, બેશીએ તો ગળા લગી આવે એટલાં પાણી હતાં. ને નહાવાનો વગ હતો, ત્યાં જઈ રાણીએ અંગોળ કર્યું. ભીલડીએ તેનો ચોટલો ચોળ્યો, તથા આસપાસ ફરી શરીરે વળગેલો કાદવ ધોઇ નાંખ્યો. સ્વચ્છ થઈ રાણી જળમાંથી બહાર નીકળ્યાં. માથું ને અંગ લોહી સ્વચ્છ શ્વેતામ્બર પહેરી વિશ્વેશ્વરની પ્રાર્થના કરવા બેઠાં. ભીલડી તેનું પહેરી નાહેલું લૂગડું ધોવા ગઈ.

મન સ્વચ્છ કરી પ્રભુના ગુણો સંભારી રૂપસુંદરીએ ધ્યાન ધર્યું ને સ્તવન કર્યું. તે બોલી—હે દિવ્ય પિતા! અનુપમ પરમાત્મા! સર્વ શક્તિમાન પરમેશ્વર! કરૂણા સાગર ભગવાન! હું દીન જન તારી સ્તુતિ શું કરૂં! હું પામર પ્રાણી, હું અલ્પ જીવ તારાં વખાણ કેમ કરી શકું! મારી વાણી તારા ગુણ ગાવાને પહોંચી શક્તી નથી. હું કયા શબ્દોએ તારો પાડ માનું તે મને સૂઝતું નથી. કીડી તે હાથીનો ભાર કેમ તોળી શકે! કીડીની ભાષામાં પર્વતના વજનનું માપ કહેવાના શબ્દો ક્યાંથી હોય? કીડી ને હાથીમાં, કીડી ને પર્વતમાં જેટલો અંતર છે તેથી અનંત ઘણો ફેર મારા ને તમારામાં છે, તો મારી બોલીમાં તારૂં સ્તવન કરવાને શબ્દો ક્યાંથી હોય! હે પરમ પવિત્ર વિશ્વાધિપતિ, અનાઘત દેવા! તમારા ગુણોનું વર્ણન કરવાને હું છેક અસમર્થ છું. તારો ઉપકાર માનવાને મારી પાસે યોગ્ય વાણી નથી. તેં મને સુખ અને દુઃખ એ બે દેખાડ્યાં. સુખમાં મેં સંસારનો ખેલ જોયો, દુઃખમાં સૃષ્ટિની અદ્ભુત લીલા નીરખી. સુખમાં મેં રાજમહાલયની શોભા દીઠી; દુઃખમાં મેં સૃષ્ટિની ચમત્કારી રચના નિહાળી. રાજમંદિરના સુખની વેળાએ મેં ધાર્મિકપણાનું ડોળ દેખાડ્યું, દાંભિક ક્રિયાઓ કરી જગતમાં નામ કરવાને, પુણ્યશાળી કહેવડાવાને, મસ ગોદાનાદિક પુણ્ય કરી બ્રાહ્મણ અને સાધુ જમાડ્યા, પણ તને ઓળખ્યો નહિ. હવે મારી ખાતરી થઇછે કે તને જાણ્યા વિનાની સઘળી પૂજા અર્ચા પાખંડ ને મિથ્યા છે. લોકને દેખાડવાને, મિથ્યા અભિમાને, અને એક સર્વ સમર્થ પરમેશ્વરની સાચી દૃઢ ભક્તિ વિના, કરેલાં સર્વ ધર્મ કાર્ય ને ક્રિયા કર્મ તથા જૂઠાં પુણ્ય દાન વ્યર્થ છે, નિષ્ફળ છે. હે કરૂણા સાગર પ્રભુ! મારાથી અજ્ઞાનમાં થયેલા વાંકને ક્ષમા કરવાને આપ સમર્થ છો. મારો અને માણસ માત્રનો આધાર તુંજ છું. તારી દયાથીજ ક્ષમા પામી શકાય. પરંતુ અમારાં સર્વ ખોટાં કર્મ તું માફ કરીશ એવો ભરોસો શાથી રાખી શકાય? સુખને સમયે મેં ખરો વિચાર ન કર્યો એ મારી મોટી ભૂલ છે. કેવળ સંસારની માયામાં, અહંકારમાં, વહેમમાં, અને કુતર્કમાં નિગ્મન રહી એ

મારી મોટી મૂર્ખાઈ, એ મારો મોટો અપરાધ, એ મોટાં પાપોથી હું કેમ છૂટીશ! મહારાજ! દયા કરો, તમારી દીન દાસીપર દયા કરો. આ વનમાં, આ પહાડી ધરતીમાં આવી વગડાઉ લોકમાં વશ્યા પછી, પશુઓના, અને પશુથી વધારે નિર્દય મારા જંગલી શત્રુઓના ત્રાસે કરીને તને શોધવાની મને જરૂર પડી. મારા વૈભવના કાળમાં તને શોધ્યો હોત તો કેવું રૂડું થાત! સંસાર વહેવારમાં તો જે બનવાનું હોત તે બનત. મારા પાપની સજા મારે ભોગવવી પડત, પણ મારા જીવને ક્લેશ તો ન થાત. મારૂં મન આપત્તિમાં શાંત રહેત. મનની શાંતિ એજ મોટું સુખ છે તેથી મને દુઃખ સંતાપ લાગત નહિ. તારૂં જ્ઞાન થવાનો જોગ મને દીધો એ તારો મોટો ઉપકાર છે. આ વગડાઉ ભીલ લોકનાં અંતઃકરણમાં મારે વિષે કેવી દયા તેં ઉત્પન્ન કરીછે! તારો એ આભાર હું કદી નહિ ભૂલું. સત્કર્મના ફળ રૂડાં થાયછે તેનું વળી આ મોટું ઉદાહરણ છે. સુખના વખતમાં હું મારા સ્વામી જોડે (આંખમાંથી આંસુ પડેછે) આ વનોમાં મૃગયા રમવા આવતી ત્યારે એ લોક ઉપર માયા કરતી, એમને દરબારમાં બોલાવી રાજી કરતી, તેનું ફળ તારી કૃપાથી મને મળેછે, તેઓ મારૂં ને મારા પુત્રનું પાલન પોષણ કરેછે. હે પ્રભુ! તું એમના ઉપર દયા કરજે. મારા દુષ્ટ વેરીનાં મન ફેરવી તેમને પણ સત્ય માર્ગ દર્શાવજે કે તેઓ પાપ ન કરે, ને મારા ગુર્જરો ઉપર મહેર રાખે. મારા પુત્રને રૂડી બુદ્ધિ આપજે. એને હાથે સ્વદેશ કલ્યાણ કરાવજે. એની રક્ષા કરવી તારે હાથ છે. આજ સુધી અનેક સંકટોમાંથી તેં એને ઉગાર્યો છે. કૃપા કરી હવે પછી ઉગારજે. હે દયાસિંધુ! અમારે તો માત્ર તારોજ આધારછે. મારો પતિ આ સંસાર છોડી તારે શરણે આવ્યો છે, હું આ સંસારમાં છતાં તારેજ શરણે છું. મેં અને મારા દેશીઓએ અમારાં કર્મનાં ફળ, અમારી ખોટી બુદ્ધિનાં ફળ, અમારી ભૂલનાં ફળ, તારૂં સત્યજ્ઞાન અને તારી સાચી ભક્તિ વીસાર્યાનાં ફળ અમે સર્વે યથાઘટિત ભોગવ્યાંછે. જે થયુંછે તે તારા નિયમો પ્રમાણે થયુંછે. પ્રભુજી! એમાં તારો દોષ લેશ ભાર નથી, કેવળ અમારો વાંકછે, પણ મહારાજ! હવે તો દયા કરો. હવે ક્ષમા કરો. મને જ્ઞાન

થવા માંડ્યુછે એ તારી દયાનાં અને તારી ક્ષમાનાં ચિન્હો છે. મને કલેશ હવે ઓછો થાયછે એ તારી કૃપાની નિશાની છે. મારી પ્રાર્થનામાં જે યોગ્ય હશે તેજ તું સ્વિકારીશ. શું માગવું અને શું ન માગવું તેનું મને ગ્નાન નથી, માટે અઘટિત માગ્યું હોય તો ક્ષમા કરજે. હે દયાળુ મહાપિતા! હે ન્યાયી ભગવાન! સર્વ બ્રહ્માંડોના પતિ, પરબ્રહ્મ મહા પ્રભુ! હું થોડા કાળપર પટરાણી ને મહારાણી હતી; હાલ ભયંકર જંગલમાં અને પહાડોમાં ભટકતી, ને ચોરની પેઠે નાસતી ને સંતાતી દુર્બળ સ્ત્રી છું. હવે તો મુજ અબળા નારીપર દયા કરો, મહારાજ! મારી વહારે ચઢો ને મ્હારા પરિતાપનું નિવારણ કરો; હે પરદુઃખ ભંજન જગતપિતા! હવે મારાં દુઃખનો અંત આણો. મારા અંતઃકરણમાં સત્યગ્નાનનો પ્રકાશ કરો. મારો ભક્તિભાવ દૃઢ કરો,—શાંતિઃ શાંતિઃ શાંતિઃ.

એ વેળા શીલગુણસુરી (સૈલિસુરી) નામે જૈન જતિ ત્યાં થઇને જતા હતા. શ્વેત વસ્ત્રે ઢંકાએલા વાંસાને આચ્છાદન કરતો સુંદર કાળો ભીનો ચોટલો લગભગ ભોંય લગી આવી રહેલોછે; ગોરા નાજુક જોડેલા હાથના સામ્પુટ આંગળાંની ટોચ નીચલા હોઠે અડેલી; અર્દ્ધ નેત્ર ઊઘાડી પલાંઠી વાળી ટટાર બેઠેલી; ભક્તિ રસથી ચકચૂર થઈ ગયેલીછે; સુંદર મુખ અને કોમળ અંગ સર્વોત્કૃષ્ટ ઈશ્વર પ્રેમથી ભરપૂર થઈ સ્તબ્ધ છે; આંખમાંથી આંસુ વહેછે, ને મધુર વાણીએ પરમેશ્વરની સ્તુતિ પ્રાર્થના કરેછે; એવી રૂપાળી નારી અરણ્યમાં જોઈ સાધુ છક થઈ ગયા. વિકટ રાનમાં આ કૌતક જોઈ જતી વિસ્મય પામ્યા. ભક્તિ ભાવમાં એટલી બધી લીન થઈ ગઇછે, પરમાત્મામાં તેનું ચિત્ત એટલું બધું લાગેલુંછે, કે પાસે કોણ આવ્યું, ને આજુ બાજુ શું થાયછે તેનું ભાન તેને નહતું. તેનું લક્ષ કેવળ પરબ્રહ્મ પરમેશ્વરમાં તલ્લીન થયલું હતું. તેના મ્હો ઉપર ગંભીરતા ને ભક્તિ વ્યાપી રહ્યાં હતાં. જરાવાર તેના રતૂમડા પાતળા હોઠ હાલતા રહી જતા, ને શરીરનાં રોમ ઉભાં થતાં. વળી પાછો ઈશ્વરને સંભારતો, પરમેશ્વરનું સ્તવન કરતો, ભગવાનને ભજતો ઝીણો અને મીઠો સાદ નીકળતો. એનું ધ્યાન ચૂકાવવું

દુરસ્ત નહિ ધારી ગોરજી વેગળે ઊભા રહ્યા. બીજી મેર જોયછે તો ઘોડે છેટે ઝાડે ઝોળી બાંધેલીછે, ને તેની સંભાળ ત્રણ ચાર ભીલ ભીલડીઓ લેછે. ત્યાં પૂછપાછ કરવાને સુરી ચાલ્યા. ભીલોઓ ઊભા થઈ કામઠાંપર પાધરાં તીર ચડાવ્યાં. મોતના મોઢામાંથી બચવાને જતીએ કહ્યું ઠાકોર હું શત્રુનો ચાર નથી; હું ગુર્જર છું; સ્વદેશ દુશ્મનનો ભેદુ થઈ અત્રે આવ્યો નથી; હું શ્રાવકનો ગોરજી છું. તમારી ઇચ્છા હશે તો હું અહિંજ તમારામાં રહી તપ કરીશ. તમારાં બાણને ધનુષપરથી ઊતારો, મને મારશો નહિ. હું આપણા રાજકુળનો મિત્ર ને મદદ કરનાર છું.

ભીલોએ જોયું કે એકલો આયુદ્ધ વિનાનો આદમી કશું કરી શકનાર નથી. માલૂમ પડશે કે શત્રુ છે કે ફૂટેલ ગુર્જર છે તો એને અહિંજ રોકીશું, કોઈ ગુફા મુફામાં પૂરી પૂરો કરીશું. તીરકામઠાં મૂકી કહ્યું આવો મહારાજ. જતીએ ઝોળીમાં રૂપાળો બાળક જોયો. પૂનેમના ચંદ્ર જેવું ગોળમ્હો ને તેજસ્વી કાંતિ, મોટું માથું, વિશાળ કપાળ, કમાનદાર ભવાંની નીચે નાના હરણના જેવી આંખ્યો, પોપટની ચાંચ જેવું નાક, લાલ હોઠ, ગુલાબી ગાલ, પહોળી છાતી, સુંદર પાન આકારે પેટ, ને નાના ગોળ મટોળ હાથ પગવાળું ખુશકારી બાળ સ્વરૂપ દેખી અચંબો પામી કેટલીકવાર જોગીએ ટગમગ જોયાં કર્યું. આ સ્વપ્ન છે, કે ભ્રાંતિ છે, કે સત્ય છે? એમ તે વિચારવા લાગ્યો. એ કોનો સુત છે એ પ્રશ્નનો ઉત્તર ભીલથી મળવાની તેને આશા નહતી, કેમકે તેમને હજી તેનો ભરોસો પડ્યો નહતો. તેઓ એના ઊપર સંપ્રશ્ન નજરથી જોતા હતા. રૂપસુંદરીની ખોળને માટે તેનાં સંતાવવાનાં ગુપ્ત ઠેકાણાં જાણવાનેચાલુક્ય હાકેમના ભેદુઓ વેશ બદલીને ભિન્ન ભિન્ન સ્વાંગે વગડામાં ફરતા હતા. તેમાંના જેઓ ભીલોના હાથમાં આવ્યા હતા તેમને ઠેર માર્યા હતા, ને શીલગુણસુરીને ઓળખવાને રાણી આ વેળા સમીપ નહોત તો તેનું પણ મરણ પાસે હતું.

ભીલોએ ઉપદ્રવ ન કર્યો જોઈ હિમ્મત પકડી જતીએ તેમને પૂછ્યું કે આ પુત્ર કોનો છે! પાધરો ઉત્તર ન દેતાં વનચરોએ તર-

સાધુને કહ્યું 'જા જા જોગટા તારૂં મોત બોત ભમેછે કે શું? ક્રોધને જીતનાર શીલગુણસુરી પ્રતિઉત્તર ન આપતાં છાના રહી વિચારમાં પડ્યા. એવામાં રૂપસુંદરી આવી. ગોરજીને જોતાં વારને ઓળખ્યા ને પગે લાગી. સુરીને બરાબર સરત નહતી, પણ તેને ભ્રાંતિ પડી કે હોય ન હોય પણ આપણી વિધવા રાણી છે. પંચાસરથી મોકલી તેવારે તે ભારેવાઈ હતી તે પરથી તેણે અટકળ કરી કે આ બાળક એનો હશે. થોડી વાતચીત થતાં જાણ પીછાન થઈ ગઈ. રાણીએ ભીલોને કહ્યું કે આ સાધુને હું સારી પેઠે ઓળખુંછું. તમે ફીકર કરશો નહિ. પૂર્વાશ્રમમાં એ ચાવડા ઠાકોર અમારા સગા હતા. એનો મને વિશ્વાસ છે. ભીલોએ બોલ્યા ચાલ્યાની ગોરજી કને માફ માગી. પછી જતીએ પંચાસરમાં બનેલો વૃતાંત વિગતવાર કહ્યો તે સાંભળી રાણી ગળગળિત થઈ રોવા લાગી. સાધુએ તેને દિલાસો આપી શાંત કરી. પોતાપર વીતેલાં દુઃખોની વાત રડતી રાણીએ કહી તે સાંભળી માયાને જીતી ત્યાગી થયા છતાં જતીનાં ચક્ષુ જળથી ભરાયાં. ક્ષણવાર તેની ગંભીરતા જતી રહી.

खंड २ जो.

रूपसुंदरीनुं शीलगुणसुरीना अपासरामां जवुं

જતી ને રાણી વાતો કરતાં હતાં અને ભીલ ભીલડીઓ આસપાસ ઊભાં રહી સાંભળતાં હતાં તેવામાં વનરાજે ખોયું ખખડ્યું. જોયછે તો કુંવર નિદ્રાથી જાગી રમતો હતો. ભીલડીએ તેને ઝોળીમાંથી કહાડી પયપાન કરાવવાને રૂપસુંદરીના ખોળામાં મૂક્યો. છૈયાનું સુંદર હસતું વદન જોઈ સાધુ આનંદ પામ્યા; ને તેને મસ્તકે હાથ મેલી આશીર્વચન બોલ્યા કે "કુમાર શતં જીવો, મોટા પ્રતાપી થાજો, ગૂજરાત જીતી લઈ પૂર્વજોનું રાજ્યાસન પુનઃસ્થાપજો. તું જન્મથી ગુર્જરેશ્વર છું, ને પરાક્રમથી રાજાધિરાજ થજે. સદ્ગુણી હોઈ

તારૂં કલ્યાણ હોજો." આ વાક્યો ઓચરતાં જતીનાં રોમ હર્ષથી ઊભાં થયાં.

ગોરજી આશીર્વાદ દેતા હતા તેવામાં વનરાજે બે છીંકો ખાધી તે પરથી રાજમાતા બોલ્યાં કે શતં જીવો, શતં જીવો. ભીલડીએ કહ્યું રાણી સાહેબ શુકન સારા થયા, સાધુની વાણી ફળશે. જતી કહે મારા આશીર્વાદ સદા ફળેછે. આ કુમારનું રૂપ કેવું રૂડું છે! એની કાંતિ કેવી સુંદર છે! બત્રીશ લક્ષણો થવાનાં સર્વ ચિન્હો એનામાં છે. હસે ત્યારે મુખમાંથી ફૂલ ખરે, ચાલે ત્યારે કંકુનાં પગલાં પડે, ને રડે ત્યારે આંખમાંથી મોતીના દાણા પડે એવું નાના હતા ત્યારે કહાણીમાં સાંભળતા તે આજે નજરે જોઉંછું. ખરે એ બધા અલંકાર આ રાજપુત્રને શોભેછે. એક ભીલડી બોલી કે "સાધુજી, રાજકુંવર પૂરા ભાગ્યશાળી છે. જુવો ઈશ્વરની એમના ઉપર કેવી કૃપા છે! કુંવર પારણે પોઢેલા હોયછે તે વેળા વૃક્ષ છત્રરૂપ થઈ સૂર્યના તાપથી એમનું રક્ષણ કરેછે. સૂરજ પૂર્વમાંથી માથે આવે અને પશ્ચિમમાં આથમે ત્યાંસૂધી ઝાડનો છાંયડો ખસતો નથી. કુંવરના ખોયાપર રહે એવી રીતે છાંયડો ફરતો રહેછે!" આ અદ્ભુત વાત સાંભળી જતી વિસ્મય પામ્યા ને પ્રશંસા વચન માની તેણે મ્હો મલકાવ્યું.

ગોરની સ્તુતિથી અને તેના આશીર્વાદથી રાણી પ્રસન્ન થયાં. માજીરાજે પછી નમન કરી કહ્યું "ગુરૂજી, આ જંગલમાંથી મારો છૂટકો ક્યારે થશે? મારો વનવાસ ક્યારે પુરો થશે? મારા ભાઈને મને મેળવો." એમ કહેતાં તેની આંખોમાંથી પાણી ટપક્યાં. તેનું મન શાંત કરવાને સાધુએ શીખામણ દીધી કે "બાઈ હવે અકળાએ શું થાય? જે માથે પડ્યું તે સહેવું. તમારા ભાઈ ગિરનારમાં રહ્યા ખૂબ ઘૂમેછે, ને શત્રુને તોબા પોકરાવેછે. મારો અપાસરો વઢિયાર પ્રગણામાં છે ત્યાં હું આપને તેડી જઈ મારી જોડે રાખવાનો મનસુબો કરૂંછું. એ કામ ધીરા પડી વિચારવાનું છે. આ સંસારમાં સુખ દુઃખ વારા ફરતી આવેછે. પૂર્વે તમારાં જેવાં અને તમારાંથી અધિક દુઃખો

મોટા મોટાં રાજા રાણીને પડયાંછે. પૃથ્વી ઉપર આવું પહેલીજવારનું બન્યુંછે એમ નથી. જુવોને નળદમયંતીએ કેવી મોટી આપત્તિઓ વેઠી! રામચંદ્ર અને સીતાને રાજપાટ છોડી બાર વરસ વનવાસ કરવો પડયો. રામથી વછૂટી પાડીને બાપડી સીતાને દુષ્ટ રાવણ ચોરી ગયો. લંકામાં સીતાજી કેટલો બધો કલેશ પામ્યાં! મહા કષ્ટવડે ને મોટાં પરાક્રમ કરી રામ લક્ષ્મણે તેને છોડાવી ત્યાર પછીએ બિચારી સતીના પરિતાપનો આરો આવ્યો નહિ. અયોધ્યે આવ્યા પછી ગર્ભવંતી છતાં રામે નિર્દય થઈ તેને કાઢી મૂકી! વળી પાંડવને તેર વરસ જંગલોમાં અને વિદેશોમાં ભટકવું પડયું. યુધિષ્ઠિર જેવા ધર્માત્માને, અર્જુન જેવા પ્રતાપી બાણાવળીને, ભીમ જેવા મહા બળવાન જોદ્ધાને, નિકુળ અને સહદેવ જેવા કુશળ રાજપુત્રોને, અને દ્રુપદી જેવી સતીને અનેક પ્રકારનાં દુઃખ વેઠી ઓશીઆળાં થઈ દાસપણાં કરવાં પડયાં. હરિશ્ચંદ્ર અને તેની રાણીને પણ ઓછું વીત્યું નથી." નેણ ભરતી ને ડસકાં ખાતી રાણીજી બોલ્યાં—"સાધુજી, એમના સ્વામી જોડે હતા. સીતાને પતિવિજોગ થયો હતો, પણ તે તેને પાછી મળવા પામી. હું તો અનાથ વિધવા અરણ્યમાં વળખાં મારૂંછું. આ ભલાં ભીલ ભીલડીઓ મારૂં પેટ ભરેછે, મારી ચાકરી કરેછે ને મારૂં રક્ષણ કરેછે. પ્રભુ એમનું ભલું કરજો! હું મરવાથી ડરતી નથી." બાળરાજાને બતાવીને કહે, "આ ગુર્જરપતિનું પ્રભુ જતન કરજો." આંસુનાં બિંદુ કુંવરના અંગ ઉપર પડયાં તે સાળુને છેડે લુછી નાંખતી નીચું જોઈ કહે, "મારો અવતાર કૂતરાં બિલાડાંથીએ નઠારો છે. આ રાજકુમારને માટે હું જીવુંછું, નહિતો કયારનોએ પ્રાણઘાત કર્યો હોત." ગોરજી કહે "હું ધીરપુરૂષ, તપેશ્વરી છતાં મારી છાતી ભરાઈ આવી છે તો તમે અબળા રૂવો તેમાં શી નવાઇ!" ભીલ કહે ઊઠો સાધુજી ગામમાં જઇએ. રાણીજી ભૂખ્યાં છે, એમને જમાડીએ ને તમે પણ ભોજન કરો.

શીલગુણસુરી ઊઠી ઊભા થયા એટલે રાણી ઊઠયાં અને સર્વે મંડળ ગામ ભણી ગયું. રાજમાતાને તથા બાળરાજાને નગરમાં લઈ જવાનો વિચાર કરવાંમાં એક દિવસ ગયો. બપોરે ભીલરાજા આવી

પહોંચ્યો હતો તેની જોડે ઘણા મનસુબા કર્યા, તથા અનેક યુક્તિઓ મનમાં યોજી, પણ ગોઠતી આવી નહિ ને સહીસલામત લાગી નહિ. વનરાજને પકડવાને સોલંકી અધિકારીઓએ રણ અને જંગલનાં નાકાં ઘેર્યાં હતાં. એ ચોકીઓ ચૂકવી બાળરાજને લઈ જવામાં થોડી મુશ્કેલી હતી, કેમકે તે દુશ્મનના જોવામાં આવ્યો ન હતો; તેઓમાંનું કોઈ તેને ઓળખતું ન હતું. પણ રાજમાતાને પીછાનનારા સ્વદેશ શત્રુ થયલા તેના કેટલાક નીમકહરામ ને કાળા મ્હોના ગુર્જર નોકરો શત્રુની સેવામાં હાજર થયા હતા, તેઓ સ્વાર્થે અને લોભે રાણીને પકડાવી, ઇનામની આશા રાખતા હતા, તેઓની નજર ચૂકાવવી કઠણ હતી. એ લુચ્ચાઓ સ્વદેશી રાજ્યની દરકાર ન રાખતાં પોતાનાં ઘર ભરવામાં આતુર હતાં, માટે તેમનાથી બચવાનાં સાધન ખોળ્યાં.

ભીલરાજાએ શીખામણ દીધી કે આ કામ મોટું ને ભય ભરેલું છે માટે ઉતાવળ કરવી નહિ. ગોરજીનો અભિપ્રાય પણ તેજ હતો. અનેક ઘાટ મનમાં ઘડ્યા ને ભાગ્યા પછી એક તદબીર બંનેની નજરમાં ઉતરી, તે અમલમાં લાવવાના સંજોગની વાટ જોતા હતા તેવામાં સમાચાર મળ્યા કે સોરઠ ભણી જનારા મુસાફરો આવેછે. વાણીઆનો વેશ લઈ ગોરજી શેઠ બન્યા, અને રૂપસુંદરી તેની શેઠાણી થયાં. કેટલાક ભીલો તથા ભીલડીઓ તેના સિપાઇઓ અને ચાકરડીઓ થયાં. આવા સ્વાંગમાં તેઓ પેલા મુસાફરોને જઈ મળ્યા. કોઈ ધનાઢ્ય વેપારીની દીકરી બે વરસ પીયરમાં રહી સાસરે જતી હતી. તેની જોડે તેની વરસ બેએકની છોડી, એક ઘરડો ગુમાસ્તો, બે સિપાઇઓ ને બે વળાવા હતા. વળાવા ભીલ હતા. તેઓ રૂપસુંદરીના ભીલ જોડે મળી ગયા. વિકટ રાનમાં શેઠ શેઠાણીની સોબત મળવાથી પ્રવાસી ખુશી થયા. વાતચીત કરતાં શેઠે કહ્યું કે વઢિયાર પરગણાના અમે રહેવાશી છીએ. અમારા ગામમાં જૈન સાધુનો મોટો અપાસરો છે ને ગામ પણ સારૂં છે. એ રસ્તો પાસેનો છે ને તમને જવું ઠીક પડશે. વટેમાર્ગુઓના ધ્યાનમાં એ વાત ઉતરી. દહાડે ચાલે ને રાત્રે મુકામ કરે. એમ કરતાં જંગલની સરહદ ઉપર આવ્યાં. અહિં સરકારની ચોકી હતી. સાંજ પડતાં ચોકી આગળ પહોંચ્યાં. રાત

અંધારી હતી, પણ પરગણાનું પહેલું ગામ બે ત્રણ ગાઉ ઉપર હતું, તેથી વસ્તીમાં જઈ રાતવાસો રહેવાય તો ઠીક એમ ધારી પેલા અજાણ્યા ગુમાસ્તાએ ચોકીના નાયકને કહ્યું કે તમારૂં દાણ થતું હોય તે લો ને અમને જવા દો. નાયકે કહ્યું દાણ ઉઘરાવવાને આ ચોકી નથી, પણ રૂપસુંદરી અને તેના કુંવરને ઝાલવાને અમને અહિં રાખ્યાછે. અમારા ઉપર એવો હૂકમ છે કે રાત્રે કોઇને જવા દેવા નહિ; દિવસ ઊગે ત્યારે હરેક બાયડી ભાયડાના મુખની ને અંગની ખૂબ તપાસ કરીને તથા તેમના સામાનના બધા ગાંસડા પોટલાં છોડાવીને નજરે જોઈ ખાતરી કરીને જવાની રજા આપવી. આ વેળા અંધારૂં એટલું થયુંછે કે મ્હો સૂઝતાં નથી માટે તમે આજની રાત અહિં ગાળો, ને સવારે જજો. અમારી પડોશમાં કશો ભો નથી.

ઘોડા ઊંટ છોડી પંથીઓએ ત્યાં પડાવ કર્યો. લાડુ, પૂરી, સેવ મમરા ને ગાંઠીઆ ખાઈ પાણી પીને કોઈ સૂતા ને કોઈ બેઠા વાતો કરવા લાગ્યા. શેઠ શેઠાણીના ચાકરોને વેશે આવેલા બીલો-માંનો એક સૂતાં સૂતાં વાતો કરવા લાગ્યો કે આ ઠેકાણે આ ચો-કીને લીધે ચોરોનો ભો નથી, પણ વંત્રી, ભૂત, ને પીશાચણીનો ભો ઘણો છે. તેઓ વખતે મધરાત થયા પછી આવેછે, ને સૂતેલાં માણસના ટોટા સાહી તેમનાં લોહી ચૂસેછે. વળાવામાંનો એક તેમની પાસે આવી બેઠો ને ટાપસી પૂરવા લાગ્યો કે મારા સાંભળવામાં પણ છે ખરૂં. પછી તેણે બીજા વળાવાને વાત કહી. ચલમમાં દેવતા લેવાને તે ચોકીવાળા પાસે ગયો ને ત્યાં એ વાત કરી. પહેરાપર હતો તેણે કહ્યું કે અહિં લડાઇઓ ઘણી થઇછે ને ઘણા ભીલ બી-લડીઓ કપાઈ મુવાંછે, તેથી એમ હોય પણ ખરૂં. અમે તો હાલ નવા આવ્યા છીએ તેથી જાણતા નથી, પણ જેમની બદલી થઈ તેઓ એવી વાતો કરતા હતા ખરા; ને ગઈ રાત્રે મને પણ કાંઈ વહેમ પડ્યો હતો. મારા સોબતીઓને દેખાડવા જગાડ્યા એટલામાં તો તે વસ્તુ લોપ થઈ ગઈ. બે ચૂડેલ ઝાડેથી ઉતરીને અમારી ભણી આવવા લાગી કે મેં શમશેર કહાડીને બીજા સિપાઇઓને

જગાડ્યા એટલે તેઓ ભડકા થઈ જતાં રહ્યાં. રાત ઝાઝી ગઈ નહોતી તેથી ચોકીના બીજા માણસો જાગતા હતા. તેઓ પણ આ વાતમાં હુંકારો પૂરવા લાગ્યા ને મનમાં ડર્યા.

પગીએ પાછા આવી પોતાના સાથીઓને કહ્યું. અલ્યા ભાઈ વાત સાચી છે હો. આપણામાંના કોઇને બલા વળગશે તો. કેમ કરીશું? એમ બીકની વાતો ચાલેછે તેવામાં શેઠાણીને (એટલે રૂપસુંદરીને) દીશા જવાની સુરત થઈ તેથી કામ્પવા લાગી, ને કહે હાયરે મા કેમ જવાશે! મને બલા વળગે તો મારા છઇઆનું શું થશે! છો મને ખાતી, પણ મને તો મારા બાળકની ચિંતા છે. એમ કહી ઊંઘતા દીકરાને માથે હાથ ફેરવ્યો. તેની એક ચાકરડી બોલી કે બા દીશા ગયા વના ચાલે? પેટમાં દુખશે કે રોગ થશે તો પરોઢીએ હિંડાશે કેમ? માટે ઊઠો પ્રભુ તમારી રક્ષા કરશે. શેઠાણી ઊઠ્યાં એટલે બીજી ચાકરડી ખમા ખમા બોલી. પછી એકે કાકડો સળગાવી હાથમાં લીધો ને બીજીએ પાણીનો કળશીઓ ભરી લીધો, ને ત્રણે મુકામથી કેટલેક દૂર ઝાડીમાં ગયાં. અર્ધી ઘડી ન થઈ એટલામાં મોટી ચીઆડ પાડી કે ઓ બાપ ખાધાંરે. મુકામમાં એ સાંભળી ગરબડાટ ને ગભરાટ થઈ રહ્યો, ને જુએછે તો ત્રણ બલા આવતી જણાઈ. એને માથે ધકધકતી સગડી હતી ને તેઓનાં મોઢાંમાંથી ભડકા નીકળતા હતા, ને એકનું તો મ્હો, માથું કે હાથ કાંઈ જણાતું ન હતું, ટોચથી તળીઆ લગી કાળું ને હાથ, મ્હો ને માથા વગરના પૂતળા જેવું જણાતું હતું. ઝાડીમાં મોટો ભડકો થઈ તુરત બુજાઈ ગયો, ને ઝાડની ડાળીઓ ખખડી. ચોકીના સિપાઈ ભયભીત થઇ ઊઠ્યા. મ્યાનમાંથી તરવાર કહાડી સામી આવતી બલાની ઉપર ધસવાની ઈચ્છા કરી, પણ બીકને લીધે ટાંટીઆ ચાલે નહિ. નાયકે આગળ થવાની ધ્રુજતે પગે હિંમત કરી, પણ પેલા મુસાફરોને જીવ લઇને નાસતા ચોકી તરફ આવતા જોઈ તે પાછો વળી નાઠો, ને તેની જોડે સિપાઇઓ નાઠા. કકલાણ મચી રહ્યું. પેલાં વટેમાર્ગુઓનો સામાન જ્યાંનો ત્યાં પડ્યો રહ્યો ને જેનાથી જેમ નસાયું તેમ તે નાઠું. ઘોડા ચમકી ખોંખારવા ને દો-

રડાં તોડાવી નાસવા લાગ્યા; કેટલાંક આદમી નાસતાં પડી ગયાં, ને ત્રાસથી અચેત થયાં. ઘણાકે તો પાસેના ગામડામાં પહોંચતાં સૂધી પાછું ફરીને જોયુંએ નહિ. ભીલ ભીલડીઓ આડીઅવળી વાટે જંગલમાં જતાં રહ્યાં.

એક હાથમાં લૂગડાંની ગાંસડી ને બીજા હાથમાં વનરાજને લઈ શીલગુણસુરી પોતાના અપાસરા ભણી નાઠા, ને તેની પૂડે રૂપસુંદરી દોડી. કેટલાક ગાઉ સૂધી તો એકે શ્વાસે દોડયાં. એક ઠેકાણે ઠોકર લાગવાથી સુરી ધબ લઇને પડયા, પણ પડતાં પડતાં બાળરાજાને બચાવી લીધો, ને કાંઈ આળ આવવા દીધી નહિ. મોટું પરોઢીયું થયા પહેલાં તેઓ અપાસરાના ગામની સીમમાં પહોંચ્યાં. અહીં થોડી વાર થાક ખાવા બેશી વેશ બદલ્યા. સુરીએ પાછો ગોરજીનો વેશ ધારણ કર્યો, ને રૂપસુંદરીને પારસનાથની પૂજારણનો પહેરવેશ પહેરાવ્યો, ને મ્હો સૂઝતાં થયા પહેલાં અપાસરામાં દાખલ થઈ ગયાં.

—❧—

खंड ३ जो.

वेपारीनी दीकरीने बला वळगी. सुरपाळ अने विमळदेवी वनोडे आवेछे.

સૂર્યોદય થયા પછી નાયક અને સિપાઇઓ પાછા આવ્યા, ત્યારે ચોકીથી કેટલેક છેટે એક બાઈ અચેત પડી હતી અને તેની પાસે બેઠેલો ડોસો રડતો હતો. નાયકે ડોસાને પૂછ્યું કે તું કોણ છે? તેના જવાબમાં ડોસાએ કહ્યું કે ગઈ રાત્રે તમે અમને અટકાવી રાખ્યા, ને પછી શું બન્યું તે તમે જાણોછો? આ મારા શેઠની દીકરીને સાસરે મેલવા જાઉંછું; પણ હવે હું કેમ કરીશ? છોડીની તો આ વલે છે ને અમારા માણસોનો પત્તો મને કેમ લાગશે તે હું જાણતો નથી. પાસેના ગામમાં ભૂવો રહેતો હતો તેને બોલાવવાને નાયકે સિપાઇને મોકલ્યો. ભૂવો પોતાના ત્રણ શાગ્રીદો સહિત આવ્યો તેવામાં ડોસાના કેટલાક સાથીઓ પણ આવ્યા.

ભૂવાએ ઊનના દોરા કાઢી મંત્ર્યા ને ધૂપ દઈ તેમાંનો એક સ્ત્રીને જમણે પગે બાંધ્યો ને એક જમણા હાથને પોંચે બાંધ્યો. મંત્રેલું ટાઢું પાણી તેની આંખો ઉપર ખૂબ છાંટ્યું એટલે બાઈ જરા જાગૃત થઈ. તેને બે જણે હાથ સાહીને બેસાડી તેનો અંબોડો છોડી ચોટલો છૂટો મૂક્યો. પછી ભૂવાએ એક લીંબુ અને પાળી કાઢ્યાં ને હાથમાં અડદ લેઇને બોલ્યો, "ઊંસારે તું સૂરમ સૂરા, કાને કુંડળ પાંઉ ઝૂલા, મેરા મંતર લાગેગા તો પાંઉ પડુંગા, નહિતર તેરે નામપર થુથુ કરૂંગા." એમ મનમાં દશવાર ભણ્યા. પછી થોડા અડદ લીંબુપર છાંટ્યા, ને બાકીના બાઇના માથાની આસપાસ ફેરવી બોલ્યો અલા બલા રોગ્ય રાઈ સો જજો. એમ કહી તે અડદને ચારે દિશાએ ફૂંકી દીધા પછી પેલું લીંબુ કાપ્યું. તેની બંને ફાડોનાં મુખ લાલ જણાયાં. પછી પોતે ને ચેલા ડાખલાં વગાડતા જાય ને ધૂણતા જાય. મોઢામાંથી ભડકાં કાઢ્યાં. એમ બે ઘડી થઈ ત્યારે બાઈ પણ જોડે ધૂણવા લાગી. ત્યારે ભૂવાએ બે કાકડા સળગાવી, ડોળા ચડાવી મોટે સાદે પૂછ્યું, બોલ કોણ છે, ભૂત છે, પ્રેત છે, ચૂડેલ છે, ડાકેણ છો, સાકેણ છે, વંત્રી છે, ખવીસ છે, ઝાંપડો છે, બ્રહ્મરાક્ષસ છે, કોણ છે? એક છે કે વધારે છે? બોલ નહિતર આ બળતા કાકડા તારા મોઢામાં ચાંપીશ. બિરીના અંગમાંથી બલાએ ઉત્તર દીધો કે અમે ત્રણ છીએ; એક ભાયડો ને બે બાયડી. અમે ધણી ધણીઆણી છીએ. અમને અહિંના ચોકીવાળાએ મારી નાંખ્યાછે માટે તેમને ખાવા આવ્યાં છીએ. ગઈ રાત્રે અમે તેમને વળગવા આવ્યાં, પણ તેઓ નાઠાં ને આ બાઇ અ-લાઈ તેને વળગ્યાં છીએ. એ સાંભળી ચોકીનો નાયક કહે અમે તો કોઇને નથી માર્યા, અમે નવા આવ્યા છીએ, અમારી પહેલાં જેઓ હતા તેમણે માર્યા હોય તો કોણ જાણે. તેઓની બદલી થઈછે. ભૂત કહે અમારી હદ મૂકી અમે તેઓની પાછળ ન જઇએ. તેઓને ઠેકાણે જે હશે તેમનાપર વેર વાળીશું. એ સાંભળી ચકલૈદારો કાંપવા લાગ્યા, ને જેઓ નબળાં મનના હતા તેઓના મનમાં ઘણીજ ધાસ્તી પેઠી. ભૂવો કહે હવે તમે જાઓ, આ બાઇએ

કાંઇ તમારૂં બગાડયું નથી. બલા કહે અમારો વાસ જે પીપળા ઉપર છે તેપર એ થુંકી હતી. ભુવો કહે તો વારૂ એટલો ગુનો માફ કરી તમે જાઓ. બલા કહે અમે તરસ્યાં છીએ, પાણી પાઓ તો જઈએ. પાણી પાયું કે બાઈ શુદ્ધિમાં આવી બોલી, કાંકા કાકા, તમે ક્યાં છો? ડોસો કહે આ રહ્યો બેન, ઊઠ આપણે અહીંથી ઊપડવાની વેળા વહી જાયછે. બાઈ ઊઠીને સૌ મુકામે ગયાં ત્યાં ભૂવાને તેનું મહેનતનું આપી રાજી કર્યો, ને ચાલવા માંડયું.

રતનચંદ કરીને વાણીઓ ગામમાં ઊઘરાણી કરવા આવેલો તે ભૂવાની જોડે ભૂત જોવા આવ્યો હતો. બીજે દિવસે અપાસરામાં જઈ તેણે બધો હેવાલ શીળગુણસુરીને કહ્યો. તે કહે મહારાજ તમે મને કહેતા હતા કે ભૂત, ડાકણાદિ બલાની વાત ખોટી છે. પણ આ તો મેં નજરે જોઈ. સુરી હશીને બોલ્યા કે "ભાઈ, આજ સુધીની મારી શિક્ષાથી તારા મનનો વહેમ ટળ્યો નથી, પણ મને લાગેછે કે આજે હું તારૂં અજ્ઞાન દૂર કરી શકીશ. આપણા સાધુઓમાં કેટલાક એ માનેછે, ને દોરા ચીઠી કરેછે, તો તમે ભૂલો તેમાં શી નવાઈ! જે બીના હવે હું કહુંછું તે તમારે બીજા કોઇને કહેવી નહિ. તમારૂં ને મારૂં મન એક છે, તમે આપણા દેશપર જૂલમ કરનાર કલ્યાણીના રાજાના અંતઃકરણથી કટ્ટા વેરી છો, અને આપણું અસલ રાજ્ય પાછું સ્થાપન થાય એવી તમારી પૂર્ણ આકાંક્ષા છે; તમે પૂરા સ્વદેશાભિમાની છો, ને ચાવડાવંશના ખરા હિતેચ્છુ છો, એ હું નક્કી જાણુંછું માટેજ તુમે ગઇ કાલે જોયલા બનાવનો ખરો ખુલાસો તમારી આગળ કરૂંછું. એ વાત કોઇને કહેશો નહિ, તમારા ઘરમાંએ ન કરશો" રતનચંદ કહે મહારાજ આજ સુધી હું વિશ્વાસઘાતી થયો નથી એ તમે જાણોછો, ને હવે પછી થનાર નથી. આ મારૂં વચન પ્રતિજ્ઞા સાથે આપુંછું. ગુર્જર રાજકુળને માટે જે કહો તે શિરને સાટે પણ કરૂં. હું કેવો દૃઢ મનનો છું તે તમારાથી અજાણ્યું નથી.

સુરી તેને પાછલા ઓરડામાં તેડી ગયો. ત્યાં એક નારી બેઠી હતી અને પાસે ચંદ્રમુખી સુંદર બાળક રમતો હતો. રતનચંદે રૂપ-

સુંદરીને કદી જોઈ નહતી તેથી ઓળખી નહિ. સાધુએ ઓળખાવીને કહ્યું આ બાળક ન્યાય પ્રમાણે ગૂજરાતનો હક્કદાર રાજા છે. એનું નામ વનરાજ પાડ્યુંછે. એ આપણો સ્વામી. આ કલ્પસૂત્ર હાથમાં લઈ એની સાચી સેવા કરવાના સમ ખાઓ. રતનચંદે ખરાં અન્તઃકરણથી તે પ્રતિજ્ઞા લીધી, રાણીને પગે લાગ્યો ને બાળરાજાની પાનીએ ચુંબન કરી કહ્યું, મહારાજાધિરાજ, વહેલા મોટા થઈ ગુર્જર દેશના રાજ્યાસને બિરાજો.

પછી આ રૂડા ગોરજીએ રાજમાતાની રૂબરૂ બલા થવાની બધી હકીકત રતનચંદને કહી. રૂપસુંદરીને સંતાડેલી જગાએ પોતાનું ઓચિંતા જવાનું થયું, અને અપાસરામાં લાવવાના મનસૂબા કર્યા તેમાં છેલ્લે બલાને રૂપે શત્રુની ચોકી ચૂકાવવાનું ઠર્યું. માર્ગમાં જનારા મેશ્રી વાણીઆ મુસાફરોના સંઘાતમાં વઢિયારની ચોકી સુધી આવ્યા ને ત્યાં રાતવાસો રહ્યા. એ સંઘાતમાં વેપારીની દીકરી હતી, ને તેની સાથે ઘરડો ગુમાસ્તો, બે સિપાઈ ને વળાવા હતા. બે ભીલને એક મજલ આગળ મોકલ્યા હતા તેમણે પહેલી રાત્રે ચોકીવાળાને બલાના વહેમથી બીવરાવવાને યુક્તિ કરી હતી. એથી ચોકીદારોના મનમાં શક ઉત્પન્ન થયો તે કામ લાગ્યો. શીખવી રાખેલા ભીલોએ ખાઈ પીને માંહોમાંહે ભૂતની વાતો કરી તેમાં એકે કહ્યું આ ઠેકાણું વસમું છે, અહીં ભૂતનો ભો ઘણો છે. પેલા વાણીઆની જોડે આવેલા વળાવાને એ સાંભળી ચટપટી થઈ. રાત અંધારી ને પાસે વગડો ને તે વગડામાં રહેનારા માણસો એવી વાત કરતા હતા તેથી વહેમીને બીક લાગે તેમાં નવાઈ નથી. એક વળાવો ચલમમાં દેવતા લેવાને મસે ચોકીવાળાને પૂછવા ગયો. એ વાત ખરી છે એવું જણાયાથી વળાવાની ધાસ્તી વધી. અર્ધી રાત વીત્યા પછી રૂપસુંદરી ફેરે જવાને બે ભીલ ને બે ભીલડીઓ જોડે ઝાડીમાં ગયાં. ત્યાં બંને ભીલડીએ માથે બળતી સગડી મૂકી ચૂડેલનો વેશ લીધો ને રૂપસુંદરીએ પોતાને તમામ અંગે માથાથી પગ સુધી રીંછનું ચામડું ઓઢ્યું, માત્ર આંખ અને નાકને સારૂ કાણાં રાખ્યાં હતાં. એ બધી સામગ્રી ત્યાં પ્રથમથી તૈયાર કરાખી

હતી. પછી બીલો ઝાડ ખખડાવી રાળનો મોટો ભડકો કરીને ઓ બાપ બાપા રે એમ મોટી બૂમ પાડી મુકામ ભણી નાશી આવ્યા. તેમની પાછળ માથે બળતી સગડી ને તેમાં રાળ તથા ગંધક નાંખતી બે બીલડી અને રીંછને ચામડે વીંટાયલી રૂપસુંદરી દોડ્યાં. શીખવી રાખેલા બીલો બૂમો પાડતા જીવ લેઇને નાઠા. વળાવા પણ ગાભરા પડી ચોકી ભણી દોડ્યા. હોકારા થઈ રહ્યા; મુકામમાં સર્વે જાગ્યા ને ભયભીત થયા. જેનાથી જેમ નસાયું તેમ નાઠા, ને ચોકીના સિપાઇઓ પણ તેટલાજ ડરી ભાગવા લાગ્યા. તમાશો જોવા જેવો થઈ રહ્યો. રૂપસુંદરી ને બે બીલડીઓ પાએક ગાઉ સુધી નાસતા આદમીની પાછળ ધાયાં. પછી બીલડીઓ પાછી ફરી વનમાં પોતાના બીલોની પાસે જતી રહી, ને હું વનરાજને લઈ નાસતો હતો તે રસ્તે મારી પાછળ રૂપસુંદરી આવી. પાછલી રાત્રે આપણી સીમના ખેતરમાં વિસામો લેવા બેશી લૂગડાં બદલી નાંખ્યાં ને અત્રે આવ્યાં.

એ ત્રણ બલાનાં રૂપ જોઈ પેલી વાણીયણ એટલું ડરી કે થોડું દોડ્યા પછી ધાસ્તીની મારી પડી ગઈ. એવા ભયથી જે રોગ થાયછે તેને આપણા લોક ભૂત આવ્યું કહેછે. બીજાં કારણોથી પણ એ વ્યાધિ થાય છે ને તેનાં ચિન્હ અને સ્વરૂપ અનેક છે. મનપર કોઈ જાતની અસર થયાથી મગજમાં વિકાર થાયછે તેથી એ રોગ થાયછે.* તે કોઈ વાર થોડી વાર રહેછે, ને કોઈ વાર ઘણા દિવસ રહેછે. એ રોગ વખતે પુરૂષને થાય છે, પણ ઘણું કરીને સ્ત્રીઓ ઉપર વધારે તડાપ મારેછે. વખતે આજારીની આંખે તરેહવારે દેખાવ દેખાય છે, ભિન્ન ભિન્ન કલ્પના તેના મનમાં ઊઠે છે, ને તે સર્વે ખરૂં હોય તેવું તેને ભાસેછે. કોઈ સમે હસેછે, કોઈ સમે રડેછે, કોઈ સમે ઉદાસી થઈ જાયછે, મારવા આવેછે, ગમે તેમ બકેછે. કાંઈ ધૂન મનમાં પેશી ગઈ હોયછે તે પ્રમાણે કરેછે, બોલેછે, તરેહ તરેહના વહેમ તેના મનમાં આવેછે, કોઈ દોડેછે, રૂવેછે, દાંત બધુ

* એ રોગનું નામ હિસ્તિરીઆ.

કરી દેછે, કોઇને જોડે તાણ થાયછે, છાતીએ ડૂચો આવેછે, છાતીમાં બળતરા બળેછે. એ વ્યાધિનાં બહુ રૂપ છે તેમાંનાં થોડાં મેં તમને કહ્યાં. ગઈ કાલે તમે એનો પૂરાવો જોયો એવું હવે સમજાશે. એ રોગ મગજમાં કાંઈ કાંઈ ઘાટ ઘડેછે. તમે કાલે જે બાઇને એ રોગથી પીડાયલી જોઈ તે આ દેશની છે, ને તે જાણેછે કે રૂપસુંદરીની શોધ કરવાને રાખેલા સરકારના સિપાઈ વગડાના ભીલ ભીલડીઓને તથા બીજાઓને દમેછે ને મારી નાંખેછે. માજી રાજ્યના પક્ષકારોને હણેછે. એમ કપાઈ મરેલા માણસો ભૂત થાય છે, એ વિચાર તેનાથી અજાણ્યો નહતો. તેવામાં આ ભૂતનો વેશ નજરે દીઠો. એ ઢોંગ છે એવું તે જાણતી નહતી તેથી ભયભીત થઈ મૂર્ચ્છા પામી. કાંઈક શુદ્ધિમાં આવી એટલે ભૂવાના જાદુના વહેમની જાળમાં ફસાઈને બીકથી કે ભ્રમથી બોલવા લાગી. અંતે રોગની શાંતિ થઈ ત્યારે પાણી માગ્યું ને પૂરી શુદ્ધિમાં આવી. એનું મન નબળું તેથી બીજા આદમીઓથી એનાપર વધારે અસર થઈ. પાણી માગે ત્યારે જાણવું કે હવે રોગ શમ્યો, અથવા થોડી વારમાં શમશે. એ રોગમાં મન અનેક કલ્પના કરેછે ને તે પૂછેથી કે વગર પૂછે કહેછે.

હું ગૃહસ્થાશ્રમમાં હતો ત્યારે અમારી પોળના કૂવામાં ગણુ નામે ચાકર પાણી ભરતાં પડ્યો. હું એ વેળા તરૂણાવસ્થામાં છતાં મારા મનમાં ભૂતનો વહેમ નહિ. કાંઇક મશકરીને માટે ને કાંઇક પારખું જોવાને કાજે અમે બે ત્રણ જણે વાત ચલાવી કે ગણુ ભૂત થયોછે. બે દિવસ પછી મધરાત્રે ઊઠી પાડોશીનાં બારણાં ખખડાવ્યાં, ને તે ચાકર દળવા બેસતો હતો તે ઘંટીએ અમારામાંના એક આસામીએ પાછલી રાત્રે અંધારામાં બેશી બે આંટા ફેરવ્યા. પછી ચૂપચૂપ ઘરમાં જઈ સૂઈ જવાથી કોઇના જાણ્યામાં ન આવ્યું કે ચેષ્ટા કરવાને આ તૂત કર્યું છે. ત્રીજે દિવસે પોળની એક બાયડીના દિલમાં ભૂત આવ્યું. તેના ધણીએ ભૂવા તેડાવી ધૂણાવ્યા, ત્યારે બાઇના દિલમાં ભૂત બોલ્યું કે હું ગણુ છું, ને હું ચાકરી કરવા મારા શેઠને ઘેર રાત્રે આવુંછું ને બારણાં ઠોકુંછું ને દળવા બેસુંછું. હું ભૂખ્યો છું તેથી મને ખાવાને ઊતાર મૂકો તો હું

જાઉં. આખો દહાડો બાઈને રોગ રહ્યો તેથી ભૂખી હતી, તેને ખાવાનું આપી પાણી પાયું કે તે સૂઈ ગઈ તે છેક સવારે ઊઠી. ઉતાર ચકલે મૂક્યો, પણ તે કેવળ નકામો મૂક્યો. એ રોગ સમવા આવેછે તેવારે વખતે લઘુશંકાની સુરત થાય છે. કેટલીક નારીઓ ઢોંગ પણ કરેછે. આંખમાં ચૂનાની ગોળી મૂકીને કે બીજાં સાધનથી ડોળા લાલ કરીને કે ધુણીને કે બીજી રીતે ભૂત આવ્યાનો ફતવો કરેછે. એ ઢોંગનો ઉપાય તો ઘણું કરીને ચોદમું રતન છે, પણ તે વાપરવામાં વિવેક વિચાર રાખવો જોઇએ. ખરૂં ખોટું પારખવું સહેલું નથી. અબળા જાતિના જીવને જોખમ લાગતાં વાર નથી લાગતી. વધારે સારો રસ્તો એ છે કે જે કારણોથી એ ફેલ કરવાની તેને જરૂર પડેછે તે કારણો દૂર કરવાં અને સુનીતિની છાયામાં તેને લેવી. ઘણું કરીને રોગજ હોયછે, ને તેની પરીક્ષા ચતુરાઇથી થઇ શકે. એ રોગને ભૂત, ડાકણ, વગેરે બલા જાણી મૂર્ખાઓ રોગીને માર મારેછે તેથી હાનિ થાયછે. વહેમીઓ વહેમના ઉપાય કરેછે તેથી અજ્ઞાનનો વધારો થાયછે ને રોગને ઉત્તેજન મળેછે.

રતનચંદ કહે મહારાજ, હું આજે તમારો બહુ આભારી થયોછું. મને સારૂં જ્ઞાન મળ્યું. હું ઘણીવાર છેતરાયોછું. આપે કહી તે વાત મારી સમજમાં ઉતરી. હવે મારી વિનંતિ એ છે કે મારૂં તન મન ને ધન રાજમાતાને અને મારા બાળરાજાને અર્પણ કરૂંછું તે સ્વીકારવું. શીલગુણસુરી બોલ્યા રાણીસાહેબ, આ નરપર આપે પૂરો ભરોસો રાખવો. હું ને એ એક છીએ એમ ગણવું. જે જે આજ્ઞા કરવી હોય તે સુખે એને કરવી; પ્રાણાંત સુધીએ એ ચૂકશે નહિ. રૂપસુંદરી કહે, તો મને મારા ભાઇ ભોજાઇ જોડે મેળવો. રતનચંદ કહે ઠીક, એની તજવીજમાં હું આજથી રહીશ.

પછી રતનચંદે સાધુને કહ્યું, મહારાજ આપ મોટા જ્ઞાની છો તેથી આપના ધ્યાનમાં તો હશેજ કે રાજમાતા અને બાળરાજાના રક્ષણને અર્થે ઇલાજ કરવા જોઇએ. ઘણાજ સાવચેત રહેવાની જરૂર છે. એઓ અહિં છે એ વાત હું ને આપ વિના બીજું કોઈ હજીસૂધી જાણતું નથી, ને ઘણુંકરીને વિશ્વાસઘાત કરે કે જેના-

બર પાકો ભરોંસો ન બેસે એવા કોઇ ગુર્જરને પણ એ વાતની ખબર બનતાં સુધી નહિ પડવા દઇશું, તોપણ સંકટસમે બચવાની તૈયારી રાખવી જોઇએ. પૈસાની લાલચથી કોઇ ફૂટે ને સરકારના અધિકારીને જઇ એટલુંજ કહે કે એ અપાસરામાં સ્ત્રી તથા બાળક છે તેને વિષે શક જાયછે, તો તરત બાળરાજાનો નાશ થશે. અપાસરામાં ઘણા માણસો આવેછે તેમાંના કોઇને એવી ખબર કરવાની કુબુદ્ધિ સૂઝી તો ભોગ મળશે. માટે પક્કા ભરોસાદાર જોદ્ધાને વાણીઆ, બ્રાહ્મણ, ને કણબીને વેશે અપાસરાની આસપાસ ઘરો કરી રાખવા ને તેમનાં આયુદ્ધ ઘરમાં સંતાડી રાખવાં કે દુશ્મન ઓચિંતા આવે તો રાજમાતા અને વનરાજને લઇ નાશી જઇએ ત્યાંસુધી તેમને યુદ્ધ કરી રોકી શકે. એમનો સંતાઇ રહેવાનો ઠામ શત્રુના જાણવામાં આવે એવો સંભવ જણાતો નથી, કેમકે દેશમાં સંપ ઘણો છે ને લોક સરકારના જૂલમથી ત્રાસ પામ્યા છે, તોપણ બચાવની ગોઠવણ કરી રાખી હોય તો ઠીક.

શીલગુણસુરીની નજરમાં એ વાત ઉતરી. થોડે થોડે તેણે ચાવડાવંશના નીમકહલાલ અને શૂરા ગુર્જર જોદ્ધાને અપાસરાના ગામમાં વસાવ્યા, તેથી તે ગામ ટળી નગર થયું, ને વનરાજ ઉપરથી તેનું નામ વનોડ પડ્યું. એ નાનું શહેર અદ્યાપિ છે. વનરાજની કુળદેવીની સ્થાપના પણ કરી, ને તેનું નામ વનાવીમાતા પાડ્યું. વનરાજે મોટા થઇ એ નગરમાં કૂવો ખોદાવ્યો તે આજે વેન કૂવો કહેવાયછે. આ નગરને હળવે હળવે એવી યુક્તિથી વસાવ્યું કે શત્રુનું લક્ષ તેના ઉપર જાય નહિ. રૂપસુંદરી મરી ગયાની અફવા ચાવડાવંશના પક્ષકારોએ ફેલાવી, ને વનરાજના જન્મ તથા રહેઠાણની ખબર દુશ્મનને પડવા દીધી નહિ. ગામમાં સહુ તેને વનુભા કહેતાં. તેની માને તથા તેને ગામની બાયડીઓ વગેરે ઘણાક સાધારણ લોક ભોજક જાણતા. ગીરનારના ડુંગરા અને આજુબાજુનાં જંગલોમાં રહી સુરપાળ શત્રુના થાણાપર હુમલા કરતો, પણ ઘણુંકરીને ભૂવડ રાજાની સત્તા દેશમાં એટલી જામી હતી કે તેના અધિકારીઓએ રૂપસુંદરી અને તેના બાળકની શોધપર

ઝાઝું લક્ષ પછીથી લગાડયું નહિ. ગુર્જરો શું કરી શકવાના છે? એમના કાંઈ ભાર નથી. એમ તિરસ્કારથી ધારી તેઓ બેદરકાર થવા લાગ્યા. અપાસરાને લગતું પારસનાથનું દેરૂં હતું તેની પૂજાનું કામ નિત્ય કરી રૂપસુંદરી પૂજારણને વેશે રહી. જેઓ ગુપ્ત ભેદ જાણતા નહતાં તેઓ એને પૂજારણ સમજતા.

રતનચંદે સુરપાળને સમાચાર કહાવ્યા, ને રૂપસુંદરીનું ઠામ ઠેકાણું જણાવી વિનંતિ કરી કે બની શકે તો તમે વનરાજની ફોઇને લઇ આવજો. ખબર થતાં વારને બેહુ તત્પર થયાં. માર્ગમાં સંકટ અને ધાસ્તી તો પારવિનાનાં હતાં તે સઘળાં વેઠવાને વિમળાદેવીએ કબૂલ કર્યું. ઘણી મુશ્કેલીથી વેશ બદલીને સુરપાળ અને દેવી વનોડમાં આવ્યાં. બાળરાજાને જોઇ તેમને ઘણો હરખ થયો. સઘળી બીના ગુપ્ત રાખવાની ઘણી જરૂર માટે રૂપસુંદરી, સુરપાળ અને વિમળાદેવી એકાંત પાછલા ઓરડામાં મળ્યાં, ને ત્યાં એવે અવસરે જે આવેશો છૂટા પડેછે તેઓને પ્રયત્ન કરી વશ રાખવા માંડયા. વિમળાદેવીથી રહેવાયું નહિ ત્યારે પોતાના બાપના વંશનું નામ રાખનારને લઇ છાતીએ ચાંપ્યો ને બોલી “મારા વનુડા, હવે હું સંતોષથી મરીશ. દીકરા તારૂં મુખ જોવાને હું તરશી હતી. રે પ્રભુ,” એટલું બોલી તે સ્તબ્ધ થઈ ગઈ. તેની આંખોમાંથી હર્ષનાં આંસુ વહ્યાં. રૂપસુંદરીની છાતી ભરાઈ આવી ને બહાદુર સુરપાળનું હૃદય પણ ડગ્યું. આકાશ ભણી દૃષ્ટિ કરીને પરમેશ્વરનો પાડ માનવા લાગ્યો. નણંદ ભોજાઈ તેમાં સામિલ થયાં, ને વનરાજે છૂટા પડી રીંખવા માંડયું.

આ ખુશીમાં મોટું વિઘ્ન થયું. વિમળાદેવીને જંગલનું પાણી લાગ્યું હતું ને હાડમાં તાવ પેઠો હતો તે કેમે કર્યો ખશ્યો નહિ. શીળગુણસુરીએ ઘણાંક ઓસડ કર્યાં, પણ તેને કરાર થયો નહિ. દેવીનું શરીર દિવસે દિવસે ગળતું ગયું, ને તેથી થોડા માસમાં તેનો કાળ થયો. સુરપાળે ને રૂપસુંદરીએ ઘણો શોક કર્યો. કાળના ગમન તથા સાધુના પ્રતિબોધથી ખેદ ઓછો થયા કેડે સુરપાળ પાછો ગીરનાર ભણી ગયો. ત્યાંથી તે બેન ભાણેજની ખબર કાઢયાં કરતો; ને

બાઈ બેન વચ્ચે સંદેસા વિશ્વાસુ માણસોની મારફત ચાલતા.

ખંડ ૪ થો.

વનરાજનું ઉછરવું ને તેમાં વિઘ્નો. વનરાજની રમતો, મસ્તી, અને કેળવણી.

હવે રૂપસુંદરીનું લક્ષ કુંવરને નિરાંતે ઉછેરવાપર લાગ્યું. વનુબાના શરીરનો બાંધો મજબૂત હતો તેથી બચપણના વ્યાધિઓથી નબળા અંગનાં બાળકોને જેટલી પીડા થાય છે તેટલી એને ન થઈ. સહજ આંખો આવ્યાથી કે બે ચાર પેટ થયા ઉપરાંત વધારે હેરાન ન થતાં દાંત આવ્યા. બળીઆ બહુ જોરમાં આવ્યા, પણ કાંઈ સંભારણું પાછળ મેલ્યા વિના ગયા. એ રોગ પૂરા જોરપર હતો ત્યારે જરા ચિંતા થઈ, પણ રાજમાતાએ બાધા આખડી રાખી નહિ ને ઓચો એ પાળ્યો નહિ. જગત્કર્ત્તા અને નિયંતા સર્વશક્તિમાન વિશ્વેશ્વર મહાદેવ ઉપર પૂરી શ્રદ્ધા હોવાથી તેનું મન દઢ થયું હતું ને તેના વિના બીજા કોઈને તે માનતી નહિ. બીજી બાયડીઓએ તેને ઘણી સમજાવી, પરંતુ આવી ધાસ્તીને સમયે પણ તે ડગી નહિ. તેનો ઉત્તર એજ હતો કે જેમ બીજા રોગ ઈશ્વરે કરેલા સૃષ્ટિના નિયમો પ્રમાણે મટેછે તેમ એ પણ મટેછે. જેઓ માનતા રાખેછે, ઓચા પાળેછે, ને પૂજેછે તેઓમાંના કોઈનાં છોકરાં મરેછે, કોઈનાં જીવેછે; જેઓ શીતળાદેવીને તથા બળીઆકાકાને નથી માનતા, બાધા નથી રાખતા, ઓચા નથી પાળતા તેઓમાંનાં પણ કોઈનાં છૈયાં જીવેછે, ને કોઈનાં મરેછે. એ બેમાં કાંઈ ભેદ જણાતો નથી તો વહેમના ખાડામાં પડી ઈશ્વરના અપરાધી શા વાસ્તે થઈએ? એ પુત્રનું રક્ષણ પરમેશ્વર પોતાની ઈચ્છા હશે તો કરશે, બીજા કોઈથી થનાર નથી. વૈદ્યકશાસ્ત્ર પ્રમાણે ઓસડ કરવું. સાધુ શીલગુણસુરીએ એને ટેકો આપ્યો. તેણે વહેમી નારીઓને કહ્યું કે પૃથ્વી ઉપર અનેક દેશો અને અનેક ધર્મો છે.

બધા દેશના અને બધા ધર્મના લોકનાં છૈયાંને શીતળા આવે છે. માત્ર આપણા દેશના વહેમી લોક એને માનેછે ને પૂજેછે,* વિદેશોમાં એ વહેમ નથી તોપણ ત્યાં શીતળા આવેલાં લાખો છોકરાં જીવેછે. જેમ કોઈ કોઈ આ દેશમાં એ રોગથી મરેછે, કે ખોડવાળાં થાયછે, તેમ ત્યાં પણ થાયછે.

નહારી ઊધરસે કેટલાક મહીનાં કુંવરને પીડ્યો, પણ તેની અવધ પૂરી થવાથી તે ગઈ. પછી કોઇજ વાર તેની તબીએત સહજ બીગડતી. ઘણું કરીને તેનું તન નીરોગી હોવાથી લઠ્ઠ થયું. એનો સ્વભાવ સબળાસુ હતો. રોવું કે કજીઓ કરવો ભાગ્યે; પણ ઉછાંછળો ઘણો હતો. રમાડવા લે તેની મૂછો કે દાઢી કે નાક કે કાન કે જે હાથમાં આવે તે તાણે; લાપટો મારે; નાનું છઇયું એકલું દેખે તો ધશી જઈ તેને પાડી નાંખે ને તેના ઉપર ચઢી બેસે; ઘી, તેલ, દીવેલ, ચોખા, લોટ, વગેરે હાથમાં આવે તો ઢોળી કે વેરી નાંખે; માટીનાં વાસણ ફોડે ને નુકશાન કરે. કૂતરાં બિલાડાંને ઝાલવા દોડે. જે લક્ષણોવડે તેણે આગળ પોતાના પૂર્વજોનું રાજ્ય જીતી લીધું તેનાં ચિન્હો અત્યારથી જણાયાં. પુત્રનાં લક્ષણ પારણેથી જણાય એ કહેણી એણે ખરી કરી આપી. હિંડતાં આવડ્યા કેડે એને જાળવી રાખવાનું કામ મુશ્કેલ હતું. એક વાર દાદરેથી પડ્યો, એક વખત બારીએથી પડ્યો, પણ પ્રભુ બચાવે તેને કાંઈ થાય નહિ. સહજ વાગી થોડા દિવસમાં આરામ થયો. વનુભાઈ કશાથી ડરે નહિ. ભયની પ્રેરણા તો જાણે તેના મગજમાં હતીજ નહિ. એક વેળા રાજમાતા કેટલીક વાણીયણો જોડે બેઠી વાતો કરતી હતી એટલે ભાઈ ઊંદરને પૂછડીએ પકડી લટકાવતા લાવ્યા, ને બઇરીઓના ઉપર ફેંક્યો. બધી હસાહસ કરતી ને બૂમો પાડતી ઊઠી ને નાઠી. પૂછડેથી મોગરી ઝાલી હોય તેમ એક વેળા સાપનો કણો પકડી લાવ્યો. જો ભોગજોગે દહેરામાં જઈ પહોચ્યો તો પારસનાથ, ને આદિનાથ, ને નીમનાથ વગેરેની મૂર્તિઓની કમબખ્તી.

એક દિવસે સાધુ વખાણ કરતા હતા તે સાંભળવાને વાણીઆ બેઠા હતા. એક બુઢો બેઠો બેઠો ઉઘાડે મોઢે ઊંઘતો હતો. એવામાં

વનુએ ઓચિન્તા આવી તેના મ્હોમાં દેડકાનું નાનું બચ્ચું મૂકી દીધું. ડોસાએ ઝટ ઝબકી ઊઠતાં મોઢું બંધ કર્યું કે દેડકું તેના પેટમાં ઊતરી ગયું, ને અંદર કૂદાકૂદ કરવા લાગ્યું. વખાણ વખાણને ઠેકાણે રહ્યાં ને હસાહસ થઈ રહી. બીચારો વાણીઓ ગભરાટથી બહાવરો બની ગયો. પેટ દાબે, આળોટે, બરાડા પાડે ને વનુઆને ગાળો દે. દેડકું પેટમાં ઊછળે તેમ તે ગભરાય ને બૂમો પાડી કહે મુવોરે એ નખોદીએણ પૂજારણના છૈયાને મારી નાંખો. કથા કહેનાર ગંભીર ગોરજીને પણ એટલું હસવું આવ્યું કે તેની આંખો પાણીથી ભરાઈ. નાદાન વનુ ત્યાંથી તુરત નાઠો; તોપણ સાધુ વચમાં ન પડ્યા હોત તો આ વેળા તેને ખૂબ માર પડત. બીજા સર્વે પેલાના પેટમાંથી દેડકું કાઢવાની યુક્તિ કરવા લાગ્યા, તેવામાં એકે વનુની પાછળ દોડી તેને ઝાલ્યો. ગોરજીએ તુરત તેને છોડાવ્યો. શાવકના હાથમાંથી છૂટતાં મા વઢશે એવી બીકથી કોઈના ઘરમાં સંતાઈ ગયો. ઘણી ખોળ કરી ત્યારે બહુ વારે ભાઈ જડ્યા.

પેલા પેટમાં દેડકાવાળા ડોસાની શી વલે થઈ! ઘણીએ ઓકારી ખાય પણ કેમે કર્યું મુવું દેડકું નીકળે નહિ. એક જડશો શાવક કહે એનું પેટ ચીરી દેડકાને બહાર કાઢો, નહિતો તે મરી જશે; જીવ હિંસા થશે. જીવ હિંસાનું મોટું પાપ છે. બીજા શાવકોને આ વાત વિચારમાં લેવાજોગ લાગી. પેટમાં દેડકાવાળા ડોસાને એ સાંભળી મોટી ફાળ પડી. દેડકું કાઢવાને મારૂં પેટ ચીરશે તો હું નક્કી મરી જઈશ એ બીકથી તેના હોશ ઊડી ગયા ને બે હાથ જોડી કહે ના ચીરશો, ના ચીરશો. બીજા બેવકૂફો કહે પણ ભાઈ હવે દેડકું ઊછળતું બંધ પડ્યું ને થોડીવારમાં મરશે તો જીવહિંસા થશે, તો તું કિયા જન્મમાં છૂટીશ? દેડકાવાળો કહે હજી તો મારા પેટમાં એ દોડાદોડ કરેછે ને છલંગો મારેછે; જુઓ હે કૂદચું! ઓ બાપરે! મુવોરે! બેવકૂફો કહે ભાઈ તું ગભરા મા, હીરો ગાંયજો તારૂં પેટ ચીરી દેડકાને કાઢશે ને પછી પાછું સાંધી લેશે. જા અલ્યા લલવા હીરાને બોલાવી લાવ. પેટમાં દેડકાવાળો કહે ના બોલાવશો, ના બોલાવશો! બેવકૂફો કહે ભાઈ તારી આવરદા ખૂટી હશે તો તું મરશે, લખ્યા

લેખ કાંઈ ખોટા થવાના છે? પણ જીવહિંસા તો નહિ થાય. પેટમાં દેડકાવાળો કહે ના ભાઈ ના, રાખો મોટા સાધુજીને તેડાવો. આ સાળું દેડકું તો મારા પેટમાં કૂદતાં થાક્તુંએ નથી.

એવામાં શાણા શીળગુણસુરી આવ્યા. પેલા બાપડાનું પેટ ચીરવાનો મનસુબો જાણી તે બોલ્યો, રે મૂર્ખો! મેશ્રીઓ ચેષ્ટામાં કહેછે કે શ્રાવકો નાના જીવને પાળે ને મોટા જીવને મારે એ ખરૂં ઠરાવવા તમે આજ ધારોછો કે શું? બેવકૂફો કહે પણ મહારાજ દેડકાને કાંઈ વાચા છે, તે કાંઈ બોલે છે, માણસ તો બોલે છે. સુરી કહે વાહરે! મૂર્ખો વાહ! માણસ બોલેછે માટે તે જીવ નહિં કેમ? એ મરે તે હિંસા નહિ! બેવકૂફો કહે પણ મહારાજ એની આવરદા ખૂટી હશે તો મરશે. સાધુ કહે તો દેડકાની આવરદા ખૂટી હશે તો તે મરશે. દેડકાનો જીવ ઉગારવાને માણસને મારી નંખાય? એનું પેટ ચીરો તો નક્કી મરે. આપણા દયા ધર્મની રૂડી શિક્ષાને ઊંધી સમજો છો તેથી હું બહુ ખેદ પામુંછું. કીડીને દરે લોટ મૂકો છો, ખબૂતર, ચકલાં, પોપટાદિ પક્ષીઓને માટે પરવડીઓ કરોછો, ખોડાં ઢોરને માટે મોટી રકમો ભેગી કરોછો ને માણસ મરે તેની દરકાર કરતા નથી! મારવાડના મરૂ બજારમાં ને ભાગોળે ભૂખે ટળવળે છે ને મરેછે, તેને અન્ન પૂરૂં પાડવાનો કોઈ બંદોબસ્ત કરતું નથી; ઝેરી તાવ ફેલાયો છે ને લોક ટપાટપ મરેછે, તેમને ઓસડ વેસડ કરી તેમના જીવ ઉગારવાનો વિચાર કોઈ શ્રાવકના મનમાં આવતો નથી. તમારી દયા ક્યાં બળી ગઈ? હડખાયા કૂતરાનો જીવ બચાવવો, સાપનો જીવ બચાવવો ને તેના કરડવાથી માણસ મરે તો છો મરે એ ખરો દયા ધર્મ નહિ.

પેટમાં દેડકાવાળો ડોસો હાથ જોડી કહે મહારાજ ક્ષમા કરજો, ઉપદેશ પછી કરો તો ઠીક. હવડાં તો આ દેડકાને કહાડવાનો ઉપાય કરો બાપજી, મારો જીવ જાયછે. સાધુ કહે મેં જમનાશંકર વૈદ્યને તેડવા મોકલ્યું છે. એ આવ્યા. પેટમાં દેડકાવાળાનું મ્હો જોઈ વૈદ્યરાજની ગંભીરતા ક્ષણવાર જતી રહી. નહિ હસવાને તેણે જબરો પ્રયત્ન કર્યો, તોપણ જરા હસાઈ ગયું, ને તે જોઈ સુરી સુધાંત સઘળાં

ખડખડ હશી પડ્યાં. દેડકાવાળો બીચારો રડી પડ્યો તેથી સર્વેને બહુ દયા આવી. વૈદે ઊલટીની માત્રા કુષ્ણોદકમાં પાઈ, તેથી ઊલટીઓ મસ થઈ, પણ દેડકું નીકળ્યું નહિ ને અકળામણથી બધારે કૂદવા લાગ્યું. વૈદે રેચ આપ્યો એટલે પહેલા ઝાડાની સાથે દેડકું બહાર નીકળ્યું. એ વેળા હીરો હજામ વાઢવાના ચાકુસાથે આવી બેઠો હતો તેના ખોળામાં ડબક લઈને દેડકું જઈ ધોતીઆમાં ભરાયું. ધોતીયું બગડ્યું તેથી તથા પોતાના મોઢામાં પેસવાના ડરથી વાલંદે ઊઠી નાસવા માંડ્યું એટલે વળી હસાહસ થઈ.

રૂપસુંદરીને વનરાજનો છર જોઈ વખતે એમ લાગતું કે કુંવર ગાંડો નીકળશે કે શું ? વધારે અનુભવી શીળગુણસુરી સમજણ પાડી તેના મનના એ વહેમને દૂર કરતા. તેણીને ધીરજ આપી સાધુ કહેતા કે એ ઘેલાઈની નિશાનીઓ નથી, પણ સાહસ અને પરાક્રમનાં આરંભ ચિન્હો છે. એનો પુરાવો કુંવરના બુદ્ધિબળથી જણાયો. રૂપસુંદરીએ પંડે તેને વાંચતાં લખતાં ને આંક શીખવવા માંડ્યા. મા જે શીખવે તે વનુભા ઝપાટાબંધ શીખી જાય; એક બે વાર ગોખે કે આવડી જાય, ને આવડ્યું તે ભૂલે નહિ. ગૂજરાતી વાંચતાં લખતાં આવડ્યા પછી સાધુએ સંસ્કૃત ભણાવવાનો આરંભ કર્યો.

કુંવરને કહાણીઓ સાંભળવી બહુ ગમતી. વાર્તાની લાલચે તે હોંસે હોંસે ભણતો. પાઠ સારા શીખે ત્યારે રાજમાતા તેને મનોરંજક કહાણી કહી કહેતી કે આવતી કાલે પણ ડાહ્યો થઈને ભણીશ તો બીજી સારી મજાની વાત કહીશ. ઇશકની કે અનીતિની વાતો કદી કહેતી નહિ. બાળકથી સમજાય અને તેના મનને રંજન કરે એવી બોધકારી ને ઉપયોગી કહાણીઓ કહેતી. ઈશ્વરભક્તિ, સત્ય, શૂર, દયા, સાહસ, પરોપકાર, પરાક્રમ, સ્વદેશ પ્રીતિ, સભ્યતાદિક સદ્‌ગુણોનો મનમાં સણુગો ફૂટે એવી જૂની વાતો આવડતી હોય તો તે અને બીજી નવી જોડીને કહેતી. જે વાત વનરાજને બહુ ગમે તે વારે વારે કહેવડાવતો. તોતડું બોલવાની ટેવ મૂકાવવાને રમુજી એક કહાણી કહી. કોઈ રાજાને જેઠાશા નામે વાણીઓ દીવાન હતો.

જેઠાશા બાળક હતો તેવારે તેનાં માબાપે તેનાથી એક વરસે મોટી પરગામની કન્યા ગુણદોષની તપાસ કર્યા વિના પરણાવી. વહુ મોટી થઇ ઘેર આવી ત્યારે એવું તોતડું બોલતી માલૂમ પડી કે પૂરૂં સમજાયે નહિ. એ વહુ તો કોઇને ગમી નહિ માટે ગોરને બીજી બાયડી ખોળવા મોકલ્યા. ગોર જઈ વેવિશાળ કરી આવ્યા ને જેઠાશા પરણવા ગયા. એ બાઈ પંદર વરસની ને રૂટડી હતી. પણ વલકુડી અને તોતડી હતી તેથી તેને ગામમાં કોઈ પરણે નહિ. તેના બાપે ગોરને લાંચ આપી તેનાં જૂઠાં વખાણ કરાવ્યાં ને ખોડ છૂપાવી. બાપે ને ગોરે છોડીને સમજાવી કે સાસરે કોઈ જોડે બોલવું નહિ, માત્ર હા કે ના કે ઉં ઉં વિના બીજા ઉચ્ચાર કરવા નહિ. શેઠ પરણીને સજોડે ઘેર આવ્યા, પણ નવી બોલાવી કોઈ જોડે બોલે કે વાતચીત કરે નહિ. એ સૌને નવાઈ લાગી. એક દિવસે મંકોડાએ ભરમ ભાગી નાંખ્યો. વાડામાં ગઈ હતી ત્યાંથી ખરડી પરડી ને હાંફ્લી ફાંફ્લી દોડી આવી બૂમો પાડવા લાગી કે 'બાપલે મંતોરા એ કલી લે, કલી લે.' એને શું થયું ને એ શું કહેછે તે કોઇથી સમજાય નહિ, ને સર્વેને હસવું આવે. ગાલ ઉપર મંકોડો દોડતો દીઠો ત્યારે કારણ જણાયું. આ વેળા રાજ્યનો કારભાર જેઠાશાને હાથ હતો તેથી ત્રીજી કન્યા સહજ મળી. જુવો એનું કમનસીબ! એ ત્રીજીએ તોતડી નીકળી. એથી નારાજી થઈ કેટલાંક વરસ કેડે દીવાન ચોથી નારી લાવ્યા, પણ તેએ તેવીજ માલૂમ પડી. દરબારના મશકરાએ એક વેળા રાજાને કહ્યું કે મહારાજ તમારા મંત્રીને ચાર સ્ત્રીઓ છે તે ચારે તોતડી છે. એ વાતનું પારખું કરવાને રાજાએ જેઠાશાને કહ્યું કે તમારી નારીઓ રસોઈ કરવામાં ને પીરસવામાં બહુ ચતુર છે એવું મેં સાંભળ્યું છે, માટે હું તમારે ઘેર જમવાને આવીશ. તમારી શેઠાણીઓના હાથનું રાંધેલું ને પીરસેલું મારે જમવું છે. હું ને લઉવો એ આવીશું ને ત્રીજા તમે. શેઠ મનમાં સમજ્યા તો ખરા, પણ ધણીને ના કેમ કહેવાય? ઘેર જઇને તૈયારી કરી, પણ ચારે શેઠાણીઓને સખ્ત મનાઈ કરી કે કોઇએ જરાએ બોલવું નહિ. મૂગાં મૂગાં પીરસવું. રાત પડી ત્યારે રાજાજી જમવા

આવ્યા. બહુ આદરમાન સહિત આસન આપી દીવાને જમવા બેસાડ્યા. રાજાની પાસે લહીયો બેઠો ને સામા દીવાનજી બિરાજ્યા. હાંડી, ને તકવા, ને ઝૂમર, ને ગલીચાથી મંદિર શોભાયમાન હતું; દીવા ઝળકી રહ્યા હતા. ભાત ભાતનાં જમણ, શાક, રાયતાં, અથાણાં, પાપડ, પાપડી, વડી, કાચલીઓ, એ સર્વ સોનાના થાળામાં ગોઠવી લાવી ત્રણેની આગળ મેલ્યાં. જમવા માંડ્યા પછી એક એક વાની પીરસવા ચારે નારીઓ ઘૂમટા તાણી આવે. મોઢે બોલ્યા વગર ને પૂછ્યા વિના જેના થાળામાં જે થઈ ચૂક્યું હોય તે પીરશે. આ ઘાટ જોઈ રાજાએ તેમને બોલાવવાનો વિચાર કર્યો. જમણ ખાઈ રહ્યા પછી ભાત દાળ ને કઢી લાવ્યાં તે ચાખી મહારાજ બોલ્યા, વાહવા! શું સુંદર કઢી કરીછે! ને ભાત કેવો મજાનો છે! હું શેનાં વખાણ કરૂં! જમણનાં, શાકનાં કે રાયતાનાં! એકથી એક સરસ છે. પણ વડીઓથી પરિસીમા છે! આવી સ્વાદિષ્ટ ને આવી સરસ તળેલી વડીઓ મેં મારા આખા જન્મારામાં ખાધી નથી. જેણે એ વડીઓ તળી હશે તેને દશ હજાર રૂપિઆનું ગામ ઇનામ આપીશ. એ સાંભળી વખાણથી ફૂલાઈ તથા લોભથી લલચાઈ એકે કહ્યું "એ મેં તો મેં તૈયાં." એટલે બીજી બોલી કે "વાયાં ઉટાં ને બોર્યા ચાને." એ સાંભળી ત્રીજી શેઠાણી કહે "એ બોર્યાં તો બોર્યા પન તમે ચાએ બોર્યા." એટલે ચોથી કહે "હુંટો માયે બોરીએ નહી ને ચારીએ નઠી." એમ ચારેની વાણી સાંભળી ગંભીર રાજા તો હસ્યો નહિ, પણ પેલા લહીઆથી રહેવાયું નહિ. એ ખડખડાટ હશી પડ્યો.

નાનાએ મોટા જોડે બાથ ન ભીડવી, અને બદલાની આશા વિના પરોપકાર કરવો એ સમજાવવાને કહાણી કહી કે, 'એક ચકલી ભેંસને કહે કે તું આવડી મોટી ફૂલી ગઇ છે પણ મારી હગાર તારા ઉપર કરૂં તો તું તેમાં ડટાઈ જાય. ભેંસ કહે રે નાના પ્રાણી એ વગર વિચારનું તું શું બોલેછે! તારી હગારથી મારી પીઠ ઉપર જરા ડાઘો માત્ર પડશે, પણ મારા પોદળામાંથી તું નીકળીએ શકવાની નથી, ને ગુંગળાઇને મરી જઇશ. ચકલી કહે તું મોટી

તારા ઘરની; આવને અજમાવી જોઇએ. ભેંસે હા કહી એટલે ચકલી તેના બરડા ઉપર બેશી ચરકી. ભેંસે વાંસો હલાવી તેની હગારને ખંખેરી નાંખી ને કહ્યું ચકલીબાઈ હવે તમારો વારો, બાંયે આવી બેસો હું તમારા ઉપર પોદળો કરૂં. ચકલી તો તેના છાણમાં ઢંકાઈ ગઈ ને કેમે કરી નીકળી શકે નહિ. જેમ તેમ કરીને મ્હો ઊંચું કરી શકી. એવામાં એક વાઘરી ત્યાંથી જતો હતો તેને કહે વાઘરી ભાઈ મને છાણમાંથી કાઢોને, દયા કરી કાઢોને. વાઘરી કહે મોઈ રાંડ તું, મારો હાથ શાને ખરડું, તને કાઢવાથી મને શો ફાયદો ? ચકલી કહે ભાઈ એટલો પરોપકાર કરી મારો જીવ બચાવો. વાઘરી કહે કાંઈ લાભ થતો હોય તો પરોપકાર કરૂં. તને કાઢીને ખાઉં. કેમ કબૂલ છે ? ચકલી કહે તેમાં પરોપકાર શાનો ? વારૂ ભાઈ કબૂલ છે કાઢતો ખરો. આ નરકમાં તો નહિ સડું, તારા પેટમાં જઈ તારૂં પોષણ કરીશ. વાઘરીએ લાલચથી તેને કહાડી. પછી ચકલી કહે ભાઈ આવી ખરડી પરડી શું ખાય છે, પેલા હવાડામાં નાહી ચોખી થાઉં ને ખાજે. વાઘરી ને ચકલી બંને હવાડા આગળ ગયાં ને ચકલી હવાડામાં નાહી. વાઘરી તેને ઝાલવા જાયછે એટલે તે બોલી ભાઈ લીલી પીલી શું ખાયછે સૂકાવા તો દે. વાઘરીએ હા કહી. ચકલી ઊડીને છાપરે બેઠી. વાઘરી તેની ભણી જોયાં કરેછે. ટગર મગર શું જુવેછે ? ખવાઈ તો નહિ, એમ કહી ચકલી છાપરેથી ઊડી જતી રહી.

કૃતઘ્ન કદી થવું નહિ. પશુ પાડ માને છે, એ વિષે વાર્તા કહી—ઘાતકીદાસ નામે વાણીઆને ઘેર ઘનિયો કરીને દાસ હતો. એ બીચારા દાસને બહુ દુઃખ હતું. ઘાતકીદાસ તેને નિત્ય મારે, પૂરૂં ખાવાને આપે નહિ ને સખ્ત મજૂરીના કેદીથીએ વધારે મજૂરી તેની કને કરાવે. રાત્રે પૂરૂં ઊંઘવાએ ન દે. માર, ભૂખ, ઉજાગરા અને હદથી વધારે મહેનતના ઘસારાથી ઘનિયો બાપડો દૂબળો થઈ ગયો. ચામડી ને હાડકાં માત્ર તેના અંગમાં રહ્યાં. એમ જીવવાથી મરવું સારૂં એમ તેને લાગ્યું. તેણે નાશી છૂટવાનો મનસુબો કર્યો. એક વેળા તેનો ધણી ગામ ગયો હતો એ લાગ

જોઈ તે રાતો રાત નાઠો. શહેર બહાર નીકળી ચાલ્યો ચાલ્યો જંગલમાં ગયો. અંધારી રાત્રે વાટ જડે નહિ, અહીં તહીં ભટકે; પગમાં કાંટા ભોંકાય, અંગે બોરડી બાવળીઆના ઉઝરડા પડે પાણીની તરસ લાગી પણ પાણી શોધ્યું જડે નહિ. જન જનાવરની બીક લાગે. એમ આખી રાત ભટકી થાકીને લોથ થઈ ગયો. એવામાં એક કોતર તેની નજરે પડયું તેમાં જઈ સૂતો ને ઊંઘી ગયો. પોહોર દોઢેક દહાડો ચઢયો એટલે કોતરમાં મોટો વિકરાળ સાવજ પેઠો. તેના બરાડાથી ધનિયો જાગી ઊઠયો. એ ભયાનક પશુને જોઈ તેના હોશ ઊડી ગયા. મોત થડમાં જાણી તે પ્રભુને સમરવા લાગ્યો. સિંહ પોતાના સ્વભાવ પ્રમાણે ધશી ન આવતાં દયામણે મુખે ખોડાતો ખોડાતો ધનિયાની પાસે આવી ઊભો. એથી તેને જરા ધીરજ આવી. સાવજના એક પગનું તળીયું તેણે મસ સુજેલું દીઠું. જાણે વૈદ્યને માંદો માણસ નાડ બતાવતો હોય તેમ સિંહે તે પગ ધનિયા આગળ ધર્યો. ધનિયાએ તેમાં મોટો કાંટો ભરાયલો દીઠો. કાંટાની આસપાસ પરૂ હતું. પોતાના ચાકુથી તે કાંટો તેણે કાઢ્યો ને પછી ચારેગમ દાબીને પરૂ કાઢી નાંખ્યું. એથી ટાંટીઓ હલકો પડયો ને સિંહને સોહાણું થયું. દરદ નરમ પડવાથી ધનિયાના ખોળામાં માથું મૂકી વનપતિ ઊંઘી ગયો. એ વેળાથી પશુરાય અને ધાતકીદાસના લુંડા વચ્ચે માયા થઈ. સિંહ શિકાર મારી લાવે તે બેઉ ભેગા બેશી ખાય ને નિર્મળ ઝરાના પાણી પીવા જોડે જાય. એમ કેટલાક માસ વહી ગયા. પેલા નગરમાં ધાતકીદાસે ધનિયો નાશી ગયાના સમાચાર દરબારને કર્યા, અને તેને પકડી સજા કરવાની અરજ કરી. આસપાસનાં ગામોમાં તથા જંગલમાં ખોળ કરવાને રાજાએ દૂત મોકલ્યા. એક સમે ધનિયો એકલો રાનમાં સેલ કરવા નીકળ્યો હતો તેવામાં સિપાઈઓએ ઓચિન્તા આવી તેને ઝાલી લીધો, ને મુશકે બાંધી દરબારમાં લેઈ ગયા. તે દેશના જુલમી નિર્દય ધારા પ્રમાણે રાજાએ તેને જંગલના વિકરાળ જનાવરથી મારી નંખાવાની આજ્ઞા કરી. એ નગરમાં એવી સજા કરવાને એક સ્થળ હતું. તેની આસપાસ ઊંચો કોટ હતો. કમકમાટ ચડે એવો આ જંગલી

તમાશો જોવાને હજારો પુરવાસીઓ કોટ ઉપર ચડ્યા. રાજા પંડે પણ આવ્યો. કોટની માંહે બીચારા ધનિયાને ઊભો રાખ્યો. તેની દેહ થરથર ધ્રુજવા લાગી. કોટમાંની એક ઓરડીના બાર ઉઘાડ્યાં, ને તેમાંથી ત્રણ દિવસ ભૂખ્યો રાખેલો મોટો સિંહ છલંગ મારતો ને ગર્જના કરતો બહાર આવી બાપડા ધનિયા ઉપર ધસ્યો. જોવા મળેલા લોક ચૂપ થઈ ગયા. ત્રાસથી ચકરી ખાઈ એ નગરના અન્યાયી કાયદાનો ભોગ ધબ લઇને ભોંયે પડ્યો. શુદ્ધિ જવાથી અંતની ઘડીએ પણ પરમેશ્વરનું નામ લેવાય નહિં. પણ જુવો ઇશ્વરી ખેલ! ભૂખ્યો સાવજ તેને ફાડી ન ખાતાં ચાટવા લાગ્યો. તે જોઇ રાજા અને લોક અચંબો પામ્યા. અધ ઘડીએ જાગૃતિમાં આવતાં ધનિયાએ પોતાના જંગલના મિત્રને ઓળખ્યો. ઊઠી બે હાથે તેને ભેટી પડી તે રહ્યો. પાળેલા કૂતરા જેમ ધણી જોડે ગેલ કરી લાડે છે તેમ સિંહ કરવા લાગ્યો. આ નવાઇનું કારણ કોઇથી સમજાયું નહિ. એ ચમત્કારી બનાવનો ખુલાશો કરવાને રાજાએ ધનિયાને ફરમાવ્યું. સર્વ સાંભળે એમ ધનિયાએ જંગલમાં બનેલો હેવાલ કહ્યો. તે સુણી લોક ખુશી થયા, ને સઘળાએ એકે સાદે રાજાને વિનંતિ કરી કે ધનિયાને છોડી દો. દરબારે એ અરજ સ્વીકારી, ને સિંહને ધનિયાને સ્વાધીન કરી તેના ખરચની નેમણુક બાંધી આપી.

'કરે તેવું પામે' એ વિષે રૂપસુંદરીએ એક વાત કહી—સટ્ટો, પટ્ટો, બાબર, અને લાલજી મનીઆર એ ચાર ભાઇબંધ હતા. તેઓ કોઇ રાજાના દરબારમાં ગયા. રાજા પાટે બેઠો હતો, ત્યાં જઈ સટ્ટાએ સાત સલામ કરી, પટ્ટાએ પાંચ કરી, બાબરે બે કરી, ને લાલજી મનીઆરે પાછાં ફરી પીઠ બતાવી. રાજાએ સટ્ટાને સાત રૂપિઆ આપ્યા, પટ્ટાને પાંચ આપ્યા, બાબરને બે આપ્યા, ને લાલજી મનીઆરને ઠીકરૂં આપ્યું. એ ચારે રાજાની નોકરીમાં રહ્યા. સટ્ટાએ સાત કામ બજાવ્યાં, પટ્ટાએ પાંચ, બાબરે બે, ને લાલજીએ એકે નહિ કર્યું. રાજાએ સટ્ટાને સાત ઘોડા દીધા, પટ્ટાને પાંચ ઘોડા, બાબરને બે ઘોડા, ને લાલજી મનીઆરને ગધાડું

આપ્યું. ચોર પકડવાને સટ્ટો સાત ગાઉ દોડ્યો, પટ્ટો પાંચ ગાઉ દોડ્યો, બાબર બે ગાઉ દોડ્યો, ને લાલજી હતો ત્યાંના ત્યાં રહ્યો, માટે રાજાએ તેને પાણીચું આપી ગધેડે બેસાડી ઘેર મોકલ્યો. સટ્ટાએ સાત ચોર પકડયા, પટ્ટાએ પાંચ પકડ્યા, બાબરે બે પકડયા, ને લાલજી મનીઆરે ચોરી કરી. રાજાએ સટ્ટાને સાત ગામ આપ્યાં, પટ્ટાને પાંચ આપ્યાં, બાબરને બે આપ્યાં, ને લાલજીનું ઘર ખુંચવી લીધું. સટ્ટાએ ખુશી થઈ સાત લાડુ ખાધા, પટ્ટાએ પાંચ ખાધા, બાબરે બે ખાધા, ને લાલજી મનીઆરે માર ખાધો.

પ્રથમથી ધાક બેસાડવા વિષે વાત કહી કે એક માણસને બે દીકરીઓ હતી તેને કોઈ પરણે નહિ, કેમકે જે નિત્ય સવારે સાત ખાસડાં ખાવાનું કબૂલ કરે તેનેજ પરણવું એવું પણ તે કન્યાઓએ લીધું હતું. એમ રોજ વહાણે વાયે બાયડીને હાથે જૂતીનો માર ખાવો કોને ગમે? એ શરત કોઈ માને નહિ. કન્યાનો બાપ સામું ધન આપે, પણ કોઈ પરણવાની હા કહે નહિ. તે નગરીમાં બે ભાઈ નિર્ધન હોવાથી કુંવારા હતા. તેમને પણ નિત્ય ખાસડાં ખાવાની બોલી ગમે નહિ. પણ અંતે લાચાર થઈ કબૂલ કરી પરણ્યા. પરણવાનો વિચાર કર્યો ત્યારથી એક ભાઇએ બાંયમાં રહે એવડું નાનું બિલાડીનું બચ્ચું પાળ્યું. જ્યાં જાય ત્યાં તેને જોડે લેઈ જાય. પરણવા ગયો ત્યાં પણ તે બચ્ચું બાંહેમાં ખરૂં. રીત પ્રમાણે લગ્ન થયાં ને વહુવરનાં બે જોડાં પોત પોતાને ઘેર ગયાં. બે ભાઈ જુદા રહેતા હતા. બિલાડું પાળનાર ભાઇએ ઘેર આવી બાંયમાંથી બચ્ચું કાઢી ભોંયપર મૂક્યું. બિલાડું મીયું મીયું કરવા લાગ્યું. પેલો કહે ચૂપ રહે, રાંડના ચૂપ રહે. પણ બચ્ચું છાનું રહે નહિ તેથી રીસે ભરાઈ તેને બારીએથી ફેંકી દીધું. સગાં વહાલાં પાસે બેઠાં હતાં તે કહે રે ભુંડા આ શું કર્યું? એ પશુ કાંઈ સમજે છે? પેલો તો જે ઠપકો દે તેને પણ મારવા દોડે, તેથી સૌ ઊઠી પોત પોતાને ઘેર ગયાં, તેની નારી ત્રાસ પામી. તેણીએ વિચાર કર્યો કે આવા ક્રોધી વરને ખાસડાં મારીશ તો મને એક ઘડી જીવવા નહિ દે, તુરત મારા પ્રાણ લેશે. મને ખાસડે ખાસડે મારી નાખશે. એ બી-

કથી ખાસડાંના મારની શરત સંભારીજ નહિ. પેલો બીજો ભાઈ બિચારો નિત્ય મળસ્કે સાત ખાસડાં ખાય. શરત કબૂલ કરી હતી એટલે શું કરે, લાચાર. કેટલાક દિવસ પછી બે ભાઈ મળ્યા ને એ ખાસડાંની વાતો કરવા લાગ્યા. બિલાડીવાળો કહે કેમ ભાઈ તારો વાંસો ભારે હતો તે ખાસડાંથી હલકો થયો કે? એ સંભળી બીજાની આંખોમાં પાણી ભરાયાં. તે કહે આથી હું ન પરણ્યો હોત તો સારૂં. રાંડ તો નિત્ય મારો બરડો ભાંગેછે. બિલાડીવાળો કહે ભાઈ મને તો કશી હરકત નથી. પરણીને ઘેર લઈ ગયો તેજ દિવસથી એવો ધાક બેસાડયોછે કે ડરતી રહેછે. બીજો કહે તો ભાઈ મને બતાવને હું પણ તેમ કરૂં કે પૈજારના મારથી બચું. બિલાડીના બચ્ચાની યુક્તિ પેલાએ કહી. એ યુક્તિ તેણે અજમાવી પણ કાંઈ વળ્યું નહિ. બૈરીને કહે જો તેં ખાસડાં માર્યા તો આ વલે કરીશ. કુભારજા કહે જારે ખાસડાખાઉ હું તારાથી ડરવાની નથી પીટયા. બિલાડીને નાખી દીધી તેમ હવે મને બારીએથી સડપી દે. જોઉં તો ખરી તું શું કરેછે.

એમ રૂપસુંદરી કહાણીઓ કહે તે કુંવર આતુરતાથી સાંભળે. નાની વયના છૈયાને યોગ્ય તરેહ તરેહની સુબોધકારી વાતો કહે, ને તેમાંની કેટલીક વનુ સંભારી રાખે. વાતમાં કે વાત થઈ રહ્યા પછી પ્રશ્નો પૂછે તેનો ખુલાસે માતા કરે. પ્રસંગોપાત રૂપસુંદરી સમજણ પાડી કહેતી કે એવી કહાણીઓ ખરી હોતી નથી, ઘણું કરીને શીખામણને અર્થે જોડી કાઢેલી હોયછે. વખતે વનરાજના સવાલ પરથી આ જણાંવવાની જરૂર પડતી. કોઈ કોઈ વાર રાણી ઉખાણાકહે ને તેના ઉત્તર શીખવે તેથી બાળરાજાને રમુજ પડે. ભમે ભમે પણ ભમરો નહિ ને કોટે જનોઇ પણ બ્રાહ્મણ નહિ। ઉ. રેંટીઓ. ઢમઢોલ માંહે પોલ, ઉપર છત્ર છાયા, મારૂં ઉખાણું કહે તેને આપું સોનાના પાયા. ઉ. ટાંકુ. ઇત્યાદિ. કોઈ વાર બાળ ગમ્મતના પ્રશ્ન પૂછે. જેમકે હાથીને પગે તાળાં દઇ આપો. જવાબ. હાથી ધમ ધમ ચાલે પતાળ પાણી કાઢે, પતાળ પાણી કાળાં, હાથીને પગે તાળાં, ઇત્યાદિ.

વનરાજ જેમ મોટો થતો ગયો તેમ તેની મસતી વધારે નુકશાનકારી થતી ગઈ. આડોશી પાડોશીને પીડે, લોકનાં છોકરાંને મારે ને લડાઇઓ વહોરી લાવે. પોતે તોફાન કરે ને બીજા છોકરાને તોફાન કરતાં શીખવે. બે ત્રણ શેરીના છોકરાને એકઠા કરી તેઓનો સરદાર બની બીજી શેરીઓના છોકરા જોડે મારા મારી કરે. મારે ને માર ખાય. ઉંચે ઓટલેથી ભૂસકા મારે. લડાઇમાંથી નાસે કે ભૂસકા મારતાં કે ઝાડે ચડતાં ડરે તેને ઠોકે. ઝાડ પર બેઠેલાં કે ઊડતાં પક્ષીઓ ઉપર ગલોલ ફેંકે. તળાવમાં તરવા પડે. પહેરેલાં લુગડાં રોજ ફાડે ને એટલાં મેલાં કરે કે દિવસમાં બેવાર બદલાવે તોએ ઊજળાં ન રહે. છોકરાંને જોડે લઇ લોકની વાડીઓમાં ઘૂસી ફૂલ વીણી લાવે, ફળ તોડી ખાય, ને ખેતરોમાંથી સાંઠા ઉખેડી ખાય. ઝલાય ત્યારે માર ખાય, પણ ઘેર આવીને તે વાત માને કહે નહિ. બોર, ગુંદા, કોઠ, રાયણ, જાંબુ, ને બીજાં ફળ વાંસ કે પથરા વતી પાડી ખાય કે ઝાડ પર ચડી તોડી પોતે ખાય ને નીચે ઊભેલા છોકરાને ખાવા ફેંકે. પડે આખડે વાગે પણ તેથી તેનો જોમ નરમ પડે નહિ.

खंड ५ मो.

वनराजना शरीरनी केळवणी. युद्धकळामां प्रवीण थवुं. होळीनी लडाई. वनोडापर धाड.

વનમાં રક્ષણ કરનાર ભીલ રાજા મળવા આવ્યો તેની આગળ રૂપસુંદરી દુઃખ કરી કહેવા લાગ્યાં કે કુંવરની ઉન્મત્તાઈ જોઈ ઘણી ચિન્તા થાયછે. ભીલ બોલ્યો તમને ફીકર લાગેછે, પણ હું રાજી થાઉંછું. એવાં લક્ષણના રાજકુમારની આ સમે ગુજરાતને ગરજ છે. મારી અરજ એ છે, કે હવે મહારાજને મારા જંગલી સંસ્થાનમાં વખતે વખતે લેઈ જઈ ધનુર્વિદ્યા, ભાલો ફેંકતાં, તરવારથી પેંતરા ફેરવતાં, ઢાલથી અંગ બચાવી લેતાં, અશ્વ વિદ્યાદિક યુદ્ધ કળામાં કુશળ કરવાની પરવાનગી દો. રાણી કહે ધન્ય છે તમને!

ધન્ય છે તમારી રાજ્ય ભક્તિને ! તમારી સાહેતાથી હું ને કુંવર ઊગર્યા છીએ. એ કુંવર તમારો છે, જોઇએ તો આજે તેડી જાઓ-પણ મુને લાગેછે કે એકાદ વરસ પછી તમે કહોછો તેમ કરીએ તો કેમ ? ભીલ કહે ના માજી, અત્યારથી આરંભ કરવો જોઇએ-રાણી કહે તો આપણે સાધુજીને પૂછીશું. એમ કહી બેઉ શીલગુણસુરી કને ગયાં. સુરીએ ભીલ રાજાને ટેકો આપ્યો. ભીલ કહે વનુભાને ચડવાને સુંદર સોરઠી ઘોડી મેં આણીછે. સુરી કહે એક વેપારીએ કુંવરને માટે અરબી ઘોડો તથા શસ્ત્રો ભેટ મોકલ્યાંછે, પણ તે બીના મેં કોઈને જણાવી નથી. તમે પણ આ વાત છાની રાખજો, ને રાનમાં છાના લઈ જજો ને કોઈ ન જાણે એમ મૂકી જજો.

આ નાના શાગીર્દને શીખવવામાં ભીલ ઉસ્તાદને મુસ્કેલી પડી નહિ. યુદ્ધકળાના પાઠ વનુભાને સહેલા લાગ્યા. એ બાબતમાં રાજકુંવરને કુદરતે વિશેષ બુદ્ધિ બક્ષી હોય એવું જણાયું. ગુરૂ શિષ્ય વચ્ચે થોડા માસમાં ઘણી માયા થઈ. વનરાજ વારે વારે વનમાં જતો ને વખતે મહીનો બે મહીના ભીલોમાં રહેતો. બાળક, જુવાન, અને વૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ સર્વેનો વનુભા માનીતો થયો. ભીલ રાજાને ગુરૂજી કહી વનરાજ બોલાવતો, ને શિષ્યની ચતુરાઈ ચપળતા, હિમ્મત, અને ધીરજ જોઈ ગુરૂજી સાનંદાશ્ચર્ય પામતા. તરેહ તરેહની રમતો ભીલોના છોકરા જોડે રમતો, દોડવાની, ઝાડે ચડી જવાની, તરવારની, તીરવતે નિશાન તાકવાની, વગેરે શરતો બકતો. લાકડીપટા અને કુસ્તીઓ કરતો. એને ખુશ કરવાને જાણી જોઈને હારવાની તેણે ભીલોને સખ્ત મના કરી હતી. તેણે તેમને જણાવ્યું કે ખુશામતની ખાતરે તમે એમ કરશો, પણ એથી મારૂં અંગ અને મન કસાશે નહિ, ને મારી બુદ્ધિ બગડશે, માઠી ટેવ પડશે, ઢીલો બની જઇશ. કસરતોમાં, ઘોડા દોડાવવામાં ને મૃગયા રમવામાં વખતે પડે આખડે ને વાગે તેની બાળરાજા દરકાર કરતો નહિ.

આથી તેનું અંગ કઠણ થયું ને તેના શરીરનો બાંધો બંધાયો; દેશના શત્રુ ઉપર શસ્ત્રોનો ઉપયોગ કરવાને તે આતુર થવા લાગ્યો; દુશ્મનને મારવાને તેના હાથ ચવળવા લાગ્યા. શીળગુણસુરી અને

બીલ રાજા તેને વારી શીખ દેતા કે ભા તમે હજી બાળક છો, પ્રગટ થવાનો સમય હજી આવ્યો નથી. તમારા શૂરવીર મામા સુરપાળ વખત આવે પોતાની જોડે તેડી જશે ત્યારે યુદ્ધ કરવાના મનમાનતા પ્રસંગ મળશે ને પ્રભુજી જય આપશે. એ શીખામણ બાળરાજાને ભાવતી નહિ, પણ માનવી પડતી. તથાપિ વખતે જોગ મળેથી તેમને પૂછ્યાવિના ઝંપલાવી પડતો. હોળીના દિવસ એને બહુ ગમતા, કેમકે આયુદ્ધ નહિ તો લાકડી, સોટા કે ચામડાના ચાબખા વતે હાથ અજમાવવાનું મળતું. નાની ઢાલ ને સોટો લઈ વનુભા ઘૂમે ત્યારે સામું કોઈ ટકી શકે નહિ. જેની તરફ વનુભા હોય તે પક્ષ ભાગ્યેજ હારતો. મોટી વયના છોકરા પણ એનાથી ડરતા ને એને પોતાનો સરદાર કરતા. પોતાના મોહોલ્લાના છોકરાઓને જોડે લઈ પાસેના ફળીઆપર સ્વારી કરે. ત્યાંના છોકરાને જીતી શરણે આવવાની જરૂર પાડે. લડયા પહેલાં શરણે આવે તો તેની આબરૂ રાખે, માત્ર એટલી શરત કરે કે તેમણે એની ફોજમાં ભળી જઈ એની જોડે લડવા જવું. એ શરત નાકબૂલ કરી જે સામા લડવા ઊભા રહે તેમને ઠોકીને એ શરત મનાવે, ને જેઓ ન માનતાં હારીને નાશી જાય તો તેઓની હોળીનાં લાકડાં લઈ જાય. પણ ગરીબ બિચારી છાણાવાળીની પાસે તથા લાકડાં વેચવા લાવનારાં પાસે છાણાં કે લાકડાં લેવા દેતો નહિ. જાણે વાસ્તવિક યુદ્ધે ચડતો હોય તેમ બીજી શેરી ઉપર સ્વારી કરવા જાય ત્યારે એક છોકરાના હાથમાં પોતાના મોહોલ્લાનો ઝુંડો આપે, કેટલાક છોકરા પાસે નગારાં-ને વાંસળી વજડાવે; નાના જોદ્ધાને હારમાં ગોઠવી પોતાની પાછળ ચલાવે એમ લશ્કરી ડોળ અને દબદબાથી સામાવાળીઆપર જાય, અને ફતેહ થાય ત્યારે ગુજરાતની જે બોલાવે. એક વખત તેણે વનોડનાં બધાં ફળીઆં જીત્યાં ને આખા ગામના છોકરાને ઝાંપાની થડમાં હોળીની પૂનેમે પાછલે પોહોરે ભેગા કર્યા. સર્વેને મોહોલ્લાવાર પલટણોમાં ગોઠવી મોહોલ્લામાં જે જબરો ને બહાદુર છોકરો હતો તેને તે મોહોલ્લાની પલટણનો ઉપરી ઠરાવ્યો, ને એવા દરેક ઉપરીને માથે પોતાના મોહોલ્લાના એક છોકરાને નાયક નીમ્યો.

ગામના બાળક ઘેડને રણશિંગુ ફુંકવા ઝાલી આણ્યો. લોકની ઠઠ આ ખેલ જોવા મળી. હરેક પલટણને નિશાન નગારાં હતાં. પવનમાં વાવટા ફડફડ ઉડે, તાસાં ધીનતડ ધીનતડ વાગે, ને ગુજરાતની જે બોલાય. એમ વાજતે ગાજતે સ્વારી પાસેના ગામ ઉપર ચડી. વનુભાઈએ તે ગામના છોકરાને પ્રથમથી કહાવ્યું હતું કે અમે યુદ્ધ કરવા આવવાના છીએ માટે તૈયાર રહેજો. ગામની બહાર તેઓ સજ થઈ ઉભા હતા. વનુભાની ફોજને આવતી દેખી આવો, આવો, એમ મોટે ઘાંટે તેઓ બોલાવવા લાગ્યા. થોડીવારમાં ભેટમભેટા થઈ. બેઉ ભણીના નાના લડવૈઆ શૂરથી વઢ્યા. સંગ્રામ જોવા બેઉ ગામના લોક મળ્યા હતા. ઢેખાળા ને જૂનાં ખાસડાંના મારથી આરંભ થયો, ને તે કેટલીક વાર પહોંતો. તમાશગીરોમાંનાં કોઈનાં એથી માથાં ફૂટ્યાં ને નાસા નાસ થઈ. કોઈની પાઘડી પડી ને કોઇના પગના જોડ ખોવાયા. પથરા ઉછળતા બંધ પડ્યા કેડે બાળ જોદ્ધા એક એકની સન્મુખ લગોલગ આવ્યા. વળી તમાશગીરો છેક પાસે આવ્યા. તેમને ખસેડવાને બન્ને તરફના આગેવાનો તેઓ ઉપર ધસ્યા. લોક નાઠા, ને નાસતાં કેટલાક ભોંયે પડ્યા ને છુંદાયા. હવે જુદ્ધ ચાલ્યું. પહેલા હલ્લાની સામા વનુભાના શત્રુ ટકી રહ્યા, ને વનોડના હોળીઆ પાછા હઠ્યા. વનુભાએ તેમને ઉસકેરી બીજો હુમલો કર્યો. એ વેળા સામાવાળીઆ ટકી શક્યા નહિ. તેઓ નાઠા, પણ પાછળ ઊભેલા મોટેરાએ શરમાવી તથા હિમ્મત આપી પાછા લડવા મોકલ્યા. એક વીરે વનુભાને ઝપાટો લગાવ્યો. વનુભાના એક સાથીએ તેને નસાડ્યો. તેજી અસ્વ ચાબકથી ચમકી દોડેછે તેમ એ ઝપાટાથી જોશમાં આવી વનુભાએ ઝંપલાવ્યું. તેના સાથીઓ પણ જોસસાથી તૂટી પડ્યા. સામાવાળીઆ નાસી ગામમાં ભરાયા. તેમના મોટેરા ઝાંપા વાસી દઈ લઢવાને તૈયાર થઈ ઊભા.

વનોડના હોળીઆ ફતેહની ગર્જના કરતા ને હરખાતા પાછા વળ્યા. થોડે જઈ પોતાથી મોટી ઊમરના જુવાનીઆને ભેગા કરી વનુભાએ કહ્યું કે આપણા ગામને ફતેહ મળી ખરી, પણ જ્યાંસુધી હારનારની હોળીનાં લાકડાં લાવ્યા નથી ત્યાં લગી એ જય પૂર્ણ ક-

હેવાય નહિ. ઝાંપા તોડી અંદર ઘૂસવાનું મને મન થયું, પણ ઝાંપાનો બચાવ કરવાને ઢાલ સોટા લઈ ઊભેલા મોટી ઊમરના આદમીઓની ટક્કર ઝીલવી નાના છોકરાઓને કઠણ પડશે, એમ વિચારી જયનાં વાજાં વજાડતા પાછા ફર્યા. અમારી મદદે તમે આવો તો પાછા જઈ હલ્લાં કરીએ. વનરાજનો મિત્ર રતનચંદ જોડે હતો તેણે મના કરીને કહ્યું વનોઠ જઈ વિચાર કરી રાત્રે આવજો. વનરાજ કહે તો ઠીક સાંજે હોળી પ્રગટીને આવીશું, ને ઝાંપા તોડી ગામમાં ઘૂસી ત્યાંની સળગેલી હોળીને છાંટી આવીશું. જુવાનીઆ ઉસકેરાઈ બોલ્યા ઠીક છે. તરૂણોની હારે જવાને પુખ્ત ઊમરના પણ કેટલાક સાંજે તત્પર થયા. એ મનસુબો શીળગુણસુરીના જાણવામાં આવ્યાથી તેણે અમલમાં આવવા દીધો નહિ. મુખ્ય માણસોને બોલાવી સમજાવીને કહ્યું કે એમ મોટાનાં વઢવાથી પાડોશી જોડે નકામું વેર બંધાય, કોઇના હાથ પગ ભાંગે; માથાં ફૂટે ને જીવ જાય. હોળીની લડાઈથી કાંઈ ફાયદો નથી. હોળીની લડાઈમાં વઢનારા શસ્ત્ર ધારણ કરી લશકરમાં જુદ્ધ કરી શકતા નથી. ખરાં યુદ્ધ દેખી તેમના ટાંગા નરમ થઈ જાય છે. હોળીમાં લડનારા બ્રાહ્મણ, વાણીઆ, કણબી, વગેરે ભૂવડની સામા વઢવામાં મહારાજા જયશિખરને તલમાત્ર કામ લાગ્યા નથી. ગામમાં ધાડ પડેછે ત્યારે તેઓ પહેલા ભાગી જાયછે, ને જેઓ રણમાં ઘૂમનારા છે તેઓ એવી છોકરવાદીને હસી કાઢેછે. હોળીની મારામારી ને ગાળાગાળીથી કશો ફાયદો નથી, ઊલટું નુકસાન છે, છોકરાની નીતિ બગડેછે. જેમ કોયલા ચાવવાથી મોઢું કાળું થાય છે, તેમ એથી અનીતિનો વધારો થાયછે. છોકરા ભૂડું બોલે ને વઢે તેમને તમારે અટકાવવા જોઇએ, તમારે તેમની જોડે સામીલ ન થવું જોઇએ. હોળી વિષેના ખોટા વહેમ મનમાંથી કાઢી નાખો, એવો બોધ કરવાથી રાતનું જુદ્ધ બંધ પડયું ને વનુભા નિરાશ થયો.

હોળી પ્રગટયા પછી રમતાં થાકયો ત્યારે વનુ ઘેર સૂવા આવ્યો. લૂગડાં ઉતાર્યાં ત્યારે બગલ નીચે બાંસળા ઉપર મોટા સોળ પડેલા જોઈ તેની મા કહે ભાઈ એવો ઉદમાત શાને કર્યો કે આમ

થયું! અનુપયોગી હુતાશનીની લડાઇમાં તારા અંગને શા માટે જોખમમાં નાખેછે? તારે મોટાં કામ કરવાનાં છે ને મોટી લડાઇઓ ઝીલવી છે. ગોલા ઘાંચીના છોકરા એમ લડે. હોળીમાં ભૂડું બોલવું ને મારામારી કરવી એ નીચ વર્ણને છાજે. ઊંચી પદવીના કુંવરોને શોભે નહિ. વનરાજે ઉત્તર આપ્યો કે માડી હું એકે ભૂડો શબ્દ ઓચરતો નથી, નારીઓનું અપમામ કરતો નથી, ગરીબ લોક ને સંતાપતો નથી. ઊલટો મારા સાથીઓને વારૂંછું, પણ જુદ્ધ કરવાનો મને કોણુ જાણે કેમ અંતઃકરણથી ભારે શોખછે. મારૂં મન ઝાલ્યું રહેતું નથી. હોળીની લડાઇથી પણ હિમ્મત વધેછે અને શરીર કસાય છે. આવા સોળથી ડરૂં! કદી ના ડરૂં. તરવારના ઝટકાને ન લેખવું તો સોળના શા ભાર! રજપૂતાણી મનમાં હરખાઇને કહે બાપુ હજી તું બાળક છે, હવે સૂઈ જાઓ રાત ઘણી ગઈ છે.

એક દિવસે સાંજના જળવજળ થતાં વનોડામાં બૂમ પડી કે પંચાસરી ભાગોળે ધાડ પડી છે, કોળીઓએ વાણીઆનું એક ઘર લૂટયુ ને બીજામાં પેઠા છે. ચોટામાં હુલકું પડચું ને લોક નાસાનાસ કરવા લાગ્યા. નાણાવટીઓ દુકાનો વાશી અંદર ભરાઈ બેઠા. એવામાં ગપ ચાલી કે બે ચોકીદારને ધારાળા લોકે માર્યા. એથી ગાંધી, મોદી, કાછીઆ, વગેરે ગભરાટમાં પડયા, ને કેટલાક તો બીકના માર્યા પોતાનાં હાટ સૂનાં મેલી નાઠા. ઘરનાં બારણાં બંધ કરી લોક જણુસ ભાવ સંતાડવા લાગ્યા. કોઇએ કૂવામાં પોટલાં નાખ્યાં, કોઇએ ટાંકાંમાં, કોઇએ ભાંયરામાં, ને કેટલાકે ઘરના ખૂણામાં ખાડા ખોદી દાટયાં. જે શેરીમાં ધાડ પડી હતી ત્યાંનાં ઘરોમાં રડાકૂટ થઈ રહી. કેટલાક ચોર કામઠે તીર ચડાવી નાકાં ઘેરી ઊભા હતા તેથી તે મેહેલ્લાની આવ જા બંધ પડી. બે ઘર લૂટયા પછી શેરીમાં શ્રાવકનું દેરૂં હતું તેમાં હરામખોરો પેઠા. આરસની મૂર્ત્તિઓને હીરાની આંખો જડી હતી તે ખોદી કાઢતાં કેટલીક પ્રતિમા ભાંગી. મૂર્ત્તિઓનાં જડાવ કુંડળ, હીરાના હાર, મોતીની માળાદિક લેઈ કોળીઓ રાજી થયા. ટાળીનો આગેવાન દાજીડો સાથીઓ જોડે મંદીર બહાર આવ્યો. નાકાં સાચવવાને મૂકેલા આદમીઓને બો-

લાવી લેઈ નાસવા માંડે છે એવામાં વહાર આવી તેણે ભાગોળમાં તેમને આંતર્યા. તીર ભાલા ને તરવારથી કામ ચાલ્યું. કોળીઓ કીકીઆરી કરી ધસ્યા. એક ચોરનું માથું ચીરાઈ બે ફાડ થઈ. એકનો જમણો હાથ ખભેથી કપાઈ આઘો પડ્યો, ને એકની છાતીમાં ભાલો બોકાયો તેની અણી વાંસેથી બહાર નીકળી. વહારે ચડેલા એક શૂરવીરના કપાળમાં ભચ દઈને તીર પેઠું. ને તે ભોંય પડ્યો; બીજાના પેટમાં બાણ વાગવાથી તે પણ નકામો થયો. બાકીનાને હઠાવી દાળીડો ભાગોળ બહાર નીકળ્યો. પાછા હઠેલા સિપાઈ ફરીને બીજો હુમલો કરવાને આવ્યા, પણ ચોરોએ, લડવા ન ઊભા રહેતાં, પલાયન કર્યું; સિપાઇઓ તેમની પૂઠે ધાયા.

ધાડની ખબર રૂપસુંદરીને થતાંજ તે વનરાજને ખોળવા ચકલે ગઈ. ઘણું કરીને તે બહાર જતી નહિ. દહેરેથી અપાસરે ને અપાસરેથી દહેરે એટલામાં તેનું જવું આવવું થતું. વિલક્ષણી કુંવર ધાડ જોવા દોડી જાય કે લાગ આવે તો લડાઇમાં ઉતરી પડે એ ધાસ્તીથી તે આ પ્રસંગે ચકલા સુધી ગઈ ખરી પણ કુંવર હાથ લાગ્યો નહિ. પૂછપરછ કરી પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. માની આંખોમાંથી દડ દડ આંસુ પડ્યાં. તે કહે મારો બાળ કુમાર આ દોડાદોડમાં અથડાઈ પડશે. એને કાંઈ વાગશે તો હું શું કરીશ? છાતીનો આઘો છે તેથી કદાપિ ધાડ જોવા ગયો હશે ને ત્યાં કદાસ ચોરો સામે જુદ્ધ કરશે. હજી તો મારે ખોળે બેસવા જેવડોછે. મુવા જુંગા હરામખોરો આગળ એ તો મગતરા જેવો છે. એવા તરંગ બાંધતી ને રૂદન કરતી શીળગુણસુરી પાસે જઈ કહે મહારાજ ગામમાં મોટી ધાડ પડી છે ને વનુ જડતો નથી. વનરાજનો સ્વભાવ જાણે તેથી એ સાંભળી સુરીના પેટમાં પણ ધાસકો પડ્યો. પણ તે મ્હોડે ન જણાવતાં બાઇને ધીરજ આપીને વનરાજને ખોળવાને તેણે માણસો મોકલ્યાં. શોધ કરવાને પંચાસરી ભાગળ સુધી જવાની હામ એ આદમીઓની ચાલી નહિ. બીજા મેહેલાઓમાં ભટકી તેઓ કાંઈ સમાચાર લાવ્યા વિના પાછા આવ્યા. વખત જાય તેમ રૂપસુંદરીના જીવને વધારે પીડા થાય. જે છોકરાને ઘેર વનુભા રમવા જતો તેઓને પૂછાવ્યું, પણ

વનુભાઈ ક્યાં છે તેની તે કોઇને ખબર નહતી. સાધુ થયા છતાં મૂળની હિમ્મત સુરીમાંથી ગઈ નહતી; ચાવડા કુળનું રક્ત તેની નાડીમાં વહેતું હતું તેણે ઊછાળો માર્યો, ને તે ઉઠી ઉભા થઈ કહે હું પંડે કુંવરને શોધવા જાઊંછું, એમ બોલી હિડયા. આંગણામાં આવ્યા એટલે એક વાણીઓ હાંફ્લો ફાંફ્લો આવી કહે "મારા ડહેલામાં વનુભાનો ઘોડો હતો તે નથી. સવારે ફરી આવીને બાંધી ગયા હતા, પણ હમણા મને ચરવાદારે આવી કહ્યું કે ધાડની બૂમ પડયા કેડે અધ ઘડીએ હથીઆર બંધ વનુભા આવ્યા ને પોતાને હાથે ઘોડાપર સામાન સજી અસ્વાર થઈ પંચાસરી બાગોળ ભણી દોડયા, મેં ના કહી પણ મારૂં કહ્યું માન્યું નહિ, ને હું શેઠને કહેવા આવુંછું' તેટલામાં તો ગયા." સુરી કહે વારૂ ચિંતા નહિ, આવોછો આપણે વનુભાને ખોળવા જઇએ. વાણીઓ કહે માફ કરો બાપજી મને તો બીક લાગે છે. મારી ઘરવાળી તો મને આ સમાચાર કહેવાને આવવા નહોતી દેતી ને; ઘરમાંથી બહાર ના જવા દે. તેને ખીજીને આવ્યોછું. સુરી કહે વારૂ ત્યારે ઘેર જાઓ.

પંચાસરી ભાગળને ચકલે આવ્યા ત્યારે સુરીને માલુમ પડયું કે ગામના ચોકીદારોને પાછા હઠાવી ચોર નાઠા તે તાકડે વનરાજ હથીઆરબંધ ઘોડો દોડાવતો આવ્યો. સિપાઈઓને હિમ્મત આપી વેરાતા અટકાવ્યા ને તેમને લઈ કોળીઓની વાંસે ધાયો. વનરાજ અને રૂપસુંદરીના રક્ષણને સારૂ જે ગૂર્જરો એ ગામમાં છાના રહ્યા હતા તેઓમાંના જેઓ હાજર હતા તેઓને તત્ક્ષણ સુરીએ વનરાજની વહારે દોડાવ્યા. રૂપસુંદરીને સુરી ધીરજ આપે, પણ માનું હૈયું માને નહિ. આખી રાત તે રડી. તે કહે યુદ્ધ કરવું એ ક્ષત્રીનો ધર્મ છે; યુદ્ધમાં જીતે કે રણમાં પડે તેથી કુળની પ્રતિષ્ટા વધે છે, પણ તે લાયક વયનો થાય ત્યારે. હજીતો મારો વનુ કિશોર વયમાંએ નથી આવ્યો; મૂછનો એક વાળ પણ ફૂટયો નથી; હજીતો એને દૂધીઆ દાંત છે. એમ કહી રડે. અપાસરામાં સારી રાત સર્વે જાગી રાણીની આસના વાસના કરી તેને ધીરજ આપી.

ખેતરમાં ને ઝાડીઓમાં થઈ વનરાજ ને રખવાળો હરામ-

ખેરોની પાછળ ગયા. વનોડથી પાંચ છ ગાઊને છેટે નાના નાળાને કાંઠે તેમને પકડી પાડ્યા. દાજીડો કહે, અલ્યા તમારાં મોત આવ્યાં છે; જીવતું હોય તો પાછા વળો. વનરાજ કહે, માલ લાવ્યા છો તે પાછો આપો તો જવા દઇએ. દાજીડો કહે જા જા બાળકા જા, પૂજારણના છૈઆ જા, તારી મા રોતી હશે. એમ કહી તેણે ને તેના અનુચરોએ કામઠીઓ ચડાવી. પોતાના સાથીઓને વનરાજ કહે હવે જુવો છો શું, કરો હલ્લાં. એમ બોલી ઝટ બાલો તાકી દાજીડા ઉપર પડે ધસ્યો, ને તેને વીંધી નીચે નાખ્યો. એજ ક્ષણે દાજીડાનું તીર તેના ખભાને છરતું વાગ્યું. એ ચોર જબરો પ્રચંડ હતો. છાતીમાંથી બાલો ખેંચી ઉઠે છે તેવામાં વનરાજે બીજો ઘા તરવારથી કરી તેને પૂરો કર્યો. તેના સાથીઓએ કેટલાક ચોરને જખમી કરી નીચે પાડ્યા, ને કેટલાકને ઝાલી બાંધ્યા. થોડા નાઠા તેમની પાછળ દોડવાની વનરાજે મના કરી કેમકે તેમ કરવાથી જેઓ પકડાયા હતા તેઓ છટકી જાય. ચોરેલા તમામ દાગીના દાજીડાની કેડે હતા તે છોડી લીધા. થોડીવાર સાસ ખાવાને બેસી પાછા ફરે છે તેવામાં નાઠેલા ચોરો બીજા કોળીઓને જોડે લઈ સામા આવતા વનરાજે ભાળ્યા. સાથીઓને કહે ડરશો નહિ. એજ વેળા તેની વહારે ચડેલા ગરાસીઆ આવી પહોંચ્યા. એ કુમક જોઈ પેલા ચોર વીખરાઈ ગયા. રાત અજવાળી હોવાથી અડચણ ઓછી પડી. અંધારી રાત હોત તો ચોરોને બચવાનો લાગ વધારે મળત. એક રજપૂતે મુવેલા દાજીડાનું માથું કાપી લીધું. ચોરેલાં લૂગડાંનો ગાંસડો એક ચોરને માથે મેલ્યો. ચોકીદારોમાંના તથા ચોરોમાંના જેઓ ઘાયલ થયા હતા તેઓના જખમ વહેળાના પાણીથી ધોવડાવી પાટા બંધાવ્યા. પછી વનરાજ કેદીઓને લઈ ઘરભણી વળ્યો, ને પરોઢ થતાં વનોડ આવ્યો. *ગંદી રીત પ્રમાણે લોક ઓટલે બેસી દાતણ કરતા

---

* ઓટલે દાતણ કરવું એ રીત ગંદી છે. રસ્તેથી જનારા સુઘડ માણસોને એ જોઈ સૂગ ચડે. જેના ઘરમાં મોરી કે ખાળ હોય તેણે તો ત્યાં એ ક્રિયા કરવી જોઇએ. પિશાબ, ઝાડા, દાતણ, મછણ, સ્નાનાદિક શૌચ ક્રિયા એકાંતમાં કરવાની છે. ચોટલો ચોળવો ને હોળવો, લૂગડાં પહેરવાં વગેરે એકાંતમાં કરવું જોઇએ.

હતા તેવારે એ સ્વારી બાગોળમાં પેઠી. સૌની આગળ દાણીડાનું માથું ઝાલનાર રજપૂત હતો. તે ચોટલીએ પકડેલું ને લોહીથી ખરડેલું બીહામણું દીસતું હતું. તેની વાંસે સજડ બાંધેલા ચોરને ઝાલી અ-કલેદારો ચાલતા હતા, ને છેલ્લે રવાલ ચાલતે સુંદર ઘોળે ઘોડે વનરાજ, ને તેની પડખે વનોડનો મુખ્ય હવાલદાર હીંડતો હતો. હરામખોરો પકડાયા ન હોત તો હવાલદારની નોકરી જાત ને બીજી સજા પામત, માટે વનરાજના પરાક્રમથી તે બહુ રાજી થયો. જે મળે તેને મોઢે તે વનુભાની તારીફ કરે. ચોરના સરદારને માર્યો ને બીજાને ઝાલ્યા, તથા ચોરેલો માલ પાછો આણ્યો તેથી લોક ઘણા ખુશી થયા. વનુ-ભાના પરાક્રમની વાત જાણી સર્વે સાનંદાશ્ચર્ય પામ્યા. તીર્થંકરના ડોળા કાડનારા અને મૂર્તિઓને ખંડન કરનારાનો જીવ લેનારનાં વ-ખાણુ શાવકો તો બહુજ કરવા મંડ્યા. ગામમાં થઈને અસ્વારી ગઈ ત્યારે બહુ લોક જોવા મળ્યું, ને વાહવા વનુભા! શાબાશ! ધન્ય છે! એમ સૌ કહેવા લાગ્યું.

ચોરોને થાણામાં લઈ જઈ હેડમાં પૂર્યા, ને વનરાજ ઘેર ગયો. ઊમરામાં તેની મા તેને વધાવવાને ઊભી હતી. એના આ-વ્યાની વધામણી તેણીને પ્રથમથી મળી હતી. ઘોડેથી ઊતરી કુંવર પગથીએ ચડ્યો એટલે માડીએ તેને કંકુનો ચાંલ્લો કરી અક્ષત ચોડ્યા, ઈંડી પીંડી માથે ફેરવી નાખી દીધી, ને ઓવારણાં લઈ ફૂલે વધાવ્યો. વનરાજ માતાને ભેટી કહે બા આશીર્વાદ દો. કુંવર શતં જીવો એમ કહી હર્ષથી ફૂલાઈ માએ છાતી સાથે ચાંપ્યો. તેણીની આં-ખોમાંથી હરખનાં આંસુ વહ્યાં. મા દીકરો શીળગુણસુરીની પાસે ગયાં. વનરાજ સુરીને પગે લાગ્યો. માથે હાથ મૂકી સાધુ બોલ્યા— ઘણું જીવો, મોટા પરાક્રમ કરી પ્રતાપી થાઓ, રાજ્ય પુનઃસંપાદન કરો ને કુળની પ્રતિષ્ઠા વધારો! બેટા સુખી થજો!

રાજ્ય પુનઃસંપાદન કરો એ વચન સુણી રૂપસુંદરી કહે એજ માટે હું એને હોળીના ધીંગાણામાં ને ધારાળાની જોડે લડવામાં એના અમૂલ્ય જીવને જોખમમાં નહિ નાખવાને સમજાવું છું. પણ કુંવર માનતા નથી.' ભીલની જોડે વનમાં જાયછે ત્યાં મૃગયા રમ-

વામાં પ્રાણુની ચિંતા રાખ્યા વિના ઝંપલાવેછે. ખભે થએલો ઘા બતાવી વનરાજ કહે માતાજી તમે ફીકર નહિ કરો, જેને રામ રાખે તેને કોણ મારી શકે! જુવો આ તો સહજ ઘા છે, પણ વધારે વાગે કે જીવ જાય તેની હું દરકાર રાખતો નથી, એક વાર સૌને મરવું છે. અંબા કહે દીકરા જોઉં કેટલુંક વાગ્યુંછે. વનરાજ કહે મા રજપૂતાણી થઈ એમ ડરોછો શું. તમે મને શૂરવીરોની વાતો કહીછે તેવો હું થઇશ. મા કહે તે મને બહુ ગમશે, પણ હજી તમે બાળક છો. ધાવણનું દૂધ હજી તમારે હોઠેથી સૂકાયું નથી. હજી યુધ્ધે ચડવા જેવડા તમે થયા નથી. શીળગુણસુરી કહે બેન સિંહનું બચ્ચું નાનપણથી સિંહ જેવું હોય. વનુભાને ઠપકો ન દેતાં કહે રાતનો ભૂખ્યોછે એને જમાડો. એને ઉજાગરો થયોછે. જમીને ઊંઘશે એટલે તાજો થશે. પછી આપણે વાતો કરીશું.

प्रकरण ५ मुं.

किशोरवय.

खंड १ लो.

वनराजने माटे बखतर. वनराज हरण. पांच चोरनां आख्यान.

વનરાજને ખભે ઘા વાગ્યો હતો તે, દાજીડાના તીરનું ફણીયું ઝેરી હોવાથી પાકયો, ને બે મહીના સુધી રૂઝાયો નહિ. એ જખમ વિષે એક વેળા રૂપસુંદરી ને શીળગુણસુરી વાતો કરતાં હતાં તેવારે કુંવરને વાસ્તે બખતર રાખવું ઠર્યું. બખતર ઘડનારા પંચાસરમાં હતા, ત્યાં રતનચંદ વનરાજના અંગનું માપ લઇને ગયો, ને કોઈ ન જાણે એમ લોઢાનો ટોપ, કવચ, અને ઘોડાની પાખર કરાવી લાવ્યો. બખતર જોઈ વનરાજ બહુ હરખાયો ને તુરત પહેરી જોવાને આતુર થયો. સુરી કહે બાપુ એવડો અધીરો ન થા, રાત પડે ને પહેરજે. ગુપ્ત રહેવાની જરૂર છે. અંધારૂં થયા કેડે વનુભાને

અને તેના ઘોડાને તે પહેરાવ્યાં ને ગામ બહાર અધગાઉ જઈ આવવાની રજા આપી. ટોપ કવચ પહેરી હથીઆર બાંધી વનુભા ઘોડે ચડયો તેવારે રૂપસુંદરી, શીળગુણસુરી, અને રતનચંદ ઓટલે જેવા આવ્યાં. કુંવરનું કદાવર શરીર, પહોળી છાતીનો શીનો, ને મુખનું નૂર દેખી તેમનાં હૈડાં બહુ હરખાયાં. ઘોડો પણ આનંદ પામતો દેખાયો. વનરાજ ચડયો એટલે તે ખોંખાર્યો ને થન થન નાચ્યો. રૂપાળા અશ્વને સુંદર રવાલ ચલાવતો રાજકુમાર સોરઠી ભાગળ ભણી ગયો તેવારે તેની જનેતાનું હૃદય હર્ષથી પ્રફુલ્લિત થયું. પછી ઘરમાં જઈ ત્રણે એ વિષે વાતો કરતાં હતાં ત્યારે રતનચંદે કહ્યું કે પંચાસરની કચેરીમાં હુ આ વેળા ગયો હતો ત્યાં સમાચાર મળ્યા કે વનુભાએ ઝાલેલા ચોરોમાંના કેટલાકને સૂળીએ ચડાવ્યા, ને બાકીનાનાં કાંડાં કાપ્યાં. એ ચોરોને લઈ અત્રેનો થાણુદાર પંડે ત્યાં ગયો હતો. તેણે ધાડનો હેવાલ કહ્યો ત્યારે ભૂવડના પ્રતિનિધિને અચંબા સાથે શક આવ્યો. તે બોલ્યો કે પૂજારણના પુત્રમાં એવું પરાક્રમ હોય એ સંભવતું નથી. એ કોઈ રાજવંશી હશે. થાણુદાર કહે નારે સાહેબ એ પૂજારણને ગામમાં સૌ ઓળખે છે, કેટલાં વરસ થયાં અપાસરામાં રહેછે ને દેરામાં પારસનાથની પૂજા કરેછે. એનો દીકરો એ નિત્ય આખા ગામમાં રખડેછે. પ્રતિનિધિએ માથું ધૂણાવી કહ્યું સંપીલા લોકમાં વેશ બદલી ગુપ્ત રહે તેની તમને શાની ખબર પડે? થાણુદાર કહે, શું સાહેબ રાજપુત્ર હોય તો ખબર પડયા વિના રહે! સૂરજ છાપરે ઢાંકયા રહે વળી ! પ્રતિનિધિ કહે, ઢાંકયો ન રહ્યો કેને ! એટલી ન્હાની વયમાં એનાં પરાક્રમ તો જુવો! છાની તજવીજ કરજો. શત્રુ નહિ હોય તો આપણે એને નોકરીમાં રાખીશું.

વાણીઓ કહે આ વાતચીત જાણી મેં વિચાર્યું કે હવે વનુભાને એમના મામાકને મોકલવા જોઈએ. સુરી કહે શેઠ તમારો અભિપ્રાય ખરોછે, પણ રાજમાતાને લાડકા કુંવરથી છૂટા પડવું ગમતું નથી. રૂપસુંદરી બોલ્યાં કે એનાથી અત્યારમાં બારવટીઆનાં સંકટ કેમ વેઠાશે ! ગોરજી કહે શું કરીએ લાચાર. મહાવરો થયાથી સહનશક્તિ વધશે. એમ વાતચીત કરતાં ચાર ઘડી થઈ પણ વન-

રાજ પાછો આવ્યો નહિ. તેની માએ રતનચંદને પૂછ્યું કે હજી કુંવર કેમ પધાર્યા નથી ? રાત અંધારી છે તેથી ભૂલાતો નહિ પડયા હોય વારૂ ? શેઠ કહે ઘોડો દોડાવવાના શોકી તો છેજ, સીમમાં આમ તેમ લપાટીઓ મૂકાવતા હશે, વાળુ કરીને ગયાછે એટલે શી ઉતાવળ છે. એમ વાતો કરતાં પોહોર થયો, રાજકુંવર આવ્યો નહિ, ને સાધુ તથા શેઠના મનને પણ ઉચાટ થવા લાગ્યો, ને રૂપસુંદરીએ આંસુપાત કરવા માંડયો. એ ત્રણ સાથીઓને લઈ રતનચંદ પંડે સોરઠી ભાગળની બહાર સીમમાં શોધવા ગયો, ને કેટલાંક માણસોને બીજે દરવાજે મોકલ્યાં. મધરાત્રે એ સર્વે નિરાશ થઈ પાછા આવ્યા. વનરાજ પૂરપાટ ઘોડો દોડાવતો જતો દેખનારા મળ્યા, પણ પાછો ફરેલો કે કયાં નીકળી ગયેલો એની ભાળ લાગી નહિ. રાજકુંવરની ગેરહાજરી વિષે અનેક કલ્પના ઊઠી. એકે ધાર્યું કે જંગલમાં ભીલરાજાને ગામ કદાપિ ગયા હશે. બીજો કહે વખતે સોરઠ ભણી ચાલ્યા હશે. ત્રીજો કહે બીજે ગામ જઈ ચડયા હશે તે પ્રભાતે પાછા ફરશે. સરકારના માણસોએ કે દાજીડાના ભાઈ ભાંડુએ ઝાલ્યાનો વહેમ કેટલાકના મનમાં હતો. રૂપસુંદરી રૂદન કરતી કહે મેં અભાગણીએ કુંવરને અંધારી રાત્રે જવા શાને દીધો ! એ નાદાનની જોડે આપણે પણ નાદાન થયાં. આટલાં વરસ આપત્તિ ભોગવી સુખનો દિવસ પાછો આવવાનો સમય નજીક આવ્યો ત્યારે આ શું થયું ? મારા કરમનો વાંક, બીજા કોને દોષ દઉં રે પ્રભુ ? કુંવરની રક્ષા કરજો. બીજે દહાડે એક ખેપીઆને ભીલને ગામ મોકલ્યો ને એક કાસદને સુરપાળ કને ખોળ કરવાને મોકલ્યો. રતનચંદનો ગુમાસ્તો ભાળ કાઢવાને પંચાસર ગયો.

વનરાજ નિત્ય ઘોડે ફરવા જતો તેથી વધારે દૂર ગયો. પોતાને અને ઘોડાને પરસેવો ઘણો થયો ત્યારે સાસખાવાને સ્થભ્યો. ઘોડેથી ઉતરી તેની પીઠ ઠોકી; આમ તેમ થાબડયો; તેના મોઢાનું ફીણુ લોહી નાંખી પગ વાળ્યા; થોડી વાર છૂટો મૂકી પંડે બેઠો. જરા થાક ઊતર્યા કેડે જેવો ઘોડે ચડવા જાયછે કે પાસેની ઝાડીમાંથી હાથમાં નાંગી તરવારવાળા પાંચ સવારોએ આવીને તેને ઘેર્યો. તેઓમાંનો એક ઊંચો

ને જાડો મોટો દૈત્ય જેવો હતો તે બોલ્યો ઠાકોર સવાર થાઓ ને અમારી હારે હીંડો, નહિતો તમારૂં માથું વાઢ્યું જાણજો. એ શબ્દોની સાથે ડાંબે હાથે તરવાર ઉગામી. બીજા સ્વારે તલવાર મીયાન કરી ભાલો તેની છાતીપર ધર્યો. વનરાજ મૂગે મોઢે ઘોડે ચડી તેમની જોડે ચાલ્યો તેને વચમાં રાખી બે સવાર આગળ ને બે પાછળ રહ્યા ને તેમનો નાયક એ પાંચેની મોખરે થયો. એ અનુક્રમે ઘોડા દોડાવી મૂકયા. મધરાતે દમ ખાવાને ઘડી ઊભા. અહીંએ કોઈ કોઈને સંભાષણ થયું નહિ. ચૂપ ઊભા ને ચૂપ ચાલવા માંડ્યું. આડે અવળે રસ્તે જતાં પાછલી રાત્રે પહાડની તળેટીના થડમાં આવ્યા. નાયકે ઊતરી વનરાજને કહ્યું ઠાકોર આ આપણું રેહાણુ છે, ઉતરો. વનરાજે ઉતરી આસપાસ જોયું તો ઘર કે ઝુપડું કે માણસની વસ્તીનું બીજું એકે ચિન્હ દીઠું નહિ. તેની આગળના બે સવારોએ ઉતરી ત્યાં ઘાસ ને પથરા પડ્યા હતા તે પગે પગે ખસેડી મોટું પાટીયું ઉઘાડ્યું. નીચે ભાંયરા જેવું જણાયું. અંદર ઊતરવાનો ઢાળ હતો પ્રથમ નાયક પોતાના ઘોડાની લગામ ઝાલી પાછળ દોરતો ઊતર્યો. તેની પછી વનરાજ અને સવારો તે પ્રમાણે ગયા. છેલ્લાએ ઢાંકણુ અંદર રહી વાસ્યું. એ વેળાં પરોઢ ફાટી સૂર્યનો પ્રકાશ થયો હતો; પણ ઢાંકણું વાસ્યા કેડે ઢાળના નીચલા છેડા સુધી જરાએ ઉજેડ જણાયો નહિ. ઢાળને તળીએ મોટો ઓરડો હતો તેમાં ઉપરના નળીઆમાંથી અજવાળું પડતું હતું. એ ઓરડાને ડાબે હાથે તબેલો હતો તેમાં ઘોડાને બાંધ્યા. એક લઠ્ઠ કોળીએ આવી છએ ઘોડાની ચાકરી કરી પાણી પાઈ ઘાસ નીર્યું ને દાણો ચડાવ્યો. જમણે પાસે બીજો ઓરડો હતો તેમાં એક ખાટલો પાથરેલો હતો ને તેની સામે મોટી શેતરંજી બીછાવેલી હતી. નાયક ખાટલા ઉપર જઈ બેઠો ને વનરાજને સોડે બેસાડ્યો. બાકીના શેતરંજી ઉપર બેઠા. એ ઓરડામાંએ ઝાંખું અજવાળું પડતું. ખરે બપોરે પણ કેટલાક ઓરડામાં તો દીવા રાખવા પડતા.

એક ડોશી દાતણુ ને પાણી ભરેલા લોટા લાવી. નાયકે અને બીજાઓએ લૂગડાં ઊતાર્યા, ને વનરાજનાં ઊતરાવ્યાં. પાસેના ઓ-

રડામાં મોરી હતી ત્યાં જઈ સર્વે દાતણુ કીધાં. દાતણુ કરીને પાછા આવ્યા એટલે પેલી ડોશી દરેકને માટે ભીના રોટલા ને તાજી છાશ લાવી. જમવા માંડયાની પૂર્વે ચોરોએ સૂરજની પૂજા કરી. વનરાજને ખાતાં ખાતાં નાયકે પૂછ્યું કે તમારૂં રાજ ક્યાં છે ? તમે પંડે ગાદી-પતિ છો કે હજી પિતા ગાદીએ છે ? એના સાચા ઉત્તર આપેથી તમારો છૂટકો વહેલો થશે." વનરાજે જવાબ દીધો કે સ્વર્ગવાસી રાજા જયશિખરનો હું કુટુંબી છું, ને બારવટું કરી ગુજરાન ચલાવુંછું. આ ઉત્તરથી ચોરોની આશા ભંગ થઈ. તેમણે ધાર્યું હતું કે આ કોઈ નગરીનો ધનવાન રાજા કે રાજકુમાર છે, ને એના છૂટકારાને બદલે મોટી રકમ મળશે ને તેથી ભવની ભાવટ ટળશે. લાખ બે લાખ ટકા મળે તો, આ પકડાયા, આ મુવા, એવી સદાની ધાસ્તીમાંથી છુટીએ, ને આ અંધારૂં ભોંયરૂં છોડી કોઈ દેશમાં જઇ જમીન ખરીદી વ-શીએ. તેમણે મસ ધન ભેગું કર્યું હતું, પણ તેમની ધારણા પ્રમાણે જોઇએ તેટલું થયું ન હતું. મોટો શિકાર શોધતા હતા તેવામાં વન-રાજ હાથ આવ્યો. તેને રાજવંશી છતાં બારવટીઓ જાણી ચોર નાઉમેદ થયા. પણ નાઉમેદી મોડે ન જણાવતાં નાયકે પૂછ્યું "ઠાકોર તમારૂં નામ શું ?" વનરાજ કહે મારૂં નામ ચાવડાજી, હું મારા મામાથી વછૂટો પડ્યોછું. નાયક કહે તેમ હશે, પણ અહીંથી તમને જવા દેવાના નથી. આ અમારૂં ગુપ્ત સ્થળ હજી સૂધી અમારા વિના બીજું કોઈ આદમી જાણતું નથી. અમારે સંતાવવાની જગ્યા જાણી તમે જાઓ તો અમે સદૈ સલામત રહી શકીએ નહિ, ને છાનું રાખવાનાં ગમે તેટલાં વચન આપો, પણ તે અમે માનીએ નહિ. જોઇએ તો તમે અમારામાં દાખલ થાઓ. વનરાજ કહે તો ઠીક છે, હું તમારી જોડે સામીલ થઈ ઉપયોગી થઈ પડીશ. પુષ્કળ ધન મળે એવાં ઠેકાણાં હું જાણુંછું. આપણા જીવ એક થશે ને મારો ભરોસો પડશે, પછી હું તમને ત્યાં લઈ જઇશ. હું નાની ઉ-મરમાં છું પણ કેવો વઢી શકુંછું તે પ્રસંગ આવે જોશો. મારી જોડે તમારા જેવા શૂરવીર ન હતા તેથી મારૂં કામ ઠીક ચાલતું નહિ. નાયક કહે તમે બહાદુર જોદ્ધા છો, એ તમારી આંખો ને મુખ

દર્શાવે છે. એમ વાતો કરતા રોટલા ખાઈ રહ્યા એટલે બદામ, દરાખ, ચારોળી, સૂકાં અંજીર ને સાકરે ભરેલો રૂપાનો થાળો પેલો કોળી લાવ્યો. એમાંથી સઘળાએ રૂચિ પ્રમાણે ખાધું.ત્યાર પછી સોનાની રકાબીમાં સોપારી, એળચી, લવેંગ, તજ, જાયફળ, ને જાવંત્રી ડોશીએ આપ્યાં, ને કોળી ગાંજાની ચલમો ભરી લાવ્યો, વનરાજે ગાંજો પીવાની ના પાડી. પાંચે ચોરે પોત પોતાની ચલમ પૂરી કરી. રાતના ઉજાગરા ને ગાંજાની નીશાની લહેરે કરીને ઊંઘ આવ્યાથી પથારી પાથરી તેઓ સૂઈ ગયા.

વનરાજ સૂતો પણ તેને નિદ્રા આવી નહિ. મા ઘેર ટળવળતી હશે, તે રોઈ રોઇને મરશે, મારા વિના તે કેમ જીવશે, એવા વિચારથી તે શોકાતુર થઈ ગયો. કઠણ છાતીનો છતાં તેનાં નેત્ર જળથી ભરાયાં. એક હાથ છાતીએ ને બીજો આંખે દઇ નીચું માથું કરી કહે "મારી માડી, ઓ મારી માડીરે; તારી શી વલે થઈ હશે! મારા અવિચારથી, મારી ઉન્મત્તાઇથી હું ફસાયો ને તને દુઃખમાં નાંખી. મારા વિના તું અન્ન પાણી લેવાની નથી એ હું જાણુંછું, ને તેથી હિમ્મત હારૂંછું." એવા વિચારથી તે ગમગીન થઈ ગયો. ઊઠીને પાણી પીધું ને ધીરજ આણી ધાર્યું કે સુરી ને રતનચંદ તેને ધૈર્ય આપશે. હું રાજપુત્ર છું, મારે હિંમત રાખવી ને આ દુંગાઓથી છૂટવાના ઉપાય શોધવા જોઇએ. મારી ભૂલ થઈ કે બહુ દૂર ઘોડો દોડાવી ગયો, પણ હવે થનાર હતું તે થયું. થયા પછી શોક કરે અર્થ સરવાનો નથી; હવે છૂટકો શી રીતે થશે તેનો મનસુબો કરવો ને લાગ જોવો. એમ વિચારી મન સાથે ગોઠવણ કરવા લાગ્યો; મન કાંઇક શાંત પડ્યાથી ઊંઘ્યો.

ત્રીજા પોહોરને સુમારે પાંચે ચોર અને છઠ્ઠો વનરાજ જાગ્યા. નાહાવાને ઊનું પાણી ચાકરે તૈયાર રાખ્યું હતું. કોળીએ નાયકને ચોળી મસળીને નવરાવ્યો; બીજા પોત પોતાની મેળે નાહ્યા. ડોસીએ ભાણાં પીરશી રાખ્યાં હતાં ત્યાં નાહીને બેઠા. રૂપાના ઘડામાં દારૂ ભરી મેલ્યો હતો તેમાંથી લોટીઓ ભરી ભરી પાંચે ચોરે પીધો. વનરાજે મદિરા પીવાની ઘણી ના કહી, તોપણ તેને હઠ કરીને થોડો

પાયો. પીવાની જોડે જમવાનું કામ ઉતાવળે ચાલ્યું. ખાઈ પીને ધરાયા ત્યારે ઊઠીને બીજા ઓરડામાં ગયા. અહીં તેઓ વાતે ચડ્યા. વનરાજને થોડો કેફ ચડ્યો હતો. ચોરો નિશામાં ચકચૂર બન્યા હતા, પણ છેક અસાવધ થયા ન હતા. વાતો કહેવા ને સાંભળવા જેટલું ભાન રહ્યું હતું. વનરાજ વિષે વાત નીકળતાં નાયકે પૂછ્યું, "ઠાકોર તમારે બારવટે કેમ નીકળવું પડ્યું? તમે તમારો હેવાલ કહો. પછી અમે દરેક અમારો હેવાલ કહીશું. કેટલાંક વરસ થયાં ભેગા રહી વાટપાડુનો ધંધો કરીએ છીએ, પણ એક એકના ઇતિહાસથી અજાણ્યા છીએ. અલ્યા બાયા, તમે ક્યાં જન્મ્યા, તમારાં માબાપ કોણ હતાં, અને આ ધંધો કેમ કરવા લાગ્યા એ બિના હું જાણતો નથી. જુવાનીમાં છતાં ઘરબાર છોડી આવ્યા છો તે જાણવા જોગ ખરૂં." વનરાજ કહે મારી હકીકત ટુંકી ને દુઃખદાયક છે. પંચાસરના યુદ્ધમાં રાજા ભૂવડની સામે વઢતા મારા પિતા રણમાં પડ્યા. એ વેળા હું અવતર્યો ન હતો પણ ગર્ભમાં હતો. મારા પૂર્વજોની ભૂમિ દેશના દુશ્મને ખૂંચવી લીધી. મારા કુળના સ્નેહીઓના આધારે મારી માએ દોહેલે દિવસ ગાળ્યા. હું સમજણો થયો ત્યારે તેણીએ મને મારા બાપના મોતની અને અમારી જમીન ગયાની વાત કહી. વાત કરતી વેળા તે રડતી ને તેથી મારા જીવને ઘણો ઊકળાટ થતો. મારા મિત્રોની સાહેતાથી મેં ઘોડો ને બખતર વેચાતાં લીધાં. બારવટું કરવા માંડ્યું તેવામાં તમારે હાથ આવ્યો. હવે તમારી મદદથી મારૂં કામ પાર પડશે. તમને સૌને મારી જમીન પાછી મળશે તેમાંથી ભાગ આપીશ. કામ કઠણ છે, શત્રુ જબરો છે, પણ મંડ્યા રહીશું તો પાર પડીશું.

નાયક કહે ભા ભાદર નદીને તીરે રેનપોરના રાજા વાનરસંધજીને સંતાન થાય નહિ. બે પેઢીથી એમ થતું આવ્યું હતું. વાનરસંધજીને ત્રણ રાણીઓ હતી, મેના, મોહીના, ને ભાસા. એ ત્રણે વાંઝણી હતી. વાનરસંધજીની પિતરાણી ભાભીએ મેણું માર્યું કે ગાદી તો અંતે મારો કુંવર ભોગવશે. આ વેણ મેના રાણીની છાતીમાં તીરની પેઠે વાગ્યું; કેટલેક દિવસે તેણીએ મોહીના રાણી જોડે મનસુબો

કરીને વાત ચલાવી કે મોહીનાને મહીના છે. ભાલા રાણી ત્રણેમાં વયે નાની હતી ને તેને હજી ગર્ભવંતી થવાની આશા હતી. મંત્રેલાં પાણી, દોરા, ચીઠી, ને સોઆણીનાં ઓસડીઆં હજી જારી હતાં. તેણીએ રાજાને જણાવ્યું કે આ કાવતરૂં છે, ને એથી મારે પેટે કુંવર અવતરે તેને નુકશાન છે, માટે તપાસ રાખવી કે દગલબાજી ના થાય. વાનરસંધજીમાં વાનરા જેટલી અકલ હતી. સંપીલી રાણીના કપટનો ભેદ તે પામી શક્યો નહિ; ભાલાને તેમની જોડે બનતું નહિ તેથી તેમની મેડીએ જવાનો, મળવાનો કે બોલવાનો વહેવાર ન હતો માટે તે નજરે જોઈ શકી નહિ, પણ તેની લુંડીઓ ને તેના પક્ષકારો છાની ખબર કાઢતા રહેતા. નવ માસ થઈ ગયલા છે, રાજા દરબાર ભરી બેઠો છે, ગુણકા નૃત કરી રહીછે તેવામાં "દો વધાઈ, રાજાજી દો વધાઈ, મોટી વધામણી લાવ્યા છીએ, ખુશી થાઓ, ખુશી થાઓ", એમ બોલતા એક આદમીએ આવી રાજાને નમસ્કાર કર્યો. રાજા કહે, કહે ખુશીના સમાચાર શા છે? આદમી કહે મહારાજ મોહીના રાણીને પેટે કુંવર અવતર્યા. એ સાંભળી રાજા બહુ હરાખાયો, ને આખી સભા એક સાદે બોલી કે "વાનરસંધજી મહારાજની જે." રાજાએ તે આદમીને સેલું પાગડી આપ્યાં.

આ ખબરથી ભાલા રાણીના હૃદયમાં ભલો વાગ્યો. સાચો સુત જન્મ્યો હોત તોપણ અદેખાઈથી દુઃખ લાગત; આ તો જૂઠો હતો તેથી તેને બમણું લાગ્યું. તેના બાતમીદરો વાત લાવ્યા કે ગામમાં ગંગા નામે મોચણ પખાલીવાડમાં રહેછે તેનો તરતનો જન્મેલો છોકરો વેચાતો લાવી મોહીનાને પ્રસવ થયાના વર્ત્તમાન રાજાને કહાવ્યા. એ બાતમી ભાલાએ રાજાને કહી, ને અરજ કરીને કહ્યું કે આપ પડે મોહીનાને મેહેલે જઈ જોશો તો જણાશે કે એણે જણ્યુંજ નથી. ગંગા મોચણને એકદમ પકડી મંગાવી પૂછો. વાનરસંધજી મોહીનાને મંદિર ગયા, ને મોચણને પકડી લાવવા જાસુસ મોકલ્યા. મોહીનાની પાસે મેના રાણી હતી. આજ આમ તજવીજ થવાની છે, એની તેને જાણ થઈ હતી ને તે પરથી તે-

ના સેવકોએ મોચણને એવી સંતાડી કે જાસુસોને તે જડી નહિ. મેનાએ વાનરસંઘજીને વાતમાં નાખી ભોળવ્યો ને મોહીના સૂતી હતી તે ઓરડામાં જવા દીધો નહિ. તે શાંત પડવા આવ્યો તેટલામાં નાઉમેદ થયલા જાસુસોએ પાછા આવી જાહેર કર્યું કે મોચણ હાથ લાગતી નથી. એથી રાજા કોપ્યો ને તેમને બહુ ખીજ્યો. રાજાનો પક્ષ કરી જાસુસોને ધમકાવી મેના કહે "જાઓ પીટયાઓ તમે કાંઈ કામના નથી, અહીંથી જાઓ, તમારાં મોડાં કાળાં કરો. હરામના પગાર ખાઓછો." જાસુસો ગયા કેડે મેના રાજાને પગે પડી કહે ક્ષમા કરો તો સાચી વાત કહું. રીસ કરો તો સ્ત્રી હત્યા ને બ્રહ્મ હત્યા બેસે એવા સોગન ખાઓ તો બોલું, નહિતો લો આ તમારે ખાંડે મારૂં માથું વાઢી નાખો, મારૂં મસ્તક તમારે ચરણે છે. રાજા કહે ઊઠો રાણી ક્રોધ નહિ કરૂં, કહો તેવા સોગન ખાઉં. રાજા શાંત થયલો જોઈ મેના કહે, "સ્વામીનાથ કુળની એબ શીદ ઉઘાડોછો. આમ કરેથી વિપરીત પરિણામ થશે, ઘરડાની લાજ જશે, ને રાજગાદી વેરીને હાથ જશે. સાચું બોલે મારી આપવાનું વચન દીધું છે તે પર ભરોસો રાખી કહુંછું, ને કહુંછું તે આપ જાણતા હશો કે મહારાજ પંડે તથા આપના પિતા"—એટલું બોલી મેના અટકી. રાજા કહે "કેમ અચકાણાં રાણી. બોલો બોલો, મારે કાને સહજ વાત આવેલી પણ હું પૂરી જાણતો નથી; મેં ક્ષમાનું વચન આપ્યું છે તે જૂઠું પડવાનું નથી." મેના કહે મહારાજ આપ ભરવાડના દીકરા છો, હમણાં જેમ મોહીના મેચણને લાવીછે તેમ આપને મારાં બાઇજીએ આણ્યા હતા, ને મારી વડસાસૂએ ગોલીના છૈયાને એજ રીતે આણ્યો હતો તે ગમારસંગજી આપની પહેલાં ગાદીએ હતા ને આપના બાપ કહેવાતા હતા." રાજા કહે એમ ચાલતું આવેલું છે કેમ ? મેના કહે હજી. ઘણા દરબારોમાં એમ બને છે. રાજા કહે, પરંતુ ભાલા હજી પચીશ વર્ષની છે, કેમ જાણ્યું એને કુમાર નહિ થાય ? મેના કહે "થશે ત્યારની વાત ત્યારે છે. તે વેળા બીજી તદબીર કરતાં નહિ આવડે શું ? આપનો ખરો કુંવર થશે તો તેને

મૂકી આ મોચીનો છોકરો આપની પાછળ ગાદીએ બેસે ને આપને પિંડદાન કરે એમ વળી થાય ? કદી ન થાય.” રાજા કહે એમ છે તો ઠીક, સાસૂએ ને વડસાસૂએ એ કામ અતિ છાનાં કર્યા હશે; તેની જાણ તૂમને કેમ થઈ ? મેના રાણી કહે “પરણ્યા પહેલાં પીએર હતી ત્યારથી જાણુંછું. કરનારને મન ગુપ્ત પણ જાણે આખું જગત. કાળાં કામ કરનારા ધારે કે કોઈ જાણતું નથી, પણ તે અંત સૂધી છાનાં રહેતાં નથી; મોડાં વહેલાં જાહેર થાયછે. પ્રગટ ન થવા દેવાનું મોટા અપરાધ કરે છે તોએ ખોટાં કર્મ ગુપ્ત રહેતાં નથી. વા વાત લઇ જાયછે.”

વાનરસંધજીનો ક્રોધ ઊતરી ગયાથી તેણે મોચણના વેચાતા આણેલા બાળક વિષે તજવીજની વાત વીસારી દીધી, ને તેનું નામ ચમારસંધજી પાડયું. નજર લાગવાનું બહાનું કાઢી મેના મોહોના તે છોકરાને કોઇને દેખાડે નહિ. બીજે વરસે બળીઆ આવવાથી તે મરી ગયો. પણ તે બીના કોઇના જાણવામાં ન આવવા દેતાં તેના જેવડા કુંભારના છૈયાને લાવી તેની જગાએ રાખ્યો. એ છોકરો પણ પાંચ વર્ષનો થઈ તાવથી મરણ પામ્યો. તેને પણ ગૂપચૂપ દટાવી તેના મરણની વાત છાની રાખી, મને આણ્યો. મારી મા દેવલી નામે કોલણ હતી, પણ મારો બાપ નાગર હતો. હું રૂપે નાગર જેવો ગોરો દીસુંછું તેનું કારણ એ, મા પાસેથી ગુપ્ત રીતે ખરીદ કરી મને રાજ મંદિરમાં લેઈ ગયા. અમે વાનરસંધજીના મૂલકના રહેનાર નહતાં, પર રાજ્યનાં હતાં. મેના મોહોનાના માણસ છોકરો વેચાતો લેવાને અમારા કસબામાં આવ્યા ત્યારે મારા બાપે મારી માને પટાવી ફોસલાવી મને વેચ્યો. મને વળાવતી વેળા તે ઘણું રડીને પાદર સૂધી મૂકવા આવી. મેં કહ્યું મા મને ક્યાં મોકલેછે? મને તારા વિના કેમ ગમશે ? હું તો નહિ જાઉં. એમ કહી તેને વળગી પડ્યો. મારી માને દયા આવી ને તે એક મજલ સૂધી જોડે આવી; રાત્રે મને ઊંઘતો મેલી ચાલી ગઈ. સવારે મેં તેને બહુ સંભારી. મારે રાજા નથી થવું, ઓ મા મને ઘેર તેડી જાં; એમ કહી મેં રૂદન કર્યું. મારૂં કલ્પાંત વ્યર્થ ગયું.

મેનાને ઓરડે દાખલ થયા પછી કેટલાક વખત સુધી હું ઘણો ઉદાસી રહ્યો. સારાં સારાં લુગડાં ઘરેણાં ને ખાવા પીવાનું આપે, નવાં નવાં રમકડાં આણે ને રમતમાં નાંખે. વરસેક થયું પણ હળ્યો નહિ, ને શોકથી સુકાઈ ગયો. મેનાએ મસ લાલચ આપી મારી માને તેડાવી. જેવી મા આવી તેવોજ હું તેને ભેટી પડ્યો. મારી માને તેણીએ નોકરીમાં રાખી. દરબારના ગોલામાં હું ઊછર્યો. મારા અંગની બહુ સંભાળ બંને રાણીઓએ લીધી. મને કોઈ રીતે દલગીર કરે નહિ. મને ભણાવવા રાખે તેને માર મારી કાઢી મૂકું. એક જાય ને બીજો આવે. કોઇને ટકવા દઊં નહિ. બંને રાણીઓ લાડ લડાવે. હું ભણ્યો ગણ્યો બિલકુલ નહિ ને શરીરે લઠ થયો. ઘોડા દોડાવતાં, અંગ કસરત, ને લાકડી પટા, તીર તાકતાં ને તરવાર ફેરવતાં શીખ્યો. ચાકરોને, અને ચાકરડીઓને, ને તેઓનાં છોકરાંને મારૂં, તેઓનાં માથાં ફોડું ને હાડકાં બાગું. પણ મને કોઈ પૂછે નહિ. જુગાર રમતાં પણ શીખ્યો. વાનરસંઘજીના તીલાટની મરજીની કોઈ સામે થઈ શકે નહિ. જેમ મોટો થયો તેમ વધારે મસ્ત અને પીડાકારી થયો. રૈયતને રંજાડું, પણ રાજા ફર્યાદ સાંભળે નહિ. હું ઉન્મત્ત થયો.

હવે મારી અવદશા બેઠી. બાલા રાણીને ૪૦મે વર્ષે ગર્ભ રહ્યો ને કુંવર અવતર્યો. મેના, મોહીના, ને હું મોટી ફીકરમાં પડ્યાં. એ કુંવર પોતાની પછી ગાદીનો ધણી કરવાની ગોઠવણ વાનરસંઘજીએ કરવા માંડી. એ અટકાવવાની કોશીશ મેના મોહીનાએ કરી, પણ તે ફોગટ ગયાથી તેમણે રાજાને વિખ ખવરાવ્યું. ઝેરની અસર પૂરી લાગી નહિ; દરબારના વૈદે તેને ઓકાવીને તથા બીજા ઉપાયોથી આરામ કર્યો. એવું બનાવાથી મેં મારા બાળ હરીફને મારી નાખવાનો મનસુબો કર્યો. બે સાથીઓને સાથે લઈ હું મધરાતે બાલાને મોહોલે ગયો. ચોકી પહેરો કરનારા સિપાઇઓએ અટકાવ્યા કે તરવાર ખેંચી એકનું માથું વાઢ્યું. રાજદરબારમાં આવે સમે જે થાયછે તેથી ચેતી બાલાના મિત્રોએ નિત્ય કરતાં વધારે સિપાઈ ત્યાં રાખ્યા હતા. એકનું માથું કપાતાં દેરડીની ઓરડીઓમાંથી

બીજા ધશી આવ્યા. મારા બે સાથીઓ ઘાયલ થઈ પડ્યા, ને હું જંગલમાં નાઠો. પાછળથી મને સમાચાર મળ્યા કે જખમાયલા મારા સાથીઓએ માની દીધું, ને ઝેર દેનાર મેના મોહીના હતી એ પણ સાબીત થયું. વાનરસંઘજીએ બેહુ રાણી તથા મારી ખરી માને ગઢમાં કેદ કરી, ને ચમારસંઘ જૂઠો કુંવર છે એમ પ્રગટ કરી ભાલાના કુંવરને વારસ નીમ્યો. ત્યારથી હું આ ધંધો કરૂંછું.

બીજો ચોર કહે મારૂં નામ રણજીતસંઘજી છે, ને મારો ઈતિહાસ ટૂંકો છે. હું રાજકુંવર છું. મારા બાપને બે રાણીઓ હતી. એમાંની નાની માનીતી અને મોટી પટરાણી અણમાનીતી હતી. પટરાણીને પેટે મારો જન્મ થયો. કુંવર અવતર્યો પણ મારી માનાં માન વધ્યાં નહિ. રાજા ખુશી થયો, પણ પેલી માનીતી ખેદ પામીને સદા રાજાના કાન ભંભેરતી રહે. હું પાંચ વરસનો થયો ત્યારે મારી ઓરમાન માએ કુંવર જણ્યો. પોતાના આ દીકરાને ગાદી અપાવવાને તે કાવતરાં કરવા લાગી. તેણે મારા બાપને કહ્યું કે મોટી રાણીનો કુંવર તમારો નથી. મારી મા કેવળ નિરપરાધી છતાં ભોળા રાજાએ એ જૂઠી વાત ખરી માનીને મારી માનું નાક કાપી તેને ને મને રાજમાંથી હાંકી કાઢ્યાં. મારો શાવકો ભાઈ બે વરસનો થઈ મરી ગયો, ને ત્રીજે વર્ષે રાજા પંડે ઊંચા ધાબા પરથી પડી મરણ પામ્યો. અફીણના કેફથી ડોલાં ખાતો ધારે ઊભો હતો તેવામાં મોટું ડોલણું આવ્યાથી પડી ગયો. ત્રીજે દહાડે તેણે દેહ છોડી. કામદારે અને રૈયતે મને ગાદીએ બેસાડવા માંડ્યો. પણ ભૂવડ રાજાના પ્રતિનિધિએ તેમ થવા દીધું નહિ. સ્વારની એક ટૂકડી મોકલી રાજ કબજે કર્યું. મારી મા ને ઓરમાન મા એક થઈ ગયાં ને ઉપરી મહારાજને અરજી કરી તેમાં ઓરમન માએ પોતાનું કપટ કબૂલ કર્યું, પણ સરકારે તેનાપર ભરૂંસો રાખ્યો નહિ, ને ઉત્તર મોકલ્યો કે "નકટીનો પુત્ર ખોટો છે એવું માજી રાજાએ ઠેરવ્યું છે તે બહાલ છે ને તેને ગાદી આપવામાં નહિ આવે." આ જવાબથી નિરાશ થઈ અમે ત્રણે માથાં કૂટી રહ્યાં. ઉમરે આવ્યા કેડે મેં ફરી મારા બાપનું રાજ મેળવવાનો પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો. મને

પકડી કેદ કરશે એવું જણાયાથી હું બહારવટે નીકળ્યો ને આ નાયકને મળ્યો. સ્વર્ગવાસી મહારાજાધિરાજ જયશિખરનો અમલ ગયો ત્યારથી આવા અન્યાય થાયછે. મારી મા તે મહારાજને વખાણી કહેતી કે તેઓ હોતતો દાદ મળ્યા વગર રહેત નહિ. તે મહારાજ રણમાં પડ્યા તેવારે તેમની રાણી રૂપસુંદરીને હમેલ હતા, ને ગુજરાતને સુભાગ્યે કુંવર અવતર્યા છે એવી વાત ચાલી હતી. હાલ એ રાણી તથા કુંવર ક્યાં છે, તેની કોઈને ખબર નથી. પ્રભુ તેમને સલામત રાખે. એ રાજકુંવર ઉપર મારી સઘળી આશાનો આધારછે.

ત્રીજો ચોર કહે મારૂં નામ શાંતિસાગર છે. મારાં માબાપ મને સાંભરતાં નથી, ને તેમનાં નામ હું જાણતો નથી. વીરવિજય નામે ગોરજીનો હું ચેલો છું. મને તેણે ચોરીને કે વેચાતો આણ્યો, કે હું તેની રાખેલીના પેટનો છું તે નક્કી કહી શકતો નથી; પણ મારી બાબતમાં કાંઈ કપટ હશે એમ ભાસે છે, કેમકે ઘણા વખત લગી તેણે મને સંતાડી રાખ્યો હતો. મફતનું, મઝાનું, અને તરેહ તરેહનું જમવાનું શ્રાવકોને ઘેરથી મળતું, ને મોજ મારતો. જતી બોલવે મીઠો ને સ્વભાવે માયાળુ હતો. મને તેણે ભણાવવા માંડ્યો, પણ હું એવો બુદ્ધિમાન હતો કે આજ ભણાવે તે કાલે ભૂલું. જુવાનીમાં આવ્યો ત્યારે ગુરૂજીએ મને દીક્ષા આપી જતી કર્યો. દીક્ષા લીધી તે દિવસનો ઠાઠમાઠ હજી હું વીસર્યો નથી. જાણે પરણવા જતો હોઉં તેમ મને શણગાર્યો. શ્રાવકોએ અતિ મૂલ્યવાન રત્નજડીત આભૂષણો તથા લપેટાનાં વસ્ત્રો મને પહેરાવ્યાં ને પાલખીમાં બેસાડી મારો વરઘોડો કહાડ્યો. સ્ત્રીઓ મારા દર્શન કરી મનમાં કહેતી કે વાહવા! મહારાજ કેવા દીપેછે! શી એમની સુંદર કાંતિ છે! મારે માથેથી વાળ ચુંપી કાઢ્યા તેવારે દરદ ઝાઝું થયું, પણ તેથી મારૂં મન સંસારમાંથી ઊઠ્યું નહિ. મને ત્યાગીનો વેશ ધારણ કરાવ્યો, પણ તેથી મારૂં મન ત્યાગી થયું નહિ. હું ખાઈપીને માતેલા સાંઢ જેવો મતબાલો બન્યો. જુગાર રમતાં ને ચોરી કરતાં શીખ્યો. જુગારના ભાઈબંધ બીજાં દુરાચરણોએ પણ જોડે આવી મારામાં વાસો કર્યો. વળી જંતર મંતર ને વસીકરણ વિદ્યા મને આવડેછે

એમ કહી દોરા ચીઠી મંત્રી આપી, તથા હથેળીના રેખાઓ જોઈ નસીબ કહી જુગાર રમવાને છાનાં નાણું મેળવતો, પણ તે પૂરાં પડતાં નહિ. એક વેળા મારા જુગારી સાથીઓએ ચોરીનો માલ સંતાડવા મને આપ્યો, પણ કમનસીબથી બીજે દહાડે તેઓ ઝલાયા ને માર નહિ સહેવાયાથી માની દીધું. દરબારના સિપાઈ મને પ-કડવાને આવ્યા ત્યાર પહેલાં તે વાતની મને મારા એક શ્રાવક મિત્રે ખબર કરી. તેણે અપાસરામાંથી ચોરીનો માલ ઊડાવ્યો, ને મને વેશ બદલાવી ઝટ પટ નગરમાંથી નસાડી મૂક્યો. પોતાના ધર્મની લાજ રાખવાને બીજા પ્રસંગોએ પણ મને શ્રાવકોએ એમ બચાવ્યો હતો. મારા ગુરૂએ પચીસ તોલાનો સોનાનો ઢાળકો મારાથી છાનો રાખ્યો હતો. તેને મન હું જાણતો નથી, પણ મારી નજર તે ઉપર પડી હતી, ને તે ચોરવાનો લાગ હું જોતો હતો. નાસતી વેળાએ એ ઢાળકાને મારી કંબરમાં બાંધી લીધો. નગરમાંથી નીકળી ઉતાવળી ચાલે હીંડયો. રસ્તાપર આવતાં ગામોમાં જવાની છાતી ચાલી નહિ. દશેક ગાઉપર નદી આવી ને સાંજ પડી. અહીં બેશી ખાવાનું જોડે લીધું હતું તે ખાધું ને પાણી પીને પોટલી માથા તળે મૂકી સૂતો. અંધારૂં થતાં કોઇએ મારા જમણા પગનો અંગૂઠો કરડયો તેથી હું ઝબકીને બેઠો. જેવો બેઠો તેવામાં બીજો આદમી મારી ગાંસડી લઈ નાઠો હું તેની પાછળ દોડ્યો. કેટલેક છેટે તે બેઉએ એકઠા મળી મને કુંદીપાક આપવા માંડ્યો. રૂથી ભરેલા ગદેલામાં જેમ ગોટીલા પડે તેમ ચરબીથી ભરેલા મારા વાંસામાં ધબાધબ મુક્કીઓ પડવા લાગી. મેં બૂમો પાડી કે ફડાફડ ગાલમાં તમાચા પડ્યા. મને લાગ્યું કે મારા બત્રીસે દાંત હવડાં નીકળી પડશે ને જીવ જશે. તે બન્ને સાહેબોની માફ માગી કરગરીને કહ્યું મને નામારો હું પણ તમા-રી પેઠે ચોર છું, તમારી ટોળીમાં મને દાખલ કરી જીવાડો. તેમણે મારી અરજ સાંભળી, ને હું તેમનામાં ભળ્યો. મને તેઓ પોતાને ગામ તેડી ગયા. તે ગામમાં વસનારા સર્વે ચોર હોવાથી સરકારે તેને બાળી ઊજડ કર્યું. એ વેળા એ બે ધારાળા તથા બીજા કેટ-લાક પકડાયા; હું મુશકેલીથી છટકી બચ્યો. ત્યાર પછી આ પ્રતાપી

ટોળીમાં સામિલ થયો. "

બાકીના બે ચોરોએ પોતાના હેવાલ કહ્યા. તેઓ બે ભાઈ હતા. બેની ઉમર સરખી હતી, પરંતુ તેઓ જોડે નહતા. તેમનો બાપ થોડાક ગામનો ધણી હતો. ઠાકોર એક દિવસે બે નારી પરણ્યા. બન્ને નારને સીમંત જોડે આવી, ને બેઉને એકે ઘડીએ કુંવર સાંપડ્યા. એ દહાડે ઠાકોરના સંતાપનાં અને તાલુકાના દુર્ભાગ્યનાં બીજ રોપાયાં. આરંભમાં તો સર્વે ખુશી થયા. માગણોને દાન મળ્યાં, ગામમાં તોરણ બંધાયાં, ઘેર ઘેર કંસાર રંધાયા, શિવાલયમાં મહાપૂજા થઈ ને દીપમાલ સળગી. કુંવરો મોટા થતા ગયા તેમ બેઉ ઠકરાળાં એક એકના કુંવરને મૂઠ, અનુષ્ઠાન, ટૂચકા, ને મેલી વિદ્યાના જોરથી મારી નંખાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. બન્ને ભાઇઓ કદી ભેગા બેશી જમે નહિ, ભેગા રમે નહિ, ને એક એકના શત્રુ હોય તેમ વર્તે. એવામાં ઠાકોરને ક્ષયી રોગ થયો. ઘણાંએ ઓસડ કર્યાં, બાધા રાખી, માનતા માની, જોશીઓના કહેવા પ્રમાણે ગ્રહોને રાજી કરવાને દાન આપ્યાં તે લઈ બ્રાહ્મણોએ આશીર્વાદ દીધા, પણ રોગ પાછો હઠ્યો નહિ. ઠાકોરના અંગમાં માત્ર હાડકાં ને ચામડાં રહ્યાં. પોતાના મરણ કેડે બે કુંવરો લડી ખરાબ થશે એ અદાપે ઠાકોરનો કાળ વહેલો આણ્યો. મરણ પહેલાં તેણે બેઉને સરખે ભાગે તાલુકો વહેંચી આપ્યો. તેની આંખો મીંચાયા પછી થોડે માસે બન્ને ભાઇઓ વચ્ચે સીમાડાની તકરાર ઊઠી. પોતપોતાની હઠ બેઉ મૂકે નહિ, ને કોઇના સમજાવ્યા સમજે નહિ. પોતપોતાની નાનીસી ફોજ લઇ યુદ્ધ કરવા લાગ્યા. એક એકનાં ગામ લૂટે, ખેતરાં ને ઘાસની ગંજીઓ બાળે, ને ઢોરાં વાળી જાય. એથી તાલુકો ઉજડ થવા લાગ્યો ને રૈયત નાસવા માંડ્યું. આ વરવાહની ખબર ઉપરી રાજાને થતાં તેના લશ્કરે આવી તાલુકો જપ્ત કર્યો ને બન્ને ભાઇઓને પકડી કેદ કર્યા. એક વરસ સુધી ભાંજઘડ ચાલ્યા પછી બેઉની પાસેથી દંડને પેટે એક એક ગામ લઈ તેમનો છૂટકો કર્યો. હજી જ્ઞાન નહિ આવ્યાથી ફરી લડવા લાગ્યા. પાસેના તાલુકાના ઠાકોરની કન્યાને પરણવાને બન્ને તૈયાર થયા. કન્યાના બાપે કોઈ ત્રીજા ઠાકોરને આ-

પવાની ગોઠવણ કરી, તે જાણી બન્ને ભાઇઓ તેનાં ગામ લૂંટવા લા-ગ્યા. એકે ઓચિંતા જઈ કન્યા જે ગઢમાં હતી તેને ઘેરી લીધો. બીજો તેની પાછળ જઈ યુદ્ધ માગવા લાગ્યો. લડાઇનું કારણ દૂર કરવાને બાપે કન્યાને વિષ દેવાનો મનસુબો કર્યો, પણ તે અ-મલમાં આવ્યાની પૂર્વે વહાર આવી પહોંચી. મહારાજાની સેનાએ આવી તેમને ઝાલ્યા, ને તેમનાં બધાં ગામ કબજે કર્યા. બેઉ ભાઇઓને જીવતા સુધી કિલ્લામાં કેદ રાખવાનો ઠરાવ થયો. બંદી-ખાનામાં તેમના ઉપર ઘણી સખ્તાઈ કરવામાં આવી તેથી બહુ કષ્ટ પામ્યા. ઘણુંએ રડ્યા ને પસ્તાયા. ખાવાને સુકા રોટલા ને મીઠું ને પીવાને પાણી વિના બીજું કાંઈ મળે નહિ. પહેરવાનાં લુગડાં ફાટી ગયાં ને ચીથરેહાલ થયા. ફરવા હરવાની છૂટ મળે નહિ. સો-મવારે એકવાર જમવાનું, અગીઆરસે એક જહનું ખજૂર મળે તેમાંથી લાવનાર અર્ધું ચોરે, ને શિવરાત્રીએ નકોરડો અપવાસ કરાવે. એથી દુબળા થઈ કેદમાં કેટલાંક વર્ષ સડ્યા. જેને હાથે પગે સોનાનાં કડાં સાંકળાં, કંઠે હીરાની કંઠીઓ ને મોતીના હાર હતા તેના અંગને ઢાંકવાને પૂરાં વસ્ત્ર ન રહ્યાં. જે દૂધ સાકર ને પકવાન જમતા તેને બાજરીના સુકા રોટલા કે જુવારની ઘેંસ મળતી. જુવો કર્મનાં ફળ! એક ભાઈ મસ માંદો પડ્યો; ઊઠાય નહિ ને ખવાય નહિ. એ વાતની ખબર બીજાને પડવાથી તેણે તેની ચાકરી કરવાને ગઢવીની રજા માગી, તે પરથી બેઉને એક કોટડીમાં જોડે રહેવા દીધા. પ-હેલા મળ્યા ત્યરે એક એકને કોટે વળગી બેઉ રોયા, ને કુસંપને ગાળો ભાંડી. સંભાળથી માંદાને આરામ થયો. આ સંપથી ગઢવીએ ખુશી થઈ તેમના પર માયા દર્શાવી ને દોરી ઢીલી મૂકી. થોડા વખત પછી એ ગઢવીનું મરણ થયું ને તેને ઠેકાણે બીજો આવ્યો. એણે પ્રથમ સખ્તાઈ કરી પણ તે ઝાઝીવાર ટકી નહિ. તે આળસુ અને કાળજી વગરનો હતો. તેની ગફલતથી સંપીલા બંધુઓને નાસવાનો લાગ મળ્યો. તેમનાં ગામો પર એવો જાપતો હતો કે તેઓ પ્રવેશ કરી શકયા નહિ. પાછા પકડાય નહિ માટે આ વનમાં ભરાઈ તેઓ આ ટોળીમાં ભળ્યા. એ બે ભાઇઓ અમે છીએ. સ્વર્ગવાસી મહારાજા

જયશિખરના કુંવરને રાજ મળે તો અમને અમારી ઠકરાત પાછી મળવાની આશા ખરી. ” વનરાજે નિસાસો મૂક્યો.

ખંડ ૨ જો.

નાયકની દોશી. સોની અને સંન્યાસી. શ્રીદેવીનું પકડાવવું.

બીજે દિવસે કઈ દિશાએ લૂટવા જવું તેનો વિચાર કરી સર્વે સુવાની તૈયારી કરી. વનરાજની ઉદાસી હજી ઉઠી નહતી, તેથી તેનું મન રંજન કરવાને તેને કોતરના બીજાં ઓરડા દેખાડવાને તથા પેલી ડોશી જોડે ઓળખાણ કરાવવાને નાયક તેડી ગયો. હાથમાં દીવા લઈ પ્રથમ કોઠારમાં લઈ ગયો ને અન્નાદિક ખોરાક ભર્યો હતો તે દેખાડ્યો. તેની પાસેના ઓરડામાં મોટો જબરો પટારો હતો તે બતાવી કહે આમાં અમારૂં દ્રવ્ય છે. એની કુંચી મારી મા પાસે રહેછે; ને અહીં સુવેછે. એમ વાતો કરેછે એટલે કોળીની જોડે ડોશી આવી. સુતા પહેલાં ઘરની તપાસ કરવા તે બેઉ નીકળ્યાં હતાં. એની જોડે નાયક ને વનરાજ સામિલ થયા. જુદા જુદા ઓરડા બતાવી નાયક કહે આ ગુફામાં પાંડવ સંતાઈ રહ્યા હતા. આ કમાનો અને થાંભલા તેમના કરાવેલા છે. તેમના પછી એમાં કોણ રહ્યું હશે તેની મને ખબર નથી. અમે રહેવા આવ્યા ત્યારે એ ભાંયરૂં ખાલી ને બહુ માઠી હાલતમાં હતું ઘણો ભાગ તો કચરાથી પૂરાઈ ગયો હતો. ચોમાસાનું પાણી ભરાય, ઝાડવાં ઉગે, ને જંગલ જનાવરોથી ભરપૂર, તેથી એમાં પેસવાની હામ કોઇની ચાલે નહિ. અમારી ટોળી બંધાયા પછી અમે ધોરી માર્ગોમાં અને ગામડાંમાં એવો ત્રાસ પાડ્યો કે લોક ત્રાહે ત્રાહે કરવા લાગ્યા. અમે પુષ્કળ ધન ભેગું કર્યું; પણ તે સાચવી રાખવાને ગુપ્ત સ્થળ મળે નહિ. સરકારના સિપાઈ અમારી પાછળ ખાઈપીને મંડ્યા ને ચારે તરફથી ઘેરવા લાગ્યા. જ્યાં એક રાત સૂઈએ ત્યાં બીજી રાત રહેવાય નહિ. અમે પણ તેમને પૂરા પડીએ એવા ખરા. તોપણ ઝંપીને બેસાય નહિ. છેલે અમને આ જગા જડી. એ બતાવનાર આ વિ-

આસુ હાકરડો છે. ઘણી મહેનતે એને રહેવા જોગ ચોખી કરી. અમે લૂંટવા જઇએ ત્યારે એને સોંપીને જઇએ. લૂટ મળે તેના સાત સરખા ભાગ કરી તેમાંથી એક એને આપીએ, બે હું લઉં, ને એક એક બાકીના ચાર લે. આ ડોશી મારી મા થાય. એનો પ્રાણ હું છું. રેનપુરથી હું નાઠો ત્યારથી એણે સુખ તજ્યું. સાચી મા ને જૂઠી મામાં કેટલો અંતર છે તે જુવો! હું જીવું છું કે મૂવો, મારૂં શું થયું તેની તેમણે ખબરે ના કાઢી. મને મળતાં સુધી આ મારી ખરી માની, મારી જનેતાની, આંખનાં આંસુ સુકાયાં નહિ. ગઢમાંથી કેવી ચતુરાઇથી નાઠી તે તો જુઓ. મારૂં પૂરૂં ચલણ હતું. ત્યારે મેં એને હીરા મોતીના દાગીના આપ્યા હતા, તેમાંનો એક નરક લઈ જનાર ભંગીને આપ્યો, ને તેના માટલામા બેઠી. ભંગીએ માટલું માથે મૂક્યું, ને નિત્ય નરક લઈ જતો તેમ એને લઈ બહાર આવ્યો. માટલું પહોળા મોહોનું હતું તોપણ તેમાં પેસવું બહુ કઠણ પડયું. ડોશી કહે ભાઈ એ મુશીબતની શી વાત કહું! માટલામાં પૂરી માઉં નહિ તેથી જેમ તેમ કરીને સંકોચાઇને બેઠી. તે ઉપર તાવડી ઢાંકી હતી તેથી ગુંગળાઉં; વળી બીકથી થરથર ધ્રુજું, ને તેથી માટલું ધ્રુજે. ઢેડને હસવું આવે, પકડાવવાની બીક લાગે, ને માથાનો ભાર સહેવાય નહિ. જો હાંલ્લું માથેથી પડે તો ફૂટે ને અ-મારા બેની ફજેતી ને મોત થાય. ગામના પાદર લગી તો એવી અવસ્થામાં આવ્યાં. અહીં ઢેડને ઠોકર વાગવાથી માથાપરનું માટલું ધબ લઈને નીચે પડયું. ખેતરોમાં કામ કરનારા લોક અ-ચંબો પામી કહે મીંઢાની કોઠીમાંથી બાણાસુરને ઘેર ઓખાબાઈ નીકળ્યાં તેમ આ પાદરે ઢેડના હાંલ્લામાંથી આ ડોશી નીકળી. એમ કહે ને હસે. હું તો ખૂબ ફૂટાઈ. ફૂટાઈ પણ અહીં રડવા બેસું તો મારી જાઉં, માટે તુરત ઊઠીને જંગલ ભણી નાઠી. નાસતાં નાસતાં રાત પડી અંધારૂં થયું. મારી નાખનારાં પશુઓથી બચવાને ઝાડે ચડવા માંડયું. પણ જેવી ચડું છું તેવોજ તેના પોલાણમાં ભરાઈ બેઠેલા સાપે ફુંફાડો કર્યો. હું ત્યાંથી જીવ લઇને ભાગી. રાત ગાળ-વાનો ઠામ શોધું, પણ જ્યાં જાઉં ત્યાં ભય લાગે. વાઘ ને સાવજની

ગર્જનાના ભણકારા પડે. મોટો અજગર વાટમાં પડ્યો હતો તે ઉપર પગ પડતાં ભડકીને દોડી, ને દોડતાં પડી ગઈ ને માથું ફૂટ્યું. જંગલમાં આખી રાત ભટકી. દી ઊગ્યો ત્યારે થાકીને બેઠી, ને ત્યાં ઊંઘી ગઈ. ભર ઊંઘમાં હતી તેવામાં ચાર ચોરો આવ્યા. તેમાંના બે જણે મારા ટાંટીઆ ઝાલીને મને ઘસડી એક મોટી ચાદરમાં નાખી, ને મારી ગાંસડી બાંધી. મુવા પેટ બળ્યા કહે અલ્યા ભાયા આ ડોશીને આપણી જોડે લો, રાંધી ખવડાવવાને ખપ લાગશે. મેં કહ્યું પીટ્યા જો છેડ્યા તો ચારેના પ્રાણ લઈશ; હું કોલણ છું ને ચારેને પૂરી પડું એવી છું. એમ કહી ગાંસડીમાંથી ગાળો ભાંડી ને છૂટવાનું કર્યું. એક ચોર કહે એ રાંડને જરા હલકી કરો કે બકબક કરતી રહે. એટલે બીજાએ ચાદર ખસેડી કામઠાના ઝપાટા ચોડી મારી ચામડીને ચટાપટા વાળી કરી. મેં રડીને માફ માગી, ને તેમની હારે જવું કબૂલ કર્યું. તેમને રાંધી જમાડું, ને તેમની જોડે ભટકું. એક દહાડે તેમણે એક સ્વારને મારી નાખી તેનો ઘોડો આણ્યો. રાત્રે થાક્યા પાક્યા હાર્યા ઊંઘતા હતા તેવારે એ ઘોડા ઉપર બેશી મેં ઘોડો દોડાવ્યો, ને વહાણું વાતાં પહેલાં ઘણા ગાઉ નીકળી ગઈ. વગડામાંથી નીકળી વસ્તીમાં આવી, ને ગામેગામ મારા આ દીકરાની ખોળ કરવા લાગી. ઘણા માસ રટણ કર્યું પણ ભાળ લાગી નહિ. અંતે ભરૂચમાં અમે મળ્યાં. માલ વેચવાને એ ત્યાં આવેલો ને હું પણ ત્યાં જઈ પહોંચેલી. વડા ચૌટામાં ભેગા થયાં. નજરે નજર મળતાં વારને એણે મને ઓળખી ને મેં એને ઓળખ્યો." મા દીકરાની ભેટ થયાની આ વાત સાંભળી વનરાજનું હૈયું ભરાઈ આવ્યું, પણ તે ન જણાવતાં તેને માટે પાથરેલે ખાટલે જઈ સૂતો. ત્રીજે દિવસે લૂંટવા જવાનો વિચાર હતો પણ ગયા નહિ. અળસાઈ ગયા તે પર નાયકે કહેવત કહી કે 'માગન ક્યુ આલસ કરે, તસ્કર જાય ન જાય, ચાકર બીચારા ક્યા કરે કે લુણ પરાયા ખાય.' આપણે કોઈના નોકર નથી, કોઈના તાબેદાર નથી. ખુશીમાં આવે તો જઈએ.

કેટલેક દહાડે પાંચ લૂંટારા અને છઠ્ઠો વનરાજ ઘોડે ચડી

કોતરને મથાળે આવ્યા. ડુંગરા, ખીણુ, ટીંબા, ટેકરા, ને ઝાડીઓમાં થઈ નદી નાળાં ઓળાંગી સવારના નીકળેલા પાછલે પોહોરે રાજમાર્ગની થડમાં આવી મોટાં ઝાડોને ઓથે સંતાઇને શિકારની વાટ જોતા ઊભા. તેમને ઘણી વાર ખોટી થવું પડ્યું નહિ. એક આદમી સાસ ભર્યો ચાલ્યો જતો હતો. હાથમાં નાગી તરવાર સાથે છએ જણા તેને વિંટળાઈ વળ્યા. આ ભયંકર દેખાવથી બીને થર થર કાંપતો ને ભાગુંતૂટું બોલતો તે કહે અલ્યા ભાઇઓ મારી કને કાંઈ નથી. કેડે એક ફંદેરો છે તે લો ને મને જવા દો. એક ચોરે કહ્યું, કહાડો એનું ધોતીયું. એમ બોલી ધક્કો માર્યો કે પેલો ગભરાયલો માણસ ભોંયે ઊંધો પડ્યો. તેનું પોતીયું ને પેટ છૂટી ગયાં. પોતીયું બગડ્યું, ને ઝાડાની સાથે સોનાનો ઢાળકો નીકળી પડ્યો. માણસનાં આંતરડાંમાંથી સોનું નીકળ્યું જોઈ લૂટારા અચંબો પામ્યા. શરીઆમ રસ્તા ઉપરથી ઊંચકી તેને વગડામાં લઈ ગયા તેથી પેલો આદમી વધારે ગાભરો થયો, ને તેને આખે અંગેથી પાણી છૂટવા લાગ્યું; ગભરાઈને તે બૂમો પાડવા લાગ્યો. એક ચોર કહે એના પેટમાં સોનું છે માટે પેટ ફાડી તે કાઢી લઇએ. બીજો તેને મ્હોડે ડુચો દેવા લાગ્યો. તે માણુસે જાણ્યું કે હવે મારૂં મોત આવ્યુંછે; આ હરામખોરો મારો જીવ લેશે, માટે સાચી વાત કહીશ તો કદાપિ જીવતો છુટીશ. હાથ જોડીને બોલ્યો કે અલ્યા ભાઇઓ મારૂં પેટ ચીરશો નહિ. મારે મ્હોડે ડુચો ન દો. હું ખરેખરૂં કહુંછું તે સાંભળો. એથી તમને લાભ થશે. હું સોની છું. મને ઝાલવાને મારી પાછળ બાવો આવેછે. એ સંન્યાસી કિમીઆગરછે. એણે ભોળા માણસોને છેતરી મસ ધન એકઠું કર્યુંછે. એ ધન એની લંગોટીમાં છે. ધુતવામાં હું તેનો સાથી અને ભાગીઓ થયો. મારા ભાગથી ન ધરાતાં એ છેતરનારને હું છેતરવા લાગ્યો. મારી સોડે ત્રાંબાનું સોનું થાય એવી જડીબુટ્ટીઓ અને પારસમણી છે, એવું તદબીરથી સમજાવી લોકનું દ્રવ્ય એ સાધુ હરણ કરવા લાગ્યો. સ્વામીની પાસે લોભીઆ આવી બેસે તેમને પ્રથમ પોતાના ગુંઠનું ખરચ કરી લાલચમાં નાખી વિશ્વાસ બેસાડે. 'જ્યાં લોભીઆ વસે

ત્યાં ધૂતારા ભૂખે ન મરે' આવાને અનેક કપટ આવડેછે. સોનું ગાળી આપવામાં અને તેના હીરા લઈ આપવામાં હું મદદ કરતો. આજે સોનું ગાળતાં તે સામો બેઠેલો છતાં આ ઢાળકો હું ગળી ગયો. પણ તેને ઠેકાણે ત્રાંબુ નાખતાં તેણે મને પકડ્યો, ને લડાઈ થઈ. હું નાઠો પણ પાપે મને ઘેર્યો. ભાઈ સાહેબો મને જીવતો જવા દો. એ સંન્યાસી મારી કેડે પડ્યો છે તે હવડાં આવી પહોંચશે; તેની ઝોળી ને લંગોટીમાંથી તમને સારો માલ હાથ લાગશે. મારે એ જોગી જોડે માયા થયલી તેથી કશી વાત મારાથી તે છાની રાખે નહિ. રાત્રે વામમાર્ગની દીક્ષા સેવકોને આપે, ને દિવસે ગુરૂ દત્તાત્રીનો અનુચર કહેવડાવે. લોભીઆ જોડે એકાંતમાં પારસમણીની વાતો કરે; વાંઝણીને છોકરાંની અને ધણીની અણમાનીતીને વસીકરણની લાલચમાં નાંખે; વહેમીને ભિન્ન ભિન્ન દેવદેવીઓનાં અનુષ્ઠાન બતાવે, અને બીજા અનેક ઢોંગ કરે. એવો એ વેશ ધારી સંન્યાસી છે. મારા ઉપર પૂરો ભરોસો રાખી સોના અને રત્ન સંબંધીનું સઘળું કામ મને સોંપે, ને તેથી મારૂં કામ થાય. પણ હવે શા કામનું? તમારાથી જીવતો છુટીશ તો ભોગવીશ કેની ?

એક ચોર કહે અલ્યા સોની તારૂં નામ શું? તું બડો વિશ્વાસઘાતી દેખું. તું ડર ના. એ જોગટો પકડાશે તો તને છોડીશું. સોની કહે વારૂ બાપજી, મને મારનાર ને જીવાડનાર તમેજ છો. મારૂં નામ અચરતલાલ. એકે એક સોની ચોર એ નક્કી માનજો. ઘડામણ તો નામની કમાઈ, ઘરાકનું સોનું રૂપું ચોરીએ તો રળીએ. સગી બેનને કે પેટની દીકરીને માટે તેને સાસરે આપવાના ઘાટ ઘડે તેમાંથી પણ સોની બચ્ચો ચોરે તો બીજા કોને છોડે? દીકરાની વહુનું કે પોતાની બાયડીનું ઘરાણું ઘડે તે પોતાની મિલકત ને પોતાને હાથ રહેવાનું માટે તેમાંથી માત્ર ન ચોરે, બાકી બધામાંથી ચોરે. નહિ ચોરવાના ગમે એવા સમ ખાય પણ તે જૂઠા, કદી માનવા નહિ. સોનું ચોરવું એ મહા પાતક છે, પણ તે માનતા નથી ને ડરતા નથી. પરમેશ્વરથીએ બીએ નહિ તો રાજાનો ભો તેમને શાનો? મારો ભાઈ હીરો સોની સોનું રૂપું ચોરી પૈસે ટકે તાજો થયા પછી

કાશી ને ગોકુળ મથુરાંની જાત્રા સહકુટુંબ ગયો. જતી વેળા એક ઘરાકને પૂછયું કે સાહેબ કાશીએ જઈ ગંગામાં નાહી શું વર્જું ? ઘરાકે કહ્યું સોનું ચોરવાનું વર્જજે. સોની કહે ના ભાઈ સાહેબ, એ વિના બીજું જે કહો તે વર્જુ. પણ જુવો તેની શી ગત થઈ! હીરો, હીરાની બાયડી ને છોકરો પાછાં ઘેર આવવા પામ્યાં નહિ, માર્ગમ મરી ગયાં. એમ આ દુનિયામાં પણ વખતે શિક્ષા થતી જાયછે, તથાપિ સોનીઓ બીતા નથી. આ જગત્માંજ ખરૂં પારખું બધાને જણાતું હોય તો ડરે ખરા. પુણ્યદાન, જાત્રા, પોખાત્રા, દેવ દર્શન વગેરેથી ભગવાન છેતરાઈ માફ કરશે એમ ધારી પાપ કર્યા જાય છે. મારા પાપનો ઘડો તો આજ ફુટયો."

પોતે ગુજરાતનો રાજા નક્કી થવાનો છે એવું માની જુવાન વનરાજ આ સર્વ વાતો લક્ષ દઈ સાંભળે છે, ને પોતાના દિલમાં ગાંઠ બાંધે છે. લૂંટારૂ ટોળી સંન્યાસીની રાહ જોતી સોનીનું સુબોધકારી ભાષણ સાંભળે છે એવામાં તેને આવતો દીઠો. પોતાની હોંશ દેખાડવાને તથા પોતાપર ચોરોનો ભરોંસો બેસાડવાને વનરાજ જોગી ઉપર પહેલો ધસ્યો. તેને અટકાવી કહે સ્વામી તમારી કને માલમતા છે તે મને આપી દો, ત્યાગીને એનો ખપ નથી. સંન્યાસી કહે "બેટા તું હજી કેવળ તરૂણાવસ્થામાં છે, હજી તો ઊગેછે. અત્યારમાં આ કર્મ કરવા શીદ માંડ્યાં છે! તારી કાંતિપરથી તું રાજવંશી હોય એમ જણાય છે. તારે તો સાધુજન અને ગોબ્રાહ્મણ પ્રતિપાળ થવું જોઇએ. તારો ધર્મ તો રક્ષણ કરવાનો છે. બચ્ચા, તું લૂંટારો કેમ થયો ? તારો આત્મા નરકે જશે; તું પાપના ખાડામાં ન પડ; સરકારના હાથમાં પકડાઇશ તો માર્યો જઇશ, બેટા." વનરાજ કહે 'જોગટા બક બક કરતો રહે, ને તારી સોડે છે તે છાનો માનો આપી દે નહિતો તારૂં મોત આવ્યું છે; આ ઘડી તારો પ્રાણ જશે. તારો ઉપદેશ મને આ વેળા નથી જોઇતો, તારૂં દ્રવ્ય જોઇએ છે.' બાવાજી કહે બેટા હું વેરાગી છું, હું સંન્યાસી છું, મારી કને ધન કયાંથી ? ભિક્ષાન્ દેહિ કહિ ભોજન માગું છું, ને નમોનારાયણ કહે તેને આશીર્વાદ દઉંછું. ભગવાં વસ્ત્ર પહેરી દ્રવ્ય રાખવાની મને

શી જરૂર છે ! એમ કહેતો હતો તેવામાં વનરાજના સાથીઓએ આવી તેને ઝાલ્યો. આ લાગ જોઈ સોની ત્યાંથી સટકી ગયો. એક ચોરે સંન્યાસીનો ટોટો ઝાલી થડા થડ લાપટો મારી તેને અકળાવ્યો. બીજાએ તેની ખાંધેથી ઝોળી કાઢી લીધી. ત્રીજાએ તેને પોતાની બાથમાં ઝાલ્યો, ને ચોથાએ તેની લંગોટી છોડીને તેમાંની કોથળી હરણ કરી તેના હાથમાં દંડ હતો તે વનરાજે લઈ લીધો. તે પાછો આપવાને જોગીએ બહુ કાલાવાલા કર્યા, પણ વનરાજે આપ્યો નહિ. એ લૂંટ લેઈ પાછા સ્વાર થયા ને સર્વે વગડામાં જતા રહ્યા. સંન્યાસી રોતો કકળતો, માથાં કૂટતો, લૂંટારાને ગાળો દેતો, ને સોનીને શાપતો પાછો ફર્યો.

વખતે એક બે રાત ભરાઈ રહેવાની ગુપ્ત જગા દૂરના ડુંગરામાં હતી ત્યાં જઈ ચોરોએ લૂંટેલો માલ તપાસ્યો. ઝોળીમાંથી તો ધાર્યા પ્રમાણે નીકળ્યું નહિ. જડીબુટ્ટી ને માત્રાની દાબડીઓ, દેવીનો જંત્ર, ગાંજાનું પડીકું ને ચલમ, લોઢાનું કડું, થોડું ત્રાંબા નાણું, મદિરા ભરેલી બે સીસીઓ, અંગુછો, સાડી ને બે કોર વગરનાં ભગવાં ધોતીઆં તેમાં હતાં. લંગોટીમાંથી લીધેલી સાંકડી ને લાંબી થેલીમાં સોનૈયા ભર્યા હતા, પણ તેથી વધારે મતા લાકડીમાંથી હાથ લાગી. તે પોલી હતી. તેને ભાંગી તો તેમાંથી ભારે મૂલનાં મણી, પાનાદિક રત્નો નીકળ્યાં. એ જોઈ ચોરોએ વનરાજને ઘણી સાબાશી દીધી. નાયક કહે બાવાની લાકડીમાં ધન હશે એ અમારા ધારવામાં ન હતું; અમે એ લેત નહિ. હજારો દામનો માલ હાકોર તમે હતા તો મળ્યો. એ ઠગારાને તમે ઠીક મળ્યા. અમને છેતરી જાત. વનરાજ કહે 'એણે ઘણાને ધૂતી આ ધન ભેગું કર્યું હતું. એને લૂંટ્યો એમાં ઝાઝો અન્યાય થયો કહેવાય નહિ. 'વાણીઓ સાંચે પળી પળી ને રામ લડાવે કુપ્પા' તેવું થયું છે. ઘી વેચનાર વાણીઓ ઘરાકને ઘી આપે તેમાંથી પળી પળી ચોરી એકઠું કરે. એ ચોરેલા ઘીથી ગાડવો ભર્યો એટલે અથડાવાથી ફૂટ્યો ને સઘળું ઘી કાદવમાં ઢળ્યું. તેમ આ સંન્યાસીને ઠીક સજા થઈ. સોનીએ લુચ્ચો

છે. એની ખબર પણ લેવી જોઇએ.' નાયક કહે 'લાગ આવે તેને પેર મળવા જઇશું. આજ તો થાકયા છીએ તેથી અહીં મુકામ કરીશું.'

સોની અને સંન્યાસી થાણામાં જઈ ફોજદારને જાહેર કરે ને તે ૫રથી સરકારના સ્વાર ખોળ કરવા નીકળે એવી ધાસ્તી લાગવાથી આ ચોરની ટોળી પાછલી રાત્રે ઊપડી દેશના બીજા ભાગમાં ગઈ. બપોરે રોટલા કરી ખાવાને એક તળાવ કને ઊતર્યા. વડના વૃક્ષની શીતળ છાયા તળે ઘોડા છોડી દાણો ચડાવ્યો ને ઘાસ કાપી લાવી નાખી એક પહોરમાં ઘરવારીને બેઠા વાતો કરેછે તેવામાં દૂરથી આવતો ઘૂઘરમાળનો રણકો નાયકને કાને પડ્યો. ઝટ ઊઠી ઝાડે ચઢી જોયું તો મસ છેટે તેણે એક પાલખી, એક વહેલ, કેટલાંક ઊંટ, ઘોડાં, અને પાળા આવતાં દીઠાં. તે હરખાઈને બોલ્યો અલ્યા જુવાનો સારો લાગ છે; ઊઠો તૈયાર થાઓ, આદમી આપણાથી વધારે છે પણ વાણીઆ જણાયછે એટલે ચિંતા નહિ. આ હાકોરનાં પગલાં સેહેલ ખરાં. એમ કહી હેઠે ઉતર્યા. ઝટપટ સજ થઇ ઘોડા ઉપર સામાન માંડી ચોર ઊભા. નાયક કહે ભાયા પથરા વીણી એકેકું પોટલું સોડે રાખો, કામ આવશે. પથરા શા વાસ્તે રખાવેછે તે વનરાજથી સમજાયું નહિ, તોપણ તેણે નાયકના હુકમ પ્રમાણે ખોળામાં પથરા ભર્યા. ટોળીને લઈ નાયક પેલા માણસોને આવવાના રસ્તાની જમણી બાજુએ કેટલેક અંતરે ઊભો રહ્યો. એમને જોઈ વાણીઆ ચેત્યા કે આ વાટપાડુ લુંટારા છે. ધોતીઆં ઢીલાં થઈ ગયાં ને બિચારા હાંફવા ને ગભરાવા લાગ્યા. થોડી હિમ્મત લાવી એક જુવાન વાણીઓ કહે એ સાળા શું કરનાર છે, આપણી હારે સિપાઇઓ છે તે એ લુચ્ચાઓને વાઢી નાખશે. અલ્યા ઠાકોરો ભાગશો નહિ. લડજો; એ ચોરના તમારી આગળ ભાર શા છે! એક રખવાળ કહે શેઠજી ડરશો મા, અમારી દેહમાં પ્રાણછે ત્યાં સુધી તમારો વાળ પણ વાંકો થવા નહિ દઈએ. જુવાન વાણીઓ કહે ઠાકોર મને પણ જરા લડવાનો શોખ છે, પણ શું કરૂં હથીઆર ન મળે. રખવાળ કહે એમ કે, તો લો આ ભાલો ઝાલો ને

આવો અમારી જોડે હાંડો. એ સાંભળી તે વાણીઆનો ડોસો કહે આવ્યા બેસને, જાણી તારી જુવામરદી !"

એમ વાતો કરેછે તેવામાં ધબાધબ પથરા ઉપર પથરા વેહેલના ઘુમટને અથડાવા લાગ્યા. બિચારા વાણીઆભાઈનાં ધોતીઆં છૂટી ગયાં. એક ઢેપું પાલખી ઊંચકનારા ભોઇમાંના એકના લલાટે એવા જોરથી વાગ્યું કે તમર ખાઈ તે નીચે પડ્યો. એમ થતાં બીજા ભોઈ પાલખી મૂકી નાશી ગયા, પણ રખવાળો પાલખીની આગળ આવી ઊભા, ને તીરો ફેંકવા મંડ્યા. એક ચોરનું કપાળ તીરથી ફટ્યું ને તે મુવો. તેને પડતો જોઈ બાકીના ધશી આવ્યા. રખવાળના ઉપરીનું માથું વઢાયું કે બાકીના નાઠા તેમની જોડે ઊંટે અને ઘોડે બેઠેલા આદમી નાઠા. વહેલમાં બેઠેલા વાણીઆ તો ત્યાર પહેલાં પલાયન કરી ગયા હતા. પાલખામાં મૂર્છિત પડેલી જુવાન સ્ત્રી અને ચોરો વિના બીજું માણસ હવે ત્યાં રહ્યું નહિ. નાયક પાલખીની પાસે જઈ ઊભો, ને નારીની સુંદર કાંતિ જોઈ મોહ પામ્યો. બાઈને અંગે હીરાના હાર, મોતીની માળા, જડાવ કડાં, વગેરે મસ જેવર હતું ને જોડે સુનૈયાની કોથળી હતી. વનરાજે વહેલ તપાશી પણ તેમાંથી કાંઇ જડયું નહિ. બાઇને જાગ્રત કરવાને ચોરો પ્રયત્ન કરવા લાગ્યા. તળાવે જઇ વનરાજે પાણી આણ્યું, ને તેના મુખ ઉપર છાંટ્યું તથા વા નાખ્યો તેથી આંખ ઉઘાડી તે બેઠી થઈ. ચોરોને જોઈ પાછી અચેત થઈ પડી. નાયક કહે હવે અહીં ખોટી થવું નહિ. એજ અવસ્થામાં એ બાઇને હું મારા ઘોડાપર બેસાડી લઇશ. આપણે મુકામે એ સાજી થશે. પેલા ધોરી બળદ ભારે મૂલના છે તે છોડી જોડે લ્યો, ને પાલખી તથા વહેલને સળગાવી દો. તેના ધારાળા સાથીઓએ તેમ કર્યું.

ત્યાંથી તેઓ પોતાના મુકામ ભણી ચાલ્યા. બે દિવસ વગડાની વાટે ચાલી ત્રીજે દહાડે વહાણે વાગે તેઓ પોતાના ભોંયરામાં પેઠા. એ વખત સુધી પેલી સ્ત્રીએ મ્હોમાં અન્ન કે જળ મૂક્યું નહિ, ને તે રડતી રહી નહિ. તેનું મન શાંત કરવાને ચોરોએ બહુ સમજાવી, પણ તેમનું બોલવું જરાએ કાને ધર્યું નહિ. હે પ્રભુ! હે

પ્રભુ ! હે ભગવાન ! એ વિના બીજા શબ્દો બોલતી નહિ, ને પ્રાણ ત્યાગ કરવાનો લાગ શોધતી. કોઇની સામે નજર ન કરે, મીઠા વચનથી. કે ધમકીથી ડગે નહિ. ભોંયરામાં ઊતરતાં વારને મોટી ચીસ પાડી નીચે ઢળી. દાંત બંધાઈ ગયા ને ડોળા ઊંચે ચડ્યા. ચોરોએ વહેલી વહેલી તેને ખાટલા ઉપર સુવાડીને મ્હો ઉપર પાણી છાંટીવા નાંખ્યો. હવે તે જીવશે નહિ એમ તેમને ભાસ્યું. નાયકની ડોશી કહે હવે તમે સૌ એનાથી દૂર રહો; એને છેડશો નહિ. એ પોતાની મેળે ચેતનમાં આવશે ત્યારે હું એનું મન સમાધાન કરીશ. વનરાજ વિના બીજા ખસી ગયા. તેને બાઈ ઉપર બહુ દયા આવી. ઘડી બેએક ડોશી ને તે તેની પાસે બેઠાં. ચૂલા ઉપર દાળ દાઝ્યાની ગંધ આવ્યાથી ડોશી રસોડામાં ગઈ તેવામાં પેલી સ્ત્રીને ભાન આવ્યું. વનરાજે તેને એકાંત જોઈ સમજાવી કે હું તને તારે ઘેર આબરૂસર પહોંચતી કરીશ; હું પણ તારી પેઠે પકડાયલોછું. સ્ત્રીએ એટલી વાત સાંભળી નિશ્વાસ મૂક્યો. વનરાજે કહ્યું હું મારી છાની વાત વગ મળે કહીશ, પણ હાલ તારે આત્મહત્યા કરવી નહિ. માંદી રહ્યાનું બાનું કાઢજે, પણ થોડું જમજે ખરી. એમ તેને કહેછે એટલે ડોશી પાછી આવી. તેણે આસનાવાસના કરી પાણી પાયું ને બેઠી કરી. સ્ત્રી કહે મને તાઢ વાગછે માટે ઓરાડો. ડોશી કહે તો તો ઠીક બાઈ હવણાં તમે સૂઈ રહો, જમવા વખત ઉઠાડીશ. શોકથી તેને ભૂખ પૂરી લાગે નહિ, ને રૂચિવિના થોડું જમે તેથી બાઈ નબળી પડી ગઈ, ને ખરેખરી માંદી પડી.

કેટલેક દહાડે ચોરોએ લૂંટમાં આણેલા ધોરી બળદની જોડને તથા હીરાને વેચવા જવાનો મનસુબો કર્યો, ને ડોશીએ તેમને ચાર દિવસનું ભાથું કરી આપ્યું. કાંઈ યુક્તિથી એની જોડે ન જતાં પાછળ રહેવાની ધારણા કરી વનરાજે નીકળતી વેળાએ એકાએક માંદો થયાનો ઢોંગ કર્યો. સર્વે સજ થઈ ઘોડે ચડેછે તેવામાં તેણે દુખિયારે મુંખે નાયકને કહ્યું કે મારા પેટમાં કકળી આવ્યુંછે હું ખરચુ જઈ આવું એમ કહી કપડાં ઉતાર્યાં. જતાં જતાં ધીબ લઈને પડી ગયો, ને મોટેથી ઠુંઠ્વાડા મારવા લાગ્યો. ચોરો પાસે આવી ખમા ખમા

બોલ્યા. એક કહે એની છાતીએ કરમનો કુચારો આવ્યો છે; બીજો કહે વાનો ગોળો હોય. ડોશીએ હીંગ ગળાવી, મરી પાયાં, ને કાચકાં ફુકાવ્યાં, પણ વનરાજને ફેર પડ્યો નહિ. ડોશી કહે એને ડામો. પેટે ત્રણ આંકા પાડીશ કે આ ઘડી સાજો થશે. એમ કહી તવેથો તપાવવા ગઈ. વનરાજે જોયું કે આ તો કમ્બખ્તી મળી. પેટે ડામ દે તે કેમ ખમાય! ડોશી પાછી આવી તે પહેલાં બેઠો થયો ને ધ્રુજવા લાગ્યો. નાયકને કહે હવે દરદ ઓછું થયું, માજીને કહો કે મને ડામે નહિ, આમ મને કોઈ કોઇવાર થાયછે ને એક બે દહાડે મટી જાયછે. મને તાવ ભરાશે એવું લાગેછે, મને ગોદડું ઓઢીને સુવાડો. નાયકે ડોશીને પાછી બોલાવી ને વનરાજને ખાટલે સુવાડી ગોદડું ઓરાડ્યું. ડોશી કહે એને અહીં રહેવા દો, બળદ વેચવાછે તેમાં એનું શું કામ છે? નાયકે પૂછ્યું કેમ ઠાકોર, અમે જઈએ? વનરાજે દાંત કકડાવતાં કહ્યું ઠી ઠી ઠી ઠીક છે? પાછલી રાત્રે ચાર ચોર ને તેમનો કોળી ચાકર ભોંયરા બહાર નીકળ્યા પછી તેમના ઓરડા વાશી તાળું અડકાવી કુંચીનો ઝુમખો કેડે ખોશી ડોશી વનરાજ પાસે આવી બેઠી. વનરાજ કહે માજી હવે તાઢ ઓછી થવા આવીછે, તમને ભાચું કરતાં આખી રાતનો ઉજાગરો થયોછે ને વળી થાક્યાં હશો માટે જાઓ સૂઈ જાઓ, બે ઘડી ઉંઘો. ચાર ઘડી હું નિરાંતે સુઈશ એટલે મને મટશે. ડોશી કહે તો ઠીક દીકરા.

ડોશીની આંખો મળી ને તે ઘોરવા લાગી એટલે વનરાજ ઉઠી પેલી બાઈની પાસે ગયો. તેને મસ ધીરજ આપી, પોતાનો હેવાલ ટુંકામાં કહ્યો ને તેની જોડે નાસવાનો મનસુબો કર્યો. બાઈ કહે મારૂં નામ શ્રીદેવી છે, હું તમારો ઉપકાર કદી ભૂલીશ નહિ. મારા પિતા તથા સસરા મોટા લક્ષ્મીવંતા છે. તેઓ તમને સાહે કરશે. મને ઘોડે બેસતાં આવડતું નથી, દોડી જવા જેટલું મારામાં બળ નથી. હું તો નાસતાં પકડાઈ જઈશ. વનરાજ કહે બેન તમે ચિંતા ના કરો, હું તમને મારા ઘોડા ઉપર બેસાડીને લઈ જઈશ. આ આફતમાં એમ કર્યા વિના છૂટકો નથી. મને તમારો ભાઈ ગણજો ને મનમાં કાંઈ બીક રાખશો નહિ. શ્રીદેવી કહે ભાઈ મારી લાજ તમારે હાથ

છે. મારૂં પતિવ્રત ભંગ ન થાય એમ બચાવશો તો જીવીશ. આ પીટયા ચોરના ઘરમાં સાવકારની દીકરીથી ના રહેવાય. હું તો આત્મઘાત કરીશ. મારૂં ઘર શ્રીમાલપુરમાં છે ત્યાં મને પહોંચાડો.

નાયિકની ડોશીને પૂર ઊંઘમાં જોઈ વનરાજે તેના હાથ પગ બાંધી તેની કેડેથી કૂંચીઓ કાઢી લીધી. વનરાજે બાંધવા માંડી તેવી જાગી ને ઊઠવાનું કર્યું. શ્રીદેવીએ તેના પગ ઝાલી રાખ્યા. ડોશી તો ગાળો ભાંડે, પછાડા મારે ને ડાક્યાં ભરવા જાય. વનરાજ કહે રંડી તારા મોઢામાં દાંત નથી, તું કેમ કરડી શકીશ. શ્રીદેવીના હાથમાંથી પગ છોડવી ડોશીએ તેને લાત મારી આઘી ઉડાવી; પણ વનરાજ જોડે તેનું ચાલ્યું નહિ. ઊંધી નાખી પાછળથી તેના હાથ બાંધ્યા ને ખાટલાની ઈસ સાથે તેના પગ સીકડ્યા. ડોશી મોટા બરાડા પાડે ને બેઉને ગાળો દે. વનરાજે પટારો ઉઘાડી સોનૈયા તથા દાગીના હતા તે લીધા, ને શ્રીદેવીએ ખાવાનાની પોટલી બાંધી. વનરાજે બહારનું બારણું ઉઘાડી પોતાનો ઘોડો બહાર કહાડ્યો, અને તે ઉપર શ્રીદેવીને પ્રથમ બેસાડી તેની આગળ પોતે બેઠો. જે દિશામાં ચોરનાં પગલાં જતાં જણાયાં તેની સામી દિશાએ અશ્વ હાંક્યો. ચોથે દહાડે તેઓ વનોડ પહોંચ્યાં.

खंड ३ जो.

मादीकरानुं मळवुं. वनराजनुं मामाजोडे केद पकडावुं. अणहील भरवाड.

વનરાજ ચોરોમાં હતો તેવારે એની મા રૂપસુંદરી દોહેલા દિન ગાળતી. જેમ પાણી વિના માછલું તરફડે તેમ પુત્ર વિજોગથી રાજમાતા ટળવળે. પતિવિરહ જ્વરે તેને દંશી હતી તેની વેદનામાંથી જરાતરામુક્ત કરનાર પ્રાણ પ્રિય, રે પ્રાણથીએ વધારે વહાલો, કુંવર ખોવાયો ત્યારથી રાણીના જીવને ચહેન પડે નહિ. અન્ન ભાવે નહિ, ને નિંદ્રા આવે નહિ. વનરાજ ગયો ત્યારથી તેણે ચોટલો હોળ્યો નહતો; પાન સોપારી ખાધાં નહતાં; દૂધ અને ગળપણ તજ્યાં હતાં. રડ રડ કર્યા

કરે ને કહે "ઓ મારા લાડકવાયા કુંવર ! મારા લાડકવાયા કુંવર ! મારા વહાલા તન ! રે બેટા વનુડા ! તું તારી માડીને મૂકી ક્યાં ગયો! રે ભગવાન, મારા દુઃખનો પાર કેમ નથી આણુતો ! મારા અપરાધ ક્ષમા કરી પુત્રવિજેગની પીડા ટાળો. રે ગુજરાતના ધણી, મારા પ્રાણ વનુભા ! તને મારા વિના કેમ ગમેછે ! તારા વિના ગુર્જર દેશના લોકને પરદેશી ઝુંસરીથી કોણ છોડાવશે! પરદેશી નાથ કોણ કાપશે ! પરદેશી જુલમથી કોણ મુક્ત કરશે ! તું ક્યાં સંતાઈ ગયો! મારૂં હેત પારખવાને મશ્કરીમાં કાંઈ ભરાઈ બેઠો હોય તો નીકળી આવ દીકરા. આટલું બધું હાસ્ય ના હોય બાપુ. કુંવર તારી માનો જીવ તારા વિના જાયછે. બાપુ મને હવે બા બા કહી કોણ બોલાવશે ! હવે હું કોને બચ્ચી કરીશ ! લાડતો લાડતો ઘરમાં આવી મને માડી કોણ કહેશે ! હવે મને વહેમી અને બીકણ કહી કોણ ચીડવશે ! જેમ ઘી વગરનો લુખો કસાર છે, તેમ પુત્ર વિનાનો સુનો સંસાર છે. જેમ લવણ વિના ફીકી દાળ તેમ પુત્ર વિના સકળ સંસાર ! મારૂં કાળજાનું કોરઈ જાયછે રે પ્રભુ ! ઓ કોડીલા કુંવર ! ઓ મારા વનુડા ! આ તારા ભમરડા હવે કોણ ફેરવશે, તારે લખોટે કોણ રમશે બેટા! તારાં પુસ્તક કોણ વાંચશે બાપુ ! તારા વિના તારા ભાઈબંધ દડાગેડી, મૂળીદંડા (ગલ્લીદંડા) અને ખોબું (ચકળાસોડીઆ) રમશે તે જોઈ મારી છાતી ફાટી જશે, માટે મારા ઉપર દયા લાવી. હે વનુભા ! તું હવે પાછો આવ. કરૂણા સાગર પ્રભુ એવા કૃપણ કેમ થઈ ગયા ! તમારી દયાના ભંડાર કેમ વાસી દીધા ! મને થોડી દયા આપશો તેથી તમને ખોટ જવાની નથી. તમારી દયા અખૂટ છે તેમાંથી થોડી આપો મહારાજ ! જો મને આમ દમવી હતી તો પુત્ર શાને દીધો ! મને વાંઝણી રાખી હોત તો હું ક્યારનીએ મારા સ્વામીની ચિતામાં તેના શબ જોડે બળી સ્વર્ગે ગઈ હોત. પણ મહેર કરી કુંવર આપ્યોછે માટે તેને એમકુશળ રાખજે. રે ભગવાન ! ગૂજરાત ઉપર દયા કરજે !!" એમ રૂદન કરે ને પ્રભુ અને પુત્ર વિના બીજી વાત કાંઈ સંભારે નહિ. વખતે તેનું હૈયું એટલું ભરાઈ આવે કે આંખમાંથી આંસુની ધારા

વહી જાય ને બોલાય નહિ. " ઉઠે બેસે ને અવની પડે, જેમ જળ વિના તલપે મીન." દેહનું ભાન પણ એવી વેળાએ પૂરૂં રહે નહિ.

વનરાજના ખોવાઈ ગયાની ખબર સુરપાળને થતાં તે પોતાની બેન પાસે આવ્યો. ગામે ગામ અને વગડામાં ખોળ કરવાને આદમી મોકલ્યાં હતાં તે નાઉમેદ થઈ પાછાં આવ્યાં, ને સુરપાળની સબુરી ડગમગવા લાગી. પરંતુ તે ન જણાવતાં બહારથી ધીરજ દેખાડી પુરાણની કથાઓમાંથી રાજકુમારો ખોવાઈ ગયલા અને અંતે જડેલા તેનાં દૃષ્ટાંતો આપી બેનને હિમ્મત આપે. સરકારી કેદખાનાંઓના દારોગાને ફોડી વાણીઆઓએ કારાગૃહોમાં તપાસ કરી, અને ભીલરાજાએ પહાડો અને જંગલો ખોળાવ્યાં, પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. શીલગુણસુરી નિરાશ થયા; સુરપાળનું મુખ ફીકું પડ્યું; અને રૂપસુંદરી તો એટલી સુકાઈ ગઈ અને આહારમાં ઉતરી ગઈ કે તેનામાં ચાલવાનું કૌવત રહ્યું નહિ, ને થોડા કાળમાં મરશે એવી ધાસ્તી લાગી. એવામાં એકાએક વનરાજનાં દર્શન થયાં. કુંવરને દેખી મા ગાંડાની પેઠે ધાઈ. પુત્રને બે હાથે વળગીને રડી. થોડીવાર તેનાથી બોલાયું નહિ. વછુટા પડેલા વાછરડાને મળતાંવારને ગાય જેમ ચાટવા મંડી જાયછે તેમ રાણીએ કુંવરને માથે હાથ ફેરવી પંપાળ્યો. કેટલીક વારલગી તેની સામું જોઈ રહી. મનમાં વિચારે કે આ સ્વપ્નું છે કે ખરેખરૂં છે. વનરાજને છાની સાથે ચાંપતાંને વાર તેનાં સ્તનમાંથી દૂધ ટપકવા લાગ્યું. વાત્સલ્યભાવે કરીને તેનું મુખારવિંદ તેજસ્વી થઈ તેના ડોળા પ્રકાશ્યા. ઉલ્લાસથી તેની નાડીઓમાં લોહી એટલી ઝડપથી થેકડા ભરવા લાગ્યું કે તેમાંની કોઈ ફાટશે એવો ડર લાગ્યો. ઠંડું પાણી પાઈ માને તાઢી પાડીને વનરાજ મામાને ભેટ્યો, અને સુરીને પગે લાગ્યો.

આ હૃદયભેદક મેળાવડો જોઈ શ્રીદેવીને પોતાનાં માબાપ અને ભાંડુ સાંભરી આવ્યાં. છેડામાં મ્હો ઘાલી તે રોવા લાગી. રૂપસુંદરીએ કુંવરને પૂછ્યું કે આ કન્યા કયા રાજાની કુંવરી થાય ? એનું હરણ તમે બળાત્કારે એની મરજી વિના કર્યુંછે, કે ગાંધર્વ વિવાહ કરી રાજી ખુશીથી એ તારી જોડે આવી છે ? સુરપાળ કહે જેમ હોય

તેમ, પણ ભાણાભાઈ એ સાસરવાસો તો ભારે લાવી દેખાયછે. વનરાજે ઉત્તર આપ્યો કે એને મારી ધર્મની બેન કરીને લાવ્યોછું. એને બાપડીને ચંડાળ ચોરોએ ઝાલી હતી, અને મનેએ ઝાલ્યો હતો. અમે ત્યાંથી નાશી આવ્યાં છીએ. એ પરણેલી પતિવ્રતા નારી શ્રીમાલપુરના નગર શેઠની દીકરી છે. એમે ઘેર પહોચાડવી જોઇએ. જે જે માલ એનો છે તેમાંથી આપણે એક કોડીનો પણ રાખવો નથી. આ સાંભળી સર્વ બહુ હરખાયાં. વનરાજે પોતાપર અને શ્રીદેવી ઉપર વીતેલો હેવાલ સંક્ષેપમાં વર્ણવ્યો. શીળગુણસુરી આહના બાપને ઓળખતો હતો, તેણે તેને પોતાની પાસે બોલાવી આસના વાસના કરી ધીરજ આપી. રૂપસુંદરી કહે પુત્ર વિજોગથી જે અવસ્થામાં હું હતી તેવી એની મા હશે માટે એને વહેલી ત્યાં પહોંચતી કરો. સુરી કહે કાલ પરમ સારો સાથ શોધી તેમ કરીશું. શ્રીદેવીને સુભાગ્યે એવું બન્યું કે કોઈ સદ્દગૃહસ્થ સહકુટુંબ બીજે દહાડે તેજ નગર જવા નીકળ્યો. તેની જોડે ચાર શૂરા ચાવડા આપી તેણીને વિદાય કરી.

મા દીકરાની ભેટ થયા પછી કેટલાક દિવસ મિત્રોને મળવામાં, અને વનરાજ પેલા ચોરોની વાત કહેતો તે સાંભળવામાં ગયા. ચોરોનાં લક્ષણ અને કર્મ, સોની અને સાધુની વાત, શ્રીદેવીની વલે, પોતે ભોગવેલીપીડા તથા ભય, ચોરોની હારે રહી કરેલા સાહસ, પડે માંદા થયાનો ઢોંગ, ચોરો બળદ વેચવા ગયા પછી ડોશીને બાંધીને ચોરે ચોરેલો માલ લઈ નાસવું, વગેરેનું બ્યાન વનરાજ એવું મહલાવીને કરતો કે ખુબ રસ પડે. તે સાંભળતાં વખતે રૂપસુંદરીનું મુખ મલકાતું, ને વખતે તેનાં ચક્ષુમાં નીર ભરાતું. કેટલોક કાળ વીત્યો ને રાણીનું અંગ પાછું ઠેકાણે આવ્યું ત્યાર પછી સુરપાળે અને શીળગુણસુરીએ મનસુબો કરી તેણીને સમજાવી તેના મનમાં ઉતાર્યું કે હવે વનરાજને વનોડમાં રાખવામાં ધાસ્તી છે. તેણે મામા જોડે ગીરનારાદિ ડુંગરોમાં ગુપ્ત રહી શત્રુને પીડવા. વનરાજની પણ તેમ કરવાની ખુશી હતી. ઝટપટ તેણે નીકળવાની તૈયારી કરાવી. પરાક્રમ કરવાને તે એકે પગે થઈ રહ્યો હતો.

નીકળવાનો સમય પાસે આવ્યો ત્યારે રૂપસુંદરીનું મન વ્યાકુળ થયું. છૂટાં પડતી વેળા વનરાજ તેને પગે લાગ્યો, ને તેણીએ ગદગદ કંઠે આશીર્વાદ દીધા. એટલી વાર લગી તો તે આંસુને અટકાવી શકી. પણ જ્યારે વનુભાએ "મા જાઉંછું" કહ્યું તે વારે નેત્રજળ ખાળ્યું રહ્યું નહિ. માને રડતી જોઈ વનરાજનું હઇયું ભરાઈ આવ્યું. તે બોલ્યો મા તું શાંત થા. મારા સમજે માડી તું રડે. રૂપસુંદરી કહે બાપુ તું સમ ના ખા, હું નહિ રોઉં, પણ મને તારા વિના કેમ ગમશે ? બારવટાના શ્રમ તારાથી કેમ સહેવાશે, મારા સકુમાર તન ! જંગલની તાઢ, જંગલનો તડકો, ને જંગલના વરસાદ તારાથી કેમ વેઠાશે બાપુ ! સુરપાળ ભણી જોઈ કહે ભાઈ તમે કુંવરનું જતન કરશો એ મને નક્કી છે, પણ મને એકલી મૂકશો ? વનરાજ કહે 'મા તું શાણી થઈ આમ આક્રંદ કેમ કરેછે ! માડી તારે શાંત મન રાખવું જોઇએ, હિંમત રાખવી જોઇએ. તું રજપૂતાણી છે. તું ગંભીર થા ને વિચાર કર કે સિંહના બાળકને કોતરમાં ભરાઈ રહેવું કેમ ગમે ! તું જાણેછે કે રાણીજાયા રણ ચડે. હું તારી પાસે ભરાઈ રહીશ તો મારા પિતાનું રાજ્યાસન કેમ કરીને મેળવી શકીશ? વાણીઆનો દીકરો વેપાર વણજ કરવાને દેશાવર ભોગવે, બ્રાહ્મણ વિદ્યાભ્યાસ કરવાને પરગામ રહે, ને રાજપુત્રો દેશ વિદેશ ફરી પરાક્રમ કરે. માવડીમુખા છોકરા શા કામના ! માની પાસેથી ખસે નહિ, બાયડીઓમાં બેશી રહે, ઘર ને ગામ છોડી કદી જાય નહિ તે પુરૂષ ન કહેવાય. તેઓના વિચાર સુધરે નહિ. તેઓમાં હિમ્મત આવે નહિ, તેઓ મોટાં કામ કરી શકવાના નહિ, તેઓ પોતાના બાપદાદાનાં નામ બોળેછે. એવાને તો ઘાઘરા, કાંચળી, ને ચૂડા પહેરાવવા જોઇએ. મર્દનો વેશ તેમને શોભે નહિ. માની સોડમાં ભરાઈ રહેવાથી કોઈ માણસમાં પુરૂષાર્થ આવતું નથી, ને સદા સ્ત્રીઓમાં ભરાઈ રહેવાથી પુરૂષાર્થ જાયછે. મારૂં રક્ષણ કરનાર મારા મામા છે તો પછી મા તું શાને ડરેછે ! શોક કેમ કરેછે ! હું ક્ષત્રીનો સુત છું." કુંવરના આ સુબોધ વચનથી રૂપસુંદરીનું મન તાઢું પડ્યું ને તે બોલી "જંઈ આવો કુંવર, ક્ષેમ કુશળ રહેજો; પ્રભુ ત-

મારૂં રક્ષણ કરે." સુરપાળને કહ્યું "ભાઈ ભાણેજનું જીવની પેઠે જતન કરજો." શીળગુણસુરીએ ઇશારત કરી કે વનરાજ મા પાસેથી ખશી તુરત ઘોડે ચઢ્યો ને સર્વ ઘોડા દોડાવી મુકયા. ઝટવારમાં દૃષ્ટિ મર્યાદાની પેલીમેર તેઓ જતા રહ્યા. વળાવવા આવેલા સર્વેને રાજમાતાનું દયામણું મુખ જોઈ શોક થયો. સુરીએ અપાસરે જઈ સદુપદેશ કરી તેનો ક્લેશ ઓછો કર્યો.

માર્ગમાં શ્રીમાલપુર આવ્યું. જે લુટારા લોકે વનરાજને ઝાલ્યો હતો અને જેમની જોડે તે લુંટવા નીકળ્યો હતો એમનાં માથાં ભાલામાં ખોસેલાં ત્યાંની ભાગોળે તેણે દીઠાં. એ દેખાવ જોઈ પ્રથમ તે ચમક્યો, પણ તુરત સાવધ થઈ તેણે મામાના કાનમાં કહ્યું કે જે ઠુંગાઓએ મને પકડ્યો હતો તેઓનાં આ માથાં જુઓ. એઓ કેમ હાથ આવ્યા તેની હું નગરમાં જઈ તજવીજ કરૂં. સુરપાળ કહે મને લાગેછે કે, આપણે અહીં મુકામજ ન કરવો, થાક્યા છીએ તથાપિ પાંચ ગાઉ દૂર જઈ ઊતરીએ, રખેને તને કાંઈ આળ આવે. વનરાજ કહે મામા એમ ડરોછો શું, મને કાંઈ થાય નહિ. અઘઘડી હું પાછો આવીશ. દરવાજા બહાર ધર્મશાળામાં ઉતારો કરી વનરાજ નગરમાં ગયો. ચૌટામાં જઈ નેસતીની દુકાને સોદો લેવાને મસે ઊભો. જંઈનો ગોળ લઈ, મોદીને નવરો જોઈ પૂછ્યું શેઠ આ ભાગોળે કોનાં માથાં ખોસ્યાંછે? એમણે શો ગુનો કર્યો હતો? વાણીઓ કહે એસો હાકોર કહું. એ હત્યારા ચંડાળો વાટમાંથી અત્રેના નગરશેઠની દીકરી શ્રીદેવીને ઝાલી ગયા હતા, તેના સાથીઓને લૂંટ્યા ને એને મારી નાખ્યા. ઘણા વખતથી એઓ એવાંજ કામ કરતા હતા. એવું બન્યું કે શ્રીદેવીની જોડે રથ હતો તેના બળદ વેચવા એ ચંડાળો આજ નગરમાં આવ્યા. એમને ખબર નહિ કે અહીંનીજ શ્રીદેવી હશે. શેઠના નોકરોએ બળદ ઓળખ્યા, ને એમને પકડાવ્યા. એમાંના એકે બધું માની દીધું ને એમને સંતાઈ રહેવાનું ઠેકાણું બતાવ્યું. સરકારના માણસોએ ત્યાં જઈ સઘળો માલ આણ્યો, તે ભોંયરૂં પૂરી નાખ્યું, ને તેમાં એક ડોશી હતી તેને ઝાલી આણી. એ કેદમાં પડીછે રાંડ ડોશી. શ્રીદેવી ને તેના માણસો ક-

કહેછે કે છ લૂંટારા હતા તેમાંના એકે તે બાઈને છોડાવી અહીં પહોચાડી. તે ચોર ન હતો, પણ તેની પેઠે પકડાયલો ભલો ઠાકોર હતો. બળદ વેચવા આવ્યા હતા. તે ચારે પકડાયા; પાંચમો નહતો આવ્યો તે હજી હાથ નથી આવ્યો." એમ વાત ચાલેછે, ચાર પાંચ આદમી તે સાંભળવા ઊભાછે, એટલામાં શ્રીદેવીની પાલખી ઉપાડનાર ભોઈમાંનો એક ત્યાં થઈ જતો હતો તે ટોળું દેખી ઊભો રહ્યો. થોડીવાર વનરાજનું મોહું તાકીને જોઈ આકળો થઈ બોલ્યો, અલ્યા આલો એ સાળાને! પેલો પાંચમો લૂંટારો પકડાયો નથી તે એજ છે; એને પકડો શું જુવોછો! એ સાંભળતાંને વાર હાટપરથી છલંગ મારી વનરાજ ધર્મશાળા ભણી નાઠો. લોક તેની પૂઠે ધાયા. સેંકડો માણસોએ તેનો ઉતારો ઘેરી લીધો. આખા નગરમાં હોહા થઈ રહી. સરકારના સિપાહીઓએ આવી વનરાજને, સુરપાળને, તથા તેના સાથીઓને બંદીવાન કર્યા. લોકની મોટી ઠઠ જોવા મળી. સિપાઈ અને બંદીવાનોનું સરઘસ દરબાર ભણી ચાલ્યું. હાકેમે તેમને હેડમાં પૂરાવ્યા, ને પુરાવો એકઠો કરવાને ત્રણ દિવસની મુદત કોટવાળને આપી.

કોટવાળે પ્રથમ વનરાજની જુબાની લીધી, પણ તેના કહેવા ઉપર ભરોસો આણ્યો નહિ. વનરાજ કહે પાંચમો લૂંટારો લૂંટતી વેળા મરાયો હતો, ને તેને ચોરોએ પાલખી અને વહેલ જોડે મૂકી મૂક્યો. શ્રીદેવીને છોડાવનાર ઠાકોર હું છું, હું લૂંટારો નથી, ને મારી સાથેના લોક પણ નથી. સુરપાળ વગેરેએ પણ એમજ કહ્યું. શ્રીદેવીની સાથે જે આદમી હતા તેમને બોલાવી પૂછતાં તેઓમાંના ઘણાંકે વનરાજ વિષે કહ્યું કે એ સખસ પેલા લૂંટારામાંનો ખરો, એના ચહેરાપરથી નક્કી કહી શકીએછીએ. ત્રીજે દહાડે કેદીઓને કચેરીમાં ઊભા કર્યા. વનરાજે ન્યાયાધીશને કહ્યું મહારાજ શ્રીદેવીને બોલાવો ને મને મેળવો એટલે વધારે તસદી લેવી નહિ પડે. કોટવાળ કહે શ્રીદેવી સાવકારની દીકરીને શા વાસ્તે બોલાવવી જોઇએ? આ બધા માણસો એને પારખી શકે છે. ન્યાયાધીશ કહે પણ તે બાઇને" છોડાવનાર"કોણ તે એમનાથી કેમ જણાય? માટે શેઠની હવેલીએ

જઈ આ તોહમતદાર કહેછે તે સંભળાવો, ને શ્રીદેવીને તેડી શેઠના ઘરનાં સર્વે બાધા મૂકવા ગયાં છે, તે પાછાં આવે ત્યારે એમ કરીશું, એ માટે કામ મુલતવી રહ્યું. કેદીઓને ખાવાને ચણા અને પીવાને પાણી મળે, બીજું કાંઈ નહિ. એમ કેટલાક દિવસ ગયા કે વનરાજને શ્રીદેવીની મેડીએ લઈ ગયા. બંદીખાનાનાં દુઃખથી સુકાઈ દુબળો થયલો છતાં બાઈએ તેને તુરત ઓળખ્યો. તે કહે અરે ! આ બીચારા ઠાકોરને શીદ પીડોછો. એ તો મારી આબરૂનું ને મારા પ્રાણનું રક્ષણ કરનાર મહા પુરૂષ છે. કોટવાળ એ સુણી ઝંખવાણો પડ્યો. ન્યાયાધીશને આ બીના જાહેર કરી સર્વેને છોડી મેલ્યા. તેમને છોડ્યા તેવારે બંદીશાળાની બહાર નગરશેઠ પંડે ગાડીઓ લઈ આવ્યા હતા. તેણે વનરાજ અને સુરપાળને પોતાની જોડે રથમાં બેસાડી તથા બાકીના માણસોને ગાડીઓમાં બેસાડી પોતાને મંદિરે આણ્યાં.

વનરાજ અને સુરપાળ સંબંધીની બીના શ્રીદેવીએ બાપ, વર, અને મા સિવાય બીજા કોઈને કહી નહતી, અને તેમણે પણ ગુપ્ત રાખી હતી. દેશનો હક્કદાર ખરો રાજા ગણી નગરશેઠે વનરાજનો બહુ સત્કાર કર્યો. તેણે અને શ્રીદેવીના ભરથારે ઇષ્ટદેવની પ્રતિજ્ઞા લઈ વચન આપ્યાં કે હરકોઈ રીતે જેટલી બની શકશે તેટલી મહારાજની સેવા બજાવીશું. શ્રીદેવીના ભાઈને, શ્રીદેવીનો જીવ ઉગારનારને, મારા કુળની લાજ રાખનારને, અને ગુજરાતના સ્વામીને મદદ કરવી એ અમારો અને સઘળા ગુર્જરોનો ધર્મ છે. અમે વાણીઆ તો ધન અને બુદ્ધિ વડે કામ આવીએ, આયુદ્ધ તો અમારી જાતમાંનો કોઈ વીરલો ઝાલી શકે. સુરપાળને કહે હવે દેશની આશા તમારા ઉપર છે. મહારાજા હજી કીશોર વયમાં છે, એમને પાવરધા કરી દુશ્મનનો નાશ કરો. પ્રજા ત્રાહે ત્રાહે કરે છે. સુરપાળ કહે આપણે સૌ સંપ કરીશું તો પ્રભુ આપણી વારે ચડશે. હું તો મારી દેહ અને મારો પ્રાણ રાજસેવામાં અર્પણ કરી ચૂકયો છું.

શ્રીમાલપુરના નગરશેઠને ઘેર એક માસ પરોણા રહી તાજા થયા; તથા નગરના ઘણાક સદ્ગૃહસ્થો સાથે સ્નેહ કર્યો. શેઠના આડતીઆ, તથા ઓળખાણવાળા બીજાં શહેરોમાં રહેનારા વહેપારીઆ

ઉપર ભલામણ પત્રો લઈ ગીરનાર જવા નીકળ્યા. માર્ગમાં અતિ ઉપયોગી માણસ મળ્યો. એક મુકામે વનરાજ અને સુરપાળ બેઠા હતા ત્યાં વરસ પચીશેકની ઉમરનો ધીંગો જુવાન મર્દ આવ્યો. વનરાજને પગે લાગી કહે, મહારાજ હું આપનો તાબેદાર સેવક ભરવાડ છું. મ્હારૂં નામ અણુહીલ છે. હું મારૂં તન મન ને ધન સર્વ આપને અર્પણ કરૂંછું તે કૃપા કરી સ્વીકારો. એમ કહી વનરાજનો જમણો પગ પોતાને માથે લગાડ્યો, ને તેનો અગૂઠો ધોઈ ચરણામૃત પીધું. રાજકુમારે તેને માન દઈ બેસાડ્યો. સુરપાળે પૂછ્યું ભાઈ તેં અમને કેમ ઓળખ્યા, અને ત્હારામાં આવી લાયકી, આટલી બધી રાજ્યભક્તિ કેમ ઉત્પન્ન થઈ? અણુહીલે ઉત્તર કર્યો કે "મહારાજ આપ ગુપ્ત રહ્યા છો, વેશ બદલ્યાથી માર્ગમાં આપને કોઈ ઓળખતું નથી એમ ધારોછો પણ તેમ નથી. આપણા ઘણા સ્વદેશીઓ બાળ રાજાને તથા આપને ઓળખેછે. ઘણાક તો વનોડમાં છાનાં દર્શન કરી આવેલા છે. પણ જૂઓ કેવો જબરો સંપ છે, કેવી દૃઢ રાજ્યભક્તિ છે, કેવો સાચો સ્વદેશાભિમાન છે કે કોઈ ફૂટ્યું નથી! શત્રુની આગળ, કે નાદાનની આગળ, કે વિશ્વાસઘાત કરે તેવાની આગળ અજાણ્યા થઇએ છીએ, પણ માંહોમાંહે તો હરકોઈ વર્ગના સારા ગુર્જરોમાં આપની વાત ચરચાઈ રહી છે. પાણીને માટે જેમ તરસ્યા ટમટમે તેમ પરદેશીઓના પક્ષપાત, અન્યાય, તરેહ તરેહના ભારે વેરા, અપમાન, અને જુલમથી ત્રાસ પામેલો દેશ મહારાજની વાટ જુવેછે. સ્વદેશીઓની આતુરતા જોઈ તથા ઇશ્વરી પ્રેરણાથી મારી છાતીમાં સ્વરાજ સેવાના ઉમંગે ઉછાળો માર્યો છે તે એવો ટકાઉ છે કે વનરાજ મહારાજના અમલની સ્થાપના થશે ત્યાં લગી નરમ પડશે નહિ. હું મારા બાપ જોડે પહાડી ધરતીમાં બહુ ફર્યો છું, ને વગડાના અને ગામના માર્ગોથી જાણીતો છું. વઢવાની હામ ધરાવુંછું, ને મારા જેવા વિચારના ઘણા સ્વદેશહિતેચ્છુ માણસોને પિછાનુંછું." સુરપાળે ભરવાડને સરપાવ આપી ખુશીથી પોતાના સાથમાં લીધો.

ડુંગરમાં પહોંચ્યા પછી કેટલાક દિવસ થાક ખાધો, એ દરમિયાન, સુરપાળે વનરાજને ઘણીક બાબતોથી વાકેફ કર્યો. તેના

મનમાં ઠસાવ્યું કે સ્વદેશીઓને કદી રંજાડવા નહિ, માત્ર શત્રુના માણસોને લૂંટવા ને પીડવા, તેમનાં થાણાં મારવાં, તેમના ભંડાર ખાલી કરવા ને હરેક રીતે હેરાન કરવા. માળવા, મારવાડ, વગેરે દેશો જે ભૂવડને મદદગાર નથી, ત્યાંના જાત્રાળુ અને વેપારીઓને છેડવા નહિ. વનરાજે પૂછ્યું કે જે ગુર્જરો દુશ્મનની નોકરી કરેછે તેમને સજા થવી જોઇએ. સુરપાળ કહે હા, તેવા સ્વદેશ હરામને કચરવા, પરંતુ શત્રુની ચાકરીમાં છતાં જેનાં દિલ આપણી બાજુ છે તેઓને બચાવવા.

प्रकरण ६ ठुं.

बारवटामां वनराजनां पराक्रम.

खंड १ लो.

कनकावती अने प्रभासपाटण उपर स्वारीओ. वाघेर राजानी मदद अने वनराजनी फतेह. दगो देनार गधानंद.

ગૂજરાતની ચારે દિશાએ સંતાઈ રહેવાનાં ઠેકાણાં કર્યાં હતાં તેનાં નામ તથા ત્યાં રાખેલા ચાવડા ભીલાદિક સરદારોનાં નામ સુરપાળે વનરાજને કહ્યાં. અણહીલ કહે એથી સરસ જગ્યા હું આપને દેખાડીશ; આપણું કામ જોરસાથી ચલાવીશું તો બીજા ગુર્જરો આપની સેવામાં આવવાને આતુર છે તેઓ પણ આવી મળશે. હું બોલાવી લાવીશ. પ્રથમ પ્રભાસપાટણમાં જઈ મહારાજ શિવપૂજન કરે, પછી સોમેશ્વર મહાદેવની આજ્ઞા લઈ રાજાધિરાજ વનરાજ મહારાજની તે નગરમાં પહેલ વહેલી આણ ફેરવવી. આજથી એક મહીને મોટી જાત્રા ભરાશે તે વેળા લાખો માણસ ત્યાં આવશે. જાત્રાળુ લોક પાસે શત્રુ બારે કર લેછે—દેવ પાટણમાં પેસવાનો કર, શ્રી સોમેશ્વરનાં દર્શન કરવાનો કર, સમુદ્રમાં નહાવાનો કર. એ જાત્રાને સમયે આપણે પ્રભાસમાં હોઇએ ને એ કર માફ કરીએ તો રાજ્યમાં મોટી નામના થાય. સુરપાળ કહે તમારી જુક્તિ

તો ઠીક છે, પણ ત્યાં ભૂવડના બે હજાર સિપાઈ રહેછે. મેં ચાર વરસપર કાર્તકી પૂનમે મોટી જાત્રા ભરાઈ તે વારે હલ્લાં કરી થાણું લૂંટયું હતું. તે વારે ચારસેં સ્વાર ત્યાં હતા. એમાંના કેટલાક દેવદર્શન કે સ્નાન કરવા ગયા હતા, કેટલાક મેળો જોવા ગયા હતા, ને બહુ લોક મળવાથી ઘણાકને ચોકી પહેરે મોકલ્યા હતા. એ લાગ જોઈ બાકી રહેલા થોડા સિપાઈ ઉપર હું પડયો, ને કચેરી તથા થાણદારનું ઘર લૂંટી વહાર આવી ત્યાર પહેલાં સટકી ગયો. એ બન્યા પછી ત્યાં ફોજ વધારી. અણહીલ કહે ખરૂં. પણ તેને માટે તદબીર છે. એ થાણાને તાબે કનકાવતી છે તેમાં એ બે હજારમાંના બસેં સવાર રહેછે. ગામને ખાસો કોટ છે. એ ગામ આપણે ઓચિંતા જઈ પ્રથમ ખુંચી લઇએ. એ સાંભળતાંને વાર કનકગઢમાં આપને ઘેરવાને અને તે પાછો લેવાને દેવ પાટણની સેના ધાશે ને આપણને લાગ મળશે.

સુરપાળે એ યુક્તિ મંજૂર કરી, પોતાના પાળા અને સવાર ભેગા કર્યા. આ કામ મોટું જાણી ઘણા દૂરનાને પણ તેડાવ્યા. ચાર વરસ થયાં સુરપાળ એણી તરફ ઉતર્યો નહતો, તેથી કનકાવતીનો ગઢવી ગફલતમાં હતો. એક દિવસે મોટે પરોઢીએ તેના ઉપર ધાડ આવી. ખેડુતો હળ અને બળદ લઈ ખેતરે જતા હતા, કોશીઆ પાણી કાઢતા હતા, ખેતરના રખેવાળ તાપણી કરી તાપતા હતા, તેવામાં ઘોડેસ્વારોનું મોટું ધાડું ધશી આવ્યું. મોડી રાત સુધી મઝા કરી સૂતેલા કીલ્લેદારો નિદ્રાવશ હતા તેવામાં ગુર્જર રાજા કનકાવતીમાં દાખલ થયો. દરવાજાનો બંદોબસ્ત કરવાને પચાસ સવાર આપી અણહીલને પાછળ રાખી બાકીના થાણા બણી ચાલ્યા. અણહીલે દરેક ભાગોળે ગુર્જરોની ચોકી બેસાડી દરવાનોને બંદીવાન કરી કોટડીઓમાં પૂર્યા ને દરવાજા વાશી દીધા. લોકોને ધીરજ આપી કે તમને કાંઈ ઇજા થવાની નથી. થોડો દોડાવતો રહી જાપતો રાખે થાણાની થડમાં જે ભાગોળ હતી તે માત્ર દુશ્મનને હાથ રહી.

થાણાનો ઉપરી જમાદાર હિંમતવાન હતો. ખબર પડતાં વા-

રને તે ઘોડે ચડયો ને પોતાના માણસોને તૈયાર થવાની આજ્ઞા દીધી. તેઓ સઘળા સજ થતા પહેલાં ગુર્જર સ્વારો આવી પહોં-ચ્યા. જમાદારે ઝપટથી આવી પહેલો જે હાથ આવ્યો તેને વાઢી નાંખ્યો. તેના માણસો પણ ગુસ્સાથી લડ્યા. પાછળ બાકી રહેલા આવતા જાય તેમ તેમને વધારે શૂર ચડે. પણ જુવાન રાજાના જો-રૂસા આગળ તેઓ ટકી શકયા નહિ. વનરાજે જમાદારનું માથું ઉ-ડાવી દીધું કે તેઓ નાઠા. નગરમાં કાપાકાપ અને લોહી વહેતું જોઈ લોક ત્રાસ પામ્યા. એક બાયડી ભયથી છાતી ફુટી ગઈ. ચૌટામાં હડતાળ પડી ને લોક બારણાં વાશી ઘરમાં ભરાયા. વનરાજની બહાદુરી જોઈ સુરપાળને બહુ હરખ થયો. તે બોલ્યો બાણુભાઈ તમે તમારા પિતાનું નામ ખચીત રાખશો ને પૂર્વજોની કીર્ત્તિ વ-ધારશો. આ જશથી રાજાનું મન પણ પ્રફુલ્લિત થયું. સુરપાળે કે-ટલાક સ્વારોને નાસતા શત્રુની પૂઠે મોકલ્યા હતા તે પાછા આવ્યા પછી શહેરના મહાજનને ભેગું કરી કહ્યું કે "અમે તમને લૂંટવા નથી આવ્યા. તમે જરા ડરશો મા. લોકને પોત પોતાને કામ ધંધે લાગવાને સમજાવો ને દુકાનો ઉઘાડો. આ કનકાવતી છે, ને આ વનરાજ મહારાજ કનકસેનના વંશનો, જયશિખરનો કુમાર ધર્મ પ્ર-માણે તમારો રાજા છે." એ સાંભળી મહાજન રાજી થયું. ગામના બધા લોકે આવી ભેટ મૂકી ને અરજ કરી કે મહારાજ અમને પરદેશીઓના જુલમથી છોડાવો. ભગવાન તમને જશ આપે. ગા-મમાં શાંતિ થઈ, હાટ ઉઘડયાં ને નિત્ય પ્રમાણે કામ ચાલ્યું.

નગર સાચવવાને જોઈએ તેટલા માણસ અણહીલની સરદારી નીચે મૂકી બાકીના જોડે લઈ રાત્રે સુરપાળ અને વનરાજ જંગલ ભણી નીકળી ગયા. પ્રભાસ પાટણમાં ખબર પડતાં અણહીલના ધાર્યા પ્રમાણે થયું. ત્યાંના સૂબા દાનાજીએ ધાર્યું કે આ લાગ ઠીક હાથ આવ્યો. કનકાવતી ઘેરી સુરપાળને અંદર પૂરો કરૂં, યા પકડી કલ્યાણી મોકલી દઉં કે પછી સતાવનાર કોઈ રહે નહિ. એ મનસુ-બાથી પોતાના લશ્કરનો ઘણો ભાગ સાથે લઈ, માત્ર બસેં સિપાઈ થાણામાં રાખી ઉતાવળે કૂચ કરવા માંડી. એ સમાચાર મળતાં

અણુહીલે કનકાવતીના દરવાજા વસાવ્યા, ને ગુર્જર જોદ્ધાને શીખવ્યું કે નગરનો બચાવ થાય ત્યાં સુધી કરજો. ધાન્ય પુષ્કળ છે એટલે તે તરફની હરકત નથી. ન ટકાય તેવું જણાય ત્યારે રાતમાં છૂટા છૂટા કોટેથી ઉતરી જતા રહેજો. પણ જેમ શત્રુને વધારે વખત સુધી રોકાય તેમ સારૂં. ધીરાજી નામે બહાદુર નાયકને તેમનો ઉપરી નીમ્યો. એ ગોઠવણ કરી ઉતાવળી ચાલની સાંઢણીએ સ્વાર થઈ ચતુર ભરવાડ સુરપાળને મુકામે ગયો. અહીં સૌ તૈયાર થઈ રહ્યા હતા. વિલંબ ના કરતાં તેઓ નીકળ્યા.

દેવ પાટણમાં જાત્રાની તૈયારી થઈ રહી છે. વેપારી, ઝવેરી ને ચોકસીના, ચૂડઘડ, કંસારાદિ કારીગરોના માલ આવ્યા છે. દેશ દેશાવરના માલનાં હાટ માંડી વાણીઆ બેઠાછે. જાત્રાળુઓને ઉતરવાને માંડવા ઊભા કર્યાછે. લોકને ગમત કરવાને નટ, વાદી, વગેરે ખેલ કરનારા આવી રહ્યાછે. બ્રાહ્મણ અને હજામ કમાઇની આશાએ મલકાય છે. જાત્રાળુ જજમાનો સ્નાન, શ્રાદ્ધ, અને પૂજા કરી દાન દક્ષિણા આપશે ને લાડુ જમાડશે, તેની આશાએ બ્રાહ્મણો હરખાતા ગામમાં ને દરિયા કાંઠે મહાલે છે. તીર્થસ્નાન અને શ્રાદ્ધ કરવા આવનારા હજારો માણુસ વાળ ઉતરાવશે. હજામત કરાવશે ને મૂછો બોડાવશે તેથી કોથળી ભરી ટકા નિત્ય ઘેર લઈ જવાની ઉમેદમાં ગાંયજા મગ્ન થઈ અસતરા, નરેહણી, ને ટુંપીઆ ઘશી ઊજળા કરવા લાગ્યા છે, ને આરસીમાં મ્હો જોઈ મૂછે તાલ દેછે. એવામાં હૂલકું પડ્યું કે મોટી ધાડ આવેછે. નગરમાં નાસાનાસ થઈ રહી દુકાનો બંધ થઈ અને લોક કાંપવા લાગ્યા. સાંજ પડીને અંધારૂં થયું, પણ ધાડ આવી નહિ ને ખબર આવી કે એ તો મોટો સંઘ આવેછે. શહેરમાં શાંતિ થઈ, ને જાત્રાળુઓનો જમાવ વધતો ગયો. સુરપાળે પોતાના પચાસ માણુસને ઘાસના ભારા લાવનારને વેશે, ને ભારામાં તરવારો સંતાડી શહેરમાં મોકલ્યા. તેઓ સોરઠી દરવાજે નગરમાં પેસ્યા ને ભાગોળની થડમાં ભારા નાંખી રોટલા ખાવા બેઠા. સુરપાળ અને વનરાજ સાતસેં સવારો જોડે લઈ મોટા ઠાકોરને વેશે જાત્રા કરવાને મસે આવ્યા. દરવાને કમાડ બંધ કરી

તેમને કહ્યું કે તમે હથીઆરબંધ છો તેથી પરવાના વગર શહેરમાં નહિ પેસવા દઉં. તમારી પાસે સરકારનો પરવાનો હોય તો દેખાડો અને ન હોય તો તમારામાંથી એક અંદર આવો ને થાણામાં જઈ પરવાનો લઈ આવો. વનરાજે તરવાર ખેંચી કહ્યું જુવો આ પરવાનો. એજ વેળાએ પ્રથમ કરેલા સંકેત મુજબ પેલા ભારાવાળા ભારામાંથી તરવારો ખેંચી ધશી આવ્યા. દરવાનને ઝાલી લઈ તેમણે કમાડ ઉઘાડ્યાં, અને ગુર્જર સ્વારો અંદર પેઠા. અશ્વ દોડાવતા થાણા પાસે આવ્યા ને કોઠી ઘેરી લીધી. સોલંકી સરદારે તેમને પૂછ્યું કે તમે કોણ છો, ને ઉઘાડે આયુધે કેમ આવ્યાછો? અણહીલ કહે "આ રાજા સુરપાળ છે, અને આ એમના ભાણેજ અને ગુજરાતના રાજાધિરાજ મહારાજ વનરાજ છે. મહારાજ અહીં જાત્રા કરવાને પધાર્યા છે; જેટલા દિન મહારાજ અહીં રહેશે તેટલા દિન કિલ્લા ઉપર વાવટો એમનો ઊડશે ને નગરમાં અમલ એમનો ચાલશે." સોલંકી કહે "આ અમારાં શસ્ત્ર જોયાં, એ અમારે હાથ છે ત્યાંસુધી એમાંનું કાંઈ બનવાનું નથી ને માર્યા જશો." સુરપાળ કહે "અમે સાતસેં છીએ, તમે બસેં છો. તેથી તમારૂં કાંઈ વળવાનું નથી, નકામા પ્રાણઘાત શીદ કરાવોછો, હથીઆર છોડો તમારા શૂરત્વને લાંછન નહિ લાગે. ઠંડા પડી વિચાર કરો. હું આપને બે ઘડીની મહેતલ આપુંછું."

સોલંકી સરદારે પોતાના નાયકો જોડે મસલત કરી ને જીતવાની આશા ન જોયાથી માગ્યું કે અમને હથીઆર અને નિશાન સહિત જવાદો. સુરપાળ કહે અમારી બોલી એક છે. સોલંકી કહે તો તમે ગઢ ઉપર સોલંકી ધજા રહેવાદો ને આપ સુખે જાત્રા કરો, અમે હરકત નહિ કરીએ. સુરપાળ કહે તે અમારે કબૂલ નથી. સોલંકીઓ લાચારીએ અને વીલે મોઢે શરણે આવ્યા. ગુર્જરોએ હથીઆર લેઈ તેમને પરહેજ કર્યા.

નગરમાં લોક ભયભીત થયા. લૂંટ, આગ અને કતલની ધાસ્તીથી નગરવાસીઓ ચિન્તાતુર થઈ સંતાઈ ગયા, અને જાત્રાળુ લોક નાસવા લાગ્યા. રૈયતનો ગભરાટ મટાડવાને સુરપાળે જાહેરનામાં

કરી થાળી ફેરવી કે કોઈએ ડર રાખવો નહિ. શાંતિ રાખવામાં આવશે, માટે સર્વે આનંદમાં રહેવું. વધારે ધીરજ આપવાને તે વનરાજને લઈ સમુદ્રમાં સ્નાન કરવાને નીકળ્યો. નાહીને વનરાજને હાથે મંસ દાન કરાવ્યું તેથી વિપ્રો રાજી થયા, ને વનરાજની જે બોલ્યા. સોમેશ્વરના દેવળમાં આવી વનરાજે શિવપૂજન કર્યું. મહાદેવ આગળ ચીઠીઓ નાંખી તેમાં જવાબ આવ્યા કે વનરાજની આણ ફેરવવી, અંતે એને જય મળશે. લોકના મનપર આથી અસર થઈને જેજેકાર વર્તાઈ રહ્યો. દુવાઈ ફેરવી વનરાજ ગાદીએ બેઠો. લોકે પુષ્કળ ભેટ મૂકી. કોઇએ ટકો તો કોઇએ સુનૈયો, કોઇએ બે તો કોઇએ દશ, એમ પોત પોતાની શક્તિ પ્રમાણે નજરાણાં મૂકી સૌ નમસ્કાર કરી ગયા. જાત્રાળુના બધા કર મહારાજે માફ કર્યા તેથી ગરીબ લોક બહુ રાજી થયા. ચાવડાની ધજા પવનની લહેરમાં ફડફડવા લાગી. બ્રાહ્મણો આશીર્વાદ ભણ્યા, નગરશેઠે પાઘડી બંધાવી પિતાનો શોક મૂકાવ્યો, ને આરતી ઊતારી તથા સોના રૂપાનાં ફૂલે વધાવ્યો, સ્વારી નીકળી ત્યારે ઘણી નારીઓ ગીત ગાતી વધામણાં લાવી, અને ઘણીકે ઊંચી મેડીઓની બારીએથી મહારાજ ઉપર ફૂલનો વરસાદ વરસાવ્યો. શાવકોને રાજી કરવાને તેમને દહેરે જઈ વનરાજ પારસનાથની મૂર્તિને પગે લાગ્યો. જાત્રા કરવા આવેલા સ્વદેશી રજપૂતો એ વેળા હાજર હતા તેઓ ખૂબ ઉશ્કેરાયા. તેઓમાંના કેટલાક તત્કાળ સામિલ થયા ને ઘણાકે પોતપોતાને સ્થળે જઈ સહાય કરવાનાં વચન દીધાં. આ ખબર જાત્રાળુઓ આખા દેશમાં લઈ ગયા.

કનકાવતીને ઘેરી દાનાજી પડ્યો હતો તેને આ સમાચાર મળતાં ક્રોધાયમાન થઈ બોલ્યો—એ ચોર ફાટ્યા તો, પણ ઠીક છે, હવે હું એમની કાશળ કાઢીશ. હું એમને જીવતા જવા નહિ દેઉં. દ્વારકામાં મોટી સોલંકી છાવણી હતી ત્યાં તુરત સાંઢણી સ્વાર મોકલી બે હજાર ભાળા ને ત્રણ હજાર સ્વાર મંગાવ્યા, ને ત્રણસેં સિપાઇને ઘેરો સોંપી પંડે પ્રભાસ ભણી કૂચ કરી. શત્રૂ એક મજલને છેટે આવી પહોંચ્યો તેવારે પોતાના સાથીઓને લઈ પ્રભાસ છોડી આડી

વાટે સુરપાળ કનકાવતી તરફ ચાલ્યો. પેલા ત્રણસેં માણસોનો ઘાણ વાળી, તથા કનકાવતીમાં મૂકેલા પોતાના જોદ્ધાઓને લઈ તે ડુંગરોમાં જતો રહ્યો.

પ્રભાસ અને કનકાવતીના લોકને દાનાજીએ બહુ દંડ્યા, મોટા માણસોને કેદ કર્યા, અને લુંટ્યા કે બીજા નગરના લોક એમની પેઠે મદદ કરે નહિ. એ સખ્તાઈ અને ક્રૂરતાથી તેનો હેતુ પાર પડ્યો નહિ. પરદેશી રાજપર લોકને ઊલટો વધારે કાળ ચડ્યો. દ્વારકાના ત્રણ હજાર ઘોડે સ્વાર ઝટ આવ્યા, પણ પ્યાદલને પહાડી માર્ગમાં વાઘેરોએ પજવી ઉતાવળે જવા દીધું નહિ. મદદે આવેલી ફોજને લઈ દાનાજી સુરપાળની પાછળ ડુંગરોમાં ગયો. તેને હાથ ન આવતાં છૂપે રસ્તે જઈ વાઘેરોને મળી સુરપાળે પેલા બે હજાર પ્યાદલને વાઢી નાખ્યું. બચવાનો લાગ ન હોવાથી સોલંકી સેના અતિ જુસ્સાથી વઢી. પતંગીઆં દીવામાં ઝંપલાવેછે તેમ વનરાજે યુદ્ધમાં ઝંપલાવ્યું. એની ચતુરાઈ અને બહાદુરી જોઈ વાઘેરો વાહવા કહેવા લાગ્યા. જુવાન રાજાની મીઠી વાણી અને માયાથી તેઓ મોહિત થયા. તેમના રાજા માણેકે વનરાજને પગે સોનાનો તોડો પહેરાવ્યો ને રાજસેવા કરી. આ અવસરે મળેલું બધું દ્રવ્ય સુરપાળે વાઘેરોને વહેંચી આપ્યું. એમની સલાહથી સુરપાળ અને વનરાજ રણને માર્ગે મહીકાંઠે મહેવાસમાં જઈ સંતાયા. ગૂજરાતના આ ભાગમાંથી ગયાની ખબર શત્રુને છ મહીને પડી. કાઠીઆવાડમાંથી ગયા એટલી બાતમી મળી પણ ક્યાં ભરાયાછે તે જાણવામાં આવ્યું નહિ. તેણે વાઘેરનાં ઘણાં ગામ બાળ્યાં, ને જાગીરો જપ્ત કરી. બે વરસ સૂધી તેમનો કેડો છોડ્યો નહિ. દાનાજી અને તેના સિપાઈ જંગલના તાવથી મરી ગયા, અને સવારો ડુંગરામાં અથડાઈ ઘણા હેરાન થયા, ત્યારે ગામ પાછાં આપી માંડી વાળવાની જરૂર પડી.

મહીકાંઠે પણ વનરાજને સારી કુમક મળી, અને સાહસ કરવાની જોગવાઈ હાથ આવી. ચાલુક્ય સરકારના અમલદારોના જૂલમથી બાપડા ભૂમિયા રાજા અકળાઈ રહ્યા હતા, તેઓમાં છાને વેશે ફરી વાકેફગારી મેળવી અને ગોઠવણ કરી. સોલંકી સરકારના

વહાલા થઈ જાગીરો મેળવવાની લાલચે કોઈ લુચ્ચો દગો કરી પકડાવી ન દે તેની તપાસ રાખવાનું કામ અણહીલને સોંપેલું હતું અને સુરપાળ પંડે પણ ખૂબ ખબરદારીથી તજવીજ રાખતો હતો. તેમ છતાં મહીકાંઠાના એક સંસ્થાનના ફોજદાર નામે ગધાનંદના કપટથી વનરાજ મોટી ધાસ્તીમાં આવી પડ્યો, અને મુશ્કેલીથી બચ્યો. એના બાપને છોકરા જીવતા નહતા, તેથી એ જન્મ્યો ત્યારે એને ગધેડાના મ્હો આગળ મૂકી તે ગધેડાને જમાડ્યો. ગધેડો આનંદ પામી ભૂંકવા લાગ્યો તે પરથી વહેમી બાપે એનું નામ ગધાનંદ પાડયું. એ ગધેડાના જેવો બેવકૂફ રહ્યો હત તો ઠીક થાત, પણ તેમ નહતું, હોશીઆર હતો. એ હોશીઆરીનો ઉપયોગ સત્કર્મ કરવામાં ન કરતાં બદી કરી બદનામ મેળવ્યું. દેશી રાજાઓની ખંડણીઓ ઊઘરાવી લઈ જનારા સિપાઇઓ ઉપર ઓચિંતા હુમલા કરી ખજાનો અને હથીઆરો ઘણીકવાર સુરપાળે અને વનરાજે પડાવી લીધાં. એ સાધનવડે શૂરા, હોંશીલા, ભરોસેદાર અને લઠ સાથીઓની સંખ્યામાં સુરપાળે વધારો કર્યો. શત્રુનાં થાણાંઓ ઉપર વધારે વારે અને વધારે જોરથી છાપા મારી શક્યો. ઘણાંક નાનાં થાણાંનાં મકાન બાળી નાંખ્યાં, ને દુશ્મનને ગભરાટમાં નાંખ્યા. તેમણે પણ કલ્યાણીથી વધારે ફોજ મંગાવી ચોદિશાએ જાપતો વધાર્યો, ને ભય તથા લાલચ દેખાડી ગુર્જર રાજાના મિત્રોને ફોડવાને પ્રયત્ન કરવામાં કસર કરી નહિ. બળથી કામ થયું નહિ, કેમકે પહાડો અને જંગલોમાં ગુર્જરોની આગળ તેમનું ફાવ્યું નહિ, પણ દગાથી તેઓનો ઇરાદો લગભગ પાર પડ્યો. ગધાનંદના પ્રમાણિકપણા ઉપર સુરપાળને અને અણહીલને ભરોસો હતો. તેના છળભેદ તેઓ સમજ્યા નહિ. કેટલીક છાની બાતમી આણી આપી પોતાપર તેણે વિશ્વાસ બેસાડ્યો. આખરે એમને પકડાવવાના ગુપ્ત ઇરાદાથી તેણે કેટલોક લાભ ચાવડા રાજાને મેળવી આપ્યો. એક વખત તે તેના ગુપ્ત મુકામે બાતમી આપવા આવ્યો ને ત્યાં કેટલા દિવસ રહેવુંછે તે જાણી લીધું. મધરાત્રે એક પત્ર લખી તેણે પોતાના એ નોકરને શત્રુને ખબર આપવાને મોકલ્યા. એ વેળા અણ-

હીલ ભરવાડ જાગતો હતો તેણે એ વાત જાણી ઝટ ઊઠી બે જોદ્ધા લઈ પેલાની પૂઠે ગયો. વાણું વાતાં એકને ઝાલ્યો, પણ જેની કને પત્ર હતો તે નાઠો. જે પકડાયો તેણે માની દીધું. એક સાસે અણુહીલ પાછો આવ્યો, ને સુરપાળને સમાચાર કહ્યા. જાડા ગધાનંદને ઝાલી ઝાડ સાથે બંધાવ્યો, ને તુરત ત્યાંથી મુકામ ઊઠાવ્યો. ગધાનંદ બ્રાહ્મણ હતો તેથી તેનો ઘાત કર્યો નહિ, પણ મોઢેથી બોલીને કે હાથે લખીને શત્રુને ખબર કરી ન શકે માટે તેની જીભ અને હાથનાં કાંડાં કાપી ચાવડા યુદ્ધાઓ જતા રહ્યા. ત્રીજે દહાડે સોલંકી સેનાની મોટી બળવાન ટૂકડી ત્યાં પેલા આદમીની જોડે આવીને જુએ-છે તો ગધાનંદ વિના ત્યાં બીજું કોઈ મળે નહિ. ગધાનંદની અવસ્થા જોઈ કેટલાક હસ્યા. સેનાપતિએ હાસ્ય કરનારાને ઠપકો દીધો, ગધાનંદને ડોળીમાં સૂવાડી તેને ઘેર મોકલ્યો ને જાગીર અપાવી. ચાવડા ક્યાં ગયા તેની શોધ કેટલાક વખત સૂધી કરી, પણ કાંઈ પત્તો લાગ્યો નહિ ત્યારે નાઉમેદ થઈ પાછો ફર્યો. બંડખોર ચોર હાથ આવ્યા નહિ, એ રીપોર્ટ લખતાં તેને હીણપત લાગી પણ શું કરે લાચાર.

खंड २ जो.

आबुनो राजा. सुंदरकेशी. सुरपाळनुं मृत्यु.

વનરાજ, સુરપાળ, તેમના સાથીઓ અને મદદગારોને આલુકયો લૂંટારા ચોર ને બલવાખોર કહેતા, અને તેઓમાંના જે પકડાયા તેઓને રાજદ્રોહની સજા કરતા. જે ઝલાય તેને શૂળીએ ચઢાવતા, તેનાં ઘરબાર લૂંટી બાળી નાંખતા, તેના કુટુંબને મારી નાંખતા, કે દેશપાર કરતા. વનરાજનું રક્ષણ તેના મિત્રો ઘણીજ સંભાળથી કરતા. બાવન અંગરક્ષકો તેની પાસેથી કદી ખસતા નહિ. તેઓ તેની જોડે શિકારમાં ને યુદ્ધમાં સદા રહેતા; જોડે જમતા, સૂતા, જ્યાં તે જાય ત્યાં જતા, એક ક્ષણ પણ વીસો મૂકતા નહિ; દિશાએ જતો ત્યારે પણ કેટલેક અંતરે આસપાસ ઊભા રહેતા.

તેઓ બાવનવીર કહેવાતા, ને હતા પણ ખરેખરા વીર. તેમનામાંના કેટલાક ગુર્જરપતિના નિકટના સગા હતા, અને બાકીના ગુર્જર દેશની સ્વતંત્રતાના મોટા દૃઢમિત્ર હતા. શરીરે પ્રચંડ, કદાવર, લઠ, અને મહા બળવાન્ યોદ્ધા હતા. પોતાના પ્રાણ તેમણે વનરાજને અને સ્વદેશને અર્પણ કર્યા હતા.

મયત ગુર્જરેશ્વર જયશિખરના કુંવર વનરાજ મહારાજ મોટા થયાછે, અને પોતાના પૂર્વજોની ભૂમિ પુનઃસંપાદન કરવાને પંડે પ્રયત્ન કરેછે, એવી ખબર પડવાથી રૈયત અને રાજા રજવાડા તેને ઉમંગથી સહાય થયા. એથી ભૂવડના કામદારોને દહાડે દહાડે રાજ સાચવવાનું કામ કઠણ માલૂમ પડતું ગયું, ને તેથી તેઓ વધારે સખ્તાઈ કરવા લાગ્યા. ભૂવડ ઘરડો થયો હતો, તેથી જાતે આવી શક્યો નહિ, અને તેના પુત્રોમાં કુસંપ પેઠો હતો તેથી રાજ કમજોર થતું ચાલ્યું. મયણલ્લદેવીના જે શાણા પ્રધાને ધાક અને માયા બંનેનો ઉપયોગ કરી ગુજરાતમાં શાંતિ રાખી હતી તે કેટલાંક વરસ થયાં મરી ગયો હતો, ને તેને ઠેકાણે ઉડભંગરાવ આવ્યો હતો તે ગર્વિષ્ટ, ક્રૂર, અને કાનનો કાચો હતો. આસપાસના કહે તે ઉપર માત્ર ભરોસો રાખી વગર વિચારે કામ કરતો. રાજા કે રૈયત જેના ઉપર વનરાજને આશ્રય આપવાનો શક જાય તેને વગર તજવીજે અને બીન પુરાવે છુંદી મારે. અરજીઓ ઉપર ધ્યાન ન આપે, ને પોતાના અમલદારો કહે તેજ ખરૂં માને. એથી ચાડીઆનું જોર વધી ગયું, નિરપરાધી ભૂમિયા રાજાનાં રાજ્ય જવા લાગ્યાં, તથા શ્રીમંત લોકના માલ લુંટાયા, ને મોટા દરજ્જાના દેશીઓનાં અને કુળવાન લોકનાં અપમાન થયાં. ચાલુક્યો એટલા સરકારી માણસ. તેઓ નજરમાં આવે તેમ કાયદા વિરૂદ્ધ વર્ત્તે, પણ તેમની સામે ફર્યાદ અમલદારો સાંભળે નહિ. તેઓની ફર્યાદ પરથી ગુર્જરોને મારે ને ગેરવાજબી સજા કરે. ચાલુક્યો ખૂન કરે તોએ ગાંડા ઠરાવી, કે ગુર્જરોની સાહેદી માનવાજોગ નથી એમ કહી, કે બીજે બ્હાને તેમને છોડી દે. સોલંકીઓ ઓછે મૂલે કે વગર મૂલે માલ લે, વેઠે પકડે, ને બીજા અનેક જૂલમ કરે.

ઉડબંગરાવને કોઇ નીચ ચાડીઆએ અદાવતથી જૂઠી ખબર આપી કે આબુના રાજા જયમળદેવે વનરાજને ત્રણ દિવસ લગી પોતાના મહેલમાં સંતાડી રાખ્યો, ને પછી લાગ આવે રતોવઈ નસાડી મૂક્યો. આબુપતિને પૂછતાં તેણે સાફ કહ્યું કે એ વાત તદ્દન ખોટી છે, તપાસ કરી મારો ન્યાય કરવો જોઇયે. ઉડબંગરાવે તે ન સાંભળતાં તેનું રાજ જપ્ત કર્યું, ને તેને તથા તેના કુટુંબને નજરકેદ કરી માળવાના જયગઢમાં પૂરી રાખવાનો હુકમ કર્યો. સોલંકી લશ્કરના અમર નામે સામંતને આજ્ઞા બજાવવાને મોકલ્યો.

આબુના રાજાએ મૂગે મોઢે તાબે ન થતાં લડાઈની તૈયારી કરવા માંડી. પણ તેના બાયાત અને પટાવતો આવી મળ્યાની પહેલાં અમરે તેને ઘેરી લીધો. હજૂરીઆ પાંચસેં સ્વાર હતા તેઓ કેસરીઆં કરવાને કબૂલ થયા. રૂપજી નામે નાગર રાજાનો દીવાન હતો તેણે સલાહ આપી કે આપ અને શૂરા ક્ષત્રીઓ જીવતા હશો તો રાજ પાછું મેળવવામાં કામ લાગશો. જીવતો નર ભદ્રા પામે. હું પાછળથી કાંઈક કરવાનો વિચાર કરૂંછું, માટે હાલ તો શરણે જવું દુરસ્ત છે. રજપૂતોને સંશય પડ્યો કે આ નાગર ફૂટેલોછે કે શું. રાજાએ તેમને સમજાવીને કહ્યું કે એ રાજ્યનો ખેરખાહ અને નીમકહલાલ સાચો સેવક છે, જે મનસુબો એણે કર્યોછે તે હાલ ગુપ્ત રાખવાની જરૂર છે. મારી એકનીએક કુંવરી સુંદરકેશી છે તેને બની શકે તો રાજ્ય પાછું અપાવજો. હું એકલો શત્રુ ઉપર પડી જેટલા વઢાશે તેટલા વાઢી રણમાં પડીશ ને સ્વર્ગે જઇશ. દીવાને તેને વાર્યા. શત્રુની મોટી સેનાની સામે એક કે થોડા યુદ્ધા લડી વ્યર્થ પ્રાણ ખોશે ને આપણી મોટી મતલબ પાર નહિ પડે. માટે પગે લાગી વિનંતિ કરૂંછું કે હાલ એમ નહિ કરવું, મહારાજ. રાજા કહે મારા કુળને લાંછન લાગે; લડ્યા વગર રાજ કેમ ખોવું. દીવાન કહે મહારાજ, સમય પ્રમાણે વર્તવું એમ શાસ્ત્રમાં લખ્યુંછે. ઘંટી તળે હાથ આવ્યો તો કળાથી કાઢવો. હાલ યુક્તિનું કામ છે, બળનું નથી. નગરશેઠની તથા રૈયતમાંના બીજા શાણાપુરૂષોની પણ એવી સલાહ હતી માટે રાજાએ તે મોટા ખેદ સાથે સ્વીકારી.

ચાલુક્ય ફોજ નગરમાં પેઠી તેવારે લોક બારી બારણાં વાશી ઘરમાં ભરાઈ બેઠાં. તેમણે દુકાનો બંધ કરી. શેરીઓ અને ચૌટાં સુનકાર થઈ ગયાં. રાજમંદીરને ઉમરે રાજા અમરને મળ્યો, ને સતકાર કરી દીવાનખાનામાં તેડી ગયો. અહીં રાજ્ય તેને સ્વાધીન કરતી વેળા શોકાતુર મુખે ને જળ ભરેલાં નેત્રે તે બોલ્યો કે "મારી પ્રજાનું પાલન કરજો." અમરનું હૃદય દયાથી ભરાયું. રાજાને નમી તે કહે "મહારાજ હું દિલગીર છું, સરકારનો હુકમ મારે બજાવવો જોઈએ." રાજા કહે ઈશ્વરી ઈચ્છા. બીજે દહાડે અમરે પોતાની સાથેના લશ્કરના બે સરખા ભાગ કર્યા, ને તેમાંનો એક પોતાની પાસે રાખી, બીજાને પદભ્રષ્ટ આબુપતિને લઈ જય ગઢ ભણી રવાને કર્યો. સેવક હોય તેમ રાજાની રૂબરૂ વર્ત્તી માન આપ્યું, ને શહેરના દરવાજા સૂધી વળાવવા ગયો. રાજા રૂપાળે ઘોળે ઘોડે બેઠો, તેની પાસે તેનાથી નીચે ઘોડે જમણે હાથે અમર અને ડાબે હાથે રૂપજી દીવાન, પાછળ એક સુખપાલમાં રાણી ચંદ્રમુખી, અને બીજીમાં કુંવરી સુંદરકેશી, મોખરે ને પૂઠે પુષ્કળ સોલંકી સ્વારો, એવું સરઘસ નગરમાંથી ગયું તેવારે ઘેર ઘેર કાણુ આવી હોય તેવું થઈ રહ્યું. બારીએ અને ઓટલે ઊભેલા લોક રૂદન કરતા હતા. પ્રજા રોતી જોઇ રાજાનો જીવ બહુ બળ્યો, ને તેની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. સુંદરકેશીપર લોકોનો પ્રેમ ઘણો હતો. તેને જોઇ કેટલીક સ્ત્રીઓ બોલી કે "પીટયા એને શીદ લેઇ જતા હશે! એ તો અમારી આંખની કીકી છે. ભુંડા એને તો અમારી કને રહેવા દો." તેની દાસીઓ કલ્પાંત કરી છાતી કૂટે. રજપૂતોની આંખો ક્રોધથી લાલ થઈ. વાર લાગવાથી માણસના જીવની હાનિનો જોગ જણાયાથી ઉતાવળે જવાની આજ્ઞા અમરે સ્વારોને કરી. ભાગોળ બહાર નીકળ્યા પછી તમાશગીર લોકને પાસે આવવા ન દીધા. બંને બાજુએ બે ખેતરવા સૂધી કોઇને માર્ગમાં રહેવા દીધા નહિ તેથી કાંઈ હંગામો થવા પામ્યો નહિ. રૂપજી દીવાન પાદરેથી રાજાને નમસ્કાર કરી પાછો વળ્યો ને કોણ જાણે ક્યા ગેબ થઈ ગયો.

જયમલ રાજાને લેઇ જનારી ફોજ ગૂજરાત અને માળવાની હદના પહાડી જંગલમાં રાતવાસો રહેવાને ઠેકાણે આવી. ચાર ઘડી

દહાડો બાકી હતો. ઊંચી જમીનપર ચાલુક્ય સેનાપતિ અને દેશનિકાલ રાજાના તંબુ જોડે તાણ્યા હતા તેમાં તેઓ આવી ઊતર્યા. તેમની ચારે બાજુએ તંબુઓ અને રાવટીઓ ઘણે દૂર સુધી નજરે પડતી હતી. કેટલાક સિપાઈ ઘોડાની ચાકરી કરતા હતી; કેટલાક ઘોડાને પાણી પાતા હતા; કોઇ નહાના ધોતા હતા; કોઇ ચૂલો સળગાવતા હતા; કોઇ રોટલા ઘડતા હતા; કોઈ બજારમાંથી આટો, ચોખા, મસાલો, ચણા વગેરે જેને જે જોઇએ તે લેતા હતા. છાવણીની આસપાસ પહેરો કરવાને રાખેલા સિપાઇઓના નાયકે સેનાપતિને સંદેસો મોકલ્યો કે પાછલે મુકામે રહેલા ડેરા તથા સામાન સાચવવાને રહેલા સ્વારો આવતા દૂર નજરે પડેછે. એમ અહીં સુધી ક્ષેમકુશળ આવ્યાથી સેનાપતિના માથાનો ભાર ઊતર્યો. આવતી કાલે ગુજરાતની હદ છોડી માળવાના મેદાનમાં ઊતરીશું એટલે ગંગામાં નાહ્યા. આ વિકટ વન અને અજાણ્યા ડુંગરામાં શુરપાળ અને વનરાજની મોટી દહેશત હતી. સપાટ દેશમાં તેમના ભાર નથી પણ આ પહાડી ધરતીમાં એ લૂંટારાઓનું વધારે ફાવે. સુબેદાર કહે હાજી, ખરૂં કહોછો; પણ હવે ધાસ્તી નથી. એમ વાત કરેછે એટલામાં ખબર આવી કે શત્રુનું મોટું ટોળું ચારે તરફથી ફોજ ઉપર ધશી આવ્યુંછે. સેનાપતિએ સજ થવાનું સીંગું ફુંકાવ્યું; ને પંડે ઘોડે ચઢ્યો. ગુર્જરોનો હુમલો એટલો જોસ્સા ભરેલો અને એવો જબરો હતો કે સોલંકી સેનાને મીસલમાં ગોઠવવાનો વખત મળ્યો નહિ ને છાવણીમા ગભરાટ થયો.

ગુર્જરોનું લશ્કર આં વેળા એમનાથી વધારે હતું, ને કસાયલા સરદારોના હાથ નીચે પ્રથમથી રચેલી યુક્તિ પ્રમાણે મરણિયું થઇ વઢ્યું. સોલંકી સેનાપતિ અને સેનાનો મોટો ભાગ રણમાં પડ્યો. અંધારૂં ન થયું હોત તો તેમાંનો કોઇ ભાગ્યે જીવતો જાત.

ગુર્જર ફોજની એક ટૂકડીએ રાજા જયમલનો તંબુ ઘેરી લેઈ તેને નિર્ભય કર્યો. પૂરો જય મેળવી વનરાજ, સુરપાળ, અને રૂપજી દીવાન આંબુપતિના ડેરામાં આવ્યા. રૂપજી પોતાના સ્વામીને પગે લાગી બોલ્યો આપ હવે બંદીવાન નથી. આ વનરાજ મહારાજ

અને એમના મામા રાજા સુરપાળ કૃપા કરી આપણી વહારે ધાયા છે. જયમલ ઊઠી મામા ભાણેજને ભેટચો. રાણી ચંદ્રમુખી કમરથી માથા સૂધીનું અંગ જરા નમાવી માન આપી બોલી, “મહારાજ અમારી લાજ આપે રાખી, ને હવે પછી રાખશો. મારા સ્વામીને વૃદ્ધાવસ્થામાં કારાગૃહથી ઉગારનાર છો.” વનરાજની હમેશની સભ્યતા આ વેળા ગુમ થઈ ગઈ. રાણીને વિવેકથી ઉત્તર ન આપતાં સ્તબ્ધ થઇ ગયલો દેખી સુરપાળ તેને હાથ લગાડી બોલ્યો રાણીસાહેબ કહેછે તે સાંભળ્યું ? વનરાજ ભાનમાં આવી કહે “હું ભૂલ્યો, રાણીસાહેબ, મારૂં લક્ષ બીજામાં હતું તે ક્ષમા કરો.” રૂપજી કહે રાણીસાહેબ કહેછે કે રાજા સુરપાળજીએ ને આપે અમારા ઉપર બહુ મહેરબાની કરી. વનરાજ કહે જયમલ દેવે મારા પિતાની પુષ્કળ સેવા બજાવી છે. માટે એમની વારે ધાવું એ અમારો ધર્મ છે. આપ એટલેથી કેમ ધરાયાં ? જયમલજીને એમના પૂર્વજોના રાજ્યાસને પાછા બેસાડીશું ત્યારે અમને ટાઢક વળશે. સુરપાળ કહે પરમેશ્વરની સાહેતાથી તે પણ થશે. સુંદરકેશી ભણી જોઈ રાણી તેના કાનમાં કહે કેમ બેન તને શું થયું ? તારી લાયકી ક્યાં ગઈ ? તુ જડ કેમ બની ગઈ ? ચમકીને જાગૃત થઈ કુંવરીએ નમસ્કાર કર્યો. રાણી નમીને બોલ્યાં—મહારાજ આ મારી કુંવરી આપને નમસ્કાર કરેછે. વનરાજ કહે “એણેજ મને દિગ્મૂઢ કર્યો. વાહવા ! કન્યા કેવી સુંદર છે ! કેવી અનુપમ રૂટડી છે !” જુવાન મહારાજના એ બોલ સાંભળી કુંવરીએ લજવાઈ નીચી દૃષ્ટિ કરી. એ ક્ષણે વનરાજના અને તેના પ્રેમની ગાંઠ બંધાઈ. વનરાજ ભૂલ્યો નહોતો. કુંવરીના રૂપમાં મણા નહતી. અતિ સુંદર કાંતિની જોડે તેનો સ્વભાવ અને તેનાં લક્ષણ સ્તુતિપાત્ર હતાં. મીઠી વાણીની સાથે સકળ ગુણ સંપૂર્ણતા તેનામાં હતી. બાઈ ભણેલી ને ગાયન શીખેલી, વિદ્યાપર ને સદ્ગુણપર પ્રીતિવાળી, સુનીતિવાન ને શરમાળ હતી. પૂર્વે તેણે વનરાજને નજરે દીઠો નહોતો, પણ તેનાં પરાક્રમથી અજાણી નહતી. જેને જોવાને કન્યાનો જીવ વખવખતો હતો તેનાં દર્શન એકાએક થવાથી તે થોડીવાર દંગ થઈ ગઈ.

આબુરાજના રજપૂતો તેમના ધણીને સલામ કરવા આવ્યા છે, એમ છડીદારે આવી જાહેર કર્યું કે જયમલ વિસ્મિત થયો. બાહાર આવી જુએછે તો, ફૂટાયા, નીમકહલાલ પઠાવતો, અને તેમના હાથ નીચેના રજપૂતો નીગળતે હથીઆરે, લોહીથી ખરડાયલા, કોઈ ઘવાયલા, કોઈ ટોપ વગરના, ને કોઈ ઘોડા વગરના ઊભેલા દીઠા. રાજાને જોઈને તેની તેઓ જે બોલ્યા. રાજા કહે શું તમે આ સંગ્રામમાં હતા? રજપૂતો કહે હા મહારાજ. મસાલ જોડે લઈ રાજા રાણી સૌને મળ્યાં. એ જોઈ ગુર્જરેશ્વરને આનંદ થયો. એમને એકઠા કરી ગુર્જર રાજાને જઈ મળવાની વિગત દીવાન રૂપજીએ જયમલને કહી. જમવા બેઠા ત્યારે ને જમ્યા પછી સુરપાળે ત્યાર પછીની હકીકત કહી. ગૂપચૂપ સંતાતા જંગલોને રસ્તે સોલંકી ફોજની પૂઠે આવ્યા, અને લાગ જોઈ તેનાપર યાહોમ કરી પડ્યા, તેનું વર્ણન સાંભળી જયમલદેવ બહુ હરખાયો. સર્વેને તેણે ઘણી સાબાશી આપી.

હારેલી સેનાનું પાછળ મૂકેલું ધન, ડેરાતંબુ, હથીઆર, લૂગડાં, ઘોડા, અન્નાદિક માલ પુષ્કળ હતો. સુરપાળે પોતાના તથા આબુના સઘળા યોદ્ધામાં તે ઘટારત પ્રમાણે ઉદાર મને વહેંચી સૌને રાજી કર્યા. આ જયથી ગુર્જર રાજાનું બળ વધ્યું. વધારે જોરપર આવી તેણે દુશ્મનને વધારે હેરાન કર્યા. ઘણાંક થાણાં માર્યાં ને ભંડાર લૂંટચા. રાત્રે મુકામ કરે ત્યારે ચંદ્રમુખી અને સુંદરકેશી આગળ પોતાપર પડેલી આફતો વનરાજ વર્ણવે. તેનાપર પડેલાં દુઃખ, ભય અને સંકટોનો હેવાલ સાંભળી સુંદરકેશી આંસુ ઢાળે; તેઓમાંથી કેમ બચ્યો તે જાણે ત્યારે અચરત પામી હરખાય. શત્રુને હાથ પકડાવાની, કે કતલ થવાની લગભગમાં હોયાના પ્રસંગ વર્ણવે તેવારે તેના હોશ ઊડી જીવ તાળવે જાય. તેના બચવાની ને જયની કથા સાંભળી મગન થઈ પ્રફુલ્લિત થાય, ને ઈશ્વરનો મનમાં પાડ માને. વનરાજને ચમત્કારી મહાપુરૂષ ગણે; તેની સમાન આખી પૃથ્વી ઉપર બીજો નરેશ નથી એવું તેણીના મનમાં ઠસ્યું. વનરાજની છબી ક્ષણવાર કન્યાના મનમાંથી ખસે નહિ. કુંવરીને પ્રસન્ન કરવાને વનરાજ ઉપરા છાપરી સ્વારીઓ કરે. મુખ આગળથી વનરાજ જાય

ત્યારે કુંવરી ઉદાસ થાય; ને ખૂણે જઈ માબાપ ના જાણે તેમ રડે. વખતે રડેલી આંખો પકડાઈ જાય ત્યારે તેની મા (ખરૂં કારણ તો વનરાજને માટે ચિંતા તે જાણ્યા વિના) છાતીએ ચાંપી કહે મારી બાઉકી વનવાસની આપદાથી પ્રભુ છોડાવશે. એમ કહી રાણી પણ લોચન ભરે. વનરાજ ક્ષેમકુશળ ને યશ મેળવી પાછો આવે ત્યારે સુંદરકેશીનો જીવ નીચે બેસે, ને તેનું વદન હસતું થાય.

વનરાજની ચડતી થતી ચાલી તેવામાં તેનો એક મોટો જબરદસ્ત ટેકો પડી ભાગ્યો. સુરપાળના પેટમાં કાંઈ વ્યાધિ થયો તે કોઈ ઉપચારથી મટ્યો નહિ. તે એટલો નબળો થયો કે જીવવાની આશા રહી નહિ. અંતકાળે તેણે પોતાના મિત્રોને ભાણેજની સુંપરત કરી. પછી સંસારમાંથી મન કાઢી નાંખી પ્રાણ જતાં સુધી પરમેશ્વરના ધ્યાનમાં લગાડયું. છેવટસુધી સુનીતિમાં રહી પોતાનાં કર્તવ્ય કર્મ કરી ક્ષત્રી ધર્મ પ્રમાણે સાચવટથી વર્ત્તી તેનો નિર્દોષ આત્મા શાંતિ પામી સરજનહારની હજૂરમાં ગયો. જેવાં સત્ અને મહાન્ કર્મોથી સુરપાળ પ્રતાપી, ને સ્તુતિપાત્ર થયો તેવાંજ તેણે વનરાજને શીખવ્યાં. ગુર્જર રાજ્યનું અને ચાવડાવંશનું પુનઃસ્થાપન થવાનાં મુખ્ય કારણોમાંનું એક તે હતું. બાલ્યાવસ્થામાં રૂપસુંદરી અને શીળગુણસુરીએ વનરાજનું મન સદ્માર્ગે વાળ્યું, અને પછી સુરપાળે તેજ રસ્તે તેને બોધ અને અનુભવથી ચલાવી દૃઢ કર્યો. આ શીખામણ સઘળા વડીલે લેવી. પુત્રોને સદુદ્યોગ, પરાક્રમ, અને સદાચરણની વાટે જતા પંડે શ્રમ લઇને કરવા.

ખંડ ૩ જો.

વેપારી શેઠ ચંપો. નવાં સંકટ. શેલભ્રતની પદવી અને જાગીરો.

વનરાજને સુરપાળની મોટી હુંફ હતી. તેની શીખવણી પ્રમાણે વનરાજ વહીવટ કરતો. હવે પોતાની અકલ પ્રમાણે તેને કરવું પડ્યું. તેના મરણથી વનરાજને માથે અંતના સગામાં કોઈ પુરૂષ નહોતો. ચંપો નામે વાણીઓ, સુરપાળનો મુખ્ય અને ડાહ્યો કારભારી હતો:

તેના વડવા ગુર્જર રજપૂત હતા, પણ દાદાને જુવાનીમાં કોઈ જતીનો સંગ થયો અને બોધ લાગ્યો તેથી હથીઆર છોડી તે વાણીઓ થયો. ચંપાનો બાપ શિવને પૂજતો અને પારસનાથને નમતો; મેશ્રીનો અને શાવકનો બંને ધર્મ પાળતો; ને મોટો સાહસિક વેપારી હતો. ચંપાના મનનું વલણ બચપણથી ક્ષત્રીધર્મ ભણી હોઈ જેમ તે મોટો થતો ગયો તેમ તેના અંગમાં રજપૂતનો જોમ વધતો ગયો. યુદ્ધની વાતો સાંભળી તેનાં રોમ ઊભાં થઈ તેનું મન ઉશ્કેરાય, નાડીઓમાં લોહી ઉતાવળે દોડે, ને આંખો લાલ થઈ શૂર છૂટે. વાણીઆને છાજે નહિ એવી તેની મનોવૃત્તિ જોઈ બાપે તેને ઘણી શીખામણ દીધી, ને વેપારમાં તેનું ચિત્ત પરોવવાને પરદેશ દુકાને મોકલ્યો. અહીં ડાહ્યા માણસની સોબત થયાથી તેનું ડહાપણ વધ્યું. હિસાબ કીતાબમાં તે કાચો નહતો. પ્રાકૃત ને થોડું સંસ્કૃત ભણ્યો હતો. વેપાર શીખ્યો પણ મૂળ સ્વભાવ બદલાયો નહિ. સ્વદેશ સ્વતંત્રતાનો અને સ્વદેશાભિમાનનો જોશ તેના બાપમાંએ હતો તેથી તે સુરપાળને અને વનરાજને ધન મોકલતો અને પોતાને ઘેર ઉતારો આપતો. ચંપા શેઠે એથી વધારે કર્યું. પિતાના મરણ પછી રાજ્યભક્તિ અને સ્વદેશ પ્રીત્યર્થે તન મન ને ધન તેણે જુવાન રાજાને અર્પણ કર્યું, અને બારવટામાં જોડે આવવાની વિનંતિ કરી, તે સુરપાળે ખુશીથી સ્વીકારી. સુરપાળના ગુરૂપણા નીચે તે યુદ્ધકળામાં ચતુર અને કુશળ થયો. શરીરે બહુ બળવાન ન હતો, પરંતુ શૂરાતનમાં કોઇ રજપૂતથી ઊતરે નહિ. ઊપજ ખરચના હિસાબ રાખવામાં, કાગળ પત્ર લખવામાં, રાજદ્વારી કામકાજ અને યુક્તિઓમાં તથા લોકને સમજાવવામાં તે ખબરદાર થયો. એવો બુદ્ધિમાન જોઈ સઘળો કારભાર સુરપાળે તેને સોંપ્યો. આ ઓદ્ધાપર તેને કાયમ રાખી પાવાગઢને મુકામે દરબાર ભરી વનરાજે તેને મંત્રીશ્વરની પાઘડી બંધાવી સરપાવ કર્યો. આ દરબારમાં તેણે પોતા સંબંધી પણ ખૂબ ધામધૂમ કરી. મૂગટ, છત્ર, ચમર, દંડાદિક રાજ્યચિન્હો તેણે અહીં ધારણ કર્યાં; સામંતાદિ અધિકારી નીમ્યા, તેમને સરપાવ આપ્યાં, અને ભાટ બ્રાહ્મણાદિક માગણોને દાન દીધાં, ને જેજેકાર

વર્તાવ્યો. યાદગીરીને માટે તેણે અહીં કીર્તિસ્તંભ બંધાવ્યો. હવેથી તે રાજ્ય ડોળ અને રાજ્ય ભભકાથી રહ્યો.

આનંદ ઓચ્છવ થઈ રહ્યો તેથી સુંદરકેશીનું હૈયું હર્ષથી એટલું ફૂલ્યું કે જાણે ફાટી જશે. પણ અફસોસ ! એ આનંદ ક્ષણિક હતો. શત્રુએ આવી તેનો ભંગ કર્યો. સોલંકી લશ્કરની હાર અને પદભ્રષ્ટ કરેલા આબુપતિના છૂટકારાના સમાચાર જાણી ઉડભંગરાયે સબળ સેના વનરાજનો નાશ કરવાને મોકલી. અણહીલનો અને ચંપાનો અભિપ્રાય એવો હતો કે દુશ્મનની ફોજ આ વખતે ગુર્જર ફોજથી વધારે બળવાન છે માટે સંગ્રામ ના કરતાં વીખરાઈ જવું. વનરાજે તે કબૂલ રાખ્યો, ને લશ્કરને જુદે જુદે ગુપ્ત સ્થળે રવાને કરી જયમલદેવને લઈ પંડે પોતાના બાવન વીર અને બીજા કેટલાક સ્વારોની સાથે નર્મદા તરફ ચાલ્યો. ચાલુક્યોએ તેનો કીર્તિસ્તંભ પાડી નાંખ્યો ને ઘણાંક ગામ બાળ્યાં. વનરાજને ખોળવાને તેઓ બહુ ભટક્યા ને પહાડી રાનમાં પીડા પામ્યા, પણ તે હાથ આવ્યો નહિ. નર્મદા ઊતરતાં તેમની એક ટૂકડીએ તેને પકડી પાડ્યો. જયમલદેવ, તેનું કુટુંબ, અને કેટલાક સ્વારો પાર ગયા ને પંડે પાણીમાં પેસેછે તેવામાં શત્રુના સ્વારો તેણે આવતા દીઠા. તુરત ભૂમિઆ આપી આબુના રાજકુટુંબને સંતાવવાની જગાએ મોકલી દીધું, ને ચાલુક્યોને ખાળવાને પંડે લડવા ઊભો. એમ ન કર્યું હોત તો સંતાવવાને ઠેકાણે તેઓ ગયા વિના રહેત નહિ. પોતાના સ્વારોને મોખરે થઈ શત્રુ ઉપર હૂમલો કરી તેમને નસાડ્યા. તેઓ ફરી પાછા આવ્યા. એ ટક્કર ઝીલતાં વનરાજ ઘોડેથી પડ્યો, ને સોલંકી અશ્વો તેના અંગ ઉપર થઈ આગળ વધ્યા. સુભાગ્યે એ વેળા તેને અંગે રાજ્યશણગાર નહતો; બાવનવીરોનાં જેવાં કવચ ટોપ તેણે પહેર્યા હતાં તેથી ઓળખાયો નહિ. તેને ઊઠવાનો લાગ મળે માટે ચાવડા સવાર પાછા હઠયા એટલે સોલંકી સવારો તેમની પાછળ ધાયા. ગુર્જર જોદ્ધા ઊભા રહી વઢયા. ભાલાથી ઝપાઝપી ચાલેછે અને તરવાર ઊછળી રહીછે તેવામાં બાવન વીરોમાંના કેટલાક વનરાજને લેવા પડખે થઈ પાછળ ગયા. વનરાજનો ઘોડો

ઘવાણો થઈ પાસે પડ્યો હતો તેથી તેમાંના એકને ઊતારી વનરાજ તેની ઘોડીએ ચડ્યો, ને શત્રુને પાછળથી ગભરાવવાને ઝટ ધસ્યો. એનું પરિણામ તેના ધારવા પ્રમાણે થયું. આગળના અને પાછળના મારથી અકળાઈ દુશ્મન ડાબી બાજુએ નાઠા. તેમને કેટલેક સૂધી વળાવી વનરાજ પાછો ફર્યો ને પોતાના મિત્રોને જઈ મળ્યો.

જયમલદેવ અને ચંદ્રમુખી ઉદાસ અને શોકાતુર થઈ બેઠાં હતાં, અને સુંદરકેશીની આંખોમાંથી મોતી જેવાં આંસુ ખરતાં હતાં તેવામાં વનરાજ આવ્યો. આસુપતિ ઊઠી તેને ભેટ્યો ને બોલ્યો "આપ સપૂત ખરા, આપે કુળને તાર્યું, ને પૂર્વજોની લાજ વધારી. ધન્ય છે જયશિખર અને રૂપસુંદરી તમને કે તમે આવા પરાક્રમી કુંવરને જન્મ આપ્યો" । વનરાજે નમી એ સ્તુતિ માન્ય કરી. જમ્યા પછી વિચાર કર્યો કે અહીં રહેવું નહિ. આ છાનું સ્થળ વેરીઓના જાણવામાં નથી, પણ આપણે આટલામાં છીએ એ તેમને માલૂમ પડ્યું, માટે અહીંથી મોટી સવારે ઊપડવું. જયમલદેવને વનરાજે કહ્યું કે આપે સકુટુંબ છૂપે વેશે મારા મિત્રોમાં જઈ સંતાવવું. ચંપોશેઠ આપને તેડી જશે. રાજા કહે આ બે સ્ત્રીઓને મોકલો, ને મને આપની હારે રહેવા દો તો શી હરકત છે ? હું યુદ્ધ કરીશ. ચંપો કહે મહારાજ હરકત તો કાંઈ નથી, ને આપની બહાદુરીથી અમને લાભ થશે, પણ આપ વૃદ્ધ છો, બારવટામાં મોટાં કષ્ટ વેઠવાં પડે છે તેનો કાંઈક અનુભવ આપને થયો; ટાઢ, તડકો, વરસાદ, ભૂખ, તરસ, અથડામણ ને શ્રમ ખમવાને યુવાવસ્થા વધારે યોગ્ય છે, જયમલ વધારે હઠ કરાવી નહિ. ચંપો તેમને લઈ શ્રીમાલપુર ગયો ને શ્રીદેવીના ઘરમાં તેમને સંતાડી આવ્યો

મોટી સોલંકી ફોજ નર્મદા ઓળંગી તેની પાછળ લાગી. રાજપીપળાના ડુંગરોમાં અને શુળપાણની વિકટ ઝાડીમાં વનરાજ ભરાયો. ચંપાએ ભરૂચ ઉપર હુમલો કર્યો તે જાણી એ ફોજ તેના રક્ષણે ગઈ, એટલે વનરાજે સૂર્યપુર કબજે કર્યું, ને તેના રણજીત નામે સામંતે ખંભાતનું થાણું માર્યું. ગૂજરાતના દક્ષિણ ભાગમાં મચાવેલું ફિતૂર સમાવવાને ઉડભંગરાયે કાઠીઆવાડના લશ્કરનો

મોટો ભાગ ત્યાં મોકલ્યો. વનરાજ અને તેના સાથીઓ હવે કાઠીઆ- વાડમાં ગયા. ઉદભંગરાયે નવું લશ્કર મોકલવાને પોતાના સ્વામીને કલ્યાણી પત્ર લખ્યાં. ભૂવડે તેની બદલી કરી તેને ઠામે અમર સા- મંતને નીમ્યો. અમરને આજ્ઞા કરી કે વનરાજ જોડે સલાહ કરી સામ, દામ, અને ભયથી એને વશ કરો.

ભૂવડ ઘરડો થયો હતો ને સંધિવાથી તેના જમણા હાથના સાંધા રહી ગયા હતા. મરવા પહેલાં ઉજ્જણ જઈ મહાકાળેશ્વર મહાદેવનાં દર્શન કરવાની તેને ઇચ્છા થવાથી તેના પ્રધાને અમરને લખ્યું કે "મહારાજ જોડે મોટી સેના માળવે જવાની છે માટે ગૂ- જરાતમાંનીજ ફોજ કાંઇક મંગાવવી પડશે તો નવી ક્યાંથી મોકલી શકાય. વનરાજને લૂંટારો બંડખોર ગણી આજ સુધી સતાવ્યો, પણ હજી તેનો નાશ થયો નથી ને દિવસે દિવસે તે બળવત્તર થતો જાય છે. સુરપાળના મરણથી લાભ જરાએ થયો નથી. મામાથી ભા- ણેજ સરસ નીકળ્યો જણાય છે. મહારાજની જાત્રા સમે એની ત- રફનો ભો ન રહે તો ઠીક, માટે કાંઈ ઓહ્દો અને જાગીરોથી તે મનાય તેમ કરવું." આ હુકમ અમલમાં લાવવાને અમરે વહી મોકલી. વનરાજને કહાવ્યું કે આપને શેલભતનો ઓહ્દો અને મોટી જાગીરો લઈ સલાહ કરવાની ખુશી હોય તો હું કલ્યાણીના દર- બારમાં ગોઠવણ કરૂં.

આનો ઉત્તર દેવાને વનરાજે પોતાના મંત્રીઓની સભા કરી. મંત્રીઓ મનમાં સમજતા હતા (પણ મ્હોડે કહ્યું નહિ) કે રાજ લે- વાના પ્રયત્નો કરતાં ઘણાં વરસ વીત્યાં તોપણ વનરાજ હજી વન- નાજ રાજા રહ્યા છે, હાલ સોલંકીઓને કાઢી મૂકાય તેવું દીસતું નથી, માટે આ લાગ જવા દેવો નહિ. વનરાજને કહેણ કબૂલ કરવાનું મોટું કારણ જુદું હતું. તેને અનુભવથી જણાયું કે ગુર્જર રજપૂતોમાંના ઘણા શ્રાવક થયા છે તેથી જોઇએ તેટલા જોદ્ધા મળતા નથી. જાગીરો મળે ને રહેવાનું ઠામ ઠેકાણું થાય તો ઉત્તર- માંથી બીજા ગુર્જરોને બોલાવી શકાય. લડવૈયાની ઝાઝી સંખ્યા થાય તો વધારે જય મળે. એમ જુદાં કારણોથી રાજા મંત્રીના અભિ-

ભિપ્રાય એક થયા, પણ ઉદાર વનરાજે હઠ પકડી કે આબુના રાજાને તેનો મૂલક પાછો મળે તોજ એ શરતે દોસ્તી કરવી. ચંપાશેઠે એ પ્રમાણે અમરના કારભારીને જણાવ્યું. અમરે કલ્યાણીના મંત્રીશ્વરને પૂછાવ્યું. ત્યાંથી જવાબ આવ્યો કે ભૂવડ મહારાજ આબુની જાત્રાએ આવશે તેવારે જયમલ્લદેવને તેની ગાદી પાછી આપવામાં આવશે એવી કબૂલાત આપો.

હવે સલાહ થવામાં અડચણ રહી નહિ. અમરે વનરાજને કહાવ્યું કે પ્રભાસના સોમેશ્વર મહાદેવના રખવાળનું કામ અને તેના તાબાનાં ગામ ખુશી હોય તો તમે લો. વનરાજે જવાબ આપ્યો કે તેપર સોરઠના રાજાનો હક્ક છે માટે તે ન લઉં. અમરે પછી તેને સરસ્વતીને કાંઠે મૂલક આપી રાજી કર્યો. ગૂજરાતમાં એમ ઘણે વરસે શાંતિ થઈ. એથી ભૂવડ ગૂજરાતમાં પણ જાત્રા કરવા આવ્યો. જૂઠા પ્રતાપના લોભે, જગત્માં પરાક્રમી કહેવડાવવાને, ને કીર્ત્તિ પ્રાપ્ત કરવાને તેણે ઘણા દેશોને છૂંધા હતા. તેના અન્યાયી લોભથી, તેના અહંકારથી, અને તેના ઉન્મત્તપણાથી ઘણી લડાઈઓ થઈ, ને તેમાં હજારો માણસના ઘાત થયા, હજારો આદમી પાયમાલ થયા, હજારો બૈરાં અનાથ ને છોકરાં નબાપાં થઈ રવડી મુઆં, ને લાખો માણસના નિસાસા તેના ઉપર પડ્યા. આ બધા પાપનું ભાન હવે તેને ઘડપણમાં થયું ને તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એ પાપથી મુક્ત થવાને તીર્થયાત્રા કરવા નીકળ્યો. મહાકાળેશ્વરનાં દર્શન કરી ઓંકારનાથ માનધાતાની જાત્રા કરી, ને નર્મદાને કાંઠે કાંઠે ભરૂચ આવી શુક્લતીર્થે થઈ સમુદ્ર વાટે પ્રભાસ ગયો. તેની ફોજ પગ વાટે ત્યાં તેની અગાઉ આવી હતી. સોમેશ્વરની જાત્રા કરી તે દ્વારકાં ગયો. ત્યાંથી પંચાસરમાં આવી ગૂજરાતના ખંડીઆ રાજારાણાને મળવાને દરબાર ભર્યું. નજરાણું આપ લે થયા કેડે રાજમંડળને રાજી કરવાને એક વરસની ખંડણી માફ કરી. ત્યારપછી સરસ્વતીને કાંઠે માનું શ્રાદ્ધ કરી, આરાસુરની અંબાભવાનીને પગે લાગી આબુએ ગયો. ત્યાં જયમલદેવને તેડાવી તેનું રાજ્ય અચળેશ્વર મહાદેવને અર્પણ કર્યું, અને તેનો વહીવટ તથા રખોપું તેને

સોંપી પોતાને હાથે ચંદ્રવતી નગરમાં ગાદીએ બેસાડ્યો. પાંચ હાથી અને પાંચસેં ઘોડાથી લડાઈ સમે નોકરી કરવાની શરત માત્ર કરી તે આબુથી કાશી ગયો. ગંગાસ્નાન અને વિશ્વેશ્વરની પૂજા અને મોટાં દાન કરી પોતાના તાબાના માળવા દેશમાં આવ્યો. મહાકાળેશ્વરની જાત્રા કરતો હતો તેવામાં તેનો રહી ગયલો હાથ સાજો થયો. મહાકાળેશ્વરની કૃપાથી રોગ મટ્યો એમ માની તેણે આખો માળવા દેશ શિવાર્પણ કર્યો, અને તેનો અમલ મહાદેવની વતી કરવાને પરમાર રજપૂતોને સોંપ્યો.

खंड ४ थो.

वनराजनी तैयारी. सुलेहनो भंग. मोटुं युद्ध. कल्याणीथी नवा सैन्यनुं आववुं. पंचासरनुं दहन. वनराजनो पराजय, ने जंगलमां नासवुं. फरी प्रयत्न. भूवडनुं मृत्यु. वनराजनो जय.

રાજા ભૂવડ ગૂજરાતમાં આવ્યો ત્યારે જાગીરી પરગણાં ચંપા મંત્રીને સોંપી અણહીલને જોડે લઈ વનરાજ જાત્રાને મશે ઉત્તરના દેશોમાં ગયો. કાશી, ઉજ્જનાદિક ધર્મક્ષેત્રોમાં પુણ્યદાન કરી પોતાનાં પાપ ધોવાના કામમાં કલ્યાણીશ્વર મચ્યો હતો, તેવારે વનરાજ ગુર્જરોના મૂળ ધામમાં જઈ જોદ્ધા ભેગા કરતો હતો. કનકસેનના અસલ દેશ પંજાબમાં અને આસપાસના પ્રાંતોમાં હજી ગુર્જરોની મોટી વસ્તી હતી, કનકસેનનો વંશજ અને સ્વજાતિનો જાણી ગુર્જરોએ તેને માન આપ્યું, અને તેના ઉપર માયા કરી. કનકસેન સંબંધી વાતો હજી ઘરડા ગુર્જરો કરતા. ચાલુક્યોનું અપહરણ અને ગુર્જર નામને કરેલું અપમાન જાણી ક્રોધાયમાન થઈ તેઓમાંના ઘણાક જુવાનીઆ વનરાજને સહાય થવાને ઊભા થયા. કેટલાંક પરાક્રમો કરી મોટાઈ મેળવવાની હોંશથી, અને કેટલાક ભૂમિ, ધનાદિકની લાલચથી વનરાજ જોડે આવવાને તૈયાર થયા. વનરાજે એ સ્વજાતિ શૂરવીરોની નાની ટોળીઓ કરી પોતાના માણસો જોડે છૂટી છૂટી ગૂજરાતમાં મોકલી; કેમકે તેઓ જથાબંધ

જાય તો સોલંકી સરકારના જાણવામાં આવે ને આ યુક્તિને તે ઊગતીજ ડામે. વનરાજે સ્વદેશ આવી હથીઆર, ડેરા તંબુ આદિક સામગ્રીનો ગુપ્ત સંગ્રહ કર્યો.

બે વર્ષે ભૂવડ રાજા તીર્થ યાત્રા પૂરી કરી સ્વધામેં પધાર્યો. એ વેળા ગુજરાતનો સૂબો મરી ગયો તેથી તેની ખાલી પડેલી જગાને માટે ઉડભુંગરાયે કોશીશ કરી. મયણુલ્લદેવીને મળી દીન વાણીથી અરજ કરી કે અદાવતીઆ અને અદેખા સામાવાળીઆએ જૂઠું ભરાવી મને બરતરફ કરાવ્યો અને મારી લાજ લેવડાવી. મારી જગા મને આ વખતે પાછી આપો, હું સારી નોકરી બજાવીશ. પહેલેજ વરસે હું તમને કેટલું બધું ધન મોકલુંછું તે તો જુઓ! લોભથી રાજકુમારી લલચાઈ. તેણીના મંત્રીઓનાં મન પણ રૂશવત આપી ઉડભંગે મનાવ્યાં. મયણુલ્લે તેને નીમ્યો. તેણીની મરજી રાખવાને, અને વનરાજ તરફનો હવે ડર નથી એમ માની ભૂવડે વાંધો લીધો નહિ, ને કેટલોક દંડ લઈ મંજૂરી આપી.

રૂશવત અને દંડનો ખંગ વાળવાને તથા મયણુલ્લદેવીને ખુશ કરવાને ઉડભંગરાયે આવી છ મહીનામાં રૈયત અને રાજા રજવાડાને મારી ઝૂડીને ખૂબ ધન માલનો સંગ્રહ કર્યો. વરસો વરસ આપવાની ઠેરવેલી રકમ ઉપરાંત નજરાણાને નામે, જાત્રાના ખર્ચને નામે, દંડને પેટે જેટલું લેવાય તેટલું ધન લીધું. વળી રાજા અને વેપારીઓની પાસેથી ઘોડા, વાહન, સૂતરાઉ અને રેશમી દેશ વિદેશનાં કાપડ, દૂકાનદારો પાસેથી સાકર, ચારોળી, બદામાદિક સૂકા મેવા, કીમતી સાડીઓ, ધાન્ય વગેરે પોતાને અને મયણુલ્લદેવીને સારૂ બલાત્કારે ઊઘરાવી કલ્યાણી નગર મોકલવાની ગોઠવણ કરી. મોટું લશ્કર લઈ પંડે તેને નર્મદા સૂધી વળાવવાને ગયો.

રાજા પ્રજાને ઉડભંગ ઝૂડતો હતો ને આખા દેશમાં કકળાટ થઈ રહ્યો હતો તે વારે વનરાજ અને તેના મંત્રીઓએ વિચાર્યું કે આ લાગ સારો છે, એ જવા દેવો નહિ. પોતાના જૂના અને નવા જોધ્ધાઓને ગૂપ ચૂપ સજ થવાની આજ્ઞા કરી. જુદે જુદે ઠેકાણે રાખેલા સ્વારોને તેડાવ્યા. દેશી રાજા રાણા, શેઠ સાવકારો વગેરે ઉડભંગ-

રાયના જૂલમથી ખીજવાઈ જઈ બહોળે હાથે આશરો આપવાને આગળ પડ્યા. ઉડભંગરાય ગૂજરાતની સરહદ ઉપર પહોચ્યો એટલે ખબરૂ આવી કે વનરાજે બંડ ઊઠાવ્યું છે, અને મોટું લશ્કર લઈ ઉતાવળે પાછળ આવેછે. સોલંકી સરદારોમાં ડાહ્યા હતા તેમણે સલાહ આપી કે ઝડપથી કૂચ કરી કોઈ કિલ્લાના રક્ષણમાં જઈ રહેવું, અને ત્યાં સંગ્રામ કરવો. ઉડભંગરાય શૂરો પણ અવિચારી હતો. તેને એ સૂચના ગમી નહિ. તે કહે એ તસ્કરના ભાર શા છે, આવવા દો, આ મેદાનમાં એનો નાશ કરીશું. આજ સુધી સંતાતો ને નાસતો ફરતો હતો. હવે જાગીરો આપી તોએ ધરાતો નથી ને યુદ્ધ કરવા બહાર પડ્યો તે ઠીક થયું. સાપ જેમ ઊંદરને ગળેછે તેમ એ ચોરોને હું ગળી જઈશ. ચાલુક્ય નાયકોમાંના ઘણાનો અભિપ્રાય સૂબાને મળતો હતો. તિરસ્કાર કરી તેઓ બોલ્યા કે એ ગુર્જરીઆ શું કરનાર છે ? એ ચાવડા એટલે ચોરા ને ચોરા એટલે ચોર. લૂંટી જાણે, લડી ન જાણે. એનાં જેવાં દશ લશ્કરને પૂરા પડીએ એવા છીએ. એમ બહુ મતથી ત્યાંજ રહી લડવું ઠર્યું.

વનરાજના ભેદુઓએ સમાચાર તેને કહ્યા. સંખ્યા અને ચતુરાઈમાં આ વેળા વનરાજની સેના ચડીઆતી હતી. સાવચેતીથી તે શત્રુની સમક્ષ આવ્યો. વિશાળ રણભૂમિમાં બંને ફોજ યથાવિધિ ગોઠવાઈને ભારે યુદ્ધ થયું. કસાયલા જૂના જોદ્ધાને વનરાજે મોખરે રાખ્યા હતા. નવામાં થોડા અનુભવી હતા તેઓને બીજી હારમાં ને નવા શીખાઉને ત્રીજી છેલ્લી હારમાં રાખ્યાં. એ પાછલાને વઢવું પડયું નહિ. આરંભમાં ઉડભંગરાય પંડે જોસ્સાથી માર માર કરતો ધશી આવ્યો. વનરાજે તેની છાતીમાં ભાલો ભોંકી તેને ઘોડેથી પાડ્યો. તે ઊઠવા જાય છે તેવામાં બાવન વીરમાંના એકે તેને પૂરો કર્યો. તેની હારે સ્વારો હતા તે નાઠા. તેમની પૂઠે ગુર્જર ધાયા. સોલંકી સેના ગભરાટમાં પડી, તેની હાર ત્રુટી ને નાઠી. નાઠી પણ બચી નહિ, કેમકે એ વેળા ચંપો મંત્રી ઘણા સ્વારો લઈ તેની પીઠે જ્યાં ખજાનો ને માલ રાખ્યો હતો ત્યાં આવી પહોચ્યો હતો. બે તરફથી માર પડવાથી હારની ખબર કરવાને થોડાજ બચ્યા. ઘેરા-

એશે વાઘ જેવા આવેશથી વઢેછે તેવા આવેશથી ચાલુક્યો વઢ્યાં, પણ જય પામ્યા નહિ.

રોકડ અને માલ મળીને લાખો રૂપિઆની લૂંટ વનરાજને હાથ આવી. એટલું બધું દ્રવ્ય કદી તેને મળ્યું નહતું. ચાલુક્યોનાં હથીઆર, ઘોડા તંબુ, વગેરે સઘળું લઈ ઉતાવળી કૂચે તે પંચાસર ગયો, પણ ત્યાંનાં સોલકી ગઢવીએ તેને અંદર પેસવા દીધો નહિ. વનરાજે નગરને ઘેર્યું, ને કલ્યાણીથી કુમક આવે ત્યાર પહેલાં જીતી લેવાનો નિશ્ચય કર્યો. સોલંકી સરદારને કામ કઠેણ માલૂમ પડ્યું. કેટલાક મહીના સુધી વનરાજના સખ્ત હૂમલા તેણે પાછા વાળ્યા, પણ એમાં તેનાં ઘણાં માણુસ મુઆં, તેથી કમજોર થયો. વળી પુરીજનો વનરાજના પક્ષકાર હતા. તેઓ ફિતૂર કરી અંદરથી મદદ કરવાની ગોઠવણ કરેછે, એવું ભેદુઓથી તેને માલૂમ પડ્યું. રીસમાં તેણે ઠરાવ કર્યો કે રાજધાની ફૂંકી મૂકીશ, પણ વનરાજને હાથ નહિ જવા દેઉં, આ ક્રૂર ઠરાવ તે અમલમાં લાવ્યો. વનરાજના હૂમલાનું જોર વધવા લાગ્યું, ને ઝાઝા દિવસ હવે ટકાવાનું નથી એમ તેને ભાસ્યું.

વનરાજની ચડાઇનો વેગ વધ્યો તેનું ખરૂં કારણ તેના જાણુવામાં નહતું; હોત તો પંચાસરને બાળત નહિ. વનરાજના બંડના અને ઉડભંગરાયના મરણ અને મોટા પરાજયના સમાચાર કલ્યાણી દરબારમાં પહોંચતાં વારને બુઢ્ઢો ભૂવડ બહુજ કોપાયમાન થયો ને પોતાની સબળી સેના લઇ તમામ ગુર્જરનો નાશ કરી ગુજરાતને ઊજડ કરવાને પંડે માથે લેવા માંડ્યું. જુવાનીનો અગ્નિ તેની છાતીમાં ફરીને સળગ્યો. તેના મંત્રીઓએ તેને વાર્યો ને કહ્યું કે એ લૂંટારા ઉપર સ્વારી કરવી આપને યોગ્ય નથી. આપના સુભટો એ ચોરને કચરી નાંખશે. એ મગતરાને ક્ષણમાં ચોળી નાંખીશું. હાથી આગળ મગતરૂં શી ગણતીમાં છે ? રાજા કહે મગતરૂં હાથીના કાનમાં પેસે તો. કેટલો સંતાપ થાય તે જાણોછો? રાણી અને મંત્રીઓના સમજાવ્યાથી તથા મયણલ્લદેવી ઘણી માંદી હતી તેથી જાતે ન જતાં મોટી બળવાન ફોજ આપી વડા સેનાધિપતિને એકદમ મોકલ્યો.

આ મોટું લશ્કર નજીક આવતું ગયું તેમ વનરાજે પંચાસર સર કરવાને ઉતાવળ કરવા માંડી. તેના ઘેરાયલા શત્રુએ જાણ્યું હોત કે કુમક થોડા દહાડામાં આવશે તો તે આકળો થઈ પંચાસર બાળત નહિ, કેમકે ઘણી બહાદુરી અને જાગૃતિથી તેટલીવાર તે ટકી શકત. પણ વનરાજે એવો વીંટી લીધો હતો કે કોટ બહારની જરાએ ખબર તેને મળતી નહિ. એક સાંજે પુરીજનોએ દરવાજા ઉઘાડવાનું પ્રયત્ન કર્યું ને તેજ ક્ષણે ચાવડા જોદ્ધા બહારથી નીસરણીઓ મૂકી કોટે ચડ્યા ને કિલ્લેદારને અકળાવ્યો. આ વખત તો કોટપર ચડેલાને તે પાછા વાળી ભાગોળ ઉઘાડનારાને પકડી શક્યો, પણ એવો બીજો હુમલો થતાં ફતેહ નહિ પમાશે એવું ભાસવાથી નિરાશ થઈ તેણે શહેરને ઘણે ઠેકાણેથી આગ લગાડી. ધૂમાડાના ગોટે ગોટ શેરીએ શેરીએથી નીકળે, ઘરાં બળે ને મોટા ભડકા થાય; લોક બાપડા છાંટવાનું કરે; બાયડી છોકરાં બિચારાં નાસાનાસ કરે પણ ક્યાં જાય? એમ નગરમાં થઈ રહ્યું છે તેવામાં ગઢવી પોતાની ફોજ લઈ દરવાજા બહાર કેસરીઆં કરવા નીકળ્યો; ને કતલ કરતો વનરાજના લશ્કરમાં ઘૂસ્યો. એ મરણીઆ જોદ્ધાને વાઢી પૂરા કરી વનરાજ પોતાના બાપની બળતી રાજધાનીમાં પેઠો. લાહે છાંટવાને તેણે ઘણી મહેનત કરી તોપણ નગરનો મોટો ભાગ બળી ગયો.

રડતા નગરવાસીઓને ધીરજ આપી સામા આવતા શત્રુની ભેટ લેવાને વનરાજ ત્વરાથી સજ થયો. ખપજોગું દ્રવ્ય જોડે રાખીને વધારાનું હતું તે ડુંગરા અને જંગલોમાં સંતાડવા મોકલી દીધું, અને પંડે સેના સહિત સંગ્રામ કરવાને મેદાન પડ્યો. બંને સૈન્યો સામ સામાં આવી લાગ્યાં. યુદ્ધ ચતુરાઈમાં બેઉ ફોજના સેનાપતિ અને નાયકો સરખા હતા. વનરાજ અને તેના સુભટો સોલંકી સામતોથી અનુભવ અને કુશળતામાં ઊતરે એવા નહતા. ચાલુક્યોની ઘોડેસ્વારોની સંખ્યા જાસ્તી હતી, પણ તેથી વધારે ફાયદાકારી તેમને તેમના સિપાઈઓનો અનુભવ હતો. તેમના સઘળા જોદ્ધા સેંકડો લડાઈ લડી કસાયલા હતા; પરંતુ વનરાજના અર્ધો અર્ધ સુદ્ધા હજી નવા શીખાઉ હતા. પહોર દહાડો ચડતાં યુદ્ધનો આરંભ

થયો. વનરાજે પહેલ કરી, સોલંકીઓએ ગુર્જરોના ઉપરાછાપરી આવતા છાપા બહાદુરીથી પાછા હઠાવ્યા. બંને તરફ હજારો શૂરવીરો ઘવાણા, ને સેંકડોના પ્રાણ ગયા. લોહી અને ધૂળ મળી કાદવ થયો તેમાં વઢતા વીરોના પગ ખરડાયા. મૂડદાં અને જખમી માણસો ઉપર થઈ સ્વારો દોડે. પ્યાદલે બાણની વૃષ્ટિ કરી. રણસિંગાં અને શંખનાદથી આકાશ ગાજી રહ્યું. ભિન્ન ભિન્ન શસ્ત્રોથી જોદ્ધા જોદ્ધાને હણે. ઘોડા ખોંખારે, નાયકો લડવૈયાને ઉશ્કેરવાને હોકારા કરી સાબાશી આપે, અને તારા જેમ જળમાં ધસે તેમ પંડે દુશ્મનના દળમાં ઝંપલાવે. માર ખાઈ પાછા ફરે તેમને ફોસલાવીને કે ધમકાવીને પાછા આણે. જ્યાં લોહીથી કાદવ થયો નહતો ત્યાંની ધૂળ ઊડવાથી વાદળ છવાઈ ગયું. સાંજ પડી પણ કોઈ હઠ્યું નહિ. અંધારૂં થવાથી સંગ્રામ બંધ પડ્યો.

વનરાજને હાનિ વધારે પહોંચી. હવે તેની ફોજમાં કસાયલાથી અણમાહેતગારની સંખ્યા વધારે રહી, માટે બીજે દિવસે ટકી શકવાનો ભરોસો તેને પડ્યો નહિ. જેઓ લડી લડીને ઘડાયલા નથી તેઓ ભય પામી નાસે એવો સંભવ છે, માટે રતોવાઈ ખશી જવાનો મનસુબો તેણે પોતાના સામંતો જોડે કર્યો. લશ્કર થાકેલું છતાં રાતમાં જતાં રહેવાનો વિચાર સર્વે મંજૂર કર્યો, ને અમલમાં આણ્યો. સૂર્યોદય થતાં સોલંકીઓને ગુર્જર છાવણી ખાલી જણાઈ. વખત નહિ ખોતાં તેઓએ તેમની પૂઠ પકડી ને એટલી ઝડપથી પાસે આવી પહોંચ્યા કે વનરાજને પોતાની સેનાને વિખેરી નાંખી જંગલમાં નાસવું પડ્યું. તેની છૂટી પડેલી કેટલીક ટૂકડીઓને શત્રુએ કાપી નાંખી, કેટલીકને હથીઆર છોડાવી કેદ કરી, ને કેટલીકને વેરણછેરણ કરી નાંખી. પાધર દેશ ફરીને હસ્ત કરી લીધો. વનરાજને મદદ કર્યાને માટે ઘણાક ભૂમિઆ રાજાને દંડ્યા, ને કેટલાકને મારી નાંખ્યા, ને કેટલાકનાં રાજ ખૂંચવી લીધાં. ગુર્જર ફોજનો ઘણો ભાગ ડુંગરામાં થઈ આસપાસના દેશોમાં નાશી છૂટ્યો.

આ જયના સમાચારથી ખુશી થવાને અને તેનો લાભ ભોગવવાને મયણલ્લદેવી જીવી નહિ. ફતેહની ખબર કલ્યાણી પહોં-

ની ત્યારે ભૂવડ અને તેનું કુટુંબ તેના મરણના શોકમાં હતાં. તેઓએ કલ્યાણપતિએ જયની પતાકા ચડાવી, સામંતોને સરપાવ આપ્યા, સેનાપતિને વંશપરંપરા જાગીર આપી, ને પુત્રી વાંઝણી મરી ગઈ માટે ગુજરાતની ઊપજ શિવાલયોમાં તેને નામે ખરચવાની આજ્ઞા કરી.

વનરાજ હજી નિરાશ થયો નહિ. મૂગટ, રાજછત્ર, ચમ્મરાદિ રાજ્ય શણગાર જોઈ બીજાને આવી અવસ્થામાં ખેદ ઉત્પન્ન થાય, પણ વનરાજને તેમ થયું નહિ. એટલાં બધાં વરસ તેણે વનવાસમાં અને બારવટામાં કહાડ્યાં, એટલાં મોટાં સંકટ સહ્યાં, એટલાં દુઃખ વેઠયાં પણ તેની હામ ઓછી થઈ નહિ; 'सत्यमेव जयते' એ વેદ વચનપર પાકો ભરોસો હોવાથી તેની દૃઢતા ઘટી નહિ. તેની દાનત પાક હતી, તેની વિશ્વેશ્વરપર શ્રદ્ધા અચળ હતી. બીજાઓ ધારતા કે તે વાસ્તવિક રાજા નહિ થાય, પણ તે પંડે નક્કી માનતો કે પ્રભુ મને અંતે જશ આપશે. મંડ્યા રહેવાની કીમત તે પૂરી સમજતો. તેણે પોતાના મિત્રોને હિમ્મત આપી, અને ફરી સજ થવાની ગોઠવણ કરવા માંડી. રૂપસુંદરીને અને સુંદરકેશીને હારની માઠી ખબર કરવા મોકલ્યાં તેમની જોડે કહાવ્યું કે નુકશાન ઘણું થયુંછે, પણ આબરૂ ગઈ નથી. કુળની લાજ મેં ખોઈ નથી. મારી આશા ભંગ થઈ નથી, તમે નાઉમેદ કે ઉદાસી થશો ના. વનરાજની ફતેહ થાય ત્યારે ગળ્યું ખાવું એવી બાધા સુંદરકેશીએ રાખી. જ્યારે એકલી પડે ત્યારે વનરાજની આમદા સંભારી રડે, અને તેને રાજ્ય પાછું મળવાને પરમેશ્વરની પ્રાર્થના કરે. રૂપસુંદરીએ લવણ તજ્યું. વનુભાને હાથ ગૂજરાતનું રાજ આવે ત્યારેજ મીઠાવાળું અન્ન ખાવું એવો નિયમ તેણીએ લીધો. શીળગુણસુરીએ તેને બોધ કર્યો કે મોળું ખાયે રાજ પાછું મળવાનું નથી. પણ માનો જીવ શોકાતુર થયા વિના કેમ રહે! તેણીએ કહ્યું મહારાજ મારા મનના ખેદની આટલી નિશાની મને પાળવા દો.

વનરાજને ઝાલવાને ચાલુક્યોએ જબરી ખોળ કરી. જંગલો અને પહાડો ખૂંદી વળ્યા. ગુર્જરપતિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે

ને બીજેથી ત્રીજે એમ ભરાય. પણ હવે પરમેશ્વરે તેનાં દુઃખનો અંત આણ્યો. ઘરડા ભૂવડનો ટોટો જમના દૂતે ઝાલ્યો. મરતી વેળા તેનો પાપી આત્મા ઘણો ક્લેશ પામ્યો. કીર્તિ, રાજ્ય, અને ધનના લોભથી કરેલાં મહા પાતકો ઘડપણમાં જાત્રા પોખાત્રા અને દાન કરે બળે નહિ. દુષ્ટ કર્મોનાં કડવાં ફળ તો મુઆ પછી પરલોકમાં ભોગવવાં પડશે, કરેલાં પાતક દાનધર્મથી ધોવાય નહિ, એ સાચા વિચાર તેને અંતકાળે સૂઝયા. ભર્યાભંડાર, મોટી સેનાઓ, પુષ્કળ હાથી, રથ, ઘોડા, વસ્ત્રાલંકાર, રાજમહેલાદિ પાછળ મૂકીને જેમ ખાલી હાથે જન્મ્યો તેમ ખાલી હાથે ને માથે મોટાં પાપનો મોટો ગાંસડો બાંધી જાઉંછું એવા તુરંગ તેના મનમાં આવ્યાથી મહાનરાજા ચોધાર આંસુએ રોયો. રાજગુરૂઓએ તેને શાંત પાડવાને ઉપદેશ કર્યો તેના ઉત્તરમાં તે બોલ્યો કે "માયાનાં પડળ મારી આંખે હતાં તે ગયાં છે. હવે હું અંધ નથી. રે સ્વાર્થીઓ, આંધળા પાટા બાંધી મને ભમાવો મા. મારા સરજનહારની ક્ષમા મને માગવાદો. ક્ષમા કરો. પ્રભુજી ક્ષમા કરો." એમ આતુરતાથી પ્રાર્થના કરેછે તેવામાં મુખ્ય મંત્રી સમાચાર લાવ્યો કે રાજ કુંવરો રાજ્યાસનને માટે લડવા ઊઠયાછે. ભૂવડ કહે "એ શું કહોછો ! હજીતો હું જીવુંછું ! રે ભગવાન !" એમ બોલતાં તે અચકી ગયો. તેની છાતીએ ડૂચો આવ્યો ને તુરત તેનો પાપી પ્રાણ ગયો. જે ધન, કીર્તિ, અને વડાઇના લોભે કરીને સૈન્યો મોકલી, તથા પંડે ચડી ઘણા દેશો લૂંટયા, ઘણાનાં ઘરો બાળ્યાં, ઘણાં ગ્રામ વેરાન કર્યાં, ને લાખો આદમીના વગુર વાંકે જીવ લીધા તેના અહંકારે તેને નરકમાં નંખાવ્યો.

ભૂવડના મરણ પછી મંત્રીઓએ વડા કુંવર કરણની આણ ફેરવી તે તેના ભાઇઓએ માની નહિ. પ્રાંતોમાં જઈ તેમણે બંડના ઝુંડા ઊઠાવ્યા. એ શમાવવાને કરણે ગૂજરાતના સૈન્યનો મોટો ભાગ બોલાવી લીધો, ને બાકીનાને વનરાજે આવી હાંકી મૂકયો.

ભૂવડના મરણના અને ચાલુકય ફોજ વિદાય થયાના સમાચાર મળતાં વારને વનરાજ છતો થયો. પોતાના ગુર્જરોને ભેગા કરી દેશમાં ફરી વળી જ્યાં ત્યાંથી સોલંકી સ્વારોને મારી કાઢયા. એક પ-

છી એક ગઢો તેમના હાથમાંથી છીનવી લીધા. કેટલીક નાની લડાઇઓ થઈ તેમાં વનરાજની સેના મોટી હોવાથી દુશ્મનની હાર થઈ. આ જય જોઈ આખો દેશ એકે મતે ને એકે જયે સોલંકી રાજ્યની સામે છચોક ઊઠયો. લોક અને રાજા રજવાડા વનરાજની કુમકે આવ્યાથી સોલંકી થાણદારો, ગઢવીઓ, અને અમલદારોને તે ઉતાવળે ઝાલી કે નસાડી શક્યો. ગામ અને નગરે નગરમાં વનરાજ મહારાજની આણ વર્તાઈ.

—❧—

प्रकरण ७ मुं.

गुर्जरीराज्यनी पुनःस्थापना.

खंड १ लो.

वनराजनां लग्न. राज्याभिषेक. नवी राज्यधानीनुं खात मुहूर्त.

ચાલુક્યો જતાં જતાં બને તેટલું નુકસાન કરતા ગયા, તેમાં સૌથી વધારે ખરાબી પંચાસરની થઈ હતી. રાજ મહેલ, સુભટોનાં મંદિરો, શેઠ સાહુકારોની હવેલીઓ, સાધારણ લોકનાં હજારો ઘરાં, મોટાં ચોટાં, ચોકાદિ બાળીને ભસ્મ કરી નાંખ્યાં હતાં, અને કોટને પણ ઘણે ઠેકાણે તોડયો હતો, વસ્તીનો ઘણો ભાગ નાશી ગયો હતો. એ ખંડિએરને ફરી બાંધ્યાને બદલે નવી રાજ્યધાની બાંધવાનો ઠરાવ વનરાજે કર્યો. પંચાસરનો જીર્ણોદ્ધાર નહિ કરવાનાં રાજ્યકીય અને વેપાર સંબંધી કારણો એ હતાં.

દેશ થાળે પડયા પછી બે વરસ લાગ લાગટ વરસાદાદિ આબાદીનાં સ્વભાવિક કારણો અનુકૂળ હોવાથી ખેતી હુનર અને વેપાર ઠીક ચાલી લોક સુખી થયા, જમીન વેરો ઓછો કરીને તથા છૂટ મૂકીને ઊજડ પડેલાં ગામ વનરાજે પાછા વસાવ્યાં, ને ઓખરાં થઈ ગયલાંને આબાદ કર્યા. લોકનું ધન લઈ લેવાને અનેક પ્રકારના ભારે કર માજી સરકારે નાંખ્યા હતા. તેમાંના કેટલાક રદ કર્યા ને કેટલાક હલકા કર્યાં. રાજા રજવાડાની ખંડણી ઓછી-

કરી. લાંચીઆ, ચાડીઆ, ચોર, લૂંટારાને પકડી સજા કરી તેથી વનરાજ પ્રજાને ઘણો વહાલો લાગ્યો.

સોલંકીઓ સોડેથી પડાવેલું પુષ્કળ દ્રવ્ય વગડામાં સંતાડયું હતું, તે આણી ત્રીજે વર્ષે નવી નગરી બાંધવાનો આરંભ કર્યો. સરસ્વતીને તીરે રસાળ ભૂમિ મધ્યે રમણિક સ્થળમાં વિક્રમ સંવત ૮૦૨ (ઈ. સ. ૭૪૬) મહાવદ શુભ સાતેમ ને ચીકણા શનિવારે મહોત્સવ થઈ રહ્યો હતો, એ દિવસે ગૂજરાતમાં સોનાનો સૂરજ ઊગ્યો અને મોતીનો મેહ વરસ્યો. આકાશ અવની એક એકને અડતાં દેખાતાં હતાં ત્યાંસુધી ધોળા ડેરા તંબુઓની સીધી હારો, રાવટીઓ ને માંડવા ચોદિશાએ દેખાતા હતા. કોઈ ખેતરમાં હાથી ડોલતા હતા, કોઇમાં ઘોડાં ખુંખારતાં હતાં, કોઇમાં રથના સોનેરી કળશ તડકામાં ચળકતા હતા, ને કોઇમાં ઊંટાં ઊંચે મોઢે વૃક્ષોનાં પાંદડાં સોરી ચાવતાં હતાં. ગુર્જર દેશના રાજા રાણા, શૂરવીરો, દેશાઈ જમીનદારો, શ્રીમંત વેપારીઓ, અને ગ્રામના મતાદાર પટેલોનો ભારે સમેયો ભરાયો હતો, વિદ્વાન બ્રાહ્મણોને અને જતીઓને, ભાટને અને ચારણને પણ નોતર્યા હતા. મોટી જાત્રા ભરાઈ હોય તેવું થયાથી ઘણા લોક જોવા આવ્યા હતા, ને મોટા બજાર મંડાયા હતા. વનરાજનો વિશાળ તંબુ વચ્ચોવચ્ચ હતો. તેના દ્વાર આગળ ગુર્જરી રાજ્યની કીનખાબની પતાકા પવનની લહેરમાં ઊડતી હતી. આસપાસ રાજાઓના માંડલિક રાજાઓના ડેરા તેમની ધજાપરથી પરખાતા હતા.

એ શુભ દિવસે સવારથી સાંજ સુધીમાં મોટી ત્રણ ક્રિયા કરવાની હતી, વનરાજનાં લગ્ન, રાજ્યાભિષેક, અને ખાતમુહૂર્ત. પાછલા બે વિધિમાં પત્ની જોડે જોઇએ એવો પંડિતોનો અભિપ્રાય હોવાથી, તથા એંશીએક વરસની વૃદ્ધ માતા રૂપસુંદરીને વનુભાને પરણતો જોવાનો કોડ હતો તે પૂરો પાડવાને લગ્ન પ્રભાતે ઠર્યું હતું. વગર ધામધૂમે વનરાજ આબુપતિને તંબુએ ગયો. ત્યાં ચોરીમાં સુંદરકેશી તેની વાટ જોતી બેઠી હતી. જયમલદેવ અને ચંદ્રમુખીએ વૈદિક વિધિયે કન્યાદાન દીધું, ને બહોળાં દ્રવ્યદાનથી ભાટ બ્રાહ્મણાદિ ભિક્ષુકોને સંતોષ્યા. કંસાર આરોગી નવું જોડું પોતાને મુ-

ઠામે આવી ધર્મ પિતા શીળગુણસુરી અને માતા રૂપસુંદરીને પગે લાગ્યું. બેઉએ આશીર્વાદ દીધા. એ વેળા કહેવાય નહિ એટલો હર્ષ વનરાજની જનેતાને થયો. તે જોઈ તે બોલ્યો હે અંબે મારી માવડી, મારી વહાલી બા, તારા તપથી હું જસ પામ્યોછું. મા કહે મારા કીર્ત્તિવંત કુંવર તમે ઘણું જીવો, તારૂં નામ અમર થાઓ; વહુ તમને પ્રભુ અખંડ સૌભાગ્યવતી રાખે. પરમેશ્વર તમારા પર પ્રસન્ન થઈ તમને પુત્રવાન કરે. સાધુ કહે માજી એવાં પવિત્ર છો, એવાં દૃઢ ભક્ત છો કે તમારાં આશીર્વચન ફળ્યા વિના રહેજ નહિ. પરપવિત્ર સતીનાં આશીર્વચન નક્કી ખરાં પડશે.

રાજ્યાભિષેકને માટે મોકળો મંડપ રચાવી તેને કેળના સ્તંભ, આસોપાલવનાં તોરણ, અને અનેક રંગનાં સુશોભિત વસ્ત્રોની ધજા પતાકાદિથી શણગાર્યો હતો. જયનાં વાજિત્ર વાજી રહ્યાં હતાં; રાજવંશીઓ પોત પોતને નીમેસે ઠામે આવી બિરાજ્યા હતા; બ્રાહ્મણો વિધિની તૈયારી કરી બેઠા હતા; ભાટ, જૈન સાધુઓ, દેસાઈ વતનદારો, શ્રીમંત મહાજનાદિક હાજર હતા. વનરાજના પૂર્વજો પંચાસરમાં ગણેશની જે મૂર્તિનું, અને મહેશ્વરના જે લિંગનું રાજ્યાભિષેક વેળા પૂજન કરતા તે ત્યાંથી રાજગોર લાવ્યા હતા, અને શીળગુણસુરીએ પંચાસરા પારસનાથની પ્રતિમા આણી હતી. માંડવાની પાછળ કુંડ કરી બ્રાહ્મણો તેમાંના અગ્નિમાં વેદના મંત્રો ભણી નાળિએર, કસ્તૂરી, ઘી, તલ, જવાદિ હોમતા હતા તેણે કરીને કુંડમાંથી વખતે સુગંધમય ધૂમાડાના ગોટે ગોટ નીકળી ગગન સુધી પુહોંચતા, ને વખતે ભડકા નીકળતા. પૂર્ણાહુતિનો સમય થયો તેવારે વનરાજની સ્વારી ચડી.

સ્વારીમાં પ્રથમ ઊંટ ઉપર નાનો ડંકો અને તેની પાછળ હાથી ઉપર મોટો ડંકો, તેની કેડે અગણિત પાળા સ્વાર, અને સામંતો આવ્યા. છેલ્લે બાવન વીરોથી વીટાયલો, ઊંચો ને પુષ્ટ વનરાજનો હાથી હતો. રૂપાળા મેઘાડમ્બરમાં મહારાજની જોડે મહારાણી સુંદરકેશી બિરાજ્યાં હતાં. અંબાડીના પાછલા ખાનામાં બેશી જાંપો અને અણહીલ બેઉને ચમ્મર કરતા હતા. હાથીની આગળ છડી-

દારો નેકી પોકારતા ને પાછળ ગોલીઓનું ટોળું ગીત ગાતું ચાલતું હતું. "કેવા ચંદ્રમા છે ઉજળા, મેઘાડંબર ગાજે; કેવા ગૂર્જરેશ્વર છે કુળવંતા, મેઘાડમ્બર ગાજે. એણે કેવી છે કાઢી ભડરે, મેઘાડંબર ગાજે; એણે સોલંકીનાં નાક વાઢ્યાં ઝટરે. મેઘાડંબર ગાજે.

એ કેવા છે તેજી ભડરે, મેઘાડમ્બર ગાજે; એણે વેરીને કર્યા સુડરે, મેઘાડંબર ગાજે. એણે પીળું પિતામ્બર પહેરીયું, મેઘાડંબર ગાજે; સુંદરકેશીનું હઇડું હરિયું, મેઘાડંબર ગાજે. એણે ગૂર્જરી પ્રજાને રીજવી મેઘાડમ્બર ગાજે; એ તો કુળ તારણયશસ્વી, મેઘાડમ્બર ગાજે". સ્વારી મોટા મંડપ કને આવી ત્યારે મુખ્ય મંડળેશ્વરો સામા તેડવા આવ્યા. હાથી પરથી ઉતારી બ્રાહ્મણોએ રાજા રાણીને સરસ્વતીમાં વિધિએ સ્નાન કરાવી શ્વેત વસ્ત્ર પહેરાવ્યાં. ત્યાર પછી મહીપતિ અને મહારાણી બંને સ્ત્રીઓના તંબુમાં ગયાં. અહીં રાજમાતા રૂપસુંદરી તથા સાસુ ચંદ્રમુખી, સુભટોની અને સગાની સ્ત્રીઓ, મંડળેશ્વરોની રાણીઓ, અને શ્રીમંતોની નારીઓ સુંદર વસ્ત્રાલંકાર પહેરીને બિરાજેલી મંગળ ગીતો ઝીણે સ્વરે ગાતી હતી. તેમની દાસીઓ પણ સારાં લૂગડાં ઘરેણાં પહેરી આવી હતી. કસ્તૂરી, કેસર, હળદર, સુખડ, વાનો, વગેરે પદાર્થોની પીઠી સોનાના વાડકામાં ગુલાબજળે કાલવી રાખેલી હતી તે શ્રીદેવીએ વનરાજને, અને ચંદ્રમુખીએ સુંદરકેશીને આછી આછી ચોળી. શ્રીદેવીએ મહારાજને તથા મહારાણીને નયણે સુખડનું અતર લગાડયું. કંકુના ચાંલ્લા કરી મોતીએ વધાવ્યાં. પછી સુંદરકેશીને તેની માએ શણગારી. વનરાજે માત્ર ફૂલનો હાર ઘાલ્યો. શ્રીદેવીએ તેને મોતીની માળા, હીરાના કંઠા, અને કાને કુંડળ પહેરવાને બહુ કહ્યું, પણ તેણે ના કહી. તે કહે બાળક, સ્ત્રી, તથા અપરાક્રમી પુરૂષને ઘરેણાં હોય, કેમ માજી? ત્યાની રૂપસુંદરી કહે હા બાપુ, પુરૂષાર્થ એ રાજાનાં અને હરેક પુરૂષનાં આભૂષણ છે. બાયલા કે અપુરૂષાર્થી હોય તે દાગીનાથી અંગને શોભીતું કરે છે. પ્રતાપી અલંકાર સારાં કામ અને સુકીર્તિ છે. બુદ્ધિહીન નબળા મનના રાજાદિ માણસો રૂડાં કર્મની ગરજ સારવાને ઘરેણાં અને રત્ન જડીત સોનેથી ઝળકી રહેલાં વસ્ત્રો પહેરી ડોળ કરેછે.

રાજા રાણી મંડપમાં જઇ સિંહાસને બિરાજ્યાં. સ્ત્રીઓને બેસવાની જગા કરી હતી ત્યાં રૂપસુંદરી, ચંદ્રમુખી, શ્રીદેવી, વગેરે જઈ બેઠાં. કનકસેનના સમયથી પડેલી રૂઢી પ્રમાણે વડનગરના બ્રાહ્મણોએ વનરાજ અને સુંદરકેશીકને પ્રથમ ગણપતિ પૂજન કરાવી હોમ કરાવ્યો. હોમ થઈ રહ્યા કેડે વિપ્રોએ. રાજા રાણીને મસ્તકે વેદમંત્રોથી અભિષેક કર્યો; ને તે પૂરો થયા પછી મંડપમાં સુંદર રેશમી છત્ર,ગાદી, તકીઆ વગેરેથી શોભીતુ રાજ્યાસન હતું તે પર બેસાડી આશીર્વાદ ભણ્યા. તખ્તે બેઠા પછી શ્રીદેવીએ રાજાને નયણે સુનેયાવતી મોગરાનું તેલ લગાડયું, અને મુખમાં સાકરનો ગાંગડો મૂકી કપાળે તિલક કર્યો. એ વેળા વનરાજે કહ્યું " આ મારી ધર્મની બેન છે. આપત્તિકાળમાં એણે મને બહુ સહાય કરી હતી." સભાસદો કહે ભલે ભલે, ધન્ય છે એને ! ધન્ય છે ! મહારાજે તેને સાત સેરોનો મોટો મુકતાફળનો છડો, હીરાનો હાર અને વણારસી સાડી પહેરાવી જાગીર આપી. મંડળેશ્વરોએ વનરાજને મૂગટ ધારણ કરાવી હાથમાં રાજ્યદંડ આપ્યો, ને મહારાજાધિરાજ માની સેવા કરી. એ થઈ રહ્યા પછી મહારાજે ચંપાશેઠને આગળ બોલાવી ફરીને મંત્રીરાજની પદવી આપી પાઘડી બંધાવી. રૂપજી, રતનચંદાદિકને ભિન્ન ભિન્ન કારભાર સોંપી પ્રધાન મંડળી નીમી. રૂપસુંદરીનું રક્ષણ કરનાર ભીલડીના પુત્ર ભીલ રાજાને સેનાપતિની પદવી અને ઇનામી ગામ દીધાં. સામંતોને સરપાવ કર્યા. ઠાકરડા, નાયક, વાઘેલ રાજાદિ જેમણે રક્ષણ કરેલું કે સહાય દીધેલી તેમને ઇનામ આપ્યાં. ચાલુકયોની છકડો ખાધેલી અને અપમાન ખમેલાં પણ વાણીઆની મૂછ નીચી તો નીચી એમ વર્તેથી સુખે રાખી શકેલા તેઓ ઘરેણાં ગાંઠાં ઘાલી પાઘડામાં મણીમય શિરપેચ ખોશી, પગે સોનાના તોડા પહેરી કીનખાબ ને તાસના ઝળકતા વાગા પહેરી, કેડમાં જોવાની કટાર અને છાણમાં મારવાની કે ઘાસ કાપવાની શમશેર બાંધી, આંખમાં સુરમો આંજી, ફુલેલ તેલથી મોઢાં ચળકતાં કરી અને બેશ વાળ હોળી સમારીને જૂઠા દબદબાથી આવ્યા હતા. એમાંના કેટલાકમાં થોડો દમ રહ્યો હતો, પણ ઘણાક તો નિ-

ગોત્સ્ય થઈ ગયા હતા. એમણે પોત પોતાના દરજ્જા પ્રમાણે આવી નજરાણાં મૂકયાં, ને મહારાજે તેમને સામી ભેટો આપી. ભાટ ચા-રણાદિ માગણોને દક્ષિણા દઈ સંતોષ્યા.

એ ક્રિયા પૂરી થયા પછી રાજા રાણી સિંહાસનેથી ઊઠી ઉ-મામહેશ્વરને પગે લાગ્યાં, ને પંચાસરા પારસનાથને નમ્યાં. માજી રૂપસુંદરી, સાધુ શીળગુણસુરી, સસરા સાસૂ વગેરે વડીલોને પાયે નમ્યાં, ને તેમના આશીર્વાદ લીધા. શીળગુણસુરીનો હાથ ઝાલી વ-નરાજે કહ્યું 'મહારાજ આપ મારા ગુરૂ અને ધર્મપિતા છો. આ-પના શ્રમથી અને આપની કૃપાથી મારી માંતા અને હું બચ્યાં છીએ; ગુર્જરી રાજ્ય અને ચાવડા વંશની પુનઃસ્થાપના થઈ તેનાં મૂળ કારણ આપ છો, માટે સાધુને અને ગુરૂને છાજે એવી રાજ-પિતાની પદવી આપ સ્વીકારો.' તે ધારણ કરવાની હા કહીને જતી બોલ્યા—"હે પ્રતાપી રાજાધિરાજ, તારૂં કલ્યાણ થજો, તારૂં નામ અમર થજો, તારી સુકીર્તિ જગતમાં પ્રસરજો, પ્રભુજી તુજપર પ્રસન્ન હોજો.,' એ વેળા આખી છાવણીમાં જેજેકાર વર્તાઈ રહ્યો.

મંડપમાંથી ઊઠી ભોજનશાળામાં જઈ સર્વે મિષ્ટાન્ન જમ્યા, ને પછી પાનસોપારી ખાધાં. ગુણકાનૃત્ય જોતાં અને ગાયન સાંભ-ળતાં ત્રીજે પોહોર થયો એટલે જોશીબાવાનું કહેણ આવ્યું કે ખાત-મુહૂર્તનો સમય થયો છે. સકળ મંડળી પગે હીંડતી એ કરવાને સ્થળે ગઈ. મંડપને એક બારણેથી આગળ વનરાજ વૃદ્ધ શીળગુણસુરીનો હાથ ઝાલી નીકળ્યા, ને વાંસે પુરૂષ વર્ગ ચાલ્યો. બીજે દ્વારેથી સું-દરકેશી સાસૂજીનો હાથ સાહી નીકળ્યાં, ને તેની હારે ચંદ્રમુખી તથા શ્રીદેવી અને પાછળ સ્ત્રીવર્ગ હીંડ્યો. આથમણી દિશામાંથી આ-વતાં સૂર્યનાં મંદ કિરણોથી સુંદરીઓનાં પચરંગી વસ્ત્રો અને રત્ન જડિત આભૂષણો ઝળકી રહ્યાં; નારીઓનાં ઝાંઝર, લંગર, સાંકળાં કલ્લાંદિક પાદાલંકારના ઠમકાથી રૂમઝુમ રૂમઝુમ થઈ રહ્યું છે; અ-નેક વાદિત્રના નાદથી, અને મળેલી આલમ મોટે સાદે શ્રી ગુર્જરે-શ્વર વનરાજ મહારાજની જે ઉપરા છાપરી બોલી જાયછે તેથી આકાશ ગાજી રહ્યું છે; સહાજન મહાજન આગળ તરેહ તરેહનાં

લૂગડાં ઘરેણાંથી શણગારેલાં છોકરાં રમતાં ને વાતો કરતાં ચાલે છે. એમ આનંદમાં પાયો નાખવાને સ્થળે સમાજ આવ્યો. અહીં ખુલ્લા મેદાનમાં શેતરંજી ને ગલીચાપર ગાદી તકીઆ ગોઠવ્યા હતા. વચ્ચોવચ સુંદર પાટ હતો તે પર રાજા રાણી બિરાજ્યા પછી બીજા સર્વે બેઠા. છેલ્લી ઘડી પાણીમાં મૂકી એટલે વનરાજ ઊભા થયા ને તેમની જોડે બધી સભા ઊઠી. રાજગોરે ગણપતિ પૂજાદિક કેટલીક ક્રિયા કરાવી કે પણે ઘડી ભરાઈ. જોશીએ જેવી તાળી પાડી કે વનરાજે પથરો ખાડામાં ઉતાર્યો ને સોનાને લેલે તે ઉપર ચૂનાનો કેલ પાથર્યો. એ ક્ષણે ઢોલ, નગારાં, ડંકા, નોબત, શંખ, રણશીગાં વગેરે વાજાં વાગ્યાં ને જેજેકાર થયો. શોર નરમ પડ્યા પછી વનરાજે પોતાના મિત્ર અણહીલ ભરવાડને પાટ આગળ બોલાવી કહ્યું કે તમે મારી બહુ સારી ચાકરી બજાવી છે. તમે આપણા દેશની સેવા કરવામાં કાંઈ મણા રાખી નથી. આડા અવળા ગુપ્ત માર્ગો દેખાડી, અતિ ચતુરાઈ અને યુક્તિઓ કરી, સારી શીખામણ દઈ, તથા બહાદુરીથી યુદ્ધ કરી તમે મને ઘણી વાર ઉગાર્યો છે. મારી સાથે ઘણાં વરસ વગડામાં રહી અનેક પીડા અને સંકટ સહ્યાં છે, ને મૃત્યુની ધાસ્તીમાં મારે માટે અને આપણી ગૂજરાતને માટે તમારા પંડને નાખ્યો છે તેનો કાંઈ બદલો આ વેળા હું તમને દઉં છું; ને બાકી રહેશે તે આપણા સૌનાં કૃત્યો જોનાર અને તેના ફળ આપનાર વિશ્વાધિપતિ મહાદેવ તમને આપશે. તમારા ઈનામને પેટે મારી આ રાજ્યધાનીનું નામ અણહીલપત્તન પાડું છું, અને વંશપરંપરા ભોગવવાને પરગણું આપુંછું. એમ બોલી મોતીની માળા અને મણીનો કંઠો તેને ગળે સ્વહસ્તે પહેરાવી ભારે દુશાલો ઓરાડ્યો, અને ઈનામી તાલુકાનો લેખ ત્રાંબા પત્ર ઉપર કર્યો હતો તે આપ્યો. અણહીલે તે લઈ દંડવત્ પ્રણામ કર્યા ને મહારાજના જમણા પગનો અંગૂઠો ધોઈ ચરણામૃત પીવા માંડ્યું, પણ રાજાએ તેમ કરતો અટકાવી કહ્યું કે એ નીચકામ મને ગમતું નથી. ગુરૂ કે રાજા કે બીજા કોઇનો મેલ મુખમાં લેવો એ મોટી મૂર્ખાઈ ને જાડો વહેમ છે. એમાં બેઉની નાદાની જણાય છે.

નવા રાજનગરનું નામ પડ્યું તેની ખબર પ્રજામાં ફેલાવવાને આરૂ છાવણીમાં તેનો ઢંઢેરો ફેરવવાનો હુકમ મંત્રીને આપ્યો. નગર બાંધનાર મુખ્ય મિસ્તરીને ગણપતિ, ઉમા મહેશ્વર, અને પારસનાથનાં મોટાં દેવાલય તથા વિશાળ રાજમહેલ બાંધવાની આજ્ઞા દીધી, અને ઠેકાણાં દેખાડ્યાં. દેવાલયોમાં મૂકવાને પોતાની "છત્રપતિ પરખાય તેવા રૂપમાં પણ દેવને નમન કરતી પ્રતિમા ઘડવાનો" હુકમ પ્રધાનોની અને મંડળેશ્વરોની વિનંતિ પરથી સલાટને આપ્યો, કરવા ધારેલા ગઢનો નકશો મજલસના સાહેબોને બતાવ્યો, અને શહેરમાં ઘર બાંધવાની પરવાનગી માગવાની અરજીઓ આવી હતી તે મંજુર કરી અરજદારોને જગા દેખાડી માપી આપવા, તથા કેવા ઘાટનાં બાંધવાં તે બતાવવાને, રસ્તા કેટલા પહોળા રાખવા, ચોક અને ચોટાં ક્યાં કરવાં એ વગેરેનો બંદોબસ્ત કરવાને રાજ્યમિસ્તરી અને એક મંત્રીને ઠરાવ્યો. ત્રિપોળની(એટલે ત્રણદરવાજાની) અંદરના ભાગમાં રૈયતનાં ઘર ન થવા દેતાં તમામ દરબારવાડો, લશ્કરી સરદારો, સરકારી મંડળી, અને કચેરીઓને માટે ઇમારત બંધાવવાની આજ્ઞા કરી. કામ ધમધોકાર ચાલ્યું.

खंड २ जो.

प्रजानो हरख अने महाराजानी पधरामणी. स्वराज्यमां प्रवास.

ખાતમુહૂર્ત થઈ રહ્યા પછી સભાજનોને પાન સોપારી, અત્તર, ફૂલના હાર, તોરા, ને ગજરા પહેરાવી, તથા સ્ત્રીઓને અંબોડે વેણીઓ ઘાલી માનપૂર્વક બધાને વદાય કર્યા. ત્યાં મળેલા લોકે તે દહાડે ઉજાણી કરી ને મોડી રાત સૂધી આનંદથી કોઈ નાચ્યા, કોઈએ ગરબા ગાયા, કોઇએ ડફ વગાડી લાવણી ટપ્પા ગાયા, કોઇએ રાવણાં કરી ભાટ ચારણોની વાતો સાંભળી, કોઈએ દારૂ પીને મસ્તી કરી, ને કોઈએ ખેતરમાં તાપણાં કરી વાતો કરતા તેની આસપાસ બેશી મઝેમાં તાપ્યા, હલકા વર્ગના લોકે એવી ગમત કરી, તૈવંગરોમાંના કોઇને ડેરે ગણિકા નાચી, કોઇએ નાટક કરાવ્યાં, કોઇએ ગવૈયા

પાસે ગવડાવ્યું, કોઇએ કવિઓ કને કવિતા બોલાવી, કોઇએ ખેલ કરાવ્યા, એમ લોકે આનંદ કર્યો. તે રાત્રે દિવાળીના જેવી દીપમાળા આખી છાવણીમાં થઈ. વનરાજ અને સુંદરકેશી તો પાછલી રાતથી ઉઠયાં સારથી ક્રિયાઓ કરતાં થાક્યાં હતાં તેથી વહેલાં સૂઈ ગયાં. બીજે દિવસે પણ મેળો વિખરાયો નહિ. દેશ વિદેશના વેપારી વિધ-વિધ પ્રકારનો માલ લાવ્યા હતા તેની ખરીદી ચાલી. ગૂજરી ભરાઈ હતી ત્યાં લોક સુવસ્ત્રો પહેરી મેળો જોવા આવ્યાં. એમને રાજી કરવાને વનરાજે અનેક તરેહના ખેલ કરનારને દામ આપી ખેલ કરાવ્યા, ને લોકને મફત દેખાડ્યા. કુસ્તી કરનારા, પટા ખેલનારા, માણભટીઆ, ચકડોળવાળા, આકાસચલ્લી નટ, મદારી, રીંછવાળા, માંકડાં રમાડનારા વગેરે ઠામ ઠામ રમુજ કરતા હતા. ઉમરાવ વર્ગને વાસ્તે ઘોડાની અને તીર તાકવાની શરતો અને અંગ કસરતો ચાલતી હતી. પછીના બે દિવસમાં રાજા, રાણા, ઠાકોરો, શેઠ સાહુ-કારાદિ તાલેવંત પુરૂષોને ઉતારે વનરાજ મહારાજની પધરામણી થઈ. સ્ત્રીઓને મહારાણી સાહેબ મળ્યાં ને પુરૂષોમાં મહારાજ બિ-રાજ્યા. સ્વારીનો ભભકો જોવાને લોકની ભીડ થાય. સવારો ભાઈ બાપા કરી માર્ગ મૂકાવે. મહારાજનો હાથી આવે કે લોક જે બોલી માન આપે, ને ગૂર્જરેશ્વરનું ઉર રૈયતનો હર્ષ દેખી પ્રસન્ન થઈ પ્રફુલ્લિત થાય.

પધરામણી સમાપ્ત થઈ એટલે સૌ પોત પોતાને ગામ ગયા. વનરાજે કેટલાક સરદારોને જોડે લઈ મૃગયા રમવા જવાની તૈયારી કરી. એ વાત સાંભળી કેટલાક શ્રાવક ગૃહસ્થે શીળગુણસુરી પાસે જઈ વિનંતિ કરી કે રાજાને શીખામણ દઈ જીવહિંસા કરવા જતાં અટકાવો. તેમને માન દઈ શાણા સાધુએ ધીરજથી સમજાવી કહ્યું કે તમે કહોછો તે વાત એક રીતે ઠીક છે, પણ આપણે બીજી તરફ નજર કરવી જોઇએ. ક્ષત્રી એવાં કામ નહિ કરી ભાજીખાઉ થાય તો વાણીઆના જેવા બીકણુ અને નબળા થઈ દેશનું રક્ષણ કરી શકે નહિ. તમે વાણીઆ પ્રથમ રજપૂત હતા ને ક્ષત્રી ધર્મ પ્રમાણે ચાલતા તેવારે લઢી શકતા, હવે જવલે કોઈજ તમારામાંથી યુદ્ધે ચઢે-

છે. માટે આપણે આપણો ધર્મ પાળીએ ને એમને એમનો પાળવા દો. મહાજન કહે રાજાની સાથે જનારા બધા ક્ષત્રી નથી. જતી કહે હું નથી ધારતો કે કોઈ શ્રાવક કે મેશ્રી વાણીઓ કે બ્રાહ્મણ શિકારે જશે. પણ કદાપિ તે કે બીજા જાય તો આપણે તેમને ક્ષત્રી ગણવા જે વર્ગનાં કર્મ કરે તે વર્ગમાં ગણવાં. ક્ષત્રી ધર્મ પાળે તે ક્ષત્રી સાધુ ધર્મ પાળે તે સાધુ, શાવક ધર્મ પાળે તે શાવક ઇત્યાદિ. વનરાજે વાઘ મારે તેને આપવાનાં ઈનામ ઠરાવ્યાં.

શિકારેથી આવીને પ્રજાની અવસ્થાથી પડે વાકેફ થવાને, તથા લોકને દર્શન દેવાને વનરાજ સ્વરાજ્યમાં ફરવા નીકળ્યા. રૈયતે તેનો ઘણો સત્કાર કર્યો. મુકામે મુકામે લોકને મળીને હળે, તેમનાં દુઃખ સાંભળે, તેમની હરકતો નજરે જોય, ને જે જે તુરત દૂર કરી શકાય તે કરે, ને બાકીની નોંધ લે. પરદેશી અમલમાં ખેતી કરનારા તથા બીજા બધા લોકની પાસેથી કર વેરા તો ભારે લેવાતા પણ ઊપજમાંથી પ્રજાનાં સુખ સમૃદ્ધિ વધે અને અડચણો મટે તેવાં કામમાં દોકડોએ ખરચાતો નહતો. દેશનું દ્રવ્ય ઉસરડીને કલ્યાણી લઈ જતા, તથા અધિકારીઓ ખાઈ જતા. તેમનું દેખાદેખી દેશી રાજા રાણા અને ઠાકોરો પણ તેમ કરવા શીખ્યા હતા. જીર્ણ થઈ ગયલા ચીલા, કૂવા, વાવ, તળાવ ધર્મશાળા, નદીના આરા અને દેવસ્થાનો સમરાવવાની ગોઠવણ વનરાજ જ્યાં ગયા ત્યાં કરતા ગયા. રાજ્યખરચે જંગલો કપાવી ગામ વસાવવાની તથા નવા માર્ગ બંધાવવાની આજ્ઞા કારભારીઓને કરી. કોળી, ભીલ, વગેરે ચોર વર્ગના લોકમાં બહુ વરસ રહેલા અને તેમના ખાંધુ જેવા થયલા તેથી તેમની તરફની પીડાનો બદોબસ્ત કરવો કઠણ પડ્યો નહિ. જંગલો વાઢવાના અને રસ્તા બાંધવાના રોજગારે લગાડી, નવી જમીન કેટલાંક વરસ સુધી વગર ગણોતે ખેડવા આપી, રખવાળનાં, વળાવાનાં, વગેરે તેમનાથી થઈ શકે તેવાં કામ સોંપી, તથા ફોજમાં તેમની ટૂકડીઓ રાખી ઉદ્યોગે લગાડ્યા તેથી ધાડ ચોરી બંધ થઈ. રાજાએ વેપાર અને હુનરને ઉત્તેજન આપ્યું. વિદ્યા ભણાવનારાને પસાયતાં આપી, તથા વિદ્યાર્થીઓના નિર્વાહને કાજે ભૂમિ કાઢી આપી વિ-

ધા વૃદ્ધિ કરી રાજ્ય ભંડારમાં જેમ બને તેમ ધન ભરવાની કોશીશ ન કરતાં પ્રજાની આબાદી થવા પર કાળજી રાખી યોગ્ય રીતે રાજ્ય દ્રવ્ય વાપર્યું. રાજ્ય ભંડારનું નાણું હરકોઈ કામમાં વાપરતી વેળા તે યાદ રાખતો કે એ ધન પ્રજાનું છે, અને મુખ્યત્વે પ્રજાના લાભને માટે ઉપયોગ કરવાને રાજાને સોંપેલુંછે. ન્યાય અને ધર્મશાસ્ત્ર પ્રમાણે રાજા તો પ્રજાનો મુનીમ છે. પ્રજા પાસેથી જમીનનું ગણોત, માલ પર દાણ, રાહદારી, જકાત તથા બીજા કર વડે લીધેલી સમ્પત્તિના ધણી રાજા નથી, તે તો પ્રજાની છે, ને રાજ્ય ચલાવવાના ખર્ચને ઘાગ્તું આપીછે.

માજી રાજ્યના જુલમથી, પરાધીનપણાથી, ને વિદ્યાના લોપથી રૈયતમાં અને અમલદારોમાં દુર્ગુણ વધી ગયલા વનરાજે દીઠા. પરદેશી કારભારીઓ લોકથી અતડા રહેતા તેથી નાના અમલદાર તથા કારકુનોનાં કૃત્યો તેમના જાણવામાં કવચિતજ આવતાં. લોક જાણે પણ તેઓ ન જાણે; ને જાણે તો દંડ લઈ પાછાં બહાલ કરે. કલ્યાણીના કારભારીઓ પણ જાતે તેવા હતા. તેઓ લાંચ લેવા આપવામાં ગેરઆબરૂ ગણતા નહિ. લુચ્ચા લાંચીઆ કારભારીને વનરાજે અનેક યુક્તિએ પકડ્યા. સ્વારી એક મુકામે હોય તે વેળા પંડે વેશ બદલીને બીજે ઠેકાણે જાય. ભુંડભાઈ નામે અધિકારી દલાલની મારફત બંને તરફનું ખાય ને જે ન આપી શકે તેવા હોય તેને સજા કરે. ગુનેગાર ન હોય તોએ સામાનું ધન લેઈ નિરપરાધીને દંડે કે કેદ કરે. એને પકડવાને વનરાજે કણબીનો સ્વાંગ લીધો. પોતાના એક નોકર પાસે કાછીઆને વેશે મારવાની ફોજદારી કરાવી. અરજી આપીને રાત્રે કાછીઓ તેના દલાલને મળ્યો દામ આપી શરત કરી કે કણબીને સજા કરવી. કણબીને સિપાઇ ઝાલી લઈ ગયો ને ભુંડાભાઇએ ખૂબ દમ ભીડાવી ચાલતું કામ પૂરૂ થતાં સુધી દૂર પહેરામાં બેસડાવ્યો. એક મુખતીઆરે કણબીને કાનમાં કહ્યું કે સાહેબને કાંઇ ભજશો તો છૂટશો, નહિતો બંધીશાળામાં પડશો. કણબી કહે તો ઠીક છે તમે મારીવતી આ સુનૈયો આપો. મુખતીઆર કહે એકે નહિ થાય બે જોઇશે. કણબીએ બે

દીધા. મુખતીઆરે સાન કરી તેપરથી ચેતી જુંડાભાઇએ કણબીને જામીનપર છોડ્યો. મુખતીઆરે સાંજરે તે અધિકારીને ઘેર જઈ એમાંની એક મહોર આપી. એ મુખતીઆર તેનો દલાલ હતો. એ જણે વિચાર કર્યો કે કાછીઓ ને કણબી બેનું નાણું લીધું માટે બેનું મન મનાવવું. બીજે દિવસે કચેરીમાં કણબી કાછીઆનું કામ કાઢી અહેદી પુરાવો લેવાનું નાટક કરી, ઠરાવ લખી કણબીને સંભળાવ્યો કે તારો ગુનો સાબિત થાય છે, પણ તને કેદની સજા ના કરતાં પાંચ ટકા દંડ કરૂં છું તે આપી ચાલ્યોજા, ફરી એવું કામ કરીશ નહિ.

એમ જાતે વાકેફગારી મેળવી રાજા બીજે નગર ગયા. અહીં જુંડભાઇથી મોટા દરજ્જાનો અને મોટા પગારનો અમલદાર નામે કુકરેશ દુષ્ટ લાંચીઓ ને વ્યભિચારી હતો. કોળી, વાઘરી મજૂર વગેરે ગરીબ ગુનેગારો કનેથી કોડી મળે નહિ તેવું હોય તો ન્યાય કરે પણ વાણીઆ વેપારી વગેરે ધન આપી શકે તેવાનું કામ આવ્યું કે રૂશવત લઈ તથા બીજી અનીતિ કરી ઊંધાનું ચત્તું અને ચત્તાનું ઊંધું કરે. એને લાંચ આપવાની ગોઠવણ એ શહેરના ઉકરડાભાઈ નામે શેઠને ઘેર થતી, અને લાંચનું નાણું પણ ત્યાંજ ભરાતું. એ શેઠના વડીલ મોટા શ્રીમંત વેપારી અને પુણ્યશાળી પુરૂષ હતા. દેરાં બંધાવવામાં અને બીજાં ધર્મનાં કામ કરવામાં લાખો દામ તેમણે ખરચ્યા હતા. તેમના મૂઆ પછી છોકરા અપરાક્રમી અને કાળું કરનારા નીકળ્યા. રળવાની શક્તિ મળે નહિ ને દ્રવ્ય ભાગમાં મળ્યું હતું તે સટ્ટામાં ખોયું. પછી ઉપજીવિકાને અર્થે કુકરેશના કુકર્મના દલાલ થઈ તેણે બાપદાદાના નામને બટ્ટો લગાડ્યો. વનેરાજે વાણીઆને વેશે ઉકરડાભાઇને મળીને કહ્યું કે મારો શેઠ કણબી હતો તેનું ઘર છે. શેઠ મરવા પડ્યા તેવારે મને કહ્યું કે મારી બાયડી જીવે ત્યાંસુધી એમાં રહે, પણ તે નાતરે જાય તો મારા ભાણાને આપજો. શેઠ મૂઓ ને મેં ઘરે તાળું વાસ્યું. શેઠાણીના માણસે તાળું ઉઘાડ્યું ને શેઠાણી તેમાં રહેવા આવી. હું લડ્યો. હાંરે એ ઘર શેઠના ભાણાને હમણાથી આપવુંછે. શેઠાણીને રહેવાને એક ઓરડો આપીશ. ઉકરડાભાઈ કહે કચેરીમાં તાળું ભાં-

આની જૂઠી ફોજદારી કર. જૂઠા સાક્ષી લઈ જજે. ઘર બે હજાર-નું છે તેથી તેની પા કીમત પાંચસેં દામ પહેલા લાવ, તારૂં કામ કરી આપીશ. વેશધારી વાણીઆએ તેમ કર્યું. કુકરેશે શેઠાણીના માણુસ-ને કેદમાં પૂર્યો ને ધમકી દીધી. કે શેઠાણીને પણ પૂરીશ. વનરાજે પોતાના બીજા સાથીને શેઠાણીનો સગો કરી ઉકરડાભાઇને ત્યાં મો-કલ્યો ને પાંચસેં દામ અપાવી પેલા માણુસને જામીન ઉપર છો-ડાવ્યો ને કામ માંડી વળાવ્યું.

પછી પોતાની પ્રસિદ્ધ સ્વારી જે મુકામે હતી ત્યાં જવા વન-રાજ નીકળ્યો. માર્ગમાં પાળીટાણેથી પાછો આવતો મોટો સંઘ મળ્યો. તેમાં તે છૂપે વેશે ભળ્યો. જે ઠેકાણે વનરાજનો મુકામ હતો તેજ ઠેકાણે થઈ સંઘ જવાનો હતો તેથી તેની સંઘાથે ગુપ્ત વેશે રાજા ચાલ્યો. સંઘમાં થતો દુરાચાર જોઈ તે ખેદ પામ્યો. જાત્રામાં પણ કેવાં કુકર્મો થાયછે તે તેણે જાતે જોયાં. કાવતરાં ને કપટના મન-સુબા અને જારી જુગારી જારી હતાં. લડાલડી, લુગડાં ઘરાણુંની મોટાઈ, એક એકની નિન્દા, અને ઘેર ગયા પછી કરવાના અના-ચારના વિચારમાં નર નારીઓ મચેલાં હતાં. જાત્રાથી તેમનામાં સુનીતિ આવી નહિ. વેપાર રોજગારમાં કપટ કાવતરાં નહિ કરવા નો ઠરાવ કેટલાએ કીધો ? સુધર્યા કેટલા ? એક નહિ. અપવાસ, અને ખાવા નહિ ખાવાના પદાર્થોમાં ધર્મ આવી રહેલો જણાયો. રહેણી તો તલમાત્ર પણ સુધરેલી જણાઈ નહિ. દેવ દર્શનથી જાત્રા-ળુનાં પાપી મન શુદ્ધ થયલાં નહતાં. સંઘ કાઢનાર અને તેના સા-થીઓની ધન મેળવવાની દુષ્ટ યુક્તિઓ જાણી રાજા દિલગીર થયો. કચરાભાઈ, પથરાચંદ. કાદવજી, મેલાભાઈ, કપટચંદ, જુઠાશા વ-ગેરે શાહુકારી ચોર હતા. ખાતર પાડી કે ગજવાં કાતરી ચોરી કર-નારા કે વાટ પાડી લુંટનારા નહતા. તેઓ ફોસલાવીને ધૂતી ખાતા-રા, અને કપટથી ધન હરણ કરનારા હતા. મોટા ન્યાયાધીશના હાથ નીચે કચરાભાઈ કામદાર હતો. પથરાચંદ કોઈ બીજા ભોળા અ-ધિકારીનો કારભારી હતો, અને કાદવજી મુખતીઆર હતો. ત્રણે સ્વભાવે શાંત અને ચાલાક હતાં. નાગજી ચીટનીસ હતો. ન્યાયાધી-

હાની કચેરીમાં જેમનું કામ આવે તેમને કહેશે આટલા દામ અ- નામત મારા ઘરમાં મૂકો. જીતો તો તે મારા ને હારો તો પાછા લેજો. એમ બંને પક્ષને કહી બંનેનાં નાણાં રાખે. ન્યાયાધીશ આગળ તેનું કાંઈ ચાલે નહિ. તે તો વાજબી લાગે તે કરે. પણ કચરાભાઈ મૂર્ખ લોકને સમજાવે કે મારા કહેવા પ્રમાણે કરેછે. એમ છળભેદથી પુષ્કળ દ્રવ્ય ભેગું કરી લોકમાં નામ કરવાને આ સંઘ કાઢ્યો, ને મસ ખર્ચ કર્યો, પણ તેનું મન ચોખ્ખું થયું નહતું. પથરાચંદ પોતા- ના ભોળા અને આળસુ ઉપરીને છેતરી અન્યાય કરાવી લોકને મૂતતો હતો, ને વકીલ કાદવજી તેને મળી જૂઠા સાક્ષી પુરાવા ઊભા કરી ખરાનું ખોટું ને ખોટાનું ખરૂં કરાવે. મેલોભાઈ જૂઠાં ખત બનાવનાર હતો, કપટચંદ જૂઠી સાક્ષી પૂરનાર હતો, ને જૂઠાશા વે- પારમાં ધૃતી ખાનાર હતો. તેમને કપાળે પીળા ચાંલ્લા અને પ્રભુની સેવાનું ડોળ જોઇએ તો સાચા ધાર્મિક પુરૂષો જણાય. પણ કસા- ઇના મનમાંથી જેમ દયાભાવ જતો રહ્યો હોયછે, તેમ આ લુચ્ચા આસામીઓનાં મનમાંથી સત્ય અને સાચી દયાની પ્રેરણા જતી રહી હતી. અસત્યથી, કપટથી, તથા બીજા જે જે ઉપાયે ધન મળે તેમાં પાપ નથી એમ તે ચંડાળો તથા તેમની સાથેના વેપારીઓ માનતા. પશુ પક્ષી અને જીવજંતુ ઉપર દયા કરે ને માણસને મૂતે ને છૂંદે. બાજે રૂપિઆ આપીને કે બારે ને જૂઠાં મૂલ કરીને ધનને માટે જૂઠું કરવામાં મચ્યાં રહે.

વનરાજને મુકામે સંઘ આવ્યો એટલે કચરાભાઈ, પથરાચંદ, અને કાદવજીને સરકારના સિપાઇએ ઝાલ્યા અને બંદીશાળામાં પૂર્યા; સંઘમાં હાહાકાર થઈ ગયો. સંઘ જમાડ્યાને ઠેકાણે રાજાએ સંઘ- વીને પકડ્યા એ વિપરીત કર્યું, મોટો જુલમ કર્યો એમ પેલા લુચ્ચા માણસોનાં સગાં વહાલાં બોલવા લાગ્યાં. ધન લેવાને એમને પકડ્યા હશે એમ ધારી રાજાને નજરાણાં મોકલ્યાં. રાજાએ તે પાછાં વાળી કહ્યું હું લાંચીઓ નથી, લાંચીઆને સજા કરનાર છું. જૈન ધર્મ પા- ળનારામાંના ઘણાએ વનરાજને આપત્તિ કાળમાં આશ્રય આપ્યો હતો, અને તેની મા તે ધર્મ પાળવાં લાગી હતી તેથી તે પંથપર

તેની મોટી મહેરબાની હતી. એનો લાભ લઈ કેટલાક જતી અને મહાજનો વચમાં પડ્યા. જતીઓને રાજાએ કહ્યું કે આ કામને ધર્મ જોડે કાંઈ સંબંધ નથી, આતો રાજ્ય પ્રકરણની બાબત છે. મહાજન કહે મહારાજ રાજ્યરીત તો એવી છે કે કારભારીઓના ધનસંગ્રહમાંથી ભાગ લેવાને તેમને કેદ કરીને દંડવા, દંડ આપે એટલે છોડી પાછા બહાલ કરવા. એથી રાજભંડારમાં દ્રવ્યનો વધારો થાય. વનરાજ કહે બળી એ તમારી રાજ્યરીતિ. જ્યારે એવા રાજા થશે ત્યારે દેશ ડુબશે, રૈયત કંગાળ થઈ પીડા પામશે, અન્યાય ને અસત્ય પ્રસરશે મારી આગળ એવી વાત કરવી નહિ. એમના પાપમાં હું ભાગીઓ થાઉં કે ? મારી પ્રજાને લૂંટે, તે લૂટમાંથી હું ભાગ પડાવું, અને પાછા એ દુષ્ટોને લૂંટવાને શક્તિમાન કરૂં ? એવા પાપી કારભારીને એવી સજા થવી જોઇએ કે બીજા તેમ કરતાં ડરે; અને એ પકડાયલા પાપી ફરી પાપ કરવા ન પામતાં જન્મ સૂધી અપકીર્તિ ભોગવે હું લોભીઓ નથી. થોડે નાણે કામ ચલાવીશ. એવા દામ મેળવી મારે પરમેશ્વરને શો જવાબ દેવો ?

ભુંડભાઈ, કુકરેશ, અને ભુંડભાઇના દલાલ ઉકરડાભાઇને વનરાજે પકડી મંગાવ્યા, ને ન્યાયાસને બેશી પોતાની સામે ઊભા રાખી પૂછ્યું કે પેલો કણબી અને વાણીઓ શેઠાણીનો માણસ અને સગો સાંભરે છે ? આ અદાલતમાં તેમાંના કોઈ દેખાયછે ? એ રાજા પડે અને તેની પાસે ઊભેલા મંત્રી હતા એ જોઈ બે હાથે મોઢાં ઢાંકી પેલા દુષ્ટ કેદીઓએ નીચું જોયું. તેમની હારે કચરાભાઈ, પથરાચંદ. અને કાદવજીને લાવી ઊભા રાખ્યા. બંદીવાનો થરથર ધ્રુજવા ને કાંપવા લાગ્યા. તેમના અપરાધના પુરાવા લખાવ્યા પછી શિક્ષા કરવાનો ઠરાવ કર્યાની પૂર્વે મંત્રી મંડળીના અભિપ્રાય માગ્યા. એક મંત્રી કહે ચોકમાં ગૂજરી ભરાય તેવારે એમને ત્યાં થાંભલે બાંધી દરેકને એકાવન ફટકા મારી તથા એમનાં ઘરબાર લૂંટી લઈ દેશનીકાલ કરવા. બીજો કહે ગૂજરી વચ્ચે એમનાં નાક કાપી તથા અનીતિએ સંપાદન કરેલી દોલત જપ્ત કરી ભીખ માગતા કરવા. ત્રીજો કહે એમાંના ઘઉંવર્ણા કે ગોરા છે તેમને મ્હોડે કોયલાના ભૂકાને દી-

વેલમાં કાલવી ચોપડવો, ને જે હબસી જેવી કાળી ચામડીનો કાળો કાળા મ્હોનો છે તેને મ્હોડે બંગીને હાથે નરકનો લેપ કરાવી ગૂર્જરદેશનાં બધાં નગરોમાં ફેરવવો, ને લોકને ધૂતીને મેળવેલું ધન લઈ લેવું; ચોથો કહે એમના ગુના મોટા અક્ષરે પાટી ઉપર કોતરાવી તે અક્ષરમાં કાજળ પૂરવો ને તે પાટી એમની કોટે બાંધવી ને ગધેડે પૂછડી ભણી મ્હોડાં રાખી બેસાડી ગામમાં ફેરવવા. આ મતોપર મનન કરવાને કામ મુલતવી રાખી ગુનેગારોને કોટડીમાં પૂર્યા, ને બીજું કામ કહાડયું.

એ બીજો મુકરદમો ખૂન કરવાના ઇરાદાનો હતો. એમાં શાંતિદાસ અને ધર્મદાસ નામે એક શ્રાવક તથા એક વૈષ્ણુવ, એને દયાશંકર નામે બ્રાહ્મણુ ઉપર ભટવા ગામના ઠાકોરને મંત્રથી મારી નાખવાની કોશીશ કર્યાનું તહોમત હતું. શાંતિદાસને ઠાકોરે કારભારથી દૂર કર્યો હતો; તે કારભાર પાછો મેળવવાને ઠાકોરને મારી નાખી ટિલાટ કુંવરને ગાદીએ બેસાડવો, ને કુંવરે ગાદીએ બેશી તેને દીવાન કરવો એ બેત ઊઠાવ્યો. ધર્મદાસની મારફતે દયાશંકરને મળી તેણે કહ્યું કે વિખથી મારતાં પકડાઇએ માટે મંત્રથી મારવો. બ્રાહ્મણ કહે ઠીક છે, મને શું આપશો ? હા ના કરતાં ચારસેં દામ ઠર્યા. બ્રાહ્મણે કહ્યો તે સામાન ધર્મદાસે આણી આપ્યો ને કામ ચાલવા માંડયું એ વાતની ખબર પડવાથી એ ત્રણેને સરકારના સિપાઇએ ઝાલ્યા. આ કેફીયત સાંભળી વનરાજે દિલગીર થઈ કહ્યું —શું જે કીડી માકણુને મારે નહિ તે માણુસની હત્યા કરવા બેઠા ! શી સંસારની માયા ! લોભ કેવો દુષ્ટ છે ! સાંજ પડવા આવ્યાથી આ તહોમતદારોનું કામ અને લાંચ રૂશવત ખાનારા, નિરપરાધીઓને પીડનારા, અપરાધીઓને છોડી દેનારા, પક્ષપાત કરનારા, અને સરકારને ઠગનારા, જૂઠો ઇનસાફ કરનારા અપરાધી ઠરેલા અમલદારોને સજા કરવાનું આવતી કાલે રાખી કચેરી ઊઠી. ન્યાય થતો જેવાને મળેલા હજારો આમ લોક એ ગુનેગારો ઉપર ધિક્કાર કરે. માર્ગમાં તેમને લઈ જતી વેળા તેમના ઉપર કાંકરા પડવા લાગ્યા. જુંડભાઈ પ્રથમ ફોજદાર હતો તેવારે તેણે બહુ જૂલમ અને લુચ્ચાઈ

કરી હતી. બંદીખાને લઈ જતાં તેને વધારે જાળવવો પડ્યો. એમ ન કર્યું હોત તો કોપેલા લોક તેને રસ્તામાં પૂરો કરત.

એ અપરાધીઓને ઘેર રડાપીટ થઈ હતી. એમની બાયડીઓ માથાં કૂટે, છોડીઓ છાતી કૂટે, વહુઓ છેડો વાળી રડે, ને છોકરા પોક મૂકે, એ અપરાધીઓ અધિકારપર હતા ત્યારે એમનો શો ભભકો! કેવો રોબ મારે! સ્ત્રીઓ જાણે રાજગાદી પોતાને ઘેર છો છત્રપતિની રાણીઓથી વધારે ગર્વ કરે, પાડોશીઓને દબાવે, ગરીબ સગાંની હાંસી કરે. રસ્તામાં સિપાઈ જોડે લઈ ઠણુકતી ચાલે ત્યારે એમનો અહંકાર જોઈ લોકને કંટાળો આવે. એમને ચોથે હિસ્સે પણ એ લુચ્ચા લાંચીઆ અધિકારીઓને ગર્વ ન હતો એક શેખીખોર હતો, પણ બીજા તો મીઠાસથી પટાવીને ફોસલાવી ખાનારા હતા. પરંતુ તેમના ઘરનાં બૈરાંને તો ઇંદ્રાસન એક હાથ માત્ર આઘું હોય તેટલો ગર્વ હતો. મોટાઈના બોલથી અને બીજાપર તિરસ્કારથી તેઓ હલકા જીવ છે એમ ડાહ્યા માણસોને લાગતું તે આ વેળા સાબિત થયું. ચડતીમાં જે ફૂલાય તેને પડતીમાં ધૈર્ય રહે નહિ. આ લોકને હમણાં એમ થયું. લોક એમનો ધિક્કાર કરી બોલે મૂઆં કેવાં ફાટયાં હતાં, પણ પરમેશ્વર અહીંનો અહીં છે. જે ગરજાઉ કે ખુશામતીઆ, મોટાનું કામ કરવામાં આબરૂ માનતા ને બાઈ બાઈ, જી જી, ને સાહેબ સાહેબ કરી નિત્ય ફેરા ખાતા, હાથ જોડી તાબેદાર કહેવડાવતા, હાજર રહેતા, અને પોતાની મતલબ સર મફત કામ કરતા તેઓ સર્વે આ વેળા ખશી ગયા. ઘરમાં બા બા ને બેન બેન કરનારા જતા રહ્યા. છેડો મૂકાવવાને અને ધીરજ આપવાને તો જે અંતરનાં સગાં વહાલાં ને સારા પણ ગરીબ પાડોશીઓને નાહાનો નીચ ગણી તુચ્છકાર કરી લેખવતા નહિ તેઓજ આવ્યાં. આબાદીમાં જે સભ્યતા રાખે તેની અવદશામાંએ શોભા રહેછે, ને જે મગરૂરી કરે તે ખાસડાં ખાયછે.

ઘરમાં બૈરાં છોકરાં હાય પીટ કરતાં હતાં તેમ એ કેદીઓ કોટડીમાં રોતા હતા. એક કહે "અલ્યા ચાર મંત્રીઓએ ચાર પ્રકારની ક્રૂર સજા બતલાવી છે, તેમાંની કઈ મહારાજ કરશે વારુ?

એમાંની એક મારાથી સહેવાય તેવી નથી; મારે તો એથી મોત થવાનું. મારી નારીનું શું થશે! મારાં છોકરાંનું શું થશેરે બાપજી"! એની આંખોમાંથી ડળક ડળક આસું પડે. બીજાને કહે "ઓ બાપ બજાર વચ્ચે બાંધી મારશે તે કેમ ખમાશે! મારા વાંસાની ચામડી તો કુમળી છે તે સૂજશે ને ફાટી લોહી વહેશે" ત્રીજાને નાકે હાથ લગાડી કહે "આ નાક વાઢશે તે કેમ ખમાશે! પછી કોઇને મોઢું કેમ દેખડાવાશે! નાક કાપે તેનાથી તો માથું કાપે તે ઠીક. વેદના કેમ સહેવાશેરે પ્રભુ"! એમ બોલી રડયો. ચોથો કહે "મ્હોંડે કોયલા ને દીવેલ ચોપડશે તો કેવા નઠારા દેખાઇશું! લોક હસશે, તાળીઓ પાડશે, ને ધિક્કારશે. એવે કદરૂપ વેશે ગામે ગામ ફેરવશે તો પછી બળ્યું જીવવું, હું તો છરાથી કે કૂવે પડી મરીશ. રે રામ! રે શિવજી! રાજાના મનમાં વશી અમારા ઉપર કરૂણા ઉપજાવો. હું તમને દશહજાર દામ ભેટ કરીશ." કાળી ચામડીવાળો નાકે હાથ દઈ કહે નરકની દુર્ગંધ મારાથી કેમ સહેવાશે! મને રોજ અત્તરની ખુશબો લેવાની ટેવ છે. રે દેવ શી કમબખ્તી! પાંચમો કહે ગધેડે બેસાડી ઢેડ ફજેતી કરશે તો કેવું નીચું જોવાનું! છઠ્ઠો નફ્ફટ હતો તે કહે એમ કરી મારૂં વહાલું ધન રહેવા દે, મારૂં ઘર ના લૂટે, જપ્તી ઉઠાડી મારૂં નવું ઘર મને સોંપે તો હું ફજેતીની દરકાર કરૂં નહિ. જે ધનને માટે કાળાં કર્મ કર્યા તે ધન ખૂંચવી લે તો બધી જન્મારાની મહેનત ફોગટ પડે. તેના સાથીઓ કહે રે નિર્લજ એ શું બોલ્યો. જેણે હકુમત કરી, વૈભવ ભોગવ્યા, સાહેબી કરી, તેને ફજેતીથી મરવું ભલું. નફ્ફટ કહે તો રાંડના લુચ્ચાઓ મને શું બોલાવોછો. કાળું કર્યું તે પહેલાં સાવધ કેમ રહ્યા નહિ! હવે પસ્તાએ શું થવાનું છે!

કેદીઓએ રાત્રે વાળુ ન કર્યું ને ઊંઘ્યાએ નહિ. શોકમાં તરફડીઆં મારી રાત કાઢી. સવારે બગાસાં ખાતા ઊઠયા ત્યારે દારોગાએ સમાચાર કહ્યા કે નવી રાજધાની બંધાયછે ત્યાંથી ખેપીઓ આવ્યાથી મહારાજ રતોવાઈ તે તરફ સિધાવ્યા. તમને સજા પાછા આવી કરવાનું ઠરાવી બીજાં કામ ચૂકવવાને એક પ્રધાનને મૂકી ગયા છે. નિસાસો મૂકી કેદીઓ કહે ભોગ મળ્યા! વધારે કમ-

ખતી તડ કે ભડ આજે જાણ્યું હોય તો નિરાંત. આ તો ચિંતામાં જીવ બળ્યાં કરશે. શું થશે તેની ફીકરમાં મરીશું. પેલો નફ્ફટ નાક પકડી કહે એટલો વખત નાકનો ઉપયોગ કરાશે એટલું તો નકી થયું. દારોગો હસી ત્યાંથી ચાલ્યો ગયો. પતિત અધિકારીઓ ફીકર-મંદ થઈ ખેદ કરવા લાગ્યા. અલ્યા ભાઈ કેમ થશે કુટુંબની શી વલે હશે, આપણું શું થશે, એમ રોજ એક એકને પૂછે, ને માથાં કૂટે.

खंड ३ जा.

राजानो स्वराज्यमां प्रवास. जंगलमां कौतुक. चांपानेर वसाववुं.

રાજધાનીના કિલ્લાના નકશામાં કાંઈ ફેરફાર કરવાનું શિલ્પશાસ્ત્રીના ધ્યાનમાં આવ્યાથી તેણે મંત્રીને જાહેર કર્યું, ને મંત્રીએ મહારાજની ઇચ્છા પૂછાવી. વનરાજને નજરે સ્થળ જોઈ મિસ્તરીનાં કારણ મોહોડા મોહોડ સાંભળી અભિપ્રાય આપવાનું દુરસ્ત લાગવાથી પંડે ત્યાં આવ્યા. નગરનો ઘણોક ભાગ બંધાયો હતો તે જોયો ને શિલ્પશાસ્ત્રી જોડે મસલત કરતાં તેનું મત ખરૂં જણાયાથી અસલ ધારેલો ઘાટ ફેરવવાની આજ્ઞા દીધી. રાજ્યને લગતાં બીજાં કેટલાંક કામ હતાં તે કરી પ્રજાની હાલત અને અધિકારીઓની વર્ત્તણુક જોવાને રાજા પાછા ફરવા નીકળ્યા. નિહાળતા, સુધારા કરતા, અપરાધીને સજા કરતા, પ્રમાણિકપણે ને હોશીઆરીથી કામ કરનારાને સાબાશી અને ઇનામ આપી મોટે દરજ્જે ચડાવતા રાજા વડનગર ગયા. નાગર બ્રાહ્મણોએ તેનો સત્કાર કર્યો, ને તેના અને પોતાના પૂર્વજોનો સંબંધ સંભળાવ્યો, તેથી તથા તેમની મુખની તેજી, તેમની ચતુરાઈ અને વિદ્યા જોઈ તેમનામાંના યોગ્ય પુરૂષોને રાજ કારભારમાં દાખલ કર્યા. વડનગરથી રાજા ખેડે ગયા. ખેડાવાળ બ્રાહ્મણોએ એને આફતની વેળાએ આશરો આપ્યો હતો તેનો બદલો આ વેળા વાળ્યો. ખેડેથી રાજા ખંભાત આવ્યા.

પૂર્વે ગૂજરાતમાં એ કાળે વસ્તી ઓછી હતી અને જંગલ ઘણાં વધારે હતાં. એ વિષે ચંપા જોડે વિચાર કરતાં ઠર્યું કે એણીગમ વસ્તી

કરવાના હેતુથી નવું નગર વસાવવું. બારવટામાં ચંપાને જ્યાં મંત્રીશ્વરની પદવી આપી હતી ત્યાં ચંપાને નામે શહેર વસાવવાનો ઠરાવ વનરાજે કર્યો, ને તે અમલમાં લાવવાને ચંપાનેજ મોકલ્યો. એ નગર ચાંપાનેર કહેવાયું. પાવાગઢ પણ ચંપાએ ચણાવ્યો, ને ત્યાંના નાયકડાને રાજી કરવાને તેમની કાળકા માતાનું દેરૂં તેના અસલ સ્થાનક પર બંધાવ્યું. ખંભાતથી ચાંપાનેર સુધી અને ચાંપાનેરથી અણહીલપુર સુધી રસ્તા બંધાવ્યા.

ચંપાને પૂર્વમાં મોકલી મહારાજ દક્ષિણ દિશાએ કાંઠે કાંઠે ચાલ્યા. માર્ગમાં એક મુકામેથી વનરાજ અને અણહીલ મોટે મળસ્કે છડી સ્વારીએ વગડામાં મૃગયા રમવા ગયા. કાળા હરણની પાછળ દોડતાં કેટલાક ગાઉ નીકળી ગયા. તાપ અને થાકથી રાજા તરસ્યો થયો. ઊંચે ઝાડે ચડી જોતાં અણહીલે ક્ષિતિજમાં ઝુંપડી દીઠી. તેમાં માણસ હશે એવી આશાએ બેઉ ત્યાં ગયા. ઝુંપડીમાં એક બ્રહ્મચારી તાડપત્રનું પુસ્તક વાંચતો હતો ને વિના બીજું કોઈ ન હતું. કપાળે, છાતીએ, અને ભુજાએ વિભૂતિ ભસ ચોળેલી, પાટલે બેઠેલો, કોટે રૂદ્રાક્ષની ત્રણચાર માળા પહેરેલી, હાથે બેરખા ઘાલેલા, ને ઉદાસીન મુખે વાંચવામાં લક્ષ લાગેલું એવો બ્રહ્મચારી જોઈ વનરાજે નમસ્કાર કરી જે મહાદેવ કહ્યા. માણસનો સાદ સાંભળી બ્રહ્મચારીએ બારણા ભણી દૃષ્ટિ કરી, ને બેઉને અંદર બોલાવ્યા. રાજવંશી જણાઓછો, એમ કહી બેસવા આસન આપ્યાં. વનરાજ કહે હું ક્ષત્રી છું. આ વનમાંથી જતાં તૃષા લાગવાથી આપને આશ્રમે આવ્યોછું. ભલે કહી બ્રહ્મચારીએ તુમડામાં નિર્મળ તાઢું પાણી લાવી મ્હો આગળ મેલી કહ્યું શ્વાસ ખાઇને પીઓ. રાજા પાણી પીએછે તેવામાં કોઈ પ્રવાસીએ બારણે આવી આશ્રમની શીતળ છાયામાં બપોર ગાળવાની રજા માગી. બ્રહ્મચારીએ તેને પણ આદર સહિત અંદર બોલાવી બેસાડ્યો.

માથે ધોતીયું વીંટાળેલું, અંગે વલ્કલ પહેરી તે ઉપર ભગવી ચાદ્દર ઓઢેલી, પગે પાવડીઓ, અને ખાંધે ઝોળી, દાઢી મૂછ ઊગ્યાં નહતાં, ને ભરજુવાનીમાં છતાં શોકથી ઉદાસી વ્યાપી રહેલી,

એવો પંથી મઢડીમાં આવી બેઠો. પાણી પી વનરાજે જવાની આજ્ઞા માગી ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે "મધ્યાન્હ ચડ્યા છે, ને ભોજન વેળા થઇ છે. તેથી મારી વિનંતિ છે કે થોડીવાર મુકામ કરો. આપણે ચારે ભોજન કરીએ. મારી ગરીબ ઝુંપડીમાં રોટલા ને ભાજી છે તે આરોગો. કેટલાંક વરસ થયાં હું અહીં આવી વસ્યો છું. આ ઝુંપડું મેં મારે હાથે બાંધી એની આસપાસની થોડી ભોંયને ચોખ્ખી કરી ખેડું છું. એમાં અન્ન અને શાક ભાજી પાકે છે તે વડે, તથા વનમાંથી જે ફળ જડે છે તેણે નિર્વાહ કરૂંછું. ગાય રાખી છે તે જંગલમાં ચરી ખાય છે, ને દૂધ દઈ મને પ્રસન્ન કરેછે. આહારને માટે કોઈ પ્રાણીની હિંસા કરતો નથી, ને ભૂલ્યો ટૂલ્યો મુસાફર જવલ્લે આવી ચડેછે તેને એક દિવસ રાખી પરોણા ચાકરી કરૂંછું. તમે ત્રણ આવ્યા છો તો આજ મારો કાળ આનંદમાં જશે. ઉઠો પ્રસાદ લઈએ." આપ જેવા પવિત્ર પુરૂષને શ્રમ આપવો યોગ્ય નથી, પરંતુ આપને નાખુશ કરવાને અમે ઇચ્છતા નથી, એમ કહી ત્રણેએ આમંત્રણ સ્વીકાર્યું.

પંથીનું કુમળું અને કરમાયલું વદન જોઈ વનરાજે અણહીલના કાનમા કાંઈ કહ્યું. બ્રહ્મચારીને પણ તેની મધુરી કોમળ વાણીપરથી નવાઈ લાગી. સંદેહ ભાંગવાને જમી રહ્યા પછી બ્રહ્મચારીએ તેને પૂછ્યું કે પંથી તમે મોટી શોચનામાં જણાઓછો તેનું શું કારણ ! શા દુ:ખથી શ્રીપાતનો વેશ ધર્યો છે ? કઈ મોટી આફતના માર્યા વનમાં ભટકોછો ? રાજ કોપથી, કે વહાલાના મૃત્યુથી ઉદ્વેગ પામી વૈરાગ લીધો છે ?

પંથી—જ્ઞાનીને સુખદુ:ખ સરખાં છે. તે શોચને જીતે છે, તેથી શોચના કરવાને કારણ રહેતું નથી. દુ:ખથી નાસે તેને કાયર જાણવો. જ્ઞાન વિના સંન્યાસથી શો લાભ છો આપત્તિમાં સબૂરી રાખે તેજ પુરૂષમાં ગણાય. નિરપરાધીને રાજકોપનો ડર નથી, ને મૃત્યુ તો કોઇને છોડતું નથી. મોડા કે વહેલા સૌને મરવું છે.

બ્રહ્મચારી—તો ધન મેળવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયાથી, કે કોઈ બીજી આશા ભંગ થવાથી, કે મિત્ર વિજોગથી, કે પ્રીતિને માટે

પ્રિયાએ પ્રીતિ ન દીધાથી ઘરબાર છોડી સંસાર ત્યાગ કર્યો છે!

પંથી—મૂર્ખ હોય તે લક્ષ્મીથી મોહ પામે. લક્ષ્મી ચંચળ છે, આજ આવે કાલ જાય; તે કોઇની થઇ નથી ને થવાની નથી. ઉદ્યમમાં નાઉમેદ થવાથી હારે તેને નર નહિ પણ ખર જાણવો. સનાતન ભગવાનપર જેની આશા છે તે કદી નિરાશ થાય નહિ. સાચા મિત્ર તો પરમાત્મા છે, બાકી તો વારૂ. દોસ્તી તો ધન કીર્તિ અને યશની પાછળ ફરનારી તેઓની છાયા છે. મૈત્રીનું બીજું નામ ગરજ. મોટાને ઢગલા મિત્ર હોય છે, પણ જ્યારે તેની અવદશા થાય છે ત્યારે એક પાસે ઊભો રહેતો નથી. પ્રીતિ તો પક્ષીમાં જઈ વસી છે. આ વનમાં આપે સારસ પક્ષીનું જોડું જોયું હશે. એના જેવો અરસપરસનો પ્રેમ માણસમાં હવે નથી. ઢીંગલા ઢીંગલીને છોડીઓ પરણાવે છે તેમ માબાપ નાનાં છૈયાંનાં લગ્ન કરવા લાગ્યા પછી પ્રેમનો શો ખપ રહ્યો? બાળ લગ્ને શુદ્ધ પ્રીતિને દેશનિકાલ કરીછે.

પ્રીતિ વિષે બોલતાં પંથીના ગોરા ગાલપર લોહીની સુરખી ચડી, અને તેની આંખમાંથી જળ ટપક્યું. બ્રહ્મચારી કહે ક્ષમા કરજો, તમારા હાજર જવાબને હું વખાણુંછું, તથાપિ મારો સંશય વધતો જાયછે. તમારૂં મુખારવિંદ અને અંગનો ઘાટ કહી આપેછે કે તમે વેશ બદલેલો છે. મારા સમ સાચું કહો.

પંથી કહે "સ્વામી આપ મહા પુરૂષ છો. મેં જેને દુભ્યા છે તેની શોધમાં દેશ વિદેશ, પહાડ અને જંગલોમાં ભટકી થાકી છું. હવે મારે તેની પાછળ પ્રાણ ત્યાગ કરવો છે, મારૂં અંતકાળે સત્ય માનુંછું. ભરુકચ્છ નગરમાં મારા પરમપવિત્ર પિતા લક્ષ્મણજીને ઘેર હું એકજ દીકરી હતી. તે ધનવાન, કુળવાન, અને હું રૂડી હોવાથી મારી માગણી ઘણા કરતા હતા. હું ૧૮ વર્ષની થઈ તે વારે મારી મા સ્વર્ગવાસી થઈ. મારો બાપ ઘરડો હોવાથી ત્યારથી ઘરમાં મારૂં ચલણ થયું. અમારા જેવા ઊંચા કુળનો, ભણેલો ગણેલો, ગુણવાન ને દેખાવડો શૂરવીર પુષ્પક મારી વેરે સગાઈ કરવાને આતુર થયો. મારા બાપને તે ગમ્યો, ને મારૂં મન પણ અંત-

રથી તેના ઉપર ચોંટયું. તથાપિ દૂર થઈ બહારથી મેં તેનાપર બેદરકારી દેખાડી. જેમ તે વધારે કાલાવાલા કરે તેમ હું તેને વધારે તરછોડું, ને બીજા ઉમેદવારો ઉપરે મનમાં માયા નહિ છતાં બહારથી જાહી દર્શાવું. તેણે પ્રતિજ્ઞા લીધી કે પરણવું તો તનેજ, બીજી બધી નારી મારી મા બેન. તોપણ મેં તેના ઉપર હેત દેખાડયું નહિ. મારાં દિલમાં તેનાપર પ્રેમ વધતો જાય તેમ હું તેનો બહારથી વધારે અનાદર કરૂં. અંતે તેનો ઉમંગ ભંગ થયો. આશા છોડી તે પ્રીતમ રાતમાં એકાએક ગામ છોડી જતો રહ્યો. તેનાં માબાપે અને સગાં વહાલાંએ ઘણી ખોળ કરી પણ ભાળ લાગી નહિ. તેના બાપે ઋષિઓની સભા કરી વિનંતિ કરી કે એવાં દુઃખ માબાપને ના પડે એવો ધારો કરો. તેનો હેવાલ સાંભળી આકળા થઈ લાંબો વિચાર ન કરતાં તેમણે ઠરાવ કર્યો કે હવેથી બાળવયમાં પુત્ર પુત્રીને પરણાવવાં. બીજે વર્ષે મારા પિતાએ દેહ છોડી. ત્યારથી હું આ વેશે તે પિયુની શોધમાં ફરૂંછું."

આ વાત કહેતાં તે વ્યાકુળ થઈ, ને બ્રહ્મચારી પણ તે સાંભળી તેટલોજ ગળગળિત થયો. તેણે પૂછયું વહાલી તારૂં નામ ચપળા? સ્ત્રી કહે હા. બીજી નિશાનીઓ આપીને હુંજ તારો ખોવાયલો પ્રિય પુષ્પક, રે મારી પ્રિયા!! એમ કહી તેને ભેટી પડ્યો. બેઉનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુ વહ્યાં. નારીને માથે ભગવું પોતીયું લપેટેલું હતું તે આલિંગનથી ઊકલી ભોંયે પડયું, અને પ્રાતઃકાળે નદીમાં માથાબોળ નાહીને વાંકો અંબોડો વાળ્યો હતો તે છૂટી સુંદરકાળા ચોટલાએ કુલાં સુધી વાંસો ઢાંકયો.

પ્રેમાનંદનો ઊભરો શમ્યા પછી બ્રહ્મચારીએ પોતાના બીજા બે મેમાન ભણી જોઈ કહ્યું "ક્ષમા કરજો, ભાઇસાહેબ, વિનય પળાયો નથી." વનરાજ કહે "પ્રસંગ એવો છે કે અમને અપમાન સમજવાને કારણ નથી. તમારા બેઉની વિરહવેદના મટયાથી અમને પણ હર્ષ થયો." અણહીલ કહે જેમ અમને સાનંદાશ્ચર્ય લાગ્યુંછે તેમ હું તમને વિસ્મિત કરૂંછું. તમારા આશ્રમમાં પધારેલા આ મારા મુરબ્બી શ્રી ગુર્જરેશ્વર પ્રતાપી મહારાજાધિરાજ વનરાજ છે,

ને હું મહારાજનો દાસ અણહીલ છું. આ શબ્દો ભરવાડના હોઠે ઓચરતાંજ પુષ્પક અને ચપળા ક્ષણવાર દંગ થઈ ગયાં. બાઈએ હાથ જોડી નૃપતિને નમી, અને બ્રહ્મચારીએ દંતવત્ કરી કહ્યું ધન્ય ભાગ્ય મારાં! રાજેન્દ્રે મારી મહુડી પાવન કરી, મારાપર મોટી કૃપા થઈ.

વનરાજ એક વચની તથા એક પત્નીવ્રત પાળનાર હતા. પતિવ્રતા નારીના જેવોજ એક પત્નીવ્રત નરને તે મોટો સદ્ગુણી ગણતા. પુષ્પક અને ચપળામાં એ ગુણો જોઈ તેમનાપર રાજા તુષ્ટમાન થયા. તેમને પોતાને મુકામે લેઈ જઈ તેમનાં વનવાસના વેશ બદલાવ્યા, અને ભગુકચ્છમાં (ભરૂચમાં) જોડે જઈ તેમને પરણાવ્યાં. પંડે કન્યાદાન દીધું. આધનમાં ચપળાને જાગીર બક્ષી, અને પહેરામણીથી પુષ્પકને ન્યાહાલ કરી સેનામાં ઊંચી પદવીએ નોકર રાખ્યો.

ભરૂચથી રાજા સૂર્યપુર અને રાંદેર ગયા. ખંભાતના અખાતમાં ચોરીઆં વહાણુ વેપારને હરકત કરતાં હતાં તેઓપર રવા કરી, અને લૂંટારાને સજા કરી વેપારને ઉત્તેજન આપ્યું. જળમાર્ગે મહારાજા ખંભાત આવ્યા. અહીં ખબર મળી કે અણહીલપુરમાં વાસ્તુ કરવાનો સમય થયોછે. રાજનગર ભણી જતાં માર્ગમાં ડુક્કરેશ વગેરે લાંચીઆને શિક્ષા કરી. જે નગરમાં તેઓને કેદ કર્યા હતા ત્યાં આવી ન્યાયાસને બિરાજી તે પાપીઓને સૌ લોક વચ્ચે ઊભા રાખી કહ્યું "રે પાપીઓ, રે દુષ્ટો, રે હરામખોરો, તમને તમારી નોકરીને પેટે પગાર મળતા હતા, ને તે પગારને પેટે તમને સોંપેલું કામ જે વાજબી ઇનસાફ કરવાનું હતું તે ન કરતાં દામ મેળવવાને અન્યાય કર્યા, જૂઠું બોલ્યા, ગુનેગારને છોડી દીધા, બેગુનેગારને સજા કરી, નિરપરાધીઓને ડરાવીને ધૂત્યા, વિશ્વાસઘાત કરી અપ્રમાણિકપણે વર્ત્તી તમે મારી રૈયતને લૂંટી. તમને દંડ એ કે તમારી બીનહકે મેળવેલી તમામ દોલત સરકારમાં જપ્ત થશે. જે અધિકારીઓએ સાચાઇથી નોકરી કરીછે તેમને એ દંડમાંથી ઇનામ આપવામાં આવશે. દ્રવ્ય લેઈ તમને છોડી દેતાં નથી. લૂંટારાને લૂંટી, પાછા

ચોરી કરવા મોકલવા એ રાજાને છાજે નહિ. તમારી કલમ કાપવામાં આવેછે. તેની જોડે તમારે કપાળે ડામ દઈ પાંચ વરસ સખ્ત મજૂરી સાથે તમને કેદ રાખવામાં આવશે, ને સજાની મુદ્દત પૂરી થયે છૂટતી વેળા તમારે મોઢે કાજળ ચોપડી સિપાઈ ઘેર સુધી મૂકી જશે કે માર્ગમાં તમારાં કાળાં મ્હો લોક જુએ." કેદીઓ પોક મૂકી રહ્યા. સિપાઈ તેમને ધક્કા મારતા બંદીખાને લેઈ ગયા.

કચેરી બરખાસ થતી હતી તેવામાં જેતસીં ને કુબેર નામે સસરા જમાઇએ પ્રણામ કરી એક કાગળ રાજાના હાથમાં આપ્યો, ને અરજ કરી કે એ પત્ર લખનારને સજા કરો. તે કાગળ લેઈ મંત્રીએ મનમાં વાંચી કહ્યું કે મહારાજ આ કામ ચલાવેથી અરજદારની ફજેતી થશે. વાંક હોય તો બાઇને ઘરને ખૂણે શીખામણ દઈ કામ માંડી વાળો તો ઠીક. કાગળ ફાડી નાંખી છાના રહેવું. હાથમાં લેઈ પંડે વાંચીને દીવાનની સલાહપર વનરાજ વિચાર કરવા લાગ્યા. જેતસી બોલ્યો કે મહારાજ, શેઠની એ શીખામણ ખોટી છે. એમ કરેથી ગુન્હેગાર આદમીને સજા થતી નથી ને તે ઉન્મત્ત થાયછે. પોતાની દીકરી કે સ્ત્રીની લાજ એથી રહેતી નથી, ને ઘરની આબરૂ જાયછે, કેમકે એવી વાત ગુપ્ત રહેતી નથી, બધા જાણે છે. ભાયડો સજા ન પામવાથી વધારે બગડે છે. એમ ઢાંક પીછોડો કરવાથી અનીતિનો વધારો થાયછે. મારી દીકરી ઉપર ખોટી નજર કરી માટે એ કાગળ લખનારને સજા કરશો તેનાં ફળ સારાં થશે. દુષ્ટ માણસો ત્રાસ પામશે. રાજા કહે ખરૂં કહોછો. બીજા પણ તમારી પેઠે કરી ગુન્હેગારને સજા કરાવે તો દેશમાંથી અનીતિ ઘણી ઓછી થાય. એ ચીઠી લખનાર વનમાળી કાળીઆને પકડી મંગાવી તેનો ઉત્તર લીધો; તે નામુકર ગયો પણ તેના હાથદસકત તથા બીજા પુરાવા પરથી અપરાધ સાબિત થયો. પરસ્ત્રી જોડે ખોટી વાત કરવી કે તેનાપર ચીઠી લખવી એ મોટો ગુનોહ છે, માટે વનરાજે વનમાળીને એકાવન ફટકા ચૌટા વચ્ચે બાંધી મરાવ્યા, ને એક વરસ કેદમાં રાખી દળણું દળાવ્યું.

વનરાજ ગામે ગામ લુચ્ચા તથા જૂલમી અધિકારીઓની

તજવીજ કરતો, અને તેઓનું નખોદ વાળતો ચાલ્યો. એમ કરી તેણે રાજકારભારમાં સત્ય આણ્યું. લોકને પીડનારા ઠગ, કપટી, છેતરી ખાનારા વગેરે અપરાધીઓને બચવાનો લાગ ઓછો થઈ જવાથી પ્રજામાં સુખનો વધારો થયો. આળસુ કે અનીતિવાન, પોતાનું કામ કરવાને લાયક નહિ એવા સરકારી નોકરોને બરતરફ કરી તેમને ઠેકાણે યોગ્ય માણસોને રાખ્યા. સરકારી નોકરી આપવામાં તે કેવળ નિષ્પક્ષપાતી હતો. માત્ર ગુણની તપાસ કરતો. સઘળા અધિકારીઓને તાકીદ આપતો કે સરકારી કામપર હર કોઇને ગુણની પાકી તજવીજ કરી રાખવો; પોતપોતાની નાતના માણસોનેજ ન રાખતાં બધી નાતોના ગુણવાન જુવાનીઆને ઉત્તેજન બને તેટલું આપવું. રૈયતને ગરીબ કે હલકી ગણી તેમનો તિરસ્કાર ન કરવો, ને સારા માણસોને ઘટે તેવું માન આપવું. માલમાં છેતરપંડી કરનારા દુકાનદાર, હરામખોર ભીખારી લોક, ધૂતારા, ઓછું તોળનારા, દૂધમાં પાણી ભેળનારા, ભારે વ્યાજે દામ ધીરી દગેથી ગરીબ લોકને પીડનારાદિક ગુન્હેગારોપર રાજ્ય અધિકારીઓની કરડી નજર અને જાગૃતિથી ધંધા રોજગારમાં પ્રમાણિકપણું મસ વધ્યું. બીજા દેશોથી કારીગરોને તેડાવી રાજાએ ગૂજરાતમાં વસાવ્યા, ને તેમના હુનર પોતાની પ્રજામાં દાખલ કર્યા. ખેતીમાં સુધારો કરવામાં, ને વેપાર રોજગાર વધારવામાં, રાજ્ય તરફથી જે જે કરવું ઘટે તે વનરાજે કર્યું. ધન્ય છે એવા રાજાને!!

खंड ४ थो.

अणहीलवाड पाटण. समुद्रवाटे वेपार. अद्भुत कहाणी. पनघट.

રાજ્યધાનીમાં રહેવા જવા જોગ ઇમારતો બંધાયાથી નરેંદ્રે તેમાં વાસ્તુ કર્યું. ખાતમુહૂર્ત સમે જેવો સમારંભ કર્યો હતો તેવો આ વેળા ન કર્યો. રાજમાં ફરવાથી પ્રજાના સુખને માટે સરકારી નાણાંનો ઘણો ખપ માલૂમ પડ્યો, ને ઠાઠ માઠ કરવામાં ખર્ચ પુષ્કળ થાય, માટે તેમ કરવાનો વિચાર માંડી વાળ્યો. સાદાઇથી વાસ્તુવિધિ

करी तथा बंधायलां देरांमां देवोने पधरावी पंडे नवा राजमहेलमां रहेवा गया. नगरमां कचेरीओ ने अदालतो स्थापी. रात दिवस लोकना जान माल साचववनारा रखवाळ राख्या. टंटाफीसाद अटकाववनारा, ने गुनाह करनारने पकडुनारा, तथा सजा करनारा अधिकारीओ नीम्या. जेम जेनां घरे बंधाई रह्यां तेम लोक पोत पोताने फावते मुहूर्ते नगरमां जई वस्या.

*अणुहीलपुरनो घेर बार गाउनो हतो. तेमां घणी विद्यालयो, अने अगणित दहेरां थयां. केटलाक काळमां ८४ चोक, ८४ चोटां, नाणुं पाडवांनी टंकशाळो, भात भातना माल भरवानी मोटी वखारो तथा माल वेचवानी रुपाळी दुकानोथी नगर शोभीतुं दीसवा लाग्युं. हराडे (अढारे) वर्णना वास नोखा हता. सौ पोत पोताना जथामां रही सुखचेन भोगवता. हरेक जातना मालनी पीठ जुदी हती. मनीहार † वाडामां हाथीदांत, हाथीदांतना चूडा, रमकडां, डाबडी, पेटी, सोगटां वगेरे वेचाय; तागीआवाडमां रेशम ने हीरागळ लुगडां; रतनचोकमां मोती, मणी, पाना, पोखराजादि रत्नो वेचातां; नाणावटमां सत्यवादी साहुकारो हुंडी करता, वेपारीओने मालपर पैसा धीरता, ने लोकनां नाणां जमा राखता; खुडदो वेचनारा पण त्यां बेसता; सुरैयावाडमां सुरैया धूपसळी, अबील, गुलाल, कंकु, अरगजा, अत्तरादि सुगंधीमय पदार्थो वेचता; दोशीवाडामां कापडीआ सुतराउ कापड वेचता; काछीआवाडमां शाक अने फळनी हाटोपर बेठा काछीआ पोताना मालनां वखाण करीने बूमो पाडता; कणपीठ ने दाणापीठमां भात भातनां अनाज वेचातां. एम हरेक चोटामां चोक अने तरेह तरेहनां माल वेचवाना बजार हता. गांधीवाडे वसाणा, दूधवाडे दूध, मोची-

*हाल पाटण छे ते असल वनराजना बंधावेलानो बचेलो मात्र कांई जुज भाग हशे. मुसलमान अने मरेठी अमलमां घणा भागला ने ईमारतोनो नाश थयो.

† ते वेळा पाडा शब्द हतो ते हाल वाडा थयो छे, लुहारपाडानो लुहारवाडो, ईत्यादि.

નારે પગરખાં, એમ ઠામઠામ જે જોઇએ તે મળતું. પણ વડા ચૌટામાં માલ સૌથી સરસ અને સોંઘો મળે, અને ભીડ તો એટલી થાય કે ગાડીને જવું કઠણ પડે. પોઇસ પોઇસની બૂમો સદા પાસાં જ કરે ને અલબેલા અસવાર આવ જા કરે. ભાત ભાતમાં કીસબ કરનારા કારીગરોના મેહેલ્લા જુદા હતા; સોની ફળીઆમાં સોની ઘડે; રૂપાઘડા, કંસારા, ત્રાંબાઘડા, ને કલાઇઘરાની હાટ હારબંધ હતી. લુહારવાડે લોઢાનો માલ મળતો; વૈદની દુકાનો વૈદવાડે; ગંધર્વ ફળીઆમાં જઇએ તો મધુર ગાયન અને વાદિત્રના નાદ સાંભળી જીવને આનંદ થાય. ભાટવાડામાં ભાટ ચારણ અને સૂથારવાડામાં સૂથાર રહેતા. રાજમંદિરના થડના મોટા બૂરજમાં શસ્ત્રસંગ્રહ હતો. કેટલેક અંતરે ઘોડશાળા, હાથીશાળા, રથશાળા, સરકારી દફતર ખાનાં, મંત્રીશાળા, કચેરીના બંગલા વગેરે મકાન હતાં. વિશાળ રાજ મહેલ શોભાયમાન આરસનો બાંધ્યો હતો; તેના નકશી કામમાં કાંઈ મણા નહતી. નગરમાં આવતા અને નગરમાંથી જતા માલપર દાણ ઊઘરાવવાને જુદી જુદી માંડવીઓ હતી. એકમાં ધાતુપાત્રો પર લેવાતું, બીજીમાં તેજાનાપર, ત્રીજીમાં મેવાપર, ચોથીમાં કાપડ ઉપર, એમ નોખાં દાણગૃહ હોવાથી દેશી પરદેશી માલનું રોકાણ થતું નહિ. વેપાર એટલો ધમધોકાર ચાલતો, અને કેટલાંક વરસ પછી તેમાં એટલો વધારો થયો કે નિત્ય એક લાખ ટકા દાણી અમલદારો ખજાનામાં ભરતા. લોકને ફરવાને મોટા બાગ બગીચા થયા, ત્યારે કોઈ ચંપાવાડીમાં, કોઈ ચંદનનાં વૃક્ષોમાં, કોઈ આંબાવાડીમાં, કોઈ ફૂલના માંડવામાં, એમ જેને જ્યાં ગમે ત્યાં તે જઇ મઝા કરે. લોક એવા ભલા હતા કે પાણી માગે તો દૂધ પાય, ધર્મના બોધ કરનારા ગુરૂ ઉપર વનરાજની તાકીદ ઘણી હતી. જેમની રહેણી સારી હોય તેઓનેજ એ સર્વોત્તમ કામ કરવા દે. આચાર્યો, કથા કરનારા બ્રાહ્મણ, વખાણ વાંચનારા ગોરજી, વગેરે ઉપદેશકો ગુનાહ કરે તેને બીજા ગુનેહગારોથી વધારે સજા કરતા, ને નિરૂદ્યમી ભીખારીને શહેરમાં વસવા દેતા નહિ.

શહેરની આબાદી દિવસે દિવસે વધતી ચાલી. ધંધો રોજગાર વધ્યાથી, અને ધન કમાવવામાં, સંગ્રહ કરવામાં અને ખરચવામાં રાજ્ય તરફથી હરકત ન હોવાથી લોકને ઉદ્યમ કરવાનો ઉમંગ વધ્યો. લાખો માણસની વસ્તી થઈ. આ એક દહાડાનું કે એક વરસનું કામ નહતું. વનરાજના સમયમાં પ્રજાની સમૃદ્ધિ વધવા માંડી, અને તેની પાછલી પગથીએ તેના વંશજો. હીંડ્યા તેથી રાજધાનીમાં અને આખા દેશમાં ઉપર કહ્યા પ્રમાણે વિદ્યા, કળા, સદ્‍ગુણ અને મહાલક્ષ્મીએ આવી વાસો કર્યો.

ચાંપાનેરનગર બંધાઈ રહેવાથી ત્યાં જઈ રાજાએ વાસ્તુ કર્યું; અને તેમાં લોકને વસાવ્યા, તથા ત્યાં જવાના રસ્તા બંધાવ્યા. કેટલાક વખત સૂધી મહારાજ પોતાના દેશના દરિયા કાંઠે ફર્યો. વહાણથી ચાલતો વેપાર વધે અને ગુર્જરો સમુદ્ર ઉપર સાહસિક કર્મો કરે; જંગબાર, જદ્દા, મુખાદિ આથમણદિશાભણીનાં બંદરોમાં, તથા સિંહલદ્વીપ, જાવા, ચીન વગેરે ઊગમણ તરફના દેશોમાં ગુજરાતનો માલ વેચવા ગૂર્જરો જાય, અને ત્યાંનો માલ સ્વદેશમાં આણે એવો તેને અભિલાષ હતો. નોકાશાસ્ત્ર ભણાવવાને શાળા કરી, તથા સમુદ્ર તસ્કરથી સફરીઓનું રક્ષણ કરવાને સાગરસેના સ્થાપી. મોટી દૂરની સફરો કરે તેને ઇનામ આપવાનાં જાહેરનામાં કર્યાં. એમ સરકારની સાહ્યતા છતાં વેપારીઓ ખંચાય, અને નૌકાશાસ્ત્ર ભણવા ઊચવર્ણમાંથી કોઈ જાય નહિ; કોળી ખારવામાંના કોઈ તે શીખે એટલું ભણેલા નહિ. લોકને ધર્મ ગુરૂઓ તરફની અડચણ હતી. દરિયા પાર જવાની અને વહાણે પ્રવાસ કરવાની શાસ્ત્રમાં મના છે એમ ધારી લોક અટકે છે એ જાણી દેશોપકારી રાજાનું મન કચવાયું. પણ અડચણથી હારે એવા તે નહતા. પ્રભાસમાં જઈ તેણે શાસ્ત્રીઓની સભા બોલાવી, અને પ્રશ્ન કર્યો કે સમુદ્રની પુત્રી જે લક્ષ્મી તેને લેવા સમુદ્રપર જતું કે નહિ ? પ્રથમ દરબારના શાસ્ત્રીને બોલાવી પૂછ્યું. તેણે ઉત્તર આપ્યો કે વેદશાસ્ત્રથી જવામાં અટકાવ નથી. રાજા કહે લખી આપો. શાસ્ત્રી કહે હેં હેં હેં હેં મહારાજ, ન્યાતિવાળા મને નાત બહાર મૂકે; મહારાજ

ક્ષમા કરો. વનરાજ કહે તમારા જેવા બીકણનું અમારા દરબારમાં કામ નથી.

મંત્રીઓ સાથે આ બાબતનો મનસુબો કરતાં વનરાજે કહ્યું કે કાશીના પંડિતરાજ યજ્ઞેશ્વર શાસ્ત્રી ઘણી સભાઓ જીતતા હાલ અત્રે આવ્યાછે તેમને તથા અહીંના જે ભણેલા વિદ્વાનો છે તેમને એકાંતમાં પૂછી શાસ્ત્રાર્થ લખાવી લેવો. મંત્રીઓ કહે મહારાજ એમ લખાયલા શાસ્ત્રાર્થને લોક મંજૂર નહિ રાખે. પ્રથમ થોડા ડાહ્યા પંડિતોને ખાનગી બોલાવી તેમની સલાહ લેવી ને પછી જાહેર સભા ભર દરબારમાં કરવી. એ પ્રમાણે પંડિતરાજ યજ્ઞેશ્વર, વિષ્ણુશાસ્ત્રી, વિદ્યાસાગરાદિ સારા વિચારવંત મહાપંડિતોને રાજાએ નોતર્યા. રાજકાજથી પરવારી નવરાશની વેળાએ તેમને બોલાવી યથાયોગ્ય પૂજન કરી તેમનું સન્માન કર્યું. પરદેશોમાં સમુદ્રવાટે જવાના અને ગુર્જરત્રાની પ્રજામાંના પરાક્રમી તથા બુદ્ધિવાન પુરૂષો નૌકાશાસ્ત્ર શીખી મોટાં સફરી વહાણોના નાખુદા અને નૌકા નાયક થવાથી જે મોટા લાભ થાય તે પ્રધાને વિસ્તારથી સમજાવી વિનંતિ કરી કે "ચારે વર્ણના ગુર્જરોને સમુદ્ર ગમન કરવાની રજા શાસ્ત્રી મંડળે સ્વદેશ કલ્યાણને અર્થે આપવી." પંડિતરાજ કહે "એ વિષય મેં સારી પેઠે જોયો છે. શ્રુતિ સ્મૃતિમાં બિલકુલ મના નથી. કોઈ પુરાણમાં ના કહી છે, પણ તેના રદીઆ મારી પાસે ઘણા છે તેમાંના કેટલાક પ્રસ્થાન ચંદ્રિકા નામે મારા પુસ્તકમાં દર્શાવ્યાછે. શાહાણા પંડિતોએ સંમતિ આપી કહ્યું કે "જો વિવેકથી વાદ થાય તો એ પ્રમાણે સિદ્ધ થઈ શકે, કેમકે એ સત્ય છે. પણ કેટલાક શાસ્ત્રીબાવા વહેમી છે, કેટલાક બીકણ છે, વળી કેટલાક મમતી છે, ને કેટલાક મૂર્ખ છે, તેઓ સામા થશે, ને જૂઠી તકરાર કરશે.' વનરાજ કહે "ચિન્તા નહિ, જેઓ સાચા હશે તેઓ સાચું બોલશે ને સત્ય સ્વીકારશે."

મોટી સભાનો નોતરીઓ બીજે દિવસે ફર્યો. સોમેશ્વરના દેવાલયના વિશાળ રંગમંડપમાં સભા ભરાઈ. દેવદત્ત, સોમદત્ત, હિનમ-

ણી, નિશમણી, શિવશંકર, રામચંદ્રભટ, મહેશ્વર શુક્લ, મણીશાસ્ત્રી, પ્રાણશંકરપુરાણી, નારદ પંડ્યાદિક જેનાં નામ શાસ્ત્રીઓની ટીપમાં અસલથી હતાં તેઓ આવ્યા. એમાંના ઘણાક શાસ્ત્રીમાં ગણાતા પણ કાળા અક્ષરને કૂટી મારે તેવા હતા. એકવાર શાસ્ત્રીની ટીપમાં નામ દાખલ થયું કે પછી વંશપરમ્પરા ચાલે. મણીશાસ્ત્રનો બાપ ભણ્યો હતો. વારસામાં મણીભટનું નામ તેનાં બાપને ઠામે નોંધાયું હતું. બાપ મરી ગયા પછી તેનાં કેટલાંક પુસ્તકો પટારામાં ભરી મૂક્યાં, ને કેટલાંક વેચી ખાધાં. જમવાનું શોધતા ગામમાં ભટકે ને ઠોલીઆપણું કરી પેટ ભરે. ઘરની તરીઆ કહે ઘોલ ધપ્પા ને ગાળો ખાઇને તથા ગાળો દઇને પૂરૂં કરોછો તે કરતાં ભણો તો કેવું સારૂં. મણીશાસ્ત્રી કહે 'રાંડ ટકટક ના કરને, મારો બાપ ભણ્યો હતો કેની.' એવા મૂર્ખો મણીશાસ્ત્રી ઈંટ રૂમાલ વીંટી તેને પુસ્તકને બદલે બગલમાં ઘાલી સભામાં ચાલ્યા. માર્ગમાં દેવદત્ત, સોમદત્ત, વગેરે બીજા અભણ શાસ્ત્રી તેને મળ્યા. દેવદત્તના દાદાના દાદાનો કાકો ભણેલો શાસ્ત્રી હતો તેનો વારસો એને ઊતર્યો હતો; સોમદત્તને મોસાળથી શાસ્ત્રીના નામનો વારસો મળ્યો હતો; મયત નારાયણ પુરાણીનો દત્તક પ્રાણશંકર હતો માટે આવ્યો હતો. આ મૂર્ખો મળી રસ્તામાં એક ઓટલે બેઠા. દેવદત્ત કહે અલ્યા સભામાં જઈ શું બોલવું તે ગોખી રાખ્યું છે કે ? મણી કહે જેને શ્લોક બોલતાં આવડતા નહિ હોય તેને હું આ પોથીમાંથી શીખવીશ. સોમદત્ત કહે આપણે માંહેમાંહે બોલવું, એટલે ખરૂં ખોટું જે હશે તે ચાલશે. પ્રાણીઓ કહે ભાઇઓ માર્ગમાંથી પરસ્પર સંસ્કૃત બોલવા માંડવું કે લોક સાંભળી વખાણ કરે. રસ્તામાં કોણ સમજવાનું છે કે ખરૂં બોલે છે કે ખોટું ? લોક કહેશે વાહવા કેવા મોટા પંડિત છે ! એટલેથી ઊઠી હીંડ્યા કે એક બોલ્યો, 'દૃષ્ટવં તે વિશાળમ મંદીરમ. બીજો કહે કિમ લબાડમ્ ગોષ્ટી વદંતી. ત્રીજો બોલ્યો, કિમર્થમ બરબરાટ કારમ. ચોથો કહે અમસ્થા બોલી નમ.' મણીશાસ્ત્રી કહે અલ્યા મૂર્ખો એમ નહિ, સંસ્કૃતમાં તો વ્યર્થ બોલંતમ્ કહીએ. પ્રાણશંકર કહે "તસ્માત ન વદતે, મિથ્યા ભાષણું વદંતામ." બીઆ-

શાસ્ત્રી કહે અલ્યા પ્રાણીઆ, કસ્માત માર્ગતમ કૃજેતી કરંતમ. પેલા મોટી મૂછો ને ચોખીઆ વાળા જેદેવ શાસ્ત્રી આવેછે તેને પ્રણામ કરી પૂછું કે કિમર્થમ બહુ રોમાણી મુખમ." ના અરીણીઆ ના બોલતો, શાસ્ત્રી તામસી છે, લડી પડશે. પ્રાણીઓ હસીને કહે ક્ષમા મહારાજ રક્ત લોચનમ ન કુરિયાત; કસ્માત નેત્ર પિંગળમ એ તો ખરૂં વારૂ. એમ સંસ્કૃતમાં વાતો કરતા જાયછે એટલે કોઈ બ્રાહ્મણે માંડેલી સબજીની દુકાન આવી, ત્યાંથી ભાંગના લોટા પી લીલી ઘોડીએ ચડી ડોલતા ડોલતા સભામાં આવ્યા. રાજાએ તેમને નમસ્કાર કર્યા, તેના ઉત્તરમાં શુભમ્ ભવતુ, કલ્યાણમસ્તુ, એમ આશીર્વાદ દઈ મંડપમાં બેઠા.

શાસ્ત્રી, પુરાણી, વેદિયાદિ વિદ્વાનો એક પછી એક પધાર્યા. પ્રથમ તો એક એકની વિદ્યાનાં અને પૂર્વજોનાં વખાણ કરવા લાગ્યા. પછી વ્યાકરણ, ન્યાય, સાંખ્યાદિના પ્રશ્નોત્તરનો ઝપાટો ચાલ્યો. વાદવિવાદ પર ચડ્યા. હાથો લાંબા કરી ઘાંટા પાડી સૌ જોડે બોલે. કોઈ કંઇ કહે, કોઈ કંઈ કહે. એટલું કલકલાણ થયું કે કાને પડ્યું સંભળાય નહિ. એવામાં ત્રણ નવા આવ્યા, ને જે બેઠા હતા તેમના ખોળામાં બેશી ગયા. તાળીઓ પાડી વિષ્ણુ શાસ્ત્રીએ તેમને છાના રાખી વિનંતિ કરી કે "પંડિતો! વ્યાકરણાદિ વિષયોનો વાદ હાલ બંધ રાખી જેને માટે મહારાજે બોલાવ્યા છે તે ચલાવીએ." એક ક્રોધી શાસ્ત્રી બોલ્યો "વ્યાકરણ પહેલું, વ્યાકરણ વિના વેદશાસ્ત્ર સમજાય કેમ." બીજો જરા શાંત સ્વભાવનો હતો તે કહે ઠીક કહોછો, પરંતુ આજનો વિષય ચલાવીએ તો કેમ! ક્રોધી કહે સર્વેની જેવી ઇચ્છા, પણ કાળે પાણીએ જનાર જોડે કોણ વહેવાર રાખે તેનો વિચાર કરો, જ્ઞાતિવાળા શાસ્ત્રાર્થ માનવાના છે! શાસ્ત્રીઓનું જ્ઞાતિમાં શું ચાલેછે? છગન શાસ્ત્રી કહે આપણે જ્ઞાતિની પંચાતમાં શીદ પડવું જોઇએ? શાસ્ત્રાર્થ આપવો એ આપણું કામ છે તે કરીએ. મગનશાસ્ત્રી કહે પુરાણોમાં સ્પષ્ટ ના કહી છે. જેઠા ત્રવાડી કહે "પણ શ્રુતિસ્મૃતિમાં જોવું કે નહિ? પુરાણમાં મના કરેલી છે તેમાં કેટલું પાળવામાં આવેછે તેનો વિચાર કરોને. આ સૌરાષ્ટ્રમાં

જવાની ના પાડી છે ને આપણે તો અહીં વસીએ છીએ." આ વચનો સાંભળીને સામા પક્ષના શાસ્ત્રીઓ ગાજી ઊઠ્યા, ને શોર બકોર થઈ રહ્યો.

• વનરાજ મંત્રીઓને કહે આ શું ? લડેછે કે વાદ કરેછે ? મંત્રીઓ કહે મહારાજ શાસ્ત્રીઓની સભામાં તો સદા આવુંજ હોય છે. શાંતપણે તો ક્વચિતજ નિર્ણય કરેછે. ઘણીકવાર લડીને થાકે ત્યારે ઊઠી જાય. વખતે એક પક્ષવાળા એક અભિપ્રાય આપે, સામાવાળા બીજો નોખો આપે. વનરાજ કહે તો એમને દક્ષિણા આપી વિદાય કરો. મારી સન્મુખ આમ વઢેછે, કેવા અસભ્ય છે. એમ નાખુશ થઈ મહારાજા ત્યાંથી ગયા. બીજે દિવસે યજ્ઞેશ્વરભટ્ટ, વિષ્ણુશાસ્ત્રી વગેરે કેટલાક મહાપંડિતોએ સાચો શાસ્ત્રાર્થ લખી મોકલ્યો, પણ તેપર પ્રતિ પક્ષીઓએ સહી કરી નહિ. રજપૂતોએ રાજાની આજ્ઞા માથે ચડાવી, અને જૈન જતીઓએ શાવક લોકને પરવાનગી આપી તેથી મહારાજનો પ્રયત્ન કેટલેક દરજ્જે સફળ થયો. "શોધિત્સ્યાપિનસંગ્રહે" એ આધુનિક અને વિનાશકારી વચનને વળગી રહેનારા શાસ્ત્રીઓને બોલાવી રાજાએ બહુ સમજાવ્યા. એથી દેશના લોક પરાક્રમહીન, બળહીન, અને દ્રવ્યહીન થશે એમ અનેક સબળાં કારણોથી તેમની ભ્રાંતિ અને વહેમ તોડવાનો મહારાજે પ્રયત્ન કર્યો, પણ આંધળાની આગળ આરસીની પેઠે નકામો પડવાથી તેમને વિદાય કરી ઢંઢેરો ફેરવ્યો કે રૈયતમાંથી જેઓ મોટી એ સફરો વહાણે બેશી કરશે તેમને સરપાવ અને જાગીર મળશે.

• રૂપસુંદરી એકાએક આ દુનિયા છોડી મોક્ષ પામી એવા સમાચાર આવ્યાથી વનરાજે પ્રભાસમાં માતુશ્રીનું શ્રાદ્ધ કરી તીર્થના બધા બ્રાહ્મણ જમાડ્યા. રાજધાની ભણી જતાં વાટમાં ડુંગરની તળેટીપર આવેલા ગામમાં ઉતારો હતો. છપે વેશે એકલા મહારાજ ગામ જોવા ગયા. ઝાંપાની પાસે ખેતરમાં છોકરા રાજાની રમત રમતા હતા. વનરાજ તે જોવા ઊભા. એક છોકરો વનરાજ થયો, બીજા મંત્રી, સામંત, સિપાઈ, છડીદાર, હલકારા વગેરે થયા. ને બાકીના જોવા ઊભા. જોનારમાંનો એક કહે અલ્યા તું ખરેખરો રા-

જા હોઉં તો શું કરે? રાજા થયલો છૈયો કહે નિશાળે ના જાઉં ને મહેતાજીને હેડમાં પૂરૂં; આજ સવારે સોટીના બે ઝપાટા અને ચોઆ તેના સોળ હજી છે. પૂછનાર કહે તો ભણ્યા વિના ચાલે? રાજા અભણેલ હોય તો પછી કારભારીને મઝા, ને ખેડુતોનાં ભોગ. હું રાજા થાઉં તો સોનાનાં હળ કરીશું, રૂપાનાં ગાડાં કરશું, ને બળદને ઠેકાણે હાથી જોડી ખેતી કરૂં. એ સાંભળી ગામના હજામનો છોકરો કહે હું રાજા થાઉં તો અસ્રા ને નરેણી સોનાની કરાવી રૂપાની કોથળીમાં મૂકી વતાં કરવા નીકળું. ગામનો તળાટી બાહેલો હતો તેનો દીકરો બોલ્યો કે હું રાજા થાઉં તો પંબહાણુના દેહાઇની પોરીને પરણું ને મારી બેનને દેહાઈ વેરે પરણાવું. એવામાં માકડાં રમાડનાર આવ્યો તેની ભણી છોકરા દોડ્યા. વનરાજ ગામમાં ગયા.

રાજાની આવણીનો માણસ જાણી એક ડોસો તેની જોડે વાતે વળગ્યો. ડોસો કહે તમે તો મહારાજની હારે બહુ ફર્યા હશો. ઘણું જોયું ને જાણ્યું હશે તેથી મારો સંદેહ મટાડશો. વનરાજ કહે તે શો છે? ડોસો કહે "મારૂં નામ વલ્લભ છે, મારી ઉમર લગભગ ૮૦ વરસની છે. હું પચીસ વર્ષનો થયો ત્યારે ૧૮ વરસની લાડી નામે કન્યાને પરણ્યો. અમે જુદું ઘર માંડીને રહ્યાં. કેટલાક વખત સુધી અમને બહુ બન્યું, પણ તેના માથામાં જૂઓ છે એ જાણ્યાથી મને તેના ઉપર કંટાળો આવ્યો. જેમ બને તેમ હું ઘરમાં થોડું રહું. એથી તે સુધરી, ચોટલો સાફ રાખવા લાગી ને જૂઓ તેમાં રહી નહિ, પણ હું બગડ્યો. આળસુ માણસોની સંગતમાં પડી આળસુ થયો; ખેતર બરોબર ખેડું નહિં. ડુંગરામાં ભટક્યાં કરૂં ને ઘરનાં કામકાજ પડ્યાં રહે. એથી કમાઈ ઘટી ને ઘરમાં આવું કે લાડી મારી જોડે લડે. તેની જીભથી છૂટતાં તીર મને વીંધે. પણ બાપડી મારી પર માયા ઘણી રાખતી. ચૈતર વૈશાખના તાપ અને વાના ઝપાટાની મોસમ ગયા પછી વર્ષા ઋતુના વરસાદથી જેમ શીતળતા થાયછે, તેમ લડી વઢીને છેલ્લે રડે. તેનાં આંસુથી અમારો ક્રોધાગ્નિ છંટાઈ જતો, અને તેની જીભે કરેલા

જખમ તેની માયાથી રૂઝાતા. એમ વખત જતાં ત્રણ છૈયાં થયાં, બે દીકરા અને એક દીકરી. ઘરમાં ખાનારાં વધ્યાં, પણ મારા આળસથી કમાઈ ઘટી. ઘરમાં દળદર ફેરા ફરે ને લાડીને તથા છોકરાને પીડે. તેણીએ મને બહુ શીખામણ દીધી પણ મેં માની નહિ, તેથી તે વધારે કંકાસ કરવા લાગી. ઘરમાં જાઉં કે તે છેડા વાળીને રડવા બેસે ને મ્હારે નામે છાજીઆં લે. ઘરમાં જાઉં કે ક્લેશ થાય તેથી મને રોટલાએ જમવો ન ગમે. મારો સામળીઓ નામે કાળો કૂતરો હતો તે વિના ઘરમાં બીજા કોઇનું હેત મારા પર રહ્યું નહિ. લાચારીએ થોડું ખેતરમાં કામ કરી હું ને મારો કૂતરો વગડામાં ભટકીએ. એક દિવસે સવારમાં રોટલા ખાઇને આ ડુંગરાપર ચઢ્યા. ભટકતાં સાંજ પડવા આવી. સુંદર રાતો સૂરજ રૂપાળાં લાલ વાદળાંમાં આથમતો હતો ને તેનાં સોનેરી કિરણોથી ટીંબા રસાઈ રહ્યા હતા; તેવામાં એક નિર્મળ પાણીવાળા અને ઝાડોની ઘટાથી ઘેરાયલા તળાવે હું ને મારો સામળીઓ આવ્યા. તળાવની પાળે કેટલીક નારીઓ સોનાની થાળીઓમાં પકવાન પીરશી જમતી હતી. તેમાંની એક ઊઠી મને લાડવો આપ્યો તે ખાતાંવારને મારાં ગાત્ર શીતળ થઈ ગયાં, ને હું ત્યાં ચકરી ખાઇને પડ્યો; મારી આંખો મીચાઈ ગઈ. ને મને કાંઈ ભાન રહ્યું નહિ. પેલી બાઇઓ મને લઈ ઊંચી ઊડી. પોતાના ધણીને લઈ જતો જોઈ મારો સામળીઓ ભસ્યો તે મેં સાંભળ્યું, પણ મારે મ્હોડે એક બાઈએ હાથ દીધેલો તેથી હું બોલી શક્યો નહિ. અમે તો ચાલ્યાં ચાલ્યાં ચંદ્રમાને ઘેર ગયાં; તેની જોડે વાળુ કર્યું; પછી તેની ૨૭ નારીઓને ઓરડે ગ્યાં ને એકે એકની જોડે બેશી વાળું કર્યું. ચંદ્રને ઘેરથી ઊપડી મને તે બુધને ઘેર લઈ ગઇયો. બુધે પણ અમને ભોજન કરાવ્યું. અહીં તાપથી બળ્યો બળ્યો થયો. ત્યાંથી અમે શુક્રને ઘેર ગયાં. ઠગણીયું કોઈ વાર પાછલી રાત્રે ઊગેછે ને કોઇવાર સાંજે દેખાય છે તેનું નામ શુક્ર. શુક્રે મને અને તે સ્ત્રીઓને જમાડી, વિદાયગીરીમાં વસ્ત્ર આપ્યાં. શુક્રમાંએ ગરમી ઘણી હતી. અહીંથી ઉપાડતી વેળા

મેં પૂછયું બાઇઓ, હવે મને કયાં લઈ જાઓછો? તેઓ કહે સૂરજ-માં. મેં કહ્યું કે બેનો સૂરજમાં તો હું બળી મરીશ. તેઓ કહે નહિ બળે. હું તો પોક મૂકવા લાગ્યો, પણ કોણ લેખવે. જેમ આગળ ગયો તેમ તાપ વધારે લાગવા માંડ્યો. હું વધારે રડું ને બૂરાડા પાડું. ઓલી બાયડીઓએ મારાપર દયા કરી મારા અંગ ઉપર કાંઈ ભૂકો છાંટયો એટલે મને ઠંડક વળી ને પછી ગરમી લાગી નહિ. સૂરજે અમારૂં બહુ સન્માન કર્યું. ઉજાણી અને નૃત્ય કરતાં રાત પૂરી થવા અવી ને તેને પ્રસ્થાન કરવાનો સમય થયો. નારીઓ મને સૂરજને સોંપી જતી રહી. જતી વેળા સૂરજને કહેતી ગઈ કે મને મારે ઠેકાણે પહોંચતો કરે. સોનેરી સાત ઘોડાનો સોનાનો રથ અ-રૂણ જોડી લાવ્યો. સૂરજે હીરાનો મૂગટ પહેર્યો કે છડીદારે આવી કહ્યું મહારાજ સારથી રથ લાવ્યો છે. સૂરજ ને હું તેમાં બેઠા. સા-રથીએ રથ હાંકયો. એટલે સુધીનું મને સાંભરે છે. પેલા તળાવની પાળે પાછો હું શી રીતે આવ્યો તે જાણુતો નથી. બપોરે ત્યાંથી જનારા કોઈ આદમીએ મને જગાડ્યો. હાંફ્લો ફાંફ્લો ઊઠી મેં કહ્યું મારો સામળીઓ કૂતરો કયાં ગયો, મારો ભાલો ને તીર ક્યાં ગયાં? તે મા-ણુસ કહે ભાઈ હું તો હમણાજ માર્ગે જતો અહીં પાણી પીવા આવ્યો છું, હું કંઈ જાણુતો નથી. એટલું બોલી તે ચાલતો થયો.

મારાં હથીઆર પેલી નારીઓ ચોરી ગઈ એમ માની કૂતરાને શોધતો ડુંગરેથી ઊતર્યો. ગામ તો મને વિસ્મય પમાડ્યો. મારૂં ઓ-ળખાણનું તો કોઈ તેમાં મળે નહિ. જે જોઉં તે નવું! મારે ઘેર ગયો તો તેની ઓસરી પડી ગયલી ને બારણાં વાસેલાં. બારણાં ઠો-કી લાડીને સાદ પાડ્યા કે ઘરમાંથી એક માંટીડો નીકળ્યો. તેણે પૂ-છયું કાકા કોને પૂછોછો? મેં કહ્યું અલ્યા મારા ઘરમાં ભરાઈ વળી ઊલટો મને પૂછેછે? તારે કોનું કામ છે? તું ઘરમાં કેમ પેઠો? પેલા-એ જાજા કહી મને ધક્કો માર્યો. મેં તેનો હાથ ઝાલી કહ્યું ઊભો રહે, તને મહારાજા જયશિખરની આણ છે. ટંટો જોવા આડોશી પાડોશી આવ્યા ને ટોળું મળ્યું, પણ તેમને હું ન ઓળખું ને તેઓ

મને ના ઓળખે. મેં વિચાર્યું કે આ થયું શું એવામાં ગામના મુખી પટેલે આવી મને ઝાલ્યો, ને બંડખોર બંડખોર એમ કહી હેડમાં પૂરવા લઈ જવા લાગ્યો. મેં કહ્યું મારી વાત સાંભળો, તમને રાજા જયશિંખરની આણ છે. એમ બોલ્યો કે ધડાધડ ધપ્પા મારી મને તાણવા લાગ્યો. મેં ગભરાઈ કાલીવાલા કરી કહ્યું " ભાઈ મારી વાત સાંભળો તો ખરા. હું આ ગામનો વલ્લભ, આ મારૂં ઘર, મારી બાયડી લાડી, મારા બે છોકરા જેઠો ને જગો, મારી નાનકડી છોડી જેલી એ સૌ ક્યાં ગયાં ? આ થયું શું"? આખું ગામ જોવા મળ્યું તેમાંનો એક ડોસો બોલ્યો, ખરૂં ખરૂં એ તો પેલો વલ્લભો વરસ પચીસ તીશેક પર જતો રહેલો તે. અલ્યા વલ્લભ તું ક્યાં જતો રહ્યો હતો ? તારી બાયડી લાડી મરી ગઈ, ઘર વેચી તારા બે દીકરા દેશાવર ગયા, ને તારી દીકરી જેલી રામાજીને વરી છે. તું હવે જયશિખરનું નામ દઇશ નહિ. તે તો કલ્યાણીના રાજા ભૂવડ જોડે વઢતાં સંગ્રામમાં પડ્યા, ને હવે ભૂવડની આણ ચાલે છે. મેં કહ્યું એક રાતમાં એટલું બધું કેમ બની શકે ? ગઈ કાલે તો હું ગામમાંથી ડુંગરાપર વગડામાં ગયો ? લોક કહે "અલ્યા વલ્લભ ગાંડો થયો કે શું ? લે જો આ તારી છોડી આવી." કેડમાં નાનું છૈયું ઘાલી તે આવી, પણ મેં તેને ન પીછાની ને તેણીએ મને ન ઓળખ્યો. લોકના કહેવાથી તે મને પોતાને ઘેર લઈ ગઈ, ને હજી તેનાજ ઘરમાં હું છું. હવે કહો ભાઈ પેલી નારીઓ કોણ હશે ? ને એક રાતમાં રાજ કેમ બદલાઈ ગયું"?

એ સાંભળવાને ગામના છોકરા મળ્યાં હતા તેમાંના એકે પાછળથી વલ્લભની કાછડી કહાડી. વનરાજે તેને વાર્યો. છોકરો કહે હજાર એ તો ચળેલો છે. વનરાજને તેના ઉપર દયા આવ્યાથી તેને જીવાઈ બાંધી આપી ને તેને કોઈ સંતાપે નહિ એવો બંદોબસ્ત કરવાને મુખીને આગ્ના કરી.

ગામની બીજી ભાગોળે પણઘટ હતો ત્યાં વનરાજ ગયા. કોઈ તાંબા પીત્તળની ગાગેરો માંજતી હતી; કોઈ બેડાં વીછળતી હતી; કોઈ સાટકે પાણી કાઢતી હતી;. કોઈ માથે ઇંઢાણી મેલી તે પર

ગાગેર ગોઠવી બીજીને કહેતી કે અલી બેન મારો ઘડો ચડાવીશ? બે ત્રણ આ ઝાડને ઓથે, બે પેલા ઝાડ તળે, ચાર ઓલ્યા ઝાડ આગળ ઊભી વાતો કરતી હતી. કોઈ છાની વાતો બીજાથી સંભળાય નહિ તેમ હળવે સાદે કહેતી; કોઈ હસતી હસતી તાળીઓ આપી બોલતી; કોઈ તરૂણીઓ સાસૂ નણંદના જૂલમની ફર્યાદ સહીઅર આગળ કરતી હતી; કોઈ સાસૂ વહુવારનું ભૂડું બોલતી હતી; કોઈ બેનપણી આગળ પોતાનું સુખ વર્ણવતી હતી. સ્વામી કેવો ભલો છે, કેવાં લાડ લડાવેછે, સાસૂ કેવી રૂડી છે, દીકરી પ્રમાણે પાળેછે; કોઈ સખી આગળ આંસુ ઢાળતી પોતાનાં દુઃખને રોતી હતી. પાણી ભરવા આવેલાં બૈરાં ભાતભાતના સંસારી વિષયોપર વાતો કરતાં હતાં. એનું અવલોકન કરી છૂપે વેશે આવેલો રાજા પાછો ફર્યો. તેનીમોર વાત કરતી બે પણિયારીઓ દોડતી હતી. એક કહે બેન હવે કળજુગ ખરેખરો બેઠો. જોને મારી પાલીની સાસૂએ એટલી વારમાં તેને રાખી! બીજી કહે મોઇરે રાંડ એ સાસૂ! શું હજી તો ૧૨ વરસે પૂરાં થયાં નથી એટલીવારમાં બાપડીને મોટી કરી!! ધિઃકાર છે એવી ભૂંડી રાંડ સાસૂને. એનું દેખાદેખી બીજાં કરશે ને વિનાશકારી રીત પડશે. અલી તારી વહેવણે તો વિપરીત કર્યું. શો જૂલમ! એટલીવારમાં છોડીને સાસરે કેમ રખાય! તેં ના કેમ ના કહાવી! પહેલી કહે મારૂં માન્યું નહિ. બીજી કહે હમણા કેટલીક નાદાન બાયડીઓના વિચાર એવા થવા લાગ્યાછે. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.' બાળલગ્ન અને વહુને અટકાવ આવ્યા પહેલા સંસારમાં નાખવી એ બે ક્ષય રોગ જેવાં છે. બેન જો એ બે ચાલ આપણા દેશમાં પ્રસર્યા તો ખરાબીનો પાર નથી એવું મારા ધણવાળા કહેતા. પહેલી કહે બેન એ ખરૂં છે. પાલીના બાપે પણ ખેદ પામી કહ્યું કે એ વિખ જો દેશમાં ફેલાયાં તો પ્રજા શરીરે નિર્બળ, બુદ્ધિહીન, અને અપરાક્રમી થશે. હિમાયલાં બાળક અવતરી ઘણાં મરી જશે, આવરદા ઘટશે; ધણીનું વય વધારે હોય તોપણ વહુની કાચી ઉમરે ભેડી કર્યાથી તેના અંગનો કાચો બાંધો ત્રૂટી જઈ તે વહેલી ઘરડી થશે. પુરૂષમાં ઘડપણ વહેલું આવશે, બાળક ઉમરની માની કાયા

કાચી અને બુદ્ધિ કાચી તેથી તેનાં સંતાનનાં તન મન ઘણું કરીને નબળાં રહેશે. બાપ પણ જોડે મૂછ વગરનો તરૂણ હશે તો બમણું નુકસાન. વિદ્યાભ્યાસ બંધ પડશે, નર નારીની બુદ્ધિ ભ્રષ્ટ થશે, અને અનીતિની જાળમાં તેઓ પકડાશે. બીજી કહે બળ્યું એ તો બહુ ખોટું. છૈયા નિશાળમાં મહેતાજીની સોટીઓ ખાશે, રસ્તામાં લંગોટીઆ જોડે રમશે, ને ઘેર આવી મેડીએ જઈ પોતાના બાળકને ખોળે લઈ રમાડશે, કે ભાઈબંધના કે મા બેનના શીખવ્યાથી અણસમજણો મૂર્ખ માટી બાયડીને મારશે. ભાયડાને કહો કે વનરાજ મહારાજને અરજી કરી આરંભમાંજ આ અનર્થને, આ ભૂંડા ચાલને અટકાવે."

આ બોધકારી વાતો સાંભળી ઊંડા વિચારમાં પડેલા ભૂપાળે મુકામે આવી તેજ રાત્રે પાટણ ભણી કૂચ કરી.

प्रकरण ८ मुं.

वनराजनी कारकीर्दी.

खंड १ लो.

योगराजनो जन्म. अभाग्यो जमाई. गीरपुरनो ठाकोर. दोदळा गामनो मुकरदमो.

મહારાજની સ્વારી અણહીલપુર પાટણમાં પહોંચી ત્યારે સુંદરકેશીને કુંવર સાંપડ્યાની વધામણી શ્રી આબુ રાજાને દરબારેથી આવી. રાજમાતાના મૃત્યુથી રાજા પ્રજાને ખેદ લાગ્યો હતો તે આ શુભ વર્તમાને ભૂલાવ્યો. પાટણના મહાજને અને સામંતોએ રીત પ્રમાણે વનરાજનો શોક મૂકાવી યુવરાજ અવતર્યાને માટે ઓચ્છવ કરવાનો દિવસ ઠરાવ્યો. મંત્રીશ્વર ચંપાએ આખા ગુર્જરરાષ્ટ્રમાં આ ખુશીના સમાચારની જોડે ઓચ્છવ કરવાને ઠરાવેલો દહાડો જણાવ્યો. તે દહાડે ગામેગામ અને શહેરેશહેરમાં દીપમાળાઓએ રાત્રીને

ચકચકીત કરી; હરેક કામે ઉજાણી કરી; સ્ત્રીઓએ આભૂષણ અને સુવસ્ત્રો પહેરી હરખનાં ગીત ગાયાં; નાટકાદિ ખેલ થયા, અને ભાગોળે અને ચકલે ચકલે તોરણ બંધાયાં. લોકે અનેક પ્રકારે આનંદ ઓચ્છવ કર્યો. આ સપોરમે દિવસે પાટણમાં જે શોભા થઈ તેનાં શાં વખાણ કરીએ! દેવને વધામણું દેવાને મહારાજાની મોટી સ્વારી નીકળી તે વારે જેજેકાર થઈ રહ્યો. બીજે દહાડે શ્રીદેવીની જોડે મંડળેશ્વરાદિ દરબારીઓની નારીઓ તથા મોટી શેઠાણીઓ વગેરે

કુંવરને ઝભલાં ટોપી કરવાને, તથા નામ પાડવાને મહારાણીને પીહેર જવા નીકળ્યાં. એ વેળા વનરાજ માને સંભારી ઉદાસ થયા. રૂપસુંદરી એ કુંવર નિરખવાને જીવી નહિ. તેનો એ કોડ પૂરો પડ્યો નહિ. શ્રીદેવીએ ભત્રીજાને સોનાના ફૂલે અને મોતીએ વધાવ્યો, હીરાનાં કડાં સાંકળાંદિ અલંકાર અને મૂલ્યવાન વસ્ત્રો પહેરાવ્યાં, ને મીઠાઈ વહેંચી ગળ્યાં મ્હો કર્યાં. ભૂપતિએ રત્નજડીત ઘોડીયું કરાવ્યું હતું તેમાં સુવાડી ફોઇએ યોગરાજ નામ પાડ્યું. એ વેળા સ્ત્રીઓ બોલી કે 'ઝોળી પોળી પીપળ પાન, ફોઇએ પાડ્યાં યોગરાજ નામ.' પછી સણગારેલા યોગરાજને વડીઆઈ ચંદ્રમુખીએ ખોળામાં લઈ અતિ હર્ષથી ચુંબન કરી આશીર્વાદ દીધો.

રાજા જયમલ્લદેવ પોતાના મિત્રો, મંત્રીઓ, સુભટો અને પંડિતોમાં બેશી આ ટાણે વિનોદ કરતા હતા, અને વનરાજની સ્તુતિ કરી તેના જેવો રૂડો જમાઈ મળ્યાને માટે ભૂપતિને દરબારીઓ મુબારકબાદી આપતા હતા તેવામાં સંકરીઓ નામે મંત્રીરાજ રૂપજીના સેવકે ઉદાસ થઈ મોટો નિસાસો મૂક્યો. મહીપતિએ તેને એકાએક ખેદાવેશ ચડી આવવાનું કારણ પૂછ્યું. સંકરીઓ કહે 'હું કરમ બળ્યો, હું અભાગ્યો, હું અકરમી મારાં પાપનો પસ્તાવો કરૂંછું. 'રૂડો જમાઈ, એ બોલ સાંભળી મારા કાળજામાં ભડકો થયો ને મારૂં હૃદય દાઝ્યું. આ ખુશીને પ્રસંગે મારી માઠી વાત ના કહેવડાવો મહારાજ.' રાજા કહે કહે ને હું જાણું તો ખરો; તારૂં દુઃખ મારાથી નિવારણ થઈ શકે તેવું હશે તો કરીશ. તારો જમાઈ

અન્યાય કરી આડો આવતો હોય તો હું તેને પાધરો કરૂં. સંકર કહે "મહારાજ મારો વાંક છે, ને મારી ભુંડી માનો વાંક છે. મારો નિર્વંશ જવા બેઠો છે, અને મારી દુષ્ટ ચાલને માટે મારો જીવ બળેછે એજ સજા મને બસ છે. મારો પિત્રાઈ મેણું મારેછે કે "તારૂં વતન ને ઘરબાર હું ભોગવવાનો છું." એ સાંભળી મારે કલેજે ડામ પડેછે. ભૂપાળ કહે એ પશ્ચાત્તાપથી ને તારા અપરાધ માનવાથી તને લાભ થશે, ને તને જે વીત્યું તેના વર્ણનથી શ્રોતાને બોધ થશે માટે કહે. સંકરીઓ કહે શરમની વાત મહારાજ શીદ કહેવડાવોછો, પણ મારે આપની આજ્ઞા પાળવી જોઇએ.

"હું બ્રાહ્મણ છું ને મારી આખી જ્ઞાતિમાં મારૂં કુળ સર્વોત્તમ છે ને મારૂં ઘર સર્વથી ઊંચું છે. મારી નાત ગામમાં બીજી બ્રાહ્મણજ્ઞાતિઓથી મોટી હોવાથી અમે ચોર્યાશીના ધણી છીએ ને હું ચોર્યાશીનો શેઠ છું. મારી રજા વિના ચોર્યાશી જમે નહિ. અમારી નાતમાં કુળ પ્રમાણે કન્યા દેવામાં આવેછે. જેમ કુળ ઊંચું તેમ પહેરામણી વધારે મળે. આસપાસનાં ગામોમાં એવું માનવામાં આવેછે કે મારે ઘેર જેની કન્યા જાય તેની ૨૧ પેઢીઓ તરે ને તેનાં વખાણ સર્વે કરે. એથી અમારે ઘેર જોઇએ એટલાં માગાં આવે. જે વધારે ધન આપે તેની કન્યા સ્વીકારીએ. બધો ખર્ચ કન્યાના બાપને માથે; અમારે એક કોડીએ ખરચવાની નહિ. એથી વિદ્યા ભણવાની કે ધંધો રોજગાર કરવાની અમારે ગરજ નહિ. હજાર બે હજાર દામ લેઈ કન્યાને પરણીએ. તે નાણું પહોંચે ત્યાંસુધી તેને ઘરમાં રાખીએ ને પછી કાઢી મૂકી બીજી પરણીએ. પણ જો તેનો બાપ ધનવાન હોય તો તેને કાઢી ન મેલતાં તેના ઉપર જૂલમ કરી તથા બીજી, ત્રીજી, ચોથી એમ નજરમાં આવે તેટલી નવી બાયડીઓ લાવી તેને દમીએ. દમવાની મતલબ એજ કે તેનાં પીએરીઆં ધન આપી તેને દુઃખથી છોડવે. ત્રણ સ્ત્રીઓને માર મારીને કાઢી મૂક્યા પછી નાથજી શુકલ નામે દિસાના બ્રાહ્મણની જેઠી નામે કન્યાને ત્રણ હજાર દામ લેઇને વર્યો. કન્યા અંગે કોમળ અને સ્વભાવે મીઠી હતી; મહેનતુ ને બુદ્ધિવાન હતી. મેં રાક્ષસે અને મારી ભૂંડી

માએ તે બાપડીના જીવતરને ધૂળ મેળવ્યું. તેના બાપને સંતાનમાં તે એકલી હતી. ઘર વેચીને તેણે તેને પરણાવી. તે બિચારી જરાએ સુખ પામી નહિ. આવી ત્યારથી મારી મા તેને પજવવાં લાગી. નવી વહુને પહેલા વરસમાં નાતની રૂઢી પ્રમાણે જે રીત કરવી જોઇએ તે ડોશી કરે નહિ, અને વહુનાં પિયરીઆં ન કરે કે કરતાં વાર લગાડે કે તેમને એટલે, પાડાપડોશમાં અને નાતજાતમાં બાંડે. એવી અન્યાયી તે હતી. સવાર થયું કે જૂઠે કે સાચે બાને વહુને ડોશી વઢવા મંડે. સુખે રોટલો ખાવા ન દે, ઘડી જંપવા ન દે. મારી નજર તો કેવળ પૈસા ઉપર હતી. જેમ બને તેમ સસરા કનેથી નાણું લેવાં. ડોશી પણ તેમાં સામિલ ખરી. અમે બે મળ્યાં એટલે તે બિચારી વહુનું શું ચાલે! ગાળ, માર, ને ભૂખથી સૂકાઇને અધમુઈ થઈ ગઈ. એ બધી વાત તેના બાપના જાણવામાં આવે તેવી યુક્તિ કરનો. તેણે ગણગાર્યું નહિ ત્યારે રીસે ભરાઈમેં તે નિરપરાધી બાઈની જાંગે ડામ દેઈ કાઢી મૂકી. તેના બાપ કને એક ખેતર રહ્યું હતું તે વેચતાં જે ઉપજ્યું તે અને જોડે તેની છોડીને લેઈ મારે ઘેર આવ્યો, મને પગે લાગ્યો, મારી ડોશીને પગે લાગ્યો. કરગરી તેણે વિનંતિ કરી કે છોડીને રાખો, અમે રાખી. એ ધન મળ્યું તેથી લાલચ વધારે લાગી. થોડા વખત પછી આગળની પેઠે પાછું કામ ચાલવા માંડ્યું. એ સાંભળી મારા સસરાએ વિખ ખાઈ આપઘાત કર્યો. તેનાથી પોતાની વહાલી દીકરીનું દુઃખ ખમાયું નહિ, ને તેને દુઃખમાંથી છોડવવાનો ઉપાય રહ્યો નહોતો. હું કેવો દુષ્ટ! મારા જૂલમથી, સાસૂ તરફની આપદાથી અને વ્યાધિથી મૂળેથી સૂકી બિચારી જેઠી એટલી સૂકાઈ ગઈ કે તેનામાં હાડકાં ને ચામડી ઉપરાંત બીજું થોડુંજ રહ્યું. તેનું મુખ કરમાઈ ગયું, ને તે છેક નબળી પડી ગઈ. ઘરનું કામ હવે કરી શકે તેટલું જોર તેનામાં ન રહ્યું માટે તેને વળી કાઢી મૂકી. બાપ તો મરી ગયો હતો તેથી પીતરાણ ફોઇએ દયા કરી પોતાને ઘેર રાખી. પણ જુઓ બાપડી જેઠીનું કમનસીબ! થોડે માસે ફોઈ ને ફુઓ મરી ગયાં. નિરપરાધી જુવાન નારીએ મારે ઘેર પાછું આવવાને ઘણાં ફાંફાં મા-

ર્યો. સગાંને અને મિત્રોને વચમાં નાંખી મને મનાવવાને પ્રયત્ન કર્યો. પણ મેં કરમ બળ્યાએ કોઇની શીખામણ માની નહિ. મારા ભાઇને બેહેણીએ વિનંતિ કરી કે જેઠ તેડી જાઓ. ભાઇનું બોલ્યુંએ મેં સાંભળ્યું નહિ. કોઈ વાર મારૂં મનમાં દયા આવે ને હું તેડવાનું મન કરૂં તે વારે મારા નઠારા સોબતી મને ચડાવી લડાઈ વધરાવે. હું ક્રોધે ભરાઉં, ને વહુને મારી નાખવાને ઇચ્છું. મારી લાંબી ચોટલીને આમળા દેતો ને દાંત પીસતો મારી પરસાળમાં ફેરા ફરી કહું એ રાંડનો જીવ લઉં ! રાતમાં મને એજ ઝંખના આવે. એક રાત્રે સુરાપાન કરી સૂતા પછી મને સમણું આવ્યું કે તેને કૂવામાં નાખતાં હું પણ તેની જોડે ઊથલી પડ્યો. પાણીમાં તેને કોઈએ ઝીલી લીધી, ને મને કોઇએ ટાંટીઆ સાહી પાતાળમાં ખેંચી લીધો. પાતાળમાં કોરી જમીન આવી એટલે પગ છોડી મારી લાંબી ચોટલી પકડી તે મને ઘસડતો જમરાજાની સમક્ષ તાણી ગયો. બૂમ પાડું કે દાંત ભાંગે તેવા જબરા તમાચા મારે. બાપડી જેઠીને દુઃખ દેનાર આ દુષ્ટ એમ તેણે કહ્યું એટલે જમરાજા સંસ્કૃતમાં કાંઈ બોલ્યા. તુરત મને ધક્કા મારતા બે દૂત ત્યાંથી લઈ ગયા. એ દૂત એવા વિકરાળ હતા, એવા બીઆમણા હતા, કે તેમને જોઈ હું ભયભિત થઈ ગયો. તોપણ જરા હિમ્મત કરી તેમનાપર ડોળા કાઢી મેં તેમનાથી છૂટવાનું કર્યું તેવારે એક દૂત કહે “ અલ્યા જેઠી ન હોય લુચ્ચા. ” જે ડરામણો દેખાવ મેં અહીં જોયો તેથી મારાં ગાત્ર શીતળ થઈ ગયાં.

કોઈ ખાડામાં ગન્ધક બળતો હતો, કોઈમાં રાળના ભડકા થતા હતા, ને મોટી કડાંઇઓમાં તેલ ઊકળતાં હતાં, કોઇમાં પાણી ઊકળતું હતું, કોઇ ખાડામાં સાપ અને કોઇમાં વીંછી પડ્યા હતા, કોઈમાં બાવળના કાંટાની શૂળો ને કોઇમાં લોઢાની ઝીણી અણીઆળી મેખો ખોસી હતી. પાપીઓને તેમાં નાખી તેઓના ગુનાહ પ્રમાણે સજા કરતા હતા. તેની વેદનાથી તેઓ ચાસો પાડી રડતા હતા. કોઇને ઊંધે માથે ને કોઇને ચોટલીએ લટકાવી ફટકા મારતા હતા. કોઇને વીંછીના ખાડામાં હાથ પગ બાંધી નાખતા હતા; કોઇને સાપના ખાડામાં, ને કોઇને બળતા ગંધકના ખાડામાં નાખતા હતા; કોઇને ઊકળતા

પાણીમાં ઝબોળતા હતા, કોઇને કાંટા ઉપર, ને કોઇને મેખો ઉપર ફેંકતા હતા. મને ચોટલી ઝાલી ઊકળતા તેલના પેણામાં બોળ્યો. હું ભજીઆની પેઠે તળાયો, ને બળ્યોરે બળ્યો, ઊંઘમાં બૂમો પાડીને ઝબકી ઊઠયો. જાગ્યો તોએ તેલમાં તળાયાની ઝંખના મારા મન પરથી ગઈ નહતી, તેથી દાઝેલો આદમી રડે તેમ ઓ બળ્યોરે બળ્યોરે કહી રડવા લાગ્યો. મારી મા જાગી. ને મને ધીરજ આપવા લાગી. મારા કાનજી કાકા ને રામજી મામા દોડી આવી મને પૂછવા લાગ્યા કે શું થયું. કેટલીક વારે મને ભાન આવ્યું ત્યારે જાણ્યું કે એ તો સ્વપ્ન હતું. તોપણ ચોટલી કતરાવી નાખી કે બીજા સ્વપ્નમાં જમના દૂતને હાથ તે આવે નહિ. મારી મા મરી ગયા પછી પસ્તાઇને મેં જેઠીની માફી માગી, ને આવી ઘર માંડવાનું કહાવ્યું. તે હાલ પ્રભાસમાં શિવપૂજા કરી ધર્મ ધ્યાનમાં કાળ કાઢેછે, ને આવવાની ના કહેછે. હું ૫૦ વરસનો છું ને તે ૪૦ વરસની છે."

રાજા કહે, "એ સ્વપ્નુ હતું, પણ પાપીને સજા થાયછે તે વાત સાચી છે. ધર્મશાસ્ત્રમાં લખ્યું છે કે જેઓ પાપ કરશે તેમને પરમેશ્વર શિક્ષા કરશે તે સત્ય છે. તને અને તારી મા બેનને, તથા જે બીજાએ તને ખોટી સલાહ આપી તેઓને સજા થશે." સેકરીઓ કહે ખરૂ મહારાજ, અત્યારથીજ થવા માંડીછે. અમે પસ્તાઈએ છીએ તે સજાજ છે. મારી માને મરતી વેળા કીડા પડ્યા. તેના આત્માની શી વલે થઈ હશે મહારાજ ! રાજા કહે, "એમાં પૂછવું શું, કરે તેવું પામે. તેનો જીવ નરકે ગયો. પાપ કરનાર વખતે આ જગતમાં બચે તો મુઆ પછી ભોગવે, પણ ભોગવ્યા વિના છૂટકો નહિ." દરબારીઓ કહે "સત્ય, સત્ય, સત્ય." મંત્રીરાજ કહે, "મહારાજ સંસારમાં જમાઈ તરફની થોડી ઘણી પીડા ઘણાને હોયછે. પરણ્યા પછી વરે અને તેનાં માબાપાદિએ વહુના ઉપર હેત રાખી ઘરની પુત્રી પ્રમાણે ગણવી, અને વહુએ તેમને પોતાનાં માબાપ અને ભાંડુ પ્રમાણે ગણવાં; તેમજ જમાઇને તેનાં સાસુ સસરાએ પોતાના પુત્ર પ્રમાણે ગણવો, ને જમાઇએ તેમને માતપિતા પ્રમાણે ગણવાં. તેમની ખબર અંતર લેવી, ને સાસરીઆં જોડે સ્નેહ કરવો. વહેવારે

એ નવાં સગાં વહાલાં થયાં." જયમલદેવ કહે "ખરૂં. અમારા જમાઈ વનરાજ અમને તીર્થરૂપ ગણી અમારી આમન્યા પાળેછે, ને બહુ સ્નેહ રાખેછે." એમ વાતો ચાલેછે તેવામાં ભોજનને બોલાવવા આવ્યાથી સૌને જોડે લઈ રાજા જમવા ગયા. સારા સ્વભાવના સુઘ પુરૂષો સાસરીઆં જોડે હળીમળી જાયછે, પણ એવા થોડા હોયછે. જમાઈ અને તેનાં માબાપ સ્નેહ ન કરતાં અનેક રૂપે વહુને તથા તેનાં માબાપને ભાંડેછે, ને પીડેછે. નાદાન હોય તે સાસરે જમવા બોલાવે ત્યારે પણ જાય તો કંઠીઓ, કડાં, વીંટીઓ વગેરે પહેરી રોબ મારતા જાયછે. પોતે જાણે મોટા આદમી, મોટા અધિકારી, પૂજ્ય માણસ, ને જેની કન્યા પરણ્યો તે હલકા, એમ ધારી અનાડીઓ અતડા રહેછે. બાળ કન્યાદાન દેવાનો ચાલ નીકળ્યો ત્યાર પછી જમાઇના સગપણ સંબંધી ખોટા વિચાર ઉત્પન્ન થયા; ત્યારથી જમાઈ દુઃખકારક થયા હશે. જ્યારે ઇચ્છાવરની રૂઢી ચાલતી હતી અને વરકન્યાનાં મન પ્રેમથી એકત્ર થયા પછી લગ્ન થતાં ત્યારે જમાઈ સુખકારક હતા. એનો જોઇએ એટલો પુરાવો છે. જે ઇચ્છાવરને વરેછે તેનાં માબાપને આવી આપદા પડતી નથી. એમ જમાઈ સંબંધી વાતો જમતાં જમતાં થઈ. ભોજન થઈ રહ્યા પછી ચંદ્રમુખી રાણીએ વહેવાણોને બાગમાં લઈ જઈ ગાયન સંભળાવ્યું, તથા બીજી ગમતો કરી, ને બે દહાડા પરોણા રાખી વિદાય કર્યા.

કુંવરના અંગના રૂપાળા ઘાટનું, તેના સુંદર વદનનું, અને આ દીકરાની તંદુરસ્તીનું વર્ણન શ્રીદેવીના મુખથી સુણી વનરાજ ખુશી થયા. રાજકુમારનું નામ યોગરાજ પાડ્યું એ તેને ગમ્યું. આથી દરબારમાં અને પ્રજામાં હરખ પ્રસરી રહ્યો હતો તેવામાં ગીરપુરમાં ફિતૂર ઊઠ્યાના સમાચાર આવ્યા. ગીરપુરના ઠાકોર ભૂપતસીંધે તેના ભાયાત કેસરીસીંધની હત્યા કરી, અને તે પરથી કેસરીસીંધનાં સગાં વહાલાંએ બંડ કરી તેને ગીરપુરમાં ઘેર્યો છે, એવી ખબર આવ્યાથી રાજાએ મંત્રીશ્વર ચંપાને સૈન્ય આપી બંડ બેસાડવાને મોકલ્યો. ચંપાએ જઈ ફિતૂરખોરોને વીખેરી નાખ્યા; તેમના મુખીઓને ઝાલ્યા, ને ગઢીમાં ભરાઈ બેઠેલા ભૂપતસીંધને તાબે થવાની

આજ્ઞા કરી. ભૂપતે કેટલીક શરતો કરવા માગી, પણ ચંપાએ વગર શરતે ચાર પહોરમાં આવી હાજર થવાનો હુકમ કર્યો. એ મુદત વીતે તેનો મુલક ખાલસા કરવામાં આવશે, અને ઘેરાનું કામ ચાંપીને ચલાવીશ, એવી ધમકી દીધાથી તથા ચંપાના મોટા લશ્કરથી ડરી દરવાજા ખોલી ઠાકોર ચંપાની છાવણીમાં હાજર થયો. ચંપાએ તેના રાજ્યપર જપ્તી બેસાડી તેને અને તેના બંડખોર ભાયાતોને પરહેજ કરીને અણહીલપુરમાં આણ્યા.

એમનો ન્યાય કરવાને વનરાજે એમના સમોવડીઆને પંચ નીમ્યા, અને ધર્માસને બેશી પોતાની સન્મુખ કામ ચલાવ્યું. તોમતદારોએ અપરાધ માની દીધાથી સાક્ષી બોલાવવાની ગરજ પડી નહિ. ભૂપતસીંઘ—ગુર્જરી રાજ્યપર મોટી આફત પડ્યા પછી કેટલેક વર્ષે મારા પિતા સ્વર્ગવાસી થયા ને તેની હારે મારી મા સતી થઈ. એ વેળા મારૂં વય પાંચ વર્ષનું હતું. મયણલ્લદેવીના કારભારીને વીસ હજાર દામ મારા કાકાએ દીધાથી તેને ગાદી મળી. મારા મામાએ પચીસ હજાર દામ કામદારને આપ્યા ત્યારે ઠકરાત મને મળી. મારા કાકાએ બીજા ચાળીશ હજાર દામ ભર્યા અને આસપાસના ઉપકારભારીઓને લાંચો આપી એટલે તેને તાલુકો સોંપ્યો. મારા મામાએ પચીસ હજાર ખોયા ને ચાળીશ હજારથી વધારે રકમ આપવાની તેનામાં તાકાત નહતી, ને ધીરનાર કોઈ મળ્યું નહિ. હું મોસાળમાં ઊછર્યો. મામો મામી ઘણી મમતા રાખતાં. તેમણે મને નિશાળે બેસાડ્યો. નિશાળમાં ગરાશીઆના દીકરા દીકરી ભણતાં. મારા મોસાળની પાડોશમાં રહેનાર નરસિંહની કુંવરી કમળા મારી સાથે નિશાળે આવે; મારી જોડે રમવા તે આવે, ને તેની જોડે રમવા હું તેને ઘેર જાઉં. મારી દેખાદેખી તે ભણવામાં મહેનત કરે અને તેનાથી સરસ થવાને હું અભ્યાસ કરૂં. મારો ને તેનો જીવ એક હોય એમ થયું. ઘણી માયા બંધાઈ. હથીઆર તો સરકારે છીનવી લીધાં હતાં, તથાપિ ગરાશીઆના પુત્રોને બીજી રમત કેમ ગમે. હું ને બીજા ગરાશીઆના દીકરા નેતરના તીરમાં સીસાના કકડા બેસી નિશાન તાકીએ, લાકડાની તરવાર વતે, અને વાંસને

ભાલા ગણી તથા ચામડાની ઢાલો લઈ પાદરે મીન બાંધી સામસામા સંગ્રામખેલ કરીએ. ગરાસીઆ જોવા આવે ને શાબાશી આપી પાનો ચડાવે. મારૂં શૂર અને પરાક્રમ જોઈ કમળા હરખાય. હું પચીસ વરસનો થયો ત્યારે માનો કાકો મરણ પામ્યો. તેને નવ ઠકરાળાં હતાં, પરંતુ એકેને સન્તાન થયું નહતું તેથી હું પાટે બેઠો, મોસાળથી ઠકરાતપર જતી વેળા હું ને કમળા મળ્યાં. તેને રડતી જોઈ મારી છાતી ભરાઈ આવી. "હવે ક્યારે મળીશું વહાલા," એ વચન તેના હોઠેથી નીકળતાં મારી આંખોમાંથી આંસુ વહ્યાં. મેં કહ્યું "પ્રિયા હું તમને વચન દઉંછું કે તમારા વિના બીજા કોઈને પરણીશ નહિ." કમળા કહે "હું પણ પ્રતિજ્ઞા લઉંછું કે તમને વરીશ, પ્રાણ જશે પણ બીજા પુરૂષને નહિ પરણું."

એમ વેવીશાળ કરી હું ગીરપુર ગયો. અમે બેઉએ એ બીના છાની રાખી હતી. નરસીંધજી કાંઈ કામે મારા ફટાયા કેસરીસંધને મળવા ગયા. કેસરીસંઘના બાપે કમળાનું માગું કર્યું. કમળાના બાપને કેસરીસંધ મળ્યો. ઊંચા કુળનો અને ઠાકોરના ફટાયા જેવો વર કન્યાને મળવો દુર્લભ છે એમ માની તેણે નાળીએર સ્વીકાર્યું. ને કેસરીસંધને જમાઈ ઠરાવી પાઘડી બંધાવી. ઘર ભણી વળતી વેળા ઉતાવળે જાન લઈને આવવાનું આમંત્રણ કરતા આવ્યાં. ઘેર આવી આ સગાઈ કર્યાની ખબર કમળાને અને કમળાની માને કરી, આ લગ્નની તૈઆરી કરવાની આજ્ઞા આપી. કમળાના પેટમાં ફાળ પડી. તે ચોંકી, ને એભકથી મૂર્છા પામી ભાંયે પડી. માબાપે આસનાવાસ્ના કરી બેઠી કરી. ભાન આવ્યા પછી માએ પૂછ્યું કે બેન તને શું થયું? નીચું મ્હો કરી કમળા કહે આ સગાઈ મને પૂછ્યા વિના મારા બાપે કરી તેથી મારૂં મરણ થવાનું. સગાઈ કર્યાને ઠેકાણે મારા પેટમાં કટાર મારી હોત કે વીખનો પ્યાલો પાયો હોત તો વધારે સારૂં થાત, હું રીબાત તો નહિ. માના પટાવવાથી કમળાએ આમારી કબૂલાતની વાત કહી. માએ નરસીંધજીને કહી. નરસીંધજી કહે મારૂં વચન ફરે તો સાત પેઢીનું નામ બોળાય. નાદાન દીકરી સમજે શું. એની પ્રતિજ્ઞાથી મારૂં વચન બળવત્તર છે.

એ ના પરણે તો હું જીવ કાઢું. કેસરીસંઘની જાન ગાજતે વાજતે આવી. રડતાં રડતાં કમળાની આંખોમાંથી નીર ખટયું. મા ઘણા સમ ઘાલે ત્યારે થોડું જમે. અંગે સુકાઈ ગઈ; તેનું હસતુ વ્રદન ફીકું પડી ગયું. રડતી કમળાને પીઠી ચોળીને ચોરીમાં બેસાડી અને બળાત્કારે કેસરીસંઘ વેરે પરણાવી. કેસરીસંઘ તેને લઈ પોતાને ગામ ગયો.

પિહેરથી ગયા પહેલાં કમળાએ છેલ્લી સલામનો કાગળ લખી મને મોકલાવ્યો. તેમાં પોતાપર વીતેલાં દુ:ખના હેવાલની આખરે લખ્યું કે "અગ્નિ દેવની સમક્ષ અને વેદના મંત્રોથી લગ્ન થયાં તે હવે ફોક થાય નહિ, પણ હું ઝાઝું જીવવાની નથી, મારા કાળજાની આગ હોલાવાની નથી, ને તેથી હું બળીને ભસ્મ થઈશ. પણ તમે મારા સમ જો જીવ ખાજો. કલેશ ના કરતા, ને બીજી યોગ્ય નારીને પરણજો. રામ રામ ને છેલ્લી સલામ." આ પત્ર વાંચી હું કોપાયમાન થયો. ક્રોધના આવેશમાં કેસરીસંઘને ગામ વીણેલા સવારો જોડે લઈ ગયો. એક ભાગોળથી તેની જાન આવી ને બીજીએથી હું ગામમાં પેઠો. ચૌટા વચ્ચે જાનને અટકાવી મેં કેસરીસંઘને આપની આણ દઈ કહ્યું કે આ નારીનો વિવાહ પ્રથમથી મારી જોર થઈ ચૂકયો છે, તે જાણતા છતાં, . તથા તેની ઇચ્છા વિરૂદ્ધ તું એને પરણ્યો છે તેથી મારો ને મહારાજનો ગુનેગાર થયોછું. નારીને મારે સ્વાધીન અબઘડી કરો નહિતો ધડશીશ જુદાં કરીશ. એમ કહી મિયાનમાંથી ખડ્ગ ખચ્યું. કેસરીસંઘે રાતી આંખો કરી કહ્યું, "ઠાકોર માર્ગમાંથી ખસો; એ તમારે હાથ જીવતી તો નહિ આવે." એટલું બોલી તે બાઇના પેટમાં તત્કાળ તેણે બરછી ભોકી. બાઇનો પ્રાણ બચાવવાને મેં કેસરીસંઘના અંગના એક ઝટકે બે કકડા કર્યા. પણ મારો હેતુ પાર પડ્યો નહિ. પ્રિય કમળાનો જખમ કારી હતો. એક પોહોર પછી તેનો દૈવી જીવ સ્વર્ગ લોકમાં સીધાવ્યો."

ગીરપુરને ઘેરો ઘાલનારા કેસરીસંઘના પક્ષકારો કહે, "ચક્રવર્ત્તિ મહારાજાધિરાજ અપરાધ થયો હોય તો ક્ષમા કરશો: જાન

બેઉને લગ્ન કરવા ગયા ત્યારે કમળાના રૂદનપરથી તેને ઠાકોર જોડે પયલી કબૂલાતની ખબર પડી; પણ જાન લેઈને પરણવા આવેલો વર વીલે મ્હોડે પાછો ફરે તો કેટલી નામોશી લાગે. નાક વઢાયા જે-ટલું અપમાન થાય; જગત્ હાંસી કરે. વળી કન્યાના બાપને પણ મમત હતો કે પોતાનું બોલેલું પાળવું. આ અચાનક બનાવપર ઠા-કોર સાહેબે ધીરજથી વિચાર કરવો ઘટતો હતો."

વનરાજ—તમારે પણ હંગામો ન કરતાં અહીં ફર્યાદ કરવી હતી, અને ઠાકોરે પણ તેમ કર્યું હોત તો હું ન્યાય કરત. (પાસે બે-ઠેલા મંત્રી ભણી જોઈ હલકે સાદે કહ્યું લડવા ન જતાં ઠાકોરે અ-રજી કરી હોત તો ઇન્સાફ કરવો કઠણ પડત. ધર્મશાસ્ત્ર અને ન્યાય એ બે વચ્ચે ઝઘડો ઊઠત.)

ભાયાત ક્ષત્રીએ આપને તસદી શા માટે આપવી જોઇએ ? ક્ષત્રી પોતાના ન્યાય પોતાની શમશેર કને કરાવે. જેના બાહુમાં બ-ળ ન હોય તે અદાલતે ચડે.

વનરાજ કહે, "આ ઉત્તર બેઅદબીનો છે. એમ થવા દઉં તો જબરા નબળાને ઠોકે, મારામારી ને કાપાકાપી થાય. રાજ્યમાં શાંતિ રહે નહિ; ઉદ્યમ બંધ પડે ને લક્ષ્મી રીસાઈ જાય."

પંચે બંને જણને અપરાધી ઠરાવ્યાથી મહારાજે થોડીવાર વિચાર કરી, ઠાકોરને પાંચ વરસ પાવાગઢમાં કેદ રાખવાની શિક્ષા ફરમાવી તેનો તાલુકો એ મુદ્દત સૂધી જપ્તીમાં રાખવો ને ખરચ બાદ જતાં ઊપજ રહે તે સરકારના ભંડારમાં ભરાય, તથા એ મુદ્દત પૂ-રી થયે સારી ચાલના જમાન આપે સંસ્થાન ઠાકોરને સ્વાધીન કરવું એવી આજ્ઞા કરી. દ્વિતૂરી ભાયાતોને બબ્બે વરસ કેદ અને તેમની એક વરસની ઊપજનો અર્ધભાગ દંડ કર્યો.

બંદીવાનોને છોડાવવાને તોફાન થવા ન પામે એવો જાપતો રાખવાનો બંદોબસ્ત કરી રાજા કચેરી બરખાસ્ત કરતા હતા તેવા-માં મંત્રીએ જાહેર કર્યું કે એક કામ નવાઇનું આવ્યુંછે, તે મહારા-જ પંડે ચૂકવો તો ઠીક. વનરાજ કહે લાવો તે રજુ કરો. ચીટનીસે કેદીઓને ઊભા કરી કામ ચલાવ્યું. બંદીવાનો દોદળા ગામના રહીશ

છે, એમાં કેટલાક ગરાશીઆ છે, કેટલાક વાણીઆ છે, કેટલાક બ્રાહ્મણ છે, કેટલાક કણબી વગેરે છે. એમના ગામમાં ધાડ પડી તેવારે એ સર્વે બાયલા, કાયર થઈ કોઈ રડવા લાગ્યા, કોઈ સંતાઈ ગયા, કોઈ નાશી ગયા. તેથી ચોર સુખે ચોરી કરી ચાલ્યા ગયા. કેદીઓ કહે માહારાજ એમાં અમારો શો અપરાધ છે? અમે લૂંટાયા, અમારો માલ ગયો. ચોરને બદલે અમને ઝાલી આણ્યાછે. રાજા કહે મેં કાયદો કર્યોછે કે મારા મૂલકમાં જે કાયર માલૂમ પડે તેને સજા કરવી. તમારા ગામમાં બચાવ તમે નહિ કરો કોણ કરશે? શું ગામેગામ ફોજ રાખું? ગરાશીઆ નીચું જોવા લાગ્યા; પણ બ્રાહ્મણ વાણીઆદિને આ વચન નવાઇનાં લાગ્યા. તે નિર્લજ્જ કહે તો શું અમારો દંડ લીધે અમે શૂરા થવાના છીએ? વનરાજ કહે "હું તમને દંડ નહિ કરૂં, ને કેદે નહિ બેસાડું. તમને ચૂડા પહેરાવી બે વરસ બાયડીને વેશે રહેવાની સજા કરીશ. મંત્રી ચૂડા મંગાવો." રજપૂતોની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં. વાણીઆ બે હાથે સલામો કરતા કહે, મહારાજ આ ગરાશીઆ તો ઘરમાં બે વરસ ભરાઈ બેઠા ગરાશવડે પેટ ભરશે. એમને ખેતરાં છે તેનો દાણો આવેછે. પણ અમારે તો હાટ માંડી બેસવું, ગૂજરીમાં જવું, માલ ખરીદવો ને વેચવો તેથી બાયડીને વેશે ને ચૂડાવાળે હાથે અમારી બહુ ફજેતી થશે. લોક હસશે ને છોકરાં તાળીઓ પાડશે. બ્રાહ્મણો કહે, મહારાજ અમારે પણ ભિક્ષાવૃત્તિ તેથી ફરવા જવું, વળી સરાવવા જવું, હોમ કરાવવા; અમારે તો એ સજાથી લાજી મરવાનું થશે! કણબીઓ કહે, "મહારાજ અમે બાયડીનાં લૂગડાં ને ચૂડા પહેરી ખેતી કેમ કરીશું? ગાડાં ભરી ધાન વેચવા કેમ જઈશું? અમે મૂછોવાળા બાયડીના ઘાઘરા, સાડા ને ચૂડા પહેરવાથી બહુ કઢંગા દેખાઈશું! આટલો ગુનોહ માફ કરો બાપજી." વનરાજ કહે તો હવેથી હિમ્મત પકડી લડશો? બંદીવાનો કહે, "બાપજી જીભથી તો લડીએ, ને જો એવો બંદોબસ્ત કરો કે સામાવાળા અમને ના મારે, તો વળી હથીઆરથી જરા અંજમાશ કરીએ. પણ મહારાજ લશ્કરમાં ભળવાનું કે ધારાળા

લોક જોડે લડવાનું સાંભળી અમારાં ધોતીઆ છૂટી જાયછે, મૂત- રાઈ જવાય છે। ઘા વાગે ને ખાટલે પડીએ તો કોણ શીરો ખવાડ- નારૂ છે? મરીએ તો પાછળ બાયડી જન્મસૂધી રાંડેલી રહે, ને છો- કરાંનું પછી કોણ જાણે શું થાય. શું વિચારીને અમને પકડી આ- ણ્યા હશે!" વનરાજ કહે તો તમને એ સજા ન ગમતી હોય તો ત- મારાં નાક વીંધી વળીઓ પહેરાવીએ, બે વરસ સૂધી નાકમાંથી તે નહિ કાઢવાના જમાન આપો. નહિતો અર્ધી મૂછ બોડાવી બે વર- સ તે નહિ વધવા દેવી એવા જામીન આપો." ગરાશીઆ કહે "મ- હારાજ અમારો અપરાધ ખરો. અમારા જીવતરને ધિક્કાર છે. જોઇએ તો અમારો દંડ લો પણ અમારી ફજેતી ના કરો." વા- ણીઆ ડોળા કહાડી કહેવા લાગ્યા કે, "ઠાકોર જે ચિમ ખરચીએ; જે મેળવતાં તેલ નીકળેછે. વાણીઆની એક પાસેની મૂછ ગઈ તો ગઈ; નીચી તો હતી તેમાંથી લ્યો મહારાજ અર્ધી આપ લ્યો." ગરાશીઆ કહે, "એ લોક નિર્લજ છે, અમારૂં રજપૂતપણું બતાવ- વાનો, અમારૂં શૂર દેખાડવાનો એક પ્રસંગ આપો મહારાજ, જો હવે પછી અમે કાયરપણું દેખાડીએ તો રજપૂતના પેટના નહિ એ સાબિત થશે; તેવારે અમારાં માથાં વાઢજો." રાજાએ એ શરતે તે- મને છોડી દીધા. બાકીના નફ્ટોને ચૌટા વચ્ચે ચોકમાં ઊભા કર્યા ને શૂરવીરો પાસે તેમનાં મ્હો ઉપર થુંકાવ્યું

खंड २ जो.

राजानुं एक पत्नीव्रत. पुत्रवती राणीनुं पिहेरथी पाछां आववुं. राजकुमार शाळा. योगराजनी केळवणी.

મહારાણી મહિયેર જણવા ગયાં હતાં તેવારે કેટલાક મંત્રી- ઓએ મહારાજને બીજી રાણી પરણવાની સલાહ આપી. ગુર્જરેશ્વરે તેમને બોધ કરીને કહ્યું કે તમારા એ વિચાર માઠા છે. મનુ આદિ સ્મૃતિકારોનાં વચનથી તથા એક ઉપર બીજી, અને બીજી ઉપર

ત્રીજી, એમ બાયડીઓ કરવાથી સંસારમાં મહા પીડા થાયછે તે વર્ણવી વનરાજ બોલ્યા કે, "જેમ સતીને પતિ એકજ હોય તેમ સાચ નર એક વચની અને એક પત્નીવાળાજ હોય. મોટા મહારાજ અયોધ્યાધિપતિ રામચંદ્રજીનું ઉદાહરણ કેમ ભૂલ્યા. પતિવ્રતા નારીને પિયુ એકજ હોય તેમ પત્નીવ્રત પાળનાર ખરા નરને પણ પ્રિયા એકજ હોય. ધણીધણીઆણીની પ્રીતિમાં ભાગ ન પડવા જોઇએ; ને તે અરસપરસ સમાન જોઇએ. ઉત્તમ સ્ત્રીને એકજ પતિ જોઇએ, ને ઉત્તમ પુરૂષને એકજ પત્ની જોઇએ. મારા હૃદયમાં જેટલો પ્રેમ ભરેલો છે તેટલો સઘળો મારી સુંદરકેશીની જપ્તિમાં છે, તો બીજી રાણી કરૂં તેને જોઇએ તે ક્યાંથી લાવું? મારા અંગમાં એક મન છે તે આખું રાણી સુંદરકેશીના કબજામાં છે, તો બીજી નારી પરણું તેને માટે બીજું મન ક્યાંથી લાવું? સુંદરકેશી જેની માલિક છે તેમાંથી બીજીને આપવા માટે ચોરૂં તો મારૂં સત્ય વ્રત ભંગ થાય, ને મારા ન્યાયને લાંછન લાગે."

યોગરાજ ત્રણ વર્ષના થયા ત્યાંસૂધી મહારાણી પિહેર રહ્યાં. તેમને મળવાને અને કુમારને રમાડવાને વનરાજ હરતા ફરતા ત્યાં જતા. ત્રણ વર્ષ પૂરાં થયાં ને ચોથું બેઠું તેવારે ગુર્જરેશ્વરે પોતાના સગપણની રજપૂતાણીઓને શ્રીદેવીની સંગે મહારાણીને બોલાવવા મોકલીઓ. આબુપતિએ પોતાના ગજા પ્રમાણે પુત્રીને સાસરવાસો ને દૈહિત્રને પારણું, લૂધડાં, ઘરેણાં, રમકડાંદિ આપી વળાવ્યાં. સ્વારી પાટણ આવી ત્યારે વનરાજ સામા લેવા ગયા. સુંદરકેશી અને યોગરાજને લઈ મહારાજ મહેશ્વરના દેરામાં પ્રથમ ગયા, ને સજોડે મહાદેવનું સ્તવન કર્યું. કુંવરને પગે લગાડીને સખીને આપી કહ્યું એને બહાર રમાડો. પછી શાંત મને બેઉએ હાથ જોડી પ્રભુની પ્રાર્થના કરી—ૐ તત્સત પરમાત્મને નમઃ હે પરમ પવિત્ર વિશ્વેશ્વર, દેવાધિદેવ! અમારા દંડવત્ કરૂણા કરી સ્વીકારજો. આપની અપાર કરૂણાને માટે અમે આપનો સદા પાડ માનીએ છીએ. આ સુંદર કાંતિવંત સુત આપની કૃપાથી અમારા કુળમાં અવતર્યો છે. એનું રક્ષણ કરી એને ગુણવાન કરજો, સુનીતિમાન કરજો, વિદ્વાન

કરજો, બળવાન કરજો, પરાક્રમી, અને પ્રતાપી કરજો, એને દીર્ઘ આવરદા દેજો એ અમારી પ્રાર્થના છે. હે વિશ્વાધિપતિ પરમેશ્વર! એને ઉછેરવાનાં અને કેળવવાનાં અમારાં રૂડાં પ્રયત્નોને સફળ કરજો. હે મહા પ્રભુ! આપના અનુગ્રહ વિના માણસના પ્રયત્નથી શું બની શકે? અમને અને અમારી પ્રજાને યશ આપનાર આપજ છો. અમારી રૂપાળી ગૂજરાત અને તેની બધી વસ્તીપર કૃપા દૃષ્ટિથી જોઈ એમાં સુખ શાંતિ રાખજો. એમના નીતિ માર્ગે કરેલા ઉદ્યમને સહાયતા આપજો, રાજા પ્રજામાં સંપ, પરાક્રમ, અને સદ્ભક્તિ રહે, ને દેશ સમૃદ્ધિવાળો થાય એ અમારી ઇચ્છા છે. રૈયતને સુખી કરવી, પ્રજાને પાળવી એ અમારો લોભ છે. આ મતિને જારી રાખો, કુંવરમાં પ્રજા પ્રીતિ મૂકજો. આપની મહેરથી આ દેશની ચડતી થઇછે, ને આપની મહેરથી તે વધશે. હે! કલ્યાણકારી સદાશિવ! અમે આપને શરણે છીએ; અમારી શ્રદ્ધાને દૃઢ કરો. આ પ્રાર્થનામાં અમે જેજે માગ્યું છે તેમાંનું જે આપને યોગ્ય દીસે તે આપજો. અમે અલ્પજીવ છીએ, અમારા થોડા જ્ઞાન પ્રમાણે અમારી ઇચ્છા દર્શાવી છે. જેમ બાળક માબાપની પાસે માગેછે તેમ અમે આપની પાસે માગ્યુંછે; ડાહ્યાં માબાપ ઘટારત હોય તેજ આપેછે, તેમ અમારી વિનંતિમાંથી જે ઘટિત હશે તે સ્વીકારશો. અમારા અપરાધ ક્ષમા કરી અમારા આત્માનું કલ્યાણ થાય તેવાં કામ કરવા સુઝાડો. શિવજી, અમારૂં નમવું સ્વીકારી કૃપા કરજો."

પ્રાર્થના કરી ઊઠી કુટુંબ સહવર્તમાન મહારાજા મહેલે પધાર્યા. મંદીરને આંગણે આવી વનરાજ પહેલા ઉમરે જઈ ઊભા. યુવરાજને લઈ મહારાણી સામા આવ્યાં. ગુર્જરેશ્વરે સોનાના થાળમાં કપૂર સળગાવી બેઉને આરતિ ઉતારી ફૂલે વધાવી હાથ ઝાલી મહેલમાં લીધાં. કારભારીઓએ ધાણા ગોળ ને સાકર ભેળી રાખ્યાં હતાં તે વહેંચી સૌના ગળ્યાં મ્હો કર્યા. ને ગુર્જરેશ્વરની જે બોલાવી, મહારાણીની જે બોલાવી, યુવરાજની જે બોલાવી, તેથી જેજેકાર થઈ રહ્યો. ભાટ બ્રાહ્મણ અને જતી દીર્ઘ આયુષ્યમાન્ ભવ, શ્રીમાન્ ભવ, લક્ષ્મીવાન્ ભવ, ધન ધાન્ય પશુ પુત્રલાભં વગેરે આશીર્વાદ

બોલ્યા. રાજા રાણીએ તેમને નમસ્કાર કર્યા. હર્ષનાં વાદિત્ર વાજ્યાં.

અંતઃપુરમાં જઈ બેઠાં એટલે રાણી વનરાજને પગે લાગી બોલ્યાં, સ્વામી તમારી નમ્ર દાસીની સેવા સ્વીકારો. રાજા કહે, "હે કલ્યાણી! તમે મારાં દાસી નથી. મારાં અર્ધાંગ, મારાં પત્ની છો. વેચાતી આણેલી હોય તે દાસી, કે રાખેલી હોય તે દાસી, કે પતિવ્રત તજે તે દાસી. દુરાચરણી બાયડીને દાસી શબ્દ છાજે; દાસી બોલ કુકર્મીનેજ યોગ્ય છે. સતી એટલે પતિવ્રતા સ્ત્રીને, સાચી સદ્ગુણી નારીને દાસી કહેવામાં દોષ છે. કહેનાર પાપમાં પડેછે. તમારા પંડને એ માઠો શબ્દ કદી લગાડવો નહિ. કુવચનથી સન્નારીનાં અને સત્પુરૂષના મન ભ્રષ્ટ થવાનો સંભવ છે. અપશબ્દ બોલવાથી અને સાંભળવાથી નિર્લજ થવાયછે. ચોર ન હોય તેને વારેવારે ચોર કહો તો પછી ચોરી કરવામાં તેને શરમ શાની લાગે? હું તમને તું ન કહેતાં તમે કહુંછું તેનું કારણ એ કે સ્ત્રીજાત હલકી નથી. દુર્ગુણી સ્ત્રી હલકી ખરી, પણ સદ્ગુણી નારી પુરૂષની સમાન છે. જો પ્રેમને માટે વર પોતાની વહુને તું કહી બોલાવતો હોય તો વહુ વરને તું કેમ નથી કહેતી વારૂ?" સુંદરકેશી કહે સાચી નીતિ બતાવી વહાલા.

ગૂજરાતના રાજા રાણાના કુંવરોને ભણાવવાને વનરાજે અણહીલપુરમાં રાજકુમારશાળા સ્થાપી. તે વિદ્વાનને આશ્રય આપતો અને એ વિદ્વાનો લોકને ભણાવતા, પરંતુ રાજપુત્રો ભણતા નહિ. ભૂવડના અમલમાં રાજા રાણા ઠાકોર વગેરે મોટા જમીનદાર તાલુકદારોની દુર્દશા થઈ હતી. તેઓ મૂર્ખ, વ્યસની, અને પરાક્રમહીન થઈ ગયા હતા. આળસ, જૂઠ, નિશા વગેરે દુર્ગુણોએ તેમનામાં વાસ કર્યો હતો. દેશની બોલીમાં રાજા શબ્દ હલકો થઈ ગયો. જેનો વિશ્વાસ ન રખાય તેને રાજા કહે; જે કાંઈ કામ ન કરે તેવા નિરૂદ્યમીને રાજા કહે; સ્ત્રીને અટકાવ આવ્યો તો કહે રાજ આવ્યું, કેમકે ત્રણ દિવસ તેને કાંઈ કામ કાજ ન કરતાં બેઠા પીવું. બેવકૂફને અને ગાંડાને રાજા કહે; કસુંબો, દારૂ, ભાંગ વગેરેથી નિશો કરી ચકચૂર બને તેને રાજા કહે. રાજા વિષે આવા વિચાર તેમ-

નાં કુલક્ષણુ અને કુચાલ પરથી ઉત્પન્ન થયા હતા તે દૂર કરવાને, અને તેમની રૈયતનાં દુઃખ ભાંજવાને વનરાજે ખરા ઉપાય કામે લગાડ્યા. જેઓ પુખ્ત ઉમરના થયા હતા તેમને પડેલી ટેવ મૂકાવી સુધારી શકીય તેવું નહતું તેમને સારા કારભારી રાખવાની જરૂર પાડી, અને ભયમાં રાખી થોડા સમાકૂમાં આણ્યા. પણ પાકો સુધારો કરવાને તેમનાં કુંવરોને સારી કેળવણી આપવી એવો નિશ્ચય કરી પાટણની પડોશના એક રમણિક સ્થળમાં તેમને વાસ્તે ઊંચા વર્ગની શાળા સ્થાપી, અને તેમાં ભણવા મોકલવાની ફરજ રાજવંશીઓને પાડી. જેઓ જાડી મગરૂરી અને મૂર્ખાઇને લીધે પોતાના કુંવરોને ભણાવતા નાહ, ને તેથી રાજકુળોને હાનિ પહોચાડતા હતા, તેઓને શાળામાં મોકલવાની આજ્ઞા કડવી ઝેર જેવી લાગી. તેઓ કહેવા લાગ્યા કે "કલ્યાણીનો ભૂવડ તો અમારૂં ધન હરી જતો, પણ આ સ્વદેશી મહારાજ તો અમારા કુંવરોને પણ લેઈ જાયછે. રાણીજાયા રાજવંશીઓને ભણવું શા માટે ? મહેનત કેમ અપાય ? એમનાથી દૂર કેમ રહેવાય ? તાઢ તડકો કેમ સહેવાય? એમને રાજ્યની બહાર ન કઢાય તો દૂર ભણવા કેમ મોકલાય ? પોતે રખડેલા, જંગલોમાં રઝળેલા ને કઠણ થયલા છે, પણ અમારા કુંવર તો સુકુમાર છે." એમ ઘણું બબડ્યા, પણ વનરાજે તે ન લેખવતાં શાળાનું કામ ધમધોકાર ચલાવ્યું. જે હાલતાં ચાલતાં ખમા, ખમા, સાંભળતા તેમને ભણવા પર મહેનત કરવી પ્રથમ કઠણ લાગી, પણ થોડા વખતમાં મહાવરો પડવાથી મુશ્કેલી જતી રહી.

સારા સારા પંડિતોને શિક્ષા ગુરૂ નીમ્યા. વિદ્યાભ્યાસની જોડે કુંવરોના અંગ કઠણ અને પુષ્ટ થાય, ને તેમનામાં બીકણપણું ન રહે તેવી કસરતો કરાવનારા રાખ્યા. ઘોડે બેસતાં શીખાડનારા, તીર તાકતાં, ભાલા ફેંકતાં, પટા રમતાં વગેરે યુદ્ધકળા બતાવનારા રાખ્યા. રાજકાજનાં મુખ્ય કામોમાંનું આને ગણી મહારાજ પંડે શાળા જોવા વારે વારે જાય, ને યોગ્યતા પ્રમાણે શાબાશી અને ઇનામો આપે; મોટી ઉમરનાને શિકારે મોકલે, અને વખતે પોતાની હારે તેડી જાય. કુંવરો પ્રથમ તો આ શાળામાં આવવાને નાખુશ હતા, અને

કેટલાકને બળાત્કારે આણ્યા હતા, પણ ખેલ અને ભણાવવાનું જોડે રાખ્યાથી તેમને નિશાળપર રૂચિ લાગી. તેઓ રજામાં ઘેર જાય ત્યારે માબાપને પોતાની રમત ગમતની અને અભ્યાસની વાતો કહે, અને હોંસથી પાછા આવે. તેમનાં તન મનનો સુધારો જોઈ તેમના વડીલો પણ રાજી થયા ને ખુશીથી મોકલવા લાગ્યા. વખતે તેઓ પોતાના કુંવરોને મળવા તથા તેમની શાળાનું કામ ચાલતું જોવાને આવે. વનરાજ તેમનું સન્માન કરે. કેટલાંક વરસમાં આનો ફાયદો જણાયાથી વનરાજે ઓછા ધનવાન ગરાશીઆ રજપૂતોના છોકરાને માટે એવા પ્રકારની શાળાઓ સ્થાપી. અને રૈયતમાં પણ અંગકસરતનો અને યુદ્ધકળાનો શોક ઉત્પન્ન કર્યો. જ્યાં જ્યાં નિશાળો હતી ત્યાં યોગરાજને લઈ જોવા જાય ને કહે કે આ આગળ તારી પ્રજા થનાર છે, માટે એમનાં ભણેલા ગણેલા ને જબરા કરવા જોઇએ. છોકરાની પરીક્ષા લે અને ખેલ કરાવે, તથા યુવરાજને હાથે ઇનામ અપાવે.

એમ યુવરાજને બાળપણથી કેળવણી ઉપર પ્રીતિ કરાવી. જેમ તે મોટો થતો ગયો તેમ વનરાજે તેને વિદ્યામાં પ્રવીણ, યુદ્ધમાં ચતુર અને શૂરવીર, તથા રાજકાજમાં નિપુણ કરવા પર વધારે લક્ષ દીધું. આઠ વર્ષનો થયો ત્યાર સુધીમાં સુંદરકેશાએ તેને પ્રાકૃત વાંચતાં લખતાં શીખવ્યું, ને ત્યાર પછી ગુણવાન પંડિતને ભણાવવા રાખ્યો. એક પહોર બેશી કુંવરને આંક, અંકગણિત, અને સંસ્કૃત વાંચતાં લખતાં તે શીખવતો. સંસ્કૃત વ્યાકરણનો આરંભ કર્યા પછી તેને રાજકુમાર શાળામાં મૂક્યો. અહીં તેણે પાઠ ભણવામાં અને અંગ કસરત કરવામાં પહેલો નંબર રાખ્યો તેથી તેનાં માતપિતા અતિ આનંદ પામ્યાં. યોગરાજ એકનો એક દીકરો છતાં જૂઠાં લાડ ન લડાવી આમ કેળવણી આપી તેથી રાજા રાણીને ઘણી શાબાશી ઘટેછે. કુંવરને તેઓ પ્રસંગોપાત ઉત્તમ શીખામણ દેતાં. તેનું મન તેમણે ઇશ્વર ભક્તિમાં લગાડી સુનીતિને માર્ગે ચલાવ્યું. રૈયત ઉપર પ્રેમ રાખવો, તેમને સુખી કરવી, અને પુત્ર પુત્રી પ્રમાણે ગણવી એજ મુખ્ય રાજ્ય ધર્મ છે એ તેને વારે વારે સમજાવતા. એક વેળા

યુવરાજ કહે હું તો બાળક છું તેથી મારે તેમને ભાઈ બેન પ્રમાણે માનવાં જોઇએ. વનરાજે ગંભીર થઈ વિચારમાં પડી કહ્યું ખરૂં બેટા, ને મોટા થયા પછી પણ તેમને ભાઈ બેન ગણવાથી વધારે લાભ છે, કેમકે રાજા બાપની પદવી ધારણ કરેછે ત્યારે તેના મનમાં વડાઇનો ગર્વ રહેછે; તે લોકને છોકરાં ગણી તેમની સલાહ લેવાની દરકાર રાખતા નથી, પોતાને મોટા ને ડાહ્યો ગણી લોકને બાળક બુદ્ધિના ગણેછે તેથી બંનેને નુકસાન છે. વળી કેટલાક રાજા પોતાને ધણી અને માલિક ગણી લોકને દાસ ધારે છે તે વધારે માઠું છે. જમીનના ધણી દેશમાં વસનારા લોક છે, ને રાજનો વહીવટ કરનાર અધિપતિ રાજા છે. તેણે લોકની ઈચ્છા પ્રમાણે અમલ કરવો, ને રાજ્યના ખર્ચને માટે ખેતી કરનારા ખેડુતો પાસેથી શાસ્ત્ર પ્રમાણે ભાગ તથા વેપારી વગેરે કનેથી જરૂર પ્રમાણે કર વેરા લેવા.

પાઠશાળાનો અભ્યાસ પૂરો થયા પછી વનરાજે તેને થોડે થોડે રાજકામ શીખવવા માંડયું. લોકની અવસ્થા, ને લોકના વિચાર જાણવાને તેને પોતાની સંગે પ્રાંતોમાં ફરવા લઈ જાય; વખતે છાને વેશે નગર ચર્ચા જોવા નીકળે ત્યારે તેને સાથે રાખે ને અવલોકન કરતાં શીખવે. એ વેળા તેનો ધર્મશાસ્ત્ર એટલે કાયદા વગેરેનો અભ્યાસ જારી હતો. મંત્રીઓએ યુવરાજને કામકાજથી જાણીતા કર્યા. દફતરી કામ, હિસાબી કામ, ન્યાય ખાતાનું કામ, પરરાજ્ય સંબંધી કામ હળવે હળવે યોગરાજ સમજવા લાગ્યો.

खंड ३ जो.

नागरनां लग्न, तेमनां गीतो अने जोडकण.

લોકની લગ્ન રૂઢીથી, રીતભાત અને સ્વભાવથી જાણીતો કરવાને લગ્નગાળામાં યોગરાજને લઈ વનરાજ જોવા નીકળ્યા. કાશીથી આવેલા બ્રહ્મચારીનો વેશ બંનેએ ધર્યો, ને પહેલા નાગરવાડામાં પેઠા. ઘણે ઘેર વિવાહ હોવાથી બૈરાંને ગીત ગાવાની અને ભૂદેવોને ભોજન કરવાની મઝા પડી. વનરાજે કુંવરને કહ્યું કે ગૂજરાતમાં વસ-

નારી બધી વર્ણોમાં કેટલીક રીતે નાગર વધારે સુધરેલા છે માટે પ્રથમ એ જ્ઞાતિની અવસ્થા નીરખીએ.

શેરીમાં પેસતાં પહેલાજ ઘરની નારીઓ ગણેશમાટલી લાવી ઘરમાં જઈ ગીત ગાવા લાગીકે—"ગણેશ પાટ બેસાડીએ, ભલાં નીપજે એકવાન; સગાં સંબંધી તેડીએ, જો પુજ્યા હોય ભગવાન. જેને તે આંગણે ગણપતી, તેનો તે ધન અવતાર; સાંજ સવારે પુજીયે, તો આપે સુખ અપાર. જેને તે પેટે ચાર દીકરા, તેનો તે ધન અવતાર; ચારે વહુઓ પાગે પડે, જો પુજ્યા હોય દેવરાય. જેને તે પેટે એક દીકરી, તેનો તે ધન અવતાર; સાંચ્યાં સુંચ્યાં ધન વાવરે, જો પુજ્યા હોય દેવરાય." થોડે છેટે બીજો માંડવો હતો ત્યાં કન્યા પરણવાની હતી. માંડવામાં બઈરાં પાપડ વણે, ગીત ગાય, ને ગુલ્લાં ખાય. "જોડે રહેજો રાજ, મારૂડીની જોડે રહેજો રાજ, આવા ઉનાળાના દાહાડારે, મારૂડીની જોડે રહેજો રાજ. સારા સાળુ લાવજો રાજ, મારૂડીને આપજો રાજ ॥ મારૂડીની ॥ આવા ચોમાસાના દહાડારે, મારૂડીની, સાથે છત્રીઓ લેજો રાજ, મારૂડીની. મારૂડીને ધરજો રાજ, મારૂડીની." એક વહેવાઈને ઘેર હસ્તી ઝુલે, નારી કુંજર ડોલેરે; પરણે મારી અવર મગેરી, પાટ બેઠી બોલેરે. એક વીનવુંરે જોશીના બેટા, કહ્યાં અમારાં સુણજેરે; એક જોશ જોજે મુહૂર્ત જોજે, સરસાં લગન લાવજેરે, પરણે મારી, એક વીનવુંરે ડોસીડાના બેટા, કહ્યા. એક ઘાટડી લાવજે, ને ચુંદડી લાવજે, સરસાં બાંટ લાવજેરે; પેહેરશેરે મારી અવર મગેરી, હઈઆં મારાં હીસેરે. એક વીનવુંરે સુનીડાના બેટા, કહ્યાં હમારા કરજેરે; એક ચંદનહાર લાવજેને, ઝુમણા લાવજે, સરસી જવાઈ લાવજેરે; પેહેરશે મારી. એક વીનવુંરે ગાંધીના બેટા, કહ્યાં. કંકુ લાવજે ને નાડાં લાવજે, સરસાં શ્રીફળ લાવજેરે, લેશે મારી, ॥ ઈત્યાદિ. તું તો બોલનીરે મારી વનની કોયલ, તારાને શબ્દ શોહામણા; કોયલ કેમ કરી તમે આ વન વસ્યાં, કેમ કરી ભમરા બોળવ્યો.' અમે વન ચરી ચરી આ વન વસ્યાં, ટળકે તે ભમર બોળવ્યો."
"કલમલ કંકણને ચુડી, છઈઆ કરતાં કન્યા છે. રૂડી; કહેરે છઈઆ

શાં પુન્ય કીધાં તે તે પુન્યે આ કન્યા તું પામ્યો કાશીએ જઇને વિશ્વનાથને તેં સેવ્યા તેરે પુન્યે આ કન્યા તું પામ્યો."

પાસેના ઘરમાં દીકરો પરણતો હતો ત્યાં પણ પાપડનાં ગીત ગવાતાં હતાં—'એક લીલીશી ઘોડીને લીલી વછેરી, અવર હરીઆ જવ ચરે; તુજ કારણરે મારા કુંવર લાડકડા, દાદાજી ઘોડી મૂલવે. એક દાદાજી હરખે ને લાખ ખરચે, ધનરે વહેવાઈ તારે માંડવે. માંડવે તે ઊભો વર પાન ચાવે જે દીસે તે પાટીણુ રાયરે પાન તે સરખો પાતળો વર, ફુલ તે સરખો ફુટડો. લવિંગ સરખો લાંક વરને, ઈલાઇચી સરખો મસમસે. સુના તે સરખી દેહ વરની, રૂપા તે સરખો ઊજળો; સુરજ સરખું તેજ વરનું, ચંદ્રમા સરખો નિ 'જો. ધન ધનરે એની માવડીને, જેણે તે રતન જાઇયું." ઇત્યાદિ. વનરાજ કહે "કેમ બાપુ, આગળ હીંડીશું, એ ગીતાંનો થોડીવારમાં પાર આવે એવું નથી; ઘેર લગ્ન આવેછે ત્યારે આપણી ગૂજરાતમાં ગીતો ગાવાનું ઘણા દિવસ ચાલેછે. તેથી ગીતાં ઘણાં છે ગપ્પી ગીતો ગાવાના લાહવાથી સ્ત્રીઓ આનંદ પામેછે." યોગરાજને સાંભળવાનો રસ પડ્યો. તે કહે 'બાપા ઊભા રહોને અવડાં જઇશું. જુઓ પેલાં બીજાં બઇરાં આવેછે.' વનરાજ કહે એ તો વહેવાણો પાપડનાં ગીત સાંભળવા આવ્યાં. હવે વધારે રમુજ પડશે.

આવો આવો એમ કહી વહેવાણોને બેસાડ્યાં. ઘરધણીઆણી કહે 'વહેવાણ બહુ વાર લગાડી.' વહેવાણ કહે 'શું કરૂં મારી રતનબેનનાં સાસરીઆં તો જાણોછોને. એને મોકલે નહિ, ત્યારે એને મૂકીને અવાય વારૂ. કેટલી મહેનતે મોકલી.' પેલાં કહે "વારૂ તેનો શો મેળ. ઘેર લગન જેવા રૂડા અવસરે દીકરી ના આવે." એમ થોડી વાતો કરી ગીત ગાવા માંડ્યાં. 'લીલી ઘોડીને પીળા ચાબકા, ઘોડીગણ ગાજે; લીલીના જડિત્ર પલાણ, વેહેવાણ મારી છંદે નાચે. છંદે છુંદાવ્યાં છુંદણાં, ઘોડી ગણ ગાજે; હોંશે રંગાવ્યા કાળા દાંત, વેહેવાણ મારી છંદે નાચે. નાચ્યાની આપીશ નાચણી, ઘોડી ગણ ગાજે; ખુંધાની ખોટી બદામ, વેહેવાણ મારી છંદે નાચે. કાશીમાં વિશ્વનાથ મોહી રહ્યા, ઘોડી ગણ ગાજે; ગયાજીમાં ગદાધર દેવ,

વેહેવાણુ મારી છંદે નાચે. વડનગરમાં હાટકેશ્વર મોહી રહ્યા ઘોડી ગણુ ગાજે; રેવાજીમાં કુબેરેશ્વર દેવ, વેહેવાણુ મારી છંદે નાચે.'

યોગરાજ કહે નાગર થઇને આવું શીદ ગાતાં હશે? વનરાજ કહે હજી નાગરમાં પણુ ઘણો સુધારો બાકી છે. જોને કાલે એમની નાત રસ્તામાં છોકરાં હગવા ને લોક મૂતરવા બેસેછે ત્યાં, ને ખાળકૂડી વગેરેના ગંધાતા ગંદવાડમાં બીજી નાતોની પેઠે જમવા બેઠી હતી. ઘણી વાતે એઓ બીજાના જેવાજ છે; થોડી બાબતોમાં જરા સુધર્યા છે એ હું તને બીજી નાતોનાં લગ્નપરથી દેખાડીશ. પરંતુ ઘણીક બાબતોમાં નાગરો બીજાના જેવા મૂર્ખ છે. દેવાં કરીને, ઘર ઘરાણે મૂકીને, કે વેચીને નાતો જમાડવી, વરઘોડાના સાબેલાને, ઘેણુ સણુગારવાને લોકનાં ઘરેણાં માગી લાવવાં વગેરે નાદાની તેમનામાં ઓછી નથી. યોગરાજ કહે નાત જમાડ્યા વિના કેમ ચાલે? એ તો કર છે. નાત ના કરે તો નાતમાં જમવા કેમ જવાય? લોક એવા નીચ છે કે મોઢે ચડાને કહે. વનરાજ કહે ખરૂં, પણ નાત મળી ઠરાવ કરે કે સહુ ગજા માફક ખર્ચ કરવો તો પછી શી હરકત? વળી નાતને નોતરે જમવા ના જવાનો ચાલ પડે તો થોડા કાળમાં એની મેળે નાત જમણુ બંધ પડે, જેથી નાતના માણસ નિર્ધન કે દેવાદાર થાય તેનો અટકાવ શાણી નાતે કરવો જોઇએ. મરણને અવસરે ને ત્યાર પછી રડવા કૂટવાનો ચાલ ઘણો બેવકૂફી ભરેલો છે તે પણ એમનામાં ઘાંચી મોચીના જેવોજ છે. વળી મરેલાની પાછળ લોટ ફાકવાનો નાદાની ભરેલો ચાલ છે. તો એ ઊંચા શાના? સદ્ગુણ અને રૂડા ચાલ પાળે તે ઊંચા ખરા.

પેલી વહેવાણુ કહે મારા મામાના દીકરાને આજે પીઠી ચોળેછે ત્યાં જવું છે માટે રજા આપો તો ઠીક. તે પરથી તેમને ખોબે ખોબે ખારેક સોપારી આપી વિદાય કર્યા. વનરાજ ને યોગરાજ તેમની પાછળ પાછળ ગયા. પાસેની પોળમાં એના મામાનું ઘર હતું. બારણે માંડવામાં બાજઠે વરરાજાને બેસાડી પીઠી ચોળવા માંડી. માથે તેલ લગાડ્યું, કપાળે કંકુનો ચાંલ્લો કરી ડાંગેર ચોડીને પીઠી ચોપડી. બાઇઓ એ વેળા ગાવા લાગી કે—'સુનાતે કેરાં ચોકડલાં, રતન કાં-

સકડી છે હાથરે; બાપ પનોતારે પાનાભાઈના, માડી સાંચરે છે તેહરે.' હાંરે તુતો ભલો ઘાંચી, ઘાણી પીલ સપરમે દહાડે; માંહી પીલ ડમરો ને કેતકી, માંહી પીલ તેલ ફૂલેલ. તે તેલ લાડકડાને ચડશે. મીઠડાં સે માની જાઇ કરશે, નાહી ધોઈ બેઠા છે પાટ, જુવેછે દાદાજીની વાટ, દાદાજી કન્યા લઈ આવો." રાતો રાતોરે કંકુવરણીનો છોડ, સોહ્યરે રાતોરે મેં તો નિરખીઓ, ગોરા પાનાભાઈરે, તમને ચાંલ્લા કરીશ, આંજ મારે ઘેર સોહ્યલો. સોહ્યલડોરે શીળા માંડવા હેઠ, કુંવર લાડકડાએ મેળવ્યો." પીઠી પાયલાની પાસેર, પીઠી અડધાની અચ્છેર; પીઠી સુનૈયાની શેર, પીઠી આણી અમારે ઘેર; પીઠી વાડકડે ઘોળાય, પીઠી લાડકડાને ચોળાય."

અહીં પીઠી ચોળતાં હતાં તેવામા બીજી ખડકીમાં ઢોલ નગારાં વાગ્યાં. વર ઘોડે ચડતો હતો તે જોવાને બાપ દીકરો ગયા. વરને ગાલે ને કાન પછવાડે મેશનાં ટપકાં કર્યાં હતાં; આંખોએ કાજળ એટલો આંજ્યો હતો કે પોપચાંની આસપાસ ફરતું પા તસુ કાળું દેખાતું હતું. એનું કારણ એ કે દૃષ્ટિ ન પડે. મામાએ વરરાજાને ઘોડે ચડાવ્યો. માએ ઘોડાની આસપાસ ધારા કરી, ને સ્ત્રીઓ ગાવા લાગી કે, 'લાડીલા વર ચડો વરઘોડે, લુણ ઉતારૂં તારે વાંકે અંબોડે, લાડીલા વર ચડો વરઘોડે. દાદાજી કહે મારે એ વર વરવો; લાડણીજી કહે મારે એ વર પરણવો, લાડીલા વર ચડો વરઘોડે.' "શુકન જોઇને સાંચરજોરે. રાયજી પોળે જઈ પોંખરજોરે. શુકનમાં મળીઓ છે માળીડોરે, ચોસેરા આપીને પાછો વળીઓરે." "ખાટડેરે પગ દઈ ચડોરે જ્યાવર, બેની તે છેડલા સાહી રહ્યાં; મૂકો મૂકોરે બેની અમારા છેડલા, તમારા કર અમે આપીશું." વરઘોડો ચાલવા માંડ્યો, વરની આગળ પુરૂષનું સાજન અને પાછળ નારીઓનું ટોળું ગીત ગાતું હીંડ્યું. " ચંચળ ઘોડી તું ચાલને, મથુરાં થકી આઈ; ઉર ઉર ઘોડીના દાભડા, પાયે મેંદી લગાઈ. લાડી પુછે વર લાડણા ઘોડી કૈસે મંગાઈ, અમારા દાદાજીના રાજમાં. તમતો ભેટમે લાયા; ચડી દેખાડો વર લાડણા, તેરી જોઉં ચતુરાઈ. અચ્છો બન્યો વંર ફાંકડા."

વરઘોડો વહેવાઇના ઘરની થડમાં આવ્યો તેવારે ગાયું કે—"પાદરે ઢોલ ઢબુકીયો, ને ઝબકીઓ એ લાડીનો બાપ, ન ઝબકીશ વેહેવાઈ બાપડા, ઘેર આવી છે મોટાની જાન. વેહેવાઇની શેરીછે સાંકડી, લલુભાઇના ઘોડા ના સમાય. લાડીએ બામ જગાડીઓ, માંડવે આવડો શો શોરરે. ફેરે આવ્યો રાણો રાજીઓ, ફેરે આવ્યા મહારાજ; કેરે ચંદ્રમાએ ગ્રહે દીધો, કે રવી ઉગીઓ કે ભાણ. કોઈ નથી આવ્યો રાણો રાજીઓ, પુત્ર આવ્યો રતીલાલ તણો. તેમાં શેરે આવડો છે શોરરે." "ત્રાંબા કુંડીરે નગર સોહામણી, માંહી ભરીઆં ગવરીનાં ધીયઃ સાહેલીરે આંબો મોરીઓ મારા મોહનભાઇની મેડીએ દીવા બળે, પેલા લક્ષ્મણરાય વેહેવાઇને ઘેર ઘોર અંધારાં, સાહેલીરે આંબો મોરીઓ." વર ઘોડેથી જાનીવાસે ઊતર્યો ને કન્યાનાં માબાપ માન દેવા ગયાં. પછી વર બ્રહ્મચારીને વેશે ગયો. વેદ વિધિએ લગ્ન થયાં. ઘડી ભરાઈ અને સાવધાન સાવધાન થઈ હાથે હાથ મળ્યા તેવારે કન્યા ભણીની સ્ત્રીઓએ ગાયું કે "ઢોલા ઢમકયા ને વર વહુના હાથ મળ્યા. જાણે ઈશ્વર પારવતીના સાથ મળ્યા. છૈયે ખોળે તે ઘાલ્યું ખાસડું, એણે ઘેર ઘેર માગ્યું સાસરૂં. એને કોઈએ ના આપ્યું સાસરૂં. અમારા મુળજીએ આપ્યું સાસરૂં. છૈયે ખોળે તે ઘાલી ખીચડી; એણે ઘેર ઘેર માગી દીકરી. છૈયા હાથ પારેવો લેજેરે; મારૂં માણેક મેલું થાશેરે, મારા હીરલાનું પાણી જાશેરે".

યોગરાજ કહે હું તો હવે આ ટાયલાથી કંટાળ્યો, હીંડો પાછા ફરીએ. વનરાજ કહે થોડી વાર થોભો, અનણા વરવાળાં જોડકણાં ગાવા માંડશે.

વર તરફની નારીઓ—"પ્રથમ શ્રી હાટકેશ્વરનું નામ લીજે, પછી જોડકણાનો આરંભ કીજે. જોડકણામાં કડવો સુકન નથી કહેવો, એટલો ભલાઈનો જશ લેવો. વેહેવાઈ રાખેછે ઘણી પ્રીત; બોલ ગાયાની છે જૂની રીત. જોડકણા ગાવાંછે રંગરસે; વહાલાં સાંભળજો સહુ હોંસે. જોડકણું ગાવું નથી એક ખોટું; મહાલક્ષ્મી વૃદ્ધ માણસ છે મોટું. વરવહુ ચોરીમાંરે આવ્યાં; અમે તો ચોખા મોતીએ

વખાણ્યાં. લલુભાઈ પાટણ આવે જ્યારે; દેસાઈ ફરતો હરતો જોય ત્યારે. દેસાઈ હેતે કરી બોલાવે; મન સાથે જમાઈ કરવો ધારે. ધારેલી વાત તે નિશ્ચય કીધી; જુની પ્રીત હતી નવી કીધી. મહાલક્ષ્મીએ ઊંડો વિચાર મન કીધો, લલુભાઈને પુજ્ય કરી લીધો. મહાલક્ષ્મી થયાં હવે સાસુ; લોક બોલ્યા તે ફોગટ ફાંસુ. દેસાઈએ પાઘડી ઉતારી નથી દીધી; અમે તો ઘણી હોંસે માગી લીધી. દેસાઈ ચતુર થઈ નવ ચૂકે; આવ્યો લાગ હાથે કેમ મૂકે. નવી વહુ આરતી ઉતારો કપુર; વહેવાઇના ઘરમાં રૂક્ષમણી વહુ ચતુર. રૂક્ષમણી ચતુર, મોતી વહુ ડાહ્યાં; મણી વહુ વિવેકમાં વખાણાયાં. તંબોળીને હાટે સોપારી પાન; હરીગવરી ડાહ્યાં ને પામે માન. લલુભાઈ પરણ્યો વહાલે અચરત દીઠાં; અદેખાની આંખે પડયાં રાઈ મીઠાં. બાપુભાઈનું દેશવિદેશે નામ; નવી વહુ ઝાઝુ પામશે માન. તમારી સાસુ છે ભલી જાત; વહુવારૂ નહિ જાણે દુઃખની વાત. વહુવારૂ ને જાણીએ દીકરી સમાન; તો પામીએ લોક પરલોકમાં માન. કજાત છો બોલો જુઠી વાણી; હમે હેતે વહુને આણી.” કુંવર કહે ચાલો બહુ વાર થઈ. રાજા કહે હા ચાલો, અહીં પણ વરકન્યાને વળાવે છે. સાંભળો હવે કન્યાવાળાં ગાયછે—સવામણ સુનાની દીવી, અધમણ રૂપાનું ચાડું; દીવી મૂકો માંડવા હેઠે કે થાય સજ્જનને અજવાળું. માંડવે સોહે અજવાળાં કે દીવડી કયાં ગઈ રે. બાપજી લળી લળી પુછે કે દીવડી કયાં ગઈરે. આવ્યો આવ્યો ચૌટાનો ચોર કે લાખેણી લાડી લઈ ગયો. આવ્યો આવ્યો નગર ધુતારો કે લાખેણી લાડી લઈ ગયો. ઇત્યાદિ ગીતાં કન્યાનાં સગાં થોડે સૂધી વળાવવાં ગયાં. તેની મા માશી તો ચોધાર આંસુએ રોય.

વરની જાદરણીઓ ગાવા લાગી કે ‘અમે કલ્યાણીધઢ ઊત્યારે આનંદ ભયો. અમે દીકરો પરણાવી ઉઠયાંરે આનંદ ભયો.” અડક દડક બાંય ચીકણી ફોફળ લળી લળી જાયરે, દેસાઈ તમારે માંડવે બાપુભાઈ જીતી જાયરે. શુરે જીત્યારે જીત્યા વળી પડી પટોળે ભાતરે. ભાત પડી ભીંજે નહિરે, ગઇરે દેશાવર વાતરે. નાગરી નાત છે દોહલી ના આયે ખાટી છાશરે; દેસાઇએ આપી બેટડી સર્યાં અમારાં

કાજેરે."

વહુવર જતું હતું તેની પાછળ થોડે સુધી જતાં બીજી વાટ આવી તેણી તરફ રાજા અને કુંવર વળ્યા. માર્ગમાં સ્ત્રીઓનું ટોળુ નાચતું હતું. તેમની વચ્ચે ચાર બાવડીઓ અજબ રીતે કૂદતી તથા વાંકી વળી વળી તાળીઓ પાડી ગાતી હતી. તેમાંનાં બેને માથે મોહાડ હતા ને બે ટાલી હતી. યોગરાજ કહે બાપા. આ શું છે? વનરાજ કહે એ રન્નાદે ખુંદેછે. એ માહાડમાં જાગ છે. એમના ગીતમાં હાસ્યરસ છે તે હલકો છે તેથી સારા માણસને એ નાચ કરાવવો ગમતો નથી. સ્ત્રી જાતિ સંબંધી આ દેશની સ્ત્રીઓના વિચાર તુચ્છ છે તેની, તથા એકપર બીજી પરણવાની રીતની, સાસુ વહુની લડાઈની, કજોડાદિકની મશ્કરી એમાં છે તે સાંભળી લોકોની અવસ્થા વિષે તારૂં જ્ઞાન વધશે માટે જરા ઊભા રહીને સાંભળીએ.

"લાવો લાવોરે સુપડાં તલ સોહીએ; મારા ઘેલા ગોવિંદને તલ જોઇએ. લાવો લાવોરે દોણીયાં ગાય દોહીએ; મારા ઘેલારે ગોવિંદને દૂધ જોઇએ. અજવાળીરે રોહીણી નિર્મળી; ગોરી તમ તમ જેવડી ટોળે મળી. ત્યારે હું મારે મંદીર હુતી. ત્યારે અંતરીક્ષથીરે નારદ આવ્યા. તે તો પારજાતીકનું ફૂલ લાવ્યા. રોપો રોપોરે કૃષ્ણજીને આંગણીએ; ફૂલ ફૂટચાંરે દસ પાંખડીએ. ત્યારે કૃષ્ણજીએ જોયાં બેહુ આંખડીએ- સૌકોઇને આપ્યારે સંભારી; સત્યભામાને મેલ્યાંરે વિસારી. અબોલડા લીધારે નહિ બોલું. કાળા કૃષ્ણજીની સાથે નહિ બોલું. દેવકીજીના જાયા સાથે નહિ બોલું. વીજળીના વીરા સાથે નહિ બોલું. જસોદાના વાહાલા સાથે નહિં બોલું. અબોલડા લીધારે નહિ બોલું. લાવો લાવોરે૰ સૌકોઇને મેલ્યાંરે વિસારી, સત્યભામાને આપ્યાંરે સંભારી. બોલડા લીધારે હસી બોલું૰ કાળા કૃષ્ણજીની સાથે હસી બોલું. ॥ રાજદેવડી ઉપરરે નોબત વાગેછે; કેસરીએ વાગેરે કયા ભાઈ પરણેછે; કઈ વહુ ઉપરરે બીજી આણેછે. કેસરીએ વાગેરે ગધેડાભાઈ પરણેછે; રૂડી વહુ ઉપરરે ભુંડી આણેછે. ગોરી વહુ ઉપરરે કાળી લાવેછે. થોડા બોલી ઉપરરે બહુ બોલી લાવેછે. ભણેલી ઉપરરે મૂર્ખી લાવેછે. સાસુના જાયારે૰ સોયેક

શીદ લાવ્યા. નણુદીના વીરોરે સોયેક શીદ લાવ્યા. રાજદેવડી ઉપર ના વાડામાં તે વાવ્યો વાલોળીઓરે, કઈ વહુને મૂકી રખેવાળરે, ચાંદલો લાલુ સોહામણોરે. વાડામાં તે વાવ્યો વાલોળિયોરે, નવી વહુને મૂકી રખેવાળ રે, ચાંદલો લાલ સોહામણોરે. વાલોળીઆ ને બકરાં ચરી ગયાંરે; નવી વહુને લઇ ગયા ચોર, ચાંદ૦ મટુભાઇ હૈયાના ભોળા થયારે; બાપની કોટે વળગી રોયારે, ચાં૦ ના રોઇશ ના રોઇશ દીકરારે; કાલે પરણાવું બીજી નારરે, ચાં૦ બીજી પરણીને બાપા શું કરૂં, નહિ આવે નવી વહુની તોલરે, ચાં. ॥ બગલું ઓ આવે, ઓ જાયરે; બગલું ફોગટ ફેરા ખાયરે, બગલું કઈ વહુને લઈ જાયરે, પાછળ કયા ભાઇ દોડ્યા જાયરે. બગલું મોતીવહુને લઈ જાયરે; પાછળ દીનાભાઈ દોડ્યા જાયરે, ઓ મારી બઈરીને લઈ જાયરે; મારૂં પણતર ફોગટ થાયરે ઓ મારા પૈસા રાયગળ જાયરે. ઓ હુંતો પરણ્યો તે થયું ફોકરે; મારાં નાણાં બેઠાં રોકરે.॥ સરસત શામને વિનવું જીરે, ગણપત લાગું પાય, મંદીર માળીઆની માછલીજીરે. કીયા ભાઈ તે ગામ સીધારિયાજીરે, કઈ વહુ અન્ન ન ખાય, મંદીર૦ કાનાભાઈ ગામ સીધાવ્યાજીરે, નાનીવહુ અંન ન ખાય. મંદીર૦ દૂધ સાકરની રાંધી રાબડીજીરે, ઘીમાં રોળી રોળી ખાય, મંદીર૦ પાડા તે સરખી વહુવર પાતળીજીરે, ફૂલી ભાદરવાની ભેંસ, મંદીર૦ નાની વહુએ છાના કાગળ મોકલ્યાજીરે, ઘેર આવો મોઠાભાઇના વીર, મંદીર૦ તમ વિના સુનાં મંદીર, માળીઆની માછલીજીરે, તમ વિના સુનો શણગાર, મંદીર માળીઆની માછલીજીરે.॥ હાંહાંરે કે ચોરા છોબનના; હાંહાંરે કે બેઠક મોટાની. હાંહાંરે કે કયા ભાઈ બેઠાછે. હાંહાંરે કઈ વહુ પાન લાવે. હાંહાંરે કે જેઠાભાઈ બેઠાછે. હાંહાંરે કે ગંગાવહુ પાન લાવે. હાંહાંરે કે લાવતાં વાર લાગી. હાંહાંરે કે સોટીઓ સાત મારી. હાંહાંરે કે પાટુઓ પાંચ મારી. હાંહાંરે કે તમાચા ત્રણ માર્યા. હાંહાંરે કે સાહેબા શા માટે. હાંહાંરે કે વાર લાગી તે માટે. હાંહાંરે કે વાંક નથી હમારો. હાંહાંરે કે વાંક છે નાનાભાઇનો. હાંહાંરે કે તેણે મને બોલાવી. હાંહાંરે તેમાં મને વાર લાગી."

યોગરાજનું દિલ અબળા જાતિનું રક્ષણ કરવાપર ઘણું હતું.

સોટીઓ, લાત, અને તમાચાની વાત સાંભળી તેને ક્રોધ ચઢ્યો. છાની કેડમાં ખોસેલી કટારીની મૂઠ ઉપર હાથ મેલી તે બોલ્યો કે "બાપા એ જેહા હીજડાનું માથું વાઢું તો પાપ ના લાગે. જરા વાર લાગી તેમાં એટલો માર. એની ધણીઆણી છે કે લુંડી છે? એની અર્ધાંગના છે કે ગુલામડી છે? ચાકરડીને પણ ન મરાય." બાપા આપણે રાજા છતાં એમ નથી કરતા તો એ કોણ મોટો સાહેબડો છે?" વનરાજે હરીને કહ્યું, બાપુ આ નાચેણોના બોલ સાંભળી તું ગુસ્સે કેમ થયો? એ તો મશકરી કરી. અહીં અવલોકન કરવાનું એ છે કે જેવા લોકના સ્વભાવ, જેવા વિચાર, તેવી તેમની મશકરી, તેવી તેમની ગાળ, તેવાં તેમનાં ગીત, નારી જાતિની દુર્બળ દશા, ને તેમની અધમ અવસ્થા એ પરથી જણાયછે. તેઓ માંહોમાંહે એવા ઠઠ્ઠા કરવાને ચાહેછે; જો એ ગંગાવહુ, તેની મા માશી, સાસૂ વગેરે એ સાંભળી કેવાં ખુશી થાયછે. તેમને ખોટું લાગતું નથી. જોગીનાં અને વાંદરાનાં ગીતોમાં એથી વધારે નઠારી અને અનીતિના તોહમતની મશકરી છે, પણ તેઓએ તેઓ લજવાતાં નથી. એવાં ગીત ગવાય તેને મા માશીને સાસૂ નણંદ લાવો ગણેછે. કેવી શરમ!! એમના વિચાર સુધરશે, એમની હાલત સારી થશે ત્યારે એમની રમત ગમત બદલાશે. માણસ જાતને કોઈ પ્રકારની રમત, ખેલ, ને હાસ્ય જોઇએ. આ દેશની સ્ત્રીઓની આ મોટી રમત છે તે ભલે ભોગવે, પણ તેમાંથી નીચ અને નઠારા વિચાર દૂર થવા જોઇએ. જોગીનું અને વાંદરાનું એ બે ગીત બહુ નઠારાં છે, સુનીતિવાન સ્ત્રીને મુખેથી ગવાવાં ન જોઇએ. સાંભળ આ વળી બીજાં હલકાં ગીતો—"નાનીસી વાણીઆની હાટડીજીરે કયા ભાઇની ગોરી ચાટણીજીરે. મારા ચંદુભાઇની ગોરી ચાટણીજીરે. ઘી ખાવા ગઇતીરે, ગોળ ખાવા ગઇતીરે. તાજુડી તુટીરે, મા મને મારીરે. મારી નથી પણ હાકટી જીને. ॥ એને મોટી હેડ, રમવા કેમ આવે. લખાભાઈ ભાંગે કેડ, રમવા કેમ આવેરે. એને મોટો સાલ્લો કે રમવા કેમ આવે; સાસુજી મારે પાયો કે રમવા કેમ આવે. એને મોટી આડી કે રમવા કેમ આવે; લખાભાઈ મેલે કાઢી કે રમવા કેમ આવે. ॥ એનો સોડી-

આમાં આપ લાલ હિંદવાણી; તેતો મંછાવહુનો બાપ લાલ હિંદવાણી. એના ચોટલામાં ચોર લાલ૦ એના અંબોડામાં મોર લાલ૦ એના માદળીઆમાં ચીઠી લાલ૦ એને કામણ કરતી દીઠી લાલ૦ એતો ક્યા બાઈની નાર લાલ૦ એતો મથુભાઇની નાર લાલ હિંદવાણી. ॥ મેંદી પોતું, મેંદી પોતું, મેંદી પોતું જાય; એક હલાવું ત્યારે ડાળાં હાલે ચાર, સહીએરે મેંદી લેશોરે. મારી સાસુએ એમ કહ્યું જે વાસીદાં વાળી મેલ. મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ, સહીએર મેંદી લેશોરે. મારી સાસુએ એમ કહ્યું જે પાણી ભરી મેલ. મેં ભોળીએ એમ જાણ્યું કે બેડા ફોડી મેલ, સહી૦ મારી સાસુએ એમ કહ્યું જે રાંધણા રાંધી મેલ. મેં૦ ચુલો ખોદી મેલ, સ૦ મારી સાસુએ એમ કહ્યું જે ગાયો દોહી મેલ. મેં ગાયો છોડી મેલ, સ૦ મારી૦ કોડમાં દીવો મેલ. મે૦ સોડમાં દીવો મેલ, સ૦ સોડ બળે, સાસુડી બળે, લીમડો લેહેરે જાય. સ૦ ॥ ડોસીની સુવાવડ આવી, ડોસો લાવ્યો સુંઠ. ડોસીને તો ભાવે નહી ને ડોસો મરડે મૂછ, વાહાલા બીજનારે, મારી ચુંદડીના ચોર. ડોસીની સુવાવડ આવી ડોસો લાવ્યો કોપરાં, ડોસીથી તો ચવાય નહિ ને ખાય છૈયાં છોકરાં. વાહાલા૦ ડોસીની સુવાવડ આવી, ડોસો લાવ્યો ખજુર; ડોસીને તો ભાવે નહિ ને લઈ ગયા મજુર, વા૦ નાનું સરખું ગધેડું ને તેને લાંબુ પુંછ; વગર વાંકે બૈરી મારે તેની વાઢો મૂછ, વા૦ નાનો સરખો રેંટીઓ ને તેને લાંબી ત્રાક; બાયલો હોય તે બાયડી મારે તેનું વાઢો નાક, વા૦ ॥ ક્યા ભાઇની ગોરી ગોરાંરે એ ધણીના રાજ. કાળાભાઇની ગોરી ગોરાંરે એ ધણીના રાજ. પેટ પરસુદી ઊતરે, સેવના સરસે કાજ. ક્યા ભાઇની ગોરી કાળીરે એ૦ મણીભાઇની ગોરી કાળીરે એ૦ વાંસે ધંરીડા ઉતરે, કલેડાનાં સરસે કાજ. ક્યા ભાઇની ગોરી નીચીરે એ૦ નાથાભાઈની ગોરી નીચીરે એ૦ પાહાનીએ વાસીદાં વાળશે સાવરણીના સરસે કાજ. ક્યા ભાઈની ગોરી જાડીરે એ૦ હરીભાઇની ગોરી જાડીરે એ૦ શીઆળે ઓઢે ને પાથરે, ગોદડાંના સરસે કાજ. એવા મારી કુંવીને મેં મારી. કુર કાચોને મેં મારી. દાળ દાઝીને મેં મારી. પાપડ બાળ્યો ને મેં મારી.॥ બાંગ ધુંટારે, બાંગ ધુટિયારે; આસ જીવણ દીઓરજી બાંગ

ઘુંટારે. ભાંગ છાણોરે, ભાંગ છાણોરે; મારા જીવણ દીએરજી ભાંગ છાણોરે. ભાંગ પાઓરે, ભાંગ પાઓરે, મારી વીજળી વેહેવાણને ભાંગ પાઓરે. વીજળી વેહેવાણને ભાંગ ચડીરે, ભાંગ ચડીરે, લેહેર ચડીરે, લેહેર ચડીરે, પેલી વીજળી વેહેવાણને લહેર ચડીરે.॥ મારાંરે છોકરાં જમવા બેઠાં, જઇને પાટલા માંડુરે, એલી તુમ્ડીનો રણુકો વાગ્યો. સોકનાં છોકરાં જમવા બેઠાં જઇને પાટલા માડુંરે એલી તુમ્ડીનો રણુકો વાગ્યો. મારા સ્વામીજી જમવા બેઠા, પહેલી પીરસણ પીરસુરે. એલી૦ મારી સાસુ જમવા બેઠી, જઇને રાંધણ ઢોળુંરે. એલી.॥ દહી વડુંરે, દહી વડું, સાસુ સાથે નહિ વડું. દહી॥ ચોખા કરતાં કાણુકી મોટી, ગોરસીઆં. મગનભાઈ કરતાં હરીવહુ મોટી ગો૦ દહીના દહીઆ ગો૦ મધ સાકરીઆ ગો૦ સુનાનું પારણું, ગો૦ હીરની દોરી, ગો૦ મગનભાઈ પોઢે, ગો૦ હરીવહુ હીંચોળે ગો૦ છાના મારા બાપા, ગો૦ કાલે જીજી આવશે, ગો૦ જે જોઇએ તે લાવશે, ગો"૦॥

સ્ત્રીઓ કુદીને થાકી ત્યારે રાંદેલને કુવામાં નાખવા હિંડીઓ. ચાલતાં ચાલતાં ગાવા લાગીઓકે—'સમી સંઝાએ નીસર્યા દેવ, કાં જઈ વસશો. વસશુંને આંબા આંબલી, વસશું સરોવરની પાળે; વાંસશું ચાચર ચોટે, વસશું આંબા ડાળે. વસશું તે મુકુનભાઇને ઓરડે, જે ઘેર મીઠા બોલી નાર. મીઠાં બોલે ને મન હશે, લળી લળી લાગે પાય. પાય લાગીને શું માગીયાં. માગ્યાં ધણીયનાં રાજ. અખંડ હેવાતન ધાટડી, માગ્યાં પુત્ર પરીવાર. રાંદેલ માનો સર્યોરે સોરંભ, રાંદેલ પુજા કોણે કરીરે. મનુભાઇને ગેર નવી વહુતો, રાંદેલ પુજ્યાં તેણે, રોહો રોહો રન્નાદેવ પ્રાહાંણારે, રોહો રોહો આજનો દીન. રહીને તે કરશો રળીઆમણારે. પુરી તેવી પુરો મારી આશ. હરખે રાંદેલ પુજીએરે. રાંદેલ રોહો રોહોરે. તમને કીયા ભાઈ મનાવે. તમને ચીમનભાઈ મનાવે, તમને આવતી વહુ લાગે પાય. રાંદેલ રોહો રોહો. તમને ચીરના ચંદરવા, રાંદેલ રોહો રોહોરે. તમને જાવરના જલેચા. રા૦ તમને તાંબાના તરભાણા, રા૦ તમને સુનાનાં સાંકળીઆં, રા૦ તમને મોતીના અખ્યાણા, રાંદેલ રોહો રોહોરે૦"

રોહો! રોહો કહેતાં જતાં રાંદેલને કૂવામાં નાખ્યા. ટોપલીઆંના

જુવારાને કૂવામાં નાખતા જોઈ રાજકુંવરે પિતાને પૂછ્યું કે એ શું કરે છે ? રાજા કહે એ જુવારાને રાંદેલ ઠરાવી પૂજ્યા ને હવે કૂવામાં નાખ્યા. રોહો રોહો કહેતા જાય ને રાખે નહિ તેનું કારણ કુંવરે પૂછ્યું. રાજા કહે એનું કારણ તારે વિચાર કરી શોધી કાઢવું. એ ઝાડ, ઘાસ, આકાશના પદાર્થો, મુર્ત્તિ વગરે પૂજવાનો મોટો વિષય છે તેનાં ખુલાસા રસ્તામાં હિંડતાં અને ઝટ વારમાં થાય તેવા નથી. જો ભાઈ આ બીજો વહેમ અને મૂર્ખાઈ. ચાકળીનું પાણી પેલી નારીઓ ઉપર ઢોળેછે તેનું કારણ જાણે છે ? એ સ્ત્રીઓનાં અધરણી નથી આવ્યાં માટે એમના ઉપર રેડેછે. એથી અધરણી આવતી હોય ત્યારે દેશમાં વાંઝણી સ્ત્રીઓ હોયજ શાની. સાંભળ વળી ગાવા માંડયું. એ ગાતાં ગાત, પાછાં જશે. "એમ ન જાણુશો કે પૂછીને પાછાં વાળ્યાંરે. પુરી તેવી પુરો મારી આસ. હરખેતે રાંદેલ તેડીયાંરે, લાલભાઈની પૂરી આશ, ઈછાવહુના પોહોતા મનોરડા રે."

એ દિવસે જોયલા બનાવો અને સાંભળેલાં ગીતાં વિશે વાતો કરતા વનરાજ અને યોગરાજ મહેલે પધાર્યા.

खंड ४ थो.

नीच वरणमां लग्ननां गीत, सलोका, फटाणा, छंचकुळ. योगराजनुं देशाटन.

નાગરના લગ્ન સંબંધી વાતો કરતાં વનરાજે કહ્યું કે એમના જોડકણા એવી તરેહના હોય છે. બધાં એક સરખાં નથી હોતાં. પણ ઘણું કરીને લગ્નમાં શી ગાયછે. એ ગવાયા પછી આખી નાતમાં તેની ચરચા થાયછે. નીચવરણમાં એથી વધારે હલકાઈ જોવામાં આવેછે. યોગરાજ કહે નીચવરણ કોને જાણવી, શી નીશાનીથી નીચ જાત ઓળખાય ? વનરાજ કહે પ્રશ્ન બહુ સારો પૂછયો બેટા. નીચવરણને માથે શિંગડાં કે બીજાં કોઈ ચિન્હ નથી હોતાં તેઓમાં પણ કોઈ ધનવાન હોયછે; કોઈ સારાં લૂગડાં ઘરેણાં પેહેરેછે, કોઈ ફુટડાં હોય છે, ને કોઇને મોટી હવેલી હોયછે; ને કોઇને

મોટી ચાકરી હોયછે. નીચ ઊંચનો વાસ્તવિક ભેદ તેમની રીત ભાત તેમનાં ગીત, તેમની બોલી, તેમના આચરણ અને તેમનાં ગાનપરથી જણાય. આજે આપણે સોનીવાડે જઈએ. યોગરાજ કહે હિંડો. બ્રાહ્મણને વેશે રાજા અને કુંઅર નીકળ્યા.

કલ્યાણદાસ કરીને સોનીનો શેઠ હતો તેનો દીકરો પરણતો હતો. વર ઘોડે ચડ્યો એટલે વનરાજ અને કુંવર જઇ પહોંચ્યા. રસ્તામાં ગીતો ગાયાં તે તો નાગરના જેવાંજ ઘણું કરીને હતાં. પણ વર તોરણે આવ્યો ત્યારે વરની જાનમાં આવેલી નારીઓએ ગાયુંકે,–ઉતરીરે ઉતરી, વર પુંખે એ કુતરી. બલાડીરે બલાડી, વર પુંખે એ બલાડી. અગાડીરે અગાડી, વર પુંખે એ ગધાડી

યોગરાજે પૂછ્યું પિતાજી બધી વરણમાં આવાં ગીત ગાયછે ? વનરાજ કહે હા બાપુ; એથી એ નઠારાં ગાયછે. વડનગરના નાગર શિવાય ઘણુંકરીને સઘળી નાતોમાં એવાં ગાયછે. બ્રાહ્મણ, વાણીઆ, કણબી, સુતાર, કંસારા, કડીયા, ખાતરી, લુહાર, સૈ, કુંભાર, ઘાંચી, મોચી વગેરે સર્વેમાં લગ્નનો પ્રસંગ સ્ત્રીઓને મન હોળીના બીભત્સ પર્વ જેવોછે !! ધીક્કારછે એ મૂર્ખીઓને ! યુવરાજ કહે કેવી શરમ ! વનરાજ કહે આવો માહેરામાં સલોકા ભણેછે તે સાંભળીએ.

વર—વર ઘોડે ચડી મંડપે આવ્યા; નગરૂ લોક સૈ સાજન આવ્યા. સાસુજી તમે તોરણે આવો; વરને થાળ ભરી મોતીએ વધાવો. જુવો જમાઇજી દીસે કેવા; પાટણના મહારાજા જેવા. શોભાગવંતી પેહેરી પટોળી; નવરંગી પાંચ પટાની ચોળી. ઉપર ઘાટ સોહીએ નવરંગી; ચાર સોહાસણી સાથે ભોળી. આંખડી આંજી અણીયાળી; ટીલી ચોડી ટપકાળી. ગંગા જમના નીર ભરાવો; પુત્ર પનોતી પોંખવા આવો. સાસુજી આવ્યાં સોળ શણગાર; પાયે ઝાંઝરનો ઝમકાર. વાંક વીછવાને કારેલી; સોહીએ કંકણ ને ચંદન ચૂડી. કંઠે હાર ને ગોદર સોહીએ; બાજુબંધ બેરખા મન મોહીએ. કાંને આંગણીઆં ને ટોટી; ઝાલ ઝબુકે નાકે મોતી. સેંથો પૂર્યો સુગંધ ફૂલ; રત્ન જડ્યાં છે બહુ અમૂલ્ય. માથે મોડ ધરીને હીંડી; પોંખી વરને લાખી પીંડી. નાક સાહી વર ઘાટે ઘાલી; કેડે ચડાવી સાસુ

આલી. માહેરામાં આવ્યા રાજકુમાર, સૌ લોક બોલે જેજેકાર. મસ્તક ખુંપ ધરી વર આવીયાં; તેતો કન્યાને મન ભાવીઆ. સાસર વેલ તમે સર્વે પધારો; એક વરનું વચન મનમાં ધારોરાં. પ્રથમ અમારૂં પરાક્રમ જોજો; પછી તમારી કન્યા દેજો, વરને આપો જરની પાઘડી, ને મીનાકારી મોજડી. હાથે કડાં સાંકળાં, ને કાનતણા કુંડળ, કોટતણી કંઠી, ને કેડ તણો કંદોરો, જાળીવાળો સાવલો, ભગરીવાળો ખુંપ, કેસરતણા છાટણા, કસતુરીતણા ટીલક. માંહિરામાં સોનાની માચી, તે દેખી સહુ નારી રાચી. કંસારનું ભાણું, શુભનું અખ્યાણું, ગંગાપુજી ઝારી, ઘાટે ઘણી સારી. સાડા સાતશેર રૂપાનો ડાબડો, દોઢ શેરનું ઢાકણું, એ આવી ઇચ્છા પુરો અમતણી, તો બેટી લઈએ તમતણી. વરની માને મોઘા મૂલની પટોળી; તે ઉપર લીલા વસ્ત્રની ચોળી, ઉપર વાની વાનીના કમખા; તે ઉપર મોતીતણા ઝુમખાં. વરની બેનને વણારસી સાડી, તે ઉપર કસબી બુટ્ટા વેલ પાડી. કીનખાબના કમખા, ને મોતીના ઝુમખાં. વરના બાપને પામરીનો જોડો. વરના ભાઈને સોનાનો કંદોરો. જાનૈઆને લુગડાં, ને સેવકને શેલાં; તેતો આણજો પહેલાં. મારા મેહેતાજીને પાંચે વસ્ત્રનો વાગો, તે ઉતાવળ કરી આપો. રત્ન મોતી જડિત બાજઠ, ઢોલીઓ, તળાઈ, તાંબા કુંડી, ગાય ને વળી ઘોડી, ઉપર મહીશી જોડી. સજોતરીઆ રૂપેરી રથ, ને સોનેરી સાજનો ઘોડો, એટલું હોય તો ત્રેવડ કરજો, નહિતો અમારા સકલ સાજના આગળ હાથ જોડો."

વર સલોકા બોલી રહ્યો પછી કન્યા બોલી—સાંભળો સાસુજી ચતુરસુજાણ; તમ વહુ તણા કરૂં વખાણ. રૂપવંતીને ડાહાપણ ઘણું, કુળ દીપાવ્યું તમતણું. રૂડીવહુ આવ્યાં બારણે, કુળ દીપાવા કારણે. સાંભળો સાસુજી મારી વાત, મંડપમાં થાશે વિખ્યાત. પ્રથમ સોળે સણગાર ઘડાવો; પછી વહુ મોઝાણે આવો. હું લાડકડી પીએર પનોતી; બાપને ઘેર થઇછું મોટી. વહુ માગેછે ઝાંઝર જોડ; તેને નાદે પોહોંચે કોડ. કલ્લા લંગર સાંકળાં તોડા; અણુવટ આપતાં વીછવા જોડા. કટી મેખળા ને કંદોરો; ધમકે ઘુઘરી ઘોર ઘણેરો. ગલપટો ગોફણીને માળા; નવસેરો હાર સોનાના વાળા. સાસુજી

સણુગાર સૌ જાણો; વહુ માગે તે વગે આણો. વહુ માગેછે શિકાં સાર; મોર ચકલી મોતીનો હાર; દામણી ને રળીઆમણી ઝુલ, શોભતાં જોઇએ ફલાફુલ. વહુ હોંશ કરેછે મોટી. જોઇએ આંગણીઆને ટોટી. લાડે કોડે વહુ ઘેર આવી; સસરા સાસુને મન ભાવી. દરખ્યાં સાસુને પોંચ્યો કોડ; જોઇએ ચુડી કાંકણુ જોડ. જઇએ જવને રતન ચોક; ના કહેશો તો હસશે લોક કહે કવિજન બીજું શું કહું; સંપત હોયતો લાવજો વહુ. પાંચ પટાનો ઘાઘરો ને લીલા ગજનો નેફો; હું પરણીછું ઠાકોર વરને પગ નહિ મેલું હેઠો. પગની પાની કંકાવટી; રાજ વૈભવમાં થઇછું મોટી. હું છું મારા બાપની બેટી; ઘી ગોળ ખાઇને થઇછું ઘેટી. ઘીગોળના તો ગળ્યા ગાડીઆ; તું શું પરણીશ મુરખ લાંઠીઆ. મુરખ વરતો કાંઇ નવ જાણે; બેઠો બેઠો ડોકું ધુણાવે. દાદાજી તમે એ શું કીધું; મુરખ વરનું માગુ લીધું. મારો સસરો દરજાય દરબાર જાય, ચોતરે બેશી પાન ખાય, પછ્ઞા વખત નાશી જાય. પેહેરામણી વખત હાજર થાય. મારી સાસુ એવા ભોળી, શેરની કરે સાત પોળી, માગે તેને લાખે ઢોળી, પીરસે તેને હઈચું ચોળી. મારા પાનેતર બંને ઘોળાં; તેના રંગાવું ચીર પટોળાં ચીર પટોળાંની ઘડી નહી ભાગે; મારા શરખી કન્યા નહિ લાધે. મુરખને કોણુ મસ્તક મનાવે. ભરી સભામાં માન નહિ પામે. હાથી હોય અંકોશ દીજે, ઘોડો હોયતો ચાબકો દીજે. વેહેલ હોય ખેદેડી લીજે, સોનુ હોય તો કસીને લીજે, રૂપુ હોય તો ગાળીને લીજે, માણેક મોતીના મૂલ કરી લીજે, મણી હોય પારખીને લીજે પણ મુરખ હોય તેને શું કીજે. ઝીણી પીછોડી ખામણુ ખાર; હું ગોરી વર કાળો કાગ. કાળો વરને મોળું દહીં; મુરખ વર કાંઈ બોલે નહિ. મારે બારણે બોરડી, તેનાં મીઠાં બોર; મારી સાસુ ઓટલે સુતી, લઈ ગયાછે ચોર. માચી માચી માચડો ને માચી સૌંહાગણુ પાયા; મારી સાસુ ધન પનોતી બે ઊંદરડા જાયા. મારી સાસુ રંગે રૂડી, પેહેરેરે સોનાની ચૂડી, બાહાર જાય તાં લોક વખાણે, ઘરના ગુણતો વહુજી જાણે. ઓરડામાં ઓરડો, માહે ભર્યો ધમાસો. મારી સાંસુ ઘરમાં લડે લોક જુવે તમાશો. ઓરડામાં ઓરડો, માંહે મૂકી તરવાર; મારી સાસુ જમવા બેઠી કઢીની વરવાડ."

યોગરાજે પૂછ્યું કે સલોકાં બધી નાતોમાં ભણેછે. વનરાજ કહે ના, શુદ્રજ્ઞાતિમાં ભણાય છે બ્રાહ્મણોમાં નથી ભણાતા. વાણીઆથી મોચી સુધી સર્વેમાં ભણેછે. યોગરાજ કહે એ રમુઝને માટે ભણતા હશે, પણ એમાં માઠું લાગે એવા વચન છે, તેની સારા માણુસે મના કરવી ઘટેછે. એમ બાપ દીકરો વાતો કરેછે, તેવામાં વરકન્યા પરણી રહ્યાં, તે વરવાળાં ગાવા લાગ્યાં કે 'વેહવાઈ અમારે આંગણે, નાચે કળાઅલ મોર; દુંદભી વાગે દરબારમાંરે થાય શરણાઇનો શોર. જમનાદાશરે સોની માહારાજના ને મગનભાઈ મંત્રીશ્વરજો. ઇચ્છારામ ચલાવે કારભાર રાજ દરબારમાં જો, હાથી ઝુલે દરબાર. કલ્યાણદાશનો બેટડો તે રૂપતણો ભંડાર. બત્રીશ લક્ષણ બહુ ગુણીરે, ચૌદ વિદ્યા ગુણ જાણ. ચંદ્ર સરખો નીશાએ શોભે, પ્રભાત સમેનો ભાણ. અશ્વ સાંચરો સોહામણો, દેખી વેહવાઇને લાગ્યો રંગ. બેટી આપી પોતાતણી, કલ્યાણદાશ થયા નિહાલ, કરજોડી કરે વિનતીરે, અમ ઉપર રાખજો વાહાલ. કીશોરદાશ તમને વિનવું, લાગો કલ્યાણદાશને પાયરે; કન્યાદાન વિધિએ કરી, જ્યાવર પરણી જાય. જડાવવહુ તમને વિનવું, આવી કરો અમારી અરજ; કન્યા પામ્યા કોડામણી, હવે નથી તમારી ગરજ, વર કન્યા સુખ ભોગવો; પ્રભુ કરજો કુશળ ક્ષેમ. અજર અમર જોડું રહે, તમે વેહવાણો રાખજો પ્રેમ." વરકન્યાને રથમાં બેસાડી વરઘોડો ચાલ્યો તેવારે કન્યાવાળા ગાવા લાગ્યાં કે—'માંડવે ફુદક અજવાળાંરે દીવડી ક્યાં ગઇરે. આવ્યો હુતો સારંગપોળનો ચોર તે લાખેણી લાડી લઈ ગયો.' ઈત્યાદી.

વરઘોડા પાછળ જતાં રાજા અને કુંવર જમણે હાથે બીજી પોળમાં વળ્યા. ત્યાં ભોરવના નોતરાં દેવાતાં હતાં. વનરાજ કહે ભાઈ એ સાંભળવા સારા માણુસે ન ઉભાં રહેવું. એ નિર્લજ નારીઓ આ વેળા વેહવાઇને, વેહવાઇના આડોશી પાડોશીને અને સગાંને જેટલી આવડશે એટલી જીભાળી ગાળો દેશે. યોગરાજ કહે તો સામાં ફળીઆમાં જઇએ. બંને ત્યાં ગયા, અહીંતો વેહવાણો ગોરણ લેવા આવ્યાં હતાં, તેથી બેહુ તરફથી ફટાણાનો વરસાદ વરસી રહ્યો હતો.

કાનમાં આંગળીઓ ખોસી ત્યાંથી ભૂપતી અને યુવરાજ ચાલી ગયા. યોગરાજ ક્રોધ કરી બોલ્યો કે આ બાયડીઓના નાક કાપવાં જોઇએ!! એવાં કુવચન ઓચરતાં જરાએ શરમ નથી લાગતી! એના ઢોલા ધણી, બાપ, કાકા, મામા ને ભાઇને પણ શું લાજ નહિ લાગતી હોય! આ બાયડી બાધડા સાંભળવા ઉભા છે તેમને ધીક્કાર છે! કેવું અનીતિનું કામ કરેછે! એવા દુષ્ટોને રાજ તરફ-થી સજા થવી જોઇએ." રાજા કહે ખરૂં કોહોછો બાઈ. હોળીમાં બાયડા નિર્લજ થાયછે, અને લગ્નમાં સ્ત્રીઓ બેશરમી બને છે. આ બાબતમાં પ્રજાને નીચું જોવાનું છે. આવા, ધિક્કારવા જોગ ચાલ પડવાનું કારણ અવિદ્યા છે. વિદ્યાનો પ્રસાર થશે તેમ મૂર્ખાઈ, અ-ને અવિવેક ઘટશે, લોકને ભાન આવશે, ને તેઓ સાર અસાર જોશે. સરકારના ભયથી થયલો સુધારો પોલો રહે, ને દેશમાં જુલમ-નો પોકાર ઉઠે. લોકની રીતિથી અને પ્રીતિથી રાજ ચલાવું એ વ-ધારે યોગ્ય છે, માટે લોકના વિચાર સુધારવાને પ્રયત્ન કરવો. સારા માણસે આવા અનીતિના રીવાજને ઉત્તેજન ન આપવું આપણે આ સ્ત્રીઓને પકડી કેદ કે દંડ કરી આ નઠારા ચાલ બંધ પાડ-વા, કે લોકના વિચાર સુધરેથી તેઓ પોતાની મેળે બંધ પાડે તેમ કરવું વધારે રૂડું તેનો વિચાર મંત્રી મંડળમાં કરીશું. પણ તાડે ચ-ડનારને ક્યાં સુધી ટેકો દઇશું. સ્ત્રીઓ એટલી અધમ થઈ ગઈછે, તેઓ પોતાની જાતને એટલી નીચી ગણેછે, કે સારા વિચારો તેમ-ના મનમાં આવી અવસ્થામાં આવી શકે કેમ! રસ્તામાં મના ક-રીશું તો ઘરમાં ગાશે. કન્યા અવતરે તે એ લોકને ગમતું નથી. કન્યા-ની મા પોતાને હલકી ગણેછે. આપણે પેલાં નાગરના લગ્નમાં દીઠું કે કન્યાની માની કુખે જુના વખતની સારી રીત પ્રમાણે વેહેવાણ આરતી ઉતારવા લાગી તેને માન ગણ્યાને ઠેકાણે બોલી કે એતો કન્યા જણ્યાને માટે ડામ દેવાય છે. ફટાણુ ગાવામાં ગેરઆબરૂ છે, એમાં નીચું જોવાનુંછે, એ અનીતિ છે, એવું એમના મનમાં સારી કેળવણીથી આવે ને સુધારો થાય તો બહુ સારૂ. સ્વમાન સમજશે ત્યારે એમની અવસ્થા સુધરશે." યોગરાજ કહે ફટાણા ગાય તે નીચ

વરણ એવી મારી ખાતરી થઈ. બ્રાહ્મણમાં, વાણીઆમાં, કે બીજી જે નાતોમાં ગવાય તે ગોલા, ઘાંચી, મોચી, ને કોળી જેવી. મારો અભિપ્રાય એ છે કે બધી નાતોમાં બધ પાડવાં."

એમ વાતો કરતા રાજા, અને કુંવર મહેલ ભણી જાયછે તેવામાં પુછડીઆ બ્રાહ્મણનો નાનો વરઘોડો મળ્યો. યોગરાજે પૂછ્યું બાપા એ પુછડીઆ કેમ કહેવાયછે? રાજા કહે• લગ્નની બાબતમાં એમની અક્કલ વાંદરા જેટલીછે. યોગરાજ હસીને કહે એ સમજાયું નહિ. વનરાજ કહે આ વરઘોડા જોડે હિંડો; નજરે દેખાડીને સમજણ પાડું. આ બાળવરનો બાપ ઘોડા આગળ સાજનમાં ચાલેછે તે ચોરનો ખાંધુ ને જૂઠી સાક્ષી પૂરનારછે. એ વરસની કેદની સજા ભોગવી તે ચાર માસપર છૂટયો ને છૂટતી વેળા ગધેડે બેસાડી એની ફેડફજેતી કરી હતી. યોગરાજ કહે તો એવાના ઘરના બાળક છોકરાને કન્યા કેમ દેછે? રાજા કહે એનું કુળ નાતમાં સૌથી ઉંચુંછે. કુંવર કહે કાળાં કર્મ કરે તોએ કુળ ઉંચું રહે? રાજા કહે સમજુ લોકમાં ના રહે પણ આ અણસમજુ લોકમાં રહેછે, તેથી એમની બુદ્ધિ માંકડા જેટલી છે એ સાબિત થાયછે. આ છોકરો પરણાવનાર એવો નિર્ધન છે કે પહેરવાને ફાટાં કે થીગડાંવાળાં લુગડાં ને ખાવાને સૂકા રોટલા ઉપરાંત બીજું મળતું નથી. એમ ગોષ્ટી કરતા વરઘોડા પાછળ હિંડેછે તેવામાં મોટી હવેલીને આંગણે બાંધેલો સુંદર માંડવો આવ્યો ત્યાં વરને ઘોડેથી ઉતાર્યો. તે પગે લંગડો ને આંખે કાંણો હતો. ખોડાતો ખોડાતો બાપનો હાથ ઝાલીને માહેરામાં ગયો, કન્યા રૂપાળી ને તેનાથી દોઢી મોટી હતી. વનરાજ કહે આપણો ઉપમંત્રી ઓઝા એ નાતનોછે, પણ તેનું કુળ નીચુંછે. તેણે આ કન્યાને માટે બહુ માગું કર્યું. કન્યાનો બાપ જરા શાહાણોછે તેને મરજી હતી. પણ સગાં વહાલાની તથા નાતના લોકની નિંદાથી ડર્યો. કન્યાની મા કહે ધન ઘેટને ઘેર હોય માટે ત્યાં દીકરી દેવાય શું? કન્યાની ફોઈ કહે ભાઈ તું નીચુ ઘેર છોડીને દઇશ તો હું કૂવે પડીશ. કુટુંબીઓએ કહાવ્યું કે એમ કુળને લાજ લગાડશો તો અમે કોઈ લગ્નમાં આવીશું નહિ, ને તમારૂં સ્નાન ક-

રીશું. બાપે બિચારે લાચાર થઈ આ રનને સામા પૈસા આપી કાલાવાલા કરી વહેવાર્ કર્યો, ને આ ડુટડા નંગને જમાઈ કર્યો. છોકરો ભણેલો કે ગુણવાનો નથી, કુળ ને કન્યેડાની મોકણ જોય!" યોગરાજ કહે કાયદો કરી એ અટકાવવું જોઇએ. આ જોઈ હું દલગીર થયો. ત્યાંથી નીકળી આ વિશે વાતો કરતા રાજા અને કુંવર મેહેલે પધાર્યા. બીજી કઈ કઈ નાતોમાં એ મૂર્ખાઈ છે તે વનરાજે ગણાવી.

યોગરાજનું મન કેળવવાને, તેનામાં સારા વિચાર આણવાને, અને તેના અનુભવી જ્ઞાનમાં વધારો કરવાને વનરાજે તેને પોતાની સાથે જાહેર અને ગુપ્ત બેહુ પ્રકારે આખી ગૂજરાતમાં ફેરવ્યો. જંગલ, પાહાડ, પરગણા, ગામ અને નગરોમાં ફરી દેશની સ્થિતિથી અને રાજકાજથી વાકેફ કર્યો. લોકના વિચાર, લોકની રીતભાત વગેરેથી યુવરાજને જાણીતો કર્યો, અને તેમના હવે પછી થનાર દેશપતિને પ્રજાને ઓળખાવ્યો. ત્યાર પછી તેને કેટલાક ડાહ્યા અને અનુભવી વિદ્વાન મંત્રીઓ, પંડિતો, અને પોતાના બાવનવીરની સંગાથે દેશાટન કરવા મોકલ્યો. દેશ દેશના રાજા ઉપર કાગળ લખી આપ્યા. પોતાના દેશમાં જે રાજકુંમારો આવતા તેમને વનરાજ બહુ માન આપતા, અને પરોણા ચાકરી કરતા, તેથી યોગરાજ જ્યાં ગયો ત્યાં મસ માન પામ્યો. પોતે જાતે ઘણો શાણો, ચતુર, વિદ્વાન, અને શૂરો હતો તેથી સર્વેના મન રંજન કરી વખણાયો. પ્રથમ એમની સ્વારી નર્મદા ઉતારી દક્ષિણ દેશમાં ગઈ. પંચ દ્રવિડ દેશો જોઈ સિંહલદ્વીપમાં ગયા. ત્યાંથી નાવમાં બેસી સ્યામ અને બ્રહ્મદેશમાં ગયા. બ્રહ્મપુત્ર નદીમાં સ્નાન કરી બંગાળા, બાહાર અને કનોજ થઈ કાશીએ આવ્યા. ભરતખંડની ઉત્તર અને મધ્ય ભાગના દેશોમાં ફરી પંજાબ અને કાશમીરમાં ગયા. ત્યાંથી પાછા ફરી સ્વદેશ પધાર્યા. જ્યાં જોગ મળતો ત્યાંથી પત્ર દ્વારાએ માત પિતાને ખેમકુશળના સમાચાર અને જે જોય તેનું વર્ણન લખી મોકલતો. તેનો છેલ્લો કાગળ શ્રીનગરથી આવ્યો હતો; ત્યારપછી કેટલાક વખત સુધી તેનું પત્ર આવ્યું નહિ. એથી સુંદરકેશી ઘણી ચિંતા ક-

રતી અને વખતે આંસુ પાડતી. વનરાજ તેને ધીરજ આપી કુંવર કયાં હશે તે આશરેથી કહેતો. કુમાર સહીસલામત પાછો આવી માને મળ્યો ત્યારે તેણીને ધાન્ય ભાવ્યું. કુંવરને કુશળ રાખવાની ઈશ્વર પ્રાર્થના રાજા રાણી નિત્ય કરતાં.

खंड ५ मो.

श्रीनगरनी राजकन्यानो मंदवाड. योगराजनुं लग्न.

યોગરાજ સ્વદેશ આવ્યા પછી એક દિવસ મહારાજ દરબાર ભરી બીરાજ્યા હતા તેવામાં શ્રીનગરથી રાજદૂત પત્ર લઇ આવ્યો. પત્રમાં લખ્યું હતું કે સ્વયંવરની કંકોત્રી લખ્યા પછી કુંવરી સગુણાદેવી એકાએક ઘણી માંદી થઈ ગઇ છે, તેથી સ્વયંવર હાલ બંધ રાખ્યો છે, ઈશ્વર કુંવરીને બચાવશે તો બીજીવાર કંકોત્રી મોકલવામાં આવશે. આ સમાચાર જાણતાં વારને યોગરાજ બહુ ઉદાસ થઈ ગયો. આ મોટી ઉદાસીનું કારણ એના પંડ વિના બીજા કોઇના જાણવામાં આવ્યું નહિ. તેનું મુખ શોકાતુર ને તેનું અંગ નિર્ગત થયું. પિતાની આજ્ઞા લેઈ તેણે દૂતને પૂછ્યું કે જો બાધ ન હોય તો કન્યાના મન્દવાડનો ઇતિહાસ કહો. દૂત કહે કુંવરી ભણી ગણી વીસ વરસની પરણુવા જોગ થયાથી અમારા વિજયસિંહ મહારાજે તેણીના લગન કરવા ધાર્યું. દીકરી એક હોવાથી રાણી તારામતીને પુત્રી માટે સ્વયંવરનો મંડપ રચાવવાની ઇચ્છા હતી. મહારાજને, તથા કુંવરીના ભાઇઓને પણ ઠાઠ માઠથી કન્યા પરણાવવાનો લ્હાવો લેવાની હોંસ હોવાથી ભરતખંડના સકળ દરબારોને કંકોત્રીઓ લખી, અને સ્વયમ્વરને માટે વિશાળ માંડવો બાંધવાની, પરોણા આવનાર રાજવંશીઓને માટે ઉતારા તૈયાર કરવાની, ધાન્ય, ચણા, ચાર, કડબ, વગેરેનાં સંગ્રહ કરવાની, નગર ધોળાવવાની, અને રાજમંદીરે રંગી શણુઆરવાની આજ્ઞા કરી, રાજકુટુંબનો કોડ પૂરો પાડવામાં પ્રધાનોએ મણા રાખી નહિ. પણ અપશોસ ! બધું ધૂળ મળી ગયા જેવું થયું. કુંવરીને એવો ભારે તાવ આવ્યો કે તેનાથી

ત્રણ દિવસ મૂળગું અન્ન ન ખવાયું. ચોથે દહાડે જરા આંખ ઉઘાડી જોયું ને સોપારી જેટલી ખીચડી ખાધી, સૌને એથી ધીરજ આવી; પણ એટલામાં તેને તાણુ આવી, ને દાંતની ખીલીઓ સપટ બેસી ગઈ. એક આખો દહાડો જડ લાકડાના જેવી પડી રહી. બીજે દીવસે ભાન આવ્યું, પણ ત્યારપછી વારેવારે એમ થયાં કરે છે, ને તાવ ખ્યાલ મૂકતો નથી. વિજયસિંહ મહારાજે ઘણાક વૈદનાં ઓસડ કર્યા પણ કાંઈ વળ્યું નહિ. પછી જાહેર નામુ કર્યું કે જે કુંવરીને આરામ કરી જીવાડશે તેને જમાઈ કરી અર્ધું રાજપાટ આપીશ, પણ જો તેનાથી કુમારી સાજી ન થાય તો તેનો શીરછેદ કરીશ. આ મોટા ઇનામની લાલચે કેટલાંક આદમી એક પછી એક પતંગીઆ થઇને પડ્યા, ને મારચા ગયા. અંતઃપુરમાં ગયા પછી ત્રણ દાહાડામાં કુમારીને કાંઈ સોવાણ ન જણાય કે વૈદને સુળીએ ચડાવે કે ગરદન મારે. સ્વયમ્વરનો સમય સમીપ આવ્યો પણ કુંવરીને કરાર થયો નહિ માટે દેશે દેશના દરબારોમાં ના કહેવડાવી. શ્રીનગરમાં હાલ સર્વેના જીવ ઊંચાછે."

દુતને પોતાને મંદીરે મેમાન રાખી યોગરાજે પિતાને કહ્યું કે હું શ્રીનગર ગયો તેવારે રાજા વિજયસિંહે મારી ઘણી બરદાસ્ત લીધી હતી, અને સગુણાદેવીએ પંડે બહુ માયા રાખી હતી, માટે આજ્ઞા દોતો હું તેને જોવા જાઊં. વળી એને જે રોગ થયો છે તેને મટાડવાની જડી બુટ્ટી મારે હાથ દેશાટનમાં લાગી છે તે અજમાવી જોઊં." વનરાજ કહે જોવા જવાની મારી હા છે, પણ આરામ ના થાય તો માથું જાય એ શરતે ઓસડ કરવાની મારી સાફ નાછે યોગરાજ કહે વિજયસિંહના જાહેરનામા પ્રમાણે હું જતો નથી, ને દવા કરવાનો નથી. પણ મિત્ર ભાવથી તેની ખુશી હશે તો એ બુટ્ટીનો પ્રયોગ કરીશ." વનરાજ કહે એથી કાંઈ નુકશાન થશે ત્યારે ? યોગરાજે ઉત્તર આપ્યો કે મેં મારી જાતપર એનો ઉપયોગ કર્યોછે તેથી જાણુંછું કે એથી નુકસાન તો થાયજ નહિ. વનરાજ કહે તો ઠીક.

દુતની સાથે યોગરાજ ગયા. પ્રથમ વિજયસિંહને મળી ધીરજ દીધી. પછી સગુણા સુતી હતી ત્યાં તારામતીની જોડે ગયા. એ વે-

આ રાજપુત્રી નિદ્રામાં હતી. તેને ન જગાડતાં ગૂર્જર યુવરાજ પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો. બે ઘડીએ કન્યા જાગી ત્યાંસુધી મન સ્થિર રાખી તેને માટે ઇશ્વરકરૂણા યોગરાજે માગી. કુંવરી આંખ ઉઘાડી જોતાં યોગરાજને દેખી સાનન્દાશ્ચર્ય પામી, ને તેને અંગે પાણીનાં ઝરણ ફૂટયાં. યોગરાજને તેણીએ પૂછ્યું કે તમે ક્યારે આવ્યા ? ગૂર્જર રાજપુત્ર કહે આજે આવ્યો, કુંવરી કહે તમે કોણ જાણે ક્યાં હતા તેટલામાં મને પૂછ્યાવિના મારા માબાપે— તેટલું બોલી અટકીને થોડીવારે કહ્યું, મારા જીવને અકળામણ થઈને મને લાગ્યું કે હું મારો પ્રાણ કાઢું, પણ તેવામાં આ મંદવાડ આવ્યો. યોગરાજ કહે તમારા વ્યાધિની માત્રા મારી કને છે તેથી નક્કી તમે સાજાં થશો. સગુણા કહે "તો બહુ સારૂં."

યોગરાજે રાણીને એકાંત લઈ જઈ વિનયપૂર્વક કહ્યું કે "હું તમારે ઘેર પરોણો હતો ત્યારે કુંવરીએ મારાપર બહુ હેત કર્યું હતું. સ્વદેશ જઈ મારા પિતાને કહી માગું મોકલવા મેં ધાર્યું હતું. મારાથી બન્યું ત્યાં સૂધી ખેપીયા જોડે હું એનીપર પત્ર મોકલતો, પણ સીંધમાં ગયા પછી તેમ થઈ શક્યું નહિ, તેથી તમારી કન્યાનું હૃદય ચિંતામાં હતું, તેવામાં એને પૂછ્યાવિના સ્વયમ્વરની તૈયારી કરી તેથી કુમારીના હૈયાને એવો ભારે ધોકો લાગ્યો કે કોઈ ઓસડથી તે મટે નહિ, પણ મને આશાછે કે રોગનું મૂળ હાથ લાગ્યાથી ઇશ્વર કૃપાએ હવે આરામ થશે." તારામતી ચેતી ગઈ, અને પોતાના ભરથારને જાણ કર્યું. કુંવારી મોતથી ઉગરે ને આવો રૂડો જમાઈ મળે એ જાણી રાજા સંતોષ પામ્યો.

પોતાની સાથે મુસાફરીમાં જે હોશીયાર વૈદ્ય હતો તેને યોગરાજ જોડે લાવ્યો હતો. તેના ઓસડથી, અને યોગરાજ પાસે હોવાથી સગુણા બે મહીને પૂરી સાજી થઈ. વિજયસિંહે કુંવરીની ઇચ્છાથી તેનો વિવાહ યોગરાજ વેરે કર્યો. લગ્નને માટે ભવ્ય મંડપ રચાવ્યો ને સગાં વહાલાં તથા મિત્ર રાજારાણાને નોતર્યા. મોટી શોભા થઈ, અને શ્રીનગરના રાજકુટુંબનો કોડ પૂરો પડ્યો. સગુણાદેવીની સગાઈ યોગરાજ વેરે થઈ ત્યારે ઘણા રાજ દાઝે બળ્યા. કલ્યાણીનો રાજ-

કુંવર એ વેળા ત્યાં હતો તે અપશબ્દો બોલ્યો, "ખાડ પાડનાર લુટારાનો, બારવટીઆનો દીકરો આ દિવ્ય કન્યાને શું ગમ્યો હશે." એ કુવચનને સાંભળતાં વારને યોગરાજે તરવાર ખેંચી યુદ્ધ માગ્યું. રિપુ કહે "તરવારથી નહિ, ગદાથી વઢીએ આવ." તરવાર નાંખી દઈ ગદા ઝાલી યોગરાજ સામો ગયો. સગુણાએ રૂદન કરવા માંડ્યું એક ઘડી દ્વંદ્વયુદ્ધ ચાલ્યું. શૂરા યોગરાજે શત્રુના માથાનાં ફાડચાં કરી તેને જમપુરીએ વિદાય કર્યો. એ વેળા રાજમંડળમાં હાહાકોર થયો.

જાન લઈ લગ્ન કરવા આવવાને વિજયસિંહે પોતાને હાથે કંકોતરી લખી આપી પ્રધાનને અણહીલપુર વનરાજને તેડવા મોકલ્યો. દરબારમાં અને ગુજરાતમાં આ શુભ સમાચાર પ્રસરવાથી આનંદ ઓચ્છવ ઘેરે ઘેર થયા. વનરાજે મંડળેશ્વરોને, શેઠ શાહુકારોને, અને રાજા રજવાડાને કંકોતરીઓ મોકલી તેડાવ્યા, અને લગ્ન કરવા જવાની મોટા ઉમંગે તૈયારી કરી. સુંદરકેશી અને તેની સખીઓ, ચાવડા કુટુંબની નારીઓ, શેઠાણી, મંત્રીઓની, ને મોટા પુરીજનોની સ્ત્રીઓ, મંડળીક રાજાઓની રાણીઓ અને મોટાં દરબારી લુગડાં ઘરેણાં પેહેરી તૈયાર થયાં આબુથી મોસાળું આવ્યું તેના શા વખાણ કરીએ! અણહીલવાડથી વરઘોડો ચડ્યો તેની શોભા કહી ન જાય તેવી હતી. સુંદરકેશીને માથે રત્નજડિત મોડ, ને હાથમાં લામણદીવો (નામણ-દીવો), સાથે નારીઓ ગીત ગાય—દુંદભી વાગ્યાં રાયનારે, ઢમક્યા ઢોલ નીશાન; પચ શબ્દ સોહામણા જાુગ જનાવા મળી રાયની જાન, સોહે વર રાજીઓ. તેલ કંચોળાને આમળારે, ઉષ્ણોદક અતિસાર; મરદન કરે સૌ માનનિ, જીરે નાહ્યા શ્રી યોગરાજ, સોહે વર રાજીઓ. સુવર્ણ કુંડી જળે ભરી, રૂપા માચી સાથ; પાગે પાવડાં શોભતાં, જીરે બેસણું માંડી પાટ, સોહે વર રાજીઓ. યોગરાજને જોઈએ ઘોડલીરે, આયુદ્ધ તણો નહિ પાર; કેડે કટારી શોભતી, એનું ચિત્ત તે રાજ મોઝાર, સોહે. નાહી ધોઈ વર ઉઠીઆરે, અંગુછે લોહ્યાં અંગ; લીધા પીતામ્બર પેરણે, મુગટે જડ્યાંછે અમૂલ્ય નંગ, સોહે. માથે પાઘ શોભતી, કલગી તોરા સાર; મણીમાળા તે પેહેરી શોભતી, વીંટીમાં ઝળકે લાલ, સો. ॥ અક્ષત કર શ્રીફળ ગ્રહી, માતાએ ભરી

શેસ; પ્રભુને પીંડી ઓવારણું, વીરમતી બેન કહે ભાવણુ લેશ. સો. વરઘોડો વડા ચૌટામાં થઈ હળવે હળવે હિંડયો. માર્ગમાં ભીડ એટલી થઈ કે જે જ્યાં ઊભો તે ત્યાંથી ખશી શકે નહિ, ને નબળા પોચાને ભચરડાઈ જવાનો ડર લાગ્યો. ગુર્જરેશ્વર મહારાજની જે યુવરાજની જે એમ હર્ષથી પ્રજા પોકારે; છજા જાળીને બારીએ સુંદર વસ્ત્રાલંકાર પહેરી જોવા ઉભેલીઓ નારીઓ વરરાજા ઉપર પુષ્પની વૃષ્ટિ કરે. એમ નગર બાહાર પેહેલે મુકામે સ્વારી આવી. અહીં કુચ કરવાની લશ્કરી ગોઠવણ કરી. જે સ્વતંત્ર રાજ્યોમાં થઇને જવાનું હતું તેમના અધિપતિ જોડે પ્રથમથી બંદોબસ્ત પ્રધાનોએ કર્યો હતો. જેની હદપર વનરાજની સ્વારી આવે તે રાજા સામો તેડવા આવે ને પોતાને મુકામે જમવા તેડી જાય. બીજે દિવસે તે વનરાજને ઉતારે જમવા આવે.

શ્રીનગરનું પાદર આવ્યું ત્યારે ફરી વરઘોડાની રચના કરી. પાટણમાં જે ક્રમ રાખ્યો હતો તેજ રાખ્યો. રસ્તામાં નારીઓનું ગાવું અને વાદિત્રનો નાદ મિશ્ર થાય. જાદરાણીઓ ગાવા લાગીઓ કે— કુંવર પાવડે પગ દઈ ચડીઆ; તારાં વાહાલાં તે હરખે ભરીઆં; તારા વેરીને ધાસકા પડીઆ. કુંવર દહીંનાં ગોરસ મીઠાં; તારાં વાહાલાંએ અચરજ દીઠાં. કુંવર દહીંનાં ગોરસ ખાટાં; તારા વેરીનાં હૈયાં ફાટયાં. કુંવર દહીંનાં ગોરસ ગળ્યાં, તારાં વાહાલાં તે ટોળે મળ્યાં. કુંવર દહીંનાં ગોરસ ઢળીઆં; તારાં વેરીનાં હૈયાં દળીઆં. કુંવર ગાલેરે વળગ્યાં ગલાલજો;. જોવા મળીઆ ડોસી દલાલજો. કુંવર વેરી થયા તારાં કાણા જો; જોવાં મળ્યા રાય ને રાણા જો." "શેરી શેરીએ વાજાં વાગેછે; શેરી શેરીએ ઘુઘર વાગેછે; કોઈ રાય ગૂર્જર આવેછે. કોઇ મોટો. છત્રપતિ આવે છે; અણહીલપુરનો રાજીઓ આવે છે. કોઇ જાણ કરો પીછાન કરો. રાજા વિજયસિંહ વેહવાઇને જાણ કરો. વેહવાઇની નગરીછે રુગાળીરે: એની રાણી દીસેછે કાળીરે. વેહવણ ઉતરજે તુંતો હેઠીરે; તેંતો કાંઉ જણીછે બેટીરે; દસ ડગલાં ભરીને આવોરે; વર માડીને પાગે લાગોરે. વેહવાણના ઘર પછવાડે વાડોરે; તારે દીકરી જણ્યાનો દહાડોરે. તુંતો દીકરી જણી થાકીરે; વરમાડીને

પાગે લાગીરે; આંબા કેરી પેરે પાકીરે. વેહવાણુ લેજે તું સુખડલું; તારા બાવનું તે ભાગ્યું દુખડલું. વેહવાણુ લેજેરે તું કુંકાવટી; અમારી સંગે આવ્યાછે નાણાવટી. વેવાણુ લેજેરે લાડુ સારા, તારે બારણે આવ્યાછે રાજારાણા. વેહવાઈ સામા આવો આજરે, તમારે બારણે આવ્યાછે શ્રીમહારાજરે." "તોરણે ત્રાટની ત્રાંટલી, માંડવે આવડો શો સોર; કન્યાએ બાપ જગાડીઓ, નગરીમાં આવડો શો સોર. કેહેરે આવ્યો ક્યાંનો રાજીઓ, કેહેરે આવ્યા ક્યાંના મહારાજ. હાંરે આવ્યો ગૂર્જર દેસનો રાજીઓ; આવ્યા અણહીલપુરના મહારાજ. કુંવર આવ્યો વનરાજ તણો તે અવસરે આવડો શો સોર. જાયો આવ્યો સુંદરકેશી તણો તે અવસરે આવડો શો સોર. કાલો આવ્યો શ્રીદેવી તણો તે અવસરે આવડો શો સોર. વાહાલો આવ્યો ચંદ્રમુખી તણો તે અવસરે આવડો શો સોર. વીરો આવ્યો વીરમતી બેન તણો તે અવસરે આવડો શો સોર."

વરઘોડો રાજમંદીરે આવ્યો ત્યારે યોગરાજ ઘોડેથી ઉતરી તોરણે સાસુ પોંખવા ઉભાં હતાં તેની ભણી ચાલ્યા. તેને જમણે હાથે વનરાજ અને ડાબે પડખે વૃદ્ધ જયમલદેવ ને પુઠે સુંદરકેશી, ચંદ્રમુખી, શ્રીદેવી વગેરે સ્ત્રીઓ, ને આસપાસ સુભટો હતા. હવે જે થયું તે સ્ત્રીઓએ ગીતમાં ગાયું.—"માહા વર તોરણે આવ્યારે, યોગરાજ તોરણે આવ્યારે. સાલ સલુકા બોલાવ્યારે. છાંટેછે કન્યાનો બાપરે; પોંખવાની કરોરે સજાઈરે. પોખણુ તારામતીને હાથેરે; સૌભાગ્યવતી લોને શણગારરે; જુસલ મુસળને રવાઈરે; તારામતી પોંખે જમાઈરે. સરીઓ સંપુટ ને ત્રાકરે; તાણજે મારા શૂરવીરનું નાકરે. રખે મારૂં મોતી ઝાંખું થાયરે, જોજે મારા મણીનું આપ ન જાયરે. પોંખીને નાંખીછે પીંડીરે; તારામતી હરખે હરખે હિંડીરે. ગૂળે ઘાટ ઘાલીને તાણ્યારે, મંડપ માહેરામાં આણ્યારે. માહેરામાં શ્રી મહાદેવરે, કન્યા આણીઆં તત્ખેવરે. ઘડીઆળે બેઠાછે જોશીરે, સાવધાન બોલે છે વમાશીરે. જોશી ભણે સાવધાનરે, વિજયસિંહ દેછે કન્યાદાન."

"મોહન સરખું તે માહેરડુંરે, બેઠુંછે સકળ સાસરડુંરે. વર દેખીને હરખ્યા સૌ; ત્યાં બેઠાં છે વરને વહુ. વરવહુ સરખે ને સરખી

જોડરે; નહિ કોઇને અંગે ખોડરે. વાળી પાનતણી કરબીડી, બેહુ અ-બળા અન્યોઅન્ય કર બીડી. બાઈ તુંને પુણ્યવતિ મેં જાણીરે; પૂર્ણ પુણ્યથકી વર પામીરે. સાસુ સુંદરકેશી તું પામીરે, નણંદ તે વીરમતી બેનરે. કંથ તે પદમની કેરા પુત્રરે, તેનુંછે અતિ અનુપમ રૂપરે. સુંદરી તું ભેદ દુખ વેદના વામીરે; મળ્યા તને ગુજરાતના ઠિલાયત સ્વામીરે. બાઈ તારો સફળ થયો અવતારરે; ઝાલ્યો યોગરાજે જમણો હાથરે. બાઈ તારો બોહોળો છે પરીવારરે; જુગમાં જીત્યા તે યોગરાજરે. કાંકણ ખડકે ને ચૂડી ચળકે; યોગરાજને જોઈ જોઈ હઈડાં હરખેરે. વર કાળો ને કન્યા ગોરીરે, હવે એના વદન લુહો ચોળારે. હવે એને વદને તે કાંચળી લોવાયરે; ત્યારે મારી નવી વહુને વસંપાયરે; ત્યારે એના નાથડીઆ લક્ષણ જાયરે. વર ગોરોને કન્યા કાળીરે; યોગરાજે હસી હસી દીધી તાળીરે."

વરવહુ મંગળ ફેરા ફરવા ઉઠયાં તેવારે સ્ત્રીઓએ ગાયું કે—"પહેલુંને મંગળ વરતિયુંરે, હજુએછે બાળ કુંવારી તો સજ્જન સાહેલડીરે. બીજું તે મંગળ વરતિયુંરે, હજુએછે બાપની બેટી તો સજ્જન સાહેલડીરે. આંગણુંને મંગળ વરતિયુંરે, હજુએછે માડીનું પેટરે, સજ્જ. ॥ ચોથું મંગળ વરતિયુંરે, આવી અમારે ગોત્રતો સજ્જ. ॥ કમ કમ કળશડા ચાર, તો સુવર્ણ માટલીરે; કાથા ચંદન કેરી કુડલીરે, તો વેદમંત્ર રચ્યો કંસાર; આરોગો વર કામનીરે. રામ જમાડે સીતાનેરે, સીતા જમાડે રામ, સજ્જ. ॥ યોગરાજ જમાડે નવી વહુને નવી વહુ જમાડે યોગરાજ, કંસાર નહિ જમેરે. તેડો એના વનરાજ બાપને તો વાહીને પ્રીછવેરે. બાપના વાળ્યા તો નહિ જમેરે, તેડો એના વિજયસિંહ સસરા તો આપી રીઝવેરે. યોગરાજ માગેછે સુવર્ણ કવચ ને ટોપરે. જો સંપત હોયતો આપજો, બેહુને જમાડીએરે. નવી વહુ કંસાર નહિ જમેરે, તેડો એનાં તારામતી માતને તો વાહીને પ્રીછવેરે. માડીનાં વાળ્યાં નહિ જમે, તેડો એનાં સુંદરકેશી સાસુ, તો આપીને રીઝવે. નવી વહુ માગેછે સોળ શણગાર, જો સંપત હોય તો આપી બેહુને જમાડોરે. અન્યો અન્યે જમાડતાંરે, કરતાં હાસ્ય વિનોદરે. આજો સેવંતી ઝારી તો આચમન કરાવીએરે;"

ભરાવો ગંગાજળ નીરતો મઝણુ દેવડાવીએરે. આણો વડાગરનાં પાનનો રંગ મેળવીએરે. આણોરે બાજી સોગઠાં, રામપરવાળીના પાસા તો બેઉને રમાડીયેરે. કોણ હાર્યું; કોણ જીતીયુંરે; નવા વહુ હાર્યા ને યોગરાજ જીતીયા. હાર્યા વેહેવાઈ અમે જીતીઆં; જીત્યા ઘોડા ને જીત્યા હાથી; જીત્યા સજોતર્યા રથ તો બેઉને બેસાડીએરે, ખેડોરે ઉતારાની વાટ તો ચાંદલો બાંધીએરે".

"પહોર ઉગ્યોને કુકડ વાસ્યો, તપ્યોરે બરાડીને સુરરે; મોકલો વેહેવાઈ તમ દીકરી, થાય જાનને અસુરરે. હવે હતું. હવે હતું, હોઈ રહ્યું, પડી તે પાનેતરે ગાંઠરે. હાથએ તંબોળ છાંટરે ઝબકીને વાહણું વાયું ને ચોપાસે થયું અજવાળુંરે. મોકલો વેહવાઈ વિદાય કરો, જોડાને થાયછે અસુરરે. પાછલી રાતનો અરૂણ ઉદે, પૂર્વ પ્રગટર્યાં છે સુરરે; મોકલો વેહવાઇ વિદાય કરો સાજનાને થાયછે અસુરરે. મીઠું મોહું માળવે, જીરૂ તે દક્ષિણ દેશ, દોહીત્ર મોઘા જયમળદેવતણા પસર્યા પનોતીના પેટરે. આજ યોગરાજ પરણીઆ ને વાધ્યો જયશિખરનો વંશરે; રઘુભાઇ જેઠોમેન બેસે પાલખી, જસવતસિંહ બેસે ઘોડે સ્વારરે; ચંદ્રસિંહ સૂનાનાં સાંકળાં, વનરાજ ભરે ભંડારરે. યોગરાજ મોતીના ઝુમખાં, નવી વહુ નવસેરો હાર; વીરસિંહ હરિસિંહ બે ઓડીઆ, જોડે બણેને કરે વિહારરે. ડોશીએ સાંચ્યાં કાપડાં; ગાંધીએ સાંચ્યાં સીંદુરરે; વડીઆઈ ચંદ્રમુખીએ સાંચ્યા યોગરાજ; જેમ ડાબડીએ કપુરરે. ચાંપલાને પડ સુતાં, ને ફુલ ઓસીસે હાથરે; સુખે સુવો માતા સુંદરકેશી, સર્યાછે આપણાં કાજરે. એક સર્યા ને બીજા આદર્યા, અણુચેત્યા થયા પ્રમાણરે. યોગરાજ હવે પરણીઆ, થયું સકળ સંસારમાં જાણરે. રાય સુંનયાં વટાવીને રાયશું માંડીછે પ્રીતરે, વિજયસિંહ તમારે માંડવે ભલીરે અપાઇછે રીતરે. ફાકરી બાંધીને બેઠાં, ને પલવટ વાળીને ઉઠયાંરે, શેરડી ગાઇને બેઠાં ને ચાંદલો ગાઇને ઉઠયાંરે, શું રે વખાણું શૂરવીરને ગુણું વિદ્યા તણો નહિપારરે; શશીવદન મુખ ઝળહળે; તેજ તણો નહિ પારરે. દેરાસરે મૂક્યોછે દીવો ને પાણીઆરે મૂકીછે કસલીરે; એરે કોડીલા વિજયસિંહ વેહવાઇએ સુનૈયે ભરાવી પસલીરે. ઓરડીએ સોનાનાં સાંકળાં;

કમુસલે મોતીનું બાજુરે; આજ યોગરાજ પરણીયા, કુળમાં થયું અજવાળુંરે."

"ડાબડે કુંકા તું ઘોળ ઘોળરે વહુવર તને આછી પીયળ કઢાવું; તારા બાપના ઘર તું મૂક મૂકરે, મારા વનરાજના મેહેલ દેખાડું. તારી માડીની સોડ તું મૂક મૂકરે, મારી સુંદરકેશીની સોડ દેખાડું. તારી દાદીના તરકા મૂક મૂકરે, મારી ચંદ્રમુખીનાં વાહલ દેખાડું. તારી ફોઇના ઝોંસાં તું મૂક મૂકરે, તને મારી શ્રીદેવીનાં હિત દેખાડું."

હવે વહુવરને હાથી ઉપર બેસાડી લઈ જવાને ઉઠયા, એટલે વરવાળી સ્ત્રીઓ ગાવા લાગી--"અમને દસ્રખ ચારોળીના મેવારે; અમે આવ્યાંતે વહુવર લેવારે. અમે આવ્યાં તે માડી ને માસીરે; તમે રહેશો મોહો વકાશીરે. અમે આવ્યાં તે કાકીને બેનરે; તમે રહેશો તે એમના એમરે. અમે આવ્યાં તે ભામી ને ફોઇરે; તમે રહેશો તે ટગમગ જોઇરે. ગુર્જરરાણી વહુ લઈ ઘેર જાશેરે; એની માડીનાં મોહો વીલાં થાશેરે. અમે આવ્યાંછીએ શુકન જોઇનેરે; તમે રહેશો તે હવે રોઇનેરે." આ ઊઠતી વેળાનું નિર્દય ગીત ગાયું તેવારે કન્યાની મા, ફોઈ, વગેરે રડ્યાં. વનરાજે એ ગાવાની મના કરી પણ ઉલ્લાસમાં આવેલી નારીઓએ માન્યું નહિ. વહુવર હાથીએ ચડ્યાં ને વરઘોડો પાછો વળ્યો. સુંદરકેશી વગેરે પાછળ રથમાં બેઠાં.

ચકલા સુધી કન્યાવાળાં ગાતાં ગાતાં વળાવા આવ્યાં—"માંડવે ફટક અજવાળાં કે દેવી કયાં ગઇરે. આવ્યો હુતો ગૂજરાતનો ચોર તે લાખેણી લાડી લઈ ગયો. માંડવે. આવ્યો હુતો અણહીલવાડનો લુટારો તે લાખેણી લાડી હરી ગયો." વરવાળાં ગાવા લાગ્યાં—"ચાંદોરે પડદઈ ઉગીઓ; ઉગીઓ માઝમ રાત. ચાંદેરે કર્યું અજવાળું ઓરડે ને પરસાળ. યોગરાજે કુળ અજવાળીયું, પિતાનું ને મોસાળરે; મેં તુને ચાંદલા વારિયો, અણહીલપુરમાં ન ઉગીશ; અણહીલપુરમાં યોગરાજ ચાંદલો કુંએ કુશળ હોયરે. મેં તુને માલણ ના કહી, એણીવાટે ડમરોના રોપ; એણીવાટે વહુવર આવશે, પાછે રોળતાં જાશે." "તીણીરે તીણીરે તીણુલી, તીણીરે બરોણુની આરરે; ઓશીશું શત્રુને હૈયેરે, નહિ બોલે બીજી વાર. એરે પાટણને ચોટે બંરડક.

ભરડીયો છે બાતરે; આજે યોગરાજ પરણીયા વેરીની કેમ જશે રાતરે. લોક કહે વનરાજને દેવ તુઠયારે, એતો દીકરો પરણાવીને છુટયારે. લોક કહે વિજયસિંહ સાચારે, એતો દીકરી પરણાવીને રાચ્યા રે."

ત્રણ દિવસ જાન રાખી ચોથે દિને વળાવી. અણહીલપુરમાં વરઘોડો આવ્યો ને રાજમંદિરે ગયો. સુંદરકેશીએ મહેલને ઉમરે વહુવરને પોંખ્યાં. એં વેળા સખીઓએ ગાયું કે—"ધન ધન દહાડો આજનો, કાંઈ સુનાના સુરજ ઉગ્યારે. ધન ધન દહાડો આજનો, કાંઈ મોતીએ મેવલા વરસ્યારે. ધન ધન દહાડો આજનો, ઓવાઈના યોગરાજ પરણ્યારે. ધન. લાખેણી નવી વહુ લાવ્યારે, ધન. મહારાજનો કુમાર પરણ્યોરે, ધન.' "વહુ આવી, વહુ બારણે આવી. મારૂંને તારૂં કરતી આવી. વહુઆવી વહુ બારણે આવી, છૈયાને છંછેડતી આવી; ભૈયાને ભંભેરતી આવી. વહુ આવી વહુના હાથમાં ઝારી; ઓણુ આવી પોર પુત્રની માડી." "આ પુંછલડું ક્યાં વળગ્યુંરે મારા કુંવર કોડીલા. એરે પુંછલડાને ચાક જોઇશે, ચમરી જોઇશે, મોરલે હીરના દોરારે, મારા કુંવર કોડીલા. દેશાટણ કરતાં વીજયસિંહ મળીઆ, તેણે પુંછલડું વળગાડયુંરે, મારા કુંવર કોડીલા. શ્રીનગરમાં ફરતાં તારામતી મળીઆં, તેણે પુંછલડું વળગાડયુંરે, મારા કુંવર કોડીલા. યોગરાજ કોડીલા લાડ લડાવશે, સુખડાં દેશેરે, જે માગશેતે લેશેરે, મારા કુંવર કોડીલા,"

સાજન સર્વે વનરાજ પાસે દરબારમાં બેઠું. વાજાં વાગ્યાં અને જેજેકાર થયો. મંત્રીરાજે સર્વેને નાળિએર આપી વિદાય કર્યું. પાટણમાં એ દિવસે સૌએ ઓચ્છવ કર્યો ને રાત્રે રોશની સળગાવી. મહારાજે નગર જમાડયું; માંગણોને દાન આપ્યાં, ને સરદારોને સરપાવ દીધા. રાજાને ચાંલ્લો એટલો આવ્યો કે બધો ખરચ તેમાંથી નીકળ્યો. ગરીબ લોકનો ચાંલ્લો મહારાજે ના લીધો. નાણાને બદલે યોગરાજના હાથમાં ફૂલ મૂકવાનું ફરમાવ્યું ને કહ્યું કે હું અને પાટલી કુંવર તમારા ધનના ભૂખ્યા નથી, પણ તમારા પ્રેમના તરસ્યા છીએ. તમે રાજી રહો, સત્ય પાળો, ને ન્યાયથી વર્તો એટલે

અને સંતોષ પામીશું. આ દેવતાઈ વચનથી પ્રજા બહુ પ્રસન્ન થઈ.

ખંડ ૬ ઠો.

વનરાજની વૃદ્ધાવસ્થા અને મુક્તિ. ગ્રંથાવલોકન.

બાલ્યાવસ્થામાં અને જુવાનીમાં જેમ વનરાજે દુઃખ ખમ્યાં અને શ્રમ વેઠ્યો, તેમ યોગરાજ સપુત્ર નીકળ્યાથી વૃદ્ધાવસ્થામાં તે સુખ અને નિરાંતે પામ્યો. શ્રીનગરમાં કલ્યાણીના રાજકુંવરનું મૃત્યુ યોગરાજને હાથે થયું તેનું વેર લેવાને કલ્યાણીની ફાજ આવી, પણ તેને યોગરાજે હરાવી પાછી નસાડી. નાસતા શત્રુની પાછળ પડી સેનાને વીખેરી નાખી; તેનો દેશ વેરાન કરી વિગ્રહનો ખરચ લેઇ તથા વિજયપત્ર લખાવી પાછો સ્વદેશ આવ્યો. પુત્રના આ પરાક્રમથી મહારાજને ઘણી તાઢેક વળી. વયમાં જેમ ઉમેરો થતો ગયો તેમ રાજકાજનો ભાર યોગરાજને શિર વધાર્યો. યોગરાજે કામ સંભાળી લીધું. સત્ય, ન્યાય, દયા, પરાક્રમ, ચતુરાઈ, શૂરઆદિ ગુણોથી તેણે પ્રજાની પ્રીતિ સંપાદન કરી, તથા સુકીર્તિ વધારી. રાજ્યમાં વધારો અને સુધારો કરી ગુર્જરી પ્રજાને સુખી કરી. વનરાજને એથી અતિશે સંતોષ થયો. ઘડપણે મહારાજને એટલા સપડાવ્યા કે હવે રાજધર્મ બજાવવાની તેનામાં શક્તિ રહી નહિ. દાંત પડી ગયાથી ડાચાં બેસી ગયાં, શુદ્ધ ઉચ્ચાર થાય નહિ, આંખ ગળે, નાકમાંથી પાણી ટપકે, ને હોઠેથી લાળ વહે. ઢીલી થઈ ગયલી ચામડી ઝુલા ખાવા લાગી. જે બાહુએ ભારે ગદા, ભાલા ને બાણ ફેકતાં જતાં તેને હવે લાકડી ઉપાડવી કઠણ પડતી. થોડાં વરસ તો લાકડી ટેકી ચલાયું પણ પછી તેમ ન બની શક્યું. જે પગે પાછળ દોડતા પવનવેગી સવારોને થકવ્યા કે ભૂલા પાડ્યા હતા તેનાથી હવે એક ડગલું પણ ભરાતું નહિ. ધોળા થયલા વાળ પણ ખરી પડ્યા ને માથે લાલ પડી. સગુણદેવીને કુંવર સાંપડ્યો તેને દાદાજીએ ખોળે લેઈને તેનું નામ ક્ષેમરાજ પાડ્યું. યોગરાજે ગ્રંથ રચવા માંડ્યો તે પૂરો

થયલો જોવાની ઇચ્છા રાજાને હતી, પણ તે પાર પડી નહિ. અણ-હીલપતન વસાવ્યા પછી ૬૦ વરસ રાજ કરી સંવત ૮૬૨ (સને ૮૦૬) માં ૧૧૦ વરસની ઊમરે વનરાજનો પવિત્ર આત્મા મુક્તિ પામ્યો. સમજણા થયા ત્યારથી તે અંત સધી એમણે મહેશ્વરની દૃઢ શ્રદ્ધાએ ભક્તિ કરીને સદાચરણ પાળ્યાં. અંતકાળે બોલવાની શક્તિ રહી ત્યાંસુધી તેણે વિશ્વેશ્વરની પ્રાર્થના કરી–"હે વિશ્વનાથ! દેવાધિદેવ! મહાદેવ! જગતના ધણી! હું સંતોષથી તારે શરણે આવું છું, હે દીન દયાળ કરૂણાસાગર પરમેશ્વર! કલ્યાણકારી સદાશિવ! મારા અ-પરાધ ક્ષમા કર!" એમ બોલતો તેનો પુણ્યાત્મા શ્રી મહાભગવાન પરબ્રહ્મ પરમાત્માને શરણે અક્ષય ધામમાં ગયો.

ગ્રંથાવલોકન.

એ. કે. ફાર્બસ સાહેબે મનોરંજક રાસમાળા રચી પ્રસિદ્ધ કરી ત્યાર પહેલાં ગુર્જર રાજ્યનો ઈતિહાસ વાંચવામાં આવતો નહિ. સા-મળે બત્રીસ પુતળી વગેરેની વાતો ગૂજરાતી ભાષામાં કરી તેથી મા-ળવાના વિક્રમ અને ભોજનાં નામ ગૂજરાતમાં પ્રખ્યાત થયાં. રા-માયણ અને ભારતમાં વર્ણવેલા યુદ્ધાદિકનો સાર પ્રેમાનંદાદિ કવિ-ઓએ ગુજરાતીમાં આણ્યો. ઇંગ્રેજી ગ્રંથોપરથી બનાવેલા દિલ્હીના અને અમદાવાદના મુસલમાન પાદશાહોના ઈતિહાસ આ દેશના છોકરા સરકારી નિશાળમાં ભણ્યા. ગોવલકોન્દા, અહમદનગર, વિ-જનપરઆદિ દ્રવિડ દેશોનાં રાજ્યોનો હેવાલ જાણ્યો; કનોજ, લાહોર, વગેરે શહેરોના રજપુત રાજાનાં નામ ગોખ્યાં, પણ અણહીલપટ્ટનનું તો નામે સાંભળ્યું નહતું. શીવાજી, હૈદર, ને રણજીતસિંહનાં પરાક્-મના ઈતિહાસ શીખ્યા, પણ આપણા વનરાજ, મૂળરાજ, સિદ્ધરા-જઆદિ પ્રતાપી ગુર્જર રાજાનાં કોઇ પ્રાકૃત પુસ્તકમાં નામે ન જોયાં. કેવી નવાઇ! એશિઆ, આફ્રિકા, અને યૂરોપનાં પ્રાચીન અને અર્વાચીન રાજ્યોના ઈતિહાસ ગુજરાતના નિશાળીઆ ભણે, પણ પોતાના દેશના સ્વદેશી આર્ય રાજાની તેમને કશી ખબર પડે નહિ. આપણા કવિઓએ આપણા ગુર્જર રાજાને વિસારી દીધા. કોઈ

કવિએ તેમની શોધ કરી નહિ. પુષ્પસેન, ચપ્પાવતિ વગેરે કલ્પિત રાજા અને નગરોની કહાણીઓ જોડી, પણ આપણા ભીમદેવ, કુમારપાળઆદિ રાજા અને પાટણાદિ નગરોને વિસરી ગયા. ગૂર્જર કવિઓને જોઇએ એવી અને એટલી સામગ્રી ગુજરાતના ચાવડા, સોલંકી અને વાઘેલા રાજાની ચરિત્રો પરથી મળાત. આપણા કવિઓની ગફલતથી ગુર્જર પ્રજામાંથી પ્રજાભિમાન જતું રહ્યું, જયશેખરાજ, વનરાજ, મૂળરાજ, સિદ્ધરાજ, ભીમદેવ, કુમારપાળ વગેરે આપણા રાજામાંના કોઈ વિષે કવિતા રચી હોત કે વાર્તા જોડી હોત તો લોક વધારે પ્રસન્ન થઈ વાંચત. તેમની એંધાણી ગુજરાતમાં ઘણે ઠેકાણે મળી શકેછે. ભાટ લોક એ નામ છેક ભૂલી ગયા નહતા; પણ આપણા કવિઓએ કશી તજવીજ કરેલી જણાતી નથી. અને ગુજરાતના મિત્ર ફાર્બસસાહેબે આપણા જુના આર્ય, આપણા સ્વદેશી, સ્વજાતિ, રજપૂત રાજ્યની શોધ કરી આપણા ઉપર મોટો ઉપકાર કર્યો. આ ભલા વિદ્વાને આપણા દેશનું ધન ખોદી કાઢી ગુર્જરોને વાપરવા આપ્યું કરણઘેલાના અને વિરમતી નાટકના કર્તાઓએ એમાંથી થોડું દ્રવ્ય લઇને તેમાં પોતાની કલ્પનામાંથી ઉમેરો કરી રસિક ગ્રંથો રચ્યા. આ પુસ્તકમાં પણ એમ કર્યુંછે.

ભગવાનલાલકૃત સૌરાષ્ટ્રના ઈતિહાસમાં ૪૭મે પાને દાકતર ભાઉદાજીનું અનુમાન* લખ્યું છે તે તથા તેને ૬૦મે પાને લખ્યુંછે તેમાંનું કેટલુંક સ્વીકારી પહેલું પ્રકરણ રચ્યુંછે. ગુર્જરપુરી-અને તેના સંબંધની કથા કલ્પિત છે. કાકુ નામે વેપારી પરદેશી રાજાને તેડી લાવ્યો ને તે રાજાએ વલ્લભિપુરનો નાશ કર્યો એ કહાણી દાક્તરની ધારણાને લાગુ કરી વાત જોડીછે. વાર્તાઓમાં કનકસેન

---

* એ અનુમાન સંભવિત છે, અને તે ખરૂં માનતાં આ દેશનું નામ ગૂજરાત કેમ પડ્યું તે સમજાયછે. એ નામ પડવાનું બીજું કારણ હજી સુધી જણાયું કે કલ્પાયું નથી. ગૂર્જર લોક હિંદમાં ઘણેક ઠામે પ્રસર્યા હતા. મુગલાઈ રાજ્યના સમયમાં પણ જોરાવર હતા એવું ગૂજરી નામે કવિતા પરથી ધારી શકાય—

છે તેને કલ્પિત ગુર્જરેશ્વરનો પુત્ર ઠરાવી તેના ગોર અને પ્રધાન કલ્પ્યાછે, તથા વડનગરની ઉતપત્તિ કલ્પીછે.

ભૂવડ, જયશિખર, સુરપાળ, રૂપસુંદરી, વનરાજ, શીળગુણુ-ગુરી, વગેરે સંબંધી રાસમાળામાં છે તે લીધુંછે, અને બાકીનું સઘળું કલ્પેલુંછે, ઘણા રજપુતો બૌદ્ધ કે શ્રાવક ધર્મમાં જઈ વાણીઆ થયા ને તેથી દેશનું રક્ષણ કરનારા જોદ્ધાની સંખ્યા ઘટી ને રાજ્ય નબળું પડયું. માંસભક્ષ તજી કેવળ અન્નાહારી થયાથી પરાક્રમ શૌર્યાદિ

---

* કે કાબુલપર બાદશાહ ચઢે, ને સારી દિલ્હીકા દીવાનરે.
કે બાદશાહારે ઉતરે બાગમે, મેં કયાં મસ દેખન જાઉંરે.
કે હાથમેરે લેઉં લાલ મટુકી, કંદોયણ હોકે જાઉંરે. કે બાદશાહા ઉતરે.
કે ફુલફગરનો ઘાઘરો, ને સાળુડે કસબી કોરરે.
કે કલ્લાંરે કાંબી ને અણુવટ બીછુંવા, ઝાંઝરનો ઝમકારરે.
કે હાથે બાજુબંધ બેરખા ને, એની દશે આંગળીએ વેઢરે.
કે કાને કલાફુલ શોભતાં, ને વળી ઝુમકે મોતી ઝાલરે.
કે કોટે તે પાટીઆં શોભતાં, એને કંઠે એકાવળહારરે.
કે લીલીતે ગજીનું કાપડુંરે, એને ગળે મોતીનો હારરે
કે નાકે તે વાળી શોભતી, એને ટીલડી તપે લેલાટરે.
કે છોટી મટકીમે દહીં જમાએ, દુધ લીઓ ખુબ સારોરે.
કે ચલી ગુજરીઆં દહીં બેચનકું, આઈ બાદશાહાકે દરબારરે.
કે અયર લો કોઈ મહીયર લો, કોઈ લોને મીઠડાં દુધરે.
કે સાસુરે કેવે સુણો બવરીઆં, લશ્કરમે મત જાવરે.
કે દિલ્હી શેહેરકા બાદશાહ, વુંજે રખે મોહેલન માંહરે.
કે સાસુનાં વાર્યાં ના કરે વહુ, મહી વેચવાને જાયરે.
કે ચલી ગુજરીઆં મહી બેચનકું, બેઠી લાલ બજારરે.
કે બાદશાહાકું તો ખબર હુઈને, ગુજરી દેખન આયરે.
કે અલીયાંરે ગલીયાં કયા ફીરના ગોરી, પેઠો પડદા માંહરે.
કે અલીયાંરે ગલીયાં બોહોત ભલી, તેરે પડદેકું લગાદઉં આગરે.
કે હિંદવાણી તુ હરામજાદી, બાદશાહકું દેવે જવાબરે.
કે બાદશાહ કહેવે સુણ ગુજરી, તમ સુણો હમારી બાતરે.

સદ્દગુણોનો નાશ થતો નથી. કાશી, તથા અયોદ્ધા ભણીના પુરબીઆ અનાહારી છતાં ઇંગ્રેજી ફોજમાં રહી બહાદુરીથી વરતેછે. મુસલમાનો માંસાહારી છતાં પરાક્રમહીન થઈ જઈ રાજ ખોઈ બેઠા. મનના ગુણે કરી પ્રજા બહુધા સબળી કે નબળી થાયછે. રણે ચઢવાનો જોસ્સો ગયા છતાં કેટલાક મોટા સદ્દગુણ દેશમાં હતા.

• બ્રાહ્મણ, ક્ષત્રી, વાણીઆદિ ગુર્જરોમાં સ્વદેશાભિમાન, સંપ, અને સ્વતંત્ર, સ્વરાજ્યની ઇચ્છા હતી એ અનુમાનને નિરાધાર ન

કે કાથ કથીરમાં ક્યા પેહેરના, ગોરી પેહેરો સોના સેરરે.
કે કાથ કથીર મેરે બોહત ભલા, તેરે સોને લગા દઉં આગરે. કે હિંદ.
કે કાળી કામળમે ક્યા ઓઢના, ગોરી પેહેરો દખણી ચીરરે.
કે કાળી કામળ મેરે બોહત ભલી, તેરે ચીરકું લગા દઉં આગરે. કે હિંદ.
કે મકના હાથી અજબ બના, ગોરી હાથી દેખન આવરે.
કે તેરે હાથીમે ક્યા દેખના, મેરે ઘેર ભુરી ભેંસરે.
કે ટંકે સવા મણ દૂધ કરે, તારા હાથીથી ભલેરી મારી ભેંસરે.
કે મેરી મૂછો અજબ બની, ગોરી મૂછોપર મોહી આવરે.
કે તેરી મૂછોમે ક્યા દેખના, મેરે બકરે જેસા પૂંછરે. કે હિંદ.
કે કીયું તમારૂં સાસરૂં, ને કીયા પુરૂષ ઘેર નારરે.
કે ઘઢ ગોકુળ મારૂં સાસરૂં, ને ચંદા પુરૂષ ઘેર નારરે. કે હિંદ.
કે કોણ દેશકી ગોવાલણી, ને શું છે તારૂં નામરે.
કે ઘઢ માંડવકી ગોવાલણી, ને મેના ગુજરી મારૂં નામરે. કે હિંદ.
કે છોટી મટકીકા મૂલ કરોને, ગોરી ઉસકા ક્યા હોય મૂલરે.
કે છોટી મટકીકા મૂલ કરૂં ને, તેરી શુદ્ધ બુદ્ધ જાવે ભૂલરે. કે હિંદ.
કે ગલબલ ગલબલ ક્યા બોલતી, ગોરી બોલો સમજકી બાતરે. •
કે અકડ છકડ ગોરી ક્યા બોલતી, કંઈ છકડ લગાઉં દો ચારરે.
કે તું નવ જાણીશ એકલીરે, મારા ગૂજર ચઢે નવ લાખરે. કે હિંદ.
કે મારૂં તમાચા ને ઉડજાય પઘડી, મુખડા હો જાય લાલરે.
કે ટકે ટકે તેરા ટટ્ટુ બેચાઉં, ને દમડીકા દશ ઊંટરે.
કે ટકે ટકે તેરી ઢાલ બેચાઉં, ને દો કોડી તરવારરે,
કે બાદશાહકું તો ગુસ્સા લગા, ને ડાલી બેડી પાંયરે.

કહેવાય. વનરાજ મોટો પરાક્રમી અને બુદ્ધિમાન રાજા હશે એમ ધારી શકાય. વનરાજના વંશમાં દીકરીથી ચાલેલા સોલંકી રાજાઓના સમયમાં લખાયલા ઈતિહાસોમાં ચાવડા રાજાનાં ચરિત્રનિરૂપણ બહુ ટૂંકાં છે. આરંભથી નોંધ નહિ રાખવામાં આવેલી તેથી એમ થયું હશે. વનરાજ પ્રતાપી ને સદ્ગુણી રાજા હતો એટલું તો સિદ્ધ થાયછે. એના સમયમાં ગુજરાતના લોકની સ્થિતિ, રીતભાત, લક્ષણાદિનું વર્ણન. આ ગ્રંથમાં હોવું જોઇએ; પણ તે કાળ વિષે જૂનાં પુસ્તકોમાં થોડુંજ લખ્યુંછે. ઇતિહાસથી જણાયલા વખતમાં જેમ બન્યુંછે, જે કારણોથી રાજ્યોની ઊથલપાથલ થઇછે, રાજા રજવાડા અનેક કારણોથી નબળા પડી ગયાછે તેવાજ બનાવ આગળ બન્યા હશે, તથા જે રૂઢીઓ હાલ ચાલેછે તે કોઈ રૂપે જૂના સમયમાં થોડી ઘણી હશે એ ધારણા કેવળ ખોટી નથી. આ પુસ્તકમાં હાલના સમયનાં ચિત્રો છે તે અજાણમાં દાખલ થયાં નથી. વનરાજના સમયનો ઘાટ હાથ ન લાગવાથી એમ કરવું પડ્યુંછે. બીજા ગ્રંથોની વાતો વાંચેલી તે ઉપરથી આપણા લોકને બેસતી આવે તેવી થોડીક જોડીછે. મુસલમાની અમલ થયા પછી

કે આજણું વાના વિનાનું, તને આલું દિયાનો બારરે.
કે કાગળ જઈને આલજે, મારા હીરીઆ દીગરને હાથરે.
કે હીરીએ કાગળ વાંચીઓ, ભાઈ ગુજરી પડી બેઠી માંયરે.
કે તાણી બાંધો ભાઈ ઢાલ તલવારો, ને તાંણી બાંધો હથિયારરે.
કે શુરા હોયસો સંગ ચલે ને નહિ કાયરકા કામરે.
કે કેસરીઆ ભાઈ વાગા પેહેરો, ને હોજાવ લાલગુલાલરે.
કે ત્યાંથી હીરીઓ દોડીયો તે ગયો ઘોડાની પાસરે.
કે તાણીને બાંધો તંગડો ને ઢીલી મેલો લગામરે.
કે દિલ્હી જીતીને ઘેર આવું તો રેવત મારૂં નામરે.
કે હીરીઓ ઘોડે એકજ ચઢ્યો ને ગુજર ચઢ્યા નવલાખરે.
કે હીરીઓ પેઠો શેહેરમાં ને વાણીઆ નાઠા જાયરે.
કે ચંદે મોડા ખેડીઓ તે કંદોઈ નાઠા જાયરે.
કે તાંબોળી ધુમરોળી હુઇને હુવા અંધારા ઘોરરે.

આપણા દેશની બાપડી રાણીઓ જનાનખાનામાં કેદ થઈ, ને રાજવંશીઓની લગ્ન રૂઢી બદલાઈ ત્યાર પહેલાં રાજકુટુંબોમાં લગ્ન આર્ય રીત પ્રમાણે મંડપમાં થતાં હતાં એવી ધારણા યોગરાજના વિવાહ સંબંધી કરીછે તે સંભવિત છે. અર્વાચીન ગીતોને સહજ ફેરવીને લખ્યાંછે. લગ્નાદિ પ્રસંગે ગીતો ગાવાનો ચાલ ક્યારથી પડ્યો તે જણાયું નથી, પણ જૂનો છે એમ સંભવેછે. પ્રાચીન કાળમાં જે સ્તુત્ય હતું તે પુનઃસ્થાપન થાય એવી ઈશ્વર પ્રાર્થના કરવાને આ ગ્રંથ વાંચનારને વિનંતિ કરૂંછું. ગૂજરાતમાં સત્યધર્મ, સ્વદેશાભિમાન, સંપ, વિદ્યા, સદ્ગુણો, હુનર અને ઉદ્યમની વૃદ્ધિ થાય, દેશી દરબારો સુધરે, લોક રાજકાજમાં મન ઘાલે, દેશમાં ધંધો રોજગાર વધારવાનું ચિત્તપર લે, વિનાશકારી નઠારી રૂઢીઓ તજી સુધારો કરે એ મારી ઇચ્છા છે. ગૂર્જરો સ્વદેશકલ્યાણની પાછળ ઉમંગથી લાગે, રાજા પ્રજા હળી મળીને વર્તી દેશને પાછો ઊંચી પદવીએ ચઢાવે એવી ઇશ્વર પ્રાર્થના કરવામાં મારી જોડે સામીલ થવાની આ ગ્રંથ વાંચનારને વિનંતિ કરૂંછું. વિશ્વનિયંતા મહાપ્રભુ અમારી આ પ્રાર્થના સફળ કરો. તથાસ્તુ.

કે સુતો બાદશાહ જાગીઓ ને મુગલ ચઢ્યા બાણું લાખરે.
કે તાંબાની નોબત ગણગણે ને જેના ઢમકે વાગ્યાં ઢોલરે.
કે ફાગણ સુદ ચૌદસને દહાડે મામલો મચ્યો જોરરે.
કે ગુજરી રહીને બોલીઆંને બોલી એકજ બોલરે.
કે હીરીઓ પેહેરે કાંચળી ને હથીઆર મુજને આલરે.
કે બાદશાહ સાથે એસી લડું મેરા જુગમાં હો જાય નામરે.
કે અંગાડી પછાડી દેરા તાણો ને બીચમે રખો મેદાનરે.
કે વચમાં રાખો ગુજરી બાઈ જે જીતે તે લેઈ જાયરે.
કે હીરીઓ ને ચંદીઓ બોલીઆ રાજા સાંભળો અમારી વાતરે.
કે પેહેલો તે ઘાવ વળી તમે કરો ને અમે તમારી રૈયતરે.
કે પેહેલો તે ઘાવ બાદશાહે કીધો ગુજર લસ્કર માંયરે.
કે હીરીઓ ચંદીઓ ધુસ્સે થયા જેમ બકરામાં પડીઆ વાઘરે.
કે તલવારોની તાળી પડે ને લોહીનો વરસ્યો મેઘરે.
કે તમારી ગુર્જરી તમને સુંપી, ગુજરી હમારી બેનરે."

આ પ્રાર્થનાની જોડે આપણે સર્વે ઘટતા ઉપાય કામે લગાડવા જોઈએ. ભૂખ્યો માણસ બેઠો બેઠો પરમેશ્વર પાસે અન્ન માગે એટલે ભગવાન આવી તેના મ્હોમાં ખાવાનું લાવી મૂકે નહિ; પણ જો સદુધમ કરે તો પ્રભુ પ્રસન્ન થઈ તેની મહેનત સફળ કરે. આપણે પણ માત્ર પ્રાર્થના કરી બેશી રહેવું નહિ. દરેક સ્વદેશ હિતેચ્છુએ, હરેક ગૂર્જર પુત્રે ગૂર્જર પ્રજાની ઉન્નતિને માટે શ્રમ લેવો, યથાશક્તિ ધન ખરચવું, તથા જેઓ સ્વદેશ ભાભના સાર્વજનિક કામમાં લાગ્યાછે તેમની જોડે સામીલ થઈ પોતાથી બને તેટલી સહાય કરવી. હરેક સજ્જને પોતાના કાળનો થોડો ભાગ, અને પોતાની સંપત્તિનો કિંચિત્ હિસ્સો પોતાના દેશનું ભલું કરવાના કામમાં લગાડવો. અને સ્વદેશીઓનાં દુઃખ ટાળવામાં કાંઈ નુકસાન થાય તો તે શાંત મને ખમવું. દ્વારકાંથી દાહોદ સુધીમાં અને દીસાથી દમણ સુધીમાં રહેનારા, તથા મુંબાઈ વગેરે જઈ વસનારા ગૂર્જરી ભાષા બોલનારા સ્વદેશીઓના દિલમાં સ્વદેશાભિમાનનો જુસ્સો પ્રદીપ્ત કરવો, તેમનાં હૈયાંમાં બંધુભાવ આણવો, આપણે સર્વે એકદેશી અને એકપ્રજા છીએ એ તેમનાં મનમાં લાવવું અને ગૂજરાતનું રૂડું કરવાની ઇચ્છા જગાડવી એ મહાન હેતુ આ ગ્રંથ રચવામાં યાદ રાખ્યા છે. ધર્મભેદ અને જાતિભેદ છતાં સ્વદેશની પીડા ઓછી કરવામાં, આપણા વહાલા દેશની ચઢતી કરવામાં આપણે હિંદુ, મુસલમાન, અને પારસી સંપથી ચાલી શકીએ. બેપીકરાઇ છોડી દઈ આપણે સર્વે જાગૃત થવું જોઈએ.

જે માણસમાં સ્વદેશ પ્રીતિ નથી તે માણસનું મૂલ ફૂટી બદામ છે. તે કેવળ સ્વાર્થી, અતિ સાંકડા મનનો, માણસપદથી ભ્રષ્ટ થયલો નિર્લજ આદમી છે. ગ્રેટ બ્રિટનનો એક કવિ લખેછે કે—

"Breathes there the man, with soul so dead, who never to himself hath said, "this is my own, my native land"?

અર્થ—"આ મારી જન્મ ભૂમિ, આ મારો સ્વદેશ, એવું જેણે પોતાના હૃદયમાં કદી આણ્યું નથી એવો નીચ થઈ ગયેલો મા-

મ્હસ કોઇ છે?" અફસોસ! અફસોસ! આપણા કમનસીબ દેશમાં એવા કાળજી વગરના બહુ માણસો છે. સ્વદેશને આબાદીમાં આણવાના, સ્વદેશીઓને સુખી કરવાના, તથા તેમની આપદા મટાડવાના વિચાર કદી મનમાં લાવતા નથી એવા પેટભરા નીચ આપણા દેશમાં હજારો ને લાખો છે! આપણા દેશની હાલત કેવી છે, અને શા ઉપાયથી તે સુધરે એ જાણવાની જેમને ઇચ્છા નથી, એ સમજવાની શક્તિ જેમનામાંથી જતી રહીછે, તે જણાવો તો જાણવા આવે નહિ, સંભળાવો તો સાંભળવા આવે નહિ, પોતાનાં ઘર તથા પેટ ભરવા સિવાય બીજી વાત પર જેમને રૂચિ નથી, ધર્મના બખેડામાં, નાતની લડાઇઓમાં, લગ્ન કે મરણની જમણવારોમાં, અને માત્ર સ્વાર્થમાં જેમનાં મન ચોટાઈ ગયાંછે, કૂવામાંનાં દેડકાં જેટલું જેમનું જ્ઞાન છે, એવી જ્યાં વસ્તી છે ત્યાં સ્વદેશાભિમાન, સ્વદેશ પ્રીતિ, સ્વદેશકલ્યાણેચ્છા, અને સ્વદેશબન્ધુતા ક્યાંથી હોય? પરંતુ હું નિરાશ થતો નથી. અજ્ઞાન અને દુરાચરણ રૂપી અંધકારનો નાશ વિદ્યા અને સદાચરણરૂપી પ્રકાશથી થશે એટલે દેશનો દહાડો વળશે, ને સૌ સારાં વાનાં થશે એવી મને ઉમેદ છે. સારા કે નઠારા જેવા છે તેવા એ આપણા સ્વદેશી ભાઈ છે, માટે તેમનું ભલું કરવું એ આપણો ધર્મ છે.

જન્મભૂમિ એ જનેતા જેવી છે. સ્વદેશી ભાઇઓ! ગૂજરાતને પોતાની મા ગણી તેનાપર પ્રેમ કરો. જેથી ગૂજરાતનું અપમાન થાય કે ગૂજરાતનું ભૂડું થાય તેથી નાખુશ થાઓ. "ગાંડી ગુજરાત આગે લાતં પીછે બાત" કહે તે ભૂંડાનાં મ્હો ના જૂવો. ગુજરાતને દમે તેને ધિક્કારો. ભલી ગુજરાતનું ભલું કરવાપર મંડો. Public Spirit એ બે અંગ્રેજી શબ્દોમાં જે ભાવાર્થ રહ્યોછે તે ગૂજરાતી ભાષામાં સમજાવવો કઠણ પડેછે તેનું કારણ એ કે એ ભાવ આપણા દેશમાં હાલ નથી. સંસ્કૃત ભાષા એવી પ્રૌઢ છે કે તેમાંથી એને માટે શબ્દો જડ્યા વગર રહે નહિ. પણ તેઓ સમજાય કેમ? સ્વદેશસુખ સંબંધી ઉત્સાહ કરીએ તો ચાલે. પરંતુ એ ભાવ મનમાં ઊતર્યા વિના શબ્દો શા કામના? દેશ હિતકાળજી ને

ઉત્સાહ એ બોલથી અર્થ સમજાશેવો જરા વધારે ઠીક પડશે, ને મતલબ જરા વધારે સમજાશે. દેશહિત કાળજી ને ઉત્સાહ કેટલા થોડામાં જણાયછે! વસ્તીના પ્રમાણમાં ઘણાજ થોડા પુરૂષોમાં છે. કેળવણી પામેલા ભાઇઓ! આપણા લોકમાં દેશહિતઉત્સાહ આણવાની કોશીશ કરો. એ ગુણ આવેથી રૂડાં કાર્ય કરતાં કઠણ નહિ પડે. આપણે જે મહાન કર્મો કરવાનાં છે તે સકળ દેશીજનના સામીલ થયા વિના, સર્વે સાથે મળ્યા વિના પાર પડે તેવાં નથી, પરંતુ બધા ભળે ત્યાંસૂધી વાટ જોવાની ભલામણ હું કરતો નથી. એવાં કામનો આરંભ થોડા માણસથી થાયછે. દુનિયા દેખાદેખી ચાલેછે. પછી આગળ બીજા તેમાં ભળેછે; તેમની સંખ્યામાં સદા વધારો થતો જાયછે. અંતે ઘણાનાં ચિત્ત એક થાયછે, ઘણાને હોંસ છૂટેછે, પરાક્રમ કરનારા દેશમાં વધેછે, ને અંતે મતલબ પાર પડેછે.

કેટલીક વાર એવું પણ બનેછે કે પ્રથમ પ્રયત્ન કરનારની મહેનત નિષ્ફળ થાય, તેઓની ખરાબી થાય, તેઓને હાની થાય. જેના લાભને અર્થે તે સ્વદેશ હિતેચ્છુઓએ શ્રમ લીધો તેઓ તેમની હાંસી કરે. અજ્ઞાનપણે કરીને તેમને ધિક્કારે. પણ તેમણે હિમ્મત છોડવી નહિ. એકવાર પ્રયત્ન નિષ્ફળ જાય તો બીજીવાર કરવો; બીજી વાર નિષ્ફળ થાય તો ત્રીજીવાર કરવો. એમ મંડ્યા રહેવું; હારીને તે કામ મૂકી દેવું નહિ. કોઈ કામ સારૂં જાણી હાથમાં લીધું પણ હાથમાં ઝાલ્યા પછી પાર ન પડ્યા તો ફરીને કોશીશ કરવી. કોઈ ઇંગ્રેજ કવિએ કહ્યુંછે તે સત્ય છે—

> "If what shone afar so grand,
> Turn to nothing in thy hand;
> On again, the virtue lies,
> In the struggle, not in the prize."

અર્થ—'જે કામ ઘણું સારૂં જાણી હાથમાં લીધું તે પાર ન પડવાથી હિમ્મત છોડવી નહિ. ફરીને તેને વળગો ને મંડ્યા રહો. ગુણ પ્રયત્નમાં છે, ફતેહમાં નથી.'

આ શીખામણ પ્રમાણે વનરાજે કર્યું. આરંભેલા રૂડા કામ પાછળ મંડ્યા રહેવાના બોધમાં વનરાજનું ઉદાહરણ ઉત્તમ છે. એ રાજા પરાજયથી ડર્યો નહિ; હારથી હાર્યો નહિ; નુકસાનથી બીધો નહિ. પડે કે પાછો ઉઠે. એક ઠેકાણે ના ફાવ્યું, પાછા હઠવું કે નાસવું પડ્યું તો બીજી જગાએ તૈયાર થઈ ઉભોછે. જે મોટાં કામ કરવા એણે ધાર્યા હતાં તે પાર પડ્યાં ત્યાંસુધી તે નિરાંતે બેઠો નહિ. પૂર્ણ જય મેળવવાનો નક્કી ઠરાવ કરી તેણે આરંભ કર્યો હતો; અધૂરાથી તે રાજી થયો નહિ. આપણે એવું ઉદાહરણ લેવું. આપણા દેશનું ભલું ઇચ્છનારાને કિયાં નાનાં મોટાં કામ કરવાનાં છે તેનાં નામ દેવાનું આ ઠેકાણું નથી. સ્વદેશીઓ હરકોઇ હરકતોથી, હરકોઈ તરેહની પીડાથી મુક્ત થાય, નવાં દુઃખ પડતાં અટકે, દેશની ચઢતી થાય, પ્રજાની સમૃદ્ધિ વધે, લોક બળવાન ને પરાક્રમી થાય, અને તેઓ સુનીતિમાન થઈ આ લોક અને પરલોકમાં સુખી થાય તેવું કામ કરવામાં પરિશ્રમ લેવો એ આપણો ધર્મ છે. એમ કરવું તેને સ્વાર્થ કહો તોએ ખરૂં છે, ને પરમાર્થ કહો તોએ ખરૂં છે. દરેક ને હરેક દેશી જનનું એ મહાન્ કર્ત્તવ્ય કર્મ છે. પોતાનું, પોતાના કુટુંબનું, પોતાના ગામ કે નગરનું, અને પોતાના દેશનું રૂડું જોડે કરવું. બધા ઉપર નજર રાખીને વર્તવું. દરેક જણે દેશી બંધુના ભલાને માટે તન મન ને ધનથી શ્રમ લેવો. ગૂજરાતનો જય થાઓ.

સમાપ્ત.

સૂચના.

સારા ઉપયોગી ગ્રંથો પ્રગટ થયેથી દેશમાં વિદ્યાનો પ્રસાર થાય છે. વિદ્યાનો પ્રસાર થયેથી પ્રજાને અનેક મોટા લાભ થાયછે. રસિક અને સુનીતિબોધક ગ્રંથો વેચાતા લેવાથી તેવા ગ્રંથ રચનારાને, પ્રસિદ્ધ કરનારાને, તથા વેચનારાને ઉત્તેજન મળેછે. એથી પુસ્તકો વધેછે ને વિદ્યાનો ફેલાવો થાયછે. સારા ગ્રંથો લઈ વાંચવા ને તેઓની વૃદ્ધિ થવામાં સહાય કરવી એ બધા સ્વદેશ હિતેચ્છુઓનો ધર્મ છે.

વેચવાની ચોપડીઓ.

	રૂ. આ. પા.
વનરાજ ચાવડો. આવૃત્તિ ત્રીજી	૧—૮—૦
ભવાઈ સંગ્રહ. આવૃત્તિ બીજી.	૨—૦—૦
સાસુ વહુની લડાઈ. આવૃત્તિ બીજી.	૧—૦—૦
ઇંગ્લાંડની મુસાફરી. આવૃત્તિ બીજી.	૦—૧૨—૦
બોધવચન.	૦—૨—૦
સધરાજેસંઘ.	૧—૪—૦
પાર્વતીકુંવર આખ્યાન.	૦—૪—૦
ટૂંકી કહાણીઓ.	૦—૮—૦

વેચવાનાં ઠેકાણાં.

અમદાવાદમાં—દાણાપીઠમાં મામાની હવેલીમાં છાપખાનામાં.

અમદાવાદમાં—ભદ્ર આગળ ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીની આફીસમાં.

વડોદરામાં—સરકારી ડીપોઝીપરની દુકાને.

સૂરતમાં—પારસી મંચેરજી જમસેદજી પોસવાળાની દુકાને નાણાવટમાં.

મુંબાઈમાં—રા.દામોદર ઈશ્વર બુકસેલરની દુકાને કાળકાદેવીના રસ્તે.

મુંબાઈમાં—મી. જેહાંગીર બેજનજી કરાણીની દુકાને, નમ્બર ૧૮, કોટમાં પારસી બજાર સ્ટ્રીટમાં

રાજકોટમાં—વિજ્ઞાન વિલાસની આફીસમાં તથા ચોપડી વેચનારની દુકાને.